Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# ગુરુકહાન - દૃષ્ટિમહાન



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

## ભાગ-૩

પ્રસ્તુતકર્તા :
જયસુખ ભાયાણી
શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરિયલ ટ્રસ્ટ
સોનગઢ / વડોદરા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુકહાન : દૃષ્ટિમહાન

## (ભાગ–૩)

**આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**

-: સંકલનકાર :-
જિતુભાઈ નાગરદાસ મોદી
(ગુજરાતી આત્મધર્મ–સંપાદક)
પ્રશમ જિતુભાઈ મોદી

-: પ્રકાશક :-
**શ્રીમતી મંછાબેન જયંતિભાઈ ભાયાણી**
**શ્રીમતી દિપ્તી ભાયાણી મેમોરીયલ ટ્રસ્ટ, સોનગઢ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

પ્રથમ આવૃત્તિ    પ્રત : ૧૩૦૦

વિ.સં. ૨૦૬૬    વીર સં. ૨૫૩૬    ઈ.સ. ૨૦૧૦

–: પ્રકાશન તિથિ :–

તા. ૨૫-૫-૨૦૧૦ : શ્રી જયંતિલાલ ભાયાણીની ૧૨ મી પુણ્યતિથિ નિમિત્તે

## પ્રાપ્તિસ્થાન :

(૧) **શ્રી જયસુખભાઈ ભાયાણી**
ચાર બંગલા, , દિગંબર મંદિરની બાજુમાં
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો.નં. : ૦૯૩૨૮૨ ૮૨૮૮૦**

(૨) **શ્રી જિતુભાઈ મોદી**
'ક્રમબદ્ધ નિવાસ'
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો. નં. : ૦૯૬૬૨૫ ૨૪૪૬૦**

(૩) **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ, 'સ્વરુચિ', સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ
**રાજકોટ-૩૬૦૦૦૫**
**ટે.નં. : ૦૨૮૧-૨૪૭૯૭૨૮**
**મો. નં. : ૦૯૩૭૪૦૦૫૦૮**

(૪) **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૭૦૦૫૬**
**ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦, ૬૧૦૪૯૧૨**

(૫) **શ્રી દિપેન ભાયાણી**
સ્ટેશન રોડ,
૪૦૨, યશ કમલ
**વડોદરા-૫**
**ટે.નં. : ૦૨૬૫-૨૩૬૨૮૨૩**

(૬) **ઉર્વિર ભાયાણી**
ભાવેશ્વર લેન
૨nd ફ્લોર, ઓલ્ડ ચંદ્રોદય બિલ્ડીંગ
**ઘાટકોપર-ઇસ્ટ, મુંબઈ-૭૭**
**ટે.નં. : ૦૨૨-૨૫૧૬૪૨૭૮**


## મૂલ્ય : સ્વાધ્યાય

ટાઈપ સેટીંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪-બી, શાંતિનાથ બંગલોઝ
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ૐ

સહજ ચિદાનંદ.

# અર્પણ

**જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈન-જગતપ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલા ૨૫ પ્રવચનોનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ-૩ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.**

—પ્રકાશક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી— એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે. કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું ઘોલન, ચિંતન ને શ્રવણ કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુજગત ઉપર પરમ ઉપકાર કર્યો છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગૃત થતાં અમોએ ભાગ-૧ અને ભાગ-૨ પ્રસિદ્ધ કર્યાં જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડી-પ્રવચનનું શ્રવણ કરતી વખતે હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવો સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણીએ પ્રમોદ બતાવતાં ભાગ-૧ પુસ્તક પ્રકાશિત થયું. મુમુક્ષુઓએ ભાગ-૧નો સ્વાધ્યાય કરતાં એટલો બધો પ્રમોદ વ્યક્ત કર્યો કે શ્રી જયસુખભાઈ ભાયાણીને ભાગ-૨ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના થવાથી આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ.

**—સંકલનકાર**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates




please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# ✽ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✽

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી-સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

श्री परमात्मने नमः

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )

(ભાગ–૩)

## શ્રી સમયસાર, ગાથા–૩૦૪-૩૦૭, પ્રવચન નં. ૩૭૪

તા. ૨૧-૧૨-૧૯૭૯

[૧]

૩૦૪ ને ૩૦૫ છે ને ? એનો ભાવાર્થ છે.

**ભાવાર્થ :– 'સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે.'** બધા પર્યાય વાચક છે, પર્યાય વાચક એટલે ભિન્ન ભિન્ન અક્ષરો પણ અર્થ એક જ છે, **'એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ...'** શુદ્ધ આત્માની સિદ્ધિ એટલે સાધકપણું **'અથવા સાધનનું નામ 'રાધ' છે.'** અહીં સાધનની વાત છે, પૂરું થઈ ગયેલાની વાત નથી. અંતર આત્માનું અખંડ જ્ઞાનાનંદ સ્વરૂપ તેની એકાગ્રતાનું સેવન અથવા આશ્રય તેને અહીંયાં સાધન કહેવામાં આવે છે, આ સાધન છે. **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** જેને એ રાધ નથી એટલે સેવના નથી, આત્માનો આશ્રય નથી, આત્માનું અવલંબન નથી અને વિકલ્પ આદિનું અવલંબન ને આશ્રય છે એ બધા સાપરાધી - ગુનેગાર છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધ આત્માની સિદ્ધિ **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** આહાહા..! વિકલ્પ માત્ર કર્મકૃત ભાવ (છે), એ ધર્મકૃત ભાવ નહિ. એ સર્વ ભાવ સાપરાધ છે, એ અપરાધમાં જાય છે, ગુનામાં જાય છે. **'અને જેને તે રાધ છે...'** રાધ એટલે સેવન, આશ્રય. આત્મા અખંડ જ્ઞાનાનંદનો જ્યાં આશ્રય છે તે આત્મા નિરપરાધ છે. જેનો દ્રવ્ય સ્વભાવ... કાલે આવી ગયું કે ત્રિકાળી નિરુપાધિ સ્વભાવ છે તેથી તે નિરાવરણ દર્શન-જ્ઞાન વડે જ એ સેવના જણાય એવો છે. શું કહ્યું ઇ ? આત્મા ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ છે તેથી તેનું લક્ષ અથવા સેવન આશ્રય નિરાવરણ જ્ઞાન ને દર્શન દ્વારા તેનું સેવન–આશ્રય કરી શકાય. આહાહા..! કાલે આવ્યું હતું નહિ ? આવ્યું હતું ને કાલે ?

આત્મા ત્રિકાળી નિરુપાધિ સ્વભાવ છે. તે નિરાવરણ જ્ઞાન-દર્શનની પર્યાયથી જ આશ્રય ને સેવન કરવા લાયક છે. સમજાય છે કાંઈ ? આહાહા..! વિકલ્પ, જેટલો ઉઠે રાગ એ બધું પરદ્રવ્ય ને બંધનું કારણ છે, ઝેર છે. અમૃત સ્વરૂપ, અમૃત સ્વરૂપ આત્મા એમાં છે એ ભાવથી જણાય એવો છે, એમાં નથી એનાથી જણાય એવો નથી. સમજાય છે કાંઈ ? એનામાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, વીતરાગતા ભરેલી છે તો એ એ સ્વભાવ દ્વારા જણાય એવો છે, એમાં છે તે દ્વારા જણાય એવો છે, એમાં નથી તે દ્વારા જણાય એવો નથી. આહાહા..! આવું ઝીણું, ઝીણું પડે. અપૂર્વ વાત તો આ છે.

એ અહીં કીધું, **'તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે...'** એટલે સ્વભાવનું આરાધન છે એટલે કે તે વીતરાગ ત્રિકાળી સ્વભાવ છે એવો જ પર્યાયમાં સ્વભાવ થવાથી તેનું સેવન, આરાધન થાય છે. આહાહા..! તે આત્મા નિરપરાધી છે. પોતે નિરુપાધિ સ્વભાવ અખંડાનંદ જ્ઞાન સ્વરૂપ પ્રભુ તે અખંડ જ્ઞાનની પર્યાય જે સ્વભાવિક છે એનાથી તે જણાય એવો છે. છે એમાં, એનામાં જે છે એનાથી જણાય એવો છે, એનામાં નથી એનાથી જણાય એવો નથી. આ ટૂંકી ભાષા. સમજાણું કાંઈ ? આહાહા..! જે એનામાં સ્વભાવ છે તે સ્વભાવની પર્યાય દ્વારા જ સ્વભાવ જણાય એવો છે. કારણ કે ઇ એનામાં છે તે ભાવથી તે જણાય, એનામાં નથી તે ભાવથી તે જણાય નહિ. આહાહા..!

કાલે તો ત્યાં સુધી આવ્યુ હતું કે નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી જ કેમકે નિશ્ચયમાં વ્યવહાર નથી. સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે, સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે. તીર્થંકરનો આત્મા પણ આ સ્વદ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. આહાહા..! એમ નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર પણ નથી જ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર નથી જ. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આ રીતે, આ રીતે. સ્વની અપેક્ષાએ વ્યવહાર નથી જ, એમાં છે નહિ. જેમ પરદ્રવ્ય સ્વની અપેક્ષાએ અદ્રવ્ય છે. એમ સ્વ નિશ્ચયની અપેક્ષાએ રાગ વ્યવહાર તે અદ્રવ્ય છે અથવા અનિશ્ચય અથવા એ ભાવ નથી. પણ એની અપેક્ષાએ એ ભાવ છે, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે પણ વ્યવહારની અપેક્ષાએ લાભ થાય એમ નહિ. વ્યવહાર છે ખરો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય પોતે વ્યવહાર છે ને દ્રવ્યમાં પર્યાય નથી. છતાં અહીં તો એમ કહે છે, કે સ્વભાવ જે છે તે સ્વભાવની નિરાવરણ પર્યાય દ્વારા તે સ્વભાવ લક્ષિત થઈ શકે છે, કે જે પર્યાય એમાં નથી. આહાહા..!

ફરીને, જે વસ્તુ છે એ ત્રિકાળ નિરાવરણ નિરુપાધિ સ્વરૂપ જ છે, વીતરાગ સ્વરૂપ જ છે. એમાં જે પર્યાય છે એ દ્રવ્યમાં નથી. આહાહા..! તો એમાં નથી તો એના દ્વારા જણાય ખરો પાછો. આહાહા..! અપેક્ષા તો કેટલી ! એનામાં પર્યાય દ્રવ્યમાં નથી પણ જણાય તો એ પર્યાય દ્વારા જ જણાય. આહાહા..! પર્યાય વિના દ્રવ્ય હોય નહિ ક્યાંય કોઈ દિ' ત્રણકાળમાં. એટલે જણાય ત્યારે એ પર્યાય દ્વારા જણાય છે, પર્યાયમાં દ્રવ્યનું સ્વરૂપ જેવડું છે, જેટલું છે તેટલું જણાય છે છતાં તે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી, છતાં તે દ્રવ્યમાં પર્યાયની નાસ્તિ છે અને પર્યાયમાં દ્રવ્યની નાસ્તિ છે. આહાહા..! આવું ઝીણું છે.

**શ્રોતા :–** ઇન્દ્રજાળ જેવું લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇન્દ્રજાળ છે. કહ્યું છે ને ત્યાં કહ્યું છે. પ્રભુ ! એકકોર તમે કારક નથી એમ કહો, આહાહા..! વળી ધર્મ નથી, ગુણ નથી એમ કહો. ધર્મ નથી એટલે ? નિત્ય-અનિત્ય, એક-અનેક એવા અપેક્ષિત ધર્મો છે પણ વસ્તુમાં નથી. ***કારકો પર્યાયમાં છે, કારકો ષટ્કારકરૂપે પર્યાય પરિણમે છે, અસ્તિપણે પોતે જ પોતાથી, હોં ! દ્રવ્યની અપેક્ષા નહિ. નિમિત્તની અપેક્ષા તો નહિ, દ્રવ્યની અપેક્ષા નહિ. એ પર્યાય ષટ્કારકરૂપે પરિણમે છે છતાં આ પર્યાયના ષટ્કારક છે તે દ્રવ્યમાં નથી. દ્રવ્યના ષટ્કારક ધ્રુવ છે એ જુદા છે. આહાહા..!*** આ તો ષટ્કારકનું પર્યાયનું પરિણમન જે છે તે દ્રવ્યમાં નથી, છતાં ષટ્કારકનું પરિણમન છે તેમાં દ્રવ્યનું જેટલું અને જેવડું સામર્થ્ય છે એટલું પર્યાયમાં જણાય અને શ્રદ્ધામાં આવી જાય છે. આહાહા..! આવું આકરું છે. માર્ગ અંતર ચીજ તો અલૌકિક વાત છે, ભાઈ ! ત્રણલોકમાં એના જેવી કોઈ ચીજ જ મોટી નથી. એક આત્મા, એક આત્મા ત્રણલોકમાં એના જેવી કોઈ મોટી ચીજ નથી. આહાહા..! એવો જે ભગવાનઆત્મા એનું જે રાધ, રાધ એટલે સેવન, સેવન એટલે એનો આશ્રય. આહાહા..! છતાં એ સેવનની પર્યાય અને આશ્રય દ્રવ્યને અડતું નથી. આહાહા..!

**શ્રોતા :–** અડ્યા વિના સેવન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાયથી થાય, ***પણ પર્યાયમાં દ્રવ્ય આવે નહિ ને દ્રવ્યને પર્યાય અડે નહિ. પર્યાયનું અસ્તિત્વ દ્રવ્યના અસ્તિત્વમાં જાય નહિ, દ્રવ્યનું અસ્તિત્વ સત્તા પર્યાયની સત્તામાં આવે નહિ.***

***શ્રોતા :– કથંચિત્ ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– કથંચિત્ નહિ, સર્વથા. કથંચિત્ તો ઇ કે પર્યાય પર્યાયમાં છે, પર્યાય દ્રવ્યમાં નથી એમ. પણ કથંચિત્ પર્યાય દ્રવ્યમાં છે ને કથંચિત્ દ્રવ્યમાં પર્યાય નથી***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***એમ નહિ. આહાહા..! માર્ગ બહુ ઝીણો, બાપુ !***

અહીં એ કહે છે રાધ. જેણે આત્માનું સેવન કર્યું, સેવન એટલે આશ્રય લીધો. ***આશ્રય લીધો એટલે ? પર્યાયે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કર્યું, બસ*** ! ઇ આશ્રય. પર્યાયે સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કર્યું એટલો આશ્રય. આહાહા..!

**શ્રોતા :–** એ સ્વનું લક્ષ કર્યું કે પરનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્યનું લક્ષ કર્યું. દ્રવ્યનું. પર્યાયે લક્ષ કર્યું દ્રવ્યનું પણ પર્યાયે પર્યાયમાં રહી કર્તાપણે સ્વતંત્રપણે રહીને લક્ષ કર્યું, દ્રવ્યમાં પેઠા વિના.

***શ્રોતા :– પર્યાય ને દ્રવ્ય તો એક બીજાથી પર છે ને ? માટે પરનું લક્ષ કર્યું ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– હા લક્ષ, લક્ષ ન થાય ? ઇ પર આવે નહિ. આ જ્ઞાનમાં આ જણાય છે એ ચીજ જણાતી નથી, જ્ઞાન જણાય છે, જ્ઞાનની પર્યાય જણાય છે. એ જણાય છે ક્યાં ? એની સાથે આ જ્ઞાન ક્યાં તન્મય છે ? જ્ઞાનની પર્યાય આ પર સાથે તન્મય ક્યાં છે ? પોતે પર્યાય તન્મય પોતાની સાથે છે અને પરની સાથે તો અતન્મય છે, અભાવ છે.***

***શ્રોતા :– પોતાની સાથે તન્મય નથી ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય તો પર્યાયમાં તન્મય છે.***

***શ્રોતા :– દ્રવ્યમાં તન્મય છે ને ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– નહિ. પર્યાય પર્યાયમાં તન્મય છે, એમ કીધું. દ્રવ્યમાં કીધું નથી. આહાહા..!***

***શ્રોતા :– દ્રવ્યનો સ્વાંગ ધારણ કર્યો એમ કહેવાય સાહેબ (?)***

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો એમાં શું ? દરેક પર્યાયનો સ્વાંગ જ છે. 'સમયસાર'માં દરેક ઠેકાણે આવ્યું. એક એક લેખમાં કે આ પુણ્ય સ્વાંગ પહેરીને આવ્યું, મોક્ષ સ્વાંગ લઈને આવ્યું. એ તો સ્વાંગ તો દરેક પર્યાય (છે), સ્વાંગ એટલે પર્યાય. આહાહા..!

અહીં રાધ છે તે આત્મા નિરપરાધ છે. એ પર્યાયે જેને આત્માના લક્ષથી તેનું જ્ઞાન કર્યું અથવા તેનો આશ્રય કર્યો. તેની સેવા કરી એનો અર્થ ઇ કે એનો આશ્રય કર્યો. **'भूदत्थमस्सिदो'** આવે છે ને ? અગિયારમી ગાથા. ભાષાના પ્રકાર ઘણા પ્રકાર પણ એનો મૂળ હેતુ શું છે ? – કે આ આમ જે લક્ષ છે એ લક્ષ આમ કર્યું, એ પર્યાયે આત્માનું સેવન કર્યું એમ કહેવાય. આહાહા..! ઝીણી વાત બહુ, ભાઈ ! બહારના આ ક્રિયાકાંડમાં રોકાય ગયેલા, રોકાયને ન્યાં ને ન્યાં પડ્યા બિચારા જિંદગી ચાલી જાય છે. આહાહા..! સત્ય જે રીતે છે, જે રીતે સત્ય છે તે રીતે હાથમાં ન આવે ને આડીઅવળી ક્રિયાકાંડમાંથી (પ્રાપ્ત કરવા મથે). ઇ તો કાલે આવી ગયું હતું આપણે, ભગવાન તો ક્રિયા–સર્વ ક્રિયાકાંડના આલંબનથી રહિત છે. સર્વ ક્રિયાકાંડના રાગ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા ને ગજરથ કાઢવા ને બધી ક્રિયાકાંડથી પ્રભુ રહિત છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** શુદ્ધરૂપે પરિણમવું ઇ ક્રિયાકાંડ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ ક્રિયાકાંડ નહિ, ઇ એક છે ક્રિયા પણ ક્રિયાકાંડ એ નહિ. પર્યાય છે એ ક્રિયા છે. દ્રવ્ય છે તે નિષ્ક્રિય છે, પર્યાય છે તે સક્રિય છે પરિણમનની અપેક્ષાએ. રાગની અપેક્ષાએ નિર્મળ પર્યાય નિષ્ક્રિય છે. આરે..! કેટલી વાત કરવી ? ***રાગની અપેક્ષાએ સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય નિષ્ક્રિય છે પણ દ્રવ્યની અપેક્ષાએ તે સક્રિય છે, બદલે છે. આવું છે. આહાહા..! સમજાય છે કાંઈ ? ધીમેથી સમજવું, ભાઈ ! માર્ગ આવો છે. આહાહા..! અરે..! આવા ટાણા ક્યારે મળે ? ભાઈ ! આ તો માંડ મનુષ્ય ભવ (મળ્યો). એમાં વીતરાગની મૂળ વાણી... આહાહા..! કાને પડવી, સાંભળવી ભાગ્યવાનને પડે એવું છે. આહાહા..!***

સત્–ઉત્પાદ-વ્યય ને ધ્રુવ ત્રણ સત્ છે. ત્રણ સત્. એક દ્રવ્યના ત્રણ સત્ હોવા છતાં એક સત્ બીજા સત્ની અપેક્ષા રાખતું નથી. ઇ તો ઘણી વાર કહેવાય ગયું છે. ૧૦૧ ગાથા, 'પ્રવચનસાર' ૧૦૧ ગાથા. ઉત્પાદને, વ્યય અને ધ્રુવની અપેક્ષા નથી. આહાહા..! આખી પર્યાયને તો નથી, આખી પર્યાય ઉત્પાદ-વ્યય બે, પણ એક એક ભાગ ઉત્પાદને, વ્યય ને આશ્રય દ્રવ્યની અપેક્ષા નથી. સત્ તેને સિદ્ધ કરવું છે. સત્ છે, છે તેને હેતુ હોઈ શકે નહિ. છે એને સિદ્ધ કરવા માટે હેતુ હોઈ શકે નહિ. છે ઇ છે, નિરપેક્ષ અપેક્ષા વિના છે.

અહીંયાં જે રાધનું કીધું ઇ સેવન એટલે એનો અર્થ આશ્રય, બસ ! રાધ છે તે આત્મા નિરપરાધ છે. એટલે કે આત્મા જે છે, એણે પર્યાયમાં જેણે દ્રવ્યનો આશ્રય કર્યો છે એ નિરપરાધ છે. ઇ સેવના કહો કે આશ્રય કહો. આહાહા..! **'જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે.'** આહાહા..! જે રાગને સેવે છે, રાગ વિનાનો અબંધ સ્વરૂપ ભગવાન એને ભૂલી જાય છે, એને બંધની શંકા થાય છે. કેમ ? કે જે વસ્તુ છે તે અબંધ સ્વરૂપ છે અને રાગ છે તે બંધ સ્વરૂપ છે. એટલે રાગ જેણે પોતાનો માન્યો એને બંધની શંકા થાય છે. આહાહા..! જે રાગ આત્માનો નથી (તેને પોતાનો માને છે).

કહ્યું નહિ ? કાલ કહ્યું હતું, વ્યવહાર નિશ્ચયમાં નથી. નિશ્ચયમાં વ્યવહાર છે જ નહિ. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે જ નહિ, પરદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય છે. નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે જ નહિ, વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર છે. આહાહા..! આવું સ્વરૂપ હવે. ઇ ચીજ જ એવી છે.

***ત્રણ અંશ હોવા છતાં દરેક અંશ નિરાલંબન છે. ઉત્પાદ-વ્યય ને ધ્રુવયુક્તં સત્. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, સત્નો વિસ્તાર.*** ('પ્રવચનસાર') ૧૦૭ ગાથા. એ સત્નો વિસ્તાર છે. છતાં તે તે એક એક પર્યાય કે એક ગુણ, દ્રવ્ય કોઈની અપેક્ષા રાખતું નથી. આહાહા..! અપેક્ષા રાખે (તો) એ સત્ની સિદ્ધિ થઈ શકે જ નહિ. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** પર્યાય ગુણની હોવા છતાં ગુણની અપેક્ષા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. ઝીણી વાતો પડે, ભાઈ ! ***પર્યાયના ષટ્કારકો છે એ સ્વતંત્ર ષટ્કારક દ્રવ્ય ને ગુણની અપેક્ષા વિના કામ કરે છે.*** છતાં પ્રશ્ન તો મગજમાં ઉઠ્યા હોય ઘણા, કે ષટ્કારક છે એમાં એક કારક બીજાની અપેક્ષા રાખે છે કે નહિ ? ઇ તો ભેગું છે ને ? ભેગું છે. એક જ સમયમાં ભેગું છે ને ? પ્રશ્ન ઉઠ્યા હોય ને ઘણા. આવતા આવતા આવ્યું હોય એ આવે. ***આહા..! ષટ્કારક પર્યાયમાં છે એ એક એક કારક ખરેખર તો છે ઇ છે. એક પર્યાયમાં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ છે. એ એક એક અવિભાગ પ્રતિચ્છેદ પર અવિભાગ પ્રતિચ્છેદની અપેક્ષા રાખતું નથી. એવું એ સત્નું સ્વરૂપ છે. આહાહા..!***

અહીં એ કહે છે, જેને એ આત્મઆશ્રય નથી, પર્યાયને આત્માનો આશ્રય નથી એટલે પર્યાયમાં આત્માનું સેવન નથી, પર્યાયમાં આત્માનું આરાધન નથી, આ પર્યાયમાં આત્માનું સાધન નથી... છે ? (તે) **'સાપરાધ છે તેને બંધની શંકા થાય છે.'** જે અપરાધી જીવ છે તેને શંકા થાય છે. નિરપરાધીને (બંધની શંકા થતી નથી). **'માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી...'** કેમ ? કહે છે બંધની શંકા કેમ ? કે રાગને જ લક્ષમાં લીધો છે ને રાગને સેવે છે. આહાહા..! એ અશુદ્ધ હોવાથી ચાહે તો શુભ રાગ હોય પણ શુભ રાગનું લક્ષણ ન્યાં જ પડ્યો છે તેથી **'અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** આહાહા..! આવું ઝીણું છે. એને સમજવું પડશે કે નહિ ? ભાઈ ! ગમે એવું ઝીણું છે એ છે ને ? ઝીણું પણ છે ને ? છે એને જાણવું છે એમાં છે ને પ્રશ્ન (શું) ? ***આહાહા..! અને જાણનાર જાણનારને જાણે છે. આહાહા..! જાણનાર જાણનારને જાણે છે, જાણનાર જણાય છે તેને જાણતો નથી. આહાહા..! એની પોતાની પર્યાયની સત્તા છે તેને તે જાણે છે. આહાહા..!***

**'સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** શું કીધું ઇ ? એ રાગનો વિકલ્પ ચાહે તો દયા, દાન ને વ્રત, ભક્તિ આદિનો હોય કે ભગવાનના સ્મરણનો (હોય) એ અશુદ્ધ છે અને અશુદ્ધ મારું છે એમ સેવન કર્યું છે તે અનારાધક છે, એ આત્માનો આરાધક નથી, એ આત્માનો આશ્રય નથી, આત્માનું સેવન નથી. આહાહા..! છે કે નહિ ? 'ઘીયા' ! ન્યાં નથી તમારે ઘીમાં નથી. અહીં છે, અહીં બીજી જાતમાં છે. ઘી ક્યાં એની ઘીયા તો ઓળખ છે. લાકડા છે ને ? શું છે ? પતરા, લોઢાનો વેપાર. આહાહા..!

**'અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** પરને પોતાનું માને છે ઇ માન્યતા પરને લઈને નહિ, અશુદ્ધ હોવાથી સાપરાધી છે. અનારાધ જોયું ? એ પરને, પરવસ્તુને માને છે એ તો પોતે પોતાને કારણે અશુદ્ધ છે, પરવસ્તુને કારણે અશુદ્ધ નથી. આહાહા..! સમજાણું કાંઈ ? **'અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે...'** જોયું ? ઉપયોગમાં લીન છે, પર્યાયે એકાગ્ર છે, દ્રવ્ય તરફ પર્યાયની એકાગ્રતા છે. એ રાગ તરફ વલણ છે નહિ. આહાહા..! રાગનું સેવન નથી, રાગનો આશ્રય નથી. આહાહા..! જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવની સત્તાનું સેવન છે ત્યાં રાગની સત્તા જ નથી. નિરાલંબન એવી આત્મદશા એ નિરાગી આત્માના આશ્રયથી નિરાગી થઈ છે પોતાથી, ફક્ત આમ લક્ષ કર્યું છે, આશ્રય કર્યો છે એટલું. માટે તે નિરાગી દશા તે સ્વતંત્ર નિરપરાધી છે. આહાહા..!

**'માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું'** છે ? રાગ નહિ, પુણ્ય નહિ, દયા-દાન ભગવાનનું સ્મરણ, ભગવાનને યાદ કરવા... આહાહા..! તો પોતાની યાદને ભૂલી જાય છે, કહે છે. ભલે સ્વરૂપના ભાન સહિત હોય પણ છતાં તેટલી અસ્થિરતા છે. આહાહા..! (પોતાને) ભૂલીને ભગવાનને સંભારે એ તો મિથ્યાત્વનો અપરાધ છે, પણ ભૂલ્યા વિના સંભારે તો પણ રાગનો અપરાધ છે. કહો, 'ચંદુભાઈ' ! આવી વાત છે. આહાહા..! માર્ગ બહુ અલૌકિક છે.

**'શુદ્ધ આત્મા તે જ હું છું...'** એ કોણ કહે છે ? પર્યાય માને છે. માને છે પર્યાય ને ? **'શુદ્ધ આત્મા તે જ હું છું એવા નિશ્ચયપૂર્વક વર્તતો...'** પર્યાય દેખો ! **'થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.'** લ્યો ! ઇ ત્રણની એક નિર્વિકલ્પ દશા. **'શુદ્ધ આત્મા તે જ હું છું એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો...'** આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, પર્યાય પર્યાયમાં સ્વતંત્ર કામ કરે છે. એ પર્યાયે પોતે દ્રવ્યનું આમ લક્ષ કર્યું છે પણ છતાં પર્યાય એમાં ભળી ગઈ નથી, તેમ દ્રવ્ય પર્યાયમાં ભળીને આવી ગયું નથી.

ઇ તો ૪૯ ગાથામાં આવ્યું હતું. અવ્યક્ત જે છે એ વ્યક્તને સ્પર્શતું નથી, (દ્રવ્ય) પર્યાયને સ્પર્શતું નથી એમ કહે છે. ૪૯ ગાથા, અવ્યક્તના બોલ છ બોલ. વ્યક્ત-અવ્યક્તનું એક સાથે જ્ઞાન હોવા છતાં વ્યક્તને તે સ્પર્શતો નથી. વ્યક્ત એટલે પ્રગટ પર્યાય. અરે.. ! ત્યાં સુધી કીધું... આહાહા..! દ્રવ્યને અડ્યા વિના, સ્પર્શ્યા વિના શુદ્ધ પર્યાય તે જ આત્મા છે. કીધું છે ? ૨૦ મો બોલ. એ શુદ્ધ પર્યાય છે એ જ આત્મા છે. વેદનમાં જે નિર્મળ શુદ્ધ પર્યાય આવી એ આત્મા (છે). એ પર્યાય દ્રવ્યને અડતી નથી. આહાહા..! અલિંગગ્રહણ ૨૦ મો બોલ છે. આહાહા..!

જે પર્યાયે દ્રવ્યનો આશ્રય કરી અને વીતરાગતા પ્રગટ કરી તે વીતરાગતા તે જ આત્મા છે, એ જ આત્મા (છે). પ્રગટ પર્યાય જે છે એ જ આત્મા છે. આહાહા..! બધે ઠેકાણે દ્રવ્ય આત્મા... દ્રવ્ય આત્મા... દ્રવ્ય આત્મા (કહે), અહીં (કહે છે) પર્યાય આત્મા. વેદનમાં અમારે તો આવ્યું (એ આત્મા). ધ્રુવ વેદનમાં આવતું નથી, વેદનમાં તો પર્યાય આવે છે. આહાહા..! એટલે પર્યાયનું વેદન છે એ જ આત્મા. અને એ પર્યાય સામાન્ય દ્રવ્યને સ્પર્શતી નથી. પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય, પ્રત્યભિજ્ઞાનનું કારણ એટલે કે આ છે એ હતું, તે છે ને છે તે રહેશે એવું જે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્ય દ્રવ્ય એને સ્પર્શ્યા વિના, એને અડ્યા વિના શુદ્ધ વેદન પર્યાય આનંદની છે તે આત્મા છે. આહાહા..!

**શ્રોતા :–** તાદાત્મ્ય સંબંધ પણ કહો છો અને એને સ્પર્શે નહિ, બે વાત કેમ બને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ***તાદાત્મ્ય સંબંધ કોની સાથે ? એ તો પરની અપેક્ષાએ, પરથી જુદું પાડવાની અપેક્ષાએ. સ્વથી તો તાદાત્મ્ય છે નહિ. પર્યાય પર્યાયમાં છે, દ્રવ્ય દ્રવ્યમાં છે. આહાહા..!*** આકરી વાત છે. ત્યાં તો ત્યાં સુધી કીધું કે પર્યાય દ્રવ્યને અડતી નથી એવી જે શુદ્ધ પર્યાય પ્રગટ છે, પ્રગટ પર્યાય છે, દ્રવ્ય તો અપ્રગટ છે, અવ્યક્ત છે. આહાહા..! એ પર્યાય પોતે જ આત્મા છે, બસ ! એ જ કહે છે, હું આત્મા છું. આહાહા..! આકરું કામ છે, ભાઈ ! સત્યને સમજવું અને સત્યને નિસ્પૃહપણે ફક્ત લક્ષમાં વાત લેવી તે કઠણ છે. આહા..! એકકોર દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... દ્રવ્ય... કરે ને એકકોર કહે કે એ શુદ્ધ પર્યાય એ દ્રવ્ય છે. મારે તો સેવનમાં આનંદ આવ્યો અને જે કાંઈ પરિણતિ આવી પ્રગટ વેદનમાં તે આત્મા, બસ ! આહાહા..! ૨૦ મો બોલ.

**શ્રોતા :–** ૩૨૦ મી (ગાથામાં) બોલમાં એ પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાય એમ કહે છે, કે હું તો ત્રિકાળ નિરાવરણ અખંડાનંદ એક અવિનશ્વર પ્રત્યક્ષ પ્રતિભાસમય શુદ્ધ પારિણામિક પરમભાવલક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું, પર્યાય એમ કહે છે. લક્ષ કરે છે. આ પર્યાય એમ કહે છે આ હું છું. અંદર પર્યાયમાં શ્રદ્ધા ને જ્ઞાન આવી ગયું છે ને એનું ? દ્રવ્યનું સામર્થ્ય જેટલું છે એટલું પર્યાયમાં આવી ગયું છે એટલે પર્યાય કહે છે કે આ હું છું. પ્રગટ પર્યાય ! આહાહા..! વાત તો આકરી બહુ, ભાઈ ! જગતને સમજવી ને કઠણ (પડે). આહાહા..!

**શ્રોતા :–** એક બાજુ કહે દ્રવ્ય જ આત્મા અને એક બાજુ કહે પર્યાય જ આત્મા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પર્યાય આત્મા. આહાહા..! માટે **'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.'** લ્યો !

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'** ૧૮૭ કળશ.

**अनवरतमनन्तबध्यते सापराधः**
**स्पृशति निरपराधो बन्धनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी।।१८७।।**

**'સાપરાધ આત્મા નિરંતર...' 'अनन्तैः' 'અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...'** આહાહા..! જેની ગણતરી થઈ શકવી કઠણ, કહે છે. એ રાગને પોતાનો માનનાર, વિકલ્પને પોતાનો અનુભવનાર, ભગવાન એકકોર પડ્યો રહ્યો, એ જીવને **'નિરંતર અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...'** કહો, પાછા નિરંતર અને અનંત. રાગનો વિકલ્પ છે એ મારો છે એમ જે સેવન અને આશ્રય કરે છે એ નિરંતર અનંત પરમાણુથી (બંધાય છે). આહાહા..! એક સમયનો અપરાધ અને પરમાણુ અનંતા બંધ તરીકે થાય કહે છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વસ્વરૂપને ભૂલી અને રાગ જ વિકલ્પ છે તે હું એવો જે સાપરાધી પ્રાણી નિરંતર અંતર વિના સમયે સમયે અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી, ગણતરી નહિ એટલા પરમાણુની સંખ્યાથી બંધાય છે. આહાહા..! કઠણ છે, ભાઈ ! 'સમયસાર' (લ્યો), ગમે તે લ્યો, 'નિયમસાર' લ્યો, વસ્તુ સ્થિતિ કોઈ અલૌકિક છે. આહાહા..!

અંદર સમજવા માટે દ્રવ્ય અને પર્યાય બે. આહાહા..! દ્રવ્ય એવો એક વજ્ર કિલ્લો છે કે પર્યાય એનાથી ઉપર તરે છે. આવે છે ? કળશમાં પહેલા કળશમાં શરૂઆતમાં (આવે છે). દ્રવ્ય ઉપર પર્યાય તરે છે, ઉપર તરે છે. આહાહા..! આવે છે ને પહેલા શરૂઆતમાં ? આહાહા..! પર્યાયનો પ્રવેશ દ્રવ્યમાં છે જ નહિ. છતાં પર્યાય દ્રવ્યને પૂરું જાણ્યા વિના રહેતી નથી. આહાહા..! આવી ચીજ સાધારણ માણસને તો કઠણ પડે એવું આકરું લાગે.

**'બંધાય છે; નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ...'** સ્પર્શે તો કોઈ અડતો નથી, સ્પર્શતો નથી. બંધાતો નથી અને નથી સ્પર્શતો એમ કહેવામાં આવે છે. અમથો આત્મા કાંઈ બંધન જડને સ્પર્શતો નથી. પરમાણુને આત્મા કાંઈ સ્પર્શતો નથી, અડતો નથી. એ ત્રીજી ગાથામાં આવી ગયું છે. દરેક દ્રવ્ય પોતાના ધર્મ એટલે ગુણ-પર્યાયને સ્પર્શે છે, ચુંબે છે પણ પરને ચુંબતું નથી. આહાહા..! અહીંયાં સ્પર્શનો અર્થ ઇ બંધનમાં આવતો નથી, બંધનને કદાપિ પામતો નથી એમ. સ્પર્શતો નથી એનો અર્થ ઇ. નિરપરાધી આત્મા રાધ વિનાની ચીજ નિર્મળાનંદ પ્રભુ એવું પર્યાયમાં ભાન થયું એવો નિરપરાધી આત્મા. આહાહા..! એ કર્મથી બંધાતો નથી, એમ. સ્પર્શતો નથી એનો અર્થ ઇ.

**'જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...'** આહાહા..! અશુદ્ધ સેવતો થકો એટલે આત્માને અશુદ્ધ સેવતો થકો, પર્યાય અશુદ્ધ છે તેને સેવતો થકો એ સેવતો થકો એમ કહે છે. પર્યાયમાં રાગ છે, વિકલ્પ છે એને સેવતો થકો એ અશુદ્ધ આત્માને સેવતો થકો એમ કહેવામાં આવે છે. આહાહા..! પોતાને અશુદ્ધ સેવતો થકો એમ કહેવામાં આવે છે. પોતાને એટલે દ્રવ્યને નહિ. પર્યાયમાં રાગને સેવે છે એ પોતાના પર્યાયને સેવે છે એટલે પોતાનો–અશુદ્ધતાનો આશ્રય લે છે. તે સાપરાધી છે, એ અપરાધી, ગુનેગાર છે. આહાહા..!

**'નિરપરાધ આત્મા તો ભલી રીતે...'** **'સાધુ'**નો અર્થ કર્યો. **'નિરપરાધ આત્મા તો...'** **'સાધુ'** એટલે **'ભલી રીતે...'** **'शुद्धात्मसेवी भवति'** **'શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.'** આહાહા..! સેવનારનો અર્થ આશ્રય, સેવનારની વ્યાખ્યા જ આશ્રય છે. આહાહા..! એને સેવનાર કહે, અનુભવનાર કહે, અનેક ભાષા આવે. આહાહા..! નિયમથી નિરપરાધી આત્મા સારી રીતે એમ. શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. શુદ્ધ આત્માને જ પોતાનો જાણે છે, રાગના વિકલ્પને પોતાના જાણતો નથી. આહાહા..! શુદ્ધ પર્યાય છે એને પોતાની જાણે છે. એ શુદ્ધ પર્યાય તે જ હું છું, આત્મા એ જ છે પણ અશુદ્ધ છે તે હું નથી અને જે અશુદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ઇ હું છું એમ માને છે તે અપરાધી, ગુનેગાર છે. આહાહા..! આવી વાત જગતને કઠણ પડે. મૂળ વાત તો આ છે. હવે વિષય બદલે છે.

**'(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :–) 'એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે ?'** પહેલું પડિકમણું કરીએ નહિ. આ વ્યવહારનું પડિકમણું, વ્યવહાર, વ્યવહારથી શુદ્ધ થશે. પાધરો શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... કરવા, કહેવા મંડો છો. એમ કહે છે. **'શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ કરવાનું શું કામ છે ? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...'** પ્રતિક્રમણ (એટલે) આ વ્યવહાર પ્રતિક્રમણ, હોં ! વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિમા આદિ વંદન, એનાથી આત્મા શુદ્ધ થશે, નિરપરાધ થશે.

**'કેમકે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે, તે અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી,...'** અપરાધી જીવને અપ્રતિક્રમણ એટલે હજી શુભમાં આવતો નથી, અશુભમાં છે એવા જીવને **'અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે,...'** એને તો વિષકુંભ ઝેર છે. શુભભાવમાં નથી આવતો ને અશુભમાં રહે છે એને તો ઝેરના, ઝેરના ઘડા છે. અશુભ, અશુભ હોં ! આ તો વ્યવહારનયને અવલંબનારો કહે છે. આહાહા..! માટે જે સૂત્રમાં, **'વ્યવહારાચારસૂત્રમાં (વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં પણ કહ્યું છે કે–'** પડિકમણું આદિ અમૃત છે એમ કીધું છે. વ્યવહાર પ્રતિક્રમણ, હોં ! વ્યવહાર સૂત્રમાં વ્યવહાર પ્રતિક્રમણને અમૃત કીધું છે માટે અમને પહેલું સેવવા ઘોને. હવે શુદ્ધ શુદ્ધની પાધરી ક્યાં માંડી તમે, એમ કહે છે. આપણા વ્યવહાર સૂત્રમાં કહ્યું છે. ચરણાનુયોગમાં વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રતિમા, વંદન, પૂજા એને બધાને અમૃત કીધું છે. ઇ તો કરવા ઘો પહેલું, પછી શુદ્ધ થઈ જશે. આહાહા..!

**'માટે જે પ્રતિક્રમણ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી,..'** કોણ ? વ્યવહાર પ્રતિક્રમણ. વ્યવહાર પ્રતિક્રમણ આદિ આઠ બોલ છે ને નીચે ? એ આઠેય બોલ અપરાધને દૂર કરનારા એટલે અશુભને દૂર કરનારા (છે). વ્યવહારાલંબીનો પક્ષ છે. **'અમૃતકુંભ છે.'** એ શુભભાવ તે અમૃતકુંભ છે અને શાસ્ત્રમાં પણ છે, આ રહ્યું શાસ્ત્રમાં, જુઓ ! ચરણાનુયોગમાં આ ઠેકાણે છે, આ ઠેકાણે છે. બધે છે હવે સાંભળને. **'વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં-) પણ કહ્યું છે કે -'**

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो।।१।।**

એ નિશ્ચયનું અપ્રતિક્રમણ છે વ્યવહાર અનાદિનું, અનાદિનું. હવે વ્યવહાર પ્રતિક્રમણ આ.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु।।२।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારશાસ્ત્રમાં શુભભાવ વિનાનો અશુભ ભાવ છે તેને અપડિકમણું કહ્યું છે અને શુભભાવને વ્યવહારશાસ્ત્રમાં પ્રતિક્રમણ કહ્યું છે અને શુભભાવને વ્યવહાર શાસ્ત્રમાં અમૃતકુંભ કહ્યું છે. આહાહા..! તો ઇ પહેલું કરવા દ્યો ને. પાધરો શુભ બન્ને આવા છે, આવા છે આમ કરીને અરે..! સાંભળ તો ખરો. આહાહા..! લ્યો ! છે ને ?

**'અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. ૧.'** વ્યવહારશાસ્ત્રમાં અશુભભાવ છે એ ઝેરનો ઘડો છે. અને શુભભાવ ૧. પ્રતિક્રમણ - કરેલા દોષોનું નિરાકરણ. શુભભાવ. ૨. પ્રતિસરણ - સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા. શુભભાવ, ૩. પરિહાર - મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ. ગૃહીત મિથ્યાત્વાદિ. ૪. ધારણા - પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું. વ્યવહાર ધારણા એ અમૃત છે. ૫. નિવૃત્તિ - બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે. એ અમૃત છે શુભભાવ. ૬. નિંદા - આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે. એ શુભભાવ એ અમૃત છે. શિષ્યનો પ્રશ્ન છે, હોં ! ૭. ગર્હા - ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું. એ શુભભાવ. ૮. શુદ્ધિ - દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી. શુભભાવ. શાસ્ત્રમાં એ અમૃત કીધું છે, કહે છે. અને તમે પાધરી માંડી શુદ્ધતા... શુદ્ધતા... શુદ્ધતા...

**શ્રોતા :–** પુણ્ય પાપને ધોઈ નાખે એ વાત તો સહેલી લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુણ્ય ને પાપ બન્ને એક જાત છે. 'પ્રવચનસાર'માં કહ્યું ને એક ગાથામાં ? બેમાં વિશેષ માને તે ગંભીર સંસારમાં ઊંડો ઉતરશે. ગહન, ગહન સંસારમાં ઊંડો ઉતરશે. 'પ્રવચનસાર' ૭૭ ગાથા. ***પુણ્ય ને પાપ બેમાં વિશેષ માનશે, વિશેષ એટલે ફેર છે એમ માનશે, શુભ અને અશુભ બેમાં ફેર છે એમ માનશે (તે) ઘોર સંસારમાં હિંડંતી.*** એ પાઠ છે. આવું છે. વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં વસ્તુ જ એવી છે. તદ્દન નિર્મળાનંદ પ્રભુ, જેમાં રાગની ગંધ નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ રાગ છે, એ પણ ઝેર છે, એ પણ અધર્મ છે. આહાહા..! વસ્તુસ્થિતિ આવી છે.

વ્યવહાર શાસ્ત્રમાં કહ્યું હોય, નિશ્ચય સહિત હોય છે. નિશ્ચય સહિત હોય છે એવા વ્યવહારવાળાને આ નિશ્ચયનો આરોપ કરીને અમૃત કીધું હોય. નિશ્ચય સહિત વ્યવહાર જેનો છે તેનો નિશ્ચયનો અમૃતનો આરોપ આપીને વ્યવહારને અમૃત કીધું છે. એને પેલો વ્યવહારનયવાળો પકડે, જુઓ ! આમાં કીધું છે કે નહિ ? પણ એ તો આરોપીત કરીને અમૃત કીધું છે. નિશ્ચયનો આરોપ કરીને (કહ્યું છે). આહા..! એકલા સમકિત વિનાના ને શુદ્ધ વિનાના શુભની તો અહીં વાત જ નથી, એ તો એકલો સંસાર છે. આહાહા..! ઝીણી વાત છે. એ આવ્યું ને ?

માથે આઠ બોલ છે '**[૬]નિંદા, [૭]ગર્હા અને [૮]શુદ્ધિ એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. ૨.]'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :–**
પહેલા એણે વ્યવહારનયના શાસ્ત્રનો આધાર આપ્યો. વ્યવહારનયના શાસ્ત્રમાં લખાણ બહુ છે. એ તો કહ્યો નથી ૧૧મી ગાથામાં કે હસ્તાવલંબ જાણીને વ્યવહારનો (ઉપદેશ) શાસ્ત્રમાં જિનવરની આજ્ઞામાં પણ વ્યવહાર ઘણો કહ્યો છે પણ એનું ફળ સંસાર છે. આવે છે ને ? આહાહા..! શું થાય ? વાદવિવાદે પાર (પડે એવું નથી). વ્યવહારના લખાણ (આવે એટલે આ) કહે છે, આણે કીધું ઇ વાત સાચી છે. વ્યવહારના સૂત્રમાં શુભભાવને અમૃત કીધો છે. પણ કોને ? જેને નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન છે, એવું સાચું અમૃત છે એને શુભભાવનો વ્યવહાર અમૃતનો આરોપ આપ્યો છે. આહા..! જેને અજ્ઞાનનું ભાનેય નથી, જેને હજી ધર્મ શું છે (એની ખબર નથી) એવા અજ્ઞાનીને શુભભાવ તો એકલો ઝેર ને ઝેરનો ઘડો કીધો છે. આહાહા..! આવું હવે માનવું... આવો જૈન ધર્મ હશે આવો ? બાપુ ! જૈન ધર્મ કોઈ અલૌકિક છે. જૈન ધર્મ કોઈ વાડો નથી, કોઈ પક્ષ નથી એ તો વસ્તુનો પંથ છે, વસ્તુનો પંથ છે. આહાહા..! એના ઉત્તરની ગાથા.

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो।।३०६।।**

પેલો જે વિષકુંભ કહેતો હતો એ શુભભાવ વિનાના અશુભભાવ વાળાના મિથ્યાદૃષ્ટિના જીવને કહેતો હતો. અહીં સમકિતદૃષ્ટિ જીવવાળા શુભભાવને વિષકુંભ કહ્યો છે. અને

**अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो।।३०७।।**

શુદ્ધ નિશ્ચયના આશ્રયની પવિત્રતા પર્યાયમાં પ્રગટી છે. શુદ્ધ પર્યાય તેને જ્યાં આત્મા કહ્યો હતો કે શુદ્ધ પર્યાય જે છે એ જ આત્મા છે, એ શુદ્ધ પર્યાયને અહીં અમૃતકુંભ કીધો છે. અને એ અમૃતની અપેક્ષાએ શુભ ત્યાં હોય એને અમૃતનો આરોપ કરીને અમૃત કીધું છે. પણ જ્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન નથી અને શુભભાવમાં એકલો છે એ તો એકલું ઝેર છે. આહાહા..! આવો માર્ગ હવે. આ તો ઉગીને ઊભા થયા હોય ત્યાં... આ કરો... આ કરો... આ કરો... આ કરો... એવી વાતું (કરે). ***અહીં તો કહે છે, કરવું ત્યાં મરવું છે. આ કરું, આ કરું એવો જે વિકલ્પનો કર્તા... આહાહા..! એ તો જ્ઞાન સ્વરૂપ ભગવાન છે એને કર્તાપણું સોંપવું એ મિથ્યાત્વ છે. ચક્રવર્તીને મહેલમાંથી સાવરણીથી મેલ કાઢી નાખજે (એમ કહેવા જેવું) છે. આહાહા..! ઝીણી વાત છે, ભાઈ !***

**પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. ૩૦૭.**

**ટીકા :– 'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...'** જેને હજી મિથ્યાદષ્ટિપણું છે, અજ્ઞાન છે, જે રાગને, પુણ્યને ધર્મ માની બેઠા છે એ લોકોના તો **'અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...'** એ તો ઝેર છે જ. મિથ્યાદષ્ટિ શુભભાવ કરતાં હોય અને મિથ્યાદષ્ટિપણું તો પડ્યું છે અંદર એના શુભભાવને તો અમે વિષકુંભ કહીએ છીએ, એ તો ઝેરનો ઘડો જ છે એની વાત અમે કરતાં નથી હવે. આહાહા..! આવી વાત છે. **'તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે ?'** અનાદિથી મિથ્યાત્વમાં શુભભાવ-શુભભાવ કરે છે એ તો અનાદિ રખડે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**પ્રભુ ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી ! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં, હવે તું અલ્પજ્ઞપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ. અમે આ વાત કહીએ છીએ ત્યાં તું ભવિ-અભવિનો તો પ્રશ્ન જ રાખીશ નહીં પણ સિદ્ધ થતાં અનંતકાળ થશે એ પણ રાખીશ નહીં; જેમ સિદ્ધ થવાને સમકિત પછી અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન જોઈએ, તેમ અહીંયાં તારામાં સિદ્ધોને સ્થાપીએ છીએ ત્યારે પ્રભુ ! વિશ્વાસ કરજે. પ્રભુ ! અંદર વિશ્વાસ કરજે કે અમે આત્માની આવી વાત સાંભળવાને લાયક થયા ને પ્રભુએ અમારી યોગ્યતા દેખીને અનંતા સિદ્ધો સ્થાપ્યા છે. પ્રભુએ શ્રોતાઓને સાગમટે નોતરું આપ્યું છે. તમે બધા શ્રોતાઓ સિદ્ધ થવાને લાયક છો હો ! તેથી તમારામાં અમે સિદ્ધપણું સ્થાપીએ છીએ અને અમે એ વાત શરૂ કરીએ છીએ એટલે કે તમારે પણ ત્યાં સુધી સાંભળવા તૈયારી રાખવી પડશે.**

(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદષ્ટિ જિનેશ્વર પર્યાયદષ્ટિ વિનશ્વર બોલ - ૧)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી અષ્ટપાહુડ, ગાથા–૨૩-૨૪, પ્રવચન નં. ૫૮
## તા. ૦૯-૦૮-૧૯૭૦
## [૨]

શું ચાલે છે ? જ્ઞાન કોને કહે છે ? જ્ઞાન–સમ્યક્જ્ઞાન કે જે મોક્ષનો માર્ગ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ. સમ્યગ્દર્શન પણ મોક્ષમાર્ગ છે, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પણ (મોક્ષમાર્ગ છે). એમાં સમ્યક્જ્ઞાન કોને કહે છે તે વાત અત્યારે ચાલે છે. **'ધનુષકી સબ સામગ્રી યથાવત્ મિલે તબ નિશાના નહીં ચૂકતા હૈ...'** આપણે પહેલા અંદર આવી ગયું છે. જ્ઞાન કોને કહીએ ?

પહેલા મતિજ્ઞાન. જે મતિજ્ઞાનમાં, જે જ્ઞાયક આત્મા છે એમાં અવગ્રહ, ઇહા, અવાય, ધારણ થઈ છે. સમજાય છે કાંઈ ? મતિજ્ઞાન જે પહેલા થયું, તે જ્ઞાનમાં આત્મા ચિદાનંદ અખંડ અભેદ ધ્રુવ છે એમ ... થઈને, વિચારણા થઈને, નિર્ણય થઈને ધારણા થઈ છે. એ મતિજ્ઞાનને અહીંયા ધનુષ કહે છે અને શ્રુતજ્ઞાનને દોરી કહે છે. ધનુષમાં દોરી હોય છે ને ? દોરી કહે છે ને ? દોરી એ શ્રુતજ્ઞાન (છે). કેમકે શ્રુતજ્ઞાન છે તે સ્વરૂપને પકડે છે તેમાં સમાધિમાં આનંદ આવે છે તો તે શ્રુતજ્ઞાનને અહીંયા દોરી કહેવામાં આવ્યું છે. અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે બાણ છે અને તે બાણનું નિશાન ધ્રુવ ચૈતન્ય છે. 'ચંદુભાઈ' ! અહીં આ આવ્યું પાછું. આહા..હા...!

જે જ્ઞાનમાં, મતિજ્ઞાનમાં પોતાનું ચૈતન્ય ધ્રુવ (સ્વરૂપ) પકડીને. અવગ્રહ નામ પકડીને. વિચારણા કરીને, નિર્ણય કરીને ધારણા થઈ ગઈ કે આ શુદ્ધ ચૈતન્ય ભગવાન છે. પછી શ્રુતજ્ઞાન દ્વારા તે તરફનો ઝુકાવ કરીને, એ દોરી છે. બાણ ખેંચે છે ને ? દોરીની .. હોય છે ને ? જ્ઞાન–શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન એને કહીએ કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે, તેનું નિશાન ધ્રુવ છે, ત્યાં બાણ મારવાનું છે. સમજાય છે કાંઈ ? આટલી સામગ્રી હોય તો બાણ ત્યાં લાગે, નહીં તો બાણ ત્યાં નહિ લાગે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** બાણ તો કર્મ ઉપર મારવાનું છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના, ના. કર્મ-ફર્મની અહીં વાત નથી. અહીં પરદ્રવ્યની વાત નથી, ભાઈ ! અહીં તો સ્વદ્રવ્ય ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વરૂપ, એક સમયમાં સામાન્ય અભેદ ધ્રુવ આદિ-અંત વિનાની ચીજ છે તે બાણનું નિશાન છે. બાણ મારે છે ને આમ ? અંદર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સોપારી છે તેને લાગવું જોઈએ. એમ, સમ્યગ્દર્શન–સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમાં સમ્યક્જ્ઞાન છે તે જ્ઞાન છે ને ? દર્શનનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, ચારિત્રનું જ્ઞાન. એ જ્ઞાનનું નિશાન આ ધ્રુવ છે. સમજાય છે કાંઈ ? એ જ્ઞાનનું નિશાન નિમિત્ત તો નથી, રાગ તો નથી, એક સમયની પર્યાય પણ નથી. જુઓને ! કેવું નાખ્યું છે ! આ..હા..! 'કુંદકુંદાચાર્ય' દિગંબર સંતોએ તો માર્ગને થંભાવી રાખ્યા છે કે માર્ગ આવો છે. ઓ..હો...! અહીંયા તો પરદ્રવ્યની વાત જ નથી.

ભગવાનઆત્મા..! જેને હિત કરવું હોય અને જેને જન્મ-મરણના દુઃખ (મટાડવા હોય); જન્મ-મરણના દુઃખ એટલે ? નિગોદ અને નારકીના દુઃખ એમ નહિ. સ્વર્ગ અને શેઠાઈમાં પણ દુઃખી છે, એકલો દુઃખી પ્રાણી છે. કેમકે પર તરફના લક્ષે આકુળતા થાય છે તે બધું દુઃખ જ છે. કરોડોપતિ, ચક્રવર્તી અને દેવ, પોતાનું નિશાન આનંદ છે તેના ધ્યેય વિના જે બહારનું ધ્યેય બનાવીને આકુળતા કરે છે, એ વિકલ્પ તો દુઃખ છે. 'ધન્નાલાલજી' ! સાચું છે ? આ બધા તમને પૈસાવાળા કહે છે ને ? લોકો કહે છે. સમજાય છે કાંઈ ? એ સુખી નથી.

સુખનો રસ્તો જે જ્ઞાન આનંદમૂર્તિ ભગવાનઆત્મા છે, જેમાં સત્ શાશ્વત ધ્રુવ આનંદ ભર્યો છે, તે તરફ જ્ઞાનનું લક્ષ જાય છે તો તેણે ધ્રુવમાં બાણ માર્યું અને ફડાક શાંતિ અને આનંદ આવે છે. સમજાય છે કાંઈ ? ફડાકને હિન્દીમાં શું કહે છે ? તત્કાલ. અમારે આ તો ગુજરાતી ભાષા .. સમજાય છે કાંઈ ?

કહે છે, '**ધનુષકી સબ સામગ્રી યથાવત્ મિલે...**' આ યથાવત સામગ્રી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું ધ્યેય–નિશાન, આ બધી સામગ્રી. '**તબ નિશાના નહિ ચૂકતા હૈ...**' ત્યારે પોતાના આનંદના ધામ ભગવાનનું ધ્યેય ચુકતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા...! '**વૈસે હી મુનિકે...**' મુનિ એટલે ધર્માત્માને '**મોક્ષમાર્ગકી યથાવત્ સામગ્રી મિલે તબ મોક્ષમાર્ગસે ભ્રષ્ટ નહીં હોતા હૈ.**' અંતર ધ્યેયને પકડી લીધું, જ્યાં બાણ મારવું છે એ તો ધ્રુવ વસ્તુ છે. નિશાન લગાવવું છે એ વસ્તુ ધ્રુવ છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો એ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! '**ઉસકે સાધનસે મોક્ષકો પ્રાપ્ત હોતા હૈ.**' એના અંતરમાં જ્ઞાયકભાવમાં એકાગ્ર થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ, આ સાધનથી પામે છે, બીજું કોઈ સાધન નથી. 'ધન્નાલાલજી' ! શું છે ?

**શ્રોતા :–** કથંચિત્ સાધન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કથંચિત્-ફથંચિત્ નહિ. સર્વથા એકાંત સાધન આ જ છે, બીજું સાધન છે જ નહિ. વ્યવહારથી કહે પણ વ્યવહાર જૂઠો છે. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભગવાન ! આ અપૂર્વ માર્ગ (છે). અનંતકાળથી જન્મ-મરણના દુઃખમાં પિલાય છે, તેનાથી મુક્ત થવું એવી ધર્મની ચીજ કોઈ અપૂર્વ છે. એમ લોકો દયા, દાન, વ્રત ને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભક્તિ ને પૂજા ને જાત્રાને ધર્મ માની લે. એ ધર્મ-બર્મ નથી, એ તો વિકલ્પ, પુણ્ય છે. ધર્મીનું નિશાન પુણ્ય નથી. આહા..હા...!

ભગવાનઆત્મા..! એ માથે આવી ગયું, જુઓ ! છે ને ? '**પરમાર્થસ્વરૂપ નિજશુદ્ધાત્મસ્વરૂપકા સંબંધરૂપ લક્ષ્ય હો,..**' ઉપર કહ્યું. નિજ પરમાર્થ ભગવાનઆત્મા ઉપર જેણે લક્ષ આપ્યું છે તે મોક્ષમાર્ગને ચુકતો નથી, એમ કહે છે. જેનું લક્ષ ધ્યેય ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ, એમાં જેણે લક્ષ આપ્યું તે મોક્ષમાર્ગને ચુકતો નથી. સમજાય છે કાંઈ ? ધ્રુવ ચૈતન્ય આનંદધામ અતીન્દ્રિય રસનો પિંડ, તેના ઉપર જ્યાં દૃષ્ટિ પડી, બસ ! એ મોક્ષમાર્ગમાં લાગી ગયો છે, એ મોક્ષમાર્ગથી ચ્યુત થતો નથી. અને જો કોઈ રાગ ને નિમિત્ત ને પર્યાયમાં વળગી ગયો તો મોક્ષમાર્ગથી છૂટી જાય છે, એમ કહે છે.

**શ્રોતા :–** વળગ્યાનો અર્થ શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તમારી ભાષા હિન્દી કહો. વળગ્યાનો અર્થ ત્યાં ચોંટી જાય, ચિપકી જાય. અહીંથી છટકી જાય અને ત્યાં લાગી જાય. સમજાય છે કાંઈ ?

જેનું ધ્યેય જ્ઞાનનો પૂર્ણાનંદ પ્રભુ છે તેના ધ્યેયથી કદી ચુકતો નથી તે મોક્ષમાર્ગમાં ચાલે છે. પણ એમાંથી છૂટીને, નિશાન લગાવ્યું છે ત્યાંથી છુટીને પર્યાય, રાગ અને નિમિત્ત ઉપર જો રુચિ ગઈ તો મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જાય છે. સમજાય છે કાંઈ ? જુઓ ! એક કડીમાં કેટલું નાખ્યું છે ! ઓ..હો...!

'**યહ જ્ઞાનકા માહાત્મ્ય હૈ,...**' જુઓ ! આ જ્ઞાનનું માહાત્મ્ય છે કે જે જ્ઞાન, જે જ્ઞાનની દશા, જે જ્ઞાનની વર્તમાન અવસ્થા આ ધ્યેયને પકડી લે, જ્ઞાયકને પકડી લે એ મોક્ષમાર્ગમાં ચાલ્યો, એ મોક્ષમાર્ગથી કદી છુટતો નથી. સમજાય છે કાંઈ ? સમજાય છે કે નહિ ? ભાષા તો સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. આહા..! આહા..હા..! ભગવાન ! તું તો એટલો ઊંચો છો પણ તને કાંઈ ખબર નથી. એક સાધારણ વિષયની વાસના કે પૈસાનું મળવું, એમાં આખો વેંચાઈ જાય છે. અરે..! ભગવાન ! તારી અર્પણતા તો પ્રભુ પૂર્ણાનંદનો નાથ તું છો ત્યાં અર્પણતા હોવી જોઈએ, બીજે અર્પણતા હોવી જોઈએ નહિ. આહા..હા...! ભગવાન ! તારા ગાણા કેવળી પણ પૂર્ણ ગાઈ શકે નહિ.

**'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,**
**તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

'શ્રીમદ્ રાજચંદ્ર' થયા છે, સાંભળ્યું છે ? 'શ્રીમદ્ રાજચંદ્ર' ની આ કડી છે. અપૂર્વ અવસર. ૨૧ પદ બનાવ્યા છે. ૩૩ વર્ષમાં દેહ છુટી ગયો. એકાવતારી થઈ ગયા, એક ભવ છે. સ્વર્ગમાં ગયા છે. આત્મામાં જ છે. દૃષ્ટિ જ્યાં મુક્ત થઈ ત્યાં મુક્તિ જ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ ? ગૃહસ્થાશ્રમમાં હતા, બૈરાં-છોકરા હતા, લાખો રૂપિયાનો મોતીનો વેપાર મુંબઈમાં કરતા હતા, એમ લોકો જોતા હતા.

**શ્રોતા :–** એ વાપર કરતા હતા કે નહોતા કરતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહોતા કરતા, આત્માનો વેપાર કરતા હતા. એ..ઇ...! સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શનમાં તો આત્માનું ધ્યેય પકડ્યું છે ત્યાં પરિણતિ છે. એ પરિણતિ રાગમાં જતી નથી અને રાગની પરિણતિ પર્યાયમાં આવતી નથી. તો વળી બહારના વેપારની પરિણતિ આવી જાય અને એમાં આત્મા જાય એમ છે નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે, **'ઇસલિયે જિનાગમકે અનુસાર...'** જુઓ ! તેથી જિનાગમ અનુસાર મુનિપણું છે ને ? જિનાગમ અનુસાર. સર્વજ્ઞ પરમાત્મા જેમ કહે છે તે અનુસાર **'સત્યાર્થ જ્ઞાનિયોંકા વિનય કરકે...'** આવા સાચા જ્ઞાની ધર્માત્મા હોય તેમનો વિનય કરી **'જ્ઞાનકા સાધન કરના.'** પહેલા જ્ઞેયની વાત આવી ગઈ છે. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ પરમાત્મા કે સંતો સાચા જ્ઞાની જે છે, જિનાગમ અનુસાર સર્વજ્ઞ પરમેશ્વરે જે વાણી કહી, તે વાણી અનુસાર આત્માનું જ્ઞાન જેને થયું છે એવા જ્ઞાનીનો વિનય કરીને. જ્ઞાની તો પરદ્રવ્ય છે. વિનય કરીને, એમ અહીંયા પાઠમાં આવ્યું છે. 'કુંદકુંદાચાર્ય'ના પાઠમાં છે ને ? જુઓ ! ૨૨ ગાથા. **'णाणं पुरिसस्स हवदि लहदि सुपुरिसो वि विणयसंजुत्तो'** વિનયસહિત હોય તે જ્ઞાનને પામે. પણ એનો અર્થ શું ? વિકલ્પ હો, પણ અંદર જ્ઞાનમાં બહુમાન વર્તે છે. એ પોતાના જ્ઞાનમાં બહુમાન વર્તે છે. સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા એકલો ચૈતન્યરસનો પિંડ પ્રભુ ધ્રુવ, તેનું જ્ઞાનમાં માહાત્મ્ય વર્તે છે તો તેણે પોતાનો વિનય કર્યો તો તેણે જ્ઞાનીનો વિનય કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! વાત આ છે, ભગવાન ! આહા..હા...! અરે...! ભગવાન થઈને પામર થઈને ફરે, કલંક છે ને ! એમ કહે છે. ત્રણ લોકનો નાથ ત્રણકાળ ત્રણલોકને તો એક સમયની પર્યાયમાં સોડમાં સમાડી દે. સોડ સમજો છો ? આ સૂવે છે તો ... હોય છે ને ? કપડું ઓઢે છે ને ? એમ આત્માની એક સમયની જ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને એક સમયની પર્યાયમાં સમાડી દે છે. એવી એની તાકાત છે. આહા..હા...! એવી અનંતી પર્યાયનો પિંડ ભગવાન ચિદાનંદ, તેનો જેણે વિનય કરીને...

એ તો કાલે કહ્યું હતું, વિનય કરીને લીધું છે એમાં બે વાત છે. વિનય કરીને તો જેનો વિનય કર્યો તેમણે એ કહ્યું. જેમની પાસેથી જ્ઞાન લીધું તો તેમાં એમ કહ્યું હતું કે ધ્યેયને પકડ. સમજાય છે કાંઈ ? એમણે એમ કહ્યું હતું તેને વિનયથી અંગીકાર કરી લીધું. ઓ..હો...! ત્રિકાળી ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એમણે કહ્યું હતું તેનો વિનય કર્યો, ગુરુએ આમ કહ્યું હતું. ભગવાન ! અમારી તરફથી લક્ષ છોડી દે અને અમારા તરફના વિનયના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિકલ્પથી પણ લક્ષ છોડી દે અને વિકલ્પના જ્ઞાનની પર્યાય થાય છે એ પરલક્ષી જ્ઞાનની પર્યાયનું લક્ષ પણ છોડી દે. એમ ગુરુએ કહ્યું હતું. એ..ઇ...! આહા..હા...! જેમ ગુરુએ કહ્યું તેમ પ્રાપ્ત કર્યું. ભાઈ ! આવે છે ને ? ભાઈ ! 'ન્યાલભાઈ' માં આવે છે, એક બોલ આવે છે. જેવું અમને મળ્યું હતું તેવું અમે પામ્યા છીએ. સમજાણું કાંઈ ? વાત જરીક ઝીણી છે. એ વાત તો અમુક અમુક વખતે નીકળે, કાંઈ દરેક વખતે નીકળે છે ? સાધારણ સભા હોય ત્યાં એકદમ સૂક્ષ્મ વાત જરીક ઝીણી પડે, પણ આવે ત્યારે તો એનું સ્પષ્ટીકરણ થવું જોઈએ ને ! સમજાય છે કાંઈ ? આહા..હા...!

રાત્રે એવી વાત ચાલી હતી, થોડી હિન્દીમાં લઈએ, લોકો ગુજરાતી ન સમજે. રાત્રે ગુજરાતીમાં પૂછ્યું તો એમાં ગુજરાતી ભાષા જ આવે છે. હિન્દી પૂછે તો હિન્દીમાં આવે. રાત્રે એવો પ્રશ્ન થયેલો કે પ્રમાણજ્ઞાન કોને કહે છે ? જુઓ ! આમાં આવશે. પ્રમાણજ્ઞાન સ્વ અને પરને જાણવું તેનું નામ પ્રમાણ. સમજાય છે કાંઈ ? પ્રમાણમાં બે ભાગ આવી ગયા–સ્વ અને પર. શાસ્ત્ર તો પ્રમાણજ્ઞાનને જ વ્યવહાર કહે છે. આહા..હા...! પ્રમાણજ્ઞાન સ્વદ્રવ્યનું અને પર્યાયનું, બે થઈને પ્રમાણ. અને એકરૂપ ત્રિકાળ જે અહીંયા વાત ચાલે છે, ધ્રુવ જ્ઞાયકનું જ્ઞાન તે નિશ્ચય. પ્રમાણજ્ઞાને નિશ્ચયનું જ્ઞાન રાખીને ઉપરાંત પર્યાયનું જ્ઞાન કર્યું તો બે મળીને પ્રમાણ કહેવામાં આવે છે. આમ હોવા છતાં પ્રમાણજ્ઞાન સદ્‌ભુત ઉપચાર વ્યવહારનયનો વિષય છે એ નિશ્ચયનો વિષય નથી. 'નવનીતભાઈ' ! સમજાય છે કાંઈ ? રાત્રે આ વાત ચાલી હતી, પણ થોડી ઝીણી પડે. એ..! ક્યાં ગયા 'અમૂલખજી' ?

'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી તાતૈં વચનભેદ ભ્રમ ભારી' પોતાનો સ્વભાવ દ્રવ્યને જાણે, પર્યાયને જાણે. પરને એક કોર રાખો. અશુદ્ધતા બેથી એને જાણવું એ તો અસદ્‌ભુત વ્યવહારનય થઈ. સમજાય છે કાંઈ ? જૂઠી નય થઈ. અને દોષને જાણવાનું જ્ઞાન થયું તે દોષનું જ્ઞાન કહેવું તે પણ ઉપચાર થયો. અહીંયા વાત ગુલાંટ ખાય છે કે ***દોષને જાણવું એ તો અસદ્‌ભુત વ્યવહારનય છે અને દોષનું પોતામાં જ્ઞાન થયું, પોતામાં દોષ સંબંધી પોતાનું જ્ઞાન પોતાથી પર્યાયમાં થયું તેને દોષનું જ્ઞાન કહેવું તે પણ ઉપચાર છે. છે તો પોતાનું જ્ઞાન. હવે પર્યાયનું જ્ઞાન થયું અને ત્રિકાળી દ્રવ્યનું બન્નેનું જ્ઞાન થયું એ સ્વ-પરપ્રકાશક જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. એ પ્રમાણજ્ઞાન સદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. કેમકે પ્રમાણજ્ઞાનમાં વ્યવહારનો નિષેધ ન આવ્યો અને નિશ્ચય છે તે વ્યવહારનો નિષેધ કરે છે, પર્યાયનો નિષેધ કરે છે. સમજાય છે કાંઈ ?***

આવી વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાયક, જે અહીંયા નિશાન ધ્રુવ બાણ કહ્યું તે પર્યાયનો નિષેધ કરે છે કે પર્યાય મારામાં નથી. એમાં જ્ઞાન થઈ જાય છે, પર્યાયનું જ્ઞાન થઈ જાય છે. અહીંયાનું જ્ઞાન થયું તો પોતામાં પણ પર્યાય છે એવું, પર્યાયનું અસ્તિત્વ છે તો જ્ઞાન થાય છે એમ પણ નહિ, ભાઈ ! ઝીણું પડે પણ આ વસ્તુ એવી છે, જરી સૂક્ષ્મ છે. જ્ઞાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય થઈ, પોતાને જાણ્યો અને પર્યાયને જાણી, બેને જાણ્યું તે પણ વ્યવહાર થયો. સદ્ભુત વ્યવહાર થયો તો અગિયારમી ગાથાની અપેક્ષાએ બધો વ્યવહાર અભૂતાર્થ છે. આવી ભાષા ! એ..ઇ..! 'ચંદુભાઈ' ! ગજબ વાત છે. પંડિતજી ! કાલે રાત્રે વાત ચાલી હતી. અડધી કલાક ચાલી હતી. કીધું, શાંતિથી સાંભળજો ! પંડિતજીને બોલાવ્યા હતા. સમજાય છે કાંઈ ? એ... 'ધન્નાલાલજી' ! આ તો કેવળજ્ઞાનનો વ્યાયામ છે. કેવળજ્ઞાનીમાં કેવળજ્ઞાન થવાની કસરત કરવાની વાત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે, અહીં ઇ કહ્યું ને ? દ્રવ્ય નિશાન. એવું જ્ઞાન થયું તો એ જ્ઞાનમાં પર્યાયનું જ્ઞાન પણ થયું. પણ આ પર્યાયનું જ્ઞાન અને આ દ્રવ્યનું જ્ઞાન, બેને મેળવે ત્યારે પ્રમાણ થાય છે. તો એક ન્યાયે પર્યાય છે તે પરદ્રવ્ય થઈ ગઈ. સ્વદ્રવ્યની અપેક્ષાએ સ્વનું દ્રવ્યનું જ્ઞાન, પર્યાયનું જ્ઞાન એ પરદ્રવ્યનું જ્ઞાન થયું. કેમકે દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. તેની અપેક્ષાએ તો વસ્તુ છે, પોતાની અપેક્ષાએ વસ્તુ છે, દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અવસ્તુ છે. સમજાય છે કાંઈ ? વસ્તુનું જ્ઞાન... કાલે રાત્રે અડધી કલાક ચાલેલું. ભાઈને બોલાવ્યા હતા. અમારે ... હોય ત્યારે પંડિતજીને બોલાવવા પડે. અમારા પંડિતજી મોટા છે, થોડું બોલે છે, શાંત છે. એ..ઇ..! 'વજુભાઈ' ! આ એમના મોટા ભાઈ છે પણ જ્ઞાનમાં નાના છે. આહા..હા...!

કહે છે, ભગવાનઆત્મા..! આમાં પુનરુક્તિ નથી લાગતી. દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકનું બાણ, ભગવાન 'કુંદકુંદાચાર્ય' આ કહે છે. જ્ઞાન ત્યાં લગાવી દે. પર્યાયનું શું ? દોષ તો ક્યાંય એના ઘરે રહ્યા. દોષનું જે જ્ઞાન થયું તો એ દોષ છે તો જ્ઞાન થયું એમ નથી. દોષ છે તો જ્ઞાન થયું, એમ નથી. પણ જ્ઞાનની પર્યાયમાં પોતાનું જ્ઞાન થયું અને તેનું જ્ઞાન થયું, એ પર્યાયનું જ્ઞાન કરવું અને દ્રવ્યનું જ્ઞાન કરવું, એ પ્રમાણજ્ઞાન થયું. ***સ્વ અને પર-દ્રવ્યનું જ્ઞાન થયું, એ પ્રમાણ પૂજનીય નથી. જેમાં વ્યવહારનો નિષેધ આવતો નથી એવું પ્રમાણ પૂજનીય નથી. નિશ્ચય છે તેમાં વ્યવહારનો નિષેધ આવે છે માટે નિશ્ચય પૂજનિક છે. એ..ઇ..! આહા..હા...!*** 'ડાલચંદજી' ! થોડી સૂક્ષ્મ વાત આવે, ભાઈ ! આ તો વીતરાગનો માર્ગ છે.

***કેવળજ્ઞાની (પર્યાય) ત્રણકાળ ત્રણલોક, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક નથી જાણતા, પર્યાયને જાણે છે.*** એકવાર એ કહ્યું હતું, સરોવરમાં જળ હોય, પાણીની મોટી નદી ચાલતી હોય, રાત્રિનો સમય હોય. ઉપર ચંદ્ર, તારા આદિ હોય. એ નદીમાં એનું પ્રતિબિંબ પડે છે. જળને જોતાં તે દેખાય જાય છે. બીજે જુએ તો દેખાય છે એમ નથી. ન્યાય સમજાય છે ? ***જળને જોવે છે એમાં જે છાંસઠ હજાર નવસો પંચોત્તેર ક્રોડાક્રોડી તારા છે. એ બધા તારા નથી દેખાતા, ચંદ્ર નથી દેખાતો. એ જળની પર્યાય જોતાં એમાં જળની પર્યાય અને તે તારા, બધું પોતાની પર્યાયમાં જણાય જાય છે.*** 'જ્ઞાનચંદજી' ! સૂક્ષ્મ વાત છે, ભાઈ ! આ તો વીતરાગનો માર્ગ છે. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહે છે, એમ ***પોતાની જ્ઞાનની પર્યાયમાં પર્યાયને જાણી, એને લોકાલોક જાણવું પડતું નથી. એ..ઇ...! કેમકે લોકાલોક સંબંધી અસ્તિત્વ છે એમ પર્યાયમાં પોતાથી પોતાનું અને પરનું જ્ઞાન, પોતાથી, પોતાને કારણે પરની અપેક્ષા વિના, એ છે તો જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા...!*** 'ધન્નાલાલજી' ! એમ કહ્યું કે જળ છે ને ? જળ. જે ચંદ્ર અને તારા અંદર દેખાય છે ને ? એ તારા અંદર નથી. એ તો જળની સ્વચ્છતાનું પ્રતિબિંબ છે. જળની સ્વચ્છતાની અવસ્થા છે. તારા કાંઈ અંદર ઘુસી નથી ગયા. અરીસો હોય ને ? અરીસો. અગ્નિ અને બરફ અહીંયા હોય. અહીંયા અગ્નિ અને બરફ દેખાય તો અગ્નિ અને બરફ ત્યાં છે ? અગ્નિ, બરફ તો અહીંયા છે. દેખાય છે એ તો અરીસાની અવસ્થા છે, દર્પણની એક દશા છે. એ દશા એક સમયની અવસ્થા છે. એની અવસ્થા નથી અને તેને કારણે નથી. એમ ***લોકાલોકનું અસ્તિત્વ છે તો કેવળજ્ઞાનની પર્યાય થઈ એમ નથી. પોતાની પર્યાયની તાકાત એટલી છે કે જ્યાં પર્યાયને જોવે છે તો લોકાલોક - જ્ઞેય સંબંધી જ્ઞાન તો પોતાને કારણે અંદરમાં આવી ગયું, તેને કારણે નહિ.*** 'ધન્નાલાલજી' ! ઝીણી વાત છે, ભગવાન !

***એમ શ્રુતજ્ઞાનની પર્યાય. શ્રુતજ્ઞાન પણ એક સમયની પર્યાયમાં લોકાલોક જાણે છે. એટલી પર્યાયમાં તાકાત છે. એવી એવી તો અનંતી અનંતી પર્યાયનો પિંડ દ્રવ્ય છે. દ્રવ્યનું જ્યાં જ્ઞાન થયું, એમાં પર્યાયનો નિષેધ થઈ ગયો કે મારામાં પર્યાય છે જ નહિ. હું તો એકલો ધ્રુવ છું. એ..ઇ...! હવે આવું જ્ઞાન થઈને જે પર્યાયનું જ્ઞાન થયું તેને પરદ્રવ્યનું જ્ઞાન થયું. તેને સદ્‌ભુત વ્યવહાર ઉપચાર કહેવામાં આવે છે.***

❁

**સિદ્ધ ભગવાનમાં જેવી સર્વજ્ઞતા, જેવી પ્રભુતા, જેવો અતીન્દ્રિય આનંદ અને જેવું આત્મવીર્ય છે તેવી જ સર્વજ્ઞતા, પ્રભુતા, આનંદ અને વીર્યની તાકાત તારા આત્મામાં પણ ભરી જ છે. ભાઈ ! એકવાર હરખ તો લાવ કે અહો ! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે, જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે, મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી. અરેરે ! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો... હવે મારું શું થશે ! એમ ડર નહિ, મુંઝાઈશ નહિ, હતાષ થા નહિ... એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ... સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદ્રષ્ટિ જિનેશ્વર પર્યાયદ્રષ્ટિ વિનશ્વર બોલ - ૧૫)**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પંચાસ્તિકાય, ગાથા–૧૭૨, પ્રવચન નં. ૮૧
## તા. ૩૧-૦૫-૧૯૭૦
## [૩]

'પંચાસ્તિકાય' ૧૭૨ ગાથા. આ **'પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.'** એ આવ્યું ને ત્યાં ? હવેનો પેરેગ્રાફ બાકી છે. શું કહ્યું ? આ ભાગવત શાસ્ત્ર, પરમેશ્વર શાસ્ત્ર, દિવ્ય શાસ્ત્ર કે દૈવી શાસ્ત્ર, એનું તાત્પર્ય વીતરાગતા છે. એનો અર્થ ઇ, પૂર્ણ સ્વભાવ પોતાનો ચૈતન્ય વીતરાગ સ્વભાવ છે તેના સન્મુખ થવું અને પર્યાય, રાગ ને નિમિત્તથી વિમુખ થવું એ આખા ચાર અનુયોગનું વીતરાગપણું એ તાત્પર્ય છે. એ વીતરાગપણું ત્યારે પ્રગટે. સમજાય છે કાંઈ ?

**'તે આ વીતરાગપણાને...'** હવે એવી જે દશા–વીતરાગ દશા, સ્વ સન્મુખની દશા અને પરથી વિમુખ એવી દશા પ્રાપ્ત થાય ત્યારે તેને વીતરાગભાવ પ્રગટ થાય. છતાં **'તે આ વીતરાગપણાને વ્યવહાર-નિશ્ચયના [૨]અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઇષ્ટસિદ્ધિ થાય છે,...'** વ્યવહાર ને નિશ્ચયને સુસંગત મેળવાળું હોય. નિશ્ચય કંઈક હોય ને વ્યવહાર બીજી જાતનો હોય એની ભૂમિકાથી એવું બને નહિ. નીચે ખુલાસો છે. **'વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઇષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ...'** એમ અનેકાંત કહ્યું. **'(અર્થાત્ વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે...'** સુસંગતતા નામ બેનો મેળ. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો હોય. એમ મેળ રહે તો **'વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઇચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી).'** એનો ખુલાસો નીચે.

(૨) **'છઠ્ઠા ગુણસ્થાને મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી...'** મુનિનો દાખલો આપ્યો. મુનિને યોગ્ય ત્રણ કષાયના અભાવવાળી શુદ્ધ વીતરાગી પરિણતિ નિરંતર સ્વસન્મુખને આશ્રયે હોવી. **'તેમ જ મહાવ્રતાદિસંબંધી શુભભાવો...'** પંચ મહાવ્રત અઠ્યાવીસ મૂળગુણ વગેરે વગેરે, **'યથાયોગ્યપણે હોવા...'** એક તો એને લાયક છે એવો જ એનો વિકલ્પ હોય. એથી આગળ વધીને મંદ રાગ હોય એવો નહિ, પહેલો તીવ્ર હોય એવો નહિ. સમજાય છે કાંઈ ? એ ગુણસ્થાનને યોગ્ય અઠ્યાવીસ મૂળગુણ મહાવ્રત આદિનો વિકલ્પ હોય એને નિશ્ચય ત્રણ કષાયના અભાવની વીતરાગ પરિણતિ હોય અને વસ્ત્ર પાત્ર લેવાનો વિકલ્પ હોય કે આધાકર્મ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એને માટે બનાવેલા આહારનો વિકલ્પ હોય એ વ્યવહાર એને યોગ્ય છે નહિ. એ નિશ્ચયની સાથે વ્યવહારનું સુસંગતપણું મેળ નથી.

એટલે કહે છે, **'તે નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું) ઉદાહરણ છે.'** આ દાખલો આપ્યો, આ તો પંડિતજીએ. **'પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી...'** શ્રાવકને પણ સ્વભાવના આશ્રયથી બે કષાયના અભાવવાળી શુદ્ધ પરિણતિ નિરંતર હોય, નિરંતર હોય. **'તેમજ દેશવ્રતાદિ શુભભાવો...'** એને બાર વ્રતના આદિ વિકલ્પો પણ એને યોગ્ય એવા શુભભાવો **'યથાયોગ્યપણે હોય...'** એને લાયક હોય એ પ્રકારે હોય. **'તે પણ નિશ્ચય વ્યવહારના અવિરોધનું ઉદાહરણ છે.'** સમજાય છે કાંઈ ?

પાંચમા ગુણસ્થાને શુદ્ધ પરિણતિ હોય અને એવા વિકલ્પો તીવ્ર હોય કુદેવ, કુગુરુને માનવા એવો ભાવ એને વ્યવહાર, એને સુસંગત છે નહિ. સમજાણું કાંઈ ? ગમે એ દેવને માનવા, ગમે એ ગુરુને માનવા, ગમે એ શાસ્ત્રને માનવા એવો પંચમ ગુણસ્થાનનો વિકલ્પ, એવો વ્યવહાર હોઈ શકે નહિ. એને યોગ્ય દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ ને બાર વ્રતનો વિકલ્પ હોય. પણ પેલો નિશ્ચય હોય તો એની સાથે આવો વ્યવહાર હોય. જેને નિશ્ચય નથી તેને વ્યવહાર હોઈ શકે નહિ. કહો, સમજાય છે કાંઈ ? **'ઉદાહરણ છે.'**

**'અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,...'** હવે એને નિશ્ચય-વ્યવહારનો ન્યાય આપવા વાત જરી લંબાવે છે. **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...'** અનાદિ કાળથી રાગની એકતાબુદ્ધિ અથવા રાગ સાથે સંબંધ (હોવાને લીધે). **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...'** શરૂઆતના જીવો, **'વ્યવહારનયે [૩]ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** એનો ભિન્નસાધ્યનો ખુલાસો. **'મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને...'** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને અંશે સ્થિરતા એવી તો દશા દ્રવ્ય સ્વભાવને આશ્રયે સમકિતીને મોક્ષમાર્ગીને થયેલી હોય છે. એ **'ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે...'** એને સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા **'તેનું સાધન વ્યવહારનયે...'** એનું સાધન વ્યવહારનયે પાછુ **'(આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાલંબી વિકલ્પો કહેવામાં આવે છે.'** એ સાધન વ્યવહારે કહેવામાં આવે છે.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહ્યું જ નહિ. ... સાધન નહિ. માટે વ્યવહાર સાધન કહ્યું. વ્યવહારનયે વ્યવહાર સાધન. ખરેખર સાધન છે નહિ. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર.

**'આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા છે.'** વ્યવહારનયે સાધ્ય છે શુદ્ધ પરિણતિ અને સાધન છે વિકલ્પ. સાધ્ય છે શુદ્ધ નિર્મળ અવસ્થા અને સાધન છે સ્વપર પ્રત્યય વિકલ્પ, રાગ. એને સાધન વ્યવહારથી કહ્યું, નિશ્ચયથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધ પરિણતિને સાધ્ય કહ્યું. આમાં બધો ગોટો ઉઠે. એ... 'દીપચંદજી' ! જુઓ ! આ સાધન લખ્યું છે કે નહિ આમાં ? એથી તો ખુલાસો કર્યો છે. **'વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યા છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)'** પૂર્ણ શુદ્ધિની પરિણતિ તે સાધ્ય છે અને અધુરી શુદ્ધ પરિણતિ તે સાધન છે પણ છે તો શુદ્ધ દશા, વીતરાગી દશા, સ્વ દ્રવ્યને આશ્રયે (થયેલી) દશા એ નિર્મળ સાધન (અને) પૂર્ણ નિર્મળ (દશા) તે સાધ્ય, એ નિશ્ચય છે. એવો નિશ્ચય જ્યાં હોય ત્યાં વ્યવહારના આવા વિકલ્પો પૂર્ણ જ્યાં નિશ્ચય થયું નથી તો આવા વ્યવહાર હોય. એને વ્યવહારનયે સાધન, ઉપચારથી સાધન, આરોપે સાધન કહેવામાં આવ્યા છે.

**'ભિન્નસાધ્યસાધનભાવે, ભાવને અવલંબીને *સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે.'** આ ભાષામાં વાંધા. નિશ્ચય સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન એ તો નિર્મળ પર્યાય, પણ અનાદિવાસિત રાગ બધો ગયો નથી, એમ. અનાદિ એટલે અજ્ઞાની છે એનો અહીં પ્રશ્ન નથી. પણ રાગ હજી ગયો નથી તેથી તેને રાગની દશામાં એવા ભાવો વિકલ્પો આવે છે. જેથી **'*સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે.'** નીચે છે. **'સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. [જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપના શ્રદ્ધાનાદિ કરેલ છે...'** શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ સ્વરૂપની સ્વ સન્મુખની શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા કરેલ છે **'એવા સમ્યગ્જ્ઞાની જીવોને...'** અનાદિ વાસિત છે એટલે પાધરો પહેલો વ્યવહાર આવે છે એમ નહિ. સમજાણું કાંઈ ? આમાંથી એમ કાઢે છે, જુઓ ! પહેલો વ્યવહાર આવે છે ને પછી નિશ્ચય આવે છે. અનાદિવાસિત છે ને ? પણ એ વ્યવહાર પણ અનાદિવાસિત છે. અનાદિના રાગથી જુદો પડ્યો, અસ્થિરતાથી. અહીં તો ભલે રાગથી જુદો પડ્યો પણ એ રાગ છે એની અસ્થિરતાનો અનાદિની એ રાગની ગંધ છે. જ્ઞાનીને પણ એ રાગની અનાદિની ગંધ છે. સમજાણું કાંઈ ? કોઈ દિ' રાગ રહિત થઈ ગયો હોય અને પછી રાગ આવ્યો છે એમ નથી. સમજાણું કાંઈ ?

શુદ્ધાત્મસ્વરૂપના શ્રદ્ધાન, જ્ઞાન અને લીનતા **'કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાનજ્ઞાનચારિત્ર સંબંધી...'** શ્રદ્ધાન સંબંધી, જ્ઞાન સંબંધી, ચારિત્ર સંબંધી. **'પરાલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે,...'** ભેદ રત્નત્રયના વિકલ્પની જાત સમ્યગ્દષ્ટિને સ્વાવલંબી થયા છતાં પૂર્ણ સ્વાલંબી થયો નથી એથી પરાલંબી એવા વિકલ્પોની જાત વ્યવહારે અનુકૂળ છે એમ કહીને સાધન કહેવામાં આવે છે. ન સમજાણું ? વ્યવહાર કહો કે અનુકૂળ કહો કે નિમિત્ત કહો. એ વિકલ્પની જાત છઠ્ઠે, પાંચમે હોય એથી વિશેષ રાગ પણ ન હોય અને તદ્દન મંદતા ઉપર હોય એવી જાત ન હોય. એ રીતે રાગને ત્યાં ભેદ સાધન કહેવામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યું છે.

**'કારણ કે અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ...'** સમ્યગ્દૃષ્ટિની પણ અહીં વાત છે. **'અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત...'** પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે, નિમિત્ત ઉપરના લક્ષવાળી બુદ્ધિ છે. અહીં રાગની એકતા તૂટી છે પણ હજી પરાલંબીનું અવલંબન જે અનાદિનું છે એ માયલો અંશ હજી બાકી રહ્યો છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ ? એમ નહિ કે અનાદિનું અવલંબન છે એટલે એને મિથ્યાત્વ ... પહેલો વ્યવહાર આવે છે એમ નથી.

**'અનાદિ કાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તુરત જ સર્વથા નાશ થવો કઠિન છે.'** લ્યો ! એમ કહે છે. રાગ અને વિકલ્પથી ચૈતન્ય સ્વભાવને ભિન્ન જાણ્યો, શ્રદ્ધયો, અનુભવ્યો છતાં હજી રાગની વિકલ્પ દશા અનાદિવાસિત ગંધ છે તે રહી ગઈ છે એમ કહે છે, એકતાબુદ્ધિ રહી નથી. સમજાણું કાંઈ ? પણ અનાદિનો જે રાગનો ભાગ છે એ વ્યવહાર ભાગ અનાદિનો રહી ગયો છે. તદ્દન શુદ્ધ થઈ ગયો છે ને નવો રાગ થયો છે, એમ નથી. 'પંડિતજી' ! અહીં તો વ્યવહાર સાધન કહે છે ને અહીં આવો અર્થ કર્યો પાછો. એવો અર્થ ન કરે તો કાંઈ મેળ ખાય એવો નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, વીતરાગભાવ તો પ્રગટ થયો છે પણ હજી રાગથી બિલકુલ અસ્થિરતામાંથી છૂટી ગયો છે પણ એમ નથી. એ અનાદિની વાત છે. રાગથી ભિન્ન પડ્યા છતાં રાગ બાકી રહ્યો છે એ અનાદિની જાત છે, એ કાંઈ નવો રાગ થયો છે એમ છે નહિ. તેથી આનો અર્થ એમ કરે કે અનાદિવાસિત હોય એને પહેલો વ્યવહાર આવે અને વ્યવહાર કરીને પછી નિશ્ચય આવે. એવા અર્થ કરે છે, લ્યો ! 'ભીખાભાઈ' ! ખોટું છે ઇ ? લખ્યું છે ને આ પ્રમાણે, જુઓને !

**'સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...'** વ્યવહારની સુખે કરીને, પહેલી અનાદિ વાસ્તવિક બુદ્ધિવાળા વ્યવહારની પહેલી શરૂઆત કરે છે. એ..ઇ..! અમારા પંડિતજીએ તો આમાં ચોખવટ કરી છે. એ.. 'દેવાનુપ્રિયા' ! કહ્યું ને કે અનાદિ કાળથી ભેદ વાસિત તે વાત બરાબર છે. કારણ કે રાગનો ભાગ છે એ નવો થયો છે એમ નથી. સમ્યગ્દૃષ્ટિને પણ, જ્ઞાનીને પણ સ્વભાવનું અવલંબન લઈને રાગની એકતા તૂટતા છતાં અસ્થિરતાનો રાગ અનાદિનો છે એમ કહે છે. સમજાણું કાંઈ ? એ નવો થયો, શુદ્ધતા પૂર્ણ પ્રગટી હતી ને વળી નવો થયો એમ નથી. એ શુદ્ધતા પ્રગટી જ નથી, પર્યાયમાં શુદ્ધતા પૂર્ણ અનાદિથી પ્રગટી જ નથી. તેથી સમકિતીને પણ રાગની અસ્થિરતાનો ભાગ અનાદિની જાતનો એ અસ્થિરતાનો ભાવ છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...'** એનો અર્થ એ ભૂમિકામાં એવા જ ભાવો હોય છે એને વ્યવહારે એમ કહેવામાં આવે છે. એ દ્વારા સુખે કરીને પાર પામે છે અથવા સુખે કરીને શરૂઆત માર્ગની કરે છે. એ ખરેખર એમ નથી. એ તો વ્યવહારનયનું વચન છે. સુખે કરીને કે દિ' ન્યાં હતું ? સુખનો અર્થ આપણે અહીં કર્યો છે ને. સુગમપણે. જુઓને ! સુગમપણે, સહજપણે, કઠિનતા વિના એમ કર્યું છે. છે તો એ રાગ ભાવ દુઃખ છે.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુખે કરીને પણ વ્યાખ્યા આમ કરી એની. સુખે કરીને એટલે કે રાગની તે પ્રકારની ભૂમિકામાં એવી મંદતા હોય કે જેથી એને કઠણ ન પડે. એટલે કે આગળ જવામાં જે આગળ વધ્યો છે અને આવો રાગ છે માટે એને આવી ભૂમિકામાં સહજ શુદ્ધની દશા ન રહે એમ નથી. 'ચંદુભાઈ' ! બધા આવા અર્થ છે. શું કીધું ? સમજાણું ?

સુગમપણે, સહજપણે એટલે એની સ્વરૂપની આશ્રિત દશા હોવા છતાં તેની ભૂમિકાને યોગ્ય એવો જ રાગ હોય તો ત્યાં એને મેળવાળો છે. એટલે કે એની ભૂમિકાનો વિરોધ કરતો નથી. આગળ જવાને ભલે વિરોધ કરે પણ વર્તમાન ભૂમિકાનો વિરોધ કરતું નથી. એ વર્તમાન ભૂમિકા ન રહે એમ નથી. સમજાણું કાંઈ ? સુગમપણે, સહજપણે એટલે કે એ વિકલ્પો સહજપણે એવી જાતના જ આવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, એની શ્રદ્ધા, એ તરફના વલણના વિકલ્પ આવે અને એથી કરીને એને અંદર આગળ જતાં કઠણ પડે એમ નથી. એ વસ્તુના સ્વભાવની દશામાં પ્રાપ્ત છે કે આવા રાગ હોય છે એથી સુખે કરીને એટલે સહજપણે એવા વિકલ્પ આવે ને સહજપણે પરિણતિ છે, એટલે સહજપણે આગળ વધે છે. પરથી વધે છે એમ કહેવું છે એ વ્યવહાર છે.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં કીધું ને પરથી કીધું, વધે છે એ વ્યવહાર. કહો, 'રતિભાઈ' ! કહો, રાગથી વધે છે, અહીં પાઠ તો એવો છે, હોં ! ભિન્ન સાધન ભાવને અવલંબીને સુખે કરીને તીર્થની વર્તમાન પરિણતિની શરૂઆત કરે છે, આમ શબ્દ છે એનો અર્થ આ. સમજાણું કાંઈ ?

**'(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે).'** એ શુદ્ધ પરિણતિ પણ છે અને એ જાતના એ યોગ્ય પ્રમાણે વિકલ્પની મર્યાદા એ હવે ખુલાસો કરે છે. એનું સુગમપણે કેમ થાય એનો અહીં ખુલાસો કરે છે. સમજાણું કાંઈ ? વ્યવહાર છે એ વિસામો છે ને પછી નિશ્ચયમાં જઈ શકાય એમ નથી, એમ કહે છે. વિસામો નથી, વિસામો નથી પણ એ ભૂમિકાને યોગ્ય નિમિત્ત એટલે વ્યવહારે અનુકૂળતા છે. એની પર્યાયનો નાશ આ હોવા છતાં થતો નથી. બસ ! આટલી વાત છે. ભારે વાત, ભાઈ ! 'શાંતિભાઈ' ! આવું મુનિપણું...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** આ તો સમજાય એવું નથી એમાં ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સમજાય એવું જ છે, નથી સમજાય એવું ક્યાં છે ? વ્યવહાર હેય છે, અભૂતાર્થ છે પહેલો એ સિદ્ધાંત. હવે અભૂતાર્થ છે એને સાધન કહ્યું, અભૂતાર્થ છે એને સાધન કહ્યું એ વ્યવહારથી એટલે અભૂતાર્થથી, અસત્યાર્થથી સાધન કહ્યું છે, જૂઠાથી સાધન કહ્યું છે લ્યો ! એનો અર્થ આ. કારણ ... એવું નિમિત્ત ત્યાં હોય, એવું નિમિત્ત ત્યાં હોય. ઉપરની ભૂમિકા પ્રમાણે મંદતા રાગની એટલી ન હોય, હેઠલી ભૂમિકાને (યોગ્ય) તીવ્ર રાગ એવો ન હોય, એની યોગ્યતાવાળો રાગ હોય માટે અનુકૂળ કરીને વ્યવહાર સાધનનો આરોપ આવે છે. કહો, 'સેઠી' ! આમાં ઘરે વાંચે તો કાંઈ ... ચક્કર શું કીધું ? ચક્કર ખાય.

**શ્રોતા :–** આમાં તો ચોખ્ખો વ્યવહારથી લાભ થાય એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ વ્યવહારથી લાભ થાય કોને કીધું ? કેમ કહ્યું ? વ્યવહાર એટલે શું ? વ્યવહાર એટલે અભૂતાર્થ, નિશ્ચય એટલે ભૂતાર્થ. એ સિદ્ધાંત રાખીને એનો અર્થ કરવો પડશે કે નહિ ? તો અભૂતાર્થને એટલે અસત્યાર્થને, એટલે કે જૂઠા ભાવને સુગમપણે સાધન કહ્યું એનો અર્થ કે જૂઠી નયે તેને આરોપથી કથન કર્યું છે. કહો, 'શશીભાઈ' ! આહાહા..!

અનાદિ કાળથી એ પહેલાં આવી ગયું છે આપણે. ૨૩૭ પાને આવ્યું, લખ્યું હતું, ૨૩૭ પાને આવી ગયું ગયું છે **'અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...'** જુઓ ! **'અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો,...'** જુઓ ! ૨૩૭ પાનું, બીજી લીટી. **'આ આત્મા ખરેખર કથંચિત્ (-કોઈ પ્રકારે, નિજ ઉદ્યમથી) અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...'** એમ છે. **'વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના,...'** અશ્રદ્ધાનનું શ્રદ્ધાન કરે, અશ્રદ્ધાનને છોડે છે, અંગપૂર્વગત અજ્ઞાનને છોડે છે. અતપમાં ચેષ્ટાના ત્યાગને છોડે છે અને ધર્માદિમાં શ્રદ્ધાને અંગિકાર કરે છે. એ વિકલ્પ અમુક જાતનો છોડે છે ને અમુક જાતનો ગ્રહણ ત્યાગ થાય છે એ વ્યહારનયનો વિષય છે. નિશ્ચયમાં ગ્રહણ, ત્યાગ છે નહિ. આહાહા..! વાત તો પણ હવે શું થાય ? સમજાણું ?

અનાદિ કાળથી અનંત ચૈતન્ય વીર્ય બિડાય ગયું છે એ છે ને અંદર ? અનાદિ કાળથી ન્યાં લીધું, જુઓ ! ૨૨૧ છે, વચમાં ચોથી લીટી છે. **'જેને અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની...'** જુઓ ! છે તો જ્ઞાની છતાં બિડાય ગયલું છે. સમજાણું કાંઈ ? અનાદિનું બિડાયેલું છે, આમ અનાદિની આ વાસના છે. ભાન થયેલું છતાં. ૨૨૧ ને ૨૨૭ છે ક્યાંક. એમાં લખ્યું છે તે દિ' ૨૨૭ છે. **'અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને...'** એ પણ ઇ છે જુઓ ! છે ને ? ૧૫૫ (ગાથા). **'અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો હોય ત્યારે ભાવોનું**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**વિશ્વરૂપપણું ગ્રહ્ય હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાયપણું હોય છે તે પરસમય...'** છે. એટલું લ્યો ! પરસમય–એટલો વિભાવભાવ છે અનાદિનો એથી એને પરસમય કહેવામાં આવે છે. સમજાય છે કે કાંઈ ? સામે પુસ્તક છે કે નહિ ? આ મેળથી આ બે, ત્રણ ઠેકાણે બતાવ્યું. પેલામાં અવિદ્યાનો નાશ કરીને વાત કરી. જ્ઞાની પણ હજી અનાદિનો મોહને અનુસરે છે. અસ્થિરતાનો ભાગ (છે) એટલો પરસમય છે, સ્વ સમયને અનુસરે છે તે સ્વસમય. સમજાણું કાંઈ ?

વ્યવહાર એટલે અભૂતાર્થ–એક સિદ્ધાંત પહેલો. વ્યવહાર્થ એટલે અસત્યાર્થ, વ્યવહાર એટલે ખરેખર નિશ્ચયની અપેક્ષાએ અવિદ્યમાન છતાં વ્યવહારની અપેક્ષાએ વિદ્યમાન. એ અવિદ્યમાનને વિદ્યમાન વ્યવહારથી કહેવામાં આવે છે. એમ સાધન નથી એને વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. ભારે વાત. 'સોનગઢ'ની વાત નિશ્ચયની ઉપાદાનની આવે તો કહે, એ... 'સોનગઢ'ની. હવે ભાઈ ! ભગવાનના ઘરની છે એમ માનને.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એવી વાત તમારી 'સોનગઢ'ની અહીં નહિ ચાલે, એમ. ... 'ધન્યકુમાર' 'કારંજા' ના છે, અહીં આવી ગયા ને હમણાં, નહિ ? 'ભાવનગર', 'ભાવનગર' આવી ગયા. ગામમાં આ બરાબર ચલવે છે. બે હજાર માણસ છે, ... બે હજાર માણસ. બે હજારની સભા ભરાય છે. ભાઈ ! આ તો બધે હવે ચાલે એવું છે, આ જ (ચાલશે). આખા મહારાષ્ટ્રમાં ફર્યા પણ ક્યાંય કોઈએ ના પાડી નથી. બધા એમ કહે છે, ... માર્ગ તો આ છે, બાપુ ! વ્યવહાર હોય ત્યાં સાધન કહે, સાધન બે પ્રકારના હોય નહિ, સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે. સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે. એક અભૂતાર્થ સાધન, એક ભૂતાર્થ સાધન. કહો, સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ અભૂતાર્થ ઇ જ કીધું ને ! અભૂતાર્થ સાધનને અભૂતાર્થ સાધન થાય એનો અર્થ અભૂતાર્થથી કહ્યું છે, વ્યવહારનયથી કહ્યું છે. એ માટે તો ખુલાસો કરવો પડ્યો. એ..ઇ..! 'શેઠ' ! આ ત્રણ તો દાખલા આપ્યા. ૨૨૧, ૨૨૭ અને આ ૨૩૭ (પાનું). ત્રણેયની સાથે આ ચોથો બોલ મળે છે. એ.. 'વજુભાઈ' ! ઇ તો ન્યાંના બધા માણસો હા હા જ પાડે છે, મુર્ખા છે. અરે..! ભગવાન ! શું કરે છે ? પ્રભુ ! કઈ અપેક્ષાએ, કઈ નયનું કઈ અપેક્ષાએ કેમ છે ને અહીં કેમ આવ્યું છે એવો એને અર્થ સમજવો જોઈએને.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ અભૂતાર્થ વસ્તુ જ નથી ? વસ્તુ છે કે નહિ ? નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું છે. નિમિત્ત, નિમિત્ત, વ્યવહાર, વ્યવહારરૂપે નથી ? વ્યવહારનયનો વિષય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી ? વિષય છે એનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. ... એવો સ્વભાવ છે એનો. આત્મા સ્વનું જ્ઞાન કરે છે ત્યારે બાકી રહેલો રાગ એનું પણ જ્ઞાન એને સ્વતઃ સ્વ-પરપ્રકાશક ઉત્પન્ન થાય છે. એ માટે કામ છે. સમજાણું કાંઈ ?

***આત્મા પોતાના સ્વરૂપના સાધનમાં આવે છે એટલે એને સ્વ–પરની જ્ઞાનની પર્યાય જ એ સમયે પ્રગટ થાય છે. એ સ્વપરનું જ્ઞાન એ પોતાનું, આત્મ-પોતાનું જ્ઞાન છે, પરનું જ્ઞાન એ પરનું છે નહિ. એ વ્યવહારનું જ્ઞાન એ વ્યવહારનું નથી, જ્ઞાન પોતાનું છે. સ્વનું જ્ઞાન ને વ્યવહારનું જ્ઞાન એ બે થઈને પોતાનું જ્ઞાન છે, બે થઈને પોતાની પર્યાય છે એને એ જાણે છે. સમજાણું કાંઈ ?*** શું થાય પણ હવે ? એ બારમી ગાથામાં કહ્યું, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ તો એક નિશ્ચયનું અગિયારમામાં કહ્યું કે '**भूदत्थमस्सिदो खलु...**' એકલો ભગવાન ત્રિકાળ ધ્રુવને આશ્રયે સમકિત થાય અને ધ્રુવને અમે શુદ્ધનય કહીએ છીએ. નય ને નયનો વિષય જુદો નહિ. ત્યારે આટલું ... ***કોઈ પર્યાય, રાગબુદ્ધિના અંશો વધે, રાગ અંશ ઘટે એવી કોઈ દશા છે કે નહિ ? એ દશા છે. તો એ દશાનું જ્ઞાન ત્યાં સ્વતઃ સ્વનું જ્ઞાન થતાં તે પ્રકારનું જ્ઞાન ત્યાં પોતાને કારણે (થાય છે). એનું લક્ષ કરે ને જાણે છે એમ પણ નહિ. એ જાતની જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશક જે એનો સ્વભાવ છે એ જ પ્રકારનો સ્વ-પરપ્રકાશક જ્ઞાનનો પર્યાય ઉભો થાય છે, એથી વ્યવહાર જાણે છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો વ્યવહાર સંબંધીનું પોતાનું અધૂરું જ્ઞાન છે અને સ્વનું આખું એ બે થઈને પોતાની પર્યાય છે.*** 'ચંદુભાઈ' !

***કેવળજ્ઞાની, કેવળજ્ઞાનમાં કેવળ પર્યાય છે કે લોકાલોક છે માટે જ્ઞાન છે ? અને લોકાલોકનું એ જ્ઞાન છે ? એ તો પોતાની પર્યાયનું જ્ઞાન છે. પોતાની પર્યાયમાં પોતાનું દ્રવ્ય, પોતાનો ગુણ ને પોતાની પર્યાયનું પૂર્ણતાનું જ્ઞાન છે. છ દ્રવ્યનું છે એમ કહેવું એ વ્યવહાર છે. એવો જ જ્ઞાનનો પર્યાય છ દ્રવ્ય ને લોકાલોક હોવા છતાં પોતાની પર્યાયમાં સ્વ-પરપ્રકાશક આત્મજ્ઞાનમયી સર્વજ્ઞ પર્યાય પ્રગટ થાય છે.*** એને પૂર્ણ છે, સાધકને અપૂર્ણ છે, બસ ! એટલો ફેર છે. સમજાણું કાંઈ ? સાધકને પૂર્ણ જ્ઞાનનો વિષય થયો નથી. હજી રાગ છે, સાધક છે, બાધક છે બધું છે ને ? એથી એને વસ્તુના સ્વભાવ તરફ ઢળતાં જે સ્વનું જ્ઞાન થયું એ એકલું નથી થયું એની સાથે એમ કહે છે. સ્વનું જ્ઞાન, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વનું જ્ઞાન થતાં સ્વ-પરપ્રકાશનું સામર્થ્ય પર્યાયમાં પ્રગટ સહજ થાય છે. એટલે તેને એમ કહ્યું કે આ વ્યવહારને જાણે છે ને વ્યવહાર સાધન છે એવો ઉપચાર કરીને કથન કર્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? વ્યવહારને જાણતો નથી છતાં વ્યવહારને જાણે, કહ્યું લ્યો ! ભાઈ ! વ્યવહારને જાણે છે ? એ લોકાલોકને જાણે છે ન્યાં ? વ્યવહારને જાણે છે. વ્યવહાર તો રાગ છે, રાગથી તો જ્ઞાન નિર્લેપ ભિન્ન છે.

ભગવાન સ્વરૂપ ચૈતન્યબિંબ એ જ્ઞાનમૂર્તિ, એમ જ્યાં સ્પર્શ થયો એટલી પર્યાયે જ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વ-પરપ્રકાશક સ્વતઃ પોતાનો સ્વભાવ, એ જાતનું જ્ઞાન જ ત્યાં અધૂરું સ્વ-પરને જાણતું પ્રગટ થાય છે. પેલી ચીજ છે માટે પ્રગટ થાય છે, લોકાલોક છે માટે કેવળજ્ઞાન પ્રગટ થાય છે કે છે એમ છે નહિ. 'જેઠાભાઈ' ! આહાહા..!

એમ અહીંયાં વ્યવહાર સાધન જે કહ્યું એ તો વ્યવહારનયથી કહ્યું. નિશ્ચયમાં એ સાધન નથી ને એને એ જાણતું નથી. એ પોતાની પર્યાયનું સામર્થ્ય જ એટલું ને એવડું છે કે જે પ્રકારના વિકલ્પો થવાના છે એ જ પ્રકારનું જ્ઞાન એના લક્ષ વિના, એ આવશે માટે જ્ઞાન કરે છે એમ નથી. સમજાણું ? એ પ્રશ્ન ઉઠ્યો છે ને ? ભાઈ ! નહિ ? 'પ્રવચનસાર'માં. એમ કે જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન થાય ને તે સમયે જાણે એમ કેમ બને ? નટ પોતાના પગ અહીં રાખે ને નાચે એમ કેમ બને ? 'પ્રવચનસાર'. એમ જ્ઞાન જે સમયે ઉત્પન્ન થાય તે સમયે તેને જાણે એમ કેમ થાય ? ભાઈ ! એ સમયે ઉત્પન્ન થાય અને તે સમયે જાણે એવો એનો સ્વભાવ છે. સાંભળને ! અને તે ઉત્પન્ન થયું અને તેને જાણે એટલે શું કહ્યું એનો અર્થ ? લ્યો ! ભાઈ ! કે જે સમયનું જ્ઞાન સાધકમાં થયું તે સમયે તેને જાણે છે એટલે શું થયું ? કે પેલો રાગ છે એને જાણે છે કહેવું એ વ્યવહાર છે. કેવળજ્ઞાન લોકાલોકને જાણે એ વ્યવહાર છે, પોતાનો પર્યાય પૂર્ણ થયો એને જાણે છે. એમ સાધકમાં જે જ્ઞાનનો પર્યાય એ જાતનો અપૂર્ણને જાણે અને અહીં સંપૂર્ણને જાણે એવી જ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એને એમ કહેવું કે પરને જાણવું એ વ્યવહાર છે. એમ આ સાધન વ્યવહાર છે એનાથી સુગમપણે થાય એ વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર રાગ છે માટે જ્ઞાન થતું નથી તો વળી વ્યવહાર સાધન થઈને આગળ સાધ્ય વધે એ વાત છે જ નહિ. વાત તો આ છે. '...ભાઈ' ! ન્યાયથી જરી મધ્યસ્થી અંદર ભાવ બેસવો જોઈએ ને ! બેસે તો કામ આવે. એમ અધ્ધરને અધ્ધર વાતું કરે કે આમ છે ને તેમ છે એમ કેમ પણ થાય ?

ભગવાનઆત્મા એકલો જ્ઞાન ને આનંદનો સાગર વસ્તુ શુદ્ધ છે. હવે; શુદ્ધનું અવલંબન થયું એટલે પર્યાય શુદ્ધને જાણવાની પ્રગટી એટલી જ પ્રગટી છે ? કેવળજ્ઞાન પ્રગટ્યું એટલે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણ્યા એટલું જ પ્રગટ્યું છે ? લોકાલોક છે તેને જાણતું એટલે કે તે પ્રકારનું જ્ઞાન પોતાનું, પોતાથી ઉત્પન્ન થઈને પોતાને પોતે જાણે છે. 'સેઠી' ! આ જરી વિસ્તાર છે. ... વિસ્તાર તો કર્યો છે ભાઈએ. આહાહા..!

કહે છે કે જેમ પરને જાણેલો પ્રયોજનવાન કહ્યું, કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ પ્રયોજનવાન છે ? એમ વ્યવહાર જાણેલો પરને જાણે એ પ્રયોજનવાન છે ? પણ એવું જ જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ ? આ પ્રયોજનવાન છે પોતાનો પર્યાય તે પ્રકારનો ... એને જાણે છે. સમજાણું કાંઈ ? એમ અહીંયાં વ્યવહારને સાધન કહ્યું છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ સાધનને જાણવાનું કામ કરે છે એમ કહેવું પણ હજી વ્યવહાર છે. એને ઠેકાણે એ મદદ કરીને અહીં ટકે છે, વસ્તુમાં એમ નથી.

**શ્રોતા :–** શબ્દને કારણે ભુલી જઈએ છીએ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શબ્દને કારણે ભુલતા નથી, દૃષ્ટિને કારણે ભુલે છે. 'પંડિતજી' ! '**ભિન્ન સાધ્ય-સાધનભાવને...**' હવે ત્યાં નિશ્ચય અભિન્ન સાધ્ય-સાધન છે કે નહિ ? ભાઈ ! આ ભિન્ન સાધ્ય-સાધન વખતે અભિન્ન સાધ્ય-સાધન છે કે નહિ ? કે એકલું ભિન્ન સાધ્ય-સાધન છે ? આ ભિન્ન સાધન વખતે પણ અભિન્ન સાધ્ય-સાધન તો છે. એની સાથે એક બીજો બોલ જોડી દેવો છે અહીં તો. પોતાનો નિર્મળ સ્વભાવ એ સાધન છે અને પૂર્ણ નિર્મળ સાધ્ય એ તો છે. એ ઉપરાંત બીજી વાત અહીં નાખવી છે હવે. એવા કાળમાં પણ એક ભિન્ન સાધ્ય-સાધન કહેવામાં આવે છે. ત્યારે જે નિશ્ચય સાધ્ય છે અને એનું પૂર્ણ સાધ્ય છે એટલે આ વ્યવહાર સાધન ને એનું વર્તમાન પર્યાય સાધ્ય, એમ જો કહીએ તો પણ એ ઉપચાર છે. અને પૂર્ણ સાધ્યનું આ સાધન કહેવું એ પણ ઉપચાર વ્યવહાર છે. સમજાણું કાંઈ ? આટલું બધું સમજવું પડે. બાપુ ! તું સમજણનો પિંડ છો. એ તો જ્ઞાનનો એકલો પિંડ છે. બાકી કાંઈ ગંધ પણ નથી.

જ્યાં ભૂમિકા પ્રમાણે રાગ હોય છે એને વ્યવહારે જાણે અને વ્યવહારે સાધન કહીને તેને જાણવા માટે વાત કરી છે. સમજાણું કાંઈ ? નહિતર તત્ત્વના સત્વનો ક્યાંય મેળ નહિ ખાય. એ તત્ત્વ છે એનું સત્ત્વ જે જ્ઞાન સ્વ-પરપ્રકાશક છે એનો સ્વ-પરપ્રકાશક સ્વતઃ સ્વભાવ છે, સ્વતઃ સ્વભાવ છે, પરને લઈને છે એમ છે નહિ. જ્ઞાનનો પર્યાય સ્વતઃ સ્વ-પરપ્રકાશક છે એટલે શું કરશો પછી એમાં ? કહો. માટે વ્યવહાર છે માટે પરપ્રકાશક થયો એમ છે ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ઉત્પન્ન થયેલી પર્યાય ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પોતે ઉત્પન્ન થયેલો પર્યાય પોતે પોતાને જાણે છે. ઉત્પન્ન થાય અને એ સમયે એને જાણે એવો જ એનો સ્વભાવ છે. એ માટે તો 'પ્રવચનસાર'માં ખુલાસો થયો. ભાઈ ! સમજ્યા ને ? .... એ નો એ પર્યાય ઉત્પન્ન થાય એમ ન બને પણ ઉત્પન્ન થાય ને એને જાણે એમ ન બને ? એ તો એનો સ્વભાવ છે. એમ રાગાદિને કાળે જે જ્ઞાન સ્વ-પરપ્રકાશક નવું ઉત્પન્ન થયું એ ઉત્પન્ન થયું તે જ પ્રકારને તે જાણે છે. સમજાણું કાંઈ ? નિશ્ચય સ્વરૂપ તો આ છે, વસ્તુની સ્થિતિ એવી છે એમાં વસ્તુ સ્વ-પરપ્રકાશક પોતે પોકાર કરે છે.

સ્વ-પરપ્રકાશકની વ્યાખ્યા એટલે શું ? સમજાણું કાંઈ ? પર વસ્તુ છે માટે પરપ્રકાશક છે ? અને સ્વ-પર પ્રગટ્યું છે એ પર હતું માટે આમ પ્રગટ્યું છે અહીં ? સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'વજુભાઈ' કહે, થોડું આમાં સ્પષ્ટ કરો. સ્પષ્ટ તો આ આવ્યું. વસ્તુ તો આ રીતે છે, બીજી રીતે કોઈ મેળ નહિ ખાય. સમજાય છે કાંઈ ?

કહો, અહીં આ ને આ આવ્યું કે **'ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...'** પણ અભિન્નસાધ્યસધાનને એ વખતે છે કે નહિ ? – છે. પણ તે વખતની ભૂમિકામાં... આગળ આવે છે ને ? જુઓને ! એવા જ વિકલ્પોની જાત અભૂતાર્થ હોવા છતાં એ પ્રગટે છે. સમજાય છે ? અને તેથી તેને આવો જ ભાવ હોય એમ અનુકૂળતા વ્યવહારે ગણીને, નિમિત્ત તરીકે ગણીને એ સાધન છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? પણ જુઓને ! વાત ન્યાયથી ખ્યાલમાં આવવી જોઈએ ને ! કોઈ એમ ને એમ માને, એમ ને એમ અંધશ્રદ્ધાએ માને, એમ શું માને છે ? ભગવાન કહે છે કે વ્યવહાર સાધન છે. પણ શું છે આ ? 'પંડિતજી' !

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...'** અનાદિ કાળથી ક્ષાયિક સમકિત થયું છતાં. રાગનો ભાગ તો અનાદિનો છે ને ? એટલે મિથ્યાત્વી છે માટે અનાદિનો રાગ એમ અહીં વાત નથી. અહીં તો પર્યાયમાં રાગનો ભાગ અનાદિનો છે, બસ ! ભલે રાગની એકતા તૂટી છે છતાં રાગ છે એ તો અનાદિનો છે, કાંઈ નવો થયો છે ? વાત સમજાય છે કાંઈ ? એ..ઇ..! આજે ઝીણું છે. આહા..! **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ...'** આટલો અર્થ પહેલો. અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ. જેટલો રાગ છે એ ભેદ છે કે નહિ ? કે અભેદ થઈ ગયો છે ? અનાદિનો ભાગ છે. અનાદિનો છે માટે મિથ્યાદૃષ્ટિ છે એને વ્યવહાર થાય છે એમ નથી. કેમકે ભિન્ન સાધ્યસાધનને વ્યવહાર કહ્યો ત્યારે એની સાથે નિશ્ચય અભિન્ન સાધ્યસાધન છે. સમજાણું કાંઈ ?

પૂર્ણ પવિત્રતા એ સાધ્ય છે અને વર્તમાન શુદ્ધ પરિણતિ તે સાધન છે. હવે અહીં એ પૂર્ણ પરિણતિ સાધ્ય ને આને સાધન કહો તોપણ ઉપચાર છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં રહેલો શુભરાગ એ સાતમા ગુણસ્થાને શુદ્ધ પરિણતિને સાધન છે અને સાતમી ભૂમિકાની શુદ્ધ પરિણતિ તે સાધ્ય છે એમ કહો તોપણ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? ખરેખર તો એ તો પહેલા આવી ગયું છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ એ સાતમાની શુદ્ધિનું કારણ છે. પણ આરોપથી એ ભૂમિકાને યોગ્ય જે રાગની મંદતા હતી એવી જ આ સર્વજ્ઞ ત્રિલોકનાથની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એથી કોઈ વિરુદ્ધ માનવાનો વિકલ્પ વ્યવહારમાં પણ એને હોતો નથી. એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલું પર્યાયનું સામર્થ્ય છે. હવે પર્યાય ઉપર લક્ષ છે .... પ્રગટ્યો છે ... નહિ થાય. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ છે તો વ્યવહારને જાણશે કોણ કે આ વ્યવહાર છે ? એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વ્યવહારનું જ્ઞાન પણ પોતાથી પ્રગટશે શી રીતે ? સમજાણું કાંઈ ? ઝીણું તો થોડું આવ્યું, ઝીણું તો આવ્યું પણ હવે ન્યાયથી બેસે એવી વાત છે, ન્યાયથી ખ્યાલમાં આવે તો બેસે એવી છે. એમ કંઈ ન બેસે એવી વાત છે નહિ. કહો, 'વજુભાઈ' ! ભાઈએ કહ્યું હતું તે દિ'. 'ઢેબરભાઈ' એ, તર્ક શુદ્ધ વાત છે. વળી પાછા બહાર જાય ત્યાં ફરી જાય. તર્ક શુદ્ધ છે અભિનંદન દેવા આવ્યો છું, એમ કહે. કઈ સાલ ? (સંવત) ૨૦૧૦ હશે. તર્ક શુદ્ધ વાત. પાછા વળી ક્યાંક કહે, મહારાજ આમ કહે છે પણ બીજા બીજું કહે છે એ કેમ ખોટું હોય ? ગડબડ ઊભી થાય. ભાઈ ! આ મહારાજ કહે છે એ ક્યાં (વાત છે) ? અહીં તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુનું સ્વરૂપની મર્યાદા ને સ્થિતિ જ આવી છે.

**'પ્રાથમિક જીવો...'** એટલે સાધક જીવો. પ્રાથમિક એટલે અજ્ઞાની જીવો ? પણ પ્રાથમિક કોને ? અનાદિનો છે એને પ્રાથમિક શી રીતે કહેવો ? એ તો અનાદિનું અજ્ઞાન છે. પ્રાથમિક થયો ક્યારે ? સાધક થયો એટલે પ્રાથમિક ભૂમિકાવાળો એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ ? અનાદિકાળથી... ઠીક ! એટલે બે લીટીમાં જ અટક્યું બધું. આહા..! વસ્તુસ્થિતિ આવી છે, બીજી રીતે વસ્તુ કઈ રીતે મેળ ખાય ?

ભગવાન ચૈતન્ય બિંબ છે, એ તો એકલો જ્ઞાનનો સાગર છે. હવે એ જ્ઞાનનું સ્વરૂપ તે સ્વ-પરપ્રકાશક છે. શક્તિરૂપે પણ છે અને પર્યાયમાં પ્રગટે તો પણ સ્વ-પરપ્રકાશક છે. ત્યારે સાધક છે હજી અનાદિ રાગનો નાશ બિલકુલ થયો નથી અને પહેલી સાધક દશામાં આવ્યો છે. પ્રથમ સાધક દશામાં આવ્યો છે. મિથ્યાત્વની દશા તો અનાદિની છે એમાં આવ્યો ક્યાં ન્યાં ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ પ્રાથમિક એટલે આ. પ્રાથમિક એટલે કે સાધક જીવવાળો અનુભવી પ્રાથમિકમાં છે, પૂર્ણ થયું નથી માટે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની વાત જ અહીં હોય નહિ. ધૂળ પણ થાય નહિ. આંધળે આંધળા છે, રાગ આંધળો. એ આંધળાથી પછી નિશ્ચય થાય. આંધળાથી દેખતો થાય. અહીં તો દેખતો સ્વ-પરપ્રકાશક પ્રગટ્યો છે એની ભૂમિકામાં પૂર્ણતા નથી એથી એને પ્રાથમિક ભૂમિકા કહેવામાં આવે છે. નથી તે અજ્ઞાનમાં, નથી તે પૂર્ણ જ્ઞાનમાં. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહિ આમાં ? એ... 'સુજાનમલજી' ! આહાહા..!

**'પ્રાથમિક જીવો...'** એટલે ધર્મની શરૂઆત થઈ છે એવા જીવો. **'વ્યવહારનયે....'** એ..ઇ.. ! **'ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** વ્યવહારને અવલંબીને. નિશ્ચય અવલંબન છે એને વ્યવહારનું અવલંબન કહેવું એને જણાવે છે. ઇ કર્યું છે કે નહિ એમાં ? મોક્ષ સેવનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રારંભિક ભૂમિકામાં. જુઓને ! ભાઈએ આમાં લખ્યું છે ને. **'તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગ-સેવનની પ્રારંભિક ભૂમિકામાં)...'** એમ લખ્યું છે, જુઓ ! નીચે. છે ? **'આંશિક શુદ્ધિની સાથે સાથે શ્રદ્ધાજ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે,...'** એવું જ્ઞાન પ્રગટે છે માટે એવો ત્યાં ભાવ (હોય છે). એને ભાવને કારણે પ્રગટે છે માટે એવો વિકલ્પ નથી અને વિકલ્પ એવા પ્રગટે છે માટે અહીં જ્ઞાન પ્રગટે છે એમ પણ નથી. સમજાણું કાંઈ ?

વીતરાગનો માર્ગ પરમ સત્ય ને સુંદર છે. શિવમ્ સુંદરમ્ શું કહે છે ? સત્યમ્ શિવમ્ સુંદરમ્. એ બધું આ સત્યમ્ ને શિવમ્ ને સુંદરમ્. એટલું બતાવવા માટે તેને સુગમ રીતે સાધન કરીને તરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! **'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક...'** મોક્ષમાર્ગના જીવો. પ્રથમ ભૂમિકામાં ચડ્યા છે એને, વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવનું અવલંબન વર્તે છે કે જેથી કરીને, સુખે કરીને એટલે સહજ જાતના એવા જ વિકલ્પની જાત હોય છે. એ ભૂમિકાએ ઉપરની જાત ન હોય, હેઠલી જાત ન હોય એ ભૂમિકાને યોગ્ય ભાવ હોય, એથી તેને સુખે કરે છે એમ વ્યવહારના સાધન તરીકે ઉપચારથી કહ્યું છે. **'તીર્થની શરૂઆત કરે છે (અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે).'** હવે શું ? કેમ ? એનો ખુલાસો કરશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**આબાળ - ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદષ્ટિ જિનેશ્વર પર્યાયદષ્ટિ વિનશ્વર બોલ - ૨૭)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૯૯, પ્રવચન નં. ૧૦૧
## તા. ૧૧-૦૬-૧૯૭૯
## [૪]

'પ્રવચનસાર' ૯૯–ગાથા. બીજો પેરેગ્રાફ ફરીને લઈએ. **'જેમ તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** દરેક પદાર્થ (કે) જેને ઘણાં પ્રદેશ છે – આત્મામાં અસંખ્ય, આકાશમાં અનંત, ધર્માસ્તિકાયમાં અસંખ્ય, અધર્માસ્તિકાયમાં અસંખ્ય. **'તે પ્રદેશો પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** ઉત્પન્ન એટલે (ત્યાં) લક્ષ કરતાં તે સ્વ-રૂપથી છે **'ને પૂર્વરૂપથી વિનષ્ટ...'** પૂર્વથી તે અભાવરૂપ છે. બીજો જે પ્રદેશ છે એનાથી આ પ્રદેશ અભાવસ્વરૂપ છે. થોડું ઝીણું આવશે. હજી વધારે ઝીણું આવશે. **'તથા સર્વત્ર (બધેય) પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...'** (અર્થાત્) છે... છે... છે... છે... એમ આત્મામાં અસંખ્ય પ્રદેશ છે એ બધા પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કીધું, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન કીધું અને સળંગ છે... છે... છે... છે... (એ) ઉત્પન્ન અને વિનષ્ટ પણ નહિ (એવું) ધ્રુવ છે... છે... છે. ઠીક ગાથા આવી છે. આહા..હા...!

શું કહે છે ? અહીં તો આપણે આત્મામાં લઈએ. આત્મા અસંખ્ય પ્રદેશી છે. જે પ્રદેશ ઉપર લક્ષ છે એ પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહીએ. કારણ કે પૂર્વ (પ્રદેશ) એમાં નથી, બીજો પ્રદેશ એમાં નથી અને પોતાની અપેક્ષાએ એને ઉત્પન્ન કહીએ પણ સળંગ છે... છે... છે... એની અપેક્ષાએ ઉત્પન્ન અને વિનષ્ટ નહિ.

**શ્રોતા :–** 'હસમુખભાઈ' આવ્યા છે તો પહેલેથી લઈએ તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ પહેલેથી જ લીધું ને ? અહીંથી આ પહેલેથી છે. આ કાલે લીધું હતું. ફરીને લઈએ. આ..હા...!

જેમ આ અસંખ્ય પ્રદેશી પ્રભુ (છે). (તેના અસંખ્ય પ્રદેશને) સિદ્ધ કરીને પછી પ્રવાહક્રમ સિદ્ધ કરવો છે. સિદ્ધ તો પ્રવાહક્રમ કરવો છે. જે સમયે જે પર્યાય થાય તે જ સમયે થાય. ક્રમબદ્ધ ! અત્યારે આ 'હસમુખ' છે ને ! ક્રમબદ્ધનું ચાલે છે. (એક ભાઈ) આવ્યા હતા, 'સંતોષભાઈ' આવ્યા છે ને તે કહેતા હતા કે ત્યાં ક્રમબદ્ધનું ચાલે છે. 'અજમેર'માં અત્યારે શિક્ષણ શિબિર છે ને ? લોકોને આકરું (પડે છે). લોકોને જ્યાં હોય ત્યાં કરું... કરું(નો અભિપ્રાય થઈ ગયો છે). (એ) પછી આવશે, પર્યાયની (વાત આવશે) ત્યારે કહેશું.

પ્રદેશ છે એ પોતાના સ્થાનમાં સ્વ-રૂપથી ઉત્પન્ન, પૂર્વરૂપથી વિનષ્ટ (અને) સર્વત્ર છે...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે... (એવી) **'પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકવાસ્તુપણા વડે અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે,...'** આ..હા..હા...! પૂર્વની અપેક્ષાએ વ્યય, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... અપેક્ષાએ ધ્રુવ. દરેક પ્રદેશને આમ ત્રણ (પડખાં) લાગુ પડે, (એમ) કહે છે. આ..હા...! આવી વાતું ! હજી એથી થોડું ઝીણું આવશે, હોં ! આ તો અહીંથી લીધું.

**'તેમ તે પરિણામો...'** એમ આ જીવમાં અને જડમાં જે સમયે જે પરિણામ થાય... 'પરિણામો' છે ને ? બહુવચન છે ને ? **'પરિણામો પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** તે-તે સમયે જડ અને ચૈતન્યની જે પરિણતિ–પર્યાય થવાની (છે) તેથી તેને ઉત્પન્ન કહીએ. આહા..હા...! છે ? **'પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન...'** આ..હા..હા...! એને ઠેકાણે આ બધાં મંદિર બનાવીએ, આગમમંદિર બનાવીએ, પુસ્તક બનાવીએ (એમ માને).

**શ્રોતા :–** આપણે બંધાઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બંધાઈ ગયા છે એને કારણે. 'રામજીભાઈ'ને કારણે બંધાણું નથી અને 'વજુભાઈ'ને કારણે બંધાણું નથી. આહા..હા...! આ મકાનની જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાની હતી તેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહીએ, ઉત્પન્નની અપેક્ષાએ ઉત્પન્ન કહીએ અને સળંગ પરિણામ છે... છે... છે... છે... છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ કહીએ). (આમ) એક જ પરિણામને ત્રણ લાગુ પડે–ઉત્પન્ન, વ્યય અને ધ્રુવ ! આ..હા..હા...!

***શ્રોતા :– આમાં અમને લાભ શું ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કહેવું છે કે એ જો એનો નિર્ણય કરે તો એની દૃષ્ટિ પર્યાયના અને રાગના અકર્તાપણા ઉપર જાય અને અકર્તાપણા (ઉપર) જાય તો જ્ઞાતા-દૃષ્ટા થાય તો એને સમ્યગ્દર્શન થાય. આહા..હા...!*** આવી ઝીણી વાતું ! સંપ્રદાયમાં તો ક્યાંય છે જ નહિ. દિગંબર જૈન સંપ્રદાયમાં છે નહિ, ક્યાં ઠેકાણા છે ? આ બધા એના શેઠિયાઓ રહ્યા, એણે ક્યાં કોઈ 'દી સાંભળ્યું હતું ? આહા..હા...! ભાઈ ! વસ્તુની સ્થિતિ આવી છે.

કોઈને એમ લાગે કે એને અવસરે પરિણામ થાય, ત્યારે થશે એમાં અમારે શું ? પણ એ અવસરે પરિણામ થાય એ પરિણામને ત્રણ (વાત) લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ તેનું વિનષ્ટ(પણું)–અભાવ, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન (અને) છે... છે... છે... તે ધ્રુવ. એવી જેની દૃષ્ટિ થાય એ આત્મા ઉપર જાય (કે) આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા નથી. ***એ નિર્મળ પર્યાય થાય તેનો પણ કર્તા નથી. ત્યાં એ (નિર્મળ પર્યાય) થવાની છે તે થઈ.*** આ..હા..હા...! આવી વાતું છે. ધીમેથી (સમજવું). હજી હવે એનાથી ઝીણી (વાત) આવશે. (જે) વાત ચાલે છે એનાથી પણ ઝીણી હવે આવશે.

દરેક પદાર્થ પોતાના અવસરમાં સ્વ-રૂપથી ઉત્પન્ન... પરિણામ, હોં ! **'પૂર્વરૂપથી વિનષ્ટ હોવાથી તથા સર્વત્ર પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...'** એકપ્રવાહ–છે...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે... છે... છે... છે... આહા..હા...! અરે...! લોકો વાંચે નહિ, વિચારે નહિ. બાપુ ! શું છે ? ભાઈ ! આહા..હા...! તેથી **'અનુત્પન્ન-અવિનષ્ટ હોવાથી ઉત્પત્તિ-સંહાર-ધ્રૌવ્યાત્મક છે.'** ત્યાં સુધી તો આવ્યું હતું. હવે જરી ઝીણું છે. ધ્યાન રાખો, પકડાશે.

**'વળી જેમ વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ...'** અસંખ્ય પ્રદેશ છે એમાંનો જે એક પ્રદેશ (છે) તેને છેવટનો કહીએ અથવા નાનો કહીએ. એ **'અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે...'** એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનાશસ્વરૂપ છે અને **'તે જ (અંશ) ત્યારપછીના...'** એટલે ? વિનાશસ્વરૂપ છે એના પછીના. અહીંયાં જે અસંખ્ય પ્રદેશ છે એમાં જે પ્રદેશ ઉપર લક્ષ કરે તો એ પ્રદેશ પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે અને એ પ્રદેશ પછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). પછીની (અપેક્ષાએ) એટલે પેલો પૂર્વનો (પ્રદેશ) જેની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો, એની અપેક્ષાએ નહિ. (પણ) પછીનો (જે પ્રદેશ છે) તેને ઉત્પન્ન કહ્યો. આહા..હા...! 'હિંમતભાઈ' ! આ ઝીણું છે.

આ લાકડી છે, જુઓ ! આ અનંત પરમાણુ છે. એ કાંઈ એક દ્રવ્ય નથી. એમ અહીં આપણે આત્મામાં લેવું. આત્મા અસંખ્ય પ્રદેશી છે. હવે એમાં જે પ્રદેશનું લક્ષ થાય તે પ્રદેશ પૂર્વની અપેક્ષાએ–બીજા પ્રદેશની અપેક્ષાએ અભાવ–વિનષ્ટ–વ્યયસ્વરૂપ છે, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન સ્વરૂપ છે અને તે છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવસ્વરૂપ છે. (એ તો પહેલાં આવી ગયું) પણ હવે અહીંયાં તો કઈ અપેક્ષા લીધી ? કે જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ છે એ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન છે. 'ત્યારપછી' એટલે પેલો જે પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો એના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કાંઈ સમજાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફરીને લઈએ, લ્યો ! અમારે 'હસમુખભાઈ' આવ્યા છે ને ! આવી ઝીણી વાત સાંભળવા આવે છે. આ..હા..હા...!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'રાજુ' આવ્યો છે ને ... આવ્યો છે ? ક્યાં છે ?

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઠીક. આહા..હા..! શું કહે છે ? પ્રભુ ! તારા ઘરની વાત છે આ ! વાસ્તુ એટલે એનું ઘર. વિસ્તારક્રમ એટલે એનું ઘર. આહા..હા...! પહોળું કેટલું ? એ એનું ઘર. હવે, એ પહોળામાં જે અસંખ્ય પ્રદેશ છે એમાં જે કોઈ પણ એક પ્રદેશ ઉપર લક્ષ જાય અથવા લક્ષમાં લેવો તે પ્રદેશ પૂર્વની અપેક્ષાએ તો અભાવસ્વરૂપ છે–વિનષ્ટસ્વરૂપ છે, પોતાની અપેક્ષાએ ઉત્પન્ન છે અને છે... છે... અપેક્ષાએ ધ્રુવ છે. પણ હવે અહીં પાછું એમ કહે છે કે **'વાસ્તુનો જે નાનામાં નાનો (છેવટનો) અંશ પૂર્વ પ્રદેશના વિનાશસ્વરૂપ છે તે જ (અંશ) ત્યારપછીના...'** ત્યારપછીના એટલે ? વિનષ્ટસ્વરૂપ જે કહ્યું હતું, વર્તમાન પ્રદેશની અપેક્ષાએ પૂર્વને વિનષ્ટસ્વરૂપ (કહ્યું હતું). પોતાને વિનષ્ટસ્વરૂપ કહ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતું પરંતુ પેલો (પ્રદેશ) તો છે. એના પછીનો જે ઉત્પન્ન (પ્રદેશ છે), જેની અપેક્ષાએ તે પ્રદેશને વિનષ્ટ કહ્યો હતો તે વિનષ્ટની અપેક્ષાથી પછીનો (પ્રદેશ) તે ઉત્પન્ન (પ્રદેશ) છે. એ પછીનો પ્રદેશ (છે) તેને ઉત્પન્ન કહીએ, પહેલાંની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ. 'ત્યારપછી' એટલે ? જે આ (લક્ષમાં લીધેલો) પ્રદેશ છે (તેને) પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો. એની પછીનો એટલે ઈ જ ઉત્પન્ન (કહ્યો). એની અપેક્ષાએ ઉત્પન્ન કીધો. સમજાણું કાંઈ ? 'ત્યારપછી' એટલે કે જે ઉત્પન્ન છે એની પછીનો એમ નહિ. ઝીણું છે. '....' આહા..હા...!

(દૃષ્ટાંત તરીકે) માળા લ્યો ને, માળા ! (આમાં) ૧૦૮ (મણકા) છે (એમ) આત્મા અસંખ્ય પ્રદેશી છે, આ ૧૦૮ છે. હવે આ જે પ્રદેશ છે–આ પહેલો (મણકો) જે છે એ પછીની અપેક્ષાએ વિનષ્ટ છે એટલે અભાવસ્વરૂપ છે અને તે વિનષ્ટ છે એના પછીનો છે તે અપેક્ષાએ ઉત્પન્ન છે. બીજાની અપેક્ષાએ એ પ્રદેશ વિનષ્ટ હતો તે જ પ્રદેશ પછીના પ્રદેશની અપેક્ષાએ ઉત્પન્ન (છે). જેનાથી અભાવરૂપ કહ્યું હતું એનાથી આ બીજો અનેરો એટલે ઈ જ (પોતે). ઉત્પન્ન અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ. સમજાણું કાંઈ ? એ 'હિંમતભાઈ' !

એક-એક પ્રદેશ જે છે આમાંથી ગમે તે એક લ્યો. આ છે જુઓ ! આ પ્રદેશ અહીં છે. આની અપેક્ષાએ વિનષ્ટ છે, આની અપેક્ષાએ ભાવરૂપ ન થયો અને એના પછી એટલે કે આના પછી ઈ. એના પછી ઈ. એના પછી એટલે ઉત્પન્ન થવાનો છે એના પછી એમ નહિ. જેની અપેક્ષાએ વિનષ્ટ કહ્યો હતો એ જ વિનષ્ટની અપેક્ષાએ–પરની અપેક્ષાએ ઉત્પન્ન છે. ભાઈ ! સમજાય છે ?

આ ચાર આંગળી છે, જુઓ ! આ (લાંબી) આંગળી આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ વિનષ્ટ છે અને આના પછીની (–લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. આના પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે ? હવે આંગળી ઉપર તો લીધું. આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટ છે અને આના પછીની (–લાંબી આંગળીની પછીની આંગળીની) અપેક્ષાએ તે ઉત્પન્ન છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** એકને એક ઉત્પન્ન અને એકને એક વિનષ્ટ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકને એકને ત્રણ. ઉત્પન્ન-વ્યય અને ધ્રુવ–એકને ત્રણ લાગુ પાડવા છે. આ..હા..હા...!

ફરીને, જેમ આ પાંચ આંગળા છે. એમ આ (આત્મામાં) અસંખ્ય પ્રદેશ છે. આકાશમાં અનંત છે. જેમ આ પાંચ આંગળા છે (એમાં) આને (–લાંબી આંગળીને) જ્યારે લઈએ ત્યારે આની (–પહેલી આંગળીની) અપેક્ષાએ તે વિનષ્ટસ્વરૂપ છે અને ત્યારપછીની એટલે આ (લાંબી આંગળી) પછીની આ (આંગળીની અપેક્ષાએ) ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એમ દરેક પ્રદેશને પૂર્વની અપેક્ષાએ વ્યય, એની પછીની અપેક્ષાએ ઉત્પન્ન અને છે... છે... છે... છે... અપેક્ષાએ ધ્રુવ (કહીએ). આ..હા..હા...! શું શાસ્ત્રની શૈલી !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાતે જરીક કહ્યું હતું ને ? પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. 'સમયસાર'માં આવે છે– પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. દરેક પદાર્થને તે સમયે જે પર્યાય થવાની... આપણે આ પ્રદેશ કહ્યા હવે આપણે પરિણામમાં લઈએ. ત્યારપછીનો એટલે પહેલાં પ્રદેશ પછીનો. એટલે જેનું અહીં લક્ષ કર્યું હતું તે. **'ત્યારપછીના પ્રદેશના ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી...'** (અર્થાત્) કોઈની અપેક્ષા નથી (માત્ર) છે... છે... છે... છે... છે... છે... છે... છે... એથી **'એકવાસ્તુપણા વડે અનુભયસ્વરૂપ છે (અર્થાત્ બેમાંથી એક્કે સ્વરૂપે નથી),...'** એ પ્રદેશનો દષ્ટાંત (કહ્યો). હવે પરિણામની વાત કરે છે.

**'તેમ પ્રવાહનો જ નાનામાં નાનો અંશ...'** એટલે કે જે સમયે પર્યાય થાય છે – જે સમયે જે પરિણામ થાય છે એને થયેલા પરિણામનો અંશ કહેવાય. એને પૂર્વના પરિણામની અપેક્ષાએ તે અંશને વિનષ્ટ કહેવાય અને તે (ત્યારપછીના અંશની) અપેક્ષાએ તેને ઉત્પન્ન કહેવાય અને તેને જ આ છે... આ છે... આ છે... આ છે... એને ધ્રુવ પણ કહેવાય.

**શ્રોતા :–** એકના ત્રણ નામ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકના ત્રણ ! ('સમયસાર'ની) ૭૬ (ગાથામાં) પણ એકના ત્રણ (નામ) આવ્યા ને ! પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. ૭૬ ગાથામાં, ભાઈ ! જે પર્યાય પ્રગટ થઈ એ ધ્રુવ છે... ધ્રુવ છે. ધ્રુવ એટલે થવાની છે તે થઈ. તે કાળ એનો ધ્રુવ (છે). એ અપેક્ષાએ ત્યાં પ્રાપ્ય કહ્યું.

ક્યાં ગયા હતા ? આજ તો ખરેખરું ગયું. ખરું હતું ને ગયું. આ..હા...! તદ્દન નવું છે. સમજાણું કાંઈ ? પ્રદેશનું તો ગયું. હવે પરિણામ ઉપર લઈએ (છીએ). જીવના પરિણામ જે છે, જે સમયે જે થવાના તે પરિણામ પૂર્વના પરિણામની અપેક્ષાએ વિનષ્ટ (છે) અને ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). 'ત્યારપછી' એટલે પૂર્વની અપેક્ષાએ (જેને) વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વની અપેક્ષા પછીનું એ ઉત્પન્ન. આહા..હા...! 'જાંજરીજી' ! આવું ઝીણું છે. ધીમે... ધીમે (કહેવાય) છે, બાપા ! આ તો વીતરાગમાર્ગ છે. આ..હા..હા...!

જેમ એ અસંખ્ય પ્રદેશ છે એનો છેલ્લો એક અંશ જે નાનામાં નાનો (છે) એ પ્રદેશ પૂર્વના પ્રદેશની અપેક્ષાએ તો અભાવસ્વરૂપ–વિનષ્ટસ્વરૂપ છે પણ ત્યારપછીની અપેક્ષાએ ઉત્પન્ન (છે). ત્યારપછી એટલે ? પૂર્વનો જે (વિનષ્ટ કહ્યો) હતો તેની પછીની અપેક્ષાએ તે ઉત્પન્ન છે અને છે... છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે.

જેમ ('સમયસાર'ની) ૭૬ ગાથામાં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (કહ્યું). આહા..હા...! ઠીક આવ્યા પ્રભુ ! 'હસમુખભાઈ' ! આવી ઝીણી વાત. આહા..હા..! ૭૬ (ગાથામાં) શું કહ્યું ? - કે જે સમયે જે પર્યાય થવાની છે, દ્રવ્યની–આત્માની કે જડની, તે પર્યાય ધ્રુવ છે. ધ્રુવ એટલે 'છે'. એને કોઈ અપેક્ષા નથી. આ..હા..હા...! છે ! હવે, એ જ પર્યાયને પૂર્વના પરિણામની અપેક્ષાએ વિકાર્ય કહ્યું. પૂર્વ (પર્યાયનો) અભાવ છે એ અપેક્ષાએ તે જ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને વિકાર્ય કહ્યું. પહેલું પ્રાપ્ય કહ્યું હતું તે જ પરિણામને પૂર્વની અપેક્ષાએ વિકાર્ય એટલે બદલીને થયું એમ કહ્યું અને એના ઈ પર્યાયને ઊપજ્યું છે એ અપેક્ષાએ તેને નિર્વર્ત્ય કહીએ. (એ રીતે) પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય (છે). આવી વાતું હવે ! ૭૬, ૭૭, ૭૮, ૭૯ ચાર (ગાથામાં) આવે છે. આહા..હા...!

દરેક દ્રવ્યને તે સમયનો પરિણામ ધ્રુવ નામ તે સમયે જ થવાનો હતો (તે) થયો છે તેથી (તેને પ્રાપ્ય કહ્યું). ધ્રુવ એટલે ત્રિકાળી ધ્રુવ નહીં. આ તો નિશ્ચય ત્યાં છે. આહા..હા...! એ પરિણામ તે સમયે ત્યાં છે એની અપેક્ષાએ પ્રાપ્ય–ધ્રુવ કહીએ અને પૂર્વની અપેક્ષાએ બદલીને થયું માટે વિકાર્ય કહીએ, ઊપજ્યું છે એ અપેક્ષાએ પરની અપેક્ષા જ્યાં ન આવી, ઊપજ્યું છે એ અપેક્ષાએ નિર્વર્ત્ય કહીએ. આ..હા..હા...! હવે અહીંયાં, ‘ચંદ્રકાંતભાઈ’ ! ત્યાં ‘મુંબઈ’માં કાંઈ ન મળે, થોથાં (છે). આહા..હા...!

એમ જે સમયે આત્માના જે પરિણામ થવાના તે થવાના, તે તેનો અવસર જ છે, આગળ-પાછળ નહિ. પણ તે પરિણામની ત્રણ અપેક્ષા (છે). પૂર્વ પરિણામની અપેક્ષાએ વ્યય કહીએ–વિનષ્ટ કહીએ, તેને જ પૂર્વની અપેક્ષાએ ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ – ત્યારપછીનો કહીને ઉત્પન્ન કહીએ, આ..હા..હા..હા..! અને તેને જ પૂર્વની અપેક્ષા અને ત્યારપછીની (એમ) બે અપેક્ષા છોડી દઈએ (માત્ર) ‘છે’ (એ અપેક્ષાએ) તેને ધ્રુવ કહીએ. આ..હા..હા...! સમજાણું ?

**શ્રોતા :–** એકના ત્રણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકના ત્રણ ! આહા..હા...! સમજાય છે આમાં ? છે ને, છે ને ? ત્રિકાળી ધ્રુવ છે એ એકકોર રાખો. અહીં તો વર્તમાન પરિણામ ઉત્પન્ન થાય (એ) તો તે જ સમયે થાય, આઘાપાછા નહિ. ક્રમબદ્ધ ! આ એક ક્રમબદ્ધનું જો સમજે તો બધો ફેંસલો (થઈ જાય). આ અમે ગજરથ ચલાવીએ છીએ ને આ ઇન્દ્રો થયા ને આ અમે બે હાથીમાં બેઠા ને પાંચ લાખ આપ્યા. આપે કોણ, લે કોણ ? સાંભળને ! આહા..હા...! એની મેળાએ આ પર્યાય થઈ. કોઈએ પૈસા આપ્યા છે માટે થઈ છે, એમ છે નહિ, બાપુ ! આહા..હા...! સમજાણું કાંઈ ?

જડના પરિણામ લ્યો... આ..હા...! આ પર્યાય ઉત્પન્ન થઈ. એ પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને એ વિનષ્ટની અપેક્ષાએ ત્યારપછીની ઈ પોતે તેને ઉત્પન્ન કહીએ. ત્યારપછી એટલે પૂર્વની અપેક્ષાએ પછી, તે ત્યારપછી અને તે કાળે છે, પરને લઈને અભાવ અને પોતાને લઈને ઉત્પન્ન એવી કોઈ અપેક્ષા નથી. ‘છે’ (તેને) ધ્રુવ કહીએ. આહા..હા...! ક્રમબદ્ધ આમ છે. આ..હા..હા...!

પરમાણુમાં પણ જે પર્યાય જે સમયે (થવાની તે થવાની). ભગવાનની પ્રતિમા પણ જે સમયે જે પ્રતિષ્ઠા(ની) પર્યાય થવાની એ સમયે તે પર્યાય થઈ એને પૂર્વે નહોતી એ અપેક્ષાએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિનષ્ટ કહીએ અને વિનષ્ટની અપેક્ષાએ પછીની એટલે એ પર્યાય – થઈ તે, તેને ઉત્પન્ન કહીએ અને તેને પૂર્વની અને ઉત્પન્ન એવી અપેક્ષા ન લો તો 'છે' એ ધ્રુવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! આવું બધું 'કલકત્તા'માં પણ નથી ને ક્યાંય (નથી), (બધું) થોથેથોથાં (છે). પૈસા મળે એમ દેખે. પૈસા (એને) મળે એની અહીં ના પાડે છે. એ પૈસાની પર્યાય જે સમયે અહીં આવવાની તે સમયે તેનો અવસર છે. પૂર્વની અપેક્ષાએ તે પર્યાયને વિનષ્ટ–વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને એની પર્યાય છે... છે... છે... છે... છે... એ અપેક્ષાએ એને ધ્રુવ કહીએ. આવું છે, પ્રભુ ! શું થાય ? આ કાંઈ ભગવાને કરેલું નથી.

ભગવાન તો એમ કહે છે કે દિવ્યધ્વનિની જે ભાષાની પર્યાય થઈ તે વખતે તે પર્યાયનો અવસર હતો તે થઈ. આત્માએ કરી નથી. એ પર્યાયને પૂર્વની અપેક્ષાએ (એટલે કે ભાષા) વર્ગણાની અપેક્ષા લઈએ, હજી ભાષા થઈ નહોતી, (એવી) વર્ગણાની અપેક્ષા લઈએ તો વિનષ્ટ છે અને વર્ગણાની પછીની આ (પર્યાય) કહેવાય ત્યારપછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ અને તે ભાષા વર્ગણાની પર્યાય છે... છે... છે... છે... છે... એને ધ્રુવ કહીએ. આહા..હા...! હળવે-હળવે તો કહેવાય છે, બાપુ ! આવું છે. અરે..રે...! આહા..હા...!

જેમ ધ્રુવને કોઈની અપેક્ષા નથી–આ ત્રિકાળી ધ્રુવને, એમ એક સમયની પર્યાય જે જડમાં કે ચૈતન્યમાં થાય... આ..હા..હા...! તે અવસરનો – તે સમયનો જે પર્યાય (થાય) એને પૂર્વની અપેક્ષાએ ભલે વ્યય કહ્યો અને એના પછીની અપેક્ષાએ ઉત્પાદ કહ્યો પણ 'છે'ની અપેક્ષાએ તે ધ્રુવ કહીએ. આહા..હા...! તે કાળની તે પર્યાય 'છે'. આ..હા..હા...! ('સમયસાર'ની) ૭૬, ૭૭, ૭૮ (ગાથામાં) એ જ કહ્યું. આવી વાત... આ..હા..હા...! દિગંબર સંતો ઘણી સાદી ભાષામાં મૂકે છે, પણ સમજવું પડે ને બાપુ ! આ તમે કીધું ને આ વાંચવાનું બાકી છે, ઇ આવ્યું આ. સમજાય છે કાંઈ ? આ..હા..હા...!

આ જો સમજે તો એની પરના કર્તાપણાની બુદ્ધિ તો ઊડી જાય પણ પોતાની થતી પર્યાય 'કરું છું' એ બુદ્ધિ પણ ઊડી જાય. આ..હા..હા..હા...! ગજબ વાત છે ! ભાઈ ! ભગવાનના શ્રીમુખે નીકળેલી દિવ્યધ્વનિ ! એ દિવ્યધ્વનિની પર્યાય પણ કહે છે કે તે સમયે ઉત્પન્ન થવાની. પણ પહેલાં નહોતી એ અપેક્ષાએ વ્યય કહીએ અને એના પછીની અપેક્ષાએ એને ઉત્પાદ કહીએ પણ ભાષા છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ કહીએ). એ પુદ્ગલમાં કોઈ સમયે પર્યાય ન હોય એમ તો નથી. એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... એથી એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે. આ..હા..હા..હા...! સમજાય છે ? આખું ઉત્પાદ્-વ્યય-ધ્રુવ (સ્વરૂપ છે). ત્રિકાળી ઉપર દષ્ટિ જાય ત્યારે આ ઉત્પાદ, ઉત્પાદને સ્થાને ઉત્પાદ પરની અપેક્ષાએ પછીનું કહ્યું અને છે... છે... (એ અપેક્ષાએ ધ્રુવ છે). એનો નિર્ણય (યથાર્થ થાય). આ..હા..હા...! એનો અકર્તાપણાનો નિર્ણય ત્યારે થાય. 'છે' એને કરું શું ? ધ્રુવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે–પ્રાપ્ય છે તેને કરું શું ? આ..હા..હા..હા...! પોતાની (પર્યાય), હોં ! પરની તો વાત પણ શી કરવી ? આહા..હા...! પરની દયા પાળવી ને પૈસા દેવા ને પૈસા લેવા... આ..હા..હા...! એ પર્યાય તો તારા કર્તાપણાની નથી, એમાં તારો કાંઈ અધિકાર નથી. આ..હા..હા...!

મુનિરાજ સાચા સંત હોય એને આહાર દેતી વખતે, કહે છે કે એ આહારની પર્યાય એ જાતની ત્યાં ઉત્પન્ન થવાની હતી તે થઈ. પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ, ત્યારપછી થવાની અપેક્ષાએ તેને ઉત્પન્ન કહીએ, છે... છે... છે... તેને ધ્રુવ (કહીએ). દેનારો કહે કે મેં આહાર-પાણી આપ્યા–એ વાત એમાં રહેતી નથી. આ..હા..હા..હા...!

***શ્રોતા :– બધાંને લૂલાં બનાવી દીધાં.***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– બધાંને પુરુષાર્થવાળા બનાવી દીધાં ! આ..હા...! વીર્યવાળા બનાવ્યા ! (હું) મારી પર્યાયનો કર્તા નથી, એવું મારું વીર્ય છે. આ..હા..હા...! સમજાણું કાંઈ ? 'હું જ્ઞાતા છું' તે મહાવીર્ય છે, એ મહાપુરુષાર્થ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવી વાતું ! આમાં વાદવિવાદ કરે ક્યાં પાર પડે એવું છે, બાપા ! આહા..હા...! વસ્તુસ્થિતિ...!! આ..હા..હા...!***

બધાં એમ કહે કે 'કાનજીસ્વામી' અહીં આવ્યા ત્યારે આ બધું થયું. એ વાત ખોટી છે, કહે છે. અહીં ભેસું બેસતી એમાં કરોડો રૂપિયા નખાઈ ગયા ! મહારાજ આવ્યા એટલે આ થયું. ના... ના... હોં, ભાઈ ! એમ નથી, બાપુ ! તે પરમાણુની ક્રમસર અવસરે થવાની પર્યાય ત્યાં થઈ. આ..હા..હા...! તે પર્યાયનું ત્રણપણું લાગુ પડે. તેને પૂર્વની અપેક્ષાએ વ્યય લાગુ પડે, વ્યયની પછીની અપેક્ષાએ તેને ઉત્પન્ન લાગુ પડે અને વ્યય-ઉત્પન્ન બન્નેની અપેક્ષા જ્યાં છે જ નહિ, છે... છે... છે... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... તે કાળે તે પર્યાય... છે. આહા..હા...! 'છે'ની અપેક્ષાએ એક-એક પર્યાયમાં ત્રણપણું લાગુ પડે છે, બાપુ ! આહા..હા...!

એ તો ('સમયસાર'ની) ૩૨૦ (ગાથામાં) આવ્યું ને ? ભાઈ ! 'સર્વવિશુદ્ધ અધિકાર' ! ક્રમનિયમિત સિદ્ધ કરતાં ત્યાં તો મોક્ષની પર્યાય અને નિર્જરાની પર્યાયને પણ જાણે છે, એમ કહ્યું. ભલે જાણે છે પણ એ પર્યાય પણ તે કાળે થવાની હતી. આહા..હા...! બીજી વાત છે, જાણે છે તે પર્યાય પણ તે કાળે થવાની હતી અને તે કાળે થવાની હતી તે ઉત્પાદ છે, પહેલાંની અપેક્ષાએ વ્યય છે અને છે... છે... છે... એ અપેક્ષાએ ધ્રુવ છે. પણ એ જ્ઞાનમાં જાણવાનું રાખ્યું. એ જ્ઞાનની પર્યાય કરું–એમ પણ નહિ. આ..હા..! જ્ઞાતાપણું અને દૃષ્ટાપણું સહજ થઈ જાય છે. સમજાણું કાંઈ ? આવી વસ્તુની સ્થિતિ છે. આહા..હા...! ભગવાન ત્રણલોકના નાથે દિવ્યધ્વનિ દ્વારા આ કહ્યું. એ સંતોએ આ શાસ્ત્ર રચીને સમજાવ્યું. આ..હા...! આવું છે. (આ ભાઈએ) બે લાખ આપ્યા માટે ત્યાં મકાન થશે, એમ નહિ. (અહીંયાં) ના પાડે છે. આહા..હા...! ભારે વાત !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(અહીંયાં કહે છે કે) **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** હવે પર્યાય ઉપર લીધું. છે ને ? પ્રવાહ એટલે એક પછી એક દરેક દ્રવ્યમાં જે પર્યાય થાય તે એક પછી એક (થાય). એટલે જે થવાની તે એક પછી એક (થવાની એમ કહેવું છે), હોં ! એમ નહિ કે એક પછી એક (એટલે) પહેલી કંઈક અને બીજી કંઈ પણ થઈ જાય, એમ નહિ. દિગંબરના અગ્રેસર વર્ણીજીની સાથે આ વાંધા હતા ને ! હવે મેળ કોની સાથે કરવો ? ઇ કહે કે ક્રમબદ્ધ એમ (નથી). એક પછી એક થાય ખરું પણ આ પછી આ જ થાય (એમ નહિ). અહીં તો કહે છે કે પૂર્વની જે અવસ્થા થઈ ત્યારપછીની જે થવાની તે જ થાય. આ..હા..હા...! થોડું પણ સત્યને બરાબર સમજવું. આ..હા...!

**'તેમ...'** (એટલે જેમ) પ્રદેશનું કહ્યું **'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** દ્રવ્યમાં જે પર્યાય આયત (નામ) આમ લાંબી થાય–એક પછી એક, એક પછી એક... એનો વર્તમાન નાનામાં નાનો અંશ એ **'પૂર્વપરિણામના વિનાશસ્વરૂપ છે...'** (અર્થાત્) પૂર્વ પરિણામસ્વરૂપે નથી. તે રૂપે એને વ્યય કહીએ. **'તે જ ત્યારપછી...' 'ત્યારપછી'** એટલે ? જે વિનાશસ્વરૂપ છે – એની પહેલાં જે હતું એની અપેક્ષાએ એને વિનાશસ્વરૂપ કહીએ અને જે વિનાશસ્વરૂપ કહ્યું એને ત્યારપછીની અવસ્થાને ઉત્પન્ન કહીએ. જેને પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ કહ્યું હતું તેને જ પછીની અપેક્ષાએ ઉત્પન્ન કહીએ. આહા..હા...! સમજાય છે કાંઈ ? ન સમજાય તો રાતે પ્રશ્ન કરવો. આ તો ઝીણું છે, બાપુ ! આહા..હા...! બાપ-દાદાએ ક્યાંય સાંભળ્યું નહોતું. આહા..હા...!

જે દ્રવ્યની જે સમયે પર્યાય થાય તે થવાની તે થાય જ, તે જ થાય, બીજી નહિ. પછીની પર્યાય પણ તે જ થાય, બીજી નહિ. એના પહેલાં પણ જે પર્યાય હતી તે જ હતી, તે જ હોય, બીજી નહિ. પણ પૂર્વની અપેક્ષાએ વર્તમાન પરિણામને વ્યય કહીએ અને એના પછીની પોતે છે માટે તેને ઉત્પન્ન કહીએ અને પછીનું અને પહેલાંનું છોડી દ્યો તો તેને ધ્રુવ, અનુભય કહ્યું – ઉત્પન્ન-વ્યય નહિ, 'છે'. આ..હા..હા..હા...! આમાં બધી તકરારું– વાંધા ! વર્ણીજી (પત્રિકામાં) નાખે કે "સોનગઢ'નું સાહિત્ય સંસારમાં ડુબાડી દેશે.' ભગવાન ! બાપુ ! આ વાતને... ભાઈ !

**શ્રોતા :–** અજ્ઞાનને ડુબાડી દેશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ડુબાડી દેશે. હું એમ જ કહેવાનો હતો. અજ્ઞાનનો નાશ કરી નાખશે એવી આ વાત છે ! આ..હા..હા...! ટકે નહિ અજ્ઞાન ! આહા..હા...! મિથ્યાત્વનો અંશ ટકે નહિ. આ..હા..હા...! ***પરની પર્યાય કરવાનું માને (તે પણ) મિથ્યાત્વભાવ (છે) અને પોતાની પણ રાગની ક્રિયા (કરવાનું માને) તો મિથ્યાત્વભાવ થાય, અરે...! નિર્મળ પર્યાય પણ કરું, થાવાની છે એને હું કરું (એ પણ મિથ્યાત્વભાવ છે). (જે) સમયે થવાની છે તે સમયે થવાની છે, એને ઠેકાણે કરું ઇ ત્યાં ક્યાં રહ્યું ? આ..હા..હા..હા...!*** કહો, સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ? આવી ઝીણી વાત છે. આવું છે, શું થાય ?

આ..હા..હા...! સત્ આ જ છે, ભાઈ ! ભગવાનનું કહેલું અને વસ્તુનું સ્વરૂપ – સત્ આમ જ છે. એમાં ક્યાંય સંદેહને સ્થાન નથી. આઘી-પાછી પર્યાય (ન) થાય એ (વાતમાં) પણ સંદેહને સ્થાન નથી. આઘી-પાછીની વ્યાખ્યા શું ? પ્રભુ ! આ ઠેકાણે આ પર્યાય થવાની હતી એ ન થઈ, એટલે શું ? આ પર્યાય પચ્ચીસમા સમયે થઈ એટલે શું ? પચ્ચીસમા સમયે થવાની હતી તે ન થઈ અને આ થઈ એટલે શું ? ક્યાંય મેળ ક્યાં (છે) ? આહા..હા...! આ જુવાનોને થોડું આકરું પડે એવું છે. આહા..હા...! અમારે ઝાંઝરીજી ને એ બધાને સમજાય એવું છે, અભ્યાસી છે એ બધા.

**'તેમ પ્રવાહનો જે નાનામાં નાનો અંશ...'** એટલે એક વર્તમાન અંશ. (તે) પૂર્વપરિણામની અપેક્ષાએ વિનાશસ્વરૂપ (છે). આ..હા..હા...! **'તે જ ત્યારપછીના...'** એટલે પૂર્વના પરિણામ છે એની અપેક્ષાએ ત્યારપછી થયું. **'ત્યારપછીના પરિણામના ઉત્પાદસ્વરૂપ છે...'** આહા..હા...! **'તથા તે જ...'** (એટલે) તે જ પર્યાય–તે જ પ્રવાહક્રમમાં આવેલો પર્યાય. **'પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...'** (અર્થાત્) જે પોતે સળંગ છે... છે... છે... છે... છે... છે... છે... મોતીની માળામાં જેમ સળંગ દોરો છે. છે... છે... છે... મોતી... મોતી... મોતી... ઈ દરેકને છે... છે... છે... લાગુ પડે છે. આહા..હા...!

**'તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા એકપ્રવાહપણા વડે...'** એકપ્રવાહ છે. આહા..હા...! ચૈતન્યમાં અને પરમાણુમાં એકપ્રવાહપણે ક્રમસર... ક્રમસર... ક્રમસર... એકપ્રવાહ ક્રમે... ક્રમે... થયા જ કરે છે. એ અપેક્ષાએ લઈએ તો કહે (છે કે) ઉત્પન્ન અને વ્યય ન કહેવાય. એને ધ્રુવ કહેવાય, 'છે' એમ કહેવાય. આ..હા..હા...! આવું ઝીણું કીધું હશે ! ? 'કુંદકુંદાચાર્ય' લઈને આવ્યા અને 'અમૃતચંદ્રાચાર્યે' એની ટીકા કરી. આહા..હા...! આવું બહુ ઝીણું માટે (ન સમજાય એમ નથી). ઝીણું નથી, ભાઈ ! એને અભ્યાસમાં નથી અને જ્યાં ત્યાં હું કરું... આ શરીર ચાલે તો હું ચલાવું, બોલું તો હું. 'સ્વાહા' – ભગવાનની (પૂજામાં) સ્વાહા (બોલાય તો) સ્વાહાની ભાષા પણ મારી અને આ આંગળા હલે એ પણ મારાથી. આવી જ્યાં ત્યાં બુદ્ધિ પડી છે. આહા..હા...!

**શ્રોતા :–** આંગળા કોના ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આંગળા જડના. અને જડની અવસ્થા થાય એ જડને કારણે થાય અને તે અવસ્થા તે સમયે તે જ થવાની હતી.

આહા..હા...! ઝીણું છે ઝીણું. આ..હા...! આ તો મૂળ માખણ છે, બાપુ ! પરમાત્માએ કહેલું સત્ (આ છે). ઉત્પાદ તે સમયનો તે જ, તે જ સમયનો (ઉત્પાદ) આહા..હા...! એને ઠેકાણે (એમ માનવું કે) મકાન બનાવું. આહા..હા...! એમાં આપણે રહેશું, બાયડી-છોકરાને પણ ત્યાં ઠીક પડે. અરે..રે...! આહા..હા...! ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** બધાં બાવા થઈ જાય તો ત્યાગીઓને ખાવાનું આપશે કોણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વખતે પણ ખાવાની પર્યાય (જે આવવાની તે આવવાની). ઈ પ્રશ્ન (સંવત) ૧૯૭૮(ની સાલમાં) થયો હતો. 'ચૂડામાં... ચૂડામાં !' '૭૮ની સાલ ! ત્યાં પણ (વ્યાખ્યાનમાં) ખૂબ માણસ હતું. બહાર એક પોલીસ બેઠેલો. (વ્યાખ્યાન) પૂરું થયા પછી કહે, 'મહારાજ ! તમે બહું આવું ત્યાગનું કહો છો તો બધાં ત્યાગી થઈ જાય તો એને આહાર કોણ આપશે ?' પોલીસે એવો પ્રશ્ન કર્યો હતો. '૭૮ની સાલની વાત છે. કેટલાં વર્ષ થયા ? ૫૭ ! બાપુ ! કોણ આપશે એ પ્રશ્ન અત્યારે છે જ નહિ. એ ટાણે થવાની પર્યાય હોય તે આપશે. આપશે એટલે થશે. મેં તો જવાબ બીજો આપ્યો હતો કે એક માણસ લખપતિ છે અને પચીસ લાખ (ભેગા કરવા) માગે છે. માટે એ એમ વિચારે કે હું પચીસ લાખ કરું તો પછી વાસણ ઉટકનાર કોણ રહેશે ? મારું રાંધનાર કોણ રહેશે ? આ લાકડાં લાવનાર કોણ રહેશે ? એમ વિચાર કરે છે ? તે 'દી, આ તો '૭૮ની વાત છે ! 'ચૂડા'માં ! આ..હા...!

ઓ..હો..હો...! માણસ સાધારણ (રીતે) વાંચી એને એમ થઈ જાય કે આપણને સાચું જ્ઞાન થયું. બહુ આકરી વાત છે, ભાઈ ! જ્ઞાન આત્માનું થાવું જોઈએ. આત્માનું જ્ઞાન ક્યારે થાય ? કે એની જે પર્યાય જે સમયે થવાની છે એ પર્યાયમાં ત્રણ (વાત) લાગુ પડે. પૂર્વની અપેક્ષાએ વિનષ્ટ, તે પછીની અપેક્ષાએ ઉત્પન્ન, છે.. છે... અપેક્ષાએ (ધ્રુવ). એવી પર્યાયનો જ્યાં નિર્ણય કરે ત્યારે તે જ્ઞાતા-દૃષ્ટા થાય, ત્યારે તે વર્તમાન થતી પર્યાયનો પણ કર્તા ન થાય. કારણ કે એમાં એક 'ભાવ' નામનો ગુણ છે. અનંત ગુણમાં ભાવ(ગુણનું) રૂપ છે. તેથી એ સમયે તે પર્યાય થવાની હોય તે થાય જ. એ કરું તો થાય અને નહિતર (ન થાય), એમ છે નહિ. આ..હા..હા...! ઠીક 'હસમુખભાઈ' આવી ગયા છે આજ. આવું પાછું વારંવાર ન આવે. આ તો સામું પુસ્તક(માં) આવ્યું હોય એનો અર્થ થાય ને ? આહા..હા...! 'ઇન્દોર'(માં) અહીંનો વિરોધ (કરવા) પચાસ પંડિતો ભેગા થયા હતા. (એમાં એમ કહ્યું કે) 'પરનું ન કરે તે દિગંબર નહિ.' અર..ર..ર...! અરે...! પ્રભુ...! પ્રભુ...! પ્રભુ... !

***અહીં તો (કહે છે કે) પરનું તો ન કરે પણ પોતાની પર્યાયને પણ કરે નહિ. થાય છે તેને કરે, એ (વાત) ક્યાં છે ? સમજાય છે કાંઈ ? આ..હા..હા...!*** પણ આ હતું નહિ, હોં ! હતું નહિ એટલે પછી શું કરે ? સ્થાનકવાસી, શ્વેતાંબરમાં તો આ વાત જ નથી. એનામાં તો જૈનપણાથી બધી વિરુદ્ધ વાતો છે. આહા..હા...! આ તો દિગંબરમાં પણ ગોટા ઊઠ્યા ! ઘરમાં આગ લાગી ! આવું સત્ય ! પોકાર કરીને લખાણ પડ્યા છે ! આવાં પ્રસિદ્ધ પડ્યા છે ! એને એમ કહેવું કે નહિ, આપણે કરીએ તો થાય અને ન કરીએ તો ન થાય. પરનું પણ આપણે કરીએ તો થાય, નહિતર ન થાય. અરે...! આત્મામાં પણ પર્યાય કરું તો થાય અને નહિતર ન થાય, એમ છે નહિ. સાંભળ, ભાઈ ! પ્રભુ ! તું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો જ્ઞાનસ્વરૂપ છો ને ! જ્ઞાનની પર્યાય પણ થવાની (હોય) તે કાળે થાય જ. પણ એની પ્રધાનતા દેતા, બીજી પર્યાયને કરું એમ નહિ, બીજી થાય તેને હું જાણનાર છું, ત્યાં એને ઊભો રાખે. આહા..હા...!

**'ત્યારપછીના પરિણામના...'** આ પરિણામની–પર્યાયની વાત છે, હોં ! (તે) **'ઉત્પાદસ્વરૂપ છે તથા તે જ પરસ્પર અનુસ્યૂતિથી રચાયેલા...'** સળંગ... સળંગ... છે... છે... છે... એથી એકપ્રવાહપણું (છે). છે.. છેનું એકપ્રવાહપણું (છે) એ **'વડે અનુભયસ્વરૂપ છે.'** (અર્થાત્) એ વ્યય અને ઉત્પાદસ્વરૂપ નથી એટલે ધ્રુવસ્વરૂપ છે. આહા..હા...! એ ત્રણ-ચાર લીટીમાં આટલું બધું ભર્યું છે, લ્યો ! આહા..હા...!

વસ્તુ છે કે નહિ ? છે તો તેના ત્રણ અંશ પડે છે કે નહિ ? ત્રણ અંશ પડે છે એ ત્રણ અંશ પોતપોતાના સમયે પોતપોતાથી છે કે નહિ ? એટલે 'છે' ઈ ધ્રુવ છે, પૂર્વની અપેક્ષાએ તેને વિનષ્ટ કહીએ અને પૂર્વની અપેક્ષાએ જે વિનષ્ટ કહ્યું હતું એ પૂર્વ પછીનો એ પોતે પર્યાય છે. ત્યારપછીનો એ પર્યાય (છે) તેને ઉત્પન્ન કહીએ. આહા..હા...!

'ક્રમબદ્ધમાં એકાંત થઈ જાય છે.' એમ (લોકો) રાડ નાખે છે. હવે, અહીં તો પરનું તો (કરે) નહિ, પણ બાપુ ! ભાઈ ! શું કહીએ ? આહા..હા...! આ..હા...! તારી પર્યાય પણ તે કાળે થવાની છે (તે) અવસરે તે થાય જ. આ..હા..હા...! તેને પણ ત્રણ અપેક્ષા લાગુ પાડી અને તેને પ્રાપ્ય કહીને ધ્રુવ કીધું. આહા..હા...! આ 'પ્રવચનસાર'માં આમ કહ્યું, 'સમયસાર'માં પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય કહ્યું. આ..હા..હા...! એક જ પર્યાયમાં ત્રણ (વાત લાગુ પડે છે). અર્થ કર્યો હતો કે પ્રાપ્ય એટલે ધ્રુવ. એટલે તે સમયે તે છે. આહા..હા...! એમ દરેકમાં છે... છે... છે... છે... છે... છે... છે... છે... એકપ્રવાહરૂપ છે... છે... છે... આ..હા..હા...! ***આવો નિર્ણય કરવા જાય એને પરનું કર્તાપણું તો ઊડી જાય પણ રાગનું અને પર્યાયનું કર્તાપણું (પણ) ઊડી જાય. આહા..હા...! જ્ઞાતાપણું થાય તે જાણનારો થઈ જાય. જાણનારો થયો તે તે કાળમાં કેવળજ્ઞાનને લેશે. આહા..હા...! એના ક્રમબદ્ધમાં કેવળજ્ઞાન અલ્પકાળમાં થવાનું !*** આહા..હા...! આવી વાત છે.

**'આ પ્રમાણે સ્વભાવથી જ...'** જોયું ? **'સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં...'** દેખો ! છે ? **'ત્રિલક્ષણ પરિણામપદ્ધતિ'** એક પરિણામમાં ત્રણ પ્રકારનું લક્ષણ છે–ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા...! આ કાંઈ વાર્તા નથી, પ્રભુ ! આહા..હા...! આ તો વસ્તુની સ્થિતિ પરમાત્મા અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, મુનિઓએ આ રીતે જાણીને અનુભવ્યું છે. આ..હા..હા...! એના સંસારના અંત આવી ગયા. એ અંતનો સમય હતો. પણ જ્યારે (આત્માનું) જ્ઞાન અને આનંદ પ્રગટ્યો એને અલ્પ સમયમાં સંસારનો અંત આવી જાય, એને ભવનો અંત આવી જાય. આહા..હા...!

**'આ પ્રમાણે સ્વભાવથી જ...'** 'સ્વભાવથી જ' (કહ્યું છે). (અર્થાત્) એક પરિણામમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રણ લક્ષણપણું (છે) એ સ્વભાવથી જ છે. આ..હા..હા..હા...! **'ત્રિલક્ષણ પરિણામ...'** ત્રિલક્ષણ પરિણામ કીધું ને ? ત્રણ લક્ષણવાળું પરિણામપદ્ધતિ. **'(પરિણામોની પરંપરા)...'** પદ્ધતિ એટલે પરિણામોની પરંપરા. આહા..હા...! અરે...! એક વાર મધ્યસ્થ થઈને સાંભળે તો ખરા ! બાપુ ! શેના વિરોધ કરો છો ? ભાઈ !

**'આ પ્રમાણે સ્વભાવથી જ ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં (પરિણામોની પરંપરામાં) વર્તતું દ્રવ્ય...'** છે ? હવે ત્રણમાં વર્તતું દ્રવ્ય **'સ્વભાવને નહિ અતિક્રમતું...'** એવું જે દ્રવ્ય. આવા જે ત્રિલક્ષણ પરિણામપદ્ધતિમાં વર્તતું દ્રવ્ય સ્વભાવને નહિ છોડતું. આહા..હા...! એ સ્વભાવને ઓળંગતું નથી. સમજાય છે ? **'સત્ત્વને ત્રિલક્ષણ જ અનુમોદવું...'** સત્ત્વ એટલે ત્યાં હવે દ્રવ્ય લેવું. સત્ત્વ એટલે સત્‌પણું એટલે દ્રવ્ય. પેલું પરિણામોનું ત્રણપણું હતું. હવે અહીં (કહે છે) દ્રવ્યને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** અહીં હવે દ્રવ્ય લીધું. આહા..હા...! તેથી દ્રવ્યને **'ત્રિલક્ષણ જ અનુમોદવું...'** આ..હા..હા...! અનુમોદવુંનો અર્થ કર્યો છે–આ રીતે જ્યારે ત્રિલક્ષણવાળો દ્રવ્યસ્વભાવ (છે) એવી દ્રવ્યદૃષ્ટિ થાય એને આનંદથી માન્ય રાખવું. અતીન્દ્રિય આનંદના વેદનથી એને માન્ય રાખવું. આહા..હા...!

વિશેષ કહેવાશે, લ્યો ! (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડ્યા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોક્ષના કારણ વિનાનો તે જીવ છે, શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાનઆત્મા છે તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથી. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૩૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રી સમયસાર, ગાથા–૩૨૮–૩૩૧, પ્રવચન નં. ૩૯૬**
**તા. ૨૯-૦૫-૧૯૮૦**
**[૫]**

ભાવાર્થ. ચાર ગાથા છે ને ? ૩૨૮ થી ૩૩૧. એનો ભાવાર્થ. અહીં પાનું ૪૯૧ છે ને ? **'ભાવકર્મનો કર્તા જીવ જ છે...'** શું કહે છે ? – કે જે કંઈ આ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ – વિકલ્પો થાય એ આત્માની પર્યાયમાં સ્વતંત્ર થાય છે. ઇ પર્યાય સ્વતંત્ર કર્તા થઈને કરે છે. એથી ભાવકર્મનો કર્તા જીવ જ છે. અહીં જીવ સિદ્ધ કરવો છે. આહાહા..! **'એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યનાં ભાવનું કર્તા હોય નહિ...'** દરેક દ્રવ્ય પરિણમનશીલ છે–બદલતા સ્વભાવવાળું છે તો બીજો એને બદલાવે એમ બને નહિ.

મુમુક્ષુ :– મદદ તો કરે ?

ઉત્તર :– જરીએ મદદ કરે નહિ. એ પદાર્થ અસ્તિ છે કે નહિ ? અને છે તો એમાં ઉત્પાદ-વ્યય એવી પર્યાયનો ધર્મ છે કે નહિ ? અને ઉત્પાદ-વ્યયનો પર્યાયનો ધર્મ તે તે સમયે પોતાથી થાય છે. અત્યારે તો વિકાર જીવનો છે એમ સિદ્ધ કરવું છે. નહિતર ખરેખર તો જેમ દીવો છે દીવો... ઇ આવી ગયું છે આપણે, દીવાની પાસે ગમે તેટલા ઘટ-પટ બીજી ચીજો હોય એ ઘટને જાણતો નથી ખરેખર ! એ તો દીવાનો પ્રકાશ પોતાનો છે એ પ્રકાશે છે. એ એ ચીજને એ પ્રકાશે છે. એવો પ્રકાશપણાનો સ્વભાવ એનો ને પોતાનો તે કાળે છે તેને તે જાણે છે, આમ છે. ખરું સ્વરૂપ તો એ છે.

આ તો હજી ભાવકર્મ પર્યાયમાં બીજાને લઈને થાય (એમ) માને એ જૂઠું છે. ભાવકર્મ થાય છે પોતાની પર્યાયમાં પણ ધર્મીને જેમ દીવાની આગળ ગમે તે ચીજો જાય-આવે એને એ દીવો કરતો નથી. તેમ તે ગમે તેટલી જાય-આવે એનો દીવાનો પ્રકાશ એ કરતો નથી. સમજાય છે કાંઈ ? આહાહા..!

એમ આ ચૈતન્ય દીવો, ભગવાન ચૈતન્ય દીવો એ આ શરીર, વાણી, મન અનેક પ્રકારના થાય, બદલે એને એ જ્ઞાન જાણે છે. જાણે છે તે પણ એને જાણતો નથી. ખરેખર એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણવાની પર્યાયનો, પોતાને જાણવાનો ને એને જાણવાના પર્યાયનો સ્વભાવ છે તેથી પોતે પરિણમે છે. સમજાય છે કાંઈ ? ચૈતન્ય દીવડો. જેમ દીવો છે ઇ છે. પદાર્થો આવે-જાય એવો જ એ પ્રકાશે છે. છતાં એ પ્રકાશનો સ્વભાવ જ પેલા પદાર્થ જાય-આવે એને લઈને નથી. એ તો પોતાને લઈને છે અને જે જાય-આવે પદાર્થ એ પોતાને લઈને જાય-આવે છે. આહાહા..!

**શ્રોતા :–** પૈસા આવે એ અમારી મહેનતથી નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પૈસા આવવાના હતા ન્યાં. જ્ઞાને જાણ્યું છે એ પૈસા આવ્યા એને નહિ, એ જ્ઞાનરૂપી દીવડો પોતાને ને પરને પ્રકાશે છે. તે તે સમયે તે જ પર્યાય પૈસાને જાણવાની થવાની હતી એ રીતે થઈ છે. પૈસો લાવ્યા નથી, પૈસો તેનો નથી, પૈસો તે ખર્ચી શકતો નથી. 'બલુભાઈ' ! આ બધું... આહાહા..!

ગમે તેવો દીવો હોય એ તો પોતાના સ્વભાવે પ્રકાશે છે. એની જોડે બીજા પદાર્થો આવે જાય માટે એમાં કાંઈ વિકૃત થાય છે અને આવે જાય એને લઈને અહીં પ્રકાશે છે અને અહીં એને અને પોતાને પોતાથી પ્રકાશે છે એથી પેલી ચીજ આવે-જાય છે ? આહાહા..! 'દેવીલાલજી' ! સમજાય છે કાંઈ ? વાત તો મુદ્દાની વાત આ છે.

અહીંયાં તો કર્તા એને સિદ્ધ કરવો છે. કારણ કે કર્તા પર્યાય કાંઈ જડમાં થાતી નથી, થાય છે એનામાં એના પુરુષાર્થના કારણે અને તેના કાળે, પણ છતાં ખરેખર તો જ્યાં દૃષ્ટિ જ્યાં આત્માની થઈ છે કે હું તો જ્ઞાન સ્વરૂપ જ છું – એવું જ્યાં જ્ઞાન થયું તે વખતનો રાગ એનું અહીં જ્ઞાન, રાગ છે માટે થાય છે એમેય નહિ, તેમ અહીં જ્ઞાનનું બદલવું થાય છે એ રાગને લઈને નહીં. રાગને જાણવાનું જ્ઞાન એ રાગને કારણે નહિ. તેમ અહીં જાણવું રાગનું થયું માટે રાગ આવ્યો એમેય નહિ. આહાહા..! આવું ઝીણું છે.

અહીં તો ભાવકર્મ, ભાવકર્મ વિકારી પર્યાય. આહાહા..! પર તો કર્તા નથી પણ એની પર્યાયમાં–આત્માની પર્યાયમાં પુણ્ય-પાપ આદિ અસંખ્ય પ્રકાર વિકાર થાય, બસ ! એટલું અહીં સિદ્ધ કરવું છે. **'એમ આ ગાથાઓમાં સિદ્ધ કર્યું છે. અહીં એમ જાણવું કે-પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ...'** આહાહા..! દીવો એ ચીજને લાવે કે છોડે એમ ન હોય, તેમ દીવામાં પ્રકાશ થાય છે એ ચીજોને જાણે પ્રકાશ જાણે છે માટે એને લઈને પ્રકાશ થાય છે – એમેય નથી.

એમ ચૈતન્ય દીવડો, ભગવાન ચૈતન્ય દીવડો અંદર, એને તે કાળે જે ચીજ રાગાદિ થાય તેને ખરેખર તો જાણવાના સ્વભાવને લઈને રાગ છે માટે જાણે છે એમેય નહિ. આહાહા..! એનો પોતાનો તે પ્રકારે સ્વપર પ્રકાશક સ્વભાવ સ્વતઃ (છે). પરને પ્રકાશે છે (એમ) નહિ. પરથી પ્રકાશતો નથી, પરને પ્રકાશતો નથી. આહાહા..! અને પરને લઈને પ્રકાશતો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! શું આમાં સમજવું ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યના ભાવનો કર્તા હોય નહિ, પર્યાય ક્યાંથી કરે ? કેમકે દરેક દ્રવ્ય તે સમયમાં ઉત્પાદ-વ્યયની પર્યાયના કાર્ય વિનાનું દ્રવ્ય છે નહિ. કાર્ય વિનાનું દ્રવ્ય નથી. આહાહા..! ઉત્પાદ-વ્યય વિનાનું કોઈ દ્રવ્ય નથી. તેથી ઉત્પાદ-વ્યયનું કાર્ય બીજો કોઈ કરે એમ બનતું નથી. આહાહા..! હજી તો એટલેથી આકરું પડે. તેથી આઘું હવે લઈ જશે.

**'પરમાર્થે અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવનું કર્તા હોય નહિ તેથી જે ચેતનના ભાવો છે...'** અત્યારે રાગાદિ, હોં ! **'તેમનો કર્તા ચેતન જ હોય.'** વિકલ્પની ક્રિયાનો કર્તા એ ચેતન છે. પરિણમે છે ને એ ? તેથી 'પ્રવચનસાર'માં ૪૭ નયમાં લીધું છે ને ? કે પરિણમે છે માટે કર્તા પોતે છે. આહા..! કરવા લાયક છે કે નહિ એ પ્રશ્ન ત્યાં છે નહિ. ફક્ત પરિણમન કરે છે માટે આત્મા એનો કર્તા છે. આહાહા..! શેનો ? – રાગાદિનો, પરનો નહિ. રાગ થયો માટે આ હાથ હાલે, વાણી બોલાય, શરીર ચાલે કે રોટલીનો ભુકો થાય કે લાડવાનો ભુકો થાય, આખો છે એનો કટકા થાય, કપડા છે એને ફાડે.

**શ્રોતા :–** રોટલીના ટુકડા દાળમાં તો બોળાયને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ બોળે ને કોણ બોળે ? આહાહા..! આ લુગડા આમ ફાડે તે ફાડનાર ફાડતો તો નથી. ફડાક દઈને.. એ તો એની પર્યાય તે સમયે જુદી પડવાની હતી.

**શ્રોતા :–** આ લૂગડા 'બલુભાઈ'એ કર્યા નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ કર્યું નથી, ધૂળેય કર્યા નથી.

**શ્રોતા :–** 'બલુભાઈ' એ લુગડા પહેર્યા નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેર્યા પણ નથી, પહેરે કોણ ? જડ ? આહાહા..! એ તો એના ક્ષેત્રમાં ત્યાં આવવાની પર્યાયની સ્થિતિ છે તે પ્રમાણે આવીને રહ્યા છે. આહાહા..! આવી વાત છે. સમજાય છે આમાં ?

એક તો અહીંયાં એ સિદ્ધ કર્યું કે ભગવાનઆત્મા તો જ્ઞાન સ્વરૂપી આનંદમૂર્તિ પ્રભુ છે પણ એની પર્યાયમાં વિકાર થાય છે ! એથી કોઈ એમ કહે કે એના ગુણનો તો સ્વભાવ વિકારનો છે નહિ. દ્રવ્યનો વિકાર (કરવાનો સ્વભાવ) નથી. માટે વિકાર કોઈ પરથી થાય છે એમ નહિ. એ વિકાર પણ તે સમયની ઉપરથી પર્યાય છે, ઉપર ઉપર. ગુણ અને દ્રવ્ય તો શુદ્ધ છે, પણ ઉપર ઉપર વિકૃત જે થાય છે તેનો કર્તા એટલે રચનારો, એટલે પરિણમનારો આત્મા છે. આહાહા..!

**શ્રોતા :–** અમારે શું કરવું એ બતાવો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કરવું એમ કહે છે. રાગ થાય છે તે પોતાની પર્યાયમાં છે એમ જાણી અને એનાથી (પોતાને) જુદો જાણવો. અને જુદો જાણવામાં રાગ છે માટે જાણવામાં જુદો આવ્યો અને અહીં જાણવામાં આવ્યો માટે રાગ ત્યાં આવ્યો છે એમ નથી. આવું 'બલુભાઈ' ! આ ક્યાં તમારું વર્ષીતપ રહ્યું આમાં ? આહાહા..! પ્રભુનો માર્ગ ઝીણો છે, પ્રભુ ! ઉપર ઉપરથી માની લે એ વસ્તુ નથી. આહાહા..!

**'ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ હોય.'** જોયું ? દયા, દાન, વ્રત આદિ પરને લઈને નહિ. પોતાની પર્યાયમાં તે કાળે ઉત્પાદ-વ્યય થવાનો સ્વભાવ છે તેથી તે ચેતનના ભાવ ચેતન કરે છે. આહા..! **'આ જીવને અજ્ઞાનથી જે...'** હવે આવ્યું. એ વિકારનું કર્તાપણું લીધું પણ એ અજ્ઞાનથી છે. આહાહા..! **'આ જીવને અજ્ઞાનથી જે મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામો છે તે ચેતન છે,...'** આહાહા..! એ મિથ્યાત્વના પરિણામ ચેતનના છે. કર્મને લઈને નહિ, કર્મથી નહિ, કર્મનું જોર આવ્યું માટે મિથ્યાત્વનો ભાવ થયો એમ નહિ. આહાહા..! એ સમયે મિથ્યાશ્રદ્ધાનો ભાવ થવાનો પોતાને કાળે (હતો) એનો કર્તા ચેતન છે. એને ને પરને કાંઈ સંબંધ નથી ! એ તો આવી ગયું ને પહેલું ? **'सर्वःअपि सम्बन्ध नास्ति'** આહાહા..!

**'જડ નથી;...'** એ પરિણામો ચેતનના (છે). મિથ્યાત્વ–પરમાં સુખ છે, ઠીક જ્યાં શાક આવ્યું ખાવામાં ત્યાં એને ઠીક પડે છે એવો જે ભાવ મિથ્યાત્વનો, એ મિથ્યાત્વનો ભાવ છે. આહાહા..! કપડું એક સારું પહેર્યું એટલે હું સારો દેખાવ છું એવી માન્યતા તે મિથ્યાત્વ છે. આહાહા..!

**શ્રોતા :–** ખરાબ કપડું પહેરે ને સારો દેખાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ દેખાય સારો ? ધૂળ. એ કપડા કપડામાં રહ્યા, શરીર શરીરમાં રહ્યું, આત્મા આત્મામાં રહ્યો, કર્મ કર્મમાં રહ્યા ! આત્મા આત્મામાં રહ્યો, કર્મ કર્મમાં રહ્યું, શરીર શરીરમાં રહ્યું, કપડુ કપડામાં રહ્યું ! આહાહા..! આવી વાત છે.

**શ્રોતા :–** બધાએ કપડા પહેરેલા નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ પહેરે ને કોણ છોડે ? આહાહા..! ગજબ વાત છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. પરમાત્માએ કહ્યું છે એમ નહિ, વસ્તુનો સ્વભાવ જ એવો છે, એવો ભગવાને જાણ્યો ને એવો કહ્યો. આહાહા..! તારામાં તને વિકૃત અવસ્થા થાય તે તારાથી તારામાં (તારે કારણે થાય છે).

**'અશુદ્ધનયથી તેમને ચિદાભાસ પણ કહેવામાં આવે છે.'** એટલે ચેતન નહિ પણ ચેતનાભાસ. છે એના, કર્મના નહિ, કર્મને લઈને નહિ. આહાહા..! **'એ રીતે તે પરિણામો ચેતન હોવાથી, તેમનો કર્તા પણ ચેતન છે;...'** પરિણામ મિથ્યાત્વ અને રાગ ચેતન છે, ચેતન છે માટે ચેતન તેનો કર્તા છે, એ કાંઈ જડ નથી. આહાહા..! અત્યારે આ સિદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવું છે. **'પરિણામો ચેતન હોવાથી...'** આહાહા..! **'તેમનો કર્તા પણ ચેતન જ છે;...'** આહાહા..! **'કારણ કે ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય-એ પરમાર્થ છે.'** વળી જોયું ? અશુદ્ધ નિશ્ચયનયથી પણ એ પરમાર્થ છે. વાત બરાબર છે એમ કહે છે. ભલે અશુદ્ધ નિશ્ચયથી કીધું, પરિણામ અશુદ્ધ-મલિનનયથી કહીએ પણ એ અશુદ્ધનયથી એનું છે એ પરમાર્થ છે. આહાહા..!

એક બાજુ કહે કે વિકારના પરિણામ થયા તેથી અહીંયાં જ્ઞાનને વાંધો આવ્યો કાંઈ, બિલકુલ નહિ. ચૈતન્ય, ચૈતન્યપણે સ્વપરપણે પ્રકાશે જ છે. ***એ ખરેખર પરને પ્રકાશે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે.*** પોતામાં સ્વ-પરપ્રકાશકની પર્યાય તે કાળે ગમે તે પદાર્થ જાય-આવે, ભાંગે-તૂટે એનું તે જ પ્રમાણે અહીં જાણવું થાય અને એ જાણવું થાય તે તેના કારણે (જાણે), તૂટ્યું-ભાંગ્યું એને કારણે નહિ. અરે..! જાણવું થાય એમાં જરી ઠીક બીજી ચીજ તૂટી એમાં દ્વેષ આવ્યો ! એને (પોતાને) લઈને એનું જાણપણું થાય છે, એને (પદાર્થને) લઈને નહિ. આહાહા..! આવી વાતું છે. લોકોએ જૈન ધર્મને બહારમાં બગાડી નાખ્યો. એ કાંઈ બગડ્યો નથી, જૈન ધર્મ બગડતો નથી. ***લોકોએ પોતાને બગાડીને જૈન ધર્મ માન્યો, બગાડીને જૈન ધર્મ માન્યો. જૈન ધર્મ બગડતો નથી, જૈન ધર્મ તો ઉજ્જવળ (જ રહે છે). આહાહા..!***

ચૈતન્ય સ્વરૂપ ભગવાનઆત્મા ચેતનના વિકારનો કર્તા ચેતન (છે). તેમનો કર્તા (ચેતન) છે. કેમ ? **'ચેતનકર્મનો કર્તા ચેતન જ હોય--એ પરમાર્થ છે.'** જોયું ? અહીં પરમાર્થ છે કીધું. આહાહા..! એ વિકારનો કર્તા આત્મા છે એ પરમાર્થ છે, એમ કહે છે. પરમાર્થ એટલે સાચી વાત છે. એ કર્મને લઈને વિકાર થયો છે એમ બિલકુલ નહિ. આહાહા..! જેમ બધા માણસો ઘરના, કુટુંબના ભેગા થયા અને એને આ પ્રસંગ કરવા પડે એ માટે એને રાગ આવે છે એમેય નહિ. આહા..! છોકરાના લગન કરવા પડે, દીકરીને પરણાવવી પડે, એના લુગડા લાવવાના – એ બિલકુલ કરી શકતો નથી. એ તો તે સમયે થાય છે ત્યારે કર્તા રાગનો થાય છે. અને જ્ઞાની તો રાગનોય કર્તા નથી તેનો રાગનો જાણનાર છે. એના ચૈતન્યના પ્રકાશ આગળ ગમે તેટલી ચીજો આવે-જાય, રાગ, બીજી ચીજ (આવે-જાય), એ તો પોતે પોતાના પરિણમનપણે, ચૈતન્યપણે, સ્વ-પરપ્રકાશકપણે પરિણમે જ છે. રાગને જાણે છે ને એને જાણે છે. ***રાગને ને એને જાણે છે એમેય નહિ. રાગ ને એ ચીજ તરફનું જે જ્ઞાન પોતાનું છે એ પોતાને પોતે જાણે છે. આહાહા..! આવું ઝીણું. આહાહા..!***

**'એ પરમાર્થ છે.'** અહીં કીધું ને ? એક કોર કહ્યું, વિકારનો કર્તા જીવ છે એ પરમાર્થ છે. પરમાર્થ નામ સાચી વાત છે. એ કાંઈ વિકાર કાંઈ કર્મ કરાવે છે ને એ ચીજો કરાવે છે, બહારની ચીજોના સંગ ને પ્રસંગથી વિકાર થાય છે એમ નથી. આહાહા..!

**શ્રોતા :–** રાગનો કર્તા હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્તા પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો સ્વભાવ છે, પર્યાયનો સ્વભાવ છે. પર્યાય કર્તા છે. આહાહા..! દ્રવ્યના ગુણ તો બધા નિર્મળ છે, બધા અનંતા ગુણ નિર્મળ છે. આહાહા..! વાત ઝીણી છે, બાપુ ! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે. આહાહા..!

**શ્રોતા :–** વીતરાગ અલૌકિક છે તો એમનો માર્ગ પણ અલૌકિક જ હોય ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અલૌકિક છે. આ..હા..હા..!

આ આત્મા એની સમીપમાં જે ચીજો શરીર, વાણી, કર્મ, દીકરા, દીકરી બધા દેખાય, મોટા થાય, નાના થાય આ બધા એના લગન (થાય), આત્મા એના પ્રત્યે રાગ કરે. એ રાગ કરે એમાં એ કારણ નથી. રાગ પોતે કરે છે અને ખરેખર તો જ્ઞાની જો હોય તો રાગને પણ જાણે છે, એ રાગને લઈને નહિ. આહાહા..! ધર્મી જીવ તો પોતાના આત્માના પર્યાયને-ધર્મને, એનું જ્ઞાન ને પરનું જ્ઞાન એ તો પોતાનું જ્ઞાન છે. આહાહા..! એને પણ પોતે જાણે છે, પરને નહિ. આહાહા..! સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** પરને તો વ્યવહારે જાણે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર ખોટો, વ્યવહાર ખોટો. કથન જ વ્યવહારનું ખોટું છે. આહાહા..! આ આત્મામાં પુણ્ય ને પાપનો જે વિકાર થાય તો કોઈ ઘરના માણસો છે કે એને લઈને થાય છે એમ નથી. આહાહા..!

હવે **'અભેદદૃષ્ટિમાં તો...'** જુઓ ! હવે આવ્યું. **'જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** આહાહા..! આ તો ભેદદૃષ્ટિથી કથન કર્યું કે વિકાર જેટલો વિષયનો, ભોગનો, રાગનો, લેવાનો, દેવાનો, ખાવાનો, પીવાનો જે રાગ થાય તે જીવ કરે છે ને જીવની પર્યાયમાં પરમાર્થે છે. એ ભેદની દૃષ્ટિથી વાત કરી. કારણ કે ત્રિકાળી જે આત્મા એનો આ પર્યાય તો ભેદ પડ્યો. એ પર્યાય એની છે એટલો ભેદ પાડીને કહ્યું (કે) પરમાર્થે એનો કર્તા છે. આહાહા..! ઝીણી વાત બહુ, બાપુ !

**'અભેદદૃષ્ટિમાં તો...'** આહાહા..! **'જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** શું કીધું ઇ ? ત્રણલોકના નાથ તીર્થંકરદેવ ફરમાવે છે કે ***અભેદદૃષ્ટિમાં જે રાગ થયો અને જે રાગને લઈને સંયોગી કોઈ સ્વતંત્ર ચીજ હોય તેને ફક્ત ચેતન જાણે જ છે, તે એ ચીજ છે માટે એને જાણે છે એમ નહિ. એ ચીજ સંબંધીનું ને પોતાના સંબંધીનું ચૈતન્યનું પરિણમન પોતે સ્વતંત્ર પોતે કરે છે. આહાહા..! આવી વાત હવે.*** સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો ધર્મ થઈ ગયો. ધર્મ ક્યાંય નથી, બાપુ ! ***ધર્મ ઝીણી ચીજ છે, ભાઈ ! ભવ ચાલ્યો જાય છે અને આ ચીજ હાથમાં નહિ આવે તો ક્યાં જશે ? આહાહા..! એનો એને વિચાર કરવો પડે. આહાહા..! આવા ટાણા ક્યારે મળે ?***

કહે છે, બન્ને વાત નાખી. કે જે જે આત્મા પુણ્ય ને પાપના ભાવ કરે છે એ સ્ત્રીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લઈને નહિ, દીકરાને લઈને નહિ, વેપારને લઈને નહિ ! પોતાના વિકારના પરિણામ પોતે પોતાથી કરે છે. આહાહા..! હવે જો અભેદદૃષ્ટિથી જોઈએ તો એ રાગનોય કર્તા નથી. આહાહા..!

**'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** રાગ પણ નથી. આહાહા..! ચૈતન્ય સ્વરૂપ ભગવાન એના પ્રકાશની પાસે રાગ કે બીજી ચીજ ગમે તેટલી આવે-જાય તેથી જ્ઞાનને વિકૃત કરી નાખે કે એને લઈને અહીં જ્ઞાન થાય એમ નથી. આહાહા..! 'બલુભાઈ' ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ન્યાં. આહાહા..! આવી વાત છે.

કહે છે, બે વાત કરી. એક વાત તો તું પરને લઈને તારામાં વિકાર થાય એ વાત છોડી દે. વિકાર તારો તારે લઈને પર્યાયમાં, પર્યાયમાં વિકાર થાય, એક વાત. હવે બીજી વાત, એથી કરીને કાંઈ કલ્યાણ નથી. હવે એ ભેદને છોડીને અભેદદૃષ્ટિ. અખંડાનંદ પ્રભુઆત્મા એની દૃષ્ટિમાં, એ રાગ થાય તેને પણ રાગ છે માટે જાણે છે એમ નહિ. એ ચૈતન્યનું તે સમયનું પરિણમન તે પોતાને ને પરને જાણે તે જ રીતે ઉત્પન્ન થાય છે. અભેદદૃષ્ટિમાં રાગનો કર્તા આત્મા નથી. રાગનો કર્તા તો નથી પણ રાગથી અહીં જ્ઞાન થાય છે એમ પણ નથી. (જો એમ હોય) તો રાગ કર્તા ને જ્ઞાન કાર્ય થયું. (પરંતું) એમ પણ નથી. આહાહા..! ઝીણી વાતું બહુ, બાપુ ! વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ એના કથનો ઠેઠ આત્માને સ્પર્શીને છે. આહાહા..!

**'અભેદદૃષ્ટિમાં તો જીવ શુદ્ધચેતનામાત્ર જ છે,...'** ત્યાં એમ કહ્યું. શું ? એ રાગ પણ નહિ, એમ. વિકાર પણ એનો નહિ. આ તો પહેલો વિકાર સિદ્ધ કર્યો કે પરથી વિકાર નથી, વિકાર તારો તારામાં (છે). એટલું અશુદ્ધનયનું પરમાર્થે એટલે સાચી વાત છે એ સિદ્ધ કરી. પણ એટલેથી હવે અટક્યું નથી. અહીં તો અભેદદૃષ્ટિમાં જીવ શુદ્ધચેતનામાત્ર (છે), રાગ પણ નથી. આહાહા..! ચૈતન્યની જ અભેદદૃષ્ટિ કરતાં, સમ્યગ્દર્શન કરતાં એ રાગ જે થાય તેનો એ કર્તા પણ નથી. રાગ થાય તેને જાણે છે એમ કહેવું એ વ્યવહાર છે. જાણનાર, જાણનારને જાણતા રાગનું જ્ઞાન થઈ જાય છે એને રાગનું જ્ઞાન છે એમ વ્યવહારથી કહેવાય છે. આહાહા..! આવો કઈ જાતનો ધર્મ, માર્ગ ? આહાહા..!

**'પરંતુ જ્યારે તે કર્મના નિમિત્તે પરિણમે,...'** નિમિત્તે પરિણમે એનો અર્થ–કર્મને લઈને પરિણમે છે એમ નહિ. નિમિત્ત ઉપર લક્ષ કરે છે તેથી તે નિમિત્તે પરિણમે છે એમ કહેવામાં આવ્યું છે. કર્મના નિમિત્તે એટલે કર્મના લક્ષે, કરનાર પોતે પોતાથી વિકાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ ? **'કર્મના નિમિત્તે પરિણમે છે...'** કર્મના નિમિત્તે પરિણમે છે એમ જ્યાં આવે ત્યાં એમ કહે કે કર્મને લઈને વિકાર થાય છે. એમ નથી. ફક્ત પોતે પોતા તરફનું લક્ષ છોડી, ચૈતન્ય આનંદનો નાથ પ્રભુ, એનું લક્ષ છોડીને લક્ષ પરનું કરે છે તેથી તેને નિમિત્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવામાં આવ્યું. એ નિમિત્તના લક્ષે જે વિકાર થાય તે કર્મના નિમિત્તે પરિણમે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! વિકાર થાય તેમાં તેનું લક્ષ પર ઉપર છે, વિકારની દશાની દિશા પર ઉપર છે. એથી બતાવ્યું કે નિમિત્ત એની દિશા છે. નિમિત્ત એની દશા કરાવે છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ ?

**'કર્મના નિમિત્તે પરિણમે છે...'** એટલે અહીંથી એમ લે કે કર્મને લઈને પરિણમે છે. ઇ કર્મને લઈને વાત જ નથી. કર્મ પર, જડ પર પદાર્થ, તું પર પદાર્થ. કર્મ તને અડતાય નથી, તું એને અડતો નથી ને તને વિકાર કરાવે કર્મ ? જૈનમાં એ બધું ચાલ્યું છે. બસ, કર્મને લઈને થાય, કર્મને લઈને થાય.

અહીં કહે છે, **'કર્મના નિમિત્તે પરિણમે છે ત્યારે તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** છે તો અભેદ શુદ્ધચેતનામાત્ર જ છે. આહાહા..! શુદ્ધચેતનામાત્ર જ આત્મા છે. એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ આનંદ સ્વરૂપ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. આહાહા..! પણ એને ભૂલી અને અજ્ઞાનભાવે પરિણમે છે. આહાહા..! **'તેથી તે તે પરિણામોથી યુક્ત તે થાય છે...'** પરિણમે છે તેથી પરિણામથી યુક્ત થાય (છે), પરિણામ સહિત થાય છે. આહાહા..! શું કહ્યું ઇ ? – કે એ પરિણામ સહિત થવું એ એનું દ્રવ્ય-ગુણનું સ્વરૂપ નથી પણ પર્યાયમાં વિકાર હોવાથી તે પરિણામથી યુક્ત (છે). પરના કારણે યુક્ત થાય છે એમ નહિ. આહા..! પોતાને કારણે પરિણામ યુક્ત થાય છે. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ પરિણામ પોતાને કારણે યુક્ત થાય છે. પરને કારણે કાંઈ થતું નથી. આહાહા..! કેટલું યાદ રાખવું આમાં ?

**'અને ત્યારે પરિણામ-પરિણામીની ભેદદૃષ્ટિમાં...'** દેખો ! **'પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** ત્યારે પરિણામ જે વિકાર થયા અને પરિણામી દ્રવ્ય એની ભેદદૃષ્ટિ થઈ. એમાં **'પોતાના અજ્ઞાનભાવરૂપ પરિણામોનો કર્તા જીવ જ છે.'** આહાહા..! એક તો બધાથી જુદો કાઢી નાખી અને વિકાર થાય છે એ પણ તારાથી થાય છે, બીજાથી નહિ ત્યાં સુધી લાવ્યા. બધી ચીજ કાઢી નાખી. એકે એક ચીજ. મારો દેશ ને મારી સ્ત્રી ને મારો દીકરો... બધી વાત ખોટે ખોટી. બધું ગપે-ગપ, કોઈનો દીકરો નથી, કોઈની બાયડી નથી. સૌના સો તત્ત્વ જુદા છે. આહાહા..!

એ એક તો સૌના તત્ત્વ સૌ છે માટે એને લઈને જીવમાં વિકાર થાય એમ નથી. માટે વિકાર થાય છે એ ભેદદૃષ્ટિએ પરિણામ પરિણામીનું છે. પરિણામી એટલે દ્રવ્ય તેનું પરિણામ છે એમ વાત કરી. આહાહા..! **'અભેદદૃષ્ટિમાં...'** આહાહા..! ભારે માર્ગ. **'અભેદદૃષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી.'** જોયું ? ***આહાહા..! ચૈતન્ય અભેદ ને પૂર્ણ છે એમ જ્યાં દૃષ્ટિ થઈ પછી પર્યાયમાં જે રાગ થાય તેનો એ કર્તા નથી, તેનો તે જાણનાર***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પણ નથી. જાણનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! કર્તા તો નથી પણ તેનો જાણનાર છે એમ કહેવું એ વ્યવહાર છે. પણ તે સમયે તે રાગાદિનું જ્ઞાન પોતામાં થયેલું છે એથી પોતે રાગનો કર્તા નથી પણ જ્ઞાનનો કર્તા છે. આહાહા..!*** આ વાંચ્યું પણ નહિ હોય. 'બલુભાઈ' ! વાંચે તો કાંઈ સમજાણ પડે એવું નથી. આહાહા..! એવી વાત છે, બાપુ !

**શ્રોતા :–** અમારે વાંચવું નહિ. કારણ કે સમજાય નહિ, એમ આપના કહેવાનું ફળ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ વાંચે તો ખબર પડે કે નથી વંચાતું, નથી સમજાતું વાંચે ત્યારે ખબર પડે કે આ સમજાતું નથી.

**શ્રોતા :–** વાંચીને સમજાતું નથી....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે સમજાતું નથી પણ વાંચે ત્યારે ખબર પડે ને કે સમજાતું નથી. વાંચ્યા વિના અધ્ધરથી (કહે કે) અમને સમજાતું નથી, એટલે શું ? કહેતા ને ? અમારો માસ્તર એવો હતો. પોણો સો વર્ષ પહેલાની વાત છે, પોણો સો વર્ષ પહેલાની. માસ્તર એવો હતો, નિશાળમાં જે બે, ચાર, પાંચ હોંશિયાર છોકરા હોય એને ઘરે બોલાવે. બાયડી નહોતી, પોતે રાંધતા. રાંધવાનું રાંધે ને અને મોટા મોટા છોકરાને બોલાવે, એને શીખવે. પણ એને પહેલું એમ કહે કે આ પાઠ વાંચીને લાવજે, વાંચીને અહીંયાં લાવજો. પછી તમે શું સમજ્યા અને હું શું એનો અર્થ કરું છું, ત્યારે તમને ફેર પડશે.

એ 'નરોત્તમ' માસ્તર હતા. બે ચાર છોકરા હોંશિયાર હોયને એને બોલાવે. પોતે રાંધતા જાય રોટલી ને દાળ ને વચ્ચે બોલાવતા જાય, આ વાત સમજાવતા જાય. જો આનો અર્થ આવો છે. એ મેં વાચ્યું ત્યારે મને ખ્યાલ નહોતો આવ્યો. પણ વાંચે ત્યારે ખબર પડે ને કે ખ્યાલ નથી આવ્યો એ. વાંચવાની જ જ્યાં દરકાર નથી... આહાહા..!

હવે અહીં કહે છે કે શુભ-અશુભભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, દયા, દાન, કામ, ક્રોધ પરિણામ જીવ કરે છે. એ બધો વિકાર છે. એ પર્યાયમાં દ્રવ્ય-ગુણના આશ્રય વિના એક સમયની પર્યાયમાં સ્વતંત્ર થાય છે, એ દ્રવ્ય-ગુણને લઈને નહિ, પરવસ્તુને લઈને નહિ. આહાહા..! માટે તે પરમાર્થ છે, બરાબર વાત છે, એમ. વિકાર એ કરે છે એ વાત ભેદદૃષ્ટિમાં બરાબર છે.

હવે **'અભેદદૃષ્ટિમાં...'** આહાહા..! **'તો કર્તાકર્મભાવ જ નથી,...'** આહાહા..! ભગવાન ચેતન સ્વરૂપ એને રાગાદિ ગમે તે ચીજો બહારની આવે-જાય કે રાગમાં તીવ્ર મંદ થાય તેને આત્મા પોતાથી, પોતામાં, પોતા વડે જાણે છે. આહાહા..! રાગને લઈને નહિ. **'અભેદદૃષ્ટિમાં...'** છે ને ? **'કર્તાકર્મભાવ જ નથી, શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ પવિત્ર ચેતનામાત્ર તત્ત્વ અંદર છે. એની ઉપર દૃષ્ટિ નથી અને પર્યાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપર દૃષ્ટિ છે અને બહાર ઉપર દૃષ્ટિ છે તેથી ચોરાશી અવતારમાં રખડી મરે છે. આહાહા..! અહીં અબજોપતિ વાણીયો હોય, મરીને ઢોર થાય. ધર્મ નથી, પુણ્ય નથી, પુણ્યના ઠેકાણા નથી. આહાહા..!

અહીં કહે છે કે ભેદદૃષ્ટિમાં તો તને સમજાવ્યું કે વિકાર છે એ તારામાં (છે). પર્યાયમાં એ ભેદ પડ્યો ને ? પર્યાય. દ્રવ્ય-ગુણ રહ્યા નહિ, પર્યાયમાં વિકાર કીધા. વિકાર તારો, તારાથી, તારામાં, તારે લઈને થાય છે. હવે અભેદદૃષ્ટિથી જોઈએ તો... આહાહા..! પર્યાયદૃષ્ટિ છોડી દીધી, વસ્તુની દૃષ્ટિથી જોઈએ તો **'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** શુદ્ધચેતના, હોં ! પાછી એકલી ચેતના નહિ. શુદ્ધચેતના એટલે રાગ આવે એને એ પોતામાં રહીને પોતાથી જાણે. આહાહા..! સંયોગો આવે એને પણ પોતામાં રહીને પોતાથી જાણે. એ સંયોગનો થાય નહિ, એ રાગનો થાય નહિ, રાગ ને સંયોગથી અહીં જ્ઞાન થાય એમેય નહિ. આહાહા..! આવી ઝીણી વાત છે.

વેપારીને નવરાશ ન મળે ધંધા આડે. આખો દિ' પાપના ધંધા. એમાં દુકાને થડે બેઠો હોય તો જાણે ઓહોહો..! એમાં દરરોજની પેદાશ પાંચસો, હજારની હોય તો મશગૂલ થઈ જાય એ તો તમારે. અમારે 'કુંવરજીભાઈ' હતા ને. 'પાલેજ' અમારી દુકાન હતી ને ? છે ને દુકાન ત્યાં ? હજી અત્યારે મોટી દુકાન છે. દુકાને બેસે તો જાણે આમ.. આમ, ઓહોહો..! (જાણે) શું કર્યું ને શું કરીએ છીએ ! મારાથી કહેવાય ગયું હતું. (સંવત) ૧૯૬૪ની સાલની વાત છે. ૬૪..૬૪. ૧૮ વર્ષની ઉંમર હતી. અત્યારે તો ૯૧ ચાલે છે. ૯૧. તે દિ' મેં એને કહ્યું હતું, આ શું છે પણ આ ? આખો દિ' આ ઝંઝાળ. આ કર્યું, આ કર્યું. કાંઈ મોખ જ (ન મળે). ગામમાં સાધુ આવે તો મોખ ન મળે. એ વખતે તો એ સ્થાનકવાસી સાધુને માનતા ને. સ્થાનકવાસી હતા ને. મરીને ઢોર થાઈશ, કીધું. યાદ રાખજે. બબ્બે, બે લાખની પેદાશ હતી. અત્યારે વધારે છે. મોટી દુકાન છે. ચાર લાખની પેદાશ છે. એ જ દુકાન છે. મરીને ઢોર થાઈશ, કીધું. એમ કહ્યું હતું, હોં ! બોલે નહિ મારી સામું. આહાહા..! 'કુંવરજીભાઈ'ને (કીધું'તું) દાંત કાઢે. ભગત છે કાંઈક કહે છે. ભગત છે, સાંભળો બસ. શું છે પણ આ ? આખો દિ' દુકાન... દુકાન... દુકાન... દુકાન... આત્મા શું ? સાધુ ગામમાં આવ્યા તે સાંભળવા, સાંભળવાને નવરાશ ન મળે. આખો દિ' સામું ન જોવે. રાતે આઠ વાગે જાય. ચોપડો-બોપડો નામુ લખી આઠ વાગે જાય. પેલો સાધુ દિવસના નવ વાગે આવ્યો હોય ઇ (રાત્રે) આઠ વાગે જાય. આહાહા..! આ ધંધા જગતના, પાપના આખો દિ'.

અહીં કહે છે કે તને ધંધાને કારણે રાગ નથી થયો. તને રાગ થયો છે તારા પુરુષાર્થની નબળાઈને લઈને. એ પણ અમે ભેદદૃષ્ટિથી કથન કરીએ છીએ. પર્યાયનો ભેદ પડ્યો ને ! પણ અભેદદૃષ્ટિથી જોઈએ... આહાહા..! તો ચેતનમાત્ર, શુદ્ધચેતનમાત્ર પરિણામોનો કર્તા જીવ જ છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે.'** આહાહા..! એ તો ઝળહળ દીવો, દીવો છે. દીવા પાસે ગમે એ ચીજ જતી-આવતી હોય, (એ) કાંઈ દીવાને વિકૃત કરતું નથી ને દીવાને એ જણાવતું પણ નથી. આહાહા..! એમ આ ચૈતન્ય દીવડો, સંયોગી ચીજો અનેક પ્રકારે જોડે બને એને લઈને એ ચેતનદીવો વિકૃત થયો નથી, તેમ તે થયું તેને લઈને જાણતો નથી પણ પોતાનો સ્વપરને જાણવાનો સ્વભાવ છે તેથી તે કાળે જાણે છે. આહાહા..! આમાં સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે. આહાહા..!

**'અભેદદૃષ્ટિમાં તો કર્તાકર્મભાવ જ નથી,...'** જોયું ? વિકારનો કર્તા ને વિકાર કાર્ય એ તો મિથ્યાદૃષ્ટિમાં, ભેદદૃષ્ટિમાં છે. તે પણ પરને લઈને નહિ. હવે અભેદદૃષ્ટિમાં તો એ વિકારનો કર્તા ને કર્મ એ છે જ નહિ. કારણ કે દૃષ્ટિ પડી છે આત્મા ઉપર. આત્મા તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એથી તે રાગનો ને વિકાર જે થાય તેનો તે શુદ્ધચેતનામાત્ર વસ્તુ કર્તા નથી. આહાહા..! આટલે બધે પહોંચવું ને નવરાશ ન મળે. દુનિયાના કેટલા કામ કરવા ? 'આફ્રિકા'નું કેટલું કામ કર્યું 'બલુભાઈ'એ ! કેટલાની ટિકિટું ને કેટલાનો આહાર, ફલાણું, ઢીકણું... આહાહા..!

**શ્રોતા :–** આપ ના પાડો છો કે કરી શકતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માન્યું હતું કે કરે છે. એ ક્રિયા કરી શકતો નથી. આહાહા..!

**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ...'** આ ભગવાન જે આત્મા અંદર છે એ તો શુદ્ધ પવિત્ર આત્મા છે. એમાં તો દયા, દાનના ભાવનો વિકાર પણ એમાં નથી. ***આહાહા..! આકરું કામ ઘણું, ભાઈ ! જન્મ-મરણ રહિત થવાના પંથ આકરા છે. અશક્ય નથી, અપૂર્વ છે. આહાહા..! અપૂર્વ એનો માર્ગ છે. આહાહા..!***

**'શુદ્ધચેતનામાત્ર જીવવસ્તુ છે. આ પ્રમાણે યથાર્થ પ્રકારે...'** આ પ્રમાણે (એટલે) પર્યાયમાં વિકાર એનાથી થાય છે અને શુદ્ધચેતનામાત્રને લઈને એ નહિ, એમ (એ) **'પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** વ્યવહારે, પરમાર્થે નહિ. પરમાર્થે એટલે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી નહિ, અભેદદૃષ્ટિથી નહિ. ભેદદૃષ્ટિથી કર્તા એનો એ જ છે, કર્મને લઈને જરીએ નહિ. ટીકામાં એ આવે છે, 'જયસેનાચાર્ય'ની ટીકામાં કે જેમ પુત્ર એકને ન હોય. પતિ-પત્ની બે હોય તો પુત્ર હોય. એમ વિકાર એકલાને ન હોય. કર્મ ને આત્મા બે હોય તો હોય એમ છે. અહીં ના પાડે છે. ત્યાં તો એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. લોકોને એ ટીકા બહુ સારી લાગે છે. સાધક ને સાધ્ય. વ્યવહાર સાધન બતાવ્યું છે ને એટલે ખુશી થઈ જાય છે. આહાહા..!

અહીં કહે છે કે આ પ્રમાણે વિકાર થાય છે તે તારાથી, તારામાં, તારે લઈને (થાય છે), પરને લઈને નહિ. એ તો ભેદદૃષ્ટિનું કથન (છે). અભેદદૃષ્ટિમાં તો વિકારનો પણ કર્તા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તું નહિ, એનો જાણનાર ને દેખનાર (છો). આહાહા..! એ જાણનાર-દેખનારની પાસે ગમે તેવા રાગ અને ગમે તેવા સંયોગો આવે-જાય છતાં અહીંયાં ફેરફાર થાય નહિ. અહીં તો જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... રહે. આહાહા..! **'ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'**

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :–'**

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो-**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुग्भावानुषङ्गात्कृतिः।**
**नैकस्याः प्रकृतेरचित्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ।।२०३।।**

**'कर्म कार्यत्वात् अकृतं न'** શું કહે છે ? પુણ્ય ને પાપ, દયા ને દાન, વિષય ને ભોગના ભાવ એ પોતે કર્મ છે એટલે કાર્ય છે. કાર્ય છે એ **'कार्यत्वात् अकृतं'** તો કાર્ય તે કર્યા વિના હોય નહિ. **'કર્મ (અર્થાત્ ભાવકર્મ) છે તે કાર્ય છે, માટે તે અકૃત હોય નહિ અર્થાત્ કોઈએ કર્યા વિના થાય નહિ.'** આહાહા..! વિકારભાવ જે થાય છે એ કાંઈ કર્યા વિના ન થાય, અકૃત નથી, **'કોઈએ કર્યા વિના થાય નહિ. વળી...'** **'तत् जीव-प्रकृत्योः द्वयोः कृतिः न'** કર્યા વિના થાય નહિ અને બે મળીને કરે નહિ. જીવ અને કર્મ બે મળીને વિકાર કરે નહિ. આહાહા..!

આમાં પણ ધર્મ શું કરવો ? ઇ ધર્મ જ આ છે. પ્રકૃતિને કારણે વિકાર નથી એવો વિકાર સંસાર છે, પર્યાયમાં સંસાર (છે) એને જાણવું. જાણીને તેની દૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ કરવી. દ્રવ્યદૃષ્ટિ કરવાથી તે વિકારનો પણ કર્તા નથી, આ એને કરવાનું છે. આહાહા..! શું થાય ? કેટલાકને અજાણ્યું લાગે કે આ કઈ વાત શું કરે છે ? આખો દિ' કરીએ છીએ ને કરતાં નથી ? આખો દિ' અભિમાન કરે છે, હોં ! આ કર્યું... આ કર્યું... આ કર્યું... આહા..!

**'કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** આહાહા..! એક તો એ કીધું કે એ વિકાર છે એ કાર્ય છે. કાર્ય કર્યા વિના હોય નહિ. અને આત્મા ને પ્રકૃતિ બે મળીને કર્મ કરે નહિ. બે મળીને કરે તો બેને ફળ ભોગવવું પડે. રાગનું ફળ જડને ભોગવવું પડે. રાગનું ફળ... આહાહા..! રાગ અને દ્વેષનું ફળ દુઃખ, એ જડને તો કાંઈ છે નહિ. જડને ભોગવવું પડે એમ છે નહિ. માટે જડ કાંઈ રાગનો કર્તા ભેગો ભળીને કરે છે એમ છે નહિ. આહાહા..! **'કારણ કે જો તે બન્નેનું કાર્ય હોય...'** આત્મા ને કર્મ બન્નેનું. આ વિકાર રાગ, દ્વેષ, પુણ્ય,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પાપ, દયા, **'તો જ્ઞાનરહિત (જડ) એવી પ્રકૃતિને પણ પોતાના કાર્યનું ફળ ભોગવવાનો પ્રસંગ આવે.'** એ તો જ્ઞાનરહિત છે. એને પોતાના રાગનું ફળ, રાગનું ફળ શું પણ એને ? આહા..! એ જીવને તો રાગનું ફળ દુઃખ પણ એને જડને શું ? આહાહા..! માટે જડ ને આત્મા બે ભેગા થઈને રાગ કરતા નથી. આહાહા..!

**'વળી તે (ભાવકર્મ) એક પ્રકૃતિની કૃતિ (-એકલી પ્રકૃતિનું કાર્ય-) પણ નથી,...'** બે વાત. ત્રીજી વાત વિકાર છે એ કાર્ય છે, કાર્ય છે એ કર્તા વિના હોય નહિ એક વાત. હવે, બે થઈને કર્તા હોય તો બીજાને–જડને રાગનું ફળ ભોગવવું પડે. એ નથી. હવે એકલી પ્રકૃતિ જડ કરે, રાગને એકલી પ્રકૃતિ જડ કરે. આહાહા..! **'(ભાવકર્મ) એક પ્રકૃતિ...'** કર્તા પણ નથી, કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું છે અને પેલા રાગ-દ્વેષ તો ચેતન છે. આહાહા..! સમજાય છે કાંઈ ? રાગ-દ્વેષના પરિણામ છે તો ચેતનના (છે). એ પ્રકૃતિ કરે તો પ્રકૃતિ તો અચેતન છે. એને ક્યાંથી ચેતન થાય ? આહાહા..!

**'(-એકલી પ્રકૃતિનું કાર્ય–) પણ નથી, કારણ કે પ્રકૃતિને તો અચેતનપણું પ્રકાશે છે (અર્થાત્ પ્રકૃતિ તો અચેતન છે અને ભાવકર્મ ચેતન છે).'** આહાહા..! એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, રળવું ને ભોગવવું એ પરિણામ પ્રકૃતિના નથી; ભાવકર્મ ચેતન છે. આહાહા..! એ દુઃખરૂપ દશા ચેતનની છે. આહાહા..! એને દુઃખ ભાસતું નથી. ભગવાન તો આનંદ છે. અંદર આનંદ સ્વરૂપ છે. રાગ તો દુઃખરૂપ છે. પ્રકૃતિનું ફળ એ દુઃખ છે એ કાંઈ જડને ભોગવાતું નથી. એ તો ચેતનને હોય છે. એક ચેતન જ એનો કર્તા છે, બે મળીને રાગ થયો છે એમ છે નહિ. આહાહા..!

**'માટે તે ભાવકર્મનો કર્તા જીવ જ છે અને ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ...'** **'तत् चिद्-अनुगं'** **'ચેતન સાથે અન્વયરૂપ,...'** ચેતનની સાથે સંબંધવાળું **'(-ચેતનના પરિણામરૂપ-) એવું તે ભાવકર્મ...'** એટલે વિકારી ભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના અરે..! સત્ય, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો ભાવ એ બધો વિકાર છે. આહાહા..! એ **'ચેતનને અનુસરનારું અર્થાત્ ચેતન સાથે અન્વયરૂપ (–ચેતનના પરિણામરૂપ) એવું તે ભાવકર્મ જીવનું જ કર્મ છે,...'** કર્મ એટલે કાર્ય. આહાહા..! વિકારી પરિણામ જીવના જ છે, કર્મના નહિ. આહાહા..!

એ મોટી ચર્ચા હાલી હતી ને ત્યાં ? (સંવત) ૨૦૧૩ ની સાલ. આ 'વર્ણીજી' સાથે. (એ કહે), 'નિમિત્તથી પણ થાય, જો કર્મથી ન થાય તો વિકાર સ્વભાવ થઈ જાય છે.' એ તો પર્યાયનો સ્વભાવ છે. એનો વિકૃત થવાનો એ સ્વભાવ છે. ષટ્કારકરૂપે પરિણમે છે. 'પંચાસ્તિકાય'ની ૬૨ ગાથા. ***વિકાર પોતે એક સમયમાં ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. નથી તેને કર્મના કારકની અપેક્ષા, નથી તેને દ્રવ્ય-ગુણની અપેક્ષા. પર્યાય સ્વતંત્રપણે, ષટ્કારકપણે પરિણમે છે. આહાહા..!*** (એમને) ન બેઠું, વિરુદ્ધ પડ્યું. અરે..! આ મહારાજ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છેતરાય ગયા છે. (એને) એમ થઈ ગયું. આહાહા..! નવી વાત ! આ શું કહે છે ? વિકાર પોતે પોતાથી કરે છે, પ્રકૃતિથી બિલકુલ નહિ. આહા..! અને 'પંચાસ્તિકાય' ની ૬૨ મી ગાથામાં ચોખ્ખું લખ્યું છે. ષટ્કારકપણે પર્યાયમાં વિકાર જીવ કરે એને કર્મ કારક નથી, કર્મ તેનો કારક નથી એમ પાઠ છે. આહાહા..!

***શ્રોતા :– વિકાર સર્વથા નિરપેક્ષ છે !***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– નિરપેક્ષ છે. દરેક સત્ છે એ નિરપેક્ષ જ છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે સત્ છે ને ? વિકાર ઉત્પાદ છે કે નહિ ? એ ઉત્પાદ પોતાથી થાય. પરની અપેક્ષા છે જ નહિ.*** આહાહા..! આવું બધું વાણીયાને દુનિયાના ધંધા આડે યાદ ક્યારે રાખવું ? આહાહા..! **'આ પ્રમાણે યથાર્થ પ્રકારે સમજવું કે ચેતનકર્મનો કર્તા ચેતન જ છે.'** લ્યો ! એ સિવાય બીજો છે નહિ. પછી કળશ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**શ્રી સમયસારની ગાથા ૧૦૯-૧૧૨માં કહે છે કે હે જ્ઞાનના ઇચ્છક પુરુષ ! સાંભળ ! જે મિથ્યાત્વાદિ ભાવકર્મ છે તેનો કર્તા એક પુદ્‌ગલદ્રવ્ય જ છે, જીવ તેનો કર્તા નથી. મિથ્યાત્વથી માંડીને સયોગીકેવળી સુધીના તેર ગુણસ્થાનભેદો કે જેઓ પુદ્‌ગલકર્મના વિપાકના પ્રકારો હોવાથી અત્યંત અચેતન છે તેઓ જ વ્યાપ્ય-વ્યાપકભાવે મિથ્યાત્વાદિ ભાવકર્મને જો કરે તો ભલે કરે ! જીવને તેમાં શું આવ્યું ? જીવ તો એકલો શુદ્ધ જ્ઞાનાનંદમય છે. આહાહા ! જે જીવને આત્માની જિજ્ઞાસા થઈ છે ને સાંભળવા આવ્યો છે તેને હજુ થોડો કાળ મિથ્યાત્વાદિ ભાવ ભલે હો, પણ તે શુદ્ધ જીવનું લક્ષ કરવાનો જ છે તેથી મિથ્યાત્વાદિ બધા ભાવો અલ્પકાળમાં ટળી જવાના છે તેથી તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્તા પુદ્‌ગલ છે, શુદ્ધ જીવ કર્તા નથી. આહાહા !**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદષ્ટિ જિનેશ્વર પર્યાયદષ્ટિ વિનશ્વર બોલ - ૫૨)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર, શ્લોક–૨૧૫, પ્રવચન નં. ૪૦૭
## તા. ૨૨-૦૬-૧૯૮૦
## [૬]

'સમયસાર' ૨૧૫ કળશનો ભાવાર્થ. ૨૧૫ કળશ એનો ભાવાર્થ. ગુજરાતીમાં પાનું ૫૨૯ છે. **ભાવાર્થ :– 'શુદ્ધનયની દૃષ્ટિથી તત્ત્વનું સ્વરૂપ વિચારતાં...'** સાચી દૃષ્ટિથી, સત્ય દૃષ્ટિથી વસ્તુના સ્વરૂપનો વિચાર કરતાં, **'અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** એક વસ્તુમાં બીજી વસ્તુ પ્રવેશ કરતી નથી. આહાહા..! એક દ્રવ્યને બીજું દ્રવ્ય અડતું નથી.

**શ્રોતા :–** કરોડો રૂપિયા હોય....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ આવતું નથી, ધૂળેય આવતું નથી. આવે ક્યાં ? એક પરમાણુ બીજા પરમાણુમાં પ્રવેશ કરતો નથી તેથી તે પરમાણુ તે પરમાણુને અડતો નથી. એમ એક આ આત્મા કર્મના પરમાણુને અડતો નથી. સત્ય દૃષ્ટિ સાચી દૃષ્ટિ એટલે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે જો જોઈએ તો... આહાહા..! **'(તત્ત્વનું) સ્વરૂપ વિચારતા અન્ય દ્રવ્યનો અન્ય દ્રવ્યમાં પ્રવેશ દેખાતો નથી.'** શરીરમાં આત્માએ પ્રવેશ કર્યો છે, એમ નથી. આહા..! શરીરનું અસ્તિત્વપણું શરીરના ક્ષેત્રમાં અને પ્રદેશમાં છે. આત્માનું અસ્તિત્વ પોતાના ક્ષેત્ર ને પ્રદેશમાં છે. કોઈ કોઈ દ્રવ્યને કોઈ એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી. આહાહા..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અહીં કીધું, સ્પર્શ કરતું નથી. આહાહા..! **'પ્રવેશ દેખાતો નથી.'** આ શરીરમાં આત્મા પ્રવેશ કરે છે એમ છે નહિ. આત્મા તદ્દન ભિન્ન છે. અને આત્મામાં કર્મ પ્રવેશ કરે છે એમ નથી, તદ્દન ભિન્ન છે. એમ કર્મમાં આત્મા પ્રવેશ કરે છે એમ નથી. દરેક દ્રવ્ય પોતાની હયાતી, પોતાની વર્તમાન પર્યાય કરતાં હયાતી રાખે છે. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ છે પણ વર્તમાન પર્યાય જે થાય તેને રચતા પોતે પરદ્રવ્યથી ભિન્ન રહે છે. આહાહા..! એક દ્રવ્યમાં બીજો પ્રવેશ દેખાતો નથી, સ્પર્શતો નથી, અડતો નથી. આહાહા..! વીતરાગ ભાવ છે.

આત્માનો વીતરાગ સ્વભાવ છે. એ સ્વભાવથી જોવે તો એ કર્મને અડ્યો પણ નથી, કર્મને પોતે અડ્યો નથી. એવું એ તત્ત્વનું સ્વરૂપ છે. વિકાર થાય છે એ કર્મના પ્રવેશને લઈને નહિ. પોતાની નબળાઈને લઈને જરીક વિકૃત અવસ્થામાં કોઈવાર થાય છે. દ્રવ્ય, ગુણ તો ત્રિકાળ શુદ્ધ છે. પર્યાયમાં જરીક વિકાર થાય છે એમાં કર્મ પ્રવેશ કરે છે, એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્મ અડે છે માટે વિકાર થાય છે, એમ નથી. આહાહા..! હવે આવી વાત. આખો દિ' કરીએ છીએ, આ કર્યું, લ્યો ! તે દિ' 'ચીમનભાઈ' કહે. કાંઈ કરતાં નથી (સંવત) ૧૯૯૭ માં એ પોષ મહિનામાં મંદિર થાતું હતું. તે દિ' 'ચીમન ચકુ' અહીં મહિનો રહેલા. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરતું નથી. ત્યારે કહે કે લ્યો આ કર્યું, લ્યો ! આહાહા..! શું થાય ? આમાં શું થયું છે એ તને શી ખબર ? એમાં આત્મા છે એણે શું કર્યું ? અને પરમાણુએ એને શું કર્યું એની ખબર છે ?

અંદર આત્મા છે એણે તો પોતાની પર્યાયમાં રહ્યો ને કર્યું છે અને આ પરમાણુ પણ એની પર્યાયમાં રહીને પર્યાયને કરે છે. આહાહા..! એક બીજામાં પ્રવેશ દેખાતો નથી. આહાહા..! ગજબ વાત છે. શરીરનો અવયવ બીજાના અવયવમાં પ્રવેશ કરતો નથી. આહાહા..! શું આ તે વાત ! આંગળી મોઢામાં આમ જાતા આંગળી આંગળીમાં રહે છે ને મોઢું મોઢામાં ને જીભ જીભમાં (રહે છે). આહાહા..! એ રોટલો ને દાળ મોઢામાં આવતા એ આત્માના પ્રદેશમાં પ્રવેશ કર્યો નથી એણે. એણે નહિ પણ દાઢ અને દાંતમાં પણ રોટલા ને દાળે પ્રવેશ કર્યો નથી. આહાહા..! એ રોટલા ને દાળ પોતપોતામાં રહેલ છે, દાઢ ને દાંત પોતામાં રહેલ છે. કોઈ કોઈમાં એકબીજાનો એકબીજામાં પ્રવેશ અંદર જાવું, ઘુસવું... આહાહા..! એમ કોઈ દિ' બનતું નથી. આહાહા..!

**શ્રોતા :–** ખીલા લાકડામાં ન જાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખીલી લાકડામાં જાય નહિ. ખીલીના પરમાણુ પોતાની પર્યાયમાં રહીને ત્યાં રહ્યા છે અને લાકડામાં જે કાંણું પડ્યું છે એ પોતાની પર્યાયમાં પોતાનાથી થઈને રહ્યું છે, ખીલીને લઈને નહિ. આહાહા..! આવો સ્વભાવ (છે). આખો દિ' એને કરીએ, અમે કરીએ, અમે કર્યું, અમે કર્યું, અભિમાન જગતના પદાર્થના. આહાહા..! અમે આ પૈસા રળ્યા, પૈસા કમાયા, પૈસા દીધા, પૈસા લીધા. આહાહા..! બધો ભ્રમ છે, અજ્ઞાન છે. બીજી ચીજને લેવાતી નથી, બીજી ચીજને દેવાતી નથી, બીજી ચીજની રક્ષા કરાતી નથી, બીજી ચીજનો નાશ કરાતો નથી, બીજી ચીજને ઉત્પન્ન કરી શકાતી નથી. આહાહા..!

એ અહીં કહ્યું. **'જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...'** જગતને ભ્રમ આમ પડે છે કે જ્ઞાન સ્વરૂપનો સ્વભાવ એવો છે કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તે જ્ઞાનમાં બીજા જ્ઞેયો જણાય છે એથી અજ્ઞાનીને જાણે બીજા જ્ઞેયો મારા જ્ઞાનમાં આવ્યા માટે મેં જાણ્યા એ મિથ્યાભ્રમ છે. આહાહા..! જ્ઞાનમાં આ શરીર ને વાણી ને આ જીભ જણાણી પણ જણાવા છતાં જ્ઞાનમાં એનો પ્રવેશ નથી. કેમકે એ તો જ્ઞેય છે. ***જ્ઞેય જે જ્ઞાનમાં જણાય છે એ જ્ઞેય નથી, એ જણાય છે તે જ્ઞાનની પર્યાય જણાય છે. આહાહા..!***

જ્ઞાનમાં ઘણો જ વિસ્તાર જણાય એ વિસ્તાર અંદર જ્ઞાનમાં આવ્યો નથી, જ્ઞાનનો પોતાનો સ્વભાવ વિસ્તાર થયેલો રહેલો છે, થઈને રહેલો છે. આહાહા..! પરનો પ્રવેશ કરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનની વિશાળતા થઈ છે, કેવળજ્ઞાન થયું ને લોકાલોકે પ્રવેશ કર્યો માટે કેવળજ્ઞાન થયું છે, એમ નથી. કેવળજ્ઞાનમાં લોકાલોક આવ્યા માટે કેવળજ્ઞાન થયું એમ નથી. આહાહા..! કેવળજ્ઞાનનો પોતાનો સ્વભાવ પરને અડ્યા વિના, પરમાં પ્રવેશ કર્યા વિના, પરને સ્પર્શ્યા વિના પોતાનું ને પરનું જ્ઞાન પોતાથી પોતામાં પરની અપેક્ષા વિના થાય છે. આહાહા..!

**'અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે...'** જ્ઞાનમાં અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે. જ્ઞાનમાં શરીર જણાય, વાણી જણાય, કર્મ જણાય, રાગ જણાય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસો, મકાન જણાય. એ જાણવા છતાં તે તો **'જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે.'** પરને જાણવું એ તો પોતાના સ્વચ્છતાના સ્વભાવને લઈને છે, પરને લઈને પરને જાણે છે એમ નથી. આહાહા..!

આ પ્રકાશને જ્ઞાન જાણે છે એ પ્રકાશમાં જ્ઞાનનો પ્રવેશ નથી અને પ્રકાશનો પ્રવેશ જ્ઞાનમાં નથી. ફક્ત જ્ઞાનનો પોતાનો સ્વભાવ સ્વ-પર જાણવાના સામર્થ્યથી પ્રકાશને અને શબ્દને જાણે છતાં પ્રકાશ અને શબ્દ જ્ઞાનને અડતા નથી, જ્ઞાનમાં એ પ્રવેશ કરતાં નથી. આહાહા..! અંધારામાં જ્ઞાનમાં અંધારું જણાય એ અંધારું જ્ઞાનમાં આવ્યું નથી. આહાહા..! બહુ આકરી વાત છે.

જ્ઞાન સ્વરૂપી જે ભગવાનઆત્મા એ જ્ઞાનમાં જે પરવસ્તુ દીવો, પૈસા, સ્ત્રી, કુટુંબ એ જ્ઞાનમાં જણાય પણ એ ચીજ જ્ઞાનમાં આવી નથી. એ ચીજ તો ચીજમાં રહી છે પણ એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી પોતામાં પોતાને વડે થયું છે. આહાહા..! આવી વાત. જ્ઞાન સ્વરૂપી ભગવાનઆત્મા, અંદર ચૈતન્યસ્વરૂપી જ્ઞાન ભગવાનઆત્મા એ પરચીજને જાણતા, પરચીજમાં જ્ઞાન પ્રવેશ કરતું નથી અને પરચીજ જ્ઞાનમાં પ્રવેશ કરતી નથી. ફક્ત જ્ઞાનનો સ્વભાવ સ્વચ્છતાનો છે તેથી પોતાને ને પરને પોતામાં રહીને જાણે છે. પરરૂપે થઈને પરને જાણે છે, એમ નથી. સ્વ રૂપે રહીને સ્વ અને પરને જાણે છે. આહાહા..! આવી વાત જગતથી ઊંધી છે આખી. આહા..!

આ મારો દીકરો ને આ મારી દીકરી ને આ મારી બાયડી, આ મારા છોકરા ને આ મારું મકાન ને આ મારા પૈસા. પ્રભુ કહે છે, પ્રભુ ! એ તો જ્ઞેય છે ને ! એ તો તારા જ્ઞાનમાં જ્ઞાનની સ્વચ્છતાને લઈને જણાય છે ને ! એ ચીજ તારામાં આવી નથી, તારામાં આવ્યા વિના તારી ક્યાંથી થઈ ગઈ ? આહાહા..! ભારે આકરું કામ. આખી દુનિયાથી ઊલટી વાત છે. આખો દિ' કામ કરીએ, પરના કરીએ ને આમ કરી દઈએ, આમ કરી દઈએ.. આમ કરી દઈએ...કહે છે કે જે કામ થાય છે તે જ્ઞાનની સ્વચ્છતાને લઈને જ્ઞાનમાં જણાય છે પણ જ્ઞાન એવો ભગવાનઆત્મા તે કામમાં પ્રવેશ કરતો નથી, તે કામ તારામાં પ્રવેશ કરતું નથી. આહાહા..! અરે..! આ વાત કેમ બેસે ?

અનંત કાળથી રખડે છે, ચોરાશીના અવતાર. આહાહા..! નરક અને નિગોદ, કીડા અને કાગડાના અવતાર કરી કરી થોથા નીકળી ગયા છે, બાપા ! અનંત ભવ થયા. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંત ભવ, ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... આમ વર્તમાન કરતાં ભૂતકાળ આમ જોતા જોતા કોઈ ભવ વિનાનો જીવ નથી. એવા અનંતા અનંતા ભવ કર્યા છતાં કહે છે એ ભવનો પ્રવેશ તારા જીવમાં નથી. એમ જીવના પ્રદેશનો એમાં પ્રવેશ નથી. આહાહા..! પોતાને ભૂલી કલ્પના માની. હું જ્ઞાનનો સ્વામી છું અને જ્ઞાન છે એ મારું સ્વરૂપ છે; જેમ ગળપણ સાકરનું સ્વરૂપ છે, એમ જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે, એ જ્ઞાન પરમાં પ્રવેશ કર્યા વિના, પરને અડ્યા વિના, પર આમાં–જ્ઞાનમાં આવ્યા વિના જ્ઞાન સ્વ-પરને જાણે છે એવો એનો સ્વભાવ છે. એ ઉપરાંત અતિક્રમીને બીજી વાત માને (તો એ) ભ્રમણા ને મિથ્યાઅજ્ઞાન છે. આહાહા..! એ અસત્યને સેવે છે. સત્યને મુકીને અસત્યને સેવે છે તો એ અસત્યના ફળ તરીકે ચાર ગતિ પરિભ્રમણમાં એને રખડવું પડે છે. આહાહા..! ભારે આકરું કામ. છે ?

(જ્ઞાનમાં) **'અન્ય દ્રવ્યો પ્રતિભાસે છે તે તો આ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે; કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...'** આ પ્રકાશને જ્ઞાન જાણે છે તો જ્ઞાન કાંઈ પ્રકાશને સ્પર્શતું, અડતું નથી. આહાહા..! અંધારાને જ્ઞાન જાણે છે પણ એ જ્ઞાન અંધારાને સ્પર્શતું નથી. તેમ તે જ્ઞાન અંધારામાં પ્રવેશ કરતું નથી, તેમ તે અંધારું જ્ઞાનમાં પ્રવેશ કરતું નથી. આહાહા..! આ વાત કઈ રીતે માને ? આખી દુનિયાથી ઊંધું. ધર્મના કરનારે (એમ કહે), આ કરો... આ કરો... આ કરો... આ કરો... આ કહે છે કે એ જે તું કરવાનું કહે છે એ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે. આહાહા..! અને તે પણ ***જ્ઞેય જ્ઞેયમાં રહીને તને તારા જાણવાના સ્વચ્છતાના સ્વભાવને લઈને તે જ્ઞેય અને તારું જ્ઞાન તારામાં તારે લઈને જણાય છે. આહાહા..!*** ગજબ વાત છે, આખી દુનિયાથી ઊલટી વાત છે. આખી દુનિયા કરી દે, મંડળી કરી દે, આમ કરી દે ને આમ કરી દે. આપણે વ્યવસ્થાપક વ્યવસ્થા કરો કે વ્યવસ્થા બરાબર થાય. પ્રભુ કહે છે કે ચીજ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિત છે તેને વ્યવસ્થા કરવું માનવું એ ભ્રમણા અજ્ઞાન છે. આહાહા..! વ્યવસ્થાપક (મોટા) થાય છે ને અગ્રેસર મોઢા આગળ કે આ આ મંડળીના વ્યવસ્થાપક તમે બનો, આ બધું કામ તમારે માથે છે, તમારી જવાબદારી. આહાહા..! પ્રભુ કહે છે, સાંભળ ! જેની તું વ્યવસ્થા કરવા માગે છે એ કોઈ ચીજ છે કે નહિ ? એ કોઈ ચીજ છે કે નહિ ? અને છે તો તેની હયાતી રાખે છે કે નહિ ? અને એની હયાતી તારામાં પ્રવેશ કરી નાખે છે કે સ્વતંત્ર હયાતી રાખે છે ? આહાહા..! 'દેવચંદજી' ! આવી વાત છે.

**શ્રોતા :–** ક્રમબદ્ધ પર્યાય ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો એમ જ છે. જે સમયે જે પર્યાય... અહીં તો પર્યાય થવાની એ તો બરાબર છે પણ એ પરની જે થાય છે એ પરને લઈને નહિ. ***ક્રમબદ્ધમાં જે પર્યાય આવે છે એમાં સ્વ-પરનું જાણવું આવે છે એ પરને લઈને નહિ, એ સ્વ-પર જાણવાનો સ્વભાવ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પોતાની સ્વચ્છતાનો છે. નિર્મળતાનો સ્વભાવ છે માટે તેને તું અને પર બે જણાય છે તારામાં તારે લઈને. એ પરને લઈને તું જણાય છે અને પરને તું જાણે છો એમ નથી. આહાહા..! ભારે આકરું આ કામ.*** આખો દિ' જાણે કરીએ કરીએ કરું. દુકાને થડે બેઠો હોય, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. અહીંથી લાખ રૂપિયા પેદા કર્યા ને અહીંથી બે લાખ કર્યા ને અહીંથી પાંચ લાખ કર્યા ને. આ ધૂળમાંય નથી સાંભળને. આહાહા..! એ ચીજ પોતાની સત્તા છોડીને તારા જ્ઞાન સ્વરૂપી તું આત્મા એની સત્તામાં આવતી નથી અને તારી જ્ઞાન સત્તા એવો ભગવાનઆત્મા પોતાની જ્ઞાન સત્તા છોડીને પરમાં પ્રવેશ કરતો નથી. આહાહા..! આકરું કામ.

**'કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતા નથી.'** બન્ને (વાત લીધી). જ્ઞાન, જણાય છે તેને સ્પર્શતું નથી અને જણાય છે એ ચીજ જ્ઞાનને સ્પર્શતી નથી. આહાહા..! ***આ શબ્દ જ્ઞાનમાં જે જણાય છે એ શબ્દ નથી જણાતા, શબ્દ સંબંધીનું પોતાનું જ્ઞાન છે અહીં એ જણાય છે. એ જ્ઞાનની સ્વચ્છતાનો સ્વ અને પરને જાણવાનો પોતાનો સ્વતઃ સ્વભાવ સ્વતંત્ર છે તેથી પોતે સ્વ-પરને જાણે છે. પરને આ શબ્દોને જાણે છે એમ છે નહિ.*** શબ્દો તો જ્ઞેય છે, જ્ઞાનમાં જણાવા લાયક (છે) અને આત્મા જાણનાર છે. એ જાણનારમાં જ્ઞેયનો પ્રવેશ નથી. આ શબ્દો એને અડતા નથી. શબ્દો જડ છે અને આત્મા પ્રભુ અંદર જ્ઞાન સ્વરૂપી ચેતન છે. એ ચેતનને શબ્દ અડતા નથી છતાં શબ્દનું જે જ્ઞાન થાય છે એ શબ્દને લઈને નહિ, એ પોતાના સામર્થ્યને લઈને જ્ઞાન થાય છે. આહાહા..! આટલો બધો ફેરફાર. અત્યારે તો બધા આમ કામના કરનારા આમ કરી દીધા ને આમ કરી દીધા ને આમ કરી દીધા.

***શ્રોતા :– છદ્મસ્થને જ્ઞાન અડ્યા વગર કેવી રીતે થાય ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– અડ્યા વિના જાણે છે. પોતાની સ્વચ્છતાને લઈને. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વતઃ પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે જાણવાનો સ્વભાવ છે.*** આહાહા..! એક એક શબ્દ ધ્યાન રાખે તો પકડાય એવું છે, બાપુ ! એક શબ્દ ફરે તો આખી વાત ફરી જાય એવી છે. અત્યારે તો ગાંડપણું-પાગલપણું ચાલ્યું છે બધું. બધા પાગલ ડાહ્યા કહેવાય છે અત્યારે. આહાહા..! દુનિયાના પાગલ છે. અમે કરીએ છીએ, અમારાથી થયું... આહાહા..! અમે વ્યવસ્થા રાખી તો આ કામ વ્યવસ્થિત થયું, તે વ્યવસ્થિત કામમાં અમારો હાથ છે, અમારો હાથ છે માટે કામ વ્યવસ્થિત થયું. પાગલ છો. આહાહા..!

**શ્રોતા :–** એણે કામ કર્યું અને ઉપરથી પાછા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કામ કર્યું નથી, કામ કર્યું નથી. (કર્યું) એમ માને માટે પાગલ છે. એ વકીલે સલાહ કરી માટે પેલો જીત્યો છે, દલીલ કરી વકીલે ન્યાં, 'રામજીભાઈ'એ દલીલ કરી હતી અને પેલો જીત્યો એ વાત તદ્દન ખોટી છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનમાં... આ પ્રભુ અંદર ચૈતન્ય છે એ જ્ઞાન સ્વરૂપ છે. જેમ સાકર ગળપણ સ્વરૂપ છે એમ ભગવાનઆત્મા જ્ઞાન સ્વરૂપ છે. એ જ્ઞાનનો સ્વ-પર જાણવાનો સ્વભાવ છે. એ પરની અપેક્ષા રાખ્યા વિના, પરમાં પ્રવેશ (કર્યા) વિના, પરની હયાતી છે માટે પરને જાણે છે એમ નથી. આહાહા..! આકરી વાત, ભગવાન ! વીતરાગ માર્ગ બહુ આકરો છે, ભાઈ ! પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ત્રણકાળના જ્ઞાનથી ઇન્દ્રો ને ગણધરો વચ્ચે કહે છે એ આ વાણી છે. આહાહા..! અનંત તીર્થંકરોનું એક વાક્ય છે, આ એક જ વાક્ય છે. આહાહા..! કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું, ચુંબતું-સ્પર્શતું નથી. ગજબ વાત છે.

આ હાથ બીજાના શરીરને આમ અડતો નથી, કહે છે. આહાહા..! કેમકે હાથની હયાતીમાં જે અડે છે તેની હયાતી નથી અને આમાં એની હયાતી નથી. આહાહા..! આવું ક્યાં સમજે ? નવરાશ ક્યાં ? દુનિયાની હોળી, કામ-કાજ આખો દિ', હોળી સળગે આખો દિ' અભિમાનની. અમે કરીએ છીએ, અમે કરીએ છીએ, અમે કર્યા, અમે કર્યા, અમે ડાહ્યા. મારો હાથ હતો એમાં માટે એ કામ સુધર્યું, એમ કહે છે ને ? મારી એમાં હાજરી હતી એટલે કામ સુધર્યું. આહાહા..! પ્રભુ ! કામ સુધર્યું એટલે શું ? જે કામ ત્યાં કાર્ય થયું તે તે, ત્યાં તે તે દ્રવ્યથી કાર્ય થયું છે અને તે કાર્ય દ્રવ્ય વિનાનું કાર્ય હોય નહિ. કોઈ દ્રવ્ય પર્યાય વિનાનું એટલે અવસ્થા વિનાનું એટલે કાર્ય વિનાનું હોય નહિ. ત્યારે જે કાર્ય વિનાનું દ્રવ્ય નથી તેને તે કાર્ય કર્યું,... 'શાંતિભાઈ' ! ગાંડપણું કર્યું હશે. અત્યાર સુધી આ બધું ભાષણ કરી કરીને. આ તો દાખલો 'શાંતિભાઈ' નજીક છે એટલે. બધા એમ જ કરે છે ને. આહા..!

'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' ગાડાનો ભાર ગાડુ હાલતા ઠીઠુ નીચે કુતરાને અડે તો એ જાણે કે આ ગાડુ મારાથી ચાલે છે. એમ થડે બેઠો વેપાર ચાલે જડનો જડથી... આહાહા..! એ થડે બેઠો એ એમ માને કે આ મારે લઈને આ બધી વ્યવસ્થા ચાલે છે. 'હિંમતભાઈ' ! આહાહા..!

**શ્રોતા :–** 'હિંમતભાઈ'એ દુકાને જાવું કે ન જાવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ જાય ? કોણ આવે ? બાપા ! પ્રભુ તો ચૈતન્યસ્વરૂપ છે ને, ભગવાન ! તારું સ્વરૂપ તો પ્રભુ સ્વ-પરપ્રકાશક શક્તિ જાણવાની છે ને ! પરનું કાંઈ કરવાની, અડવાની તારામાં શક્તિ નથી. આહાહા..! અક્ષર લખવા, ચોપડી બનાવવી, પાના ફેરવવા એ આત્માનું કાર્ય નથી. અર..ર..ર..! આવી વાત ક્યાં બેસે ?

પ્રભુ ! તું કોણ છો ? તારું સ્વરૂપ શું છે ? ચેતન તારું સ્વરૂપ છે. ચેતન આત્મા તારું ચૈતન્યસ્વરૂપ છે. ચેતન આત્મા એનું ચૈતન્ય જાણવું-દેખવું સ્વરૂપ છે. તો એ જાણવા-દેખવામાં એ ચીજ જણાય-દેખાય એ ચીજ ત્યાં આવતી નથી અને એ ચીજને લઈને જણાય-દેખાય એમ નથી. જણાય-દેખાવાનો તો સ્વભાવ પોતાનો પોતાથી છે. આહાહા..! ભારે આકરું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કામ. આ બધા કેળવણીના ને બધા અધિકારીઓ, આ ડૉક્ટરો ને વકીલો ને આ છે ને આ ડૉક્ટરનો આજે ? જવાના છે ને આ બધા ? ક્યાં ? 'પાલીતાણા... પાલીતાણા' કેન્સર. આહાહા..! એ ડૉક્ટરો એમ માને કે આ કેન્સર અમે મટાડ્યું, એની અમે દવા કરી. પ્રભુ ! સાંભળ ભાઈ ! એ દવાના પરમાણુની હયાતી જગતમાં છે કે તારે લઈને છે ? તો એ પરમાણુએ એને લઈને તે કામ કર્યું એમાં તે કીધું કે મારે લઈને આ કામ થયું. આહાહા..! ગજબ વાત છે, પ્રભુ ! તારી પ્રભુતાની પણ મોટપ. શું કીધું ?

**શ્રોતા :–** માનીએ છીએ તો એમ કે અમે કામ કરીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કામ કર્યાં, ધૂળેય કર્યાં નથી. આહા..! અમે બધું દુકાને જોયું છે ને ! અમે દુકાન ચલાવી છે ને. પાંચ વર્ષ દુકાન ચલાવી, ૧૯૬૩ થી ૧૯૬૮. 'પાલેજ', 'પાલેજ' છે 'ભરૂચ' અને 'વડોદરા' વચ્ચે 'પાલેજ' છે. પાંચ વર્ષ દુકાન (ચલાવી). દુકાન છે મોટી. અત્યારે દુકાન છે એ જ દુકાન છે અત્યારે. ચાલીસ લાખ રૂપિયા છે, ચાર લાખની પેદાશ છે. એ જ દુકાન છે અત્યારે ત્યારની. મને ૬૬ વર્ષ તો દીક્ષા લીધા થયા, દુકાન છોડ્યા ૬૮ વર્ષ થયા, ૬૮. દોઢ વર્ષ પછી ભણ્યો હતો. આ અત્યારે ૯૧ વર્ષ થયા છે, ૯૦ ને ૧. ઘણું જોયું, ઘણું જાણ્યું. જગતને જોયા, બાપા ! આહાહા..!

જ્યાં હોય ત્યાં અભિમાન... અભિમાન... અભિમાન... અભિમાન... ભણ્યાના અભિમાન, કાં ભાષણ કરવાના અભિમાન. આહાહા..! એ અભિમાન આડે એને જ્ઞાન સ્વરૂપ હું જાણનાર છું (એમ ભાસતું નથી). એ અભિમાન એ મારું સ્વરૂપ નથી, અભિમાન કરવું એ તો નિરર્થક છે, પરના કામ કરવા, કરી શકું એ તો નિરર્થક છે. આહાહા..! પરને ભલું કરીને મદદ કરું ત્યાં શું તારી ચીજ ત્યાં ચાલી જાય છે કે તું એને મદદ કર ? તારી ચીજ તો તારામાં રહે છે, એની ચીજ તેનામાં રહે છે. દરેક પદાર્થ પોતાની હયાતીમાં રહે છે, એમાં એની હયાતીમાં બીજાની હયાતી કામ શું કરે ? આહાહા..! બહુ આકરું કામ, ભાઈ ! વેપારીઓ ને આ બધા ભણેલાઓ ને.

**શ્રોતા :–** આપ કહો છો એ છે તો સાચું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ તો આમ છે. આહાહા..!

એ અહીં કહ્યું. '**કાંઈ જ્ઞાન તેમને સ્પર્શતું નથી...**' આત્મા તો જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય બ્રહ્મ છે, બ્રહ્માનંદ પ્રભુ છે આત્મા. એને ભાન નથી તેથી કામ ને ક્રોધ ને વિકારને કરીને પોતાના માનીને રખડીને મરી ગયો, રખડીને મરી ગયો છે ચોરાશીના અવતારમાં. આહાહા..! ભલે એ દસ દસ હજારના પગારવાળો હોય. બધા પાંગળા, બધા પાગલ છે. આહાહા..! એ અબજપતિ હોય, કરોડપતિ હોય.. આહાહા..!

'આફ્રિકા'માં ગયા હતા ને ? 'નાઈરોબી'. સાત લાખની વસ્તી છે. ૨૬ દિ' રહ્યા હતા ત્યાં. નામ અમારું પ્રસિદ્ધ થયેલું ને એટલે લોકોને બહુ માન, પ્રેમ. શું કહે છે આ મહારાજ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બહુ કાગળ આવ્યા હતા. હજી કાલે એક જણો કહી ગયો, ફરીને 'નાઈરોબી' આવો, મહારાજ ! 'કેશુભાઈ' આવ્યા હતા. મોટી દુકાનવાળા મોટા ગ્રહસ્થ છે. 'કેશુભાઈ' આવ્યા હતા. ફરીને એકવાર આવવું. ભાઈ ! હવે ૯૧ વર્ષ થયા, શરીરને ૯૧ વર્ષ થયા. શરીર જુદું, આત્મા જુદો. બન્ને બન્નેને લેવા-દેવા કાંઈ ન મળે. શરીરને ધ્યાન રાખે તો રહે એ વાતમાં માલ એક્કે દોકડો નથી. આહા..! ધ્યાન ન રાખે તો અંદર રોગ થઈ જાય એ વાતમાં માલ કાંઈ નથી. આહાહા..! ઝીણી વાત છે, પ્રભુ !

તારી પ્રભુતા તો નાથ સ્વ-પરને જાણવાની શક્તિમાં તારી પ્રભુતા છે, તારી પ્રભુતા પરના કામ કરવામાં નથી. આહાહા..! પ્રભુતા અહીં છે અને પેલા કામ કરવામાં પ્રભુતા મારી છે એમ માને છે. આ પ્રભુતાનો ગુણ જાણે ન્યાં ગરી ગયો હોય ! પ્રભુતાનો ગુણ છે આત્મામાં, અનંત ગુણમાં પ્રભુતા નામનો એક ગુણ છે આત્મામાં. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સુખ, વીર્ય એવા અનંતા ગુણો આત્મામાં છે. એમાં એક પ્રભુતા નામનો ગુણ છે. એ પ્રભુતા પોતાના ગુણમાં રહીને પોતાનું કામ કરે છે, પોતાની પ્રભુતાને જાળવે છે. એ બીજાની પ્રભુતા આ હાથ નાખીને મારાથી આ કામ થયા... આહાહા..! એ પ્રભુતા નામનો ગુણ ન્યાં ગયો ? અને એ જે સામી ચીજ છે એ પોતાના પર્યાય ને કાર્ય વિનાના છે ? સમજાણું કાંઈ ?

એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રવેશ કરતું નથી ત્રણકાળ, ત્રણલોકમાં અને તે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી. અને એનું કાંઈ પણ કામ કરે તો જ્ઞાનસ્વરૂપી ભગવાન સ્વ-પર જાણનારો રહ્યો નહિ. સ્વ પણે રહી અને પરને કરે એ તો પરમાં ગરી ગયો. આહાહા..! કામ ભારે આકરું. આ બધા ડૉકટરો, બધા વકીલો, બધા વેપારીઓ, બધા ભણેલા, એમ. એ., એલ. એલ. બી. ભણેલાઓ કાંઈ દુનિયામાં કામ નહિ કરતાં હોય ? બધા નમાલા બેસતા હશે ? પરના કામ કરે એ માનવાવાળા નમાલા છે. કેમકે પોતામાં પરનું કામ કરી શકે એવો માલ નથી. પોતામાં પ્રભુતાનો માલ છે. એ પરને, સ્વને જાણવાની પ્રભુતાનો માલ છે એને રાખતા આવડે એને પ્રભુતાનો માલ આવડે છે. આહાહા..! પણ એ પોતાની પ્રભુતા પરના કામમાં જોડી દે છે એમ એ માને છે પણ આ પ્રભુતા પોતાના પ્રદેશને છોડીને બીજાના પ્રદેશને અડતી નથી. આહાહા..! બીજા કોઈ પણ દ્રવ્યને એટલે વસ્તુને, દ્રવ્ય એટલે એકલો પૈસો કાંઈ નહિ, ધૂળ નહિ, ધૂળ પૈસો તો ધૂળ છે. આ એ બીજું બધું આ ધૂળ, ધૂળ-ધમાહા (છે). પૈસો, મકાન ને બાયડી-છોકરા ને હજીરા ને પચાસ લાખ લાખના મકાન મોટા ધૂળ છે બધી, ધૂળ. એ મકાન અમે બનાવ્યા અને અમે વાસ્તુ બધા કાર્યકર્તાઓને બોલાવી અને બે, પાંચ, દસ હજાર ખર્ચીને મોટી વાસ્તુ કરી, આહાહા..! એના અભિમાન (કર્યા).

અહીં કહે છે કે તારી ચીજ તારા સ્વ-પરપ્રકાશક સ્વભાવને છોડી એક અંશમાં પણ બહારમાં જાતી નથી અને બહારનો પદાર્થ એક અંશ પણ તારામાં (આવ્યો નથી). આવ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતું ને અહીં ? પ્રવેશ દેખાતો નથી. અંદર એકબીજામાં એકબીજાનો પ્રવેશ દેખાતો નથી. દેખાતો નથી, કહે છે. તને એમ લાગે છે કે આનું આ ગરી ગયું ને આને આમ થયું. લાકડામાં ખીલી ગરી ગઈ ને પગમાં કાંટો ગરી ગયો ને. આહાહા..! ભારે વળી આવી વાતું દુનિયાથી ઊંધી. આહાહા..! દુનિયા આખી ઊંધી છે. પાગલ છે એને આ વાત ભગવાન કરે છે.

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર (કહે છે), પ્રભુ ! તું રખડી મર્યો ચોરાશીના અવતારમાં. આહાહા..! એ લસણ ને ડુંગળીના ભવ શાસ્ત્રમાં આવે છે અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ કર્યા. ૪૮ મિનિટમાં નિગોદના ભવ મર્યા-જન્મ્યા, મર્યા-જન્મ્યા... અંતર્મુહૂર્તમાં ૬૬૩૩૬ ભવ (કર્યા). એ એકવાર નહિ પણ અનંતવાર કર્યા. પ્રભુ ! તું ભૂલી ગયો. આહા..! આચાર્ય મહારાજ તો કહે છે... 'ચંદુભાઈ' ! આચાર્ય મહારાજ કહે છે, કે હું ગયા કાળના જ્યાં દુઃખ સંભારું છું (તો) ઘા વાગે છે. આચાર્ય પોતે કહે છે. ગયા કાળના જ્યાં હું દુઃખ સંભારું છું, બાપુ ! તેં વિચાર કર્યો નથી દુઃખ શું કહેવાય. એ દુઃખની મર્યાદા ને દુઃખની હદ. આહાહા..! કહે છે કે વિચાર તું. આચાર્ય સમકિતી જ્ઞાની. આહાહા..! ગયા કાળમાં રખડતા રખડતા જે દુઃખો ભોગવ્યા પ્રભુ ! કારણ કે છે તો આત્મા અનાદિનો, (તો) રહ્યો ક્યાં ? ભવભ્રમણમાં રહ્યો, મુક્તિ થઈ નથી. જે ચણો પાકો થાય એ મીઠાશ આપે ને વાવ્યો ઊગે નહિ. એમ આત્મા જો અજ્ઞાનનો નાશ કરીને પાકો થાય તો જન્મ થાય નહિ અને આનંદ આપે. કાં તો ચણો મીઠાશ આપે નહિ અને વાવ્યો ઊગે. એમ અનંત કાળનો અજ્ઞાની આત્મા અજ્ઞાનને લઈને દુઃખ ભોગવે અને ઊગે, ભવ ધારણ કરે.

**શ્રોતા :–** ભવ ભૂલાય ગયા હોય એ યાદ શું કામ કરવા જોઈએ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** યાદ કરવા માટે, અંદર વૈરાગ્ય માટે કહે છે. આહાહા..! વૈરાગ્ય કરવા માટે કે આહાહા..! પ્રભુ ! મેં ક્યાં કાળ ગાળ્યો ? આ ભવ પહેલાં ક્યાં હતો ? એના પહેલાં ક્યાં ? એના પહેલાં ક્યાં ? એના પહેલાં ક્યાં ? કોઈ દિ' વિચાર (કર્યો નથી). વર્તમાન ભવ સિવાય વિચાર ન મળે. પાગલ એટલો ગાંડો છે, માળો પાગલ છે. ભલે એ કરોડપતિ હોય ને અબજપતિ હોય. કીધું હતું ત્યાં. 'નાઈરોબી' ગયા ત્યારે. 'આફ્રિકા'માં હમણાં ગયા હતા ને ? 'નાઈરોબી'. સાડા ચારસો તો કરોડપતિ છે ત્યાં. એક ગામમાં, એક ગામમાં સાડા ચારસો કરોડપતિ અને પંદર અબજપતિ. લોકોને બહુ પ્રેમ હતો, માંગળી ઘણી હતી. ગયા હતા ૨૬ દિ' રહ્યા હતા. 'નાઈરોબી' 'આફ્રિકા'નું પણ બધા પૈસા... પૈસા... પૈસા... ઢગલા પૈસાના. એ આજે સૂઝ પડે નહિ એને બિચારાને. પચ્ચીસ પચ્ચીસ, પચાસ પચાસ લાખના તો કપડા દુકાનમાં. એ.. મોટા ધંધા અને એમાં એની સફાય ને.. આહાહા..!

**શ્રોતા :–** લોકો બહુ સુખી છે ત્યાંના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દુઃખી છે. આહાહા..! પરાશ્રયે સુખ નહિ, એમ નથી કહેતા ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરાધીન તે સુખ નહિ, પરાધીન છે. પોતાનો સ્વભાવ છોડી,... આહાહા..! પરના ભાવમાં પોતાપણાના અભિમાન (કરે છે). છે નહિ તેને છે એમ માનવું, પરના કાર્ય કરી શકતો નથી એને કરી શકવું માનવું મહા જૂઠાણ ને અસત્ય ને અજ્ઞાનનો સેવનાર છે. આ તો ઢંઢેરો પીટીને વાત છે. આહાહા..! જે કામ કરી શકતો નથી, તે કામને કરી શકું છું એમ માની પોતાને ભૂલી અને પરિભ્રમણ કરી રહ્યો છે. આહાહા..! હું કોણ છું ? આહાહા..! 'શ્રીમદ્' કહ્યું ને...

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪.

સોળ વર્ષે (લખ્યું). 'શ્રીમદ્' ની દેહની ઉંમર સોળ વર્ષની. આત્માને ઉંમર કેવી ! આત્મા તો અનાદિ અનંત છે. છે... છે... છે... ને છે... આ ધૂળ જો આ ન હોય અને ધૂળ જાય એને કહે કે મરી ગયો, આત્મા મરે છે ? આ પણ ક્યાં મરે છે ? આ પણ જેની અવસ્થા આવી છે એ અવસ્થા બીજી થઈ એને મરણ કહે છે. કાંઈ પરમાણુ મરી જતા નથી. આહા..! આ પરમાણુ જડ છે એનો કાંઈ અભાવ થતો નથી. અત્યારે આ શરીરની અવસ્થા છે એ મસાણમાં બળીને રાખની થશે. અવસ્થા બદલાશે, પર્યાય બદલાશે, વસ્તુ કોઈ દિ' અભાવ થશે એમ ત્રણકાળમાં નથી. આહાહા..! આકરું છે પ્રભુ ! વાત પરમ સત્ય છે. આહાહા..!

પ્રભુ ! તારી મોટપનો પાર નથી. તને તારી મોટપની ખબર નથી અને તું પરચીજમાં મોટપ લેવા જા છો. આહાહા..! પરચીજની અધિકાયમાં તું મોટપ લેવા જા છો (એમાં) તારી મોટપ લુંટાય જાય છે. એનો તને વિચાર પણ નથી. આહાહા..! જ્યાં હોય ત્યાં મેં કર્યા કામ, આ મેં કામ કર્યા, મારાથી થયા, મારે લઈને થયા. આહાહા..! એ અહીં ના પાડે છે.

**'જ્ઞાન તેમને સ્પર્શતું નથી કે તેઓ જ્ઞાનને સ્પર્શતાં નથી. આમ હોવા છતાં, જ્ઞાનમાં અન્ય દ્રવ્યોનો પ્રતિભાસ દેખીને...'** જ્ઞાનમાં તે તે સમયે જે જાણવાની યોગ્યતા હોય તે તે પદાર્થ જણાય. એ પદાર્થ જણાય એ વ્યવહાર છે. પોતાનું જ્ઞાન તે સંબંધીનું જાણવું એનું નામ નિશ્ચય છે. આહાહા..! કેટલું ફેરવવું એને. આહાહા..! આખું ફેરવવું પડે. આહાહા..! અરે..રે..! અનંત અનંત કાળ ક્યાં વિત્યો. પ્રભુ ! ક્યાં ગયો ? રહ્યો તું ? આહાહા..! તારે રહેવાનું અનંત કાળ ક્યાં હોય ? નાથ ! અનંત કાળ તો આત્મામાં રહેવાનું હોય. એ જ વસ્તુની સ્થિતિ છે. આહાહા..!

ભગવાન આનંદ ને જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એમાં રહેવાને માટે તારી યોગ્યતા છે. એને ઠેકાણે રાગ ને દ્વેષ ને અજ્ઞાનમાં રહે (તું) લુંટાય ગયો છો, પ્રભુ ! લુંટાય ગયો છે અને માને છે કે અમે કાંઈ વધી ગયા છીએ ને કાંઈક બીજા કરતાં આગળ પડતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયા છીએ. આહાહા..! એમ તમારે 'હોંગકોંગ'નો ધંધો, ધંધો લાખો રૂપિયાની પેદાશ એટલે જાણે, ઓહો..હો..! અને એ પછી લાખો રૂપિયા આપે ક્યાંક દાનમાં (તો) જાણે લાખ આપ્યા તો જાણે શું થયું ? એમાં ધૂળમાં છે, બાપા ! એ કરોડો રૂપિયા દે ને. ધર્મ નથી. એ કરોડ જડ, માટી, ધૂળ છે. ધૂળનો સ્વામી થઈને માન તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છો. મારા છે, જે તારા જ્ઞાનમાં જણાવા લાયક છે તેને તું મારા તરીકે માને છો. આહાહા..! જ્ઞાનનો સ્વભાવ છે કે પર તેમાં જણાય પોતાને કારણે, પરને કારણે નહિ. આહાહા..! એને પરને કારણે જણાતું નથી છતાં એને પરને લઈને આ જણાય છે અને પરનો સ્વામી થાય છે, કહે છે કે એ અજ્ઞાન છે.

**'લોકો 'જ્ઞાનને પરજ્ઞેયો સાથે પરમાર્થ સંબંધ છે' એવું માનતા...'** જોયું ? આહાહા..! ભાઈ ! જેટલા વર્ષ રહે એટલો તો સંબંધ છે કે નહિ ? બાયડી સાથે, છોકરા સાથે, કુટુંબ સાથે, પૈસા સાથે, મકાન સાથે પછી ભલે મરીને જાય ક્યાંક. પણ આ સો વર્ષ, પચાસ વર્ષ તો રહે કે નહિ ? બાપુ ! એમાં પણ રહ્યો નથી, તને ભાન નથી. તારી સત્તામાં તો સ્વ-પર જાણવાનો સ્વભાવ તારું સ્વરૂપ છે. એને ઠેકાણે પરના કામ કરું ને પર મારા (માનવા) એ ભ્રમણા ને મિથ્યાત્વ, એ ભવ ભ્રમણના મૂળીયા છે. આહાહા..! ચોરાશી લાખના રખડવાના રસ્તા છે, બાપા ! પ્રભુ ! તારી કિંમતની તને ખબર નથી. આહાહા..!

આવ્યું હતું અહીં નહિ કાલે ? ભવના કારણ નહિ ? ભવના ભીંત.. કાલે આવ્યું હતું નહિ ? બપોરે. ભવના ભીત, ભવના ભવ. આહાહા..! અરે..રે..! અહીં પછી ક્યાં જઈશ ને ક્યાં રહ્યો ? એવા ભવના ભયનો ડર કરી અને એકવાર આનંદમાં આવને, પ્રભુ ! આહાહા..! ગુરુએ તને એમ કહ્યું હતું, એમ ત્યાં આવ્યું હતું. ગુરુના સાનિધ્યમાં આત્માને સુખકારી સાંભળ્યો હતો. તો એણે સુખરૂપે સાંભળ્યો એ સુખરૂપે છે. આહાહા..! તેમ ગુરુએ એને સુખકારી છે એમ સંભળાવ્યો છે. ગુરુએ એને આમ કર ને આમ કર એમ સંભળાવ્યું નથી. આહાહા..! કાલે આવ્યું હતું. આહાહા..! ફલાણું કર ને તારા આ કામમાં હોંશિયાર કર, એલ. એલ. બી. થા ને એમ. એ. ના પુછડા વળગાડ્યા ડૉકટરે, એલ. એલ. બી.ના વકીલોએ. આહાહા..! અરે..! એમાં કાંઈ નથી, બાપુ !

એકવાર તું કોણ છો અને તું શું કરી શકે છો અને તારાથી ભિન્ન ચીજ શું છે અને તે તે તેને કારણે કામથી પલટી રહી છે. તેની પર્યાય તેને કારણે પલટી રહી છે એને હું પલટાવું. આવું તારું અભિમાન ક્યાં લઈ જશે ? પ્રભુ ! આહાહા..! ન્યાં કોઈ સફારશ નહિ ચાલે. મેં આમ બહુ કામ કર્યા હતા માટે કોઈની સફારશ... કુદરતના નિયમમાં તો જે વસ્તુનું સ્વરૂપ છે તે પ્રમાણે થવાનું છે. આહાહા..!

અહીં એ કહે છે, પરમાર્થે તું સંબંધ છે એમ માને છે **'એવું માનતા થકા જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે,...'** આહાહા..! એ જ્ઞાન સ્વરૂપી ચૈતન્ય પ્રભુ ! પ્રજ્ઞાચક્ષુ-એ તો જ્ઞાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આખું છે જેની, એવો જ આ ભગવાન છે આત્મા. એ જ્ઞાનને,.. આહા..! જ્ઞાનસ્વરૂપથી ચ્યુત થાય છે. પરમાર્થે પરના કામ કરું છું અને બીજાને હું સલાહ આપીને કામ કરું છું એ બધી અજ્ઞાનતા મૂઢતા છે. આહાહા..! એ માન્યતામાં જ્ઞાન સ્વરૂપથી ભ્રષ્ટ થયો છો.

**'તે તેમનું અજ્ઞાન છે. તેમના પર કરુણા કરીને આચાર્યદેવ કહે છે કે-આ લોકો તત્ત્વથી કાં ચ્યુત થાય છે ?'** અરે..! પ્રભુ ! તું તત્ત્વથી ક્યાં ભ્રષ્ટ થા છો ? આહાહા..! આચાર્ય મહારાજનો પોકાર છે, પ્રભુ ! તારું તત્ત્વ જ્ઞાનાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ ! એ પરના કામ કરવાને માનીને તારા તત્ત્વથી કાં ચ્યુત થા છો ? પ્રભુ ! તને શું થયું આ ? આહાહા..! તને કોણ બતાવનારા આવા મળ્યા કે રખડી મરે છે તું ? કોઈએ તને એમ કીધું નહિ કે તું જ્ઞાન સ્વરૂપ ભગવાન છો. પરને ને તારે કાંઈ સંબંધ છે નહિ. પર તારા નથી, તું તેનો નથી. આહાહા..! ભારે કામ, ભાઈ !

આખો દિ' બાયડી, છોકરા, ધંધો, વેપાર, છ-સાત કલાક ઊંઘે પછી બે-ચાર કલાક બાયડી-છોકરા રાજી કરવામાં રહે. બે, ચાર કલાક, છ કલાક ધંધામાં રહે. એમાં ક્યાં બચે આમાં ? મારું શું થશે ? હું અહીંથી ક્યાં જઈશ ? જઈશ. મારી સત્તા તો છે, તો છે એ સત્તા તો રહેશે. દેહનો નાશ થશે, દેહનો નાશનો અર્થ જ પર્યાય પલટશે. આની પર્યાય પલટશે પણ એની ભેગો તું પલટી જઈશ એના ભેગો ? આહાહા..! હા, તું પલટી જઈશ પરભવની પર્યાયપણે. આહાહા..! પણ શરીરના નાશમાં તારો ભેગો નાશ છે નહિ. આહાહા..!

એ અહીં કહે છે. અરે..! આચાર્ય મહારાજ પોકારે છે, **'આ લોકો...'** આહાહા..! **'તત્ત્વથી કાં ચ્યુત થાય છે ?'** આવું જે તત્ત્વ સ્વરૂપપણું ભગવાન સ્વ-પરપ્રકાશક શક્તિનો ધણી એવો આ પરના કામમાં કરીને અભિમાન કરી કરીને કાં ચ્યુત થાય છે સ્વરૂપથી ? સ્વરૂપથી ચ્યુત થઈને ક્યાં રખડી મરે છે એમાં તું ? એમ છેવટે વાત કરી. વિશેષ કહેશે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**શરીર રાગ તો આત્મા નહિ પણ એક સમયની શુદ્ધ પર્યાય ક્ષાયિક પર્યાય પણ આત્મા નહિ, ખરેખર આત્મા તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ પરમપારિણામિક ભાવ જ આત્મા છે. સંવર-નિર્જરા-મોક્ષ પર્યાય પણ આત્મા નહિ, ઉપાદેય નહિ, ઉપાદેય તો કારણપરમાત્મા જ છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૩૦)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૧૯, પ્રવચન નં. ૧૧૩
તા. ૦૪-૦૭-૧૯૬૬
[૭]

૧૧૯ મી ગાથા. જરી ઝીણી છે, ઝીણી. કાલે ચાલી છે, એનું કારણ હિન્દીમાં ચાલી છે, હવે ગુજરાતીમાં. જુઓ ! શું કહે છે ? પાઠ છે ને ? ગાથા એનો જ એ અર્થ છે. કોઈ એમ કહે કે પાઠમાં આવું ક્યાં છે આટલું બધું ? ટીકા કરે છે ને કેટલાક ? પાઠમાં **'सव्वभावपरिहारं'** અને **'तम्हा झाणं हवे सव्वं'** બે માંથી બધું આ કાઢ્યું છે. શું કહે છે ? **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો *પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...'** એટલાની વ્યાખ્યા ચાલે છે. ક્યાં ગયા ? 'મનોરચંદજી' ! જરીક ઝીણું છે, ધ્યાન રાખજો !

આ આત્મા છે, આત્મા પરમપારિણામિક એટલે ત્રિકાળ ધ્રુવ શાશ્વત સ્વભાવ. ધ્રુવ નિત્યાનંદ નિત્ય શાશ્વત વસ્તુ, એક સમયની પર્યાય નહિ. રાગ-દ્વેષ નહિ, નિમિત્ત નહિ, એક સમયની દશા નહિ. એક સમયની પ્રગટ અવસ્થા છે એ નહિ. ત્રિકાળી પરમ સ્વરૂપ ભગવાન પરમાત્મસ્વરૂપ પોતે, એ **'સકળ પરદ્રવ્યના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** છે. પરદ્રવ્ય શરીર, વાણી, મન, પુણ્ય ને પાપ એક સમયની અવસ્થા. કહો, સમજાણું ? એના (પરિત્યાગરૂપ) લક્ષણથી લક્ષિત. ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણ વસ્તુ સ્વભાવ (છે) એ પરદ્રવ્યના પરિત્યાગ લક્ષણથી લક્ષિત, પરિત્યાગ લક્ષણથી લક્ષિત. એટલે એનો અર્થ ઇ કે શરીર, વાણી, મનથી પણ એ લક્ષમાં આવે એવો નથી; દયા, દાન, વ્રતના પરિણામથી પણ એ આત્મા દૃષ્ટિમાં આવે એવો નથી; તેમ એક સમયની પર્યાયનો આશ્રય કરતા પણ એ લક્ષમાં આવે એવો નથી. ભારે ઝીણું. સમજાણું કાંઈ ?

એકલો પરમાત્મ પિંડ ચૈતન્યપ્રભુ એ પર વસ્તુના અભાવ-સ્વભાવથી લક્ષણે લક્ષિત થઈ શકે એવો છે. ન સમજાણું ? વસ્તુ જે છે સદા શાશ્વત નિત્ય આનંદ વસ્તુ (જે છે) એ પરવસ્તુમાં એટલે શરીર, વાણી, મન, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ પર, પુણ્ય-પાપના ભાવ પર, એક સમયની અવસ્થા પણ ખરેખર પરદ્રવ્ય છે, એ પરદ્રવ્યના પરિત્યાગરૂપ–એના અભાવરૂપ, ત્રિકાળ જ્ઞાયક ભાવના લક્ષણે લક્ષિત એવું આત્મદ્રવ્ય છે, એને અહીંયા આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમ સ્વભાવભાવને આત્મા કહે છે. એ પરમ સ્વભાવભાવ એનો આશ્રય લેવો, આશ્રય લેવો એનું નામ એ પર્યાયને ધર્મ કહે છે. પર્યાય જે છે, ધર્મની પર્યાય પ્રગટ થાય એનો પણ આશ્રય લેવો નહિ, એમ કહે છે. આરે..આરે...! ભારે વાત, ભાઈ !

એ તો (એક બાજુ) એકરૂપ ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ શાશ્વત (છે અને) એક બાજુ એક સમયની પર્યાય રાગાદિ પરદ્રવ્ય બધું, એના અભાવ-સ્વભાવના લક્ષણે લક્ષિત છે. એટલે એ પરનું લક્ષ છોડીને એક સમયની પર્યાય રાગ, દયા, દાન, વિકલ્પ, મંદ કષાય કે નિમિત્ત એ ત્રણેનું લક્ષ છોડીને પોતાના સ્વભાવના લક્ષણે લક્ષિત એવો આત્મા તેને અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે ઝીણું છે. આ ગામઠી ભાષા થઈ, ગામઠી થઈ તદ્દન. કાલથી તો બધી...

પદાર્થ છે ને આત્મા ! એ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ દ્રવ્ય, દ્રવ્ય એટલે વસ્તુ. પદાર્થ શાશ્વત, શાશ્વત નિત્ય તત્ત્વ એ એક સમયની અવસ્થા પણ એની દરેક સ્વદ્રવ્યની અપેક્ષાએ શરીર, કર્મ, દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પરદ્રવ્ય છે પણ એ સ્વ અખંડ અભેદ દ્રવ્યની અપેક્ષાએ પુણ્ય ને દયા, દાનના વિકલ્પો એ પરદ્રવ્ય છે. એને વર્તમાન જાણનારી એક સમયની અવસ્થા પણ ત્રિકાળ અખંડ દ્રવ્યની અપેક્ષાએ એ પણ પરદ્રવ્ય છે. 'વિમલચંદજી' ! ભારે વાત, ભાઈ ! આ ગાથા તો પાઠમાં છે, હોં ! એ ટીકાકારે કાઢ્યું છે એમ નહિ. **'अप्पसरूवालंबण'** આત્મા ત્રિકાળ જ્ઞાયક શુદ્ધ ભાવ, ધ્રુવ ભાવ એના આલંબનથી પ્રગટેલો ભાવ એ સર્વ ભાવને પરિહાર કરવાને સમર્થ છે. સમજાણું કાંઈ ? એટલે કે એવો પરમ ધ્રુવ સ્વભાવ દૃષ્ટિમાં લેવો. એવો શાશ્વત ભગવાનઆત્મા તે વર્તમાન જ્ઞાનમાં, જ્ઞાનમાં એને જ્ઞેય બનાવવો ત્યારે એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર ધર્મ દશા થાય. સમજાણું કાંઈ ? એ ધર્મ દશા થાય એને આશ્રયે પણ ધર્મ ન પ્રગટે. સમજાણું કાંઈ ? ***એ ધર્મ દશા પણ એક ન્યાયે એને એક સમયની અવસ્થા માટે એને પણ પરદ્રવ્ય કહી દીધું.*** ઝીણું બહુ પણ ભાઈ ! એને વીતરાગ માર્ગનું તત્ત્વ સર્વજ્ઞે કહેલું એનું શું સ્વરૂપ છે, એને કાને પડ્યું નથી કેટલાક બિચારાને. વાડામાં જન્મ્યા, અમે જૈન પણ જૈન શું કહે છે એની એને ખબર નથી. હજી ખબરું ન મળે એને ધર્મ થાય અંદરમાં, ક્યાંથી થતાં હતા ? ધૂળમાં.

**શ્રોતા** :– ....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ ક્રિયા કોની પણ ? શેમાં ? ક્યા તત્ત્વમાં ? ક્યા તત્ત્વમાં ? કરવી ખરી પણ ક્યા તત્ત્વમાં ? ક્યા તત્ત્વમાં ? કેવું એ તત્ત્વ છે કે એમાં ક્રિયા કરવી ? શરીરમાં કરવી ? વાણીમાં (કરવી) ? એ તો જડ છે. પુણ્ય-પાપના વિકાર ભાવ એ તો વિભાવ છે. એક સમયની અવસ્થામાં કરવી ક્રિયા ? એમાં કરવી ક્રિયા ? એક સમયની દશા એ તો પલટતી, બદલતી અવસ્થા છે, એમાં કરવી ક્રિયા ? 'માંગીલાલજી' ! આ ગાથા બહુ ઊંચી છે, કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં વાડામાં. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ ગાથા પણ ભારે પણું અને અર્થ પણ એણે **'अप्पसरूवालंब' 'अप्पसरूवालंब'** આત્માનું રૂપ જે ત્રિકાળ સ્વરૂપ. વર્તમાન ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનું **'अप्पसरूवालंब'** ધ્રુવરૂપ પરમપારિણામિક સ્વભાવ. આહા..હા..! એ આત્માનું રૂપ (છે). એ સિવાય એક સમયની પ્રગટ દશા એ આત્માનું સ્વરૂપ નહિ. એ..ઇ..! ***શરીર, વાણી, મન તો આત્માનું રૂપ નહિ; હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, કામ, ક્રોધના પરિણામ એ આત્મરૂપ નહિ; દયા, દાન, ભક્તિ, વ્રત, તપના, જાત્રાના ભાવ થાય એ આત્મરૂપ નહિ પણ એનામાં વર્તમાન જ્ઞાન, દર્શન ને વીર્યની જે દશા પ્રગટ છે, એક સમયની દશા, એ પણ આત્મરૂપ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ?***

ભગવાન આત્મરૂપ શાશ્વત ધ્રુવ પરમ સ્વભાવભાવનો ભંડાર પરમાત્મા પોતે સાક્ષાત્ જિન સ્વરૂપ આત્માનું, કાયમી જિન સ્વરૂપ, વીતરાગ બિંબ આત્માનો પરમ સ્વભાવ તેને આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! એ આત્માનું આલંબન, આલંબન એટલે કે જે દશામાં એનો આધાર (લેવામાં આવે), વર્તમાન દશામાં એનું આલંબન, વર્તમાન દશામાં એનો આધાર, વર્તમાન દશાને એ આત્માનો આશ્રય. એ વર્તમાન દશાએ જે એનો આશ્રય લીધો એ દશાને ધર્મ કહેવામાં આવે છે, પણ એ ધર્મ દશા પણ ખરેખર આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! 'ન્યાલભાઈ' ! ભારે વાતું પણ એ સાંભળી ન હોય ન્યાં કોઈ દિ'. આ શેઠિયા માણસ કહેવાય, લ્યો ! આહા..હા..

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ જેની વાણીમાં (એમ આવ્યું) કે ભાઈ ! તું ત્રિકાળી શાશ્વતરૂપ જે ધ્રુવરૂપ, જેમાં એક અંશ ખંડરૂપ ભાવ એ પણ નહિ. તેથી લીધું છે ને ? અખંડ નિત્ય નિરાવરણ. ભેદ નહિ, પર્યાયનો અંશ છે એક અવસ્થા એ તો ખંડ છે, ભેદ છે. અખંડ નિત્ય નિરાવરણ, અખંડ એકરૂપ નિત્ય કાયમ નિરાવરણ એવો સહજ સ્વાભાવિકભાવ, ત્રિકાળી સ્વભાવિકભાવ, ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ પરમ સ્વભાવિભાવ એ દ્રવ્ય કીધું, એને દ્રવ્ય કીધું, એને સ્વદ્રવ્ય કીધું. એ સ્વદ્રવ્ય છે એની ભાવનાથી–એ સ્વદ્રવ્ય જે કીધું એની અંતર એકાગ્રતાથી, જે એકાગ્રતા થઈ તેને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

એની ભાવનાથી, પાઠમાં તો **'भावेण'** છે ને ? ભાઈ ! **'भावेण' 'अप्पसरूवालंबणभावेण'** એમ. **'भावेण'** આત્માના સ્વરૂપના આલંબનરૂપ ભાવ દ્વારા એટલે કે ***આત્મા ભગવાન નિત્યાનંદ પ્રભુ જેનો એક સમયનો ઉત્પાદ-વ્યયનો પરિણામ જે છે, વિકાર પુણ્ય-પાપ એ તો કાંઈ નહિ, એ તો વસ્તુમાં નથી પણ જે એનો શુદ્ધ પર્યાય પ્રગટરૂપ જેટલો છે એ પણ આત્મરૂપ નહિ, નિશ્ચય આત્મરૂપ નહિ.*** નિશ્ચય આત્મરૂપ તો શાશ્વત ધ્રુવ અખંડ નિરાવરણ નિત્ય પ્રભુ એ પરમ સ્વભાવ (છે) એને ભગવાન આત્મરૂપ, નિત્યરૂપ, અભેદરૂપ, પરમ સ્વભાવરૂપ આત્મા કહે છે. આહા..હા..! કાલ થોડું ચાલ્યું હતું. આ તો ગુજરાતી ચાલે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલી લીટીમાં ત્યાં સુધી લીધું, જુઓ ! પરમપારિણામિકભાવ એ ધ્રુવ, નિત્ય વસ્તુ થઈ, એની ભાવના એ પર્યાય થઈ, એની ભાવના એટલે એકાગ્રતા એ પર્યાય થઈ, પણ એકાગ્રતા વસ્તુમાં, વસ્તુ... વસ્તુ... વસ્તુ... નિત્યાનંદ અખંડ અભેદ ચિદાનંદ પ્રભુ, (એમાં) એકાગ્રતા દ્વારા, એકાગ્રતા દ્વારા ઔદયિક–પુણ્ય-પાપના ભાવ તે ઉદયભાવ છે, એને છોડવાને આ ભાવ સમર્થ છે, એમ કહે છે. ક્યો ભાવ ? આત્માના રૂપના અવલંબન વડે પ્રગટેલો ભાવ તે ભાવ પુણ્ય-પાપને છોડવાને સમર્થ છે. આત્માનું અવલંબન, વસ્તુના અવલંબન દ્વારા પ્રગટેલો ભાવ એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થાત્ નિર્મળ, નિર્વિકારી જે દશા, જે ત્રિકાળી આત્માના અવલંબે પ્રગટેલી દશા (છે) તે દશા વિકારને છોડવાને સમર્થ છે. આ ઉપશમભાવ આદિ સમ્યગ્દર્શનને પણ એ છોડવા સમર્થ છે કે જેનો આશ્રય એને છે નહિ. આ ક્ષાયિકભાવને છોડવાને એ ભાવ સમર્થ છે. કેમકે એ ભાવ જે આત્માને આશ્રયે પ્રગટ્યો એ ક્ષાયિકભાવનો પણ જેને આશ્રય નથી, આશ્રય નથી માટે પરિહાર કરવા યોગ્ય ભાવ દ્વારા, ક્ષાયિકભાવ પણ પરિહાર કરવા લાયક છે, એમ કહેવામાં આવ્યું છે. 'રાજમલજી' ! સમજાય છે કાંઈ ? આહા..હા..!

એ પરમ સ્વરૂપ ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ... સમજાણું કાંઈ ? વીતરાગ પરમેશ્વર જૈન તીર્થંકરદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન જાણ્યું અને પ્રગટ્યું એ ભગવાન એમ ફરમાવે છે, એ પરમેશ્વર એમ હુકમ કરે છે કે અરે..! આત્મા ! તારો કલ્યાણભાવ પ્રગટ થાય, ધર્મભાવ પ્રગટ થાય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મ દશા એ કોને આશ્રયે પ્રગટ થાય ? ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા ધ્રુવ એને આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? એ નિમિત્તો આત્મા સિવાય પર દેવ-ગુરુ-શાસ્ત્ર એનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન ધર્મ પ્રગટ થતો નથી. અંદરમાં દયા, દાન, વ્રતના શુભભાવ–પરિણામ થાય એનાથી ધર્મ પ્રગટ થતો નથી. અંદરમાં ધર્મ પ્રગટ્યો આત્માના અવલંબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર (પ્રગટ્યા), એને આશ્રયે ધર્મ પ્રગટતો નથી.

પહેલી તો વાત કરી. આખું દળ જ ચૈતન્ય અનંત ગુણનો પિંડ ધ્રુવ પરમાત્મા પોતે જ વસ્તુ છે. દ્રવ્ય કહો, વસ્તુ કહો, પદાર્થ કહો, શક્તિમાન અનંત સામર્થ્યવાળુ એકરૂપ તત્ત્વ આત્મા એ ભગવાનઆત્મા, જેને અહીંયા પરમપારિણામિકભાવે કહ્યો. પરમપારિણામિકભાવ એટલે જેને પર્યાયની અવસ્થાની અપેક્ષા નથી, અવસ્થા પ્રગટી કે અવસ્થા ગઈ, વિકાર પ્રગટ્યો કે વિકાર ગયો, એ કોઈ અવસ્થાની જેને અપેક્ષા નથી, એવો ભગવાનઆત્મા ધ્રુવ શાશ્વત, જેનામાં અનંત સદશ શક્તિઓનો પિંડ જે આત્મા એને અહીંયા પરમપારિણામિકભાવ કહ્યો છે. એની ભાવના, એની એકાગ્રતા, એવા દ્રવ્યસ્વરૂપની અંતર એકાગ્રતા, એ એકાગ્રતાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા ધર્મની દશા કહે છે. ધર્મ દશા વડે ધર્મીને, ત્રિકાળ ધર્મીને આશ્રયે પ્રગટેલી ધર્મ દશા વડે ધર્મી જીવ **'ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એ ચાર ભાવાંતરોનો *પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે,...**' શું કહે છે ?

ભગવાનઆત્મા પૂર્ણ નિત્યાનંદ પ્રભુ આત્મા, એને અવલંબે, આશ્રયે, આધારે જે અંતર દશા પ્રગટ થાય એવા જે સમ્યક્, નિર્મળ, દર્શન, ચારિત્ર ને જ્ઞાન, એ દશા દ્વારા પુણ્ય-પાપના ભાવ ટાળવાને એ પર્યાય સમર્થ છે. ઉપશમભાવ ધર્મની દશા પ્રગટી એનો આશ્રય કરવા લાયક એ ભાવ નથી. એથી એ ભાવ ઉપશમભાવને પરિહાર કરવા સમર્થ છે. ક્ષાયિકભાવમાં એનો આશ્રય નથી. એ ધર્મ દશાનો આશ્રય ક્ષાયિકભાવ નથી, માટે એ દશા ક્ષાયિકભાવને પરિહાર–છોડવાને સમર્થ છે અને એ ભાવ ક્ષયોપશમભાવનો આશ્રય કરતી (નથી), એ ધર્મ દશા ક્ષયોપશમભાવ વિકાસનો આશ્રય કરતી નથી, એ ભાવ આત્માના ત્રિકાળને આશ્રયે અવલંબે છે, માટે એ ભાવ ક્ષયોપશમભાવનો પરિહાર કરવા સમર્થ છે. કહો, 'જ્ઞાનચંદજી' ! આ કેવો ભગવાનનો ધર્મ ? આ શું હશે ?

કહે છે, પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ ધ્રુવ શાશ્વત જિન સ્વરૂપ જ આત્માનું દ્રવ્ય છે. દ્રવ્ય એટલે વસ્તુ. વસ્તુ એ જિન સ્વરૂપ છે, વીતરાગ સ્વરૂપ છે, પરમાનંદએકરૂપ ત્રિકાળ ધ્રુવ શાશ્વત સ્વરૂપ છે. એવો પરમાત્મા પરમ સ્વરૂપ આ ભગવાનઆત્મા ત્રિકાળ એનો આશ્રય કરતા, એનું લક્ષ કરતાં, એનું અવલંબન કરતા એનો આધાર કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ ધર્મની પ્રથમ દશા એને આધારે પ્રગટે એ ધર્મભાવ, એ ધર્મભાવ પોતાના ભાવનો પણ પરિહાર કરવાને સમર્થ છે. પછી એ ભાવ પોતાના ભાવનો પણ આશ્રય કરતો નથી. ભારે વાતું, ભાઈ ! આ. 'નગીનભાઈ' ! આ વાણી વીતરાગની, આ મૂળ તત્ત્વ વીતરાગનું, હવે એની જેને કાને વાત પડી નહિ હવે એ ધર્મ ક્યાંથી કરતો હતો ? સમજાણું કાંઈ ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એવા અનંત તીર્થંકરો વર્તમાનમાં બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન આદિ તીર્થંકરો. એ સો ઇન્દ્રની હાજરીમાં સમવસરણમાં ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભગવાન આ આત્મા ! એક એક આત્મા દરેકનો પૂર્ણ સ્વભાવથી ભરેલો (છે) એનું અંતર લક્ષ કરીને, એનો આશ્રય કરીને, એને આલંબન બનાવીને પોતાની ધર્મ દશા પ્રગટ થાય, એનો આધાર બનાવીને જે દશા પ્રગટ થાય તેને ધર્મ કહે છે. એ ધર્મ, એ ધર્મદશા ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક એવી ચાર પ્રકારની પર્યાયોનો ભાવ છે એનો આશ્રય કરતી નથી, તેથી એ દશા ચાર ભાવને છોડવાને સમર્થ છે. એ ભાવ દ્રવ્યને ગ્રહણ કરે છે, પણ એ ભાવ ચાર ભાવને (અને) પોતાને પણ છોડી દે છે. પોતાનો આશ્રય પણ એને હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ... 'મલૂપચંદભાઈ' ! કરો સામાયિક ને કરો પડિકમણા ! પણ શેના સામાયિક ને પડિકમણા ? હજી કોણ છો ? કેવડો છો ? ક્યાં છો ? એનો આશ્રય કર્યો નથી ને ક્યાંથી તારા ધર્મ આવ્યા.? 'ભગવાનભાઈ' ! આહા..હા..!

કહે છે કે આત્મા સ્વરૂપે ભગવાન પૂર્ણાનંદ વીતરાગદેવ જ સાક્ષાત્ આત્મા છે. પર્યાયમાં,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયમાં ભગવાન પ્રગટ્યા. કેવળજ્ઞાની વીતરાગ તો અવસ્થાએ પ્રગટ્યા પણ વસ્તુ તો વીતરાગ ભગવાન સાક્ષાત્ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય શાશ્વત એનું આલંબન લઈને, આશ્રય લઈને (એના) આધારે જે શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ દશા જેની ભાવના શબ્દે અહીં કીધું, એવા સ્વરૂપની ભાવના એટલે એકાગ્રતા જેને કીધું, એ એકાગ્રતાનો ભાવ એ ચાર ભાવરૂપી જે દશા - ઉપશમ, ક્ષોયપશમ, ક્ષાયિક ને ઉદય - એનો આશ્રય કરતી નથી એટલે એને છોડવાને એ ભાવ સમર્થ છે. આ એકને ગ્રહવાને સમર્થ છે ને ચારને છોડવાને સમર્થ છે. એકને ગ્રહવાને સમર્થ ને ચારને છોડવાને સમર્થ છે એમ કહે છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ ? કહો, 'જગુભાઈ' ! વાંધા ઉઠે, આમ થયું ને ... સાંભળ તો ખરો હવે તને ધર્મ કેમ થાય ? ક્યાંથી થાય ? કઈ ખાણમાંથી ધર્મ આવે ? ઇ ખાણની તો તને ખબર નથી. એ કેવડી ચીજ છે એની તો તને ખબર નથી. ધર્મ ક્યાંથી પણ લાવીશ તું ધર્મ ?

ધર્મ એટલે વીતરાગી દશા, ધર્મ એટલે વીતરાગી દશા. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ધર્મ નિર્મળ, નિર્દોષ દશા. એ નિર્દોષ દશા ક્યાંથી પ્રગટશે ? કહે છે. સમજાય છે કાંઈ ? શું સંયોગ, કર્મ, શરીરમાંથી દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી આવશે ઇ ? કે આ તારા પુણ્યના, પાપના પરિણામ થયા એમાંથી દશા થશે ? કે આ પુણ્યના પરિણામ છે એમાંથી થશે ? કે આ વર્તમાન જ્ઞાન, દર્શન ને વીર્યનો ઉઘાડ વર્તે છે એક સમયનો એમાંથી ધર્મ દશા આવશે ? સમજાય છે કાંઈ ?

ભગવાનઆત્મા ! એવી ધર્મ જે પર્યાય છે, એવી તો અનંતી અનંતી પર્યાયનો ધરનાર એક ગુણ, એવા અનંત અનંત ગુણનો ધરનાર આત્મા અને એક એક ગુણની અનંતી પર્યાય કરતાં એ ગુણમાં અનંતુ સામર્થ્ય રહ્યું છે, એવા અનંત ગુણના સામર્થ્યનું ધ્રુવરૂપ એક આત્મતત્ત્વ, એના આલંબને સમ્યક્ અને ધર્મ પ્રગટ થાય છે. એ વિના ત્રણકાળ, ત્રણલોકમાં કોઈને આશ્રયે ધર્મ પ્રગટતો નથી. કહો, 'નગીનભાઈ' ! સમજાય છે આમાં કાંઈ ? આહા..હા..! ભારે વાત, ભાઈ !

એ **'ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરો...'** ભાવાંતરો એટલે ? જે પરમ સ્વભાવભાવ ધ્રુવભાવ એ ભાવ અને ભાવાંતરો (એટલે) એ ભાવથી અનેરા ભાવ. ભાવના પણ નહિ, હોં ! ભાવના પણ ચાર ભાવમાં જાય છે. ભાવાંતર શબ્દ પડ્યો છે ને ? ભાવ પરમ સ્વભાવ ધ્રુવ, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ ભાવ, એનાથી અનેરા ભાવ. આ અંતર છે ને ? ભાવાંતર–અનેરા ભાવ. તે ભાવ ત્રિકાળ સ્વભાવ એનાથી અનેરા ભાવ ચાર છે. પુણ્ય-પાપનો ભાવ, ઉપશમ સમકિતરૂપ ભાવ, ઉપશમ ચારિત્રરૂપ ભાવ, ક્ષાયિક સમકિતરૂપ ભાવ કે ક્ષાયોશમિક દર્શન-જ્ઞાનની અવસ્થારૂપ ભાવ - એ ચારે ભાવોનો આ ભાવ, આશ્રય કરવાથી એ ભાવ, ભાવાંતરોનો પેલી ભાવનાથી એ ભાવના જે ઉત્પન્ન થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ એ આ ભાવથી અનેરા ચાર ભાવ, એને પરિહાર કરવા એ ભાવ સમર્થ છે. સમજાણું કાંઈ ? કહો, 'માંગીલાલજી' ! પેલા રાડ નાખી જાય છે, અર..ર..! આવો ભગવાનનો માર્ગ હશે ? ભગવાન વીતરાગ આમ કહે છે ? પણ તમે સાંભળ્યું છે કે દિ' વીતરાગ શું કહે છે ? 'જમુભાઈ' ! નથી સાંભળ્યું ? તમે તો ન્યાં શેઠિયા કહેવાઓ ગામમાં. આહા..હા..! બાપુ ! આ માર્ગ જ કોઈ વીતરાગ પરમેશ્વરનો અપૂર્વ માર્ગ એને કાને, એને કાને પડ્યો નથી.

કહે છે કે એ ભગવાનઆત્મા, જેમાં અનંતા અનંતા પરમાત્માની દશાઓ, સિદ્ધની દશાઓ અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ જેના સ્વભાવમાં પરિપૂર્ણ ધ્રુવ શાશ્વત એકરૂપે રહેલી અનંતી શક્તિનું આખું તત્ત્વ ભગવાન, એવો જે આત્મા એને અહીં આત્મા કહેવામાં આવે છે. એ આત્માની અંતરમાં એકાગ્ર થતાં જે દશા ધર્મની સમ્યગ્દર્શન આદિ થાય તે ભાવ આ પાંચમો જે આ ભાવ જે છે પંચમભાવ, એને આશ્રયે પ્રગટેલો ભાવ ભાવાંતર એટલે પંચમ ભાવથી અનેરા ચાર ભાવ, એનો આશ્રય કરીને છોડે છે, માટે ચારને છોડવા તે ભાવ સમર્થ છે. આહા..હા..! હજી તો યાદ રાખવું આ શું કહે છે એ. 'માંગીલાલજી' ! શેની વાત ચાલે છે આ ? શાશ્વત, શાશ્વત.

**'ચાર ભાવાંતરોનો...'** અને તે ભાવનાથી, એ પારિણામિકની ભાવાનાથી અતિ-આસન્નભવ્ય જીવ, અતિ-આસન્નભવ્ય જીવ, આ ભાવનાથી, ચાર ભાવનો પારિણામિક ભાવ સિવાય ... ચાર ભાવનો પરિહાર કરવા અતિ-આસન્નભવ્ય–અલ્પ કાળમાં જેને મુક્તિ છે, એવો જીવ આ આલંબનના ભાવથી ઉત્પન્ન થયેલા ભાવથી ચાર ભાવને છોડવાને સમર્થ્ય છે, ચાર ભાવનો આશ્રય કરવાને લાયક છે નહિ. હવે એની નીચે વ્યાખ્યા કરી, જુઓ !

**'અહીં ચાર ભાવોના પરિહારમાં...'** નીચે નોટ છે. **'ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે...'** ભગવાનઆત્મા નિત્યાનંદ પ્રભુ, એનો આશ્રય કરવો એક જ વાત લીધી છે. એમાં ક્ષાયિક દશા પ્રગટે, ક્ષાયિક સમકિત પ્રગટે આદિ દશા જે એ છે એનો પણ ત્યાગ કરવાનું કહ્યું છે. શુભભાવ દયા, દાનનો એ તો રાગ મંદ એનો તો ત્યાગ કરવાનું છે, પણ ક્ષાયિક દશાનો ત્યાગ કરવાનું આમાં કહ્યું છે.

**'તેનું કારણ આ પ્રમાણે છેઃ શુદ્ધાત્મદ્રવ્યનું જ...'** શુદ્ધાત્મદ્રવ્ય વસ્તુ ભગવાન પૂર્ણ એટલે કે અંશીનું જ. એ અંશી કહો કે દ્રવ્ય કહો, પરમ સ્વભાવ કહો. પહેલો જે પરમપારિણામિકભાવ કહ્યો એ. પરમ સ્વભાવ ધ્રુવ ભાવ જે શુદ્ધાત્મ દ્રવ્યનું જ એટલે કે અંશીનું જ આલંબન લેવાથી ભગવાન શુદ્ધ અંશી ત્રિકાળ. ક્ષાયિકભાવ પણ એક અંશ છે, ક્ષાયિકભાવ પણ એક અંશ છે, કેવળજ્ઞાન પણ એક અંશ છે, અંશી નથી. ત્રિકાળ વસ્તુ નથી. સમજાણું કાંઈ ? કેવળજ્ઞાન પણ એક સમયનો અંશ છે, બીજે સમયે નવો પ્રગટે, ત્રીજી સમયે નવો પ્રગટે. કેવળજ્ઞાન તે પર્યાય છે, અવસ્થા છે, ક્ષાયિકભાવની ભલે પર્યાય છે પણ છે અંશ છે. અંશી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલે ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ એને અહીંયા શુદ્ધ આત્મા પરમપારિણામિકભાવ અથવા અંશી કહેવામાં આવ્યો છે.

અંશીનું જ **'આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યા પ્રગટે છે.'** સમજાણું કાંઈ ? કોઈ કહે ને ભાઈ ! ક્ષાયિક સમકિત તો ભગવાનના સમીપે પ્રગટે છે. આવે છે ને ? 'ગોમટ્ટસાર' આદિમાં. શ્રુતકેવળીઓ અને કેવળીની સમીપે ક્ષાયિક સમકિત પ્રગટે. અહીં કહે છે કે એ વાત તો નિમિત્તના કથનો છે. ભગવાનઆત્માના અવલંબનથી જે પર્યાય પ્રગટે એ આધાર આત્માને લઈને ક્ષાયિકભાવ પ્રગટે છે, નિમિત્તને લઈને નહિ. અને ક્ષાયિકભાવ જે સમકિત થયું એને આશ્રયે નવી ચારિત્રની શુદ્ધિ પર્યાય પણ એને આશ્રયે થતી નથી. સમજાણું કાંઈ ? વાત શું કહે છે આ ?

સર્વજ્ઞ પરમેશ્વર કહે છે કે પ્રભુ તું પૂરો છો, હોં ! અંદર. શાશ્વત તત્ત્વ છે, એનો આશ્રય લે, એનું આલંબન લે, એમાં દૃષ્ટિ દે, એમાં એકાકાર થા. એવો જે ભાવ એકાકાર થયેલો તેને ધર્મ કહે છે. એ જ ધર્મ આસન્ન–નિકટમાં જેની મુક્તિ છે એવો એ જીવ એ ભાવ વડે આત્માના પરમપારિણામકિ સિવાયના ચાર ભાવોમાં ક્ષાયિકભાવની પર્યાયનો પણ એ પરમ સ્વભાવને આશ્રયે પ્રગટેલો ભાવ પરિહાર કરવા, છોડવા, ત્યાગવા સમર્થ છે. કેમ ? કે ક્ષાયિકભાવ શુદ્ધ પર્યાય પ્રગટે છે.

**'ક્ષાયિકભાવ એટલે શુદ્ધ પર્યાયનું એટલે (વિશેષનું) અંશનું આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય કદી પ્રગટતો નથી.'** આહા..હા..! કેવળજ્ઞાનનો પર્યાય કે ક્ષાયિક સમકિતની દશા, એ ક્ષાયિક સમકિતની દશા વર્તમાન ક્ષાયિક બીજો ભાવ હોય એનાથી પણ પ્રગટતી નથી. કેવળજ્ઞાનની દશા એ ક્ષાયિક સમકિતના અંશને આશ્રયે પણ પ્રગટતી નથી. એ કેવળજ્ઞાનની દશા અંશી એવો ભગવાન ત્રિકાળ ધ્રુવ એને આશ્રયે પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? પેલા તો હજી ઘુંચાણા બહારમાં. પેલા કહે, આનાથી થાય ને આનાથી થાય. પાપથી ન થાય ને પુણ્યથી ધર્મ થાય. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગથી ન થાય પણ દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત આ ભગવાનની જાત્રા-બાત્રાથી ધર્મ થાય. ધૂળ એ ધર્મ કાંઈ ન થાય, સાંભળ. સમજાણું કાંઈ ? એ બધા વિકલ્પોનો વિકાર છે. પણ એ વિકારના કાળમાં જે જાણવાની દશા છે એને આશ્રયે પણ ધર્મ થાય નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! વીતરાગ પરમેશ્વર આમ કહે છે અને જ્યાં સુધી એ શ્રદ્ધા ન કરે ત્યાં સુધી દેવ, ગુરુ ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે ? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ? 'શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરે, છાર પર લિંપણું તેહ જાણો.' રાખ ઉપર જાય છે. રાખ, રાખ. રાખ સમજો છો ? ઉપર લીપણા કરે. ધૂળ પણ નહિ થાય, પોપડા ઉખડશે.

ભગવાન દેવ, ગુરુ ને શાસ્ત્ર તો આમ કહે છે, દેવ, ગુરુ ને શાસ્ત્ર તો એમ કહે છે કે પૂર્ણ ધ્રુવ સ્વરૂપ જે ધ્રુવ શાશ્વત છે–આ તારો આત્મા–એને આશ્રયે અંદરમાં એકાકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થતાં સમ્યગ્દર્શન ને ધર્મ પ્રગટે. હવે તું એ રીતે તો માનતો નથી. એટલે દેવ, ગુરુ, શાસ્ત્રને પણ તું માનતો નથી. બરાબર છે ? 'માંગીલાલજી' ! દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા નથી. 'દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે ? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ?' એ વસ્તુ ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ એને આશ્રયે, અવલંબે, આધારે ધર્મ થાય છે એવી શ્રદ્ધા પ્રગટ ન કરે એને દેવ-ગુરુ-શાસ્ત્રની પણ શ્રદ્ધા છે નહિ. સમજાણું કાંઈ ? એ દેવમાંથી એવો અર્થ કાઢે છે. ભગવાનને આમ કહ્યું છે, ભગવાને આમ કહ્યું છે પણ ભગવાનને આ કહ્યું છે. સમજાણું કાંઈ ? 'જગુભાઈ' !

કહે છે કે **'ક્ષાયિકભાવનું - શુદ્ધ પર્યાયનું (વિશેષનું) - આલંબન કરવાથી ક્ષાયિકભાવરૂપ પર્યાય કદી પ્રગટતો નથી. માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે.'** આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ, અહીં આલંબન શબ્દ કેમ વાપર્યો ? આત્મ સ્વરૂપનું આલંબન છે ને ? આત્મારૂપનું આલંબન છે એની સામે ક્ષાયિકનું આલંબન, તેનો ત્યાગ. **'તેને અહીં ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવે છે.'** સમજાણું આમાં ? શાસ્ત્રને સમજવા હજી કઠણ એને. આત્મા હોય એ સમજી શકે, આ અતિ-આસન્નભવ્ય સમજી શકે. જુઓ ! લખ્યું છે કે નહિ અંદર ? આ સમજાવવા માટે કહ્યું છે કે ન સમજનારને કહ્યું છે ?

હે આત્મા ! તારી વર્તમાન દશાના લક્ષને છોડ, પુણ્ય-પાપના લક્ષને છોડ, નિમિત્તના આશ્રયને છોડ. એક સ્વરૂપે ભગવાન પરમાનંદ શાશ્વત વસ્તુ તું છો, તેનું લક્ષ કર. તેનું આલંબન લે, તેનો આશ્રય કર, તેને આધારે તને વર્તમાન ધર્મની દશા પ્રગટ થશે. તે સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં કોઈ બીજે આશ્રયે ધર્મ થાય એ વીતરાગ માર્ગમાં, સર્વજ્ઞના માર્ગમાં નથી. અજ્ઞાનીએ માનીને કલ્પ્યું હોય તો એના માર્ગમાં, અજ્ઞાનમાં છે. કહો, 'મોહનભાઈ' !

**'અહીં એમ ઉપદેશ્યું કે - પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો,...'** સમજાણું ? પર દેવ-ગુરુ-શાસ્ત્રના આલંબને સમકિત થાય એ તો દૂર રહો, પરભાવ પુણ્ય-પાપના ભાવનું આલંબન તો દૂર રહો, **'મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું), ઔપશમિકભાવોનું (જેમાં કાદવ નીચે બેસી ગયેલ હોય એવા જળ સમાન ઔપશમકિ સમ્યક્ત્વાદિનું), ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું) તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્થા શુદ્ધ પર્યાયોનું) પણ આલંબન છોડવું;...'** સમજાણું કાંઈ ? આહા..હા...! હજી પેલાને આલંબનના વાંધા છે. કહે છે, ભગવાનની પ્રતિમાનું આલંબન છે. પેલો કહે તું આલંબન છોડે તો ... પણ એ તો શુભભાવમાં આલંબન છે, ધર્મમાં નહિ. એ..ઇ..! એ તો જ્યારે સ્વરૂપમાં ઠરી શકતો નથી ત્યારે શુભભાવ હોય છે, અશુભથી બચવા એ શુભભાવમાં એ ભગવાનનું નિમિત્ત કહેવાય છે, નિમિત્ત કહેવાય છે. ધર્મમાં એ નિમિત્ત ને આલંબન છે (એમ) ત્રણકાળ, ત્રણલોકમાં વીતરાગ માર્ગમાં નથી.

**શ્રોતા :–** ..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ કહે છે, તમારે ખુલ્લું નહોતું કરવું. આ 'મલૂપચંદભાઈ' ને મંદિર કરાવવાનું છે એટલે થોડો થોડો ભોગ આપવો, નહિતર સાવ છોડી દેશે ! સત્યમાં રહેશે સત્યનું વીર્ય કે અસત્યમાં રહેશે સત્યનું વીર્ય ? સમજાય છે કાંઈ ?

ભગવાન સર્વજ્ઞદેવનો આ પોકાર અનાદિનો છે. આ ગોપવી રાખવાની વાત છે ? સર્વજ્ઞદેવ ત્રિલોકનાથે કહ્યું તે ગણધરોએ ગૂંથ્યું, એ પરંપરાએ આ શાસ્ત્રમાં આવ્યું છે કે હે ભાઈ ! હે આત્મા ! તારો આત્મા વસ્તુ એને કહીએ કે જેની એક સમયની ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તમ જે સત્ કહ્યું એ માહેલા વર્તમાન ઉત્પાદ-વ્યય અંશનું લક્ષ છોડી દઈ અંશી જે ધ્રુવ ત્રિકાળ દ્રવ્ય છે એનું લક્ષ ને આશ્રય કર તો ધર્મની દશા પ્રથમમાં પહેલી પ્રગટશે, એ વિના ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય કોઈને આશ્રયે ધર્મ થાય એ વાત વીતરાગ માર્ગમાં, ત્રણકાળમાં પરમેશ્વરે જાણી નથી, વસ્તુમાં છે નહિ, શાસ્ત્રે કહી નથી. સમજાણું કાંઈ ?

**'અહીં એમ ઉપદેશ્યું કે...' 'તેમ જ ક્ષાયિકભાવોનું પણ આલંબન છોડવું; માત્ર પરમપારિણામિકભાવનું - શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્યનું - આલંબન લેવું.'** એકરૂપ ભગવાન સામાન્ય. સામાન્ય એટલે સદેશ શક્તિરૂપ, પલટવાની દશા વિના એકરૂપ ધ્રુવ સ્વરૂપ છે એને સામાન્ય કહે છે. દશાને વિશેષ કહે છે, એવા સામાન્યનું આલંબન લેવું, **'તેને આલંબનારો ભાવ જ મહાવ્રત,....'** તેને આલંબનારો ભાવ જ મહાવ્રતરૂપ છે. શું કીધું ? છેલ્લે કીધું છે ને પાછળથી ? એમાંથી કીધું, એની વ્યાખ્યા કરે છે. શું કહે છે, જુઓ ! એ ટીકા કરી.

**'આસન્નભવ્ય જીવ સમર્થ છે, તેથી જ તે જીવને....'** એટલે ? પરમ ભગવાન ભાવ સ્વભાવ ધ્રુવ એનો જેણે અંતર આશ્રય લીધો એવા આસન્નભવ્ય જીવને. **'પાપાટવીપાવક (-પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ) કહ્યો છે;...'** તે જીવને. પુણ્ય ને પાપ બધા પાપ છે. એ શુભ ને અશુભ બધા પાપ છે. આહા..હા..! એ તો સવારે આવ્યું હતું. આવ્યું હતું કે નહિ ? 'પાપ ને પાપ તો સહુ કહે પણ જ્ઞાની પુણ્યને પાપ કહે છે' સાંભળને. સમજાણું કાંઈ ? આવ્યું હતું ને સવારમાં ?

**'આમ હોવાથી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત આલોચના વગેરે બધું ધ્યાન જ છે...'** અંતરમાં એકાગ્રતા, આનંદકંદમાં એકાગ્રતા થાય એને મહાવ્રત કહ્યા છે. આ દયા પાળવાનો વિકલ્પ-ફિકલ્પ ને એને મહાવ્રત ભગવાને કહ્યા નથી. આહા..હા..! અહિંસા, મહાવ્રતમાં પહેલો બોલ. પંચ મહાવ્રત છે ને ? આમ હોવાથી **'બધું ધ્યાન જ છે.'** એટલે કે આત્મા ભગવાન ધ્રુવ સ્વરૂપ શાશ્વત એનો આશ્રય કરીને અરાગી દશા જે અહિંસક દશા. અરાગી દશા, રાગ વિનાની, પુણ્ય પરિણામ વિનાની આત્માના ત્રિકાળને આશ્રયે અરાગની દશા પ્રગટે તેને ભગવાને અહિંસા મહાવ્રત કહ્યું છે. શુભ વિકલ્પ ને વ્યવહાર મહાવ્રત કહ્યું છે, જો આવું નિશ્ચય હોય તો. આ નિશ્ચય જ્યાં નથી તેને વ્યવહાર પણ હોતો નથી. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા પરમ સ્વરૂપે બિરાજમાન તત્ત્વ, એનો આશ્રય લઈને જે અહિંસા–રાગ વિનાની દશા પ્રગટી એને ભગવાન અહિંસા કહે છે, એને ભગવાનઆત્માના પરમ સ્વભાવનું ધ્યાન કહે છે. ધ્યાન એટલે એકાગ્રતા. પેલામાં ભાવના લીધી હતી ને ? એને અહીં ધ્યાન લીધું એટલે એકાગ્રતા. વસ્તુ ભગવાનઆત્મા શુદ્ધ સત્ત્વ તત્ત્વ પ્રભુ એમાં એકાગ્રતા એ રાગ વિનાની, વિકલ્પ વિનાની, પુણ્યના પરિણામ વિનાની સ્વભાવની એકાગ્રતા, તેને ભગવાન અહિંસા મહાવ્રત કહે છે, એને સત્ય મહાવ્રત કહે છે.

ધ્રુવ શાશ્વત આત્મા એના આલંબનથી પ્રગટેલી પરમ સત્યની નિર્મળ ધારા, અરાગી વીતરાગી પર્યાય, તેને ભગવાન સત્ય મહાવ્રત કહે છે, એને અચૌર્ય મહાવ્રત કહે છે. એને વિકલ્પ પણ છોડ્યો નથી. ભગવાનઆત્મામાં પૂર્ણાનંદ ધ્રુવ શાશ્વત છે એનું આલંબન લઈને અંતરમાંથી નિર્વિકારી દશા પ્રગટ કરી એને ત્રીજું અચૌર્ય મહાવ્રત કહે છે. આહા..હા..!

બ્રહ્મચર્ય મહાવ્રત–બ્રહ્માનંદ ભગવાન પૂર્ણાનંદ શાશ્વત આત્મા, એમાં એકાકાર થઈને આનંદની, આનંદની, અતીન્દ્રિય આનંદની બ્રહ્મમાંથી કાઢીને દશા–વીતરાગી પર્યાય પ્રગટ કરી, એને ભગવાન ચોથું મહાવ્રત કહે છે. અને એ અપરિગ્રહ સ્વરૂપ ત્રણે કાળમાં પરથી રહિત એવું શુદ્ધ સ્વરૂપ ધ્રુવ, એનો આશ્રય કરીને વીતરાગી રાગ વિનાની નિર્દોષ દશા, પવિત્ર દશા, નિર્મળ આનંદપૂર્વકની દશા પ્રગટ થઈ તેને ભગવાન પાંચમું મહાવ્રત કહે છે. પાંચ મહાવ્રત આ છે. 'જ્ઞાનચંદજી' ! લોકો તો ક્યાંના ક્યાં... આ જીવને ન માર્યો આ મહાવ્રત થઈ ગયા. પણ તારો જીવ મરી જાય છે અંદર એ ? આખો શાશ્વત તત્ત્વનો તું અનાદર કરે છે અને પુણ્યના પરિણામનો આદર કરે છે, એ જ આત્માના શાશ્વત સુખની હિંસા થાય છે. સમજાણું કાંઈ ?

**'પાંચ સમિતિ,...'** લ્યો ! એવા જીવને... ભગવાન પરમ સ્વભાવ પ્રભુ આત્મા એના આલંબનથી પ્રગટેલી દશા, એને પાંચ સમિતિ કહે છે. ઈર્યા સમિતિ. જોઈને ચાલવું કે મારવાની ક્રિયા આત્મામાં છે જ નહિ. એ..ઇ..! 'માંગીરામજી' ! આ તો જડ છે. દેહની ચાલવાની ક્રિયા માટીની ક્રિયા છે, અજીવની ક્રિયા છે. એ સમિતિ નથી. ધ્યાન રાખે કે બીજાને દુઃખ ન દેવું એ વિકલ્પ, રાગ છે, ઈર્યા સમિતિ નહિ. ભગવાનઆત્મા પૂર્ણ શાશ્વત પ્રભુ પરમ સ્વભાવ, એમાં એના પંથે અંદરમાં એકાકાર થવું એવી વીતરાગી દશાને ઈર્યા સમિતિ કહે છે. પાઠમાં એ છે કે બધું ધ્યાન જ છે. પરમપારિણામિકનું આલંબન લઈને જે ભાવ પ્રગટ્યો એ બધા ભાવને છોડવા સમર્થ છે અને તે જીવની ધ્યાનની દશા, તેને આ બધા મહાવ્રત ને સમિતિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

એમ ભાષા એષણા સમિતિ. એષણા એટલે ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ, એને અંતરમાં એકાકાર થઈને શોધવો. વીતરાગી દશા દ્વારા એષણા–શોધવો એવી વીતરાગી દશાને એષણા સમિતિ કહે છે. કહો, સમજાણું ? અને શુદ્ધ સ્વરૂપને ગ્રહવું, રાગનું છૂટી જવું એનું નામ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આદાનનિક્ષેપણ સમિતિ કહે છે. પૂર્ણાનંદના ધ્રુવ સ્વરૂપને ગ્રહવું અને રાગનું, વિકલ્પનું છૂટી જવું એવી અંતર પરમ સ્વભાવને આશ્રયે પ્રગટેલી દશા, એને ભગવાન ચોથી સમિતિ આદાનનિક્ષેપણા કહે છે. પાંચમી .... છોડવું. એટલે કે ભગવાનઆત્મા પરમ ધ્રુવ સ્વભાવ એનો આશ્રય કરીને પ્રગટેલી નિર્મળ દશા એ દ્વારા વિકલ્પનો નાશ થવો, એવી દશાને ભગવાન પાંચમી સમિતિ કહે છે. એ પાંચે સમિતિ આત્માના સ્વભાવની એકાગ્રતારૂપ ધ્યાન છે. સમજાણું કાંઈ ? આહા..હા..! આખા જૈનની વ્યવહારની વાતું ઊંચી બધી મોકાની ! ... પર્યાય નિર્મળ એનું નામ આ છે. આહા..હા..! ....

**'ત્રણ ગુપ્તિ,...'** મન, વચન ને કાયાના વિકલ્પથી રહિત થઈ, ભગવાનઆત્મા ધ્રુવ શાશ્વત પ્રભુ એને આશ્રયે નિર્વિકલ્પ દશા પ્રગટ થવી તેને ત્રણ ગુપ્તિ (કહે છે), ધ્યાન દશાને ત્રણ ગુપ્તિ કહે છે.

**'પ્રત્યાખ્યાન,...'** પચખાણ પણ આત્મા શાશ્વત ધ્રુવ, એમાં એકાકાર થઈને વીતરાગી દશાનું પ્રગટવું એને ભગવાન પ્રત્યાખ્યાન-પચ્ચખાણ કહે છે. બાકી બધા થોથા પચ્ચખાણના છે. સમજાણું કાંઈ ?

**'પ્રાયશ્ચિત,...'** પ્રતિક્રમણ ને એ બધું આવી ગયું. પ્રાયશ્ચિત. પ્રતિક્રમણ આવી ગયું જુદું. પ્રાયશ્ચિત. અધિકાર પ્રાયશ્ચિતનો ચાલે છે ને ! આ પ્રતિક્રમણ પણ એને કહે છે ભગવાન. ધ્રુવ શાશ્વત વસ્તુ એમાં એકાકાર થઈ વીતરાગી દશા પ્રગટ થાય, તેને ભગવાન પ્રતિક્રમણ ત્રિલોકનાથ પરમેશ્વર કહે છે. બાકી આ પડિકમણાનો વિકલ્પ ઉઠ્યો મિચ્છામી દુક્કડમ એ શુભ પરિણામ પુણ્ય છે એ કાંઈ સાચું પડિકમણું નથી. પ્રાયશ્ચિત-ભગવાન પ્રાયશ્ચિત સ્વરૂપ જ છે આત્મા. બધા પ્રત્યાખ્યાન સ્વરૂપ જ છે, હોં ! ત્રિકાળ ... આહા..! એવો ભગવાનઆત્મા પ્રાય-જ્ઞાન સ્વરૂપે બિરાજમાન પ્રભુ ત્રિકાળ, એનું અવલંબન લઈને, આશ્રય લઈને એને આધારે નિર્દોષ, નિર્વિકારી પરિણતિ વિકાર વિનાની પર્યાય પ્રગટે એને ભગવાન પ્રાયશ્ચિત કહે છે.

**'આલોચના...'** સંવર. આલોચવું એટલે જોવું એ ભગવાનઆત્મા ત્રિકાળ ધ્રુવ છે એને જોતા એકાગ્ર થાય એને ભગવાન આલોચના ને સંવર કહે છે. આ **'વગેરે બધું ધ્યાન જ છે.'** આ જેટલી વીતરાગ માર્ગમાં ધર્મની પર્યાયના નામો આવતા હોય એ બધું આત્માની એકાગ્રતાના ધ્યાનમાં સમાય છે. સમજાય છે કાંઈ ? **'વગેરે બધું...' 'માત્ર પરમપારિણામિકભાવનું-શુદ્ધાત્મદ્રવ્યનું-આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, પ્રતિક્રમણ, આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત, વગેરે બધું છે.'** નીચે અર્થમાં (છે). સમજાણું કાંઈ ? ભાર વાત, ભાઈ ! આવું તે વીતરાગ જૈન પરમેશ્વર આમ કહે છે ? પણ જૈન પરમેશ્વર સિવાય બીજે માર્ગ છે ક્યાં ત્રણકાળમાં ? સમજાય છે કાંઈ ? ત્રણકાળ, ત્રણલોકમાં અન્યમાં ક્યાંય માર્ગ, બાર્ગ આ છે નહિ. વેદાંત ને ફેદાંત ને આત્મા આવો છે, આવો છે... એ બધા કલ્પનાના ઘોડા છે. આ તો વસ્તુનું સ્વરૂપ ભગવાને જેવું જાણ્યું એક એક આત્મા કેવળજ્ઞાન પામીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેવું જાણ્યું અને જેવું સ્વરૂપ હતું એવું વાણીમાં આવ્યું. સમજાણું કાંઈ ?

**'(અર્થાત્ પરમપારિણામિક ભાવની ભાવનારૂપ જે ધ્યાન...'** જોયું ? બે એક કરી નાખ્યું. પહેલા ભાવના ભાવે કીધું હતું ને પાઠમાં ? એને ચોથા પદમાં ધ્યાન કીધું. **'ભાવનારૂપ જે ધ્યાન તે જ મહાવ્રત-પ્રાયશ્ચિત્તાદિ બધુંય છે).'** કૌસમાં નીચે છે નોટમાં. **'(આત્મસ્વરૂપનું આલંબન,...'** મૂળ પાઠ છે ને ? **'अप्पसरूवालंबण'** ભગવાન ધ્રુવ સ્વરૂપ પ્રભુ, જેમાં દૃષ્ટિ દેવાથી, જેમાં એકાકાર થવાથી ધર્મ પ્રગટે એવો જે ભગવાન, એના સ્વરૂપનું આલંબન. **'આત્મસ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા,...'** બધું એકાર્થ છે. **'આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક, આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના, 'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી (અવસ્થા) પરિણતિ - એ બધાનો એક અર્થ છે.'** એ બધાનો એક જ અર્થ છે. ભારે આવ્યું, ભાઈ ! આજ એક કલાકનું આખું બધું માણસને ધારવું કઠણ પડે. આહા...!

***આ વીતરાગ શાસનનો માર્ગ આ છે. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવ, એનું કહેલું માખણ તત્ત્વ જ આ છે. બાકી બધા વ્યવહાર વિકલ્પ ઉઠે એ બધા પુણ્યબંધના કારણ છે, એ કાંઈ વીતરાગ ધર્મ છે નહિ, એમ કહે છે.*** પંડિતજીએ નીચે ઘણો બધો ખુલાસો કર્યો. આમાં અધિકાર આવશે ને બધા એ બધી પર્યાયો છે, એમ કહે છે.

**શ્રોતા :–** ટીકા તો થોડી છે, ખુલાસો લાંબો થયો !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ખુલાસા વિના સમજાય શી રીતે ? આહા..હા..! ચોપડા કેમ જોયા કરે છે આખા વર્ષના વર્ષ દરરોજ ? દિવાળી આવે ત્યારનો જોવા મંડે વીસ દિ'થી. પેલા શું કહેવાય ? દસેરા આવે ત્યારથી. એ.. 'ધીરૂભાઈ' ! કાંઈ ન મળે .... પણ માથાકૂટ કર્યા કરે એમાં.

**શ્રોતા :–** રોકાડા છાતી ઉપર છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રોકડા છાતી ઉપર છે–ભાર. આ તો હળવા થવાની વાત છે. બાપુ !

ભગવાન અંદર બિરાજમાન ચૈતન્ય પ્રભુ સાક્ષાત્ જેવા અરિહંત છે જિન પરમાત્મા એવો તારો સ્વભાવ અંદર છે. એને અવસ્થામાં પ્રગટ્યો છે અને તારે સ્વભાવરૂપ પડેલો છે. સમજાણું કાંઈ ? એવો ભગવાન નિત્યાનંદ પ્રભુ આત્મા ધ્રુવ, ધ્રુવ, સત્ શાશ્વત વસ્તુ એમાં એકાકાર થઈને જે દશા પ્રગટે એને પછી મહાવ્રત કહો, સમિતિ કહો, ગુપ્તિ કહો, પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો, પચ્ચખાણ કહો, પ્રાયશ્ચિત કહો, આલોચના કહો, સંવર, આ એને નિર્જરા કહો, પણ એ ત્રિકાળ જ્ઞાયકભાવને એકાકાર થઈને જે દશા પ્રગટી એને ભગવાન ધર્મ કહે છે. સમજાણું કાંઈ ? ગાથા તો બહુ ઊંચી છે, ભાઈ ! ૧૧૯ છે. સમજાણું ? આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત કરી નાખ્યું. ભગવાનના અવલંબે, અંદરનો પરમાત્મા, એને આશ્રયે બધું પ્રાયશ્ચિત છે, કારણે કે પ્રાયશ્ચિત પોતે આત્મા છે, એમ કહે છે. એમ કહી ગયા છે ને. આહા..હા..! જે નિર્મળ દશા પ્રગટે ધર્મની એ દશા ક્યાં પડી છે ? રાગમાં છે ? પુણ્યમાં છે ? કર્મમાં-શરીરમાં છે ? બહારની પર્યાય જડમાં છે ? અંદર શક્તિમાં પડી છે. પૂર્ણાનંદ પ્રભુમાં એકાકાર થઈને, અવલંબન લઈને, એનો આશ્રય કરીને અંદર ઠર્યો, કહે છે કે એ દશાને તારે કહેવું હોય એમ કહે. મહાવ્રત કહો, પચ્ચખાણ કહો, સમિતિ કહો, ધ્યાન કહો, મોક્ષનો માર્ગ કહો, સમકિત કહો, સમ્યગ્જ્ઞાન કહો, ચારિત્ર કહો, એ બધી આ દશા આત્માના અવલંબે પ્રગટે તે દશા ધર્મ છે. એ વિનાના કોઈ વિકલ્પાદિ ઉઠે એ બધું પુણ્ય ને બંધનું કારણ છે, એ કાંઈ ધર્મ-બર્મ છે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**અરે ભાઈ ! તું વિચાર તો કર કે તું કોણ છો ? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધાં ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા ! જૈનદર્શન આકરું બહુ ! પણ અપૂર્વ છે અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નથી. કેમ કે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા ! ભાઈ ! માર્ગ આકરો છે, અચિંત્ય છે, અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ – એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૬૧)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૭૬, પ્રવચન નં. ૧૬૪
## તા. ૦૯-૧૦-૧૯૭૯
## [૮]

**'એ પુદ્ગલકર્મને જાણતા...'** એટલે ? - કે આત્મામાં થતાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિના પરિણામ કે પંચ મહાવ્રતના પરિણામ કે ભગવાનની સ્તુતિના પરિણામ - એ પરિણામ પુદ્ગલકર્મનું કાર્ય છે. આહા..હા..! આવી વાત છે. પુદ્ગલકર્મનું એ કાર્ય છે. એ પુદ્ગલકર્મમાં, **'પુદ્ગલકર્મને જાણતા એવા જીવને...'** આહા..હા..! એ શુભ-અશુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ એ બધા પુદ્ગલનું કાર્ય છે, જીવનું નહિ. આહા..હા..! એ પુદ્ગલના કાર્યને, પુદ્ગલકર્મ એટલે કાર્ય આહા..! આકરી વાત પડે. ***ભગવાનની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ, દેવ-ગુરુની પ્રશંસા, વિનય આદિનો ભાવ એ બધો રાગ છે અને એ રાગ પુદ્ગલનું કાર્ય છે. આહા..હા..! કેમકે ભગવાનઆત્મા તો જ્ઞાયક છે, એ જ્ઞાયકને વિકારી પરિણામ કેમ હોય ? અવિકારી ભગવાનઆત્મા એને વિકારી પરિણામનું કાર્ય કેમ હોય ? આહા..હા..! એ વિકારી પરિણામનું કાર્ય તો પુદ્ગલનું છે, કહે છે. આહા..! ગજબ વાત છે.***

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પુદ્ગલ છે. ***વિકારી પરિણામ પુદ્ગલનું જ કાર્ય છે,*** એમ. પછી પુદ્ગલ અભેદ કરીને કહે છે. આહા..હા..! એને **'જાણતા એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નથી ?'** એટલે કે શું પૂછ્યું ? જ્યારે એ પુણ્યના ભાવ દયા, દાન, ભક્તિ, વ્રત આદિના ભાવ થાય છે એ પુદ્ગલનું કાર્ય છે એને જાણે તો છે આત્મા. એટલો તો સંબંધ છે, કહે છે. આહા..હા..!

**'જાણતા એવા જીવને...'** જાણે છે એવા જીવને. જાણે છે એવા જીવને પુદ્ગલ સાથે કર્તાકર્મપણું (છે કે નહિ ?) જાણે છે ને એની સાથે ? એને જાણે છે તો **'જાણતા એવા જીવને પુદ્ગલ સાથે...'** એટલે શુભ-અશુભભાવ સાથે કર્તાકર્મપણું છે કે નથી ? આવો પ્રશ્ન છે. આવી વાત છે, બાપા ! આહા..હા..! **'તેનો ઉત્તર કહે છે :–'** આવો જેને અંદરમાં જિજ્ઞાસા પ્રશ્નનો થયો છે, આ શું કહો છો આ તમે ? આહા..હા..! અરે..! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, સ્તુતિ, વંદન એ પરિણામ પુદ્ગલના કાર્ય ? અને તેને જાણતો, જાણવાનો સંબંધ તો છે. આહા..હા..! જાણતા, જાણવાનો સંબંધ છે, તો જાણવાનો સંબંધ છે તો એની સાથે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોઈ કર્તાકર્મ છે કે નહિ ? એમ શિષ્યનો આવો ગંભીર પ્રશ્ન છે. આહા..હા..!

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

**'ण वि परिणमदि ण गिह्णदि'** આહા..હા..! વિકારથી લીધું છે, **'परिणमदि'** વિકારથી લીધું છે. **'गिह्णदि'** પ્રાપ્ય છે. **'उप्पज्जदि'** નિવૃત્ત છે. પણ અહીં સામાન્ય કર્તાકર્મ કહ્યું એમાં નિવૃત્તિ, વિકાર ને પ્રાપ્ય કર્યું છે. આના ભાવાર્થમાં ભર્યું છે ને જરીક. **'ण वि परिणमदि'** એ પુણ્યના પરિણામ છે, પરદ્રવ્ય પર્યાય છે. આહા..હા..! 'પ્રેમચંદભાઈ' ! આવી વાતું છે, બાપા ! આહા..હા..! દયા, દાન, ભક્તિ, ભગવાનના પરિણામ સ્તુતિ, વંદન એ પરદ્રવ્ય પર્યાય છે. આહા..હા..! **'णाणी जाणंतो'** જ્ઞાની એને જાણવાનો વ્યવહાર જ્ઞેય જ્ઞાયક સંબંધ છે. આહા..હા..! **'जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविह'** આને જાણતો પણ તે પરદ્રવ્યમાં પોતે ઉપજતો નથી. પરદ્રવ્યની પર્યાયને જાણતા છતાં પરદ્રવ્યની પર્યાયને કરતો નથી. નીચે હરિગીત :

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

આહા..હા...! ગાથામાં પહેલું વિકાર્ય લીધું છે, પછી પ્રાપ્ય લીધું છે ને પછી નિર્વર્ત્ય લીધું છે. સમજાય છે કાંઈ ? અને ટીકામાં એનું યથાર્થપણું એવું છે કે પહેલું પ્રાપ્ય લીધું છે. એટલે ? કે પુદ્‌ગલ જે છે કર્મ ને શરીર, બન્ને અહીં તો લીધું છે ને, એ કર્મ અને શરીર એના જે સમયે પર્યાય થવાની રાગની, ભક્તિની, સ્તુતિની તે તેનું પ્રાપ્ય છે. એટલે ? તે પુદ્‌ગલ છે તે તેના રાગના, ભક્તિના ભાવને પ્રાપ્ય નામ ગ્રહે છે, એ એને ગ્રહે છે. ઝીણી વાત છે આજની, આ દરરોજની ઝીણી જ છે અહીં તો. આહા..હા..!

**'પ્રાપ્ય...'** એ પુદ્‌ગલ જે છે, શરીર અને કર્મ, એની જે પર્યાય અહીંયા રાગ ભક્તિ આદિ ભગવાનની, એના જે પરિણામ એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે, પુદ્‌ગલનું ધ્રુવ છે. પુદ્‌ગલનું તે સમયે રાગ તે ધ્રુવ ઉત્પન્ન થવાનો બરાબર ઉત્પન્ન થાય. ધ્રુવ છે, તેને પુદ્‌ગલ ગ્રહે છે. આહા..હા..! **'પ્રાપ્ય,...'** એટલે તે સમયે તે પુદ્‌ગલનું, કર્મનું શુભભાવરૂપે થવું એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે એટલે ધ્રુવ છે. ધ્રુવ એટલે તે સમયે તે નિશ્ચય થવાના તે થયા છે. આહા..હા..! ઝીણું બહુ, ભાઈ ! અને તેથી તે પુદ્‌ગલ તેને પ્રાપ્ય નામ તે સમયે તે થવાના પરિણામ પુદ્‌ગલને લઈને, તે તેથી તેનું એ પ્રાપ્ય એટલે પુદ્‌ગલ તેને ગ્રહે છે. આહા..હા..! ઝીણી વાત છે, ધીમેથી સમજવી. આ બધી ગાથાઓ ઝીણી છે.

**'પ્રાપ્ય, વિકાર્ય...'** જે પુદ્‌ગલ છે તેમાં વ્યય થાય છે, આમ ફેરફાર થાય છે. એ પુદ્‌ગલને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લઈને અંદર રાગનો ઉત્પત્તિનો વ્યય થવો, પૂર્વની પર્યાયનો વ્યય થવો એ પુદ્‌ગલને લઈને છે. રાગ અને ભક્તિ આદિના પરિણામ થાય, તે પરિણામને પુદ્‌ગલ પ્રાપ્ય–ધ્રુવપણે ત્યાં તે જ થવાનો તે થયો તેને ગ્રહ્યું અને પૂર્વની પર્યાયનો ફેરફાર થયો તે વિકાર્ય પણ એ પુદ્‌ગલે કર્યું છે. આહા..! પૂર્વની પર્યાયનો વ્યય–વિકાર્ય એ પુદ્‌ગલે કર્યું છે. આહા..હા..! ઝીણું બહુ, બાપુ !

**'અને નિર્વર્ત્ય...'** અને પુદ્‌ગલમાં તે સમયે તે જ ઉપજવાનું હતું. પહેલું ધ્રુવ કીધું પછી ફેરફાર કીધો, પછી નિપજ્યા છે. આહા..હા..! 'કાંતિભાઈ' ! આવું તમારે ક્યાંય સાંભળવા મળે એવું નથી, એવી ઝીણી વાત છે. આહા..! એ પુદ્‌ગલ જે કર્મ છે તેનાથી એ ભક્તિ આદિ સ્તુતિ, પરમાત્માનો વિનય આદિ એ પુદ્‌ગલથી ઉપજ્યો છે. આહા..હા..! છે ? **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય...'** ધ્રુવ, વ્યય અને ઉત્પાદ. સાદી ભાષાએ કહીએ. પર્યાયનું ધ્રુવ જે સમયે તે રાગ થવાનો હતો તે થયો તે ધ્રુવ, તે પ્રાપ્ય, તેને પુદ્‌ગલ ગ્રહે છે; અને તે રાગ પહેલા જે ફેરફાર થયો એ પણ પુદ્‌ગલ ફેરફાર વ્યય કરે છે અને જે રાગ ઉપજ્યો છે એને પુદ્‌ગલે ઉપજાવ્યો છે, નિર્વર્ત્ય. છે ને સામે પુસ્તક ? આહા..હા..!

**'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...'** એટલે વ્યાપ્ય નામ કાર્યરૂપી, કર્મરૂપી લક્ષણવાળું, એ પુદ્‌ગલનું કર્મ છે. 'દેવીલાલજી' ! આહા..હા..! હવે અત્યારે તો એ શુભભાવ કરતાં કરતાં નિશ્ચય થાય (એમ કહે છે). અરે..રે..! ક્યાં કરે ? પુદ્‌ગલના પરિણામ કરે તેને આત્માના જ્ઞાન પરિણામ થાય (એમ છે નહીં).

**શ્રોતા :–** સન્મુખ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સન્મુખ પણ બિલકુલ નહિ. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! એવું વ્યાપ્ય એટલે કાર્ય, કાર્ય લક્ષણવાળું, **'પુદ્‌ગલના પરિણામસ્વરૂપ...'** આહા..હા..! એ તો પુદ્‌ગલના પરિણામસ્વરૂપ કર્મ–કાર્ય. વ્યાપ્ય કહો કે કાર્ય કહો. એ પુદ્‌ગલ નામ કર્મના પુદ્‌ગલ જે છે (એનું કાર્ય છે). કેમકે ભગવાનઆત્મા તો જ્ઞાયક છે, જ્ઞાયકમાંથી પરિણામ થાય એ તો નિર્મળ થાય. આહા..હા..! ભગવાનઆત્મા જ્ઞાયક છે. આહા..હા..! એ જ્ઞાયકમાંથી તો જાણવાના પરિણામ થાય, એ વિકાર પરિણામ ક્યાંથી એમાંથી થાય ? સમજાણું કાંઈ ? આહા..હા..! ભાષા સમજો છે ને ગુજરાતી ? કાલે પેલા ભાઈ હતા એ નહોતા સમજતા. આહા..હા..!

એ પુદ્‌ગલ પરિણામસ્વરૂપ કાર્ય. આહા..હા..! એ પૂજા, ભક્તિ, વંદન, વૈયાવ્રત એના જે પરિણામ એ પુદ્‌ગલ પરિણામ છે, એ તો પુદ્‌ગલનું કાર્ય છે, એ પુદ્‌ગલનું વ્યાપ્ય છે. આહા..હા..! કર્તાનું કાર્ય–એ પુદ્‌ગલ સ્વરૂપ કર્મ કર્તાનું કાર્ય, એ પુદ્‌ગલનું કાર્ય છે. પુદ્‌ગલ તેનો કર્તા ને તેનું તે કાર્ય છે. ભાઈ ! આ તો શબ્દો અધ્યાત્મનું આ તો મહાશાસ્ત્ર છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! આની તોલે અત્યારે આવે એવું નથી કોઈ, એવી એ ચીજ છે. આહા..હા..!

ભગવાનઆત્મા એ જ્ઞાયકભાવથી ભરેલો જ્ઞાયક સ્વભાવ છે, તેના પરિણામ તો એ રાગાદિ જે પુદ્ગલના પરિણામ થયા તેને જાણવાના સંબંધ તરીકે વાત કરી, એટલું કે જાણે. આહા..હા..! એ દયા, દાન, ભક્તિ, વંદન, વૈયાવ્રત, પૂજા આદિ ભાવ એ પુદ્ગલના પરિણામ, પુદ્ગલ તેનું વ્યાપ્ય, પુદ્ગલ તેનું વ્યાપ્ય છે. પુદ્ગલ કર્તા અને તેનું તે કાર્ય છે. આહા..હા..! **'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! શું કહે છે ? જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ કે પરમાત્માનો વિનય કે પ્રભુનું નામ સ્મરણ આદિ કે ભગવાનની સ્તુતિ એવો જે રાગ, એ રાગ **'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...'** એમાં અંતર્વ્યાપક પ્રસરે છે પુદ્ગલ, એ આત્મા પ્રસરતો નથી. આહા..હા..! આવી વાત, બાપા ! આકરી છે, ભાઈ ! એ... 'ચેતનજી' ! શું કહ્યું ? પ્રભુ !

જે કાંઈ ભગવાનની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ, એ પરિણામ પુદ્ગલનું કાર્ય છે. આહા..! અર..ર..ર..! કેમકે જ્ઞાયક સ્વભાવ ભગવાન એનું કાર્ય રાગ કેમ હોય ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ ! એ **'પુદ્ગલદ્રવ્ય પોતે...'** પુદ્ગલદ્રવ્ય સ્વયં. જેમાં પરની અપેક્ષા નથી. આત્માની કમજોરી થઈ માટે રાગ થયો એટલી અપેક્ષા આમાં નથી કહે છે. આહા..હા..! **'પુદ્ગલદ્રવ્ય પોતે (સ્વયં) અંતર્વ્યાપક થઈને,...'** જુઓ ! વ્યાપક કહેવું છે ને ? અને પેલું તો વ્યાપ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિના, વંદનના પરિણામ એ તો વ્યાપ્ય છે અને આ પુદ્ગલદ્રવ્ય અંતર્વ્યાપક થાય છે, પ્રસરે છે. આહા..હા..! શું કીધું ?

**શ્રોતા :–** પુદ્ગલદ્રવ્યનો મતલબ એમ પ્રત્યાખ્યાનના ... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું, બધું પુદ્ગલદ્રવ્યનું કાર્ય છે. પ્રત્યાખ્યાન શું, અહીં ભગવાનની સ્તુતિ ને વંદન સુધી લઈ લીધું પછી (ક્યાં પ્રશ્ન છે ?) એ કીધું નહિ ૮૩ ગાથામાં ? 'ભાવપાહુડ'માં. ***પૂજા, ભક્તિ, વંદન ને વૈયાવ્રત આદિ એમ લીધું છે. એ બધા જૈન ધર્મ નથી, એ જૈન ધર્મ નથી, એ તો રાગ છે, જૈન ધર્મ તો વીતરાગભાવ છે. આહા..હા..! અરે..રે..! આકરું કામ, ભાઈ !*** પુદ્ગલ એ તો પુદ્ગલનું કાર્ય છે, એ જૈન ધર્મનું કાર્ય નથી. આહા..હા..!

જૈન એવો વીતરાગ આત્મા, 'ઘટ ઘટ અંતર જિન વસે' એવો જિન સ્વરૂપ વીતરાગ તેનું કાર્ય તે રાગ નથી. આહા..હા..! 'શ્રીમદ્'માં પણ આવે છે ને...

**જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ,**
**કર્મ કટે જિન વચનસે એહી તત્ત્વ જ્ઞાનીનો મર્મ.**

આહા..હા..! એ રાગ છે. આહા..હા..! એ જિન સ્વરૂપ ભગવાન, 'જિન સો હી હૈ આત્મા' એ રાગ છે તે જિનનું, આત્માનું સ્વરૂપ - પરિણામ નથી. આહા..હા..! વીતરાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વરૂપ આ ભગવાનઆત્મા છે ત્રિકાળી વીતરાગમૂર્તિ પ્રભુ છે, એનું કાર્ય રાગ ન હોય. આહા..હા..! 'પુંજાભાઈ' ! આવી વાત છે. ***પર્યાયદૃષ્ટિવાળાને આ વાત બેસવી કઠણ, ભારે. તેની દૃષ્ટિમાં પર્યાય છે ને. આહા..હા..! અહીં કહે છે, જેની દૃષ્ટિમાં જ્ઞાયક નથી ને. ભાઈ ! જ્ઞાયક જે છે તે એની દૃષ્ટિમાં નથી ને તેને આ પરિણામ આત્માના છે એમ લાગે. આહા..હા..!*** છે પુદ્ગલનું કાર્ય, એ જ્ઞાયક દૃષ્ટિ હોય તેને એ પુદ્ગલના પરિણામ લાગે, તેને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! શું પણ ટીકા ! **'આદિ-મધ્ય-અંતમાં...'** શું કહે છે ? ***એ ભગવાનની સ્તુતિ ને ભક્તિનો ભાવ, એની આદિમાં કર્મ છે, એની મધ્યમાં કર્મ છે ને અંતમાં કર્મ છે. આદિમાં કંઈ પણ આત્માની નબળાઈ છે એ આદિમાં છે એમ નહિ. આહા..હા..!***

**શ્રોતા :–** મોટા મોટા પંડિત ભડકી જાય એવું છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભડકી જાય એવું છે, વાત સાચી છે. શું થાય ? અને આ ભક્તિથી ધર્મ માનનારા પણ ભડકી ઉઠે છે. દેવ-ગુરુની ભક્તિ તે ધર્મ છે ને દેવ-ગુરુની ભક્તિથી ધર્મ થશે. આહા..! બાપુ ! આકરી વાતું છે, ભાઈ ! છે ને સામે પુસ્તક છે કે નહિ ? આહા..!

**શ્રોતા :–** પણ પુસ્તકનો અર્થ તો અમને સમજાય નહીં !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ એનો અર્થ તો થાય છે, સ્પષ્ટ રીતે ! આહા..હા..!

કહે છે કે આત્માની પર્યાય નહિ એ તો પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! પરદ્રવ્ય પર્યાય કીધી ને ? ભાઈ ! ગાથામાં છે ને પરદ્રવ્ય પર્યાયે. આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, સ્તુતિના ભાવ એ પરદ્રવ્ય પર્યાય છે, એ પુદ્ગલદ્રવ્યની દશા છે. આહા..હા..! એ આત્માની પર્યાય નહિ. આહા..હા..! પાઠ બોલે છે ને ? **'ण वि परिणमदि'** એ વિકાર્ય છે. **'ण गिह्णदि'** પ્રાપ્ય છે, **'उप्पज्जदि'** નિર્વર્ત્ય છે. **'ण परदव्वपज्जाए'** એ રાગાદિના પરિણામ જે છે એ પરદ્રવ્ય પર્યાયમાં આત્મા પરિણમતો નથી, વિકાર્ય ને ઉપજતો નથી ને એને પકડતો નથી. આહા..હા..! બહુ ધીરેથી સમજવા જેવું છે. આહા..હા..!

આ તો વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનેશ્વરદેવ, એની દિવ્યધ્વનિ, એ સંતોએ અનુભવી, ચારિત્રમાં અનુભવી હોં ! એકલો અનુભવ સમ્યગ્દર્શન નહિ. આહા..હા..! એમણે આ બનાવ્યું. કહે છે કે જે કંઈ વિકલ્પ, એક ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે... આહા..હા..! એ વિકલ્પનો, પરિણામનો કાર્ય કર્તા પુદ્ગલ છે, એ પરદ્રવ્યની પર્યાય છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપ સ્વદ્રવ્ય, એની એ વિકારી પર્યાય સ્વદ્રવ્યની કેમ હોય ? આહા..હા..! સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ' ! સમજાય છે ? આ બધું ઝીણું છે, તમારા પેલા ભૂકા કરતા તો આ અખંડની વાતું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ તો રાગ થાય એ પુદ્ગલનો ભૂકો છે. ભૂકો એટલે પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! અરે..! પ્રભુ ! 'કુંદકુંદાચાર્ય'નો પોકાર છે અને તીર્થંકરોનો પોકાર છે.

ભગવાન ! તને તારી પર્યાયમાં જે રાગાદિ થાય એ તારી પર્યાય નહિ. આહા..હા..! પ્રભુ ! તું તો દ્રવ્ય જ્ઞાયક સ્વરૂપ છો ને ! આહા..હા..! એ જ્ઞાયક સ્વરૂપથી ભરેલા ભગવાનના પરિણામ તો જાણવા-દેખવાના જ્ઞાયકના પરિણામ હોય. આહા..! અરે..! આ રાગના પરિણામ, પ્રભુ ! એ તારું અંતર વ્યાપક નથી, તું એમાં આદિમાં નથી. એ રાગના પરિણામમાં આદિમાં તું નથી, એની આદિમાં પુદ્ગલ છે. આહા..! ગજબ વાત છે. 'કાળીદાસભાઈ' ! આહા..હા..! પૂર્વના મા-બાપો બિચારા સાંભળ્યા વિના ચાલ્યા ગયા. અરે..રે..! શું થાય ? અને તે લોજીક ન્યાયથી સિદ્ધ કરે છે. પ્રભુ ! તું તો જ્ઞાયકભાવ છો ને ! સ્વરૂપ તારું જ્ઞાયક છે. આહા..હા..! એ જ્ઞાયક સ્વરૂપના પરિણામ તો જાણવા-દેખવાના હોય કે જ્ઞાયક સ્વરૂપના પરિણામ એ દયા, દાન, વ્રત અને વિકલ્પ, સ્તુતિ આદિના પરિણામ એના (હોય) ? આહા..હા..! બરાબર આવી ગયા છે, હોં ! 'પ્રેમચંદભાઈ' ભાગ્યશાળી છે ને ! તાકડે આવી ગાથામાં આવી ગયા. છેટેથી આવ્યા છે 'લંડન'થી. આવી વાત છે, બાપુ ! એ 'નવરંગભાઈ' ! આહા..!

**'તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિમાં...'** આહા..હા..! એ ભગવાનની સ્તુતિ, વંદન, વયાવ્રતના પરિણામમાં આદિમાં કર્મ છે, એની આદિમાં આત્મા બિલકુલ નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એની મધ્યમાં પણ કર્મ છે. એની શરૂઆત પણ ત્યાંથી થઈ છે, મધ્યમાં પણ તે છે, અંતમાં પણ તે જ પુદ્ગલ છે. આહા..હા..! એની મેળાએ ઝીણું પડે એવું છે, 'પ્રેમચંદભાઈ' ! એની મેળાએ ઝીણું પડે એવું છે. આવી ગયા છે બરાબર ઠીક. ગાથામાં આવી ગયા, ભાગ્યશાળી છે. આહા..! અરે..! ભાઈ ! આ તો ત્રણલોકનો નાથ જ્ઞાયકભાવ ભગવાન... આહા..હા..! એનું એ રાગ કાર્ય કેમ હોય ? આહા..હા..! એ રાગની આદિમાં, મધ્યમાં ને અંતમાં કર્મ છે. એની આદિમાં શરૂઆત તારી છે ને મધ્યમાં પછી એ છે અને છેડામાં ઇ જ, એમ નહિ. આદિમાં પણ કર્મ છે, મધ્યમાં પણ કર્મ છે ને અંતમાં પણ કર્મ છે. આહા..હા..! કહો, સમજાય છે આમાં ?

**'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** કોણ ? આહા..હા..! ભગવાન એમ કહે છે કે અમારી ભક્તિના પરિણામ તને થાય, સ્તુતિના જે પરિણામ થાય... આહા..! પ્રભુ ! એની આદિમાં તું નહિ, હોં ! એ પુદ્ગલ એની આદિમાં, મધ્યમાં ને અંતમાં એ છે. શરૂઆત પણ ત્યાં, મધ્યમાં પણ ત્યાં ને અંતમાં પણ ત્યાં. આહા..હા..! બાપુ ! એ દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય જે છે એ બહુ અલૌકિક વાત છે. આહા..હા..! કહો, 'બાબુભાઈ' ! આ બરાબર આવ્યા છે ઠીક સરખાઈના. છોકરો નથી આવ્યો ? આહા..હા..!

ભગવાન ! તું તો ભગવાન છો ને ! ભગવાનના પરિણામ વિકાર કેમ હોય ? એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે. આહા..હા..! આહા..હા..! એના પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય એવા હોય. શું કીધું ? આહા..હા..! ભગવાનઆત્મા જ્ઞાયક સ્વભાવ, તેના પરિણામ તો પર્યાયમાં ભગવાન થાય તેના કારણરૂપ પર્યાય હોય. આહા..હા..! ધીમે ધીમે સમજવું, ભાઈ ! આ કાંઈ કોઈ પ્રોફેસર મેટ્રીકનો આવે ને વાત કરે ઇ વાત નથી આ. આ તો ભગવાનની કોલેજ છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથની સાક્ષાત્ વાણી છે, પ્રભુ ! તને સંભળાવે છે, ભાઈ ! આહા..હા..!

કહે છે કે એ પરિણામમાં **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** કોણ ? પુદ્ગલ. **'તેને ગ્રહતું...'** એટલે પ્રાપ્ય. તેને ગ્રહતું એટલે પુદ્ગલ છે, તે તે ટાણે જે ભગવાનના વિનય ને સ્તુતિના ભાવ રાગ થયા તેને પુદ્ગલ ગ્રહે છે, પ્રાપ્ય થઈને. પ્રાપ્યને પકડે છે પુદ્ગલ. આહા..હા..! એ પુદ્ગલનું પ્રાપ્ય છે. પ્રાપ્ય એટલે તે વખતે થવાનો પરિણામ તે પુદ્ગલના છે. આહા..હા..!

**'તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું...'** એટલે વિકાર્ય. એ કર્મ જ પોતે તે પૂર્વની પર્યાય બદલીને તે રૂપે નિપજે છે. તે કાળે જે ભગવાનની ભક્તિ, વિનય, સ્તુતિના રાગાદિ થયા તે રાગ તે કર્મનું પ્રાપ્ય છે, કર્મનું તે ધ્રુવ છે. ધ્રુવ એટલે તે પર્યાય તે સમયે તે થવાની તે એનું ધ્રુવ છે. આહા..હા..! એ કર્મનું પ્રાપ્ય છે, કર્મ તેને ગ્રહે છે. ધ્રુવ તે સમયે તે જ પરિણામ કર્મના થવાના છે તેને કર્મ તે સમયને તેને ગ્રહે છે. આહા..! છે ? **'તેને ગ્રહતું, તે રૂપે પરિણમતું...'** આહા..હા..! તે રૂપે બદલીને પરિણમતું. પૂર્વનો જે રાગ છે તેને પલટીને આ પોતે પરિણમતું. એ પુદ્ગલ પોતે પરિણમે છે, પૂર્વનો વ્યય કરીને પુદ્ગલ જે પૂર્વનો રાગ હતો એનો વ્યય કરીને પોતે વ્યય કરે છે એ વિકાર્ય છે.

**'તે-રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું,...'** એ ઉત્પાદ થયો. પુદ્ગલનો પ્રાપ્ય, પુદ્ગલનો વિકાર્ય ને પુદ્ગલનું ઉત્પાદ, નિર્વર્ત્ય. આહા..હા..! આવી વાત સાંભળવી કઠણ પડે. પેલા લોકો કહે કે વ્રત કરો ને અપવાસ કરો ને એનાથી કલ્યાણ થશે. આ ભગવાનની ભક્તિ, દેવ-ગુરુની ભક્તિ કરો તો કલ્યાણ થશે. બધા એક જાતના મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા** :– બેમાંથી આત્માથી નજીક કોણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– દૂર (છે). આત્માથી નજીક તો આત્માના જ્ઞાયકભાવના પરિણામ જાણનારા હોય એ આત્માની નજીક છે. આહા..હા..! છે ને ? આવું છે ભગવાન.

ભગવાન ! તું જ્ઞાયક સ્વરૂપે પ્રભુ જિન સ્વરૂપી છો ને ! આહા..હા..! કઈ શૈલીથી જુઓને વાત કરે છે ! પ્રભુ ! તું જિન સ્વરૂપ છો ને ! ભગવાન તરીકે તો તને બોલાવે છે. તો ભગવાનના, જ્ઞાયક ભગવાનના પરિણામ રાગ પામરતા આવા હોય ? આહા..હા..! ભગવાન જિન સ્વરૂપી આત્મા એ વીતરાગના પરિણામ તો વીતરાગી પરિણામ હોય. આહા..હા..! એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ વીતરાગી પરિણામ છે. એ આત્માનું પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય છે. આહા..હા..! એ પછી કહેશે. 'ચીમનભાઈ' ! આવી વાતું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અરે..રે..! આવી ચીજ અંદર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાયક સ્વભાવ અને આનંદ સ્વભાવવાળો પ્રભુ... આ..હા..! એની આદિમાં રાગ કેમ હોય ? કહે છે. આહા..! રાગની આદિમાં તો કર્મ ને પુદ્ગલ ને મધ્યમાં વ્યાપક એ છે. આહા..હા..! **'ગ્રહતું, તે-રૂપે પરિણમતું...'** એટલે વિકાર્ય, તે રૂપે ઊપજવું–નિર્વર્ત્ય. **'તે પુદ્ગલપરિણામને કરે છે;...'** કોણ ? પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને તે પુદ્ગલ પરિણામને કરે છે. ન્યાં લઈ લીધું.

**શ્રોતા :–** ભોગવે છે કોણ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ભોગવે જડ, કોણ આત્મા ? આત્માની વાત છે ? ભોક્તા પણ પુદ્ગલના પરિણામ. અત્યારે તો દ્રવ્ય સ્વભાવ સિદ્ધ કરવો છે ને ! આહા..હા..! એ આવશે, એ આવશે હમણાં સુખ-દુઃખ પરિણામ. પુદ્ગલકર્મના પરિણામને ભોગવતો. સુખ-દુઃખને ભોગવે છે કોણ ? - કે પુદ્ગલ. એ હમણાં ગાથાર્થ પછી આવશે. આહા..હા..! અહીંયા તો આપણે જેટલું ચાલે એટલું અત્યારે,...

અહીંથી લેવું, **'પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય), તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** તે પુદ્ગલ પરિણામને કરે છે, એમ લઈ લેવું. સમજાણું કાંઈ ? છે ને એમાં ? અક્ષરે અક્ષર પડ્યા છે, જુઓ ! આ ટીકા કાંઈ અત્યારની નથી, 'સોનગઢ'ની ટીકા નથી. કોઈ કહે કે ભાઈ ! 'સોનગઢ'થી છપાણું માટે 'સોનગઢ'માં ફેરફાર (છે). આ તો 'કુંદકુંદાચાર્ય'ના શબ્દો છે અને આ 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા છે. આહા..હા..! બહુ ફેરફાર છે, બાપુ ! દૃષ્ટિમાં મોટો ફેરફાર છે. આહા..હા..!

**'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા...'** એટલે કર્મ. અહીં આપણે રાગનું વિશેષ (લેવું છે), નહિતર શરીરના પરિણામ પણ આમાં લીધા છે. શરીરના પરિણામ નોકર્મ પરિણામ અને આ રાગાદિ કર્મના પરિણામ. **'આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને...'** એટલે પુદ્ગલથી કરવામાં આવતા એવા રાગને, પુદ્ગલપરિણામને એટલે રાગને આહા..હા..! **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** કહે છે આટલો સંબંધ થયો. કેટલો ? - કે જ્ઞાની જાણે છે અને એ જણાય છે. આહા..હા..! ધર્મી તેને જાણે છે અને એ વિનય આદિના રાગ સ્તુતિના પરિણામ તેનું જણાવા યોગ્ય થયું, એટલો સંબંધ થયો. તો આટલો સંબંધ છે ને ? એમ કહે છે. **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** આહા..હા..! ગજબ ટીકા છે ! એક એક ગાથા આખા સિદ્ધાંતનો મર્મ ખોલી નાખે છે. આહા..હા..! શું કીધું ?

**'આમ પુદ્ગલદ્રવ્ય...'** એટલે કર્મ જડ આપણે રાગાદિ લેવા. એના **'વડે કરવામાં આવતા પુદ્ગલ પરિણામને...'** એટલે ભગવાનની ભક્તિ, વંદન, સ્તુતિ આદિના ભાવને, **'જ્ઞાની જાણતો હોવા છતાં,...'** જ્ઞાની જાણે છે, પુદ્ગલ પરિણામને જ્ઞાને જાણે છે એટલો સંબંધ થયો. રાગના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણામ તે જ્ઞેય છે અને જ્ઞાનીના પરિણામ તેના જાણનાર જ્ઞાન છે. એ **'જાણતો હોવા છતાં, જેમ...'** આહા..! **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! માટી પોતે ઘડાના પર્યાયમાં અંદર પ્રસરીને. આહા..હા..! માટી પોતે ઘડામાં, ઘડાની પર્યાયનું વ્યાપ્ય ને માટી પોતે વ્યાપક. અંતર્વ્યાપક, માટી અંતર્વ્યાપક થઈને ઘડાની પર્યાયને (કરે છે). આહા..હા..! **'ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને,...'** આહા..હા..! એ માટી જ પોતે ઘડાની આદિમાં, ઘડાની મધ્યમાં ને ઘડાના અંતમાં વ્યાપીને... કુંભાર બિલકુલ નહિ, એમ કહે છે. કુંભાર એ માટીના ઘડાના કાર્યને બિલકુલ કરતો જ નથી. આહા..હા..! આ 'સમયસાર' !

**'જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...'** માટી અંતર્વ્યાપક છે. એ ઘડામાં આદિ, મધ્ય, અંતમાં વ્યાપીને, ઘડાની પર્યાયમાં આદિમાં માટી, આદિમાં કુંભાર, મધ્યમાં માટી, છેડે માટી એમ નહિ. આદિમાં કુંભાર હતો માટે ઘડાની પર્યાય થઈ, એમ બિલકુલ નથી. આહા..હા..! હવે, 'મુંબઈ' જેવી મોહ નગરી, ઉપાધિનો પાર ન મળે, એમાં આવી વાતું. આહા..! **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને...'** અંતર્વ્યાપક, જોયું ? વ્યાપક માટી કહેવી છે ને ? પ્રસરનાર. **'આદિ-મધ્ય-અંતમાં...'** ઘડાની આદિમાં, મધ્યમાં ને અંતમાં તેની તે વ્યાપીને, માટી તેના આદિ-મધ્ય-અંતમાં ઘડામાં છે. ઘડાની પર્યાયમાં આદિમાં કુંભાર આવ્યો માટે ઘડાની પર્યાય થઈ એમ નથી. ચાકડા વિના થઈ. માટીની પર્યાયમાં અંતર્વ્યાપક માટી થઈ છે. ચાકડો નહિ, કુંભાર નહિ, જમીન તો ક્યાંય રહી ગઈ હેઠે. આહા..હા..! આવી વાત છે. આ લોકોને આકરું લાગે છે. અહીંની આ વાત એટલે એકાંત લાગે છે ને ! એટલે પછી જરીક બિચારા વિરોધ કરે. એ તો એની દૃષ્ટિમાં બેઠુ નથી એનો વિરોધ છે. અહીંનો વિરોધ નથી, એની દૃષ્ટિનો વિરોધ છે. શી રીતે પણ આ બેસે ?

કહે છે કે ભગવાનની ભક્તિ ને સ્તુતિના પરિણામની આદિમાં પુદ્ગલ કર્મ છે. આહા..હા..! એને મધ્યમાં પણ કર્મ ને અંતમાં પણ કર્મ છે. આહા..હા..! જેમ ઘડાની આદિ-મધ્ય-અંતમાં માટી છે, એમ એ વિકારી પરિણામના આદિ-મધ્ય-અંતમાં કર્મ પુદ્ગલ છે. આહા..હા..! **'માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં...'** આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે ! આદિ-મધ્ય-અંત ત્રણ નાખ્યા. પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્ય રાખ્યા, આદિ-મધ્ય-અંત નાખ્યા. આહા..હા..! **'ઘડાને ગ્રહે છે...'** માટી. માટી ઘડાને ગ્રહે છે એટલે ઘડાનું પ્રાપ્ય છે તેને માટી ગ્રહે છે. તે સમયે ઘડાની પર્યાય નિશ્ચયથી થવાની હતી, તે એનું માટીનું પ્રાપ્ય છે. ઘડાની પર્યાય પ્રાપ્ય છે. તે વખતે નિશ્ચયથી તે જ પર્યાય માટીમાંથી થવાની હતી. આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ કરે છે !

**શ્રોતા :–** બધાને લુલા બનાવી દીધા....

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લુલા નહિ મહા ભગવાન સ્વરૂપ છે. આહા..હા..! એ તો આનંદના ને જ્ઞાનના પરિણામને કરતો પરિણમે છે. આહા..હા..! આવું છે, ભાઈ ! બહુ સારી ગાથા (છે). અમારે ભાઈ આવ્યા છે ને ! 'પ્રેમચંદભાઈ' બરાબર લાગમાં આવ્યા છે. આહા..હા..! આવી વાત છે, બાપા ! આહા..હા..!

પ્રભુ તું કોણ છો ? શું વિકારનું પૂતળુ છો તું તે વિકારના પરિણામ તારાથી થાય ? આહા..! ભગવાન તું તો જ્ઞાયક છો ને પ્રભુ ! જાણક સ્વભાવના ભંડારનો ભંડાર છો તું. એમાંથી ખુલે તો જાણવાના, દેખવાના, આનંદના પરિણામ આવે, પણ એ પ્રસરીને વિકાર પરિણામ આવે, બાપુ ! એ નહિ. આહા..હા..! ઓહો..હો..! શું શૈલી !! એ માટી ઘડાને ગ્રહે છે, એ પ્રાપ્ય. એ માટીનું એ પ્રાપ્ય છે. એ વખતે ઘડાની પર્યાય તે જ વખતે થવાની જ છે. આહા..હા..! ક્રમબદ્ધ નિયતને કેટલું સિદ્ધ કરે છે ! હવે એ બેસતું નથી લોકોને. પેલા 'વર્ણીજી' સાથે (ચર્ચા થયેલી, એ કહે) નહિ. એક પછી એક થાય પણ આ પછી આ જ થાય (એમ) નહિ. આ તો આ પછી આ જ થાય. એ વાત હતી નહિ એટલે શું થાય ? એમને કાંઈ આત્માનું બગાડવાનું તો હોય નહિ પણ બિચારાને એ વાત મળી નહોતી આહા..હા..! એ વાત આવી નહોતી. આહા..હા..! સાંભળવામાં આવી નહોતી, પૂર્વના કોઈ સંસ્કાર નહોતા એટલે આ વાત કઠણ પડે, બાપુ ! આહા..હા..!

કહે છે કે માટી પોતે ઘડાને ગ્રહે છે એટલે પ્રાપ્ય છે. એ ઘડાની પર્યાય પ્રાપ્ય તે સમયે છે તે માટી તેને પકડે છે, ગ્રહે છે, બસ ! આહા..હા..! ઘડાની પર્યાય તે સમયે તે પ્રકારે થવાની જ હતી. આહા..હા..! એ એનું પ્રાપ્ય છે, એને માટી ગ્રહે છે. છે તેને ગ્રહે છે. આહા..હા..! વાત તો જુઓ ! **'ઘડાને ગ્રહે છે, ઘડારૂપે પરિણમે છે...'** માટી. વિકાર્ય **'અને ઘડારૂપે ઊપજે છે...'** એ નિર્વર્ત્ય. આહા..હા..! ઘડો તે વખતે ઊપજવાનો નિર્વર્ત્ય, બસ. આહા..હા..! એને આગળપાછળ કોઈ સમયની જરૂર નથી, એને નિમિત્તની જરૂર નથી. અરે..! ખરેખર તો એને દ્રવ્યની જરૂર નથી, એમ (છે). પણ હવે અત્યારે... એ ઘડાની પર્યાય તે સમયે ષટ્કારકરૂપે પરિણમતી તે સમયની તે કાળે ઊપજે છે. આવું છે, પ્રભુ ! એટલે 'સોનગઢ'વાળાનું એવું લોકો કહે છે એ.. એકાંત છે. ભાઈ ! તને ખબર નથી ને ! આહા..હા..! છે તો સમ્યક્ એકાંત જ. આહા..હા..!

ભગવાનઆત્મા આનંદનો સાગર પ્રભુ, એના પરિણામમાં વિકાર કેમ હોય ? એના પરિણામમાં તો આનંદ હોય, અતીન્દ્રિય આનંદ હોય. આહા..હા..! અને અહીં તો જ્ઞાનથી લીધું છે. અતીન્દ્રિય જ્ઞાયક ભગવાન, એના પરિણામ અતીન્દ્રિય જ્ઞાન પરિણામ હોય કે જે કર્મથી ગ્રહાયેલા પરિણામ છે, રાગ છે તેને જાણે. આટલું નિમિત્તનું જ્ઞાન કરે છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ ! શું કરીએ ? ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વરદેવનો આ પોકાર છે. સંતો આડતીયા, દિગંબર સંતો આડતીયા થઈને આ વાત જગતને જાહેર કરે છે. દુનિયાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બેસે કે ન બેસે, વિરોધ કરે કે ન કરે, પાગલ માને ન માને તમારી સ્વતંત્રતા, પ્રભુ ! આહા..! આહા..હા..! ગજબ કર્યું છે ને ! શું જ્ઞાયકભાવને સિદ્ધ કર્યો છે !! આહા..હા..!

**'તેમ, જ્ઞાની પોતે...'** ધર્મી–જ્ઞાની પોતે. **'બાહ્યસ્થિત...'** ***એ રાગાદિ છે એ બાહ્યસ્થિત છે. આહા..હા..! અંતરના પરિણામમાં નથી, દ્રવ્ય, ગુણમાં તો નથી પણ એના પરિણામમાં પણ નથી. આહા..હા..!*** શું થાય ? 'કહા કહુ, કહા ...' આવે છે. કોને કરું રાજી ? આ વસ્તુ... આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએ, મોટી લાંબી લાંબી વાતું ને પંડિતોની વાતું ને પંડિતાઈની... આહા..હા..! મંગળવાર છે, આજે મંગળવાર છે.

**'જ્ઞાની...'** એટલે સમકિતી, ધર્મી, જેને જ્ઞાયકની દૃષ્ટિ થઈ છે અને પર્યાયદૃષ્ટિ જેને ઉઠી ગઈ છે. આહા..હા..! એવો જે **'જ્ઞાની પોતે...'** પોતે સ્વયં **'બાહ્યસ્થિત...'** એમ. **'(બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...'** છે ? બહાર રહેલા એવા પરદ્રવ્યના પરિણામમાં, પરદ્રવ્ય છે ને શબ્દ ? 'પરદ્રવ્ય પર્યાયે' એ નાખ્યું છે. એ પરદ્રવ્યના પર્યાય છે, ગજબ વાત છે. આહા..! મુનિઓની મુનિ વયાવચ્ચ કરવાનો ભાવ, કહે છે કે એ પરદ્રવ્ય છે. ભગવાન ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય, એને હીરાના થાળ, મણિરત્નના દીવા ને કલ્પવૃક્ષના ફૂલ (લઈ) જય નારાયણ (કરીને) આહા..હા..! એ સ્તુતિ કરતા હોય, કહે છે કે એ સ્તુતિ કરનારના પરિણામ એ વિકારી કર્મના છે, આત્માના નહિ. અરે..! પ્રભુ ! આ કેમ બેસે ? આહા..હા..!

ધર્મી જીવ–જ્ઞાયકમાં જેની દૃષ્ટિ થઈ છે તેથી તેના પરિણામ જ્ઞાનના થાય છે. તેથી તે જ્ઞાનના પરિણામને બાહ્ય સ્થિતિવાળા **'પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને,...'** આહા..હા..! એને જાણે છે પણ તે રાગાદિના પરિણામ જે પુદ્‌ગલનું વ્યાપ્ય છે તેને. **'પરદ્રવ્યના પરિણામમાં અંતર્વ્યાપક થઈને...'** આહા..હા..! જ્ઞાયક એવો ભગવાનઆત્મા.. આહા..હા..! જ્ઞાનના સ્વભાવથી ભરેલો ભગવાનઆત્મા, એ દેવ, ગુરુ ને શાસ્ત્રની ભક્તિ ને સ્તુતિના પરિણામને એ પુદ્‌ગલના પરિણામમાં અંતર્વ્યાપક થઈને, આહા..હા..! આદિમાં એમાં નથી, આહા..હા..! **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..! એ પ્રાપ્ય લીધું. આહા..હા..! એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે જે રાગાદિ તેને જ્ઞાની ગ્રહતો નથી એટલે એ પ્રાપ્ય એનું નથી કે પકડે, એમ કહે છે. આહા..હા..! એ સમયે જાણવાના પરિણામ છે તે પ્રાપ્ય છે. આહા..હા..! એને એ ગ્રહે છે, પણ રાગના પરિણામને જ્ઞાની પોતાના પરિણામથી ગ્રહતો નથી. આહા..હા..! સમજાય એટલું સમજવું, પ્રભુ ! આ તો ભગવાનનો માર્ગ (છે). આહા..હા..! અત્યારે તો ફેરફાર ઘણો થઈ ગયો. **'આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...'** આહા..હા..! તે સમયનો ક્ષણિક... ૧૦૨ ગાથામાં તે સમયના ઉત્પન્ન થતાં રાગના પરિણામ તે તેનો કાળ છે (એમ કહ્યું) પણ એને અહીં કહે છે કે એ પરિણામનું પ્રાપ્યનું ગ્રહણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો કર્મને છે, આત્મા એને પ્રાપ્ય કરતો નથી. આહા..હા..!

**શ્રોતા :–** અણુવ્રત, મહાવ્રતની દીક્ષા કોણે લીધી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈએ લીધી નથી, લે કોણ ? એણે શુદ્ધ ઉપાદાનની દીક્ષા લીધી હતી. શુદ્ધ ઉપાદાન લીધી હતી.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની જ વાત છે આ. શુદ્ધ ઉપાદાન, કાલે નથી આવ્યું ? શુદ્ધ પરમ શુદ્ધ ઉપયોગરૂપ પરિણામને પ્રાપ્ત છે, એ એનું ધ્રુવ છે. આહા..હા..! પરમ શુદ્ધ ઉપયોગના પરિણામને પ્રાપ્ત મુનિઓ છે, તે પરમ શુદ્ધ ઉપયોગના પરિણામ તે તેનું પ્રાપ્ય નામ ધ્રુવ છે, પર્યાયનું ધ્રુવ, હોં ! તે સમયે તે પરિણામ ધ્રુવ નિશ્ચલ થવાના હતા. આહા..હા..! સમજાણું કાંઈ ? વ્યવહારની વાત આવે ત્યારે કથન આવે પણ છતાં વસ્તુ એમ નથી. દીક્ષા ગ્રહણ કરી, મુનિઓએ દીક્ષા આપી આવે છે ને ? એ બધી વ્યવહારની વાતું છે. આહા..હા..!

**શ્રોતા :–** જડે દીક્ષા લીધી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ દીક્ષા એ આત્માના વીતરાગી પરિણામની દીક્ષા લીધી. ન કીધું ? સામ્ય અંગીકાર કર્યું, ન આવ્યું ? સામ્ય અંગીકાર કર્યું, વીતરાગ પરિણામ અંગીકાર કર્યા. આહા..હા..! એ વીતરાગ પરિણામ છે તેનું પ્રાપ્ય નામ ધ્રુવ છે તે સમયે તે જ પરિણામ તેના નિશ્ચલ થવાના તેને આત્માએ ગ્રહ્યા. આહા..હા..! બહુ સારી વાત છે, હોં ! પ્રશ્નમાં સ્પષ્ટ થાય. એમાં કાંઈ... આહા..!

એ પુદ્‌ગલના પરિણામને એટલે દયા, દાન, વ્રત, વંદન, પૂજા, ભક્તિ, સ્તુતિ એ પરિણામની આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને પુદ્‌ગલ હોય છે. જીવ તેને ગ્રહતો નથી. આહા..હા..! એ ધ્રુવ–પ્રાપ્ય. **'તે-રૂપે પરિણમતો નથી...'** વિકાર્ય. એને ફેરવતો નથી પરને. આહા..હા..! **'અને તે-રૂપે ઊપજતો નથી;...'** આહા..હા..! દ્રવ્યદૃષ્ટિના કથનો 'સમયસાર'માં અલૌકિક છે ! ક્યાંય કોઈની સાથે મેળ ખાય એવો નથી. આહા..હા..!

**'માટે, જોકે જ્ઞાની પુદ્‌ગલકર્મને જાણે છે...'** એ વ્યવહારનો, પંચ મહાવ્રતનો આદિનો જે રાગ થયો એને જાણે છે, **'તોપણ, પ્રાપ્ય,...'** નામ તે પ્રકારના રાગનો કાળ જે હતો પુદ્‌ગલનો રાગ થવાનો, રાગને ફેરવી નાખ્યો વિકાર્ય **'એવું જે વ્યાપ્યલક્ષણવાળુ પરદ્રવ્યપરિણામસ્વરૂપ...'** એવા વ્યાપ્ય નામ કાર્ય સ્વરૂપ જે પુદ્‌ગલનું છે, **'એ પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, (એટલે કાર્ય) તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** આહા..હા..! રાગ એનું કાર્ય ને આત્મા એનો કર્તા એમ નથી. રાગનું જ્ઞાન છે તે આત્માનું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય છે; તેને ગ્રહે, ઊપજે ને ફેરવે છે. તેનો એ આત્મા અંતર્વ્યાપક આદિ-મધ્યમાં છે. આહા..હા..! **'પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ નથી.'** આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભાવાર્થ :– 'જીવ પુદ્‌ગલકર્મને જાણે છે તોપણ તેને પુદ્‌ગલ...'** જાણે છે ને ! એટલો સંબંધ છે ને ! એમ કહે છે. તો પછી કર્તાકર્મ છે ને ? - કે ના. **'જાણે છે તોપણ તેને પુદ્‌ગલ સાથે કર્તાકર્મપણું નથી.'** વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

✲

**પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને અનાદિ-સાંત કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી ? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ તો તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો - એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. એમ નિઃસંદેહ થા !**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદષ્ટિ જિનેશ્વર પર્યાયદષ્ટિ વિનશ્વર બોલ - ૨)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નાટક સમયસાર, ગાથા–૧ થી ૮, પ્રવચન નં. ૧૫૦
## તા. ૩૧-૦૮-૧૯૭૧
## [૯]

'સર્વવિશુદ્ધ અધિકાર' નો સાર ચાલે છે. સંક્ષેપમાં. અહીંયા તો ઉપર કહ્યું કે **'કરની હિત હરની સદા મુકતિ વિતરની નાંહિ'** ભગવાનઆત્મા તો જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. એમાં જે રાગ ઉત્પન્ન થયો, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ - સ્મરણના જે વિકલ્પો થયા તે રાગની કરણી છે એ આત્માના હિતને નાશ કરનારા છે. છે ને ? રાગની ક્રિયાથી રહિત પોતાનો આત્મા જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે તેમાં એકાગ્ર થવું એ સ્વાભાવિક ક્રિયા ધર્મ છે. સમજાય છે કાંઈ ? ચૈતન્ય વસ્તુ,... 'સર્વવિશુદ્ધ' છે ને ? એનો સાર છે. શુદ્ધ ચૈતન્ય, જેમાં બંધ અને મોક્ષની પર્યાય પણ નથી. રાગ તો નથી પણ બે પર્યાય છે તે પણ નથી. એવી ચીજની દૃષ્ટિ કરવી અને તેમાં લીનતા કરવી તે જ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર માર્ગ છે. વચ્ચે રાગની ક્રિયા આવે છે તેમાં હિતનો નાશ થાય છે. આહા..હા..!

**'ઇસલિયે જ્ઞાની લોગ...'** જેને સુખની પ્રાપ્તિ કરવી છે એવા ધર્મીજીવ **'જ્ઞાનગોચર ઔર જ્ઞાનસ્વરૂપ આત્માકા હી અનુભવ કરતે હૈં.'** જ્ઞાનમાં ગમ્ય એવો જે આત્મા, રાગથી, વિકલ્પથી ગમ્ય થતો નથી. સમજાય છે કાંઈ ? જન્મ-મરણ મટાડવાનો ઉપાય જ્ઞાનગમ્ય આત્મા છે. ચૈતન્ય સ્વભાવ એ જાણન સ્વભાવ છે તેનાથી જણાય છે. બીજી કોઈ રીત નથી. **'જ્ઞાનગોચર અને જ્ઞાનસ્વરૂપ...'** બે. વસ્તુ આત્મા સમ્યગ્જ્ઞાન જે નિર્મળ પર્યાયથી ગમ્ય છે અને અજ્ઞાનસ્વરૂપ આત્મા છે. જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનગમ્ય છે, એમ કહે છે. આહા..હા...! જ્ઞાનગમ્ય છે કેમકે જ્ઞાનસ્વરૂપ છે, એમ. સમજાય છે કાંઈ ? એ કોઈ રાગસ્વરૂપ નથી કે રાગથી ગમ્ય થાય. વ્યવહાર વિકલ્પ શુભરાગથી ગમ્ય થતો નથી, કેમકે એનામાં એ નથી, એ એનું સ્વરૂપ નથી. એ તો જ્ઞાનગમ્ય છે. પોતાનો જ્ઞાનસ્વભાવથી તે જણાય છે, કેમકે તે જ્ઞાનસ્વરૂપ છે. શેઠ !

હવે, એથી થોડી આગળ વાત લે છે. **'સ્મરણ રહે કિ જ્ઞાન આત્માકા અસાધારણ ગુણ હૈ,...'** ભગવાનઆત્મા પ્રજ્ઞાબ્રહ્મ જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? **'જબ વહ જ્ઞેયકો ગ્રહણ કરતા...'** રાગ તો તેનો નથી અને રાગથી ગમ્ય નથી પણ જ્ઞાનસ્વભાવ આત્મા છે તેમાં શરીર, વાણી, મન, પરપદાર્થ, રાગ જ્ઞેય છે તે આકારે જ્ઞાન પરિણતિ પોતામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતાથી થાય છે. સમજાય છે કાંઈ ? **'જબ વહ જ્ઞેયકો ગ્રહણ કરતા અર્થાત્ જાનતા હૈ,...'** પોતાના જ્ઞાનસ્વભાવમાં શરીર, વાણી, મન, પરપદાર્થ અને પુણ્ય-પાપના વિકલ્પને આત્મા જાણે છે **'તબ ઉસકી પરિણતિ જ્ઞેયાકાર હોતી હૈ,...'** તેની પરિણતિ જ્ઞેયાકાર થાય છે એનો અર્થ કે જેવું જ્ઞેય છે એવો પોતામાં પોતાને કારણે જ્ઞાન પરિણતિરૂપ જ્ઞેયાકાર થાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** જ્ઞાનાકાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞેયાકાર પરિણતિ એ નિમિત્તથી કથન કર્યું. જ્ઞેયને જાણતા જ્ઞાનની વર્તમાન દશા, કેમકે જ્ઞાનસ્વરૂપ જ્ઞાનગમ્ય અને જ્ઞાનગમ્યની વર્તમાન અવસ્થામાં રાગ, દ્વેષ, વિષયવાસના, શરીરની ક્રિયા જ્ઞેય છે, તો ***જ્ઞેય આકારે પોતાની જ્ઞાન પરિણતિ, જ્ઞેયનો આકાર એટલે જેવું જ્ઞેયનું સ્વરૂપ એવું પોતાના જ્ઞાનમાં એ સ્વરૂપનું જ્ઞાન પોતાથી આવી જાય છે. સમજાય છે કાંઈ ?*** '...' આવો માર્ગ. આહા..હા...! એ પર્યાયનો સ્વભાવ છે.

**'ક્યોંકિ જ્ઞાન સવિકલ્પ હૈ,...'** અર્થાત્ જ્ઞાનમાં સ્વ-પર જાણવાનો સ્વભાવ છે. સવિકલ્પનો અર્થ ઇ. બે છે ને ? સ્વ-પર જાણવું એ સવિકલ્પ છે. સવિકલ્પનો અર્થ અહીંયા રાગ નહિ. બે પ્રકારે જાણવું એ જ સવિકલ્પ થયું. સમજાય છે કાંઈ ? એ 'પ્રવચનસાર' માં લીધું છે. સ્વ-પરપ્રકાશક જે જ્ઞાનની પર્યાય છે તેને જ વિકલ્પ કહે છે. કેવળજ્ઞાનમાં પણ વિકલ્પ છે. વિકલ્પનો અર્થ સ્વપરના જ્ઞાનનું પરિણમન. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ છે.

**શ્રોતા :–** વિકલ્પના બે અર્થ થયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકલ્પના બે અર્થ. એક રાગરૂપ વિકલ્પ, એ તો પહેલા કહ્યું. રાગ આત્માની શાંતિને હણનાર છે. એ તો નહિ. હવે એ રાગનું જ્ઞાન. રાગ છે, જેવો રાગ ઉત્પન્ન થાય છે, તે પ્રકારે એ જ્ઞેયને આકારે નામ જેવું જ્ઞેયનું સ્વરૂપ એવા સ્વરૂપપણે પોતાની જ્ઞાન પરિણતિ, પોતાથી, પોતામાં થાય છે. અગમ્યને ગમ્ય કરવું એ ચીજ અહીંયા છે.

વસ્તુ જ્ઞાન ભગવાન પ્રજ્ઞાબ્રહ્મ રાગથી ગમ્ય નથી થતી, જ્ઞાનથી ગમ્ય થાય છે. તો જ્ઞાનમાં પોતાની દશામાં સ્વ-પરને જાણવારૂપ પરિણમન થાય એ તો પોતાનો સ્વભાવ છે. તો કહે છે, **'જ્ઞાન સવિકલ્પ છે, દર્શનકે સમાન નિર્વિકલ્પ નહીં હૈ,...'** દર્શનમાં તો ભેદ પડતા જ નથી કે હું આ છું ને હું આ છું, એવા ભેદ નથી. દર્શનને પણ જ્ઞાન જાણે છે. સમજાય છે કાંઈ ? જ્ઞાન સવિકલ્પ છે અને દર્શનની જેમ અભેદ નથી અર્થાત્ સ્વ-પરને જાણવું એવું દર્શનમાં નથી, જ્ઞાનમાં છે.

**'જ્ઞાન જ્ઞેયકે આકાર આદિકો વિકલ્પ કરતા હૈ,...'** વિકલ્પ કરતા હૈ એનો અર્થ આ નાનું છે, આ મોટું છે, એ નાના-મોટાનો વિકલ્પ કરે છે એવો એનો અર્થ નથી. આ નાનું છે, આ મોટું છે એવું જ્ઞાન પોતામાં સ્વ-પરપ્રકાશકની પરિણતિ થાય છે. વિકલ્પનો અર્થ વિકલ્પ કરે છે એમ નથી. એમ થાય છે, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. પોતાને જાણતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાગાદિ પરચીજ છે તે પરજ્ઞેય છે તેને જાણે છે. પરને જાણવું એવું જ્ઞાન એ કાંઈ દોષ નથી, એ કંઈ વિરૂદ્ધ નથી, એ તો પોતાનો નિજ સ્વભાવ છે, એમ કહે છે. એ સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

***રાગાદિ તો તેના નથી પણ રાગનું જ્ઞાન થયું તે રાગનું જ્ઞાન નથી, એ જ્ઞાનનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ ?*** દયા, વ્રત, ભક્તિનો જે રાગ આવ્યો એ તો બંધનું કારણ અને દોષરૂપ છે, એક વાત. હવે, જ્ઞાનમાં એ રાગનું જાણવું થયું કે આ રાગ છે, એ જાણવું થયું તે પણ રાગને કારણે થયું નથી. પોતાનો સ્વ-પર જાણવાનો સ્વભાવ છે તેથી રાગને જાણે છે. ભારે ભાઈ ! જેવો જેનો સ્વભાવ છે એવું યથાર્થ માને, જાણે તો સમ્યક્ થાય ને ? તો જ્ઞાનમાં રાગથી લાભ થાય એમ માનવું એ તો મિથ્યાજ્ઞાન છે. એક વાત. અને રાગનું જ્ઞાન થયું તો આત્મામાં દોષ થયો એ બીજો દોષ છે, પાપ છે, એમ નથી. વ્યવહાર રત્નત્રય જાણેલો પ્રયોજનવાન છે તેનો ખુલાસો કરે છે.

કહે છે, '**જ્ઞાન જ્ઞેયકે આકાર...**' આકારનો અર્થ જેવા રાગાદિ, શરીરાદિ છે એવા સ્વ અને પરનું સ્વરૂપ છે તેવું અહીંયા જ્ઞાન થાય છે. એ જ્ઞાન થાય છે તેમાં તે ચીજ નિમિત્ત હો, પણ એ ચીજનું જ્ઞાન નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? કેમકે એ ભગવાન તો જ્ઞાનસ્વરૂપ છે. પોતાનું સ્વરૂપ તો જ્ઞાનચક્ષુ છે. જ્ઞાનચક્ષુ પ્રભુઆત્મા એને કહીએ અને એમ છે કે પરને જાણવા કાળે પરનું જેવું સ્વરૂપ છે તેવું અહીંયા જ્ઞાન થાય છે પણ એ જ્ઞાન થાય છે તે પરચીજ છે તો થાય છે એમ નથી અને પર સંબંધી પોતામાં જ્ઞાન થયું એ દોષ છે એમ નથી, કેમકે એ તો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? આ..હા..!

કહે છે, '**વિકલ્પ કરતા હૈ,...**' વિકલ્પનો અર્થ ભેદથી એનો અનુભવ છે, એટલું. હું જ્ઞાન છું, આ રાગ છે, એમ અંતરમાં સ્વ-પરપ્રકાશક રૂપ ભેદભાવનું પરિણમન છે. એને વિકલ્પ કહે છે. સમજાય છે કાંઈ ? ભારે ઝીણી વાત. આ માર્ગ આવી રીતે ન સમજાય એટલે લોકો બીજે રસ્તે ચડી ગયા. 'મૂળચંદભાઈ' ! 'મૂળચંદભાઈ' એમ કહેતા હતા કે આ બધાને ક્રિયાકાંડે ચડાવી દીધા. શેઠ ! અરે..! ભગવાન ! તારી ચીજ શું છે ? અને એ ચીજમાં જે સ્વભાવનું પરિણમન થાય છે એ તો તારી પર્યાય છે. એવી પર્યાય રાગને જાણવા છતાં રાગરૂપ થતી નથી, જ્ઞેયને જાણવા છતાં જ્ઞાન જ્ઞેયરૂપ થતું નથી. એ જ્ઞાન જ્ઞાનરૂપ રહીને જ્ઞેયને જાણે છે. આહા..હા...! આવું ઝીણું. '...' ! આવો માર્ગ ઝીણો. સમજાય છે કાંઈ ?

અહીંયા તો કહે છે, તારી ચીજ જે અંદર છે, તું જેવો છો એ તો જ્ઞાનસ્વભાવી ભગવાન છે. એમાં શરીર નથી, વાણી નથી, કર્મ નથી, પરપદાર્થનો કોઈ સંબંધ નથી અને અંદર રાગાદિ થાય છે તે પણ એના સંબંધમાં નથી, સંબંધમાં નથી. રાગ અને પરને જાણવું એ પોતાના સ્વભાવને કારણે એમ થાય છે. પરને જાણ્યું તો જ્ઞાનની દશા પરરૂપ થઈ જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ નથી. અરીસો હોય ને ? અરીસો, દર્પણ. અરીસામાં બહાર અગ્નિ અને બરફ છે. તો ત્યાં પણ અગ્નિ અને બરફ દેખાય. એ અગ્નિ, બરફ નથી. એ અરીસાની સ્વચ્છ અવસ્થા છે. અગ્નિ અને બરફ ત્યાં ઘુસી ગયા નથી. અગ્નિ અને બરફ તો બહાર રહી ગયા. સમજાય છે કાંઈ ? અરીસામાં આમ અગ્નિ દેખાય અને બરફ ઓગળતો દેખાય. પાણીરૂપ થતો દેખાય અને અગ્નિની આમ જ્વાળા દેખાય તો શું ત્યાં અગ્નિ છે ? ત્યાં બરફ છે કે ઓગળતો દેખાય ? એ તો અરીસાની અવસ્થા છે.

એમ ભગવાન ચૈતન્યરૂપી દર્પણ. સમજાય છે કાંઈ ? આહા..હા...! પોતાનો ચૈતન્યરૂપી દર્પણ, જ્ઞાનસ્વભાવરૂપી દર્પણમાં શરીર, વાણી, મન, રાગ-દ્વેષ, વિષયવાસના આદિ થાય તે સંબંધીનું પોતાના જ્ઞાનમાં તેના (પોતાના) સ્વભાવનું પરિણમન થાય છે. સમજાય છે કાંઈ ?

**'યહ છોટા હૈ, બડા હૈ,...'** એવું જ્ઞાનમાં જ્ઞાનરૂપ પરિણમન થયું. નાના-મોટાને કારણે નહિ. નાની-મોટી જે ચીજ છે તે સંબંધી જ્ઞાનના સ્વપર પ્રકાશક સ્વભાવમાં નાનું હોય તો નાનાપણે જાણે અને મોટું હોય તો મોટાપણે જાણે પણ જાણે છે એ જ્ઞાનની પર્યાયમાં જાણે છે. એ પરની પર્યાય નહિ અને પરને કારણે નહિ. શેઠ ! બહુ ઝીણું. એ તો જ્ઞાનની પર્યાય છે. છે ?

**'છોટા હૈ, બડા હૈ, ટેઢા હૈ,...'** વાંકું. **'સીધા હૈ,...'** જેવું છે એવું જાણે. **'ઊંચા હૈ, નીચા હૈ,...'** એમ જાણે, જ્ઞાન જાણે. શરીરની અવસ્થા આવી થાય છે, આમ થાય છે. આહા..હા...! શરીરના માંસની અવસ્થા આ ઠેકાણે ગોળ છે, આ ઠેકાણે સુંવાળી છે તેમ જાણે. ખરેખર તો તેને જાણતો નથી, જાણે તો છે પોતાને. સમજાય છે કાંઈ ? આ સ્વતઃ તત્ત્વ જ્ઞાનગુણથી ભરેલો, એ જ્ઞાનનું જ્યારે પરિણમન થાય છે ત્યારે જેવી ચીજ છે એવી જાણે છે.

**'સાધક હૈ,...'** લ્યો ! **'ગોલ હૈ, ત્રિકોણ હૈ, મીઠા હૈ, કડુવા હૈ,..'** આ મીઠુ છે, હોં ! 'યહ' શબ્દ પહેલો છે ને ? 'યહ' શબ્દ છે ને ? યહ–આ. હું નહિ, હું મીઠાસ્વરૂપ નથી. **'મીઠા હૈ, કડુવા હૈ, સાધક હૈ, બાધક હૈ,...'** આહા..હા...! નિર્મળ પર્યાયનું સાધકપણું ઉત્પન્ન થયું તેને જ્ઞાન જાણે. રાગમાં આટલી બાધકતા છે એમ જાણે. બહુ ઝીણું. પંડિતજી ! આવો આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાયનો સ્વભાવ, જેમ છે તેમ અંતરમાં માનવું, જાણવું, અનુભવવું એનું નામ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે. કોઈ ક્રિયાકાંડ ને વ્રત ને આ ને તે એ કોઈ ચારિત્ર-ફારિત્ર નથી. આહા..!

**'હેય હૈ, ઉપાદેય હૈ,...'** આ રાગ હેય છે, મારામાં નથી, આ જ્ઞાન મારામાં છે એ આદરણીય છે એમ જ્ઞાન જાણે છે. **'પરંતુ જ્ઞાન જ્ઞાન હી રહતા હૈ,...'** આહા..હા..! પરને જાણવાના કાળમાં પરની અવસ્થારૂપ નહિ થતાં, પોતાની સ્વ-પરપ્રકાશક અવસ્થામાં રહીને જ્ઞાન જ્ઞાનરૂપ રહે છે. **'જ્ઞાન જ્ઞાન હી રહતા હૈ, જ્ઞેયકા જ્ઞાયક હોનેસે...'** રાગાદિનું જાણનાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોવાથી **'વા જ્ઞેયાકાર પરિણમનેસે જ્ઞેયરૂપ નહીં હોતા,...'** જ્ઞેયનું જ્ઞાયક હોવાથી જ્ઞેયરૂપ નથી થતું અને જ્ઞેયાકાર પરિણતિરૂપ થાય તો પણ જ્ઞાન જ્ઞેયરૂપ થયું નથી. જેવું તત્ત્વ છે તેવું દૃષ્ટિમાં આવે નહિ ત્યાં સુધી મિથ્યાત્વનો નાશ થતો નથી. સમજાય છે કાંઈ ?

**'પરંતુ જ્ઞાનમેં જ્ઞેયકી આકૃતિ પ્રતિબિંબિત હોનેસે...'** એ તો જ્ઞેયનો પ્રમેય થવાનો સ્વભાવ છે અને જ્ઞાનમાં પ્રમાણ કરવાનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? સ્ત્રી, કુટુંબ-પરિવાર, મકાન, પૈસા તો જ્ઞેય છે. એ જ્ઞાનમાં જણાય છે, મારા છે એમ નહિ. સમજાય છે કાંઈ ? મારી સ્ત્રી છે, મારું શરીર છે, મારો રાગ છે એ વસ્તુમાં નથી. **'જ્ઞાનમેં જ્ઞેયકી આકૃતિ પ્રતિબિંબિત હોનેસે...'** પ્રતિબિંબિતનો અર્થ જ્ઞાનરૂપ પરિણમન થવાથી. એ ચીજ અહીં ... નથી પડતી. **'વા ઉસમેં આકાર આદિકા વિકલ્પ હોનેસે...'** એના સ્વરૂપનું સ્વપરનું ભેદરૂપ જ્ઞાન થવાથી. **'અજ્ઞાની લોગ જ્ઞાનકા દોષ સમજતે હૈં,...'** અરે..! આ રાગ જ્ઞાનમાં કેમ જણાયો ? સમજાય છે ? આ ... કેમ જણાયું ? સમજાય છે ? જણાયું એનો અર્થ શું ? તારા જ્ઞાનનો જાણવાનો સ્વભાવ છે તો જ્ઞાન જાણે છે. એમાં દોષ શું થયો ? સમજાય છે કાંઈ ?

આવે છે ને ? સ્ત્રીને જોઈને આંખ ફોડી નાખી. 'સુરદાસ' નું આવે છે ને ? ... અરે..રે...! આ આંખનો દોષ છે કે આ સ્ત્રી દેખાણી. એ આંખનો દોષ છે ? આંખ પણ જ્ઞેય છે અને પરવસ્તુ પણ જ્ઞેય છે. આંખ ફોડી નાખો. મિથ્યાભાવ છે. મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? વાતચીતમાં માણસ એવી વાત સાંભળે તો માણસ આમ કરે છે ને ? ઉં..હું...! શું છે પણ ? ..... ? આને શું છે ? આ તો જડ છે. સમજાય છે કાંઈ ? આ જાણવામાં કેમ આવ્યું ? જાણવામાં શું આવ્યું ? તારો સ્વભાવ જણાયો છે. આહા..હા...! આ સ્વભાવ જાણવામાં આવ્યો તો કહે છે, નહિ, નહિ, નહિ. શું છે ? તારો જાણવાનો સ્વભાવ નથી ? અજ્ઞાન છે ? મૂઢ છે ? સમજાય છે કાંઈ ? 'પાટનીજી' ! એવું થાય છે ને ? વાતચીત કરે એમાં એમ થાય. કહો, 'ચંદ્રકાંતભાઈ' ! સમજાય છે કે નહિ ? એ..ઇ...!

કહે છે, **'અજ્ઞાની લોગ જ્ઞાનકા દોષ સમજતે હૈં, ઔર કહતે હૈં, કિ જબ યહ જ્ઞાનકી સવિકલ્પતા મિટ જાયેગી...'** અરે..! જ્ઞાનમાં પરને જાણવાનો નાશ થશે ત્યારે જ્ઞાન નિર્મળ થશે, એમ અજ્ઞાની માને છે. આહા..હા...! રાગથી તો પૃથક છે પણ જ્ઞેયનું જ્ઞાન કરે છે એ જ્ઞેયથી પૃથક છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ ? રાગથી તો ભગવાન પૃથક છે જ, પણ જ્ઞેયનું જ્ઞાન કરવામાં જ્ઞેયથી પૃથક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ તો ધીરજની વાતું છે. જેણે આવી દશા પ્રગટ કરવી હોય તેને માટે વાત છે. ફક્ત વાતો કરવી હોય અને આ સમજ્યા વિના ધર્મ થયો, આ ધર્મ થયો (એને માટે વાત નથી). કરૂણા કરી, અભયદાન દીધું, થઈ ગયો ધર્મ.

**શ્રોતા :–** અભિમાન કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભિમાન નહિ, અભયદાન દઈ શકતો નથી. હું પરને અભય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરું છું તો એ જીવે છે, એમ છે ? એ તો શરીર અને જીવ જુદા ન પડ્યા એ જ્ઞેયનું આત્મા જ્ઞાન કરે છે અને શરીર અને આયુષ્ય જુદા પડી ગયા એ આત્માએ કર્યું નથી. આત્માએ કર્યું નથી પણ એ આત્માનું જ્ઞેય પણ પરરૂપ છે. તેના જ્ઞાનમાં આવ્યું તો જ્ઞેયને કારણે જ્ઞાનનું પરિણમન થયું (એમ નથી). સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ ભાવ છે, ભાઈ !

ભગવાન કલ્પદ્રૂમ ! અહીંયા કહે છે, જ્ઞાનમાં આનંદ આવે છે એમાં જ્ઞેય અને રાગ ક્યાં આવ્યા ? જ્ઞેયને તો સ્પર્શતો જ નથી. રાગ જે દયા, દાનનો વિકલ્પ આવ્યો તેને જ્ઞાન અડતું જ નથી, એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? જેવો સ્વભાવ છે એવો જાણે નહિ તો મૂઢતા મિથ્યાત્વ છે. પછી ચાહે તો જૈન નામ ધરાવે કે અમે સાધુ અને શ્રાવક છીએ, એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ?

**'ઔર કહતે હૈં, કિ જબ યહ જ્ઞાનકી સવિકલ્પતા મિટ જાયેગી–અર્થાત્ આત્મા શૂન્ય જડસા હો જાયેગા,...'** શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ તો જ્ઞાન નિર્દોષ થશે. શૂન્ય ક્યારે થાય ? સ્વ-પરનું જાણવું તો સિદ્ધમાં પણ છે. સમજાય છે કાંઈ ? સ્વ-પર જાણવાનો સ્વભાવ તો સિદ્ધમાં પણ છે, કેવળજ્ઞાનમાં છે. જાય ક્યાં ? એ તો જ્ઞાનનો સ્વભાવ છે. એ પરિપૂર્ણ થઈ ગયો. લોકાલોક જાણે છે. કસાઈનું ઘર છે ત્યાં બોકડાને કાપે છે, ત્યાં વ્યભિચાર થાય છે એ બધું જ્ઞાનમાં નથી આવતું ? જ્ઞાન જાણે છે કે નહિ ? બધું જાણે. અને કેવળજ્ઞાની તો એમ પણ જાણે કે આ લોકો આત્માને માનતા નથી, જ્ઞાનને માનતા નથી, વિપરીત માને છે, એ પણ જ્ઞાન જાણે છે. જાણે છે એમાં શું વિપરીતતા આવી ગઈ ? આહા..હા...! એ તો જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે, એ તો સ્વ સ્વભાવ છે. જાણવું-દેખવું તો પોતાનો પોતાથી સ્વભાવ છે.

**'આત્મા શૂન્ય જડસા હો જાયેગા, તબ જ્ઞાન નિર્દોષ હોગા, પરંતુ વસ્તુસ્વભાવ મિટૈ નહિ ક્યોંહી...'** એ આવી ગયું, **'વસ્તુસ્વભાવ મિટૈ નહિ ક્યોંહિ,'** વસ્તુસ્વભાવ ભગવાન ચૈતન્યપ્રભુ પોતાને જાણે અને પરચીજને પોતામાં રહીને પરને અડ્યા વિના અને પરની પરિણતિ કર્યા વિના પોતાની પરિણતિમાં જ્ઞાનની દશામાં જાણે. સમજાય છે કાંઈ ? ('વસ્તુ સ્વભાવ મિટૈ નહિ ક્યોંહિ') **'કી નીતિસે ઉનકા વિચાર મિથ્યા હૈ.'** શું ? અરે..! મારા જ્ઞાનમાં આ રાગ જણાઈ ગયો, દ્વેષ જણાઈ ગયો. ત્યાં શું આવી ગયું ? એ તો તારી ચીજ જ્ઞાનની પરિણતિ જણાણી. સમજાય છે કાંઈ ? **'ઉનકા વિચાર મિથ્યા હૈ.'**

**'બહુધા દેખા ગયા હૈ કિ હમ કુછ ન કુછ ચિંતવન કિયા હી કરતે હૈં, ઉસસે ખેદખિન્ન હુઆ કરતે હૈં...'** વિકલ્પ કરે અને ખેદખિન્ન થાય. ઉં..હું..હું...! **'ઔર ચાહતે હૈં કિ યહ ચિંતવન ન હુઆ કરે.'** જ્ઞાનની દશામાં આવું ન આવે એમ ખેદખિન્ન થાય છે. **'ઇસલિયે હમારા અનુભવ યહ હૈ કિ ચેતયિતા ચેતન તો ચેતતા હી રહતા હૈ,...'** લ્યો ! જાણનારો ભગવાન તો જાણવાનું કાર્ય કરે છે. આહા..હા...! રાગને પણ કરતો નથી, શરીરને પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરતો નથી, પરચીજને કરતો નથી અને પરચીજ જ્ઞેય તરીકે જાણવામાં આવે છે તો જ્ઞેયરૂપ થતું નથી. જેમ રાગરૂપ થયો નહિ એમ બધા જ્ઞેયરૂપ પણ જ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'ચાહતે હૈં કિ યહ ચિંતવન ન હુઆ કરે. ઇસકે લિયે હમારા અનુભવ યહ હૈ કિ ચેતયિતા ચેતન તો ચેતતા હી રહતા હૈ, ચેતતા થા...'** પહેલા પણ **'ઔર ચેતતા રહેગા,...'** એ ચેતનાએ તો જાણવાનું કાર્ય કર્યું, જાણવાનું કાર્ય કરે છે, જાણવાનું કાર્ય કરશે. બરાબર છે ? લાદી-બાદીનું કોઈ કામ કર્યું નથી, એમ કહે છે. ... થાણા.. થાણા. પંદર લાખનો સંચો.

**શ્રોતા :–** બંગલાની શોભા વધારે છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બંગલાની ને ! આત્માની નહીં ! લગનમાં કહે છે ને ? લગનમાં. માંડવાની શોભા વધારો. આવો પધારો. માંડવાની શોભા વધારો. ધૂળ પણ વધતી નથી. .. જમાઈ હોય તો બહુ સરખાઈનું લખે. તમારે આવવું પડશે, તમે ઘણા વર્ષથી આવ્યા નથી. અમારા મંડપની શોભા વધશે. ધૂળ પણ નહિ વધે, સાંભળને હવે. જ્ઞાનમાં જણાયું એમાં શોભા શું વધી ? આહા..હા...!

ભગવાનનો ચૈતન્યમંડપ, એમાં પરનું જ્ઞાન થયું એ પરનું નથી, એમ કહે છે. પરનું નથી, પરથી નહિ અને પરરૂપ થયું નથી. આહા..હા...! 'મૂળજીભાઈ'એ કહ્યું હતુ ને ! 'મૂળજીભાઈ' રાજકોટ લાખાણી ! ઉંમર મોટી હતી. હાર્ટએટેક આવ્યો. લોકો કહે, ડૉક્ટરને બોલાવો, ઘરના માણસો કહે કે ડૉક્ટરને બોલાવો, આ કહે, 'લાલુભાઈ' ને બોલાવો. 'લાલચંદભાઈ' કહે, ભાઈ ! દેહનો ધર્મ પર છે એમ આત્મા જાણે છે. આ દેહનો ધર્મ છે તેમ જાણવું. એ ધર્મ આત્મામાં આવતો નથી. એ (મૂળચંદભાઈ) કહે છે કે દેહના ધર્મને જાણવો કે મારી પર્યાયને જાણવી ? આમ વીર્યવાળા, અવ્યક્તપણે પણ એવું શ્રદ્ધાનું જોર હતું. શેઠ ! ગૃહસ્થ છે, મોટા ગૃહસ્થ છે, પૈસાવાળા છે. 'લાલચંદભાઈ' એ કહ્યું, શરીરમાં રોગ છે એ શરીરનો ધર્મ છે. એને આત્મા જાણે છે કે આ છે. (તો આ કહે), શું આત્મા એને જાણે છે ? એમ બોલ્યા. દેહ છૂટવાનો કાળ (હતો). આત્મા એમ જાણે કે આ દેહનો રોગ તે દેહનો ધર્મ છે ? કે આત્મા પોતાની પર્યાયને જાણે ? ત્યાં જાણવામાં રોકાય ? સમજાય છે કાંઈ ?

આ તો અંતર્મુખ દૃષ્ટિના વિષયમાં પરનું જ્ઞાન થાય છે તે પરનું નથી પણ પોતાની પરિણતિ છે એમ સિદ્ધ કરે છે. આહા..હા...! એનું જ્ઞાન કે દિ' હતું ? આહા..હા...! **'ઉસકા ચેતના સ્વભાવ મિટ નહીં સકતા. તાતૈં ખેદ કરૈં સઠ યોંહી'** જુઓ ! આવ્યું. **'તાતૈં ખેદ કરે સઠ યોંહી'** જ્ઞાનમાં આ શું આવ્યું ? આ કસાઈખાનું શું ખ્યાલમાં આવ્યું ? આ બોકડા કાપે છે ને ? બોકડા સમજ્યા ? શું છે ? એ તો જ્ઞાન જાણે છે કે આ છે. એ તો પોતાનો જાણવાનો સ્વભાવ છે. કાપે છે એમાં તને દુર્ગંછા કેમ આવી ? સમજાય છે કાંઈ ? '...'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! અરે..! અમારી હાજરીમાં આવું કામ ? તારી હાજરીમાં ક્યાં થાય છે ? એ તો તેની હાજરીમાં થાય છે. તારી હાજરીમાં તો તે સંબંધીનું જ્ઞાન થાય છે. એ જ્ઞાન મટાડવા માગે છે એ સઠ છે. સમજાય છે કાંઈ ?

**'કી નીતિસે ખિન્નતા પ્રતીતિ હોતી હૈ,...'** એને ખેદ ખેદ થઈ જાય. **'અતઃ ચિંતવન, ધર્મધ્યાન ઔર મંદકષાયરૂપ હોના ચાહિયે, ઐસા કરનેસે બડી શાંતિ મિલતી હૈ,...'** ધૂળ પણ મળતી નથી. રાગની મંદતાથી શાંતિ મળે છે ? એવો વિકલ્પ આવે છે, એમ કહે છે. હું મને જાણું છું, પરને નહિ અને પરરૂપ હું થયો નથી. એવો રાગની મંદતાનો વિકલ્પ છે. પણ અંદર દૃષ્ટિમાં એનું પણ જ્ઞાન છે તે જ્ઞાનની પરિણતિમાં આત્મા છે. સમજાય છે કાંઈ ? ત્યારે શાંતિ મળે છે. **'બડી શાંતિ મિલતી હૈ, તથા સ્વભાવકા સ્વાદ મિલનેસે સાંસારિક સંતાપ નહીં સતા સકતે,...'** એ તો બરાબર છે. આત્મા રાગને અને વિષય વાસનાને જાણતો હોવા છતાં પરરૂપ થતો નથી. પોતારૂપ રહીને એમ જાણે છે તો શાંતિ મળે છે. શાંતિ મળે છે તો આત્માનો સ્વાદ પણ આવે છે. એ રાગને જાણે છે તેના ઉપર લક્ષ છે તો રાગનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ ? રાગને પૃથક રાખીને પોતાનું જ્ઞાન રાગને જાણે છે તે પોતાની પર્યાય છે. આવી દૃષ્ટિમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. સમજાય છે કાંઈ ?

**'સ્વભાવકા સ્વાદ મિલનેસે સાંસારિક સંતાપ નહીં સતા સકતે,...'** આ શું થયું ? અરે..! આ શું થયું ? વીસ વર્ષનો દીકરો, બે વર્ષનું પરણેતર હોય અને ગુજરી જાય તોપણ જ્ઞાની તો જ્ઞાનસ્વભાવમાં જાણે છે. દીકરો મારો છે એમ હતું નહિ અને મારાથી છૂટ્યો પડ્યો એ છૂટો જ હતો. હું તો તેનો જાણનાર છું. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ તો પોતાનું જ્ઞાન છે. એ સંબંધીનું તે જ જ્ઞાન પોતામાં પોતાને કારણે આવવાનું હતું. એ થયું તો જ્ઞાન આવ્યું છે એમ નહિ. સમજાય છે કાંઈ ?

'સેઠિયાજી' ને એમ થયું હતું ને ? 'દીપચંદજી સેઠિયા'. ઇ આવ્યું ને ? શું કહેવાય ઇ ? 'હીતપદસંગ્રહ' આવ્યું ને ? કોઈનો પુત્ર મરી જાય તો, મારું પેટ, એમ કરે. અમારે કાઠિયાવાડમાં બોલે. મારું પેટ. મારા પેટમાં તું હતો. મારું પેટ મરી ગયું. પેટ ક્યાં તારું હતું ? બાળક પણ ક્યાં તારું હતું ? મારું જ્ઞાન, એમ કહે. '...' ! મારું જ્ઞાન. હું તો જ્ઞાન જાણનાર છું. પુત્ર પણ મારો નથી અને પુત્ર સંબંધી આસક્તિની વૃત્તિ ઉઠે તે પણ હું નહિ. સમજાય છે કાંઈ ? કસોટીના કાળે જ્ઞાનને જ્ઞાનરૂપ રાખવું એ વસ્તુ છે. આહા.હા..! મૂળ વાત આ છે. તેની હાજરી રાખવી. હું જાણનારો હાજર છું. આહા..હા..! ગમે તે પ્રસંગ હો, એ પ્રસંગ પ્રસંગમાં ભજે છે, મારામાં ક્યાં હાજર છે ? આહા..હા...! ભારે વાતો ભાઈ !

**'ઇસલિયે સદા સાવધાન રહકર ઇષ્ટ-વિયોગ, અનિષ્ટ-સંયોગ,...'** જુઓ ! ઇષ્ટનો વિયોગ. વ્હાલમાં વ્હાલી સ્ત્રી અને વ્હાલામાં વ્હાલો પુત્ર એમ અજ્ઞાની ગણે છે. તેના વિયોગમાં અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રતિકૂળના સંયોગમાં **'પરિગ્રહ-સંગ્રહ આદિકો અત્યંત ગૌણ કરકે...'** પરિગ્રહ-સંગ્રહ આદિ બધાને ગૌણ કરીને **'નિર્ભય,..'** હું તો નિર્ભય ભગવાનઆત્મા છું. ત્રણે કાળ નિર્ભય છું. આહા..હા..! એવી દૃષ્ટિ કરીને શાંતિનું વેદન કરવું તેનું નામ ધર્મ છે. **'નિરાકુળ,...'** હું તો નિરાકુળ–આકુળતા વગરની વસ્તુ છું. મારી ચીજમાં વળી આકુળતા કેવી ? શુભરાગ પણ ભઠ્ઠી છે. એ આવે છે ને ? 'રાગ આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઈએ' અંદર સમતાનું–આત્માના આનંદનું અમૃત પીવો. .. તે કાળે તેનું જ્ઞાન થવાનું હતું તો તે ચીજ તેને કારણે આવી અને મારું જ્ઞાન પણ મારા કારણે થયું, રાગ આવ્યો તો તેને કારણે થયું એમ પણ નથી.

**'નિરાકુળ, નિગમ,...'** અગમ્ય ગમ્ય. **'નિરભેદ...'** ભેદ નહિ. **'આત્માકે અનુભવકા અભ્યાસ કરના ચાહિયે.'** આત્મા આનંદમૂર્તિનો અભ્યાસ કરવો એ જ ધર્મ છે. શાસ્ત્ર ભણવા અને વાંચન, અભ્યાસ કરવો એ પણ ધર્મ નથી, એમ કહે છે. '....' ! એ અધિકાર પૂરો થયો, લ્યો ! હવે 'અમૃતચંદ્રાચાર્ય' સ્યાદ્વાદ અધિકાર કહે છે.

**'સ્વામીઅમૃતચંદ્ર મુનિકી પ્રતિજ્ઞા.'** પ્રતિજ્ઞા કરે છે.

**અદ્ભુત ગ્રંથ અધ્યાતમ વાની,**
**સમુઝે કોઉ વિરલા ગ્યાની.**
**યામૈં સ્યાદવાદ અધિકારા,**
**તાકૌ જો કીજૈ વિસતારા. ૧.**
**તો ગરંથ અતિ સોભા પાવૈ,**
**વહ મંદિર યહુ કલસ કહાવૈ.**
**તબ ચિત અમૃત વચન ગઢિ ખોલે,**
**અમૃતચંદ્ર આચારજ બોલે. ૨.**

બોલી શકે નહિ ને કહે છે કે અમૃતચંદ્ર બોલે. પાછું 'અમૃતવચન'. અમૃતવચનને રચે છે, એમ કહ્યું. અમૃતવચનને રચે, ખોલે એમ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. શું છે પણ ? સમજાય છે કાંઈ ? કથનમાં તો એમ જ આવે.

**'અદ્ભુત ગ્રંથ...'** આહા..હા..! 'સમયસાર' 'અમૃતચંદ્રાચાર્ય' મહાસંત મુનિ છઠ્ઠે – સાતમે ઝુલનારા ભાવલિંગી (સંત) 'સમયસાર' ને કહે છે કે એ તો અદ્ભુત ગ્રંથ છે. સમજાય છે કાંઈ ? મુનિ, જેને એકાદ ભવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થશે. એવા મુનિ કહે છે, પંચમકાળના મુનિ નગ્ન દિગંબર વનમાં રહેનારા કહે છે કે આ તો અદ્ભુત ગ્રંથ છે. 'સમયસાર' કોઈ આશ્ચર્યકારી ગ્રંથ છે !!

**'અધ્યાતમ વાની...'** એમાં અધ્યાત્મ–આત્માને જણાવનારી વાણી છે. ચિદાનંદ ભગવાન અનાકુળ આનંદને જણાવનારી વાણી છે. સમજાય છે કાંઈ ? **'યહ અધ્યાત્મ-કથનકા ગહન**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ગ્રંથ હૈ,...' 'સમુઝે કોઈ વિરલા ગ્યાની.'** કોઈ વિરલ પ્રાણી સમયસારના રહસ્યને સમજે. સાધારણ પ્રાણી ન જાણે, કહે છે.

**'યામૈં સ્યાદવાદ અધિકારા,...'** એમાં સ્યાદ્વાદ (અધિકાર છે). વસ્તુ વસ્તુની છે, પર વસ્તુની નથી. એમ સ્યાદ્વાદ (કહે છે). એક છે તે અનેક નથી, અનેક છે તે એક નથી એમ કહે છે. તે જ અહીં કહે છે, એક છે તે જ અનેક છે. એમ અપેક્ષાથી જાણનારું જ્ઞાન, સ્યાદ્વાદ. **'તાકૌ જો કીજૈ વિસતારા.' 'યદિ ઇસમેં સ્યાદ્વાદ અધિકાર બઢાયા જાવે તો યહ ગ્રંથ અત્યંત સુંદર હો જાવે,...' 'તો ગરંથ અતિ સોભા પાવૈ.'** ગ્રંથ અતિ સોભા પાવૈ. લ્યો. એટલે કે આ આત્માનો અધિકાર કહ્યો, બતાવ્યો તેની વિશેષ સ્પષ્ટતા, સ્યાદ્વાદ સમજે તો વિશેષ સ્પષ્ટતા થાય છે.

**'વહ મંદિર...'** ગ્રંથ છે તે મંદિર છે અને સ્યાદ્વાદ એનો કળશ છે. મંદિર ઉપર કળશ ચઢાવે છે ને ? **'તબ ચિત અમૃત વચન...'** અમૃત વચનોની રચના. ચિત એટલે ... 'અમૃતચંદ્રાચાર્ય' વિચાર કરીને, ચિત વિચાર કરે. **'અમૃત વચન ગઢિ ખોલે.'** વચનોને અમૃત કહ્યું ! 'વચનામૃત વીતરાગના' આવે છે ને ? અમૃત વચનોની રચના કરીને. ગઢિ એટલે રચના કરીને ખોલે છે. તેનું રહસ્ય બતાવે છે. આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય' મુનિ ધર્મના સ્તંભ ! એ આ 'સમયસાર' ની પ્રશંસા કરે છે. એક એક શબ્દમાં, એક એક ગાથામાં, 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે કે ગ્રંથ બહુ ગંભીર છે. ઓ..હો..હો..! ગ્રંથ છે તે મંદિર છે અને હું આ કળશ–સ્યાદ્‌વાદ અધિકાર બનાવું છું. મંદિર ઉપર કળશ શોભે.

**'અમૃતચંદ્ર આચારજ બોલે.'** આગળ કહેશે, વાણી અમારી નથી, અમે બોલતા નથી. કથન શું કરે ? ભાષા વ્યભિચારી. અમે કહ્યું. કહે કોણ ? બોલે ઇ બીજો–જડ. આહા..! સ્વરૂપગુપ્ત હું અમૃતચંદ્રાચાર્ય, એમ કહ્યું છે. હું તો મારા સ્વરૂપમાં અસ્તિત્વમાં છું. એ વાણીના અસ્તિત્વમાં હું આવી ગયો ? એ તો નિમિત્તથી કથન કરવામાં આવે છે.

**કુંદકુંદ નાટક વિષૈ, કહ્યો દરવ અધિકાર.**
**સ્યાદ્‌વાદ નૈ સાધિ મૈં, કહૌં અવસ્થા દ્વાર. ૩.**
**કહૌં મુકતિ-પદકી કથા, કહોં મુકતિકો પંથ,**
**જૈસેં ઘૃત કારજ જહાં, તહાં કારન દધિ મંથ. ૪.**

શું કહે છે ? **'સ્વામીકુંદકુંદાચાર્યને નાટકગ્રંથમેં જીવ-અજીવ દ્રવ્યોંકા...'** વિચાર કર્યો. દ્રવ્યનો અધિકાર કહ્યો ને ? જીવનો અધિકાર કહ્યો, એ તો અખંડ આનંદમય જીવ છે અને વિકલ્પ આદિ બધું અજીવ છે. એમ દ્રવ્યનો અધિકાર કહ્યો.

**'સ્યાદ્‌વાદ નૈ સાધિ...'** એમાં એક-અનેક, તત્-અતત્ આદિ જે ધર્મ છે તેને સ્યાદ્વાદથી કહીશ, નયથી કહીશ અને સ્યાદ્વાદ અધિકાર કહીશ. બે અધિકાર છે ને ? સમજાય છે કાંઈ ? એક-અનેક આદિ ચૌદ બૌલ છે ને ? એમાં સ્યાદ્‌વાદ આવ્યું અને ઉપાય-ઉપેયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાધ્ય-સાધક અધિકાર કહું છું. **'કહૌં મુકતિ-પદકી કથા,...'** મુકિતના પદની કથા કહીશ. પેલા કહે કે જુઓ ! આચાર્ય કહે છે કે હું કહીશ. અને તમે કહો છો.. અરે..! ભગવાન ! 'वोच्छामि समयपाहुडं' એમ આવ્યું. આચાર્યે કાંઈ કહ્યું. એ તો નિમિત્તના કથન છે. અરે..! ઝઘડા સમાડી દે ને જા અંદરમાં. સમજાય છે કાંઈ ?

**'કહૌં મુકતિકો પંથ...'** મુક્તિપદની કથા કહીશ, મોક્ષની કથા કહીશ અને મુક્તિના માર્ગની કથા કહીશ. એ સાધ્ય-સાધક. સાધ્ય એ મુક્તિ અને સાધક એ મુક્તિનો પંથ. **'જૈસેં ઘૃત કારજ જહાં,...'** જ્યાં ઘીની જરૂર છે.. ઘી ઘી કહે છે ને ? **'તહાં કારન દધિ મંથ.'** દધિનું મંથન એ કારણ છે. દધિના મંથન વિના ઘી નકળે નહિ. દહિ.. દહિ. **'ઘૃત કારજ જહાં, તહાં કારન દધિ મંથ.' 'જિસ પ્રકાર કિ ઘૃતરૂપ પદાર્થકી પ્રાપ્તિ કે હેતુ દધિ-મંથન કારણ હૈ.'**

ભાવાર્થ :– **'જિસ પ્રકાર દધિમંથનરૂપ કારણ મિલનેસે ઘૃત પદાર્થકી પ્રાપ્તિરૂપ કાર્ય સિદ્ધ હોતા હૈ, ઉસી પ્રકાર મોક્ષમાર્ગ ગ્રહણ કરનેસે મોક્ષપદાર્થકી પ્રાપ્તિ હોતી હૈ.'** ભગવાનઆત્મા... જ્ઞાનના બે રૂપ બતાવશે. એક સાધકરૂપ જ્ઞાનની દશા અને એક સાધ્યરૂપ પૂર્ણ દશા. સમજાય છે કાંઈ ? છે ને ત્યાં ? પૂર્ણતાને લક્ષે શરૂઆત. પૂર્ણતાનું લક્ષ એ સાધક... સમજાય છે કાંઈ ? પૂર્ણતા તે સાધ્ય અને અવસ્થા શરૂઆત થાશે સાધક. એ છે ને પૂર્ણતાનું લક્ષ ? એ પૂર્ણતાનું લક્ષ એટલે દ્રવ્ય નહિ. ... કહેતી વખતે આ કહ્યું હતું. પૂર્ણ પરાત્મપદ એ પૂર્ણ સાધ્ય, તેનું સાધન પર્યાય. પર્યાયનું સાધન કોણ એ બીજી વાત છે. સમજાય છે કાંઈ ? શું કહે છે ? જુઓ ! સાધ્ય તો આત્મા છે પણ મોક્ષ ક્યાં થયું ? અહીં કહેવાય છે, અહીં પર્યાયના બે ભેદ સ્યાદ્વાદથી બતાવવા છે. સમજાય છે કાંઈ ? એકલું દ્રવ્ય દ્રવ્ય કરે પણ દ્રવ્યમાં જે પર્યાય થાય છે તે બે પ્રકારની છે. એક અપૂર્ણ નિર્મળ પર્યાય તે સાધક અને પૂર્ણ નિર્મળ પર્યાય તે સાધ્ય. એમ બતાવવું છે. આવું વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? અજ્ઞાની તો એકલું કૂટસ્થ દ્રવ્ય ધ્રુવ છે, એમ બતાવે છે. એ પણ અજ્ઞાન છે, સાંખ્ય આદિ. અને બૌદ્ધ આદિ એકલી પર્યાયને બતાવે છે, પર્યાય છે, પણ પર્યાય કોને આધારે થાય છે ? બેને મેળવવા માટે હું સ્યાદ્વાદ અધિકાર કહીશ. પરને કારણે નહિ, વસ્તુનો સ્વભાવ એવો છે. સમજાય છે કાંઈ ? લોકો એમ કહે છે કે અન્યમતિમાં એકાંત છે તે બધાને મેળવીને 'મહાવીર' ભગવાને અનેકાંત કાઢ્યું. અરે..! આવી ને આવી વાતું પંડિતો બહાર મુકે. ભગવાન 'મહાવીરે' બધાનો સમન્વય કર્યો. બધાનો એક એક અંશ લઈને આખો સ્યાદ્વાદ અધિકાર બનાવ્યો. એમ છે જ નહિ. એ તો વસ્તુ એવી છે. સમજાય છે કાંઈ ? દ્રવ્ય ત્રિકાળ છે, પર્યાય ક્ષણિક છે, એ વસ્તુનો સ્વભાવ છે. બે થઈને આખું દ્રવ્ય સિદ્ધ થાય છે.

કહે છે, **'કારણકે બિના કાર્યકી સિદ્ધિ નહીં હોતી,...'** મોક્ષમાર્ગ ગ્રહણ કરવાથી મોક્ષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પદાર્થની પ્રાપ્તિ થાય છે. મોક્ષમાર્ગ કારણ છે, મોક્ષ પદાર્થ કાર્ય છે, એમ અહીંયા લેવું છે. નહિતર તો કારણપરમાત્મા 'નિયમસાર' માં આવે છે. એ તો આશ્રયમાં કારણ એ છે પણ કાર્યની દશામાં કારણ મોક્ષનો માર્ગ છે અને મોક્ષ છે તે તેનું કાર્ય છે. '**કારણકે બિના કાર્યકી સિદ્ધિ નહીં હોતી, ઇસસે કારણસ્વરૂપ મોક્ષમાર્ગ ઔર કાર્યસ્વરૂપ મોક્ષ દોનોંકા વર્ણન કિયા જાતા હૈ.**' અહીં તો બે પર્યાયનું વર્ણન (કરે છે). સમજાય છે કાંઈ ? સાધક થાય છે તે જ સમયે પૂર્ણ દશા પ્રગટે છે ? એવો ભેદ બતાવવો છે. વસ્તુ ભગવાનઆત્માનો આશ્રય થયો અને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા તો ચારિત્ર થયું એ જ સમયે પૂર્ણ દશા થઈ જાય છે ? આહા..હા...! કોઈને ન હોય. અસંખ્ય સમય તો લાગે, લાગે ને લાગે જ. સાધકને સાધ્ય પ્રગટવામાં (એટલો સમય તો લાગે જ). સમજાય છે કાંઈ ? પર્યાય, પર્યાયમાં નિર્મળતાની વૃદ્ધિ, પૂર્ણતા કેવી છે તે બતાવશે. તેનું નામ અહીંયા સ્યાદ્વાદ અને સાધક-સાધ્ય કહેવામાં આવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે ! આહાહા ! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ ! અરેરે સંસાર ! આ શું છે ? ...વૈરાગ્ય....વૈરાગ્ય.... સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે ! આહાહા ! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ ! આ સંસાર ! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય ! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્ર કર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે; અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત ઝરે. આહાહા ! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે ! આહાહા ! જન્મ લેવા જેવો નથી.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૫૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૫૯, પ્રવચન નં. ૧૭૮
## તા. ૧૫-૦૯-૧૯૬૬
## [૧૦]

શુદ્ધોપયોગ એટલે ? કેવળજ્ઞાન ને કેવળદર્શનને અહીં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. અહીં ધર્મ–મોક્ષનું કારણ શુદ્ધોપયોગ એની અહીં વ્યાખ્યા નથી. અહીં તો માર્ગનું ફળ, આત્મા પોતાના શુદ્ધ આનંદ જ્ઞાન આદિ સ્વભાવને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર જે મોક્ષમાર્ગ પ્રગટ્યો છે એના ફળ તરીકે મોક્ષનું સ્વરૂપ તેને અહીં શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. ફરીને જુઓ ! ટીકા, ટીકા ફરીને લઈએ. '**અહીં, જ્ઞાનીને...**' એટલે આત્માને, '**સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.**' આ આત્મા, જુઓ ! અહીં પૂર્ણ દેવનું સ્વરૂપ વર્ણવે છે. એટલે કે સર્વજ્ઞ ને સર્વદર્શીનો સ્વભાવ કેવો હોય એનો અહીંયા નિર્ણય કરાવે છે.

**શ્રોતા :–** દેવને માનવા દે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ જાણે શું હશે ? એ..ઇ..! સાત તત્ત્વમાં મોક્ષ તત્ત્વ આવે છે કે નહિ ? જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ તત્ત્વ. એ કથન છે ત્યાં મોક્ષમાર્ગ એક જ થયો ત્યાં, મોક્ષમાર્ગ એકપણું પામવા એના મોક્ષ તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે અને મોક્ષ તત્ત્વની શ્રદ્ધા એટલે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત અરિહંત ને સિદ્ધની શ્રદ્ધા એમાં આવી જાય છે. એમાં બહુ ફેર છે ઘણામાં, એ વાત પહેલી પરમ દિ' કરી હતી.

કેટલાક એમ માને છે કે કેવળજ્ઞાનીને જ્ઞાન ને દર્શન સમયાંતર હોય છે. સમયાંતર સમજાય છે ? એક સાથે બે ઉપયોગ નહિ, કેવળીને પણ. પહેલે સમયે કેવળજ્ઞાન તો બીજે સમયે કેવળદર્શન, ત્રીજે સમયે કેવળજ્ઞાન, ચોથે ... એમ સાદિ અનંતમાં સમયાંતરનો ઉપયોગમાં આંતરો કહે છે, એમ હોય શકે નહિ. ત્યારે કોઈ એમ કહે છે કે આત્માને બે ઉપયોગ ન હોય, એક જ ઉપયોગ એક સમયે હોય, એવો એક મત છે. સમજાણું કાંઈ ? બે (વાત થઈ). અને ત્રીજો એક મત વ્યવહારનયનો શાસ્ત્રમાં એમ છે કે જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને દેખે. આત્મા સ્વ-પર બેને દેખે એવો એક 'જયધવલ'ની અંદરમાં, 'ધવલ'માં આ એક શૈલી છે. એ શૈલી વ્યવહારનયથી ગુણ ભેદના કથનની છે. ગુણ ભેદના કથન એ વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

સાચી છે અને પહેલી જે બે વાત છે, બે ખોટી છે. સમયાંતર ઉપયોગ એ ખોટી વાત છે ને બે ઉપયોગ નહિ પણ એક જ ઉપયોગ એ ખોટી (વાત છે). કેમકે જ્ઞાન અને દર્શન બે ગુણ છે. અને કર્તા એક ને બે ગુણના કાર્ય એક સમયે બે એ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? 'અમરચંદભાઈ' ! કહે છે કે જ્ઞાનને સ્વ–સંબંધી નિશ્ચયથી જાણે, જ્ઞાન પરને વ્યવહારથી જાણે, એમ જ્ઞાનીને સ્વ નિશ્ચયથી જાણે ને પરને વ્યવહારથી જાણે એવું એનું સ્વરૂપ બતાવે છે.

**'पराश्रितो व्यवहारः'** અહીં શબ્દ અહીં પડ્યો છે. કારણ કે અહીં છેલ્લામાં **'अप्पाणं'** આવે છે ને ભાઈ ! **'णियमेण अप्पाणं'** ભાઈ ! બીજા પદમાં **'अप्पाणं'** આવે છે ને પહેલા પદમાં **'अप्पाणं'** સિવાય પર એમ લઈ લેવું. ભલે શબ્દ ન હોય, બીજામાં **'अप्पाणं'** આવે છે ને જાણવામાં ? એટલે પહેલામાં આત્મા સિવાય જેટલા પર અનંત દ્રવ્યો, અનંત આત્માઓ આદિ છે એ **'पराश्रितो व्यवहारः'** પરને કેવળજ્ઞાની જાણે એનું નામ વ્યવહાર કહેવામાં આવે છે. એટલે પરમાં તન્મય થઈને જાણતા નથી, તેથી તેને વ્યવહાર કહે છે. પણ પર સંબંધીનું જ્ઞાન પોતામાં નથી, એમ નથી. સમજાણું કાંઈ ? પર સંબંધીનું ને સ્વ સંબંધીનું બે જ્ઞાન નિશ્ચયથી પોતામાં પોતાથી છે. એવી અખંડ જ્ઞાન, દર્શનની શક્તિનું કાર્ય છે.

**'એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, વ્યવહારનયથી તે ભગવાન પરમેશ્વર પરમભટ્ટારક આત્મગુણોનો ઘાત કરનારા...'** આ બધો અર્થ પરમ દિ' આવી ગયો છે. એ વ્યવહારથી ઘાત કરનારા કહ્યા. **'ઘાતિકર્મોનો નાશ વડે...'** અને એમણે ઘાતિકર્મ નાશ કર્યા એ પણ વ્યવહારનું કથન છે. પરદ્રવ્ય જીવને ઘાત કરે ને જીવ એનો ઘાત કરે એ બધા નિમિત્તના વ્યવહારનું જ્ઞાન કરાવવા કથન કહ્યા છે. આ..હા..! **'નાશ વડે પ્રાપ્ત સકળ-વિમળ કેવળજ્ઞાન...'** સકળ-વિમળ પૂર્ણ કેવળજ્ઞાન **'અને કેવળદર્શન વડે ત્રિલોકવર્તી...'** ત્રણલોકમાં વર્તનારા **'તથા ત્રિકાળવર્તી...'** વર્તનારા ક્ષેત્ર ને કાળ બે લીધા. **'સચરાચર...'** સચર નામ ચાલતા જડ અને ચૈતન્ય કેટલાક, કેટલાક અચર નામ સ્થિર એવા **'દ્રવ્યગુણપર્યાયોને એક સમયે જાણે છે...'** કહો, સમજાણું કાંઈ ?

એક મત એવો અત્યારે છે કે સર્વજ્ઞ અનિયત, અનિયત બે પર્યાયને જાણે. અનિયત એટલે કે જે કાળે ત્યાં થવાનું ન હોય પણ નિમિત્ત આવે તો થાય ને નહિતર ન થાય. એવા અનિયત પર્યાયને ભગવાન જાણે. અનિયત હોય જ નહિ, અનિયત તરીકે જાણે શું ? સમજાણું કાંઈ ? આહા..! અરે..! જ્ઞાન દિવ્ય શક્તિ જેની એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક વર્તમાનની પેઠે વર્તમાન ભાસે એમ ઉપયોગ કામ કરે. આત્મા એટલે એને એની જ્ઞાનની પર્યાય એટલે શું ! સમજાણું કાંઈ ? દિવ્ય જ્ઞાન કોને કહે ? એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાયને પહોંચી ન વળે અને એક સમયમાં એ બધા દ્રવ્ય, ગુણ, પર્યાય અક્રમે અર્પે નહિ તો જ્ઞાનની દિવ્યતા શી ? સમજાણું કાંઈ ?

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો ભગવાનઆત્મા **'સચરાચર દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સમયે જાણે છે અને દેખે છે.'** પરમ દિ' એ વાત ત્યાં સુધી આવી હતી. **'શુદ્ધનિશ્ચયથી...'** શુદ્ધ ખરેખરથી, **'પરમેશ્વર મહાદેવાધિદેવ સર્વજ્ઞવીતરાગને, પરદ્રવ્યના ગ્રાહકત્વ,...'** પરદ્રવ્યનું ગ્રહવું એટલે જાણવું, દેખવું સામાન્ય ચૈતન્ય એવું નથી. તેમ પરદ્રવ્યનું ગ્રહવું, દેખવું કે દેખવાપણું, જાણવાપણું પકડીને, **'વગેરેના વિવિધ વિકલ્પોની સેનાની ઉત્પત્તિ મૂળધ્યાનમાં અભાવરૂપ હોવાથી** (?),...' એટલે એવું એને હોતું નથી. પરનું પકડવું કે પરનું જાણવું, પરને જાણવું આમ એવું નિશ્ચયનયથી હોતું નથી.

**'તે ભગવાન ત્રિકાળ-નિરૂપાધિ, નિરવધિ (અમર્યાદિત), નિત્યશુદ્ધ એવા સહજજ્ઞાન અને સહજદર્શન...'** લ્યો ! શું કીધું ? આત્મામાં ત્રિકાળ જ્ઞાન અને દર્શન છે એ ત્રિકાળ શુદ્ધ છે. એ ત્રિકાળ નિરૂપાધિ છે. ત્રણે કાળમાં જ્ઞાન, દર્શન શક્તિ–સ્વભાવ ને ઉપાધિ નથી. અમર્યાદિત છે. ભગવાનઆત્મા એનું જ્ઞાન, દર્શન અમર્યાદિત, મર્યાદા શી ? ઓહો..હો..! જાણવા-દેખવાનો સ્વભાવ, સ્વભાવ એને મર્યાદા ને માપ શું ? એવા જે ત્રિકાળ જ્ઞાન, દર્શન નિત્ય શુદ્ધ છે. નિત્ય શુદ્ધ એવા કે અશુદ્ધ પર્યાય વખતે એ જ્ઞાન ને દર્શન અશુદ્ધ હશે ?

**શ્રોતા :–** ત્રિકાળ છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્રિકાળ તો પડ્યો છે.

**'નિત્યશુદ્ધ એવા સહજજ્ઞાન અને સહજદર્શન વડે...'** અંતરના નિત્યશુદ્ધ સહજજ્ઞાન-દર્શન વડે, **'નિજ કારણપરમાત્માને,...'** ત્રિકાળ કારણપરમાત્મા. આ તો અધ્યાત્મની વાત. દર્શન, જ્ઞાનમાં પણ ભેદ કેવળજ્ઞાનીને કરે છે એનું એકાંતપણું ટાળવા આ વાત લીધી છે. બીજા કેટલાક સમયાંતર કહે, એક સમયમાં એક ઉપયોગ કહે, વ્યવહારનયના ગ્રંથ આ 'ધવલ' આદિ, જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે એમ કહે, આત્મા સ્વ-પરને જાણે એમ કહે. 'અમરચંદભાઈ' ! અહીં નિશ્ચયમાં એમ નથી એ સિદ્ધ કરવા અહીંયા વાત કરે છે. નિજ કારણપરમાત્મા ત્રિકાળ પ્રભુ, એને **'પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,...'** પર્યાયમાં કેવળજ્ઞાન ને કેવળદર્શન પ્રગટ હોવા છતાં પણ, **'જાણે છે અને દેખે છે.'** ત્રિકાળ દર્શન, જ્ઞાનને વડે, ત્રિકાળ શુદ્ધ વડે ત્રિકાળને જાણે, કાર્યપરમાત્મા હોવા છતાં.

**શ્રોતા :–** ત્રિકાળને ત્રિકાળ થવો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ત્રિકાળ જ્ઞાન, દર્શન ત્રિકાળને જાણે, કાર્યપરમાત્મા હોવા છતાં. સમજાણું કાંઈ ? આત્માને એનો જ્ઞાન, દર્શન સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ... સમજાણું કાંઈ ? આ આકાશ હર વખતે ખ્યાલમાં આવે છે. એક આકાશ સર્વ વ્યાપક છે, ક્યાંય અંત છે આકાશને ? ક્ષેત્રનો અંત છે ક્યાંય ? ક્યાં આકાશ નહિ હોય ?

**શ્રોતા :–** સર્વત્ર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સર્વત્ર પણ છે બધે ? તો પછી શું ? અસ્તિ... અસ્તિ... અસ્તિ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... અસ્તિ... બસ એ. તો ક્ષેત્રનો અસ્તિ, અસ્તિ કોઈ તર્ક ગમ્ય નહિ એવો સ્વભાવ (છે)... 'મગનભાઈ' ! તો આના જ્ઞાન દર્શનના સ્વભાવની શું વાત કરવી ? આહા..હા..! આ અમર્યાદિત કહ્યું છે ને ? નિરવધિ. એનો જ્ઞાન ને દર્શન સ્વભાવ, એને એની મહત્તાની ખબર નથી. ભગવાનઆત્મા જ્ઞાન ને દર્શન એના અસ્તિના સ્વભાવ જાણવા-દેખવાનો અમર્યાદિત સ્વભાવ, અમર્યાદિત સ્વભાવ. સમજાય છે કાંઈ ? એની કોઈ હદ નથી.

**શ્રોતા :–** એની કોઈ હદ નથી એટલે શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હદ નથી એટલે કે જેમ ક્ષેત્રની ક્યાંય હદ નથી એમ જાણવાના સામર્થ્યના સ્વભાવની શક્તિનું ક્યાંય માપ જ નથી એમાં. આહા..હા..! એ જ્ઞાન જેનો સ્વભાવ, ક્ષેત્ર નાનું એમ અહીં નથી લેવું. ક્ષેત્ર ભલે આટલું (હોય), ક્ષેત્રની મહત્તા નથી. પરમ દિ' કહ્યું હતું, એક પરમાણુમાં અસ્તિત્વ નામનો ગુણ છે અને એક આકાશનો અસ્તિત્વનો ગુણ (છે), બન્નેનું સામર્થ્ય સરખું છે. એમ નહિ કે આ ક્ષેત્ર આટલું માટે અસ્તિત્વ ગુણનું સામર્થ્ય થોડું અને આકાશ અમાપ માટે અસ્તિત્વ ગુણનું સામર્થ્ય અનંતગુણું. એટલે એ જ કહેવું છે કે ક્ષેત્રની મહત્તા એ મહત્તા નથી, ભાવની મહત્તા એ મહત્તા છે. 'મગનભાઈ' !

એક પરમાણુ પ્રમેય ગુણ રાખે છે, પ્રમેય. જ્ઞાનમાં પ્રમાણ થવા યોગ્ય. એનું જેટલું સામર્થ્ય છે એટલું જ આકાશના સર્વ વ્યાપકમાં પ્રમેય નામનો ગુણ (છે), એટલું સામર્થ્ય ધરાવે છે જ્ઞાનમાં પ્રમાણ થવાને લાયક પ્રમેય છે એનામાં. આમ અંત નથી એવો એનો પ્રમેય ગુણ પણ એવો છે. સમજાણું કાંઈ ? ક્ષેત્રથી આમ છે, છે ચાલ્યું જાય છે ને ? તો એનો પ્રમેય ગુણ ? 'ચંદુભાઈ' ! પ્રમેય ગુણનો અંત ક્યાં ? જેટલું દ્રવ્ય, ક્ષેત્ર છે એટલો પ્રમેય ગુણ અને એક પરમાણુમાં પ્રમેય ગુણ. પ્રમેય સમજાય છે ? જ્ઞાનમાં જણાવા લાયક તાકાત તેને પ્રમેય કહેવામાં આવે છે. એક રજકણમાં પ્રમેય ગુણ જેટલું સામર્થ્ય ધરાવે છે, જેની આમ હદ છે, ક્ષેત્રમાં પરમાણુ આમ આવી જાય છે, પેલું બેહદ છે, છતાં પ્રમેય ગુણનું સામર્થ્ય તો જેટલું એકમાં છે એવું આ અનંત આકાશમાં એક જ પ્રમેય ગુણની એથી અનંતગુણી તાકાત છે. સમજાણું કાંઈ ? એ અનંત આકાશ જ્ઞાનમાં પ્રમેયપણે થાય એવી એની તાકાત છે અને આ જ્ઞાન એને પ્રમેયપણે જાણવાનો પ્રમાણ જ્ઞાન, દર્શનનો પ્રમાણ સ્વભાવ એ અનંત પ્રમેયને જાણીને એનું અમાપપણું અંદર જ્ઞાન, દર્શનમાં અમાર્યાદિત સ્વભાવ છે. આહા..હા..! જરીક શું કહેવાય છે ? સમજાણું કાંઈ ?

કહે છે, એ '**ત્રિકાળ-નિરૂપાધિ, નિરવધિ, (અમર્યાદિત), નિત્યશુદ્ધ એવા સહજજ્ઞાન અને સહજદર્શન...**' આ એના સહજ જ્ઞાન, દર્શન. આ તો કેવળી કાર્યપરમાત્મા જાણે છે, પણ અહીં તો એવો સ્વભાવ જ એવો છે કે સહજ જ્ઞાન, દર્શન વડે જાણે એને કાર્ય થાય ત્યારે જાણે એમ એને નક્કી થાય. અહીં એના ખ્યાલમાં આવ્યો કાર્ય જ્યારે પૂર્ણ થયું ત્યારે આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વડે આ કારણ જાણે એનો ખ્યાલ આવ્યો. પહેલી શ્રદ્ધામાં ખ્યાલ આવે આ તો પ્રગટ થયું ત્યારે ઓહો..! કાર્યપરમાત્મા વડે જાણે છે એમ કીધું છે ને ? સમજાણું કાંઈ ? ઝીણું આવે છે.

કોઈ વાત આવી છે કે આમ કાર્યપરમાત્મા થયો છતાં એ અનંત જે ત્રિકાળી જ્ઞાન દર્શન અમર્યાદિત છે, તે વડે કારણપરમાત્માને જાણે-દેખે છે. એ આત્મા, કાર્યપરમાત્મા. કાર્યપરમાત્મા આ જ્ઞાન દર્શન વડે કારણપરમાત્માને જાણે-દેખે છે. સમજાણું કાંઈ ? ઝીણું છે, ભાઈ ! આ તો વાળની ખાલથી પણ ઝીણું છે, 'પંડિતજી' ! આહા..હા..!

અરે..! આત્મા એટલે શું ? એની દિવ્ય શક્તિ. ન્યાં 'પ્રવચનસાર'માં તો કેવળજ્ઞાનની વાત લીધી છે. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને ન જાણે તો દિવ્યજ્ઞાન કહે કોણ ? 'પંડિતજી' ! દિવ્ય કહે ... દિવ્ય પ્રરૂપે કોણ એને ? કહે કોણ એને ? એવો ભગવાન ! પર્યાયની વાત, હોં ! આ તો ગુણની વાત છે, અહીં. અહીં તો ગુણ વડે આને કાર્યપરમાત્મા જાણે એમ કહે છે. સમજાણું કાંઈ ? કારણ કે પ્રત્યક્ષ જ્યાં સુધી કાર્ય થયું નથી ત્યાં સુધી આ જ્ઞાન દર્શન ને આ જાણે એવું એને પ્રત્યક્ષ થતું નથી. અહીં પ્રત્યક્ષ કાર્ય જ્યાં કેવળજ્ઞાન થયું, કેવળદર્શન થયું ત્યારે સહજ જ્ઞાન દર્શન વડે '**કારણપરમાત્માને જાણે કાર્યપરમાત્મા હોવા છતાં પણ જાણે છે અને દેખે છે.**' કહો, સમજાણું આમાં ?

એ જ્ઞાન દર્શન વડે જાણે, પર્યાયથી તો જાણે એમાં નવાઈ શી એમ કહે છે, અહીં તો. આ તો પર્યાય વડે જાણે એની તો વાત શું કરવી કહે છે, પણ આ તો જે ત્રિકાળ જ્ઞાન, દર્શન છે એ વડે કાર્યપરમાત્મા, કારણપરમાત્માને જાણે છે. કાર્યથી તો જાણે પણ આ વડે આને જાણે છે. જરી આમાં જોર છે થોડુંક એનું જોર બતાવે છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! અરે..! સર્વજ્ઞનો નિર્ણય, સર્વદર્શનનો નિર્ણય સમ્યગ્દર્શન. આ તો વાંધા જ બધા હજી સર્વજ્ઞના જ વાંધા. ભગવાન જાણે એક સમયે તો આમ થાય, ન્યાં થાશે ત્યારે જાણે, ન્યાં થાશે ત્યારે જાણે, શું કહો છો આ ? સમજાણું કાંઈ ?

એક સમયમાં કાર્યદશા કેવળજ્ઞાનને કાર્યપરમાત્મા કહે છે. એ આમ જાણે એ જુદી વાત કહે છે પણ એ અંતરમાં એના જ્ઞાન દર્શન વડે કારણપરમાત્માને જાણે છે. કારણની વાત છે ને અહીં. પોતાને, આત્માને લેવું છે ને. '**अप्पाणं**' લેવું છે ને ! આહા..હા..! ભાઈ ! તારા સ્વભાવના સામર્થ્યની મર્યાદા શું કહેવી ? ભગવાન ભલે એટલા ક્ષેત્રમાં રહ્યો અને તે દેખાય છે ને એને કે એ આમ અંતરમાં એકાગ્ર થાય છે એટલા ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે. આમ એકાગ્ર થાય છે, એમ નથી થતો. એની એકાગ્રતાનું સ્થાન જ અસંખ્ય પ્રદેશી સ્થાન છે. સમજાણું આમાં ? એમાં એનો જ્ઞાન દર્શન ત્રિકાળ નિરૂપાધિ, ત્રિકાળ અમર્યાદિત, નિત્યશુદ્ધ સહજજ્ઞાન દર્શન વડે કાર્યપરમાત્મા હોવા છતાં આ વડે આને જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

રાગનું કરવું ને રાગનું છોડવું એના ગુણમાં કોઈ દિ' ત્રણકાળમાં નથી. કાર્યપરમાત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયો હોય તો આ વડે કારણપરમાત્મા જાણે એવો એનો સ્વભાવ છે. રાગનું નીચે કરવું કે દેશનું કરવું કે છોડવું એ સ્વરૂપમાં ત્રણકાળમાં નથી. એમાં ત્રિકાળ જ્ઞાન, દર્શન સ્વભાવ જ એને કારણને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ ? આવી ઝીણી (વાત), ભાઈ ! આ માણસને મૂળ વસ્તુ છે એની એને ખબર ન મળે એટલે ઉપરથી પછી ચાલો, આ કરો, આ કરો. બાપા ! ક્યાં કરવું છે ? જેમાં જ્ઞાન, દર્શન ભરેલો છે ને, જ્ઞાન, દર્શન ભરેલા છે ને, એ ભગવાનમાં કાંઈ કરવાનું છે. એમાં એકાગ્ર થવું એ કરવાનું છે, એ એકાગ્ર થવું એ જ કરવાનું ને એ જ મોક્ષનો માર્ગ છે.

**શ્રોતા** :– વ્યવહારમાં જોવે તો મોકળાશ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– મોકળાશ શેની ? ધૂળની મોકળાશ છે. બહારમાં મોકળાશ, શું મોકળાશ છે ?

**શ્રોતા** :– પૈસા દેખાય

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધૂળમાં પણ દેખાતું નથી, પૈસા એની જ્ઞાનની પર્યાય દેખાય છે, લ્યો ! અરે..! ભગવાન અનુભૂતિ આવે છે ને ? ભાઈ ! ૧૭-૧૮માં. અનુભૂતિ સદાય હોવા છતાં આ અનુભૂતિ તે હું એમ એને બેસતું નથી. ૧૭-૧૮ ગાથા 'સમયસાર' સમજાણું કાંઈ ? છે ને ૧૭-૧૮ ? ભાઈ ! આ 'સમયસાર'માં તો બ્રહ્માંડ ભર્યા છે. 'ભાવો બ્રહ્માંડના ભર્યા' સમજાણું ?

જુઓ ! પરંતુ જ્યારે આવો અનુભૂતિ (સ્વરૂપ) ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે અનુભવમાં આવતો હોવા છતાં બંધના વશે અજ્ઞાનીને આ અનુભૂતિ તે હું એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. આ જાણનાર આ નહિ, આ નહિ, આને આ જાણનાર તે અનુભૂતિ તે હું, એ જાણનાર તે પર્યાય તે હું, આને નહિ. સમજાણું કાંઈ ? જુઓ ! શું કીધું ? જ્યારે આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને સદાકાળ... સૌને સદાકાળ... સૌને સદાકાળ... પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં. દરેક સમયે જ્ઞાન જ અનુભવમાં આવે છે, એમ કહે છે. 'અમરચંદભાઈ' !

**શ્રોતા** :– જ્ઞાન એટલે પોતે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પોતે રાગ-ફાગ નહિ, પર પણ નહિ. એ રાગનું જ્ઞાન, આનું જ્ઞાન એ જ્ઞાન અનુભવમાં આવે છે.

**શ્રોતા** :– આ માનતો નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– માનતો નથી. સમજાય છે ? આ રાગને જાણું છું, હું આને જાણે છું, હું આને જાણું છું એમ પર ઉપર જ એની દૃષ્ટિ અનાદિની પડી છે. 'હીરાભાઈ' ! જુઓને ! કેટલી ટીકા કરી છે. અનાદિ બંધને વશે, પરને વશે થઈ ગયો છે ને ! એકપણાના નિશ્ચયથી મૂઢ. અજ્ઞાનીને અનુભૂતિ હું એવું આત્મજ્ઞાન ઉદય કરતું નથી. એના અભાવને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લીધે નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાના શીંગડા સમાન શ્રદ્ધાન ઉદય થતું નથી. આ ચીજ તે જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... તે હું, એમ જેની દૃષ્ટિ થાય એને જાણનારની પર્યાયમાં હું જણાવું છું, એને દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય. એને રાગ ઉપર આમ જાય છે એમ ન જાય. સમજાણું કાંઈ ?

આ તો કહે છે, ***આબાળગોપાળને સદાકાળ પોતે અનુભવમાં આવતો હોવા છતાં. જ્ઞાનની દશામાં પોતાના અસ્તિત્વને જ અનુભવવામાં આવતો હોવા છતાં આ પરને અનુભવું છું ને પરને જાણું છું એવો ભ્રમ અનાદિનો થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! કરવાનું તો ક્યાં રહ્યું પણ પરને જાણવું પણ ન મળે, લ્યો ! અહીં તો એમ કહે છે, ભાઈ !*** 'મગનભાઈ' ! ભગવાન ! તારી સત્તામાં, તારા હોવાપણામાં તો જ્ઞાન ને દર્શન બિરાજે છે ને અને એનો જ અનુભવ પર્યાયમાં અનુભવ એનો થાય છે. હોવા છતાં એમ ન માનતા, આમ આધિન થઈ ગયો છે. આ રાગ, આ દયાના પરિણામ, આ ક્રોધના પરિણામ, આ દેહની ક્રિયા એને હું જાણું છું, પોતે રહી ગયો સ્વ એકલો. ***પરને જાણું છું એમ અનાદિથી મિથ્યા ભ્રાન્તિમાં ભાસ થઈ ગયો છે.*** કહો, 'રામસ્વરૂપજી' ! આ ક્રિયા છે એની. આહા..! આ ક્રિયા થઈ. જ્ઞાનની ક્રિયા થઈ કે નહિ ? આ શું થઈ ?

આ અનુભવની પર્યાય, જ્ઞાન મારું છે ને હું એને જાણું છે એમ જ્યાં એને થયું ત્યાં તો એને સ્વ લક્ષમાં આવી ગયું, પરલક્ષ છૂટી ગયું. આ તો સ્વલક્ષમાં જ્ઞાન અનુભવ એમ ન આવતા, આ શરીર જણાણું, આ જણાણું, આ જણાણું પણ જેની મુખ્યતા ન હોય, જેની જાણવામાં જેની મુખ્યતા ન હોય તો આ જણાણું આવ્યું ક્યાંથી ? તેથી ભગવાન ઊર્ધ્વતા ગુણ કહે છે ને ? 'સમયસાર-નાટક'માં. 'સમતા રમતા ઊર્ધતા જ્ઞાયકતા સુખભાસ, વેદકતા ચેતનતા એ સબ જીવ વિલાસ'. ઊર્ધ્વતા નામ દરેક ક્ષણમાં આ રાગ આ, એમાં આત્મા ઊર્ધ્વ નામ પહેલો છે. આહા..હા..! એક માણસ કહે, જુઓ ! હું મેં જાણ્યો છે ને ત્યાં ? ત્યાં તું હતો કે નહિ ? ના હું નહિ. પણ તારા આવ્યા વિના જાણ્યું કોણે ? મેં પેલા માણસમાં દીઠા હતા એ વખતે નીકળ્યા એ, ફલાણાને દીઠા હતા, એને દીઠા હતા કે તને ? સમજાણું કાંઈ ? જરી સૂક્ષ્મ તો વાત છે, ભાઈ ! માર્ગ જ એનો એવો છે.

કહે છે, **'સહજજ્ઞાન અને સહજદર્શન વડે નિજ કારણપરમાત્માને, પોતે કાર્યપરમાત્મા હોવા છતાં પણ,...'** કેવળજ્ઞાની હોવા છતાં પણ સહજ દર્શન, જ્ઞાન વડે કારણપરમાત્મા **'જાણે છે અને દેખે છે. કઈ રીતે ? આ જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વ-પરપ્રકાશકપણું છે.'** એ પહેલા આવી ગયું છે આપણે. આમાં આંકડો નથી લખ્યો, પેલામાં આવ્યું ને ? ૨૭ પાનું કેટલામું પાનું ? ઉપયોગમાં આવે છે ને ? ઉપયોગ, ઉપયોગ. ઉપયોગની વ્યાખ્યા આવે છે ને જ્યાં ? ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે. ભાષા જુઓ ! આત્માનો ચૈતન્ય-અનુવર્તી પરિણામ તે ઉપયોગ છે. આહા..હા..! એ ચૈતન્યનો જ્ઞાન, દર્શન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા એને અનુસરીને વર્તનારા પરિણામ છે મતિના, શ્રુતના, અવધિના, મનઃપર્યાયના ને કેવળના. ઇન્દ્રિનેય અનુસરીને જ્ઞાન નથી થતું એમ કહે છે.

**શ્રોતા :–** ભલે પણ જ્ઞેયને અનુસરીને તો થાય !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇન્દ્રિય ને જ્ઞેય બધા પરમાં ગયા. અહીં તો એમ કહ્યું, પેલા કહે છે ને મતિજ્ઞાન ઇન્દ્રિયથી થાય, શ્રુતજ્ઞાન મનથી થાય, ફલાણા આમથી થાય, અવધિજ્ઞાન વળી ચિન્હ-ફિન્હથી થાય, કહે છે કેવળજ્ઞાન લોકાલોકથી થાય.

અહીં તો કહે છે કે આત્મા એક વસ્તુ એનો ચૈતન્ય એ ગુણ, એને અનુવર્તી પરિણામ ત્રણ લીધા દ્રવ્ય, ગુણ, પર્યાય. ભગવાન ચેતન, એનો ચૈતન્ય ગુણ, એને અનુસરીને થતાં પરિણામ. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય એને અનુસરીને થાય છે, આ સાંભળવાને અનુસરીને નથી થતાં એમ કહે છે. 'નવનીતભાઈ' ! આહા..હા..! સમજાણું કાંઈ ? શું કીધું ? આ વાંચવાને અનુસરીને જ્ઞાન નથી થતું, એમ કહે છે. એ..ઇ..! 'ધન્નાલાલજી' !

ભગવાન ! એ ચેતન છે ને ! એનો ચૈતન્ય ગુણ છે. ચેતન દ્રવ્ય છે, ચૈતન્ય ગુણ છે, એને અનુસરીને થતી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય, કેવળજ્ઞાનની પર્યાય છે. અહીં તો બહાર પણ ઉપયોગ કહે છે, હોં ! ... સમજાણું કાંઈ ? એને ઠેકાણે એમ માને કે આ મારી દશા એ નિમિત્તથી આવી, ઇન્દ્રિયથી આવી, આ ઇન્દ્રિય હતું તો આવ્યું એને નિમિત્તની મૈત્રિતા કોઈ દિ' છૂટતી નથી. સમજાણું કાંઈ ? છે ને ? 'પ્રવચનસાર'માં છે, છેલ્લા અધિકારમાં, છેલ્લા અધિકારમાં છે. એને જ્ઞેય વખતે, જ્ઞાનને વખતે તેવા જ જ્ઞાન સામે જ્ઞેય હોય અને તેથી એને એમ થઈ ગયું છે કે આ જ્ઞેયને લઈને મને જ્ઞાન છે તેથી એને નિમિત્તની મૈત્રિતા અંદરમાંથી છૂટતી નથી. પ્રેમ છૂટતો નથી, અહીં જ્ઞાનમાં જણાય એવું અહીં સામે હોય, બરાબર એવું હોય એટલે એ જાણે કે આ છે ને માટે અહીં થાય છે, આ છે ને માટે અહીં થાય છે.

**શ્રોતા :–** નિમિત્તથી થાય....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા નિમિત્ત છે તો અહીં જ્ઞાન થાય.

**શ્રોતા :–** નિમિત્ત ન હોય તો ન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ માને છે, નિમિત્ત ન હોય તો ન થાય એટલે નિમિત્તના પ્રેમીઓ... સમજાણું કાંઈ ? અહીં કીધું ને ? ચૈતન્યને અનુસરીને વર્તમાન પરિણામ ઉપયોગ ધર્મ ને જીવ ધર્મી દીપક ને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. સમજાણું કાંઈ ? અહીં તો કહેવું છે કે ચૈતન્ય ભગવાન એના જ્ઞાન ગુણ ને દર્શનને અનુસરીને તેના પર્યાય, પર્યાય દશા થાય છે. આમાં તો એ આવી ગયું કે કાર્ય મતિ, શ્રુત અને કેવળજ્ઞાનનું કાર્ય, કેવળજ્ઞાનાવરણીયના થઈને લઈને થાય છે એમ ન આવ્યું એમાં. આહા..હા..! બરાબર છે ?

એ તો જ્ઞાન દર્શન જે ત્રિકાળ તેનો ધરનાર ચેતન, તેમાં રહેલું ચૈતન્ય એને અનુસરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પરિણામ થાય છે. કેવળજ્ઞાન તે ચૈતન્ય ગુણને અનુસરીને થાય છે. આ હમણા જ વાંધા ઉઠાવ્યા છે. 'સોનગઢ'વાળા કહે છે કે કેવળજ્ઞાન પોતાથી થાય ત્યારે કેવળજ્ઞાનાવરણીયનો ક્ષય એને મેળે થાય. નહિ, કેવળજ્ઞાનાવરણીય ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય એમ બોલો, માનો. ઊંધું બોલો, ઊંધું માનો એમ કહે છે. 'અમરચંદભાઈ' ! ભગવાન ! તું પણ જબરો છો ને, ભાઈ ! બાપુ ! ત્યાં તો શબ્દ એમ આવ્યો ને. સમજાણું કાંઈ ? ત્યાં તો ચોખ્ખો શબ્દ એમ આવ્યો કે અનુસરીને થતું એમ આવ્યું. સમજાણું ? એમાં એમ ન આવ્યું કે ઇન્દ્રિયને, નિમિત્તને અનુસરીને થાય છે. સમજાણું કાંઈ ?

**'જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક...'** છે. પોતાની જ્ઞાનની પર્યાય તેને અનુસરીને થાય છે. એટલે ? કે પરને અનુસરીને થતી નથી. સંઘયણને અનુસરીને નહિ, ઇન્દ્રિયને અનુસરીને નહિ, આ સાંભળવાને કારણે નહિ, આ આંખ આમ પડે માટે એને કારણે અહીં પર્યાય થાય એમ નહિ. હતું કે દિ' તે કાઢી નાખે. સમજાણું કાંઈ ? આહા..હા..! કેવળજ્ઞાન ચૈતન્ય–અનુવર્તી પરિણામ, લ્યો ! એ આવ્યું. સમજ્યા ને ? અહીં કેવળજ્ઞાનનો અધિકાર આવ્યો ને ? કેવળજ્ઞાન ચૈતન્ય–અનુવર્તી પરિણામ, પર્યાય છે. શ્રુતજ્ઞાન ચૈતન્ય–અનુવર્તી પરિણામ, શ્રુતજ્ઞાન શાસ્ત્ર–અનુવર્તી પરિણામ, એમ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા..! હવે આ તો કાર્યને એને અનુસરીને એમ કીધું. નિમિત્તને અનુસરીને થાય એની તો અહીં ના પાડી ભાઈ ! છતાં એના મોટા વાંધા. હજી આમાં લેશે, હોં ! એણે બિચારાએ આજ લખ્યું છે, હોં ! ..... અરે..! શેના 'સોનગઢ'ને નામે શેના દ્વેષ કરો છો આ તમે ? બધા બોલ લીધા છે બિચારાએ. ક્રમબદ્ધ લીધા છે.

**શ્રોતા :–** નિમિત્તથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ....બીજો ચેતન પણ ભલે હોય. સિદ્ધ પણ નિમિત્ત છે ભલે બધું (હોય) પણ એને અનુસરીને કાર્ય હોઈ શકે જ નહિ. અહીં કીધું, મહા સિદ્ધાંત સ્થાપ્યો. ચૈતન્ય અનુવર્તી પરિણામ ઉપયોગ. ચૈતન્ય ભગવાન, એનો ચૈતન્ય ગુણ, એને અનુસરીને થતાં પરિણામ. એમાં ક્યાં આવ્યું આ નિમિત્ત ને એનું સંઘયણ હોય તો આમ થાય, એ તો બધા નિમિત્તના કથન છે. આહા..હા..! સારી ઇન્દ્રિય હોય તો જ્ઞાન થાય, લ્યો ! આંખ ફૂટી ગઈ હોય તો થાય ? સાંભળને હવે. ચૈતન્યને અનુસરીને થતાં જ્ઞાનના પરિણામનો ઉપયોગ છે. આને અનુસરીને થતાં છે નહિ. આહા..હા..! એટલાની હજી ઉપાદાનની ખબર ન મળે, લખાણ સારું આપ્યું છે ભાઈએ. જુઓ ! આ ઠેકાણે ઉપાદાન કહ્યું છે. પ્રકાશ પોતે ... આ 'સન્મતિ સંદેશ'. આહા..! ઉપાદાન નિમિત્તનું લખ્યું છે, ક્રમબદ્ધનું લખ્યું છે, પુણ્ય ધર્મ નથી લખ્યું છે. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે **'જ્ઞાનનો ધર્મ તો, દીવાની માફક, સ્વ-પરપ્રકાશકપણું છે.'** એનો સ્વભાવ તો સ્વને, પરને જાણવો એવો છે. પરને અનુસરીને થવું એવો (સ્વભાવ) નથી. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? જ્ઞાનનો ધર્મ શું કીધો ? દીવાની માફક, સ્વ-પરપ્રકાશપણું છે, સ્વ અને પરને પોતાથી પ્રકાશે એવો એનો સ્વભાવ છે. પરને લઈને પ્રકાશે ને પરને અનુસરીને પ્રકાશે એવો એનો સ્વભાવ છે નહિ.

આ **'ઘટાદિની પ્રમિતિથી...'** ઘટાદિ છે ને ? એની જે પ્રમિતિની ક્રિયા છે ને પોતામાં, પોતાની ક્રિયા, હોં ! એ **'પ્રકાશ-દીવો (કથંચિત્) ભિન્ન હોવા છતાં...'** કથંચિત્ ક્રિયા છે ને એક સમયની ? આ પ્રકાશ ત્રિકાળ કાયમ રહેનારો છે. **'ભિન્ન હોવા છતાં સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી...'** જ્ઞાન જ સ્વયં પ્રકાશસ્વરૂપ હોવાથી, **'સ્વ અને પરને પ્રકાશે છે;...'** આહા..હા..! અરે..! આ એક નિર્ણય કરે તો બધા ઉડી જાય, આ તો હજી કર્તા આ, આ મેં કર્યાં, હજી પરની દયાઓ પાળી ને પરની મેં હિંસા કરી, પરની દયા ન હોય તો જૈન ધર્મ ઉડી જાય છે. અરે..! ભગવાન ! તને જૈન ધર્મની ખબર નથી, ભાઈ ! રાગની ઉત્પત્તિ એ હિંસા છે, રાગની અણઉત્પત્તિ તે વીતરાગ માર્ગમાં અહિંસા છે, એને અહિંસા કહે છે.

અહીં કહે છે સ્વ-પરને ભગવાનઆત્માને પ્રકાશવાનો સ્વભાવ છે. કોઈ રાગને કરવું, છોડવું, કો'કનું ભલું કરી દેવું. ભગવાનના જ્ઞાનમાં એમ નથી કે કો'કનું ભલું કરી દેવું. સમજાણું કાંઈ ? **'આત્મા પણ જ્યોતિસ્વરૂપ હોવાથી...'** ભગવાનઆત્મા ચૈતન્ય જ્યોતિસ્વરૂપ હોવાથી, **'વ્યવાહરથી...'** જુઓ ! આવ્યું હવે. **'ત્રિલોક અને ત્રિકાળરૂપ પરને તથા સ્વયં પ્રકાશસ્વરૂપ આત્માને (પોતાને) પ્રકાશે છે.'** ત્રિલોક, ત્રિકાળરૂપ પરને એટલે વ્યવહાર અને સ્વયં પ્રકાશમાન સ્વરૂપને પ્રકાશે એ નિશ્ચય. બન્ને. સમજાણું કાંઈ ? પેલા વાંધા ઉઠાવે. પરને જાણવું... સર્વજ્ઞ છે ને ? એ સર્વજ્ઞ તો વ્યવહાર થઈ ગયો. વ્યવહાર એટલે ખરેખર પરને જાણતા નથી. પરને તન્મય થઈને જાણતા નથી પણ પર સંબંધીનું જ્ઞાન તો પોતાનું (છે), એને જાણે છે કે નહિ ? ભારે વાંધા, ભારે વાંધા, ક્ષણે ક્ષણે ઝઘડા ઉઠાવવા.

**'૯૬ પાખંડીઓ પર વિજય મેળવવાથી જેમણે વિશાળ કીર્તિ પ્રાપ્ત કરી છે એવા મહાસેનપંડિતદેવે પણ (શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

**यथावद्वस्तुनिर्णीतिः सम्यग्ज्ञानं प्रदीपवत्।**
**तत्स्वार्थव्यवसायात्म कथंचित् प्रमितेः पृथक्।।**

**'વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક, સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે...'** સ્વ ને પરના પ્રકાશાત્મક છે. **'તથા પ્રમિતિથી (જ્ઞપ્તિથી) કથંચિત્ ભિન્ન છે.'** પેલો આધાર આપ્યો હતો ને ? લખ્યું છે ને એટલું. જ્ઞપ્તિથી, જ્ઞપ્તિ એટલે જાણવાની ક્રિયા, જાણવાની ક્રિયા એક સમયની છે ને આ ત્રિકાળ જ્ઞાન પ્રકાશક છે, કથંચિત્ ભિન્ન છે.

**'હવે 'સ્વાશ્રિતો નિશ્ચયઃ (નિશ્ચય સ્વાશ્રિત છે)' એવું (શાસ્ત્રનું) વચન હોવાથી, (જ્ઞાનને) સતત *નિરૂપરાગ નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે જ.'** બીજી રીતે લે છે. શું કહે છે ? સતત નિરૂપરાગ, ભગવાનઆત્મા નિરંતર રાગ ને વિકાર વિનાનો, ત્રિકાળ રાગ ને વિકાર વિનાનો, નિરંજન સ્વભાવમાં લીનપણાને લીધે, પોતે જ્ઞાનમાં લીન હોવાને લીધે નિશ્ચયપક્ષે પણ સ્વ-પરપ્રકાશકપણું છે જ. કઈ રીતે ? **'નિશ્ચયપક્ષે પણ સ્વ–પરપ્રકાશકપણું છે જ.'** કઈ રીતે ? - કે **'સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી (તેમ જ ભિન્ન પ્રયોજનથી) ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ (અખંડ વસ્તુની અપેક્ષાએ) ભિન્ન નથી;...'** આત્મા ને જ્ઞાન નામ ભેદ પડ્યા, લક્ષણ ભેદ પડ્યા. સમજાય છે ? પણ આત્મા ને જ્ઞાનના પ્રદેશ ભેદ નથી. વસ્તુ એક જ છે. આત્મા જ્ઞાનજ્યોત, ચૈતન્ય જ્યોત, ચૈતન્ય જ્યોત તે આત્મા, આત્મા તે ચૈતન્ય જ્યોત. વસ્તુવૃત્તિએ, કીધું જુઓ ! અખંડ વસ્તુની અપેક્ષાએ.

**'આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલા) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે...'** એ જ્ઞાન પોતાને જાણે ને જ્ઞાન પરને જાણે એ રીતે સ્વપર નિશ્ચયાત્મક જ્ઞાન થયું, પેલા પરનો વ્યવહાર કાઢી નાખ્યો. ઝીણી વાત છે આ. 'પોપટભાઈ' ! પોતાનો આત્મા, ભગવાનઆત્મા કોઈ કહે કે જો સ્વ-પરપ્રકાશક આત્મા છે તો અનુભૂતિના આનંદકાળમાં પરપ્રકાશકપણું શું ? એનો જવાબ છે આ. ઉપયોગ જ્યારે સ્વમાં જોડાય છે જ્ઞાતા, જ્ઞેય ને જ્ઞાનનો ભેદ છોડીને અનુભૂતિના અંતરના આનંદના કાળમાં જ્ઞાનનો સ્વભાવ જો સ્વ-પરપ્રકાશકપણું હો તો ઉપયોગ તો સ્વમાં છે, પરમાં તો છે નહિ. તો એને સ્વ-પરપ્રકાશકપણું આવ્યું શું ? સમજાણું કાંઈ ?

કહે છે કે જ્ઞાનને આત્મા એક હોવાથી જ્ઞાન આત્માને જાણે અને જ્ઞાન પોતાની સાથે ભિન્ન ગુણો રહ્યા છે એને જાણે એ નિશ્ચય પક્ષે પણ જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન ગુણ આનંદ આદિને જાણે એ રીતે સ્વ-પરપ્રકાશકપણું નિશ્ચયના સ્વ તત્ત્વમાં પણ આવી જાય છે. આહા..! 'મગનભાઈ' ! ઝીણું તો છે, ભાઈ ! પણ હવે એને સાંભળવું તો પડે ને. 'મુંબઈ'ની મોટી એક ચર્ચા હતી અને આ તો અધિકાર જ આવ્યો છે આમાં. 'હીરાભાઈ' ! એકાંત કોઈ એમ કહે કે જ્ઞાન પરને જ પ્રકાશે છે અને દર્શન સ્વને પ્રકાશે છે અને આત્મા સ્વ-પરપ્રકાશે છે. ભગવાન ! તો આત્મા ને જ્ઞાન જુદા પડી ગયા. જ્ઞાન પરને જાણે, આત્મા સ્વ-પરને જાણે, એટલે જ્ઞાન જુદું પડી ગયું. દર્શન સ્વને જાણે, આત્મા સ્વ–પરને જાણે (એ તો) જુદું પડી ગયું. દર્શન સ્વને જાણે, જ્ઞાન પરને જાણે, દર્શન-જ્ઞાન જુદા પડી ગયા. એમ હોય શકે નહિ. કહો, 'હીરાભાઈ' ! તમારે ન્યાં ચાલતું હતું, બહુ ચાલે છે. સમજાણું કાંઈ ?

ગુણ ભેદના નયની અપેક્ષાએ એકાંત, એકાંત... અહીં કહેશે કે એકાંત તું માની બેસે કે જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે તો વસ્તુનો સ્વભાવ એમ નથી. જ્ઞાન પોતાને જાણ્યા વિના પરને જાણે એવું ક્યાંથી આવ્યું ? આનંદમૂર્તિ ભગવાનઆત્મા, જ્ઞાન આત્માને જાણે અને જ્ઞાન એકલું પરને જાણે તો સ્વ તો આવ્યો નહિ એમાં. સમજાય છે ? અહીં તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વળી બીજી રીતે કહ્યું કે સ્વ-પરપ્રકાશક પણ નિશ્ચયથી પોતામાં સમાય જાય છે. ‘શશીભાઈ’ !

આ કહીએ છીએ ને, હજી મુકી નહિ દઈએ. આ આત્મા એમાં જ્ઞાન, આનંદ આદિ અનંત ગુણ છે ને ? જ્ઞાન અને આત્મા એ જ છે. એથી આત્મા જ્ઞાનને જાણે એ સ્વને જાણે એમ થઈ ગયું અને જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વને થયું અને જ્ઞાન જોડે રહેલા આનંદ આદિને જાણે એ જ્ઞાનની અપેક્ષાએ આનંદ ને વીર્ય પર થયા. એટલે સ્વ-પરપ્રકાશક નિશ્ચયથી સ્વમાં આવી ગયા. ‘અમરચંદભાઈ’ !

ફરીને. જુઓ ! કહે છે કે **‘સહજજ્ઞાન આત્માથી સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજનની અપેક્ષાએ ભિન્ન નામ અને ભિન્ન લક્ષણથી ઓળખાતું હોવા છતાં વસ્તુવૃત્તિએ ભિન્ન નથી; આ કારણને લીધે આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલા)...’** એ આત્માને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે. હવે આત્મામાં રહેલા દર્શન, સુખ, ચારિત્ર ને આનંદ. આ સુખ એટલે આનંદ. અનુભૂતિના કાળમાં પણ સ્વ-પરપ્રકાશકપણું શી રીતે ? ઉપયોગ આમ કામ કરે છે ને આમ ઉપયોગ બહારનું કામ કરતો નથી અને તમે જ્યારે એમ કહો કે, સ્વજ્ઞાન, સ્વ-પરપ્રકાશક કાયમ એનો સ્વભાવ (છે) તો એ શી રીતે સિદ્ધ થશે ? ભાઈ ! ભગવાનઆત્મા જ્ઞાનમાં તન્મય છે, ત્યારે આત્મા જ્ઞાનને જાણે, જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એ તો સ્વ થઈ ગયું અને જ્ઞાન તે વખતે આનંદ ને અનુભૂતિને આનંદને જાણે છે સમજાય છે ? દર્શનને જાણે છે, સ્થિરતાને જાણે એવો એનો જ્ઞાનનો સ્વભાવ છે. સ્થિરતાને જાણે, સુખને જાણે, દર્શનને જાણે, વીર્યને જાણે, અસ્તિત્વ આદિને જાણે. એ એક ગુણ પોતાનો પોતાને જાણતા પરના અનંત ગુણો, જે પોતા સિવાયના અનંત ગુણો, લક્ષણ સંખ્યાએ ભેદ છે એને પણ જાણે. તેથી, સ્વ-પરપ્રકાશકપણું આત્મામાં નિશ્ચયથી પણ આવી જાય છે. આહા..હા..! અરે..! એની ચર્ચા પણ મીઠી છે, હોં !

આ તો ગુજરાતી થાય તો પણ સમજતા નથી, એમાં સ્પષ્ટીકરણ કરવું પડે છે. એમ કહે છે કે જ્યારે નિશ્ચયથી આત્માને જાણે આત્મા તો પછી જ્ઞાનનો સ્વ-પરપ્રકાશકપણાનો સ્વભાવ સિદ્ધ કર્યો આપે તો, એમાં પર કોણ આવ્યું ? બીજો બોલ આવ્યો ને ? **‘केवलणाणी जाणदि पस्सदि णियमेण अप्पाणं’** પાછો તમે જ્ઞાનનો સ્વભાવ સ્વ-પરપ્રકાશકપણું સ્થાપ્યું અને સ્વ-પરપ્રકાશકમાં પોતાનો ઉપયોગ સ્વમાં છે એમાં પર ક્યાં આવ્યું ? ભાઈ ! પોતામાં જ્ઞાન આત્માને જાણે, જ્ઞાન જ્ઞાનને જાણે એ સ્વ થયું અને જ્ઞાન સુખને, શાંતિને, વીર્યને, અસ્તિત્વને, પ્રમેયત્વને આદિ જાણે એ પર થયું. કહો, સમજાણું આમાં ? કહો, સમજાય છે કે નહિ આમાં ? શું કહ્યું એમ પૂછાય ? ‘નવનીતભાઈ’ ! આમાં કેટલું ધ્યાન છે ?

**શ્રોતા :–** આત્મા પોતાને જાણતા લોકાલોક જળકી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ એ વાત નહિ. નથી પકડાણું, નથી પકડાતું નથી.

અહીં તો આત્મા પોતે પોતાના જ્ઞાનથી આત્માને જાણે અને જ્ઞાન જ્ઞાનને જાણે છતાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશકપણું આપે સિદ્ધ કર્યું તો આત્મા સ્વને જાણવામાં પરપ્રકાશપણું આવ્યું શું ? - કે ભાઈ ! જ્ઞાન સિવાયના અનંતા ગુણો પર છે જ્ઞાનની અપેક્ષાએ એથી એને જાણે માટે સ્વ-પરપ્રકાશક કહેવામાં આવ્યો છે. 'પોપટભાઈ' ! બહુ આમાં મહેનત કરવી પડે એમ છે. એમ નહિ, એમાં અંદરથી એમ કહે કે લ્યો ! અમને આમ છે. કહો, સમજાણું આમાં ? આ તો બાપુ ! અંતરના માર્ગ એવા છે કોઈ કે એ સ્વ-આશ્રયના મહા પ્રયત્ન વિના એ પકડાય એવું નથી. આહા..હા..!

અહીં કહે છે, 'વગેરે' કીધું છે ને ? 'વગેરે' કીધું છે કે નહિ ? જુઓ ! **'चारित्रादिकं'** છે, જુઓ ! **'जानाति स्वात्मानं कारणपरमात्मस्वरूपमपि जानातीति'** આહા..હા..! આદિ (એટલે) બધા અનંત ગુણ. આ ભગવાનઆત્મા, જ્ઞાન નામનો પ્રકાશ સ્વભાવ એનો સ્વ-પરપ્રકાશક ગુણ (છે) તો જ્યારે આત્મા પોતાના ઉપયોગમાં છે, પોતાને જ્ઞેય કરીને અનુભવે છે, તો અનુભવના કાળમાં જ્ઞાનને સ્વ-પરપ્રકાશકપણું કઈ રીતે આવ્યું ? આમ તો કેવળજ્ઞાનમાં પણ સ્વ-પરપ્રકાશકપણું છે, હોં ! અહીં તો અનુભૂતિમાં ઉતારીએ છીએ. સમજાણું કાંઈ ? આ પ્રશ્ન ઘણા વર્ષો પહેલા થયેલો હતો, ઘણા વર્ષો પહેલા, ૨૫-૩૦ વર્ષ પહેલા. ... સ્વ-પરપ્રકાશકનો છે કે નહિ ? આ શબ્દ. ૩૦ વર્ષ પહેલાની વાત છે. 'હીરાભાઈ' ના મકાનમાં. છે ખ્યાલમાં છે. સમજાણું કાંઈ ?

આત્મા સ્વ જ્ઞાનને અંતરમાં જાણતા જ્યારે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ સત્‌રૂપે એ જ રીતે ત્રિકાળ હોય તો જ્ઞાન જ્યારે સ્વને જાણે ત્યારે નિશ્ચયથી, નિશ્ચયથી પરપણું એમાં શું ? પરપણું જે છે એ તો વ્યવહારથી થયું આ બહાર. હવે પોતામાં નિશ્ચયથી પોતાને જાણે એમાં નિશ્ચયથી પરપણું શું ? નિશ્ચયથી સ્વ-આશ્રયમાં રહેલા અનંતા ગુણો, સ્વ-આશ્રયમાં રહેલા અનંતા ગુણો એ જ્ઞાન આમ જાણે એટલે જ્ઞાન બીજાને જાણે એ અપેક્ષાએ નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ આમાં ?

આચાર્યોએ કેટલી કરુણાથી આ વાત લખી છે ! સંતો હતા, નિર્ગ્રંથ મુનિ હતા, વીતરાગી મુનિ હતા. એને કાંઈ પડી નહોતી. દુનિયાનું શું થાય કે કરી દઉં એવું કાંઈ છે નહિ. પણ એને વસ્તુની સ્થિતિ સિદ્ધ કરવામાં એક વિકલ્પ ઉઠ્યો તો આ વાત આવી છે. એ વિકલ્પના પણ કર્તા નથી. ભાઈ ! તારા ભંડારમાં પડેલા જ્ઞાન દર્શનના સ્વભાવ, તારા ભંડારમાં પડેલો જ્ઞાન પ્રકાશક, સ્વ-પરપ્રકાશક સ્વભાવ તને આત્માને ને જ્ઞાન જ્ઞાનને જાણે તે ટાણે અનુભૂતિના કાળમાં એને શું છે ? એને પરપ્રકાશકપણું શું આવ્યું ? આવ્યું નહિ કાલે ? નહોતું આવ્યું ? - કે ધ્યાનમાં જ્યારે આત્મા હોય ચોથે ગુણસ્થાને કે પાંચમે નિર્વિકલ્પ થાય છે (ત્યારે) અહીં નગારા વાગતા હોય તો એની ખબર હોય નહિ. શબ્દ આદિ આવે છે ને ? આવ્યું છે ને ? કાલે આવ્યું છે. નગારા વાગતા હોય તો ખબર ન હોય, મોટા ઢોલ પીટાતા હોય, ઢોલ સમજ્યા ને ? ઢોલ. કાલે રાત્રે આપણે આવ્યું હતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રાત્રે આપણે ચિઠ્ઠી ચાલતી હતી ને ? એમાં આવ્યું હતું. રહસ્ય પૂર્ણ ચિઠ્ઠી. જુઓ ! બહુ શરૂઆતમાં આવ્યું હતું. ત્યાં એવી દશા થઈ... જુઓ ! હવે તે જ જ્ઞાન સ્વરૂપ જાણવાને પ્રવર્ત્યું ત્યારે અન્યને જાણવાનું સહેજે બંધ થઈ ગયું. અંતર જ્ઞાનમાં જ્ઞેય પકડીને ધ્યાનમાં આવ્યો આત્મા ત્યાં એવી દશા થઈ કે બાહ્ય અનેક શબ્દ આદિ વિકાર હોવા છતાં. ઢોલ પીટાતા હોય, ગધેડા ભૂંકાતા હોય તોપણ સ્વરૂપ ધ્યાનીને તેની કાંઈ ખબર નથી. અહીં તો ઉપયોગ એકમાં સિદ્ધ કરવો છે ને. સમજાણું કાંઈ ?

ત્યારે હવે ન્યાં સ્વ-પરપ્રકાશક શું લેવું ? અહીં તો તમે ના પાડ્યું. શબ્દ સાંભળે નહિ, કાંઈ નહિ, કાંઈ નહિ, ઇન્દ્રિયનો વિષય બંધ થઈ ગયો, નિર્વિકલ્પ ધ્યાન વખતે અનુભવમાં લીન છે, ત્યારે તેમાં સ્વ-પરપ્રકાશકમાં શું આવ્યું ? ભાઈ ! એ જ્ઞાન જ્ઞાનને જાણે ને આત્માને જાણે એ સ્વ અને અનંત બીજા ગુણોને જાણે એનું નામ પર. 'રામસ્વરૂપજી' ! આહા..હા..!

આત્મગત રહેલા આવ્યું ને ? આત્મગત એટલે નિશ્ચય. **'આ (સહજજ્ઞાન) આત્મગત (આત્મામાં રહેલા) દર્શન, સુખ, ચારિત્ર વગેરેને જાણે છે અને સ્વાત્માને-કારણપરમાત્માના સ્વરૂપને પણ જાણે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો વીતરાગ માર્ગ એવો ઝીણો છે ને એ સ્થૂળ રીતે કાંઈ પકડાય એવો નથી. ભગવાન આખો સૂક્ષ્મ પદાર્થ રજકણની પાર સ્પર્શ્યા વિના પડ્યો છે. આ રજકણને, કર્મને સ્પર્શ્યા વિના પડેલું તત્ત્વ છે. અડતો નથી અહીં પડ્યો છતાં. એવો ધર્મ થઈ ગયો છે ને. આ બધાને અડું છું ને આ બધાને સ્પર્શું છું. ભગવાન ! પણ તું અરૂપી, રૂપી રૂપીને સ્પર્શે નહિ તો વળી અરૂપી રૂપીને સ્પર્શે એ આવ્યું ક્યાંથી ? સમજાણું કાંઈ ? ભગવાન તો એમ કહે છે કે એક રજકણની પર્યાય બીજા રજકણને ચુંબતી નથી. એક રજકણની. ત્રીજી ગાથા.

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**
**बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।**

ભગવાનઆત્મા ને એક એક રજકણ જડ ઈશ્વર પોતાના અનંત ગુણ પર્યાયને સ્પર્શે છે તો પરને સ્પર્શે. સમજાય છે કાંઈ ? ભગવાનઆત્મા આ કર્મને અડતો નથી, ત્યારે હવે અંદર દૃષ્ટિ થઈ ત્યારે શું સ્વ-પરપ્રકાશકપણું રહ્યું ? કહે છે કે સ્વપર એ રહ્યું, ભાઈ ! આત્માને જ્ઞેય તરીકે પકડ્યો અને એ સિવાયના અનંતા ગુણને પણ જાણે છે એ અપેક્ષાએ સ્વ-પરપ્રકાશકપણું નિશ્ચયથી આત્મામાં આવી જાય છે. એને પર ને શરીર ને ઇન્દ્રિયની જરૂર નથી. **'સ્વાત્માને-કારણપરમાત્માના સ્વરૂપને પણ જાણે છે.'** જુઓ ! બીજા અનંત ગુણને જાણે ને પોતાના આત્માના દ્રવ્યને પણ જાણે.

**'(સહજજ્ઞાન સ્વાત્માને તો સ્વાશ્રિત નિશ્ચયનયથી જાણે જ છે અને એ રીતે સ્વાત્માને જાણતા તેના બધા ગુણો પણ જણાઈ જ જાય છે. હવે સહજજ્ઞાને જે આ જાણ્યું તેમાં ભેદ-અપેક્ષાએ જોઈએ તો સહજજ્ઞાનને માટે જ્ઞાન જ સ્વ છે અને તે સિવાયનું બીજું બધું-**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**દર્શન, સુખ વગેરે-પર છે; તેથી આ અપેક્ષાએ એમ સિદ્ધ થયું કે નિશ્ચયપક્ષે પણ જ્ઞાન સ્વને તેમ જ પરને જાણે છે.)'** આહા..હા..! કહો, સમજાણું આમાં ? આ તો પેલા 'ધવલ'ની વાત લઈને કહે છે ને ? એ..ઇ..! 'હીરાભાઈ' ! જ્ઞાન પરને જાણે... જ્ઞાન પરને જાણે... જ્ઞાન પરને જાણે...

અહીં તો કહે છે, પર નામ પોતાના ગુણ સિવાય પર... એને સ્વ-પરપ્રકાશકપણું જ્ઞાનનું અહીં ને અહીં સિદ્ધ કર્યું, પરનું તો કાંઈ ન મળે, એમ. પરનું કાંઈ ન મળે. જ્ઞાન પરને જાણે, દર્શન સ્વને દેખે, આત્મા સ્વ-પરપ્રકાશે તો અહીં તો ઉડાડી દીધું. એ તો રહ્યું જ નહિ. 'ધવલ'નો જે પર કીધો એ તો વ્યવહારનયના ગુણ ભેદથી વાત હતી. નૈયાયિક આદિ એક જ ગુણ માને છે પણ સામાન્ય વિશેષ બે ગુણ છે - એમ બતાવવા ત્યાં વાત કરી છે, પણ આ અભેદને ન માને તો મૂઢ કહેશે હમણા. મૂઢ છો. જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને જાણે તો આત્મા સ્વ-પરપ્રકાશક બધા ગુણ ભેદ થઈ ગયા, વસ્તુ ખંડ ખંડ થઈ ગઈ. દર્શનશુદ્ધિથી વિરુદ્ધ છો. 'હીરાભાઈ' !

**'એવી રીતે (આચાર્યદેવ) શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિએ (શ્રી સમયસારની આત્મખ્યાતિ નામની ટીકામાં ૧૯૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–'**

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી - ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને ! પર્યાય છે તો ખરી ને ! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૫૮)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રી સમયસાર, ગાથા–૩૫૬-૩૬૫, પ્રવચન નં. ૪૦૯**
**તા. ૧૩-૦૬-૧૯૮૦**
**[૧૧]**

દૃષ્ટાંત પછી દાર્ષ્ટાંત લઈએ. દૃષ્ટાંત આવી ગયું ને ? દાર્ષ્ટાંત–**'આ જગતમાં ચેતયિતા...'** છે ? ખડીનું દૃષ્ટાંત પૂરું થયું પછી. **'આ જગતમાં ચેતયિતા (ચેતનારો અર્થાત્ આત્મા) છે તે જ્ઞાનગુણથી ભરેલા, જ્ઞાનગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. પુદ્‌ગલાદિ પરદ્રવ્ય વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** આહાહા..! બીજા દ્રવ્યનો કર્તા તો નથી કેમકે પરને ને એને કાંઈ સંબંધ નથી, પણ આટલો જ્ઞેય-જ્ઞાયકનો સંબંધ છે. પરને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..! **'વ્યવહારે તે ચેતયિતાનું (આત્માનું) જ્ઞેય છે.'** ભગવાન અરિહંત કે પંચ પરમેષ્ઠી એ આ જ્ઞાયકનું વ્યવહારે જ્ઞેય છે. છે ?

**'હવે 'જ્ઞાયક (અર્થાત્ જાણનારો) ચેતયિતા, જ્ઞેય (અર્થાત્ જણાવાયોગ્ય) જે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી ?'** વ્યવહારે જેને જાણે છે એનો એ છે કે નહિ ? ***આહાહા..! આટલું સ્પષ્ટ ! કરવાનું તો નહિ, એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને અડે નહિ, કરે નહિ પણ એક દ્રવ્ય જ્ઞાયક, જ્ઞેયને જાણે એ પણ વ્યવહાર છે. આહાહા..!*** કેમકે જ્ઞેયમાં જ્ઞાનનો પ્રવેશ નથી તેમ જ્ઞાન જ્ઞેયરૂપે પરિણમતું નથી. આહાહા..!

આવી રીતે પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનું જ્ઞેય છે. **'હવે જ્ઞાયક, પુદ્‌ગલાદિ પરદ્રવ્ય તેનો છે કે નથી ?'** આહાહા..! જાણનારો, જણાય છે તેનો છે કે નથી ? જાણનારો જ્ઞાયક આત્મા જે જ્ઞેય વ્યવહારે જાણે છે એનો એ જાણનારો છે કે નથી ? આહાહા..! **'એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :–'** ખરેખર બે વચ્ચે, જણાનાર જ્ઞેય અને જાણનાર જ્ઞાયક એ બેનો તાત્ત્વિક વિચાર કરવામાં આવે છે. આહાહા..!

**'જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય...'** જાણનારો જેને જાણે છે તેનો હોય **'તો શું થાય તે પ્રથમ વિચારીએ :'** આ મહા સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે તેનું જ હોય એમ નથી કીધું. 'તેનું' એ ભેદ પડ્યો. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય...'** જો પરનો આત્મા હોય તો તે પરરૂપે જ હોય. પરને જાણતા પરરૂપે હોય તો પરરૂપે જ એ હોય, તેનું તે જ હોય, જુદી ચીજ રહી શકે નહિ. આહાહા..! જેનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે હોય તે તેનું એમ ન કહેતા તે તે જ હોય, બસ ! છે ? **'જેનું જે હોય તે તે જ હોય,...'**

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** જ્ઞાન તે આત્મા જ છે. જેનું જે હોય તે તે જ છે. તે તેનું જ છે એમ નહિ પણ તે તે જ છે. આહાહા..! જેનું જે હોય તે તે જ છે. આહાહા..! જો પરને જાણતા તેનું હોય તો તે પરરૂપે થઈ જાય. પરરૂપે તો (થતું નથી). આવે છે. **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ);...'** જો પરને જાણતા પરરૂપે થઈ જાય તો જાણનારો જુદો રહી શકે નહિ. આહાહા..! બહુ ઝીણું. પર સાથે કર્તા-કર્મ સંબંધ તો નહિ, પરની પર્યાય કાર્ય ને આત્મા કર્તા (એમ છે નહિ). કારણ કે પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય નથી કોઈ સમયે. તેથી તે પર્યાયને પર પર્યાય કરે એ તો બને જ નહિ. તો અહીંયાં પરને જાણે છે એટલો સંબંધ છે તો એ પરને જાણતા પરરૂપે થાય છે ? પરને જાણતા પરરૂપે થાય છે કે પોતારૂપે રહે છે ? આહાહા..!

કહે છે કે **'જેનું જે હોય તે તે જ હોય...'** તેનું નહિ કહેતા તે તે જ હોય. આહાહા..! **'જેમ આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે.'** આહાહા..! **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આવો તાત્ત્વિક સંબંધ હયાતી ધરાવતો હોવાથી. આહાહા..! એક તત્ત્વ બીજા તત્ત્વને જાણતા તે રૂપે ન થાય એવો તાત્ત્વિક સંબંધ જીવતી જ્યોત છે. આહાહા..! હવે આખો દિ' આ કરવું... કરવું... કરવું... હું કરું, હું કરું. એ કરવાની વાત તો ક્યાંય મુકી દીધી. ફક્ત એ જાણવા યોગ્ય ને આ જાણનાર, તો જાણવાયોગ્યનો એ જાણનાર છે ? જો એનો હોય તો જેનો જે હોય તે તે જ હોય, તો તો એ રૂપે હોય. તો જ્ઞાયકરૂપે તો રહે નહિ. આહાહા..!

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય...'** જાણનારો જણાવા યોગ્ય પુદ્‌ગલ આદિનો હોય, જાણનારો ભગવાન આ પુસ્તકનો ને આંગળીનો ને શરીરને જાણે છે તેથી એનો હોય, એનો હોય તો તે જ હોય આહાહા..! **'આવો તાત્ત્વિક સંબંધ જીવંત (અર્થાત્ છતો) હોવાથી, ચેતયિતા જો પુદ્‌ગલાદિનો હોય તો ચેતયિતા તે પુદ્‌ગલાદિ જ હોય (અર્થાત્ ચેતયિતા પુદ્‌ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્‌ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ;)...'** આહાહા..!

**'એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જો જાણનાર જણાય છે તેનો થાય તો જાણનારનો નાશ થાય. જાણનાર જણાવા યોગ્ય ચીજમાં ચાલ્યો જાય, એને સ્પર્શી જાય ને એમાં પ્રવેશ કરે, આહાહા..! જાણવા યોગ્ય ચીજમાં પણ જાણનારો પ્રવેશ ન કરે. કર્તા-કર્મની તો વાત જ શી કરવી ? આહાહા..! એ જાણનારો જેને જાણે છે તેને તે જ કાળે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણે છે. તેથી તે જ્ઞેયનો થઈ જાય, એને જાણે છે માટે એનો થઈ જાય એમ છે નહિ. આહાહા..! **'(અર્થાત્ ચેતયિતા પુદ્ગલાદિસ્વરૂપ જ હોવો જોઈએ, પુદ્ગલાદિથી જુદું દ્રવ્ય ન હોવું જોઈએ); એમ હોતાં, ચેતયિતાના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** જાણનારો જાણનાર જુદો રહીને જણાવા યોગ્યને વ્યવહારથી જાણે નહિ અને વ્યવહારથી જાણતા તે રૂપે થઈ જાય તો ચેતયિતા જાણનારનો ઉચ્છેદ થઈ જાય, જાણનારનો નાશ થઈ જાય. આહાહા..!

**'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી,...'** વસ્તુ છે તેનો નાશ તો થતો નથી. જે છે, છે તે નથી એમ કોઈ દિ' થતું નથી. જે છે દ્રવ્ય, ગુણ ને પર્યાય, એ છે તેનો કોઈ રીતે તેનો નાશ થતો નથી. આહાહા..! આ પુસ્તકને આત્મા જાણે છે એ વ્યવહાર છે. એ જ્ઞેયને જાણતા આત્મા કાંઈ એના રૂપે થયો નથી. એ તો પોતામાં રહીને આ જ્ઞેયને જાણે છે. પોતાના જાણવાની હયાતીમાં રહીને આને (જ્ઞેયને) જાણે છે. એ કહેવું એ વ્યવહાર છે. આહાહા..! વીતરાગ માર્ગ સૂક્ષ્મ ઘણો.

**'ચેતયિતા...'** આહાહા..! જેનું જે હોય તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય. એમ જાણનાર જણાવા યોગ્યનો હોય તો તે તે જ હોય. આહાહા..! સમજાય છે કાંઈ ? જાણનારો, જણાય છે એનો જો હોય તો તે તે જ હોય. પોતારૂપે રહી શકે નહિ અને તે જ રૂપે થઈ જાય. આહાહા..! **'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી. કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા. ૧૦૩ ગાથામાં એક દ્રવ્યના ગુણ-પર્યાય બીજા દ્રવ્યમાં સંક્રમતો નથી, એક વસ્તુની પર્યાય બીજી ચીજની પર્યાયમાં પ્રવેશ કરતી નથી, સંક્રમતી નથી, બીજી પર્યાય થઈને તે પર્યાય બદલાતી નથી. આહા..! સ્વદ્રવ્યની પર્યાયનો પરદ્રવ્યની પર્યાયમાં સંક્રમણ–બદલો થાય કે આ પર્યાય એની થાય એવું ત્રણકાળમાં બનતું નથી. આહાહા..!

**'પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ૧૦૩ ગાથા, ૧૦૩ ગાથા. **'जो जम्हि गुणे'** જે જેનામાં ગુણ (છે). **'दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे'** તે દ્રવ્યના ગુણ બીજા દ્રવ્યમાં એ સંક્રમે નહિ. **'सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं'** એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યમાં સંક્રમતી, પલટતી, બદલતી થતી નથી તો પછી પરને શી રીતે કરે ઇ ? આહાહા..! અહીં તો હજી આખો દિ' આ મેં કર્યું, દયા ધર્મ એ પરની દયા પાળવી એ ધર્મ, ભગવાનની ભક્તિ કરવી એ ધર્મ અહીં અટક્યા. એ તો બહુ સ્થૂળ બુદ્ધિ મિથ્યાત્વ (છે). ભગવાનની ભક્તિ, જાત્રા, સમ્મેદશિખરની જાત્રા કરે તો અડતાલીસ ભલે મોક્ષ જાય. એક સાધુ આવ્યો હતો એણે લખ્યું છે. 'મહાવીરકીર્તિ'. કીધું એ વાત ખોટી. એક દ્રવ્યને બીજા દ્રવ્યના આશ્રયે ભવનો અભાવ થાય એ વાત ત્રણકાળમાં સાચી નથી કીધું. 'મહાવીરકીર્તિ' હતા ને ? અહીંયાં આવ્યા હતા. 'સમ્મેદશિખર' નું માહાત્મ્ય. શ્વેતાંબરમાં 'શેત્રુંજય' નું માહાત્મ્ય છે. આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'સમ્મેદશિખર' ની ચોપડી હશે એની પાસે. એના દર્શન કરે તો અડતાલીસ ભવે મોક્ષ જાય. કીધું, એ શાસ્ત્ર નહિ, એ સિદ્ધાંત નહિ. કીધું, એ વાણી વીતરાગની નહિ. પછી મૌન થઈ ગયા. બીજા દ્રવ્યને આશ્રયે ભવનો અભાવ થાય એ વાણી વીતરાગની નહિ.

વીતરાગની વાણી તો (એમ કહે છે કે) સ્વદ્રવ્યને આશ્રયે ભવનો અભાવ થાય. પરદ્રવ્યને આશ્રયે તો ભવ, ભવ ઉત્પન્ન થાય. પરદ્રવ્યને આશ્રયે તો ભવ, રાગ ઉત્પન્ન (થાય) ને ભવ ઉત્પન્ન થાય. આહાહા..! ચાહે તો સાક્ષાત્ પંચપરમેષ્ઠી (હોય) એના દર્શને તો રાગ ને સંસાર થાય. આહાહા..!

એ અહીં કહે છે કે ૧૦૩ માં એમ કહ્યું કે તે બદલી શકતો નથી. બદલે તો પરમાં તન્મય થઈ જાય. તન્મય થાય તો સ્વનો નાશ થઈ જાય. એક દ્રવ્યની પર્યાય પરમાં જાય તો પોતાની પર્યાયનો નાશ થઈ જાય એટલે પર્યાય વિનાનું દ્રવ્ય પણ નાશ થઈ જાય અને પરમાં પ્રવેશ થતાં પરમાં ચાલ્યો જાય. એ પોતે સ્વતંત્ર રહે નહિ. આહાહા..!

પોતાની પર્યાય સિવાય આત્મા પરની પર્યાય ત્રણકાળમાં, ત્રણકાળમાં (કરે નહિ). ત્રણકાળની જેટલી પર્યાયો છે તેનો કર્તા આત્મા નથી. આહાહા..! કેમકે એ પર્યાય સંક્રમ્યા વિના, પરમાં ગયા વિના, પરમાં અડ્યા ને પ્રવેશ વિના કેમ કરી શકે ? પરમાં પ્રવેશ થવાનો તો નિષેધ છે. કોઈની કોઈ પર્યાય પરમાં પ્રવેશ થાય એનો તો અભાવ છે. માટે તે પર્યાય જેની છે તે તે જ છે. જે પર્યાય જેની છે તે તે જ છે. એ પરપર્યાયનો જો કર્તા થાય તો પર પોતે થઈ જાય. પર પોતે થઈ જાય અને પોતે પોતાનું રહે નહિ. આહાહા..! આવું ઝીણું. અહીં આખો દિ' દયા પાળો ને વ્રત પાળો ને બીજાની રક્ષા કરો ને. આહા..! આવી વાત (કરે).

અહીં તો એ કહે છે કે **'એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે. માટે (એ સિદ્ધ થયું કે) ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી.'** આત્મા પરને જાણવા છતાં પરપણે થઈને જાણે છે એમ નથી. પરનો થઈને પરને જાણે છે એમ નથી. પોતાનો થઈને પોતાનો રહીને પરને જાણે એ પણ વ્યવહાર. આહાહા..! આવી વાત હવે. અહીં તો હજી પરદ્રવ્યનું કર્તાપણું ન માને તો હજી પરસેવા ઉતરે છે. કર્તા ન હોય તો આ કોણ કરે ? આ કરે છે ને આખો દિ' ? આહાહા..! ભાઈ ! તારી દૃષ્ટિ સંયોગ ઉપર છે.

પાણી ઊનું અગ્નિ જોડે થઈને જોયું તો ઇ તેં અગ્નિને જોઈ. એથી પાણી ઊનું તને લાગ્યું. પાણીને તું જો તો પાણી પોતે (પર્યાય) ઠંડી ને ઉષ્ણ થઈ છે. એ તો પાણી પોતે પોતાને કારણે ઊનું થયું. તું સંયોગથી જો તો એનાથી (અગ્નિથી) થયું એમ તને લાગે છે. એ દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! પાણી ને અગ્નિ અડતા નથી અને પાણી ઊનું થાય. એ તું સંયોગથી જો તો એનાથી થયું એમ લાગે પણ એના સ્વભાવથી જો તો એનો સ્પર્શ ગુણ એ રીતે તે કાળે પરિણમ્યો છે. આહાહા..! આકરું કામ ખરું. પાણી અગ્નિથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઊનું ન થાય. આહાહા..!

એક ખીલી પરમાં ગરે નહિ, લાકડામાં એક ખીલી ગરે નહિ. લાકડું પર છે, ખીલી પર છે. જો એમાં પ્રવેશ કરી જાય તો પોતાની પર્યાયનું અસ્તિત્વ રહે નહિ, પર્યાયનું અસ્તિત્વ રહે નહિ ને પોતાનો નાશ થઈ જાય. આહાહા..! આ તો સિદ્ધાંતો છે, દૃષ્ટાંતોનો તો પાર ન મળે. આહાહા..! પગને હલાવી શકે છે એમ જો કહો તો આત્માના પર્યાયનો પ્રવેશ પગમાં થયો અને પગમાં પ્રવેશ થયો તો સંક્રમણ જીવનું થઈ ગયું, તો જીવનો પોતાનો અભાવ થઈ ગયો. આહાહા..! આવી વાત છે.

સિદ્ધાંત તો એ મુક્યો **'જેનું જે હોય...'** જેનું જે હોય **'તે તે જ છે...'** તે તેનું છે એમ પણ નહિ. **'જેનું જે હોય તે તે જ છે...'** આહાહા..! આત્માનું જ્ઞાન છે તો તે આત્મા જ છે. એમ દરેક દ્રવ્યની પર્યાય છે એ દ્રવ્યની તે દ્રવ્ય જ છે. દરેક દ્રવ્યની પર્યાય છે, જે છે તે તે જ છે. ભાષા એમ છે ને ? જે છે તે તે જ છે. આવી ગયું, પહેલાં આવી ગયું માથે. **'જેનું જે હોય તે તે જ હોય...'** આહાહા..! મહા સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય...'** તે જ એટલે તે જ તે જ હોય, એમ. તે જ વસ્તુ હોય. આહાહા..!

હવે આમાં હોંશિયાર માણસ બધું આખો દિ' રંગનું કામ નહિ કરતાં હોય ? 'યોગેશ' બેસીને કરતો હશે ને બધું ? આહાહા..! દુકાને બેસવું અને કરવું નહિ કાંઈ એમ માનવું. આહાહા..! અને કરે જો એમ માનવું તો પોતાનું દ્રવ્ય ત્યાં ચાલ્યું ગયું, એનામાં બદલી ગયું. કારણ કે એની અવસ્થા આના પ્રવેશ વિના પલટે નહિ. આહાહા..! ગજબ વાત છે.

અક્ષર લખવામાં અક્ષરની પર્યાયમાં આંગળીની પર્યાયનો અભાવ છે. આંગળીની પર્યાય જો એને લઈને એમાં જાય તો આંગળીનો અભાવ થાય. કલમને લઈને અક્ષર લખાય તો કલમની અવસ્થા ત્યાં જતાં કલમનો અભાવ થાય. આહાહા..! ગજબ વાત છે. એમ આત્મા અક્ષરને લખે તો અક્ષરની પર્યાયરૂપે તે થયો. તેથી પોતાની હયાતી ગુમાવી દીધી. આહાહા..!

**'જેનું જે હોય...'** ગજબ વાત છે. એ સિદ્ધાંત, ભાષા. જેનું જે, **'જેનું જે હોય તે તે જ હોય...'** તે તે જ હોય. આહાહા..! જેનું જે હોય તે તેનું જ હોય એમ પણ નહિ. આહાહા..! સિદ્ધાંત (છે). જેનું જે, પર્યાય જે દ્રવ્યની છે તેનું તે દ્રવ્ય છે. એ પર્યાય જેની છે તે એના દ્રવ્યની છે એટલે એના દ્રવ્યની. બીજા દ્રવ્યની પર્યાય ત્યાં આવી નથી ને એને અડતી નથી. આહાહા..! અજાણ્યા માણસને બીજાને એવું લાગે કે આવું જૈનદર્શન કેવું ?

**શ્રોતા :–** ઘડિયાળનો ધંધો કરનાર તો આખા દિ' ઘડિયાળનું જ કાર્ય કરે ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ કરતો નથી ઘડિયાળી. ઘડિયાળી કોણ છે અહીં ? આહાહા..! ઘડિયાળ જડ પરમાણુ (છે). એની પર્યાયમાં જીવની પર્યાયનો પ્રવેશ નથી, જીવની પર્યાયનું ત્યાં અડવું નથી. જો એને અડે તો એકબીજામાં અભાવ છે તે ભાવ થઈ જાય. એકબીજામાં અન્યોન્ય અભાવ છે તે ભાવ થઈ જાય. ભાવ થતાં પોતાનો ભાવ જુદો ન રહે ને એનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ થઈ જાય. આહાહા..! ગજબ વાત છે. છેલ્લી ગાથાઓ અલૌકિક છે !

કારીગર કારીગરની ક્રિયા કંઈ કરતો નથી. પહેલું આવ્યું છે ઇ. આહાહા..! શિલ્પી. આહાહા..! કારીગર ગમે તે હો, એ કારીગર પરની પર્યાય કરતો નથી. પરની પર્યાય કરે તો પોતાની પર્યાયનો ત્યાં પ્રવેશ થાય. પોતે પર્યાય વિનાનો થતાં પોતાનું દ્રવ્ય જ નાશ થઈ જાય. આહાહા..! આવું સ્વરૂપ છે. અજાણ્યાને તો ગાંડા જેવું લાગે, પાગલ જેવું. આહા !

વસ્તુ બાપુ ! વસ્તુ અનંત છે અને અનંત વસ્તુ ભગવાને કહેલી, જોયેલી છે. એ અનંતમાં એક ચીજની પર્યાય બીજી પર્યાયને કરે તો તો એ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય, નાશ થઈ જાય, એની પર્યાય બીજો કરે તો બીજાનો નાશ થઈ જાય. આહાહા..! એક પર્યાય બીજાનું કરે તો પોતાની પર્યાયનો નાશ થઈ જાય ને બીજાની પર્યાયનું નાશ થઈ જાય. કારણ કે એની પર્યાય એણે ન કરી. આહાહા..! અનંત દ્રવ્યનો નાશ થઈ જાય. આહાહા..! અનંત દ્રવ્યની હયાતી વસ્તુ વસ્તુપણે છે, દ્રવ્ય, ગુણ, પર્યાયપણે છે એ ત્રિકાળ તે રીતે છે. કોઈ સમયે પણ એમાં ફેરફાર છે નહિ. આહાહા..! જે વસ્તુ જેની છે તેની તે વસ્તુ ત્રિકાળ છે. આહાહા..! આ સજૈયો (હથિયાર) જે આ હજામ આને અડાડે. એને અડાડતા નથી, કહે છે. આહાહા..! જો એની પર્યાય આને અડી જાય તો ભાવ થઈ જાય. એને એકબીજાનો અભાવ છે. એક દ્રવ્યને બીજા દ્રવ્યનો અત્યંત અભાવ છે. એમાં જો એને અડે તો એકબીજાનો ભાવ થઈ જાય. આનો ભાવ એનો થઈ જાય. આહાહા..! ગજબ વાત છે. ધર્મ એવો બાપુ ઝીણો છે. જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય એ વાત કેવી હોય ? જેનાથી ભવ ન રહે. આ ભવ રખડી રખડીને મરી ગયો છે. ચોરાશીના અવતારમાં ઊંધી દૃષ્ટિ ને ઊંધા તર્ક ને ઊંધા જ્ઞાન એને લઈને મરી ગયો ચોરાશીના અવતારમાં. આહાહા..! એને સવળું કરવું પડશે.

દરેક દ્રવ્ય અનંત ભાવ હોવા છતાં એક પોતે ચેતયિતા એક (છે) અને અનંતને જોતા થકા તે અનંતરૂપે થઈને જોતો નથી. આહાહા..! એ પોતાના જ્ઞાનરૂપે થઈને અનંતને જોવે છે એ વ્યવહાર છે. આહાહા..! આવી વાતું હવે. પછી લોકો મશ્કરી કરે. એક છોકરો આમ મારતો હતો પછી કહે, ઇ મેં ક્યાં માર્યું ? એ તો હાથે કર્યું. આવી પાછી મશ્કરી કરે. આહાહા..! પ્રભુ ! તારી વાત પણ ઝીણી, ભાઈ !

એક દ્રવ્ય ને બીજો દ્રવ્ય, એક સમયની પર્યાય એ વસ્તુ જ પોતે દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત ત્રિકાળ એમ ને એમ છે. ત્રિકાળ. કોઈ સમયમાં પર્યાય વિનાનું દ્રવ્ય નથી અને ગુણ દ્રવ્ય વિનાનું તો હોય જ નહિ. આહાહા..! ત્યારે જ્યારે પર્યાય ને ગુણ દ્રવ્ય વિનાનું નથી તો એ બીજાની પર્યાય કરે અથવા બીજો એની પર્યાય કરવા આવે (એમ નથી). છે એને કરવાનું આવે ? આહાહા..!

**શ્રોતા :–** એક ગુણ બીજા ગુણનું ન કરે તો પરનું શું કરે !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુણ તો કરે જ ક્યાં ? ગુણ તો ધ્રુવ છે. આ તો પર્યાયની વાત છે. દ્રવ્ય ને ગુણ તો ધ્રુવ છે. આ તો પલટતી અવસ્થા, સંક્રમણ થતી અવસ્થા, બદલતી અવસ્થા બદલવાનું જ્યારે કરે છે તો પછી બીજાને બદલાવે એમાં શું વાંધો ? માણસ નથી કહેતા કે એક ગાયને ચારવા લઈ જાય તો ભેગી પાંચને લઈ જાય. એમ તારું પરિણમન કરે છે કે નહિ તું ? કે પરિણમન કર્યા વિનાનો રહે છે તું ? બદલ્યા વિનાનો રહે છે તું ? તો બદલે છો તો બીજાને પણ બદલાવ ભેગો. આહાહા..! એ તદ્દન નાસ્તિક થાશે. એક પર્યાયને બદલનારો બીજાની (પર્યાય) બદલાવે તો પોતે પર્યાય વિનાનો થશે અને સામાની પણ પર્યાય આણે કરી એ પર્યાય વિનાનો નથી, નાસ્તિક થશે. આહાહા..!

**શ્રોતા :–** આવો માર્ગ વીતરાગનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવો વીતરાગનો માર્ગ છે. કેવળી તીર્થંકર અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓએ આમ કહ્યું છે, ભાઈ ! તું એકપક્ષી છે એમ ન માન કે 'સોનગઢ'વાળાએ આ કાઢ્યું. એમ ન માન. એ અનંતા તીર્થંકરોનો આજ અવાજ છે. આહાહા..!

આ આંગળી રોટલીને અડતી નથી, એમ કહે છે. પ્રભુ... પ્રભુ... પ્રભુ...! જો રોટલીને અડે તો રોટલી અને આત્મા બે વચ્ચે, આંગળી વચ્ચે અત્યંત અભાવ છે. અડે તો ભાવ થઈ જાય છે. ભાવ કોઈ દિ' હોઈ શકે નહિ. આહાહા..! આવી વાત છે. સમજવા માટે ધીરજ જોઈએ. આ કોઈ વિદ્વતાની વસ્તુ નથી. બહુ ટૂંકી પણ અંતર દૃષ્ટિનો વિષય છે. બહુ ટૂંકો. કોઈ વિદ્વતા ને મોટા ભણતર આવડે ને લાખો માણસને રીઝવે, માટે એ કાંઈ સમજ્યો છે એમ નથી. આહાહા..! બહુ સરસ.

દાખલો ૧૦૩ ગાથાનો આપ્યો. ૧૦૩ ગાથામાં તો કહ્યું કે કોઈ દ્રવ્યની પર્યાય બીજામાં સંક્રમતી નથી. સંક્રમતી નથી તો કરે શી રીતે ? આહાહા..! દાઢમાં રોટલીનો કટકો દાઢ કરતી નથી. દાઢની પર્યાય જો એને કરવા જાય તો પોતાની પર્યાય રહેતી નથી અને રોટલીની પર્યાય ઇ દાઢ કરવા જાય તો રોટલીની પર્યાય નથી એમ થઈ જાય. એ પર્યાય વિનાનું દ્રવ્ય તો નાશ થઈ જાય. આહાહા..! આવી વાતું છે.

આ તો પરમ સત્ય છે, બાપુ ! પરમ સત્ય. ઓહો..! ત્રણલોકના નાથ કેવળજ્ઞાની પરમાત્માએ... આહાહા..! પ્રત્યક્ષ જોયું એવું વાણીએ આવ્યું. નહિતર વાણી ને આત્મા બે તદ્દન જુદા. આહાહા..! વાણીને આત્મા કરી શકે નહિ, કેવળીનો આત્મા પણ વાણીને કરી શકે નહિ. આહાહા..! છતાં એ વાણીમાં આ આવ્યું. આહાહા..! કે અમારી જે આ વાણીની પર્યાય છે એ અમારી જ્ઞાનપર્યાય છે માટે આ વાણી પર્યાય છે એમ નથી. જો એમ હોય તો જેનું જે હોય તે તે જ હોય. જો એ આત્માનું હોય તો તે આત્મા જ હોય. એ વાણી તો જડ છે. આહાહા..! 'બ્રહ્મચારીજી' ! આવી વાતું છે. આહાહા..! વીતરાગ માર્ગ છે, ભાઈ ! વીતરાગ લુખ્ખો માર્ગ છે. એમાં રાગ અને મિથ્યાત્વનો રસ નથી. રાગ અને મિથ્યાત્વનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રસ વીતરાગ માર્ગમાં નથી. આહાહા..! અરાગી અને સમ્યગ્દર્શનનો રસ એ જૈનદર્શનમાં છે. આહાહા..! રાગ વિનાનો રસ અને મિથ્યાત્વ વિનાનો સમકિતનો રસ એ વીતરાગ માર્ગમાં છે, એ બીજે ક્યાંય છે નહિ. આહાહા..!

**'જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી તો ચેતયિતા કોનો છે ? ચેતયિતાનો જ ચેતયિતા છે.'** એ જાણનારનો જાણનાર છે. આહાહા..! જ્ઞાન સ્વરૂપી આત્મા એ આત્માનો છે. આહાહા..! ***પરને જાણવા કાળે પણ પોતે પોતાપણે રહીને પરને અડ્યા વિના પરને જાણવાના કાળમાં પોતાને પોતે જાણે છે, પરને જાણતો નથી. આહાહા..! પોતાની જ પર્યાયનો તે કાળે તે પ્રકારનો સ્વ-પરપ્રકાશક જાણવાની તાકાતથી તે પર્યાય જણાય છે. એ પર્યાય જણાય છે. જણાય છે એ ચીજ નહિ. આહાહા..!*** 'શાંતિભાઈ' ! આ બધા ગડબડ ક્યાં સાંભળ્યા હતા તમે ન્યાં તમારા ઢુંઢિયામાં ? વાત પણ નથી ક્યાંય, શ્વેતાંબરમાં એ વાત જ નથી. આ તો સનાતન સત્ય વીતરાગ ત્રણલોકનો નાથ... આહાહા..! એની વાણી સંતો કહી રહ્યા છે. આહાહા..! કેવળીના વિરહે સંતો કેવળીનો વિરહ ટાળી દે છે. આહાહા..!

ચેતયિતા–જાણનારો જણાય છે એનો ન હોય તો જાણનારો છે કોનો ? – કે જાણનારો જે છે તે તે જ છે, પોતે જ છે. એ પરને લઈને પરને જાણે છે એમ પણ નથી. આહાહા..! પરને જાણે છે એમ પણ નથી, પરને જાણવા માટે પર્યાય પરમાં જાય છે એમ પણ નથી. આહાહા..! એ તો પોતાનો પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક પોતાની પર્યાયથી જ વસ્તુ છે. એ પર્યાયથી જ એ વસ્તુ છે. જો એ પર્યાય નથી તો વસ્તુ જ નથી. કેમકે કાર્ય પર્યાયમાં થાય છે અને એ કાર્ય જ્યારે પરથી થાય અથવા પરને કરવા જાય તો પોતાનું કાંઈ રહેતું નથી. અને પરનું કાર્ય કરવા જાય તો એનું કાર્ય રહેતું નથી. આહાહા..! આવું છે.

સિદ્ધાંત તો આ મુક્યો બહુ. જેનું જે છે તે તે જ છે. આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય...'** આહાહા..! ગજબ સિદ્ધાંત છે. **'જેનું જે હોય તે તે જ હોય...'** તે જ હોય એ બીજું નહિ. પરને જાણવા કાળે જ્ઞાન જ્ઞાનનું છે માટે જ્ઞાન જ્ઞાનનું છે તે આત્માનું છે, એનું (પરનું) નહિ. આહાહા..! પરના કરવાપણે તો નહિ, આત્મા આંખ હાથ હલાવે ને પગ હલાવે કે મોઢે બોલે કે એ તો છે નહિ ત્રણકાળમાં, પણ એને જાણે છે એ ટાણે (સમયે) પણ પોતે પોતાના જાણવાના અસ્તિત્વમાં રહીને, પરમાં પ્રવેશ કર્યા વિના પર અને સ્વ વચ્ચે અત્યંત અભાવ રાખીને, અત્યંત અભાવ રાખીને પોતાની સ્વ-પરપ્રકાશક પર્યાય પોતાથી સ્વતંત્ર થાય છે માટે તે આત્મા છે. આહાહા..! ગજબ વાત છે. જૈનધર્મ સાંભળ્યો ન હોય એવા અજાણ્યા આવે એને તો એવું લાગે કે આ શું ? આ બકે છે શું ? કઈ જાતનું ? વાત સાચી, પ્રભુ ! તને મળ્યું નથી, પ્રભુ ! આહાહા..!

તું કોણ છો ? કેમ છો ? કઈ રીતે તું છો ? આહાહા..! કોણ છો ? – કે આત્મા. શું છે ? કે હું તો જ્ઞાન. કઈ રીતે તું છો ? – કે એ જાણવાની પર્યાય રીતે હું છું. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરને જાણવા કારણે નહિ ને પરને કરવા કારણે નહિ. આહાહા..! થોડું પણ સત્ય હોવું જોઈએ. મોટી લાંબી લાંબી વાતું કરે ને આમ કરો ને તેમ કરો ને મોટા ગજરથ ચલાવો, રથ કરાવો, બ્રહ્મચર્ય લીધું હોય ત્યાં રથ કાઢો, રથ. બ્રહ્મચારીનો રથ. અરે.. ભગવાન !

અહીં તો ત્રણલોકનો નાથ ચેતયિતા પોતાની હદે દરેક સમયે પરને કરે તો નહિ પણ એ અનંતને જાણે અને એવું જે અનંત જ્ઞાન અહીં થાય તે જાણવાનું પરને લઈને નહિ. એ જાણવું પરમાં જાતું નથી, એ પોતામાં રહીને પોતાથી અનંત જાણે છે. એ જેનું જે છે તે તે જ છે. આહાહા..! જેનું જે છે તે તેનું છે એમ ન કહેતા જેનું જે છે તે તે જ છે. આહાહા..! ગજબ વાત છે. એની ગંભીરતા ઊંડી, બહુ ગંભીરતા, પ્રભુ ! લોકો ભલે નાસ્તિક કહે, લોકો કહે એકાંત કહે. એકાંત કોઈનું કરી શકતો નથી તો પછી આ આખો દિ' કરે છે ને ? વ્યવહાર ક્યાં જાય ? સાંભળને હવે. વ્યવહાર વ્યવહારમાં જાય, વ્યવહાર ખોટામાં જાય, સાચામાં વ્યવહાર ન જાય. આહાહા..!

અહીંયાં બે સિદ્ધાંત કહ્યા. જેનું જે છે તે તે જ છે. અને તે બીજામાં સંક્રમતું નથી એનો દૃષ્ટાંત ૧૦૩ (ગાથા) નો આપ્યો. કારણ કે પર્યાય પલટીને કાંઈ પરમાં જાતી નથી, તો જાતી નથી તો પોતાને છોડીને બીજા પર્યાય ભલે નજીક હોય તોપણ કરે શી રીતે ? અડતું નથી ને. કેમકે એકબીજામાં અત્યંત અભાવ (છે) અને અડે તો ભાવ થઈ જાય છે, એનો ભાવ થઈ જાય છે. આહાહા..!

**શ્રોતા :–** સંયોગ સંબંધ છે કે નથી ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે નહિ, '**सर्वोऽपि सम्बन्धः निषेधः**' ૨૦૦ કળશ '**सर्वोऽपि सम्बन्धः निषेधः**' જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નહિ. હજી તો આગળ આવશે, એથી હજી આગળ આવશે. હજી એથી આગળ ઝીણું આવશે. આહાહા..!

'**(આ) ચેતયિતાથી જુદો અન્ય કોઈ ચેતયિતા નથી, પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.**' જાણનારો જણાય છે એવા બે અંશો છે, પર નહિ. જાણનારો જણાય છે એવા બે અંશો થયા. આહાહા..! પરને જાણતો નથી. જાણનારો જણાય છે એ પણ બે અંશ થયા. છે ? '**પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી...**' આહાહા..! ગજબ કામ છે. '**વ્યવહારથી શું સાધ્ય છે** ?' આહાહા..! પોતે પોતાને જાણે છે એવો ભેદ પાડીને સાધ્ય શું છે તારે ? તારે સિદ્ધ શું કરવું છે ? તારું ધ્યેય શું છે ? આહાહા..! છે ? શું કીધું ? સ્વ-સ્વામી અંશ એટલે કે આને પોતાને જાણે છે. તેમ છે ને ? ચેતયિતા, ***ચેતયિતાને જાણે છે એવા બે અંશો પાડ્યા, બે અંશમાં ભેદ પડ્યો. ભેદમાં સાધ્ય શું આવ્યું ? ભેદમાં ફળ તને શું આવ્યું ? ભેદમાં તને લાભ શો થયો ? આહાહા..!***

'**શું સાધ્ય છે ? કાંઈ સાધ્ય નથી.**' કાંઈ સાધ્ય નથી. ***આહાહા..! પરની સાથે જાણવાનો સંબંધ પણ કાંઈ સાધ્ય નથી. પરને જાણું છું એમ તું નક્કી કરવા જાય તોપણ તને લાભ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***શું છે ? તારું સાધ્ય તને આત્મા મેળવવો એ છે કે રાગ મેળવવો ને કષાય મેળવવો ઇ છે ? તારું સાધ્ય તો આત્મા મેળવવો (છે). તો આત્મા પોતે પોતાને જાણે છે, એ સિદ્ધાંતમાં આવી જા.*** આહાહા..! સમજાણું કાંઈ ? અજૈન જો આવું સાંભળે તો એવું લાગે, આ તે શું ? ***આખો દિ' કરી શકીએ ને કહે, કરતા નથી. કર્તા તો નથી પણ જાણનાર નથી. કરી શકાય નહિ, પણ જાણી શકાય નહિ આ તો એ કહે છે. પરને જાણવું એ એની ખોટી વાત છે. હજી તેથી આઘું લઈ જશે, કે પોતે પોતાને જાણે એવા બે ભાગ પાડીને તારે કામ શું છે ? આહાહા..! શું સાધ્ય છે ?***

**'તો પછી જ્ઞાયક કોઈનો નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે...'** લ્યો ! આહાહા..! એવી વાત છે. હજી આ તો બહારની તકરારમાં પડ્યા. દયાઓ પાળો ને વ્રત કરો ને ભક્તિ કરો ને ખરડા બનાવો, પૈસા ભેગા કરો ને એનાથી મોટા મોટા કામ કરો. ધૂળેય નથી સાંભળને. આહાહા..!

કહ્યું નહિ હમણાં ? 'આફ્રિકા'. સાંઈઠ લાખ ભેગા કર્યા એ લોકોએ. છવ્વીસ દિ' રહ્યા. પંદર લાખ તો કર્યા હતા પહેલાં, છવ્વીસ દિ'માં પીસ્તાલીસ લાખ કર્યા. સાંઈઠ લાખ રૂપિયા કર્યા અને મોટું બાવીસ લાખનું મંદિર બનાવવાના. એથી પણ પૈસા વધી ગયા બહુ. કીધું, ઇ ગમે તે થાવ પણ એમાં રાગની મંદતા હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ નથી. આહાહા..! પ્રેમથી બધા સાંભળતા, નહીં તો ઇ તો અનાર્ય દેશ 'આફ્રિકા'. ત્યાં આપણા મહાજન ગયા છે અને મહાજનની છ હજાર વસ્તી છે. એ બધા બિચારા આવે. બધા ન આવે, દિગંબર છે, દિગંબર છે, દિગંબર છે. મારી નાખ્યા આ વાડા બાંધી બાંધીને. આ દિગંબર ને આ શ્વેતાંબર ને આ સ્થાનકવાસી ને... અનાદિ સનાતન માર્ગ આ છે. એમાંથી જેટલા પંથ નીકળ્યા એ પંથ જૈન નથી. આહાહા..!

વીતરાગ ત્રણલોકના નાથના શ્રીમુખે નીકળેલી વાત આ, આ છે. પરની દયા પાળી શકવાની તો વાત પણ ક્યાંય રહી ગઈ પણ પરની દયા એને કારણે પળે છે, એનું જીવતર આયુષ્યને લઈને છે, ઇ જાણે છે ઇ પણ ક્યાંય રહી ગયું. આહાહા..! એને કારણે જીવે છે એવું જાણવું એ પણ વ્યવહાર જાણવું છે. એમાં તને સાધ્ય શું છે ? આહાહા..!

**'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે;...'** કથનમાત્ર છે, સાચું છે નહિ. આહાહા..! **'આત્મા પોતાને જાણે છે એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** આહાહા..! સ્વ-સ્વામી અંશ, અંશ થઈ ગયા. પોતે પોતાને જાણે સ્વ ને સ્વામી થઈ ગયા, બે ભાગ પડી ગયા. આહાહા..! આટલી હદે જાવું હવે. 'ગુણવંતભાઈ' ! ક્યાં 'કલકત્તા'માં ધંધા કરવા ને... આહાહા..! પરની દયા પાળી શકવાની વાત તો ત્રણકાળમાં જૈનધર્મમાં છે નહિ. કેમકે એ પોતે દ્રવ્ય છે તે એનું આયુષ્ય હોય ત્યાં સુધી ત્યાં રહેશે. આયુષ્યને લઈને રહેશે એમ કહેવું એ વ્યવહાર છે. એના આત્માની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



યોગ્યતા તેટલો કાળ રહેવાની છે તેટલો કાળ ત્યાં રહેશે. આહાહા..! એનું આ આયુષ્ય અથવા એની પૂરી સ્થિતિ થઈને નીકળી જશે. કોઈ એને મારી શકે કે જીવાડી શકે (એમ છે નહિ). આહાહા..! તદ્દન અન્યમતિ આવ્યા હોય તો એમ જ ગાંડા કહે. પ્રત્યક્ષ જ કરીએ છીએ આખો દિ' અને કહે છે, કરતાં નથી. હવે આ જાણવાનું છે એ પણ જાણતા નથી, કહે છે. જાણતા નથી આને ? આહાહા..!

અહીં તો એ કીધું કે **'આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** આહાહા..! એ પણ નિષેધ છે, વ્યવહાર નિષેધ છે. **'જ્ઞાયક જ્ઞાયક જ છે'** પરને જાણે છે એ નહિ. **'જ્ઞાયક જ્ઞાયક જ છે...'** પોતે પોતાને જાણે છે તે જાણનારો જાણનાર છે, તે જાણનારો જાણનાર છે. આહાહા..! બધો ફેરફાર કરીને અહીં સુધી લાવવું. જિંદગી વાડામાં ગાળી હોય ને વાડાના પોષણ બધા કર્યા હોય હવે એને અહીં લાવવું. આહાહા..! બધો આગ્રહ છોડી દેવો. આહાહા..! **'જ્ઞાયક જ્ઞાયક જ છે.'** ***એ જાણનારો તો જાણનાર જ છે. એ જાણનારો પરને જાણનારો નહિ. પરની હિંસા કરનારો નહિ, પરની દયા પાળનારો નહિ પણ પરને જાણનારો પણ નહિ. આહાહા..! એ તો સ્વને જાણવું એમ કહેવું વ્યવહાર છે. 'જ્ઞાયક જ્ઞાયક જ છે...'*** વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

✲

**પ્રથમ તો સાચા ગુરુ કોને કહેવાય ? કે જેના ઉપદેશમાં એમ આવે કે હે જીવ ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ ભલે હો, પણ તે વિકારી પરિણામ તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા-ભોક્તા પણ તું નથી. તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર, તેની દૃષ્ટિ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, અન્ય કોઈ પણ પ્રકારે મુક્તિ થશે જ નહીં. આવો ઉપદેશ જેની દેશનામાં આવે તે સાચા ગુરુ કહેવાય.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૫૦)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૩૫૬-૩૬૫, પ્રવચન નં. ૪૧૦
## તા. ૧૪-૦૬-૧૯૮૦
## [૧૨]

'સમયસાર' વચ્ચે કૌસમાં લીટી ચાલી ગઈ છે ને ? એ ફરીને લઈએ. કૌસમાં છે ને ? **'(આ રીતે અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે...)'** આહાહા..! આત્મા પરદ્રવ્યનું કંઈ કરી શકતો નથી. દુકાને થડે બેસે તો કાંઈ વેપારના ધંધાની ક્રિયા કરી શકે એમ નથી. પરદ્રવ્યને સ્વદ્રવ્ય અડતું નથી. અડતું નથી એટલે બે વચ્ચે તો અત્યંત અભાવ છે. એટલે એક આત્મા ધંધાની કે કંઈક પરદ્રવ્યની ક્રિયા પૈસો લેવો-દેવો, ખાવું-પીવું એ કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી. આહાહા..! આ આકરું લાગે.

**'આત્મા પરદ્રવ્યને જાણે છે...'** કાંઈ કરતો તો નથી પણ પરને જાણે છે એ વ્યવહાર કથન છે. કારણ કે પર છે એને જાણે છે એ વ્યવહાર, સ્વ છે એને જાણે છે એ નિશ્ચય છે. સ્વમાં પણ જરીક ભેદ છે. આહાહા..! પરને જાણે છે એ તો વ્યવહાર કથન (છે). પરને કરે છે, બદલાવે છે, દે-લે છે, આત્મા સિવાય પરવસ્તુને દે-લે છે એ તો ત્રણકાળમાં છે નહિ. આહાહા..! આખો દિ' આ ધંધો કરે ને શું કરે ? છે એમાં ? બે લીટી વચ્ચે છે. પરમ સત્યની વાતનો છેડો છે. પરમ સત્ય. આત્મા દુકાનનું કે બીજાનું કે શરીરનું કે વાણીનું કે મનનું કાંઈ કરી શકતો નથી. કેમકે બીજા પરદ્રવ્ય છે ને પોતે પર છે. એકબીજામાં અત્યંત અભાવ છે. અભાવ છે તે એવા અભાવને કેમ કરે ? ભાવ હોય તો કરે. તે પણ અહીં તો ભાવ ભાવનો વ્યવહાર કહેશે. આહાહા..!

***''આત્મા પરદ્રવ્યને જાણે છે'-એ વ્યવહારકથન છે;...' પરદ્રવ્યને કરે છે એ પ્રશ્ન તો છે જ નહિ. આહાહા..! ભારે વાત બેસવી. ''આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ...' આહાહા..! આત્મા પોતાને જાણે છે એમાં 'સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...' પોતાને પોતે, પોતાને પોતે જાણે બે ભાગ પડી ગયા. આહાહા..! એને પણ અહીંયાં તો વ્યવહાર કહે છે.***

***શ્રોતા :– પરને જાણે એ વ્યવહાર ખોટો કે સાચો ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– જૂઠો.***

**'અહીં એમ બતાવ્યું કે : 'આત્મા પરદ્રવ્યને જાણે છે'** એ વ્યવહાર છે. પરદ્રવ્યને કરે કંઈ (એમ તો છ જ નહિ). આહાહા..! આવો પાંગળો ? પર માટે પૂરો પાંગળો, પોતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે પૂરો પરમાત્મા. આહાહા..! પોતાનું ક્ષણમાં પરમાત્મ પદ પ્રગટ કરી શકે એવી તાકાતવાળો છે અને પરમાં એક રજકણ પણ ફેરવી શકે જે ક્ષેત્રમાં રજકણ છે તેને બીજે પ્રદેશે ફેરવે (એ) આત્માની તાકાત નથી. આહાહા..! આખો દિ' આ દુકાને ધંધા ઉપર 'મનસુખ' બેસે. દુકાનમાં આખો ધંધો...

આ આત્મા એના સિવાય કર્મ, શરીર, વાણી, મન, પૈસો, લક્ષ્મી, મકાન આદિ બાયડી, છોકરા, કુટુંબ એનું કાંઈ પણ કરી શકતો નથી. કેમકે એકબીજામાં અત્યંત અભાવ છે. હવે કહે છે કે ***એ પોતે આત્મા પોતાને જાણે છે એ ભેદ પડ્યો એ વ્યવહાર છે. આહાહા..! આત્મા પોતાને જાણે છે. આહાહા..! ભાવક-ભાવ ભેદ પડી ગયો. ભાવકને ભાવ જાણે છે. આહાહા..! જ્ઞાયકને જ્ઞાનભાવ જાણે છે એ વ્યવહાર થયો. એમાં પણ વિકલ્પ ઉઠે છે.***

**''આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...'** પોતાને–સ્વ, અને એનો સ્વામી જાણે છે એ સ્વામી. એ સ્વ-સ્વામીઅંશ પણ ભેદ પડ્યો. આહાહા..! એક રજકણને તો હલાવી શકે નહિ, જીભથી બોલી શકે નહિ, પગથી ચાલી શકે નહિ. આહાહા..! પણ તેને જાણનારો જાણે છે એમ પણ નહિ. કેમકે જાણનારો, જણાય છે તેનાથી અત્યંત અભાવપણે વર્તે છે. અત્યંત અભાવપણે વર્તે તે ભાવ એટલે અડવું કેમ કરે ? એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ (છે). અભાવ (છે) ત્યારે એને અડે એ તો ભાવ થઈ ગયો. આહાહા..! આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય, 'મનસુખ' ! ધંધા-પાણી આડે નવરાશ ન મળે. આહાહા..!

આત્મા આ વસ્તુ છે. ઇ શબ્દ આગળ આવી ગયો છે. **'જેનું જે હોય તે તે જ હોય.'** એ શબ્દ આવી ગયો છે. પછી આવશે આમાં. જેનું જે હોય તેનું તે હોય એમ નહિ, જેનું જે હોય તેનું તે હોય એમ નહિ, જેનું જે હોય તે તે જ છે, જેનું જે હોય તે તે જ છે. આહાહા..! ગજબ વાત છે ને ! જેનું જે હોય તેનું નથી એમ પણ નહિ. આહાહા..! જેનું જે હોય તે તે જ હોય, તે જ હોય. જ્ઞાયકનું જ્ઞાયકપણું છે તે, તે જ હોય. જ્ઞાયકપણું પોતે પોતાને જાણે એવો ભેદ એ પણ વ્યવહાર વિષય થઈ ગયો. આહાહા..! હવે અહીંયાં વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થાય એ તો ક્યાંય રહી ગયું. ભાઈ ! દયા, દાન, વ્રત, ભક્તિ, અપવાસ કરતાં કરતાં કલ્યાણ થાય, સમકિત થાય એ વાત તો ક્યાંય રહી ગઈ, જૂઠી. આહાહા..! પણ એ પરદ્રવ્યને નજીકમાં છે કે દૂર છે ? એ દૂર જ છે. કેમકે જાણવાની અપેક્ષાએ પરને જાણવું, એ પરને, પર નજીક હો કે દૂર હો, પરને જાણવું એ વ્યવહાર છે. આહાહા..! એટલે પરને જાણવું એ પણ આદરવા લાયક નથી. આહાહા..! આવી વાત છે.

આ આત્મા વસ્તુ છે તો એ પરનું કાંઈ કરી શકે જીભને હલાવી શકે આહાહા..! કે માથું હા ના માં આમ આમ કરી શકે એ ત્રણકાળમાં નથી. એ તો નથી પણ એને જાણનારો જાણે છે એ પર છે ને આ પર છે બેના એકમેકપણાનો અભાવ છે. બે વચ્ચે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અત્યંત અભાવ છે. ***એથી પરને જાણે છે એમ કહેવું એ પણ અસદ્ભૂત વ્યવહાર છે. હવે પોતે પોતાને જાણે છે એ સદ્ભૂત વ્યવહાર છે. આહાહા..!*** પોતે પોતાને જાણે છે. એ બે ભાગ પડી ગયા. સદ્ભૂત વ્યવહાર થઈ ગયો. ભાવકનો ભાવ, જ્ઞાયકનું જ્ઞાન. જ્ઞાયકનું જ્ઞાન, ભાવકનો ભાવ. આહાહા..! જે એકબીજા વચ્ચે અત્યંત અભાવ છે એની વાત તો અહીંયાં એક બાજુ રાખો. એને કરે નહિ ને એને જાણે નહિ એટલે એ તો દૂર કરી દીધું.

હવે અંદરમાં ને અંદર પોતે પોતાને જાણે એમાં પણ પોતે અસ્તિ થઈ અને પોતાને જાણે એનો સ્વામી થયો, સ્વનો સ્વામી થયો. એ સ્વ-સ્વામીઅંશ પણ ભાવકભાવ–ભાવકનો ભાવ આ જ્ઞાયકનું જ્ઞાન, આહાહા..! એ પણ વ્યવહાર છે. ગજબ વાત છે. આવું સાંભળવા મળવું મુશ્કેલ છે, સાંભળવા મળવું મુશ્કેલ છે. આહાહા..! આખો દિ' કરે છે ને ? છતાં કાંઈ કરતો નથી ? ***અરે..! કરતો નથી તો એકકોર રાખ્યો, પણ જાણતો નથી. કારણ કે પોતાનો અંશ ત્યાં જાય તો એને જાણે છે એમ નિશ્ચયથી કહેવાય. પણ પોતાનો અંશ ત્યાં જાતો નથી, પોતાના અંશમાં એનું જ્ઞાન પોતાના સામર્થ્યથી પોતાને લઈને પોતામાં થાય છે. એટલે પરને જાણે છે એ વ્યવહાર છે.***

હવે પોતે પોતાને જાણે છે એવો જે ભાગ, સ્વ એનો સ્વામી થયો, ભાવકનો ભાવ થયો. આહાહા..! જ્ઞાયક એ ભાવક એનો જ્ઞાન ભાવ, એનો ભાવ એ વ્યવહાર થયો. એ સદ્ભૂત વ્યવહાર એ નિષેધ છે. આહાહા..! આ તો દુનિયા દુકાન-બુકાન છોડી દે તો બે રહેશે. નહીં ? એમ હશે ? દુકાન-બુકાન છોડી દે. છોડી દે એ પણ આત્માના નથી. પરવસ્તુ છોડે એ વસ્તુમાં નથી. કેમકે એનામાં એ નથી તે એને છોડ્યું છે ક્યાં ? એ છૂટેલું જ પડ્યું છે. આહાહા..! આત્મા પરને ત્યાગે છે એ પણ વ્યવહારના કથન છે. કેમકે ત્યાગમાં એ પોતે જતો નથી, પોતે તો પોતામાં રહે છે. આહાહા..! એ પોતે પોતામાં રહે છે અને પરને છોડે છે એ વાત તદ્દન ખોટી છે. પણ છોડનારો, છોડનારો, છોડનારામાં રહે છે. આહાહા..!

રાગનો ત્યાગ એ આત્મામાં નથી પણ એનો ત્યાગનું કરનારું જે જાણપણું છે કે આ નહિ, એ જ્ઞાન, એ જ્ઞાયકનું જ્ઞાન છે એવો ભેદ પણ વ્યવહાર છે. આહાહા..! આવું ક્યાં ? આને ધર્મ કરવો. દયા પાળો, આ પાળો ને આ કરો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો એ કરવું એ તો મિથ્યાત્વ છે, કર્તાબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. આહાહા..! પણ એને જાણવું એ વ્યવહાર છે, નિશ્ચય નહિ. એમાં ભળતો નથી, જ્ઞાન એમાં ભળી જતું નથી. ભિન્ન રહીને પોતે તેને જાણે છે એટલે નિશ્ચયથી તો એને જાણતો નથી. નિશ્ચયથી પોતાને જાણે છે. હવે પોતાને જાણે છે એ જાણનાર પોતાને જાણનાર છે. આહાહા..! આવો જે ભેદ એ પણ વ્યવહાર છે. એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે, એ તો છે એ છે. શબ્દ આવી ગયો છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જેનું જે હોય તે તે જ હોય.'** એ મોટો સિદ્ધાંત છે એમાં. જેનું જે હોય તે તેનું હોય એમ નહિ. જેનું જે હોય તે તેનું, (એ) તો ભેદ પડી ગયો. **'જેનું જે હોય તે તે જ હોય...'** જેનું જે હોય એ તે જ હોય. આહાહા..! ગજબ કર્યો છે ને ! સમજાય છે કાંઈ આમાં ? જેનું જે હોય તેનું તે હોય એમ પણ નહિ. જેનું જે હોય તે તેનું જ છે. આહાહા..! તે તેનું જ છે એમ પણ નથી. 'ચંદુભાઈ' ! આવું ઝીણી આવી ગયું. આહાહા..!

**'જેનું જે હોય તે તે જ હોય...'** જેનું જે હોય તે તેનું હોય એમ પણ નહિ,. આહાહા..! છે અંદર જુઓ ? દરેક ઠેકાણે (છે). જ્ઞાયકમાં, દર્શનમાં. જેનું જે હોય, જેનું જે હોય, આહાહા..! તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! આના પછી તો છઠ્ઠી લીટી. આહાહા..! આવું બધું કરવા રહ્યા. સંસારના ડાહ્યા તો ગાંડા બનાવે. ગાંડા છે કે શું ? બાપા ! આ કરીએ છીએ ને આખો દિ'. હાથે, પગથી કરીએ છીએ, પૈસા લેણ-દેણ કરીએ, વ્યાજ ઉપજાવીએ, પૈસા લઈએ. લ્યો ! ભાઈ ! આટલો માલ લે. આ પાંચહજારનો માલ. પાંચ લાવ. આ આખું કામ આખો દિ' કરીએ ને કહે કરતા નથી. આહાહા..! ભાઈ ! તને ભ્રમ પડ્યો છે, ભ્રમણા પડી છે એ તને જોવા દેતી નથી. એ સંયોગને જોવે છે, ભ્રમણા સંયોગને જોવે છે. આહાહા..!

પાણી અગ્નિથી ઊનું થયું એ ભ્રમણા સંયોગને જોવે છે–અગ્નિને જોવે છે, પણ પાણી પોતે પોતાથી ઊનું થયું એ ન જોયું. આહાહા..! સમજાય છે કાંઈ ? પાણી અગ્નિથી ઊનું થયું એ તો તદ્દન જૂઠી વાત છે. કેમકે એકબીજામાં અત્યંત અભાવ છે. અભાવ એ ભાવરૂપે કેમ થાય ? આહાહા..! એ જો એને ઊનું કરે તો એનો ભાવ થઈ ગયો, અભાવ ન રહ્યો. આહાહા..!

એથી અહીં કહે છે કે **'('આત્મા પોતાને જાણે છે'-એમ કહેવામાં પણ સ્વ-સ્વામીઅંશરૂપ વ્યવહાર છે;...)'** આહાહા..! **'(જ્ઞાયક જ્ઞાયક જ છે'-એ નિશ્ચય છે.)'** જ્ઞાયક તે જ્ઞાયક જ છે, બસ ! આહાહા..! જ્ઞાયક જાણવાનું કામ કરે તો જ્ઞાયક છે એમ નહિ. થોડી ઝીણી વાત છે. એ જ્ઞાયક તો જ્ઞાયક જ છે. પોતાનું જાણવાનું કામ કરે એ પણ ભેદ ને વ્યવહાર છે. આહાહા..! તો પછી પરને જાણવાનું કામ કરે એ તો તદ્દન અસદ્દભૂત વ્યવહાર છે. ***પોતે પોતાને જાણે એ સદ્દભૂત વ્યવહાર છે, પરને જાણે એ અસદ્દભૂત વ્યવહાર છે અને પરને કરે એ મિથ્યાત્વનો વ્યવહાર છે. આહાહા..!*** આખો દિ' આ શું કરતાં ? ડૉક્ટર આ દવા-બવા (આપે), ઇન્જેકશન લગાવે ને દવા કાઢવી, આમાંથી કાઢવી. પેલામાં ભરી હોય એમાંથી આમ દાબીને કાઢવી, ચોપડવી. ઇ કહે છે કે દવાને આંગળી અડતી નથી. આંગળીને આત્મા અડતો નથી.

**શ્રોતા :–** ભલે અડે નહિ પણ લાભ કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય કરે નહિ. અડે તો ભાવ થઈ જાય, એકબીજાનો એક ભાવ (થઈ જાય). અત્યંત અભાવ છે એમાં ભાવ હોઈ શકે નહિ. આહાહા..! એ ભાષા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો સહેલી છે પણ એનો ભાવ અંદર ઝીણો છે, બાપુ ! આહાહા..! છે તે છે. છે તે છે એમ કીધું ને ? જે જેનું હોય તે તે જ હોય. આહાહા..! એ બીજાનું હોય નહિ. આહાહા..!

**'વળી (જેવી રીતે જ્ઞાયક વિષે દૃષ્ટાંત-દાર્ષ્ટાંતથી કહ્યું) એવી રીતે દર્શક વિષે કહેવામાં આવે છે :–'** હવે દેખવામાં અને શ્રદ્ધવામાં (લે છે). અહીં દેખવામાં દેખવું ને શ્રદ્ધવું બન્ને ભેગું લેવું. **'આ જગતમાં ખડી છે તે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. ભીંત-આદિ પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે...'** આહાહા..! કેમકે ભીંતનું અસ્તિત્વ તો ભિન્ન છે અને ખડી ઉપર ધોળી થઈ એનું અસ્તિત્વ ભિન્ન છે. આહાહા..! ઉપર જે ધોળી થઈ એની હયાતી, હયાતી–મોજૂદગી ભિન્ન છે અને ભીંતની હયાતી, મોજૂદગી ભિન્ન છે. જો ભીંત જ ધોળી થઈ ગઈ હોય તો ધોળી ધોવાય જાય તો ભીંત પણ પડી જાય. આહાહા..! ભારે કામ ભાઈ આવું. આવો માર્ગ છે, ભાઈ !

**'હવે, 'શ્વેત કરનારી ખડી, શ્વેત કરાવાયોગ્ય જે ભીંત-આદિ પરદ્રવ્ય તેની છે કે નથી ?'- એમ તે બન્નેનો તાત્ત્વિક સંબંધ, બન્નેનો તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે :– જો ખડી ભીંત-આદિ પરદ્રવ્યની હોય તો શું થાય તે પ્રથમ વિચારીએ :–'** આહાહા..! **'જેનું જે હોય તે તે જ હોય,...'** જેનું જે હોય તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! હવે આવી વાત ચાલતી ન હોય ત્યાં માણસને પરનું કરવું, પરનું કરી શકાય, વ્યવહારે કરાય, વ્યવહારે કરાય, નિશ્ચયથી નહિ. આહાહા..! પોતા સિવાય અનંત પદાર્થનું અહમ્‌પણું એને ઉડાવી દેવું પડશે. પોતા સિવાય પરદ્રવ્ય કોઈ પણ હોય અરે..! રાગનો કણ હોય એનું સ્વામીપણું ને એનું પોતાપણું, એનો ભાવ મારો, હું ભાવવાન એ ઉડાવી દેવું પડશે. આહાહા..!

એ અહીં કહે છે, જુઓ ! **'વિચારીએ : 'જેનું જે હોય...'** આહાહા..! **'તે તે જ હોય, જેનું જે હોય તે તે જ હોય,...'** આહાહા..! સાંભળવામાં તો આવ્યું હતું. અગિયાર અંગ નવ પૂર્વ ભણ્યો છે પણ અંદર ઘડ બેઠી નહોતી. બધી ધારણામાં વાત રાખી. ધારણા એ તો પરચીજ છે. આહાહા..! કેમકે એનો અભાવ થઈ જાય છે. આહાહા..! ધારણા છૂટી જાય છે, એ કાંઈ એની ચીજ નથી. એની ચીજ તો જ્ઞાનમાં એ વાત એકાગ્ર થઈને આનંદનું વેદન થઈને જ્ઞાન જ્ઞાનમાં લ્યે, એ પણ હજી વ્યવહાર કહીને (કાઢી નાખ્યો). પણ ઇ વ્યવહાર સદ્‌ભૂત છે. આહાહા..! એ જ્ઞાન પરને જાણે એ અસદ્‌ભૂત વ્યવહાર છે. કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ અસદ્‌ભૂત વ્યવહાર છે, જૂઠી દૃષ્ટિથી એ કથન છે. આહાહા..!

**શ્રોતા :–** જ્ઞાનનો સ્વભાવ તો સ્વ-પરપ્રકાશક છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક પોતાથી છે, પરને લઈને નહિ. પર છે માટે અહીં જણાય છે એમ પણ નહિ. આહાહા..! અહીંયાં સ્વ-પરપ્રકાશક સ્વભાવ– જેનું જે હોય તે તે જ હોય. સ્વ-પરપ્રકાશક જેનું છે તે તેનું જ છે, પરને લઈને નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! આવું ઝીણું છે. પછી લોકો કહે ને કે 'સોનગઢ'વાળા નિશ્ચયાભાસ, નિશ્ચયાભાસ (છે). વ્યવહારની તો વાત કરતાં નથી. વ્યવહાર કોણ નથી કહેતા ? ભાઈ ! વ્યવહાર છે, વ્યવહારનય છે, નયનો વિષય છે, વિષયીનો વિષય હોય. આહાહા..! પણ તે આદરવા લાયક નથી. આહાહા..! વ્યવહારનય નથી એમ નહિ. વ્યવહારનય છે એ જ્ઞાનનો અંશ છે, જ્ઞાનનો અંશ છે. આહાહા..! એ પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે. એ..ઇ..! આહાહા..! 'ચંદુભાઈ' ! વ્યવહારનય પણ સમ્યગ્જ્ઞાનનો અંશ છે, મિથ્યાજ્ઞાનનો નહિ. આહાહા..! એ જે જાણે છે તેનો વિષય પણ છે. નય છે તે વિષયી છે અને તેનો વિષય છે એ પર ચીજ છે. આહાહા..!

અહીં તો એટલો બધો અવાજ (–પોકાર છે) કે જેનું જે હોય. આહાહા..! જેનું જે હોય તે, જેનું જે હોય તે, આહાહા..! તે જ હોય, તે જ હોય. આહાહા..! છે કે નહિ અંદર ? આહાહા..! જેનું જે હોય તે તેનું હોય એમ નહિ. એ તો ભેદ પડ્યો. અહીં તો જેનું જે હોય તે તે જ છે, તે જ છે. આહાહા..! જ્ઞાયકનો જ્ઞાયક જ છે. જ્ઞાયક પરને જાણે છે માટે જ્ઞાયક છે એમ નથી. આહાહા..! જ્ઞાયક જ્ઞાન વડે જાણે છે એમ પણ નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે, તે તે જ છે. આહાહા..! જેનું જે હોય, જેનું જે હોય તે, જેનું જે હોય તે તે જ હોય. આહાહા..! આવો ઉપદેશ હવે. આવું જૈનનું હશે ? જૈનના તો છ દ્રવ્ય કીધા, એના ગુણ ને પર્યાય કીધી. છ કાયની દયાનું કહ્યું, છ દ્રવ્યને જાણવાનું, માનવાનું કહ્યું. લ્યો ! 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. પ્રયત્નથી છ દ્રવ્યને જાણવા. 'યોગીન્દ્રદેવ'ના દોહરામાં આવે છે. આહાહા..! વ્યવહારના કથનોની શૈલી જોઈને એ તેમ છે એમ નહિ. આહાહા..!

અહીંયાં તો હજી વ્યવહાર રત્નત્રય કરતાં નિશ્ચય રત્નત્રય પ્રાપ્ત થાય. ત્યાં સુધી સ્થૂળતા ચાલી ગઈ. આહાહા..! અહીં તો વ્યવહાર રત્નત્રયને જાણે છે એ પણ વ્યવહાર છે. આહાહા..! પણ વ્યવહાર રત્નત્રયને જાણનાર જ્ઞાયક છે તે જેનું તે છે તેનું તે જ છે. આહાહા..! એમાં બીજું જણાય છે માટે એનું એ છે અને બીજું જણાય છે માટે બીજાને જાણે છે એમ નથી. આહાહા..! ઠરીને હીમ જેવું થઈ જાય એવું છે. વિકલ્પનો અવકાશ ત્યાં નથી. આહાહા..! જ્યાં જાણપણાની વિશેષતા નથી. ફક્ત એ ચીજ જે છે... આહાહા..! એ જેમ છે તેમ તેને તે જ રીતે પ્રતીત કરવી. આહાહા..!

એમાં અહીં આત્માની વાત છે. આત્મા લોકાલોકને જાણે એ પોતાની પર્યાય છે. લોકાલોકને લઈને લોકાલોકની નહિ. એ પર્યાય, લોકાલોક છે માટે પરને જાણવાની પર્યાય થઈ છે એમ નથી. આહાહા..! લોકાલોક છે તો લોકાલોક એને ઘરે રહ્યા. ભગવાન જાણનાર છે, જાણનારમાં રહ્યો. આહાહા..! જાણનાર લોકાલોકમાં ક્યાં ગયો છે ને લોકાલોકનું જ્ઞાન અહીં ક્યાં થયું છે ? એ તો એનું પોતાનું જ્ઞાન થયું. આહાહા..!

જેનું જે હોય, આ મહા સિદ્ધાંત છે. દરેક ઠેકાણે આ નાખ્યું. પહેલાં જ્ઞાયકમાં નાખ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતું, આ દર્શન ને શ્રદ્ધામાં નાખે છે. જેનું જે હોય તે તે, જેનું જે, જેનું જે તે, જેનું જે હોય તે તે જ હોય, આહાહા..! આવું ક્યાં સાંભળવા મળે ? દુકાને સાંભળવા મળે ? 'સંજયભાઈ' ! દુકાને રળો, આ કરો ને આખો દિ' આ છોકરા ને.. હોંશિયારીથી કામ કરે એ ડાહ્યો કહેવાય. શાસ્ત્રના હિસાબે એને ગાંડો કહેવાય. શાસ્ત્રના હિસાબે એને પાગલ કહેવાય, દુનિયાને હિસાબે એને પંડિત કહેવાય. આહાહા..! પંડિત અને શૂરવીર તો સમકિતી છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે. પંડિત અને શૂરવીર (એ) કે જે અભેદને જ અનુભવે છે. આહાહા..! સમજાય છે કાંઈ ?

**'જેનું જે હોય તે તે જ હોય...'** એટલે ? **'જેમ આત્માનું જ્ઞાન...'** જોયું ? **'હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;...'** પરને જાણે માટે પરનું છે ? આહાહા..! લોકાલોક જણાણા માટે કેવળજ્ઞાને પરને જાણ્યું અને પરનું છે એમ નથી. એમ આ જ્ઞાનમાં રાગ જણાણો, વ્યવહાર રત્નત્રયનો રાગ જણાણો માટે તે જ્ઞાન રાગનું છે એમ નથી. એ જેનું જે છે તે તે જ છે, રાગનું પણ જ્ઞાન નથી. રાગનું જ્ઞાન થયું એ તો પોતાની પર્યાયના સામર્થ્યથી પોતાથી થયું છે. આહાહા..! બહુ ઝીણી વાત, ભાઈ ! હજી જાડામાં વાત બેસે નહિ ત્યાં... આહાહા..!

**'જેમ આત્માનું જ્ઞાન હોવાથી, આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે;'-આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** આવો તાત્ત્વિક સંબંધ જીવતો છે. આહાહા..! ભાષા તો જુઓ ! આત્માનું જ્ઞાન તે આત્માનું જ્ઞાન છે, એ પરનું જ્ઞાન નહિ. રોટલી ને શાક ને દાળ-ભાતનું જ્ઞાન થાય એ કાંઈ જ્ઞાન એનું નહિ, એમ કહે છે. રોટલી ને દાળ-ભાત-શાકનું જ્ઞાન થાય એ જ્ઞાન એનું નહિ. એ જ્ઞાન આત્માનું છે. આહાહા..! અને તે જ્ઞાન પરને લઈને નહિ, આત્માને લઈને એ જ્ઞાન છે. તેથી જેનું છે તે તે જ છે, તે તે જ છે. આહાહા..! ઝીણું બહુ. 'નટુ' ! સમજાય છે આમાં ? ઝીણું-ઝીણું છે બહુ. તારા વેપારમાં, ધંધામાં તો આ વાત ક્યાંય આવે નહિ. અત્યારે તો ધર્મના વાડામાં વાત ન મળે. અર..ર..! પ્રભુ... પ્રભુ...! આ વાત એવી છે.

કહે છે, ભાઈ ! પર સંબંધીનું તને જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું છે, એ જ્ઞાન એનું નહિ. આહાહા..! આ શાસ્ત્રનું જે જ્ઞાન અહીં થયું એ જ્ઞાન શાસ્ત્રનું નહિ, એ જ્ઞાન આત્માનું છે. છે ? આત્માનું જ્ઞાન હોવાથી જ્ઞાન તે આત્મા જ છે. આહાહા..! કોઈ પણ ક્ષણે ને પળે જે પ્રકારનું પરને જાણવા આદિનું જ્ઞાન થાય છે તે જ્ઞાન આત્માનું જ્ઞાન છે, એનું પરનું નથી, પરને લઈને પણ નથી. આહાહા..! આત્માનું એ જ્ઞાન છે. આહાહા..!

**'જ્ઞાન તે આત્મા જ છે;'- આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી,...'** તાત્ત્વિક સંબંધ યથાર્થ હોવાથી જીવતો, જીવતો સંબંધ છે, કહે છે. આવો તાત્ત્વિક સંબંધ જીવતો યથાર્થ છે, મરી ગયેલો એ સંબંધ નથી. આહાહા..! આચાર્યો, દિગંબર સંતો(એ) સિદ્ધો સાથે વાતું કરી છે. લોકોને પક્ષ લાગે કારણ કે એ તો ખુલ્લી રીતે સત્ય હોય એ કહેનાર છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ તો વસ્ત્રનો ટૂકડો રાખે તો મુનિ નહિ પણ નિગોદમાં જાશે એ ચોખ્ખી વાત કરે. એથી કરી સમાજ સમતોલ રહેશે કે નહિ, સમાજમાં આ વાત બેસતા ખળભળાટ થશે કે નહિ એ વાતની કાંઈ દરકાર નથી એને. સમજાણું કાંઈ ? આહાહા..! વસ્ત્રનો ટૂકડો રાખીને મુનિપણું માને ને મનાવે અને એને માને એ બધા નિગોદગામી છે. ભલે એ કોઈ સીધા એક ભવે ન જાય પણ અંતે ઘણો અનંત કાળ નિગોદમાં રહેવાના છે. આહાહા..!

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી...'** એમ છે અહીં તો. આવો તાત્ત્વિક સંબંધ તો જીવતો છે. આહાહા..! કે જેનું જે જ્ઞાન છે એનું એ છે, પરનું જ્ઞાન પણ નહિ. આ શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન શાસ્ત્રનું નહિ, શાસ્ત્ર છે માટે અહીં જ્ઞાન થાય છે એમ નહિ. આહાહા..! શાસ્ત્ર સામે પડ્યા છે ને વંચાય છે માટે એનાથી અહીં જ્ઞાન થાય છે એમ નહિ. આહાહા..! ચૈતન્યને કેવો જીવતો રાખ્યો ! **'તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી...'** આહાહા..! જેનું જે હોય તે તે જ હોય એ તાત્ત્વિક સંબંધ જીવતો છે. એને કોઈ મારી નાખે તો એ મરી જાશે પોતે. આહાહા..! એ તાત્ત્વિક સંબંધને ન માનતા બીજી રીતે માનશે તો એનો આત્મા હણાય જશે. આહાહા..! આ તો આવું ઝીણું પડે ને ! 'બ્રહ્મચારીજી' ! આકરું પડે. ***આહાહા..! જે કોઈપણ પર ચીજ સંબંધી જ્ઞાન થાય છે તે જ્ઞાન જ્ઞાનનું છે, તે જ્ઞાન આત્માનું છે. એ એનું નહિ, એને લઈને નહિ. આહાહા..!***

કેવળજ્ઞાનમાં લોકાલોક જણાય છે તો લોકાલોકને લઈને નહિ. કેમકે જેનું જે હોય તે તે જ છે. એ જ્ઞાન એનું છે તે તે જ છે, લોકાલોકનું તે જ્ઞાન નથી. આહાહા..! એમ અહીંયાં નીચે જે ક્ષણે ને પળે બીજા સંબંધીનું જ્ઞાન જે દેખાય એ જ્ઞાન બીજાનું નથી, તે જ્ઞાન જ્ઞાનનું છે ને તે જ્ઞાન આત્માનું છે. આહાહા..! સમજાય છે કાંઈ ?

**'આવો તાત્ત્વિક સંબંધ જીવંત હોવાથી, ખડી જો ભીંત-આદિની હોય તો ખડી તે ભીંત-આદિની જ હોય...'** તો ભીંત થઈ જાય. ખડી ત્યાં ધોળી થઈ માટે ભીંતની છે તો ખડી ભીંતની થઈ જાય. આહાહા..! વાહ..! **'ભીંત-આદિ જ હોય (અર્થાત્ ખડી ભીંત-આદિસ્વરૂપ જ હોવી જોઈએ); એમ હોતાં, ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય.'** એમ હોતાં સ્વ ખડીનું અસ્તિત્વ જે છે એ ભીંતની થઈ જાય તો પોતાના અસ્તિત્વનો નાશ થઈ જાય. આહાહા..! ભીંત ધોળી થઈ માટે ભીંતની ધોળી છે, એ ધોળાપણું ભીંતનું છે એમ હોય તો ધોળાપણાની જે ખડી છે તેનો ઉચ્છેદ થઈ જાય. આહાહા..! એમ આ જ્ઞાન પણ પરને જાણવા કાળે પરને લઈને થાય તો જ્ઞાન જે છે એનો ઉચ્છેદ થઈ જાય. આહાહા..!

**'ખડીના સ્વદ્રવ્યનો ઉચ્છેદ થાય. પરંતુ દ્રવ્યનો ઉચ્છેદ તો થતો નથી, કારણ કે એક દ્રવ્યનું અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ થવાનો તો પૂર્વે જ નિષેધ કર્યો છે.'** ક્યાં ? ૧૦૩ ગાથા. ૧૦૩ ગાથામાં પહેલેથી નિષેધ કરતાં આવ્યા છીએ. ભાઈ ! ૧૦૩. આહાહા..! અન્ય દ્રવ્યની કોઈ પણ પર્યાય અન્ય દ્રવ્યરૂપે સંક્રમે અને બીજાની પર્યાયને એની પર્યાય બનાવે તો એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્યનો પર્યાય સંક્રમણ (પામીને) પરમાં ગયો તો દ્રવ્યનો વિચ્છેદ થઈ ગયો. પર્યાય વિનાનું આ દ્રવ્ય રહ્યું અને એની પર્યાય આણે કરી તો એ પર્યાય વિનાનું દ્રવ્ય રહ્યું. એ દ્રવ્યનો વિચ્છેદ થઈ ગયો. આહા..! **'पर्याय विजुत्तम दव्वं'** પર્યાય વિનાનો દ્રવ્ય હોય નહિ 'પંચાસ્તિકાય'નો શબ્દ છે. નવમી ગાથા. **'पर्याय विजुत्तम दव्वं'** ન હોય, પર્યાયથી રહિત દ્રવ્ય હોય નહિ. જોએ એ પર્યાય પરની કરો કે ભીંત ધોળી થઈ તો ધોળાપણાનો અભાવ થતાં ખડીનો નાશ થઈ જાય. ભીંત ધોળી થઈ નથી, ધોળી થઈ છે તે ખડી. આહાહા..! ધોળું જે થયું છે એ ખડી ધોળી થઈ છે, ભીંત ધોળી થઈ નથી. આહાહા..! કેમકે ખડી ધોવાય જાય તો ભીંત તો એમ ને એમ રહે છે. આહાહા..! અને ભીંત પડી જાય, નાશ થઈ જાય તો ખડી તો ખડી ધોળાપણે તો કાયમ રહે ને ધોળું ? આહાહા..!

**'પૂર્વે જ નિષેધ કર્યો છે.' 'અન્ય દ્રવ્યરૂપે સંક્રમણ...'** પર્યાય. મૂળ તો સંક્રમણ પર્યાયને થાય. એકની પર્યાય બીજારૂપે થાય તો તો પર્યાય વિનાનું દ્રવ્ય (થાય) તો પછી દ્રવ્યનો નાશ થઈ જાય. એ ૧૦૩ ગાથામાં કહેતા આવ્યા છીએ. ૧૦૩ ગાથા છે ને ? ૧૦૩.

**जो जम्हि गुणे दव्वे सो अण्णम्हि दु ण संकमदि दव्वे।**
**सो अण्णमसंकंतो कह तं परिणामए दव्वं।।१०३।।**

બીજા દ્રવ્યની પર્યાય બીજો દ્રવ્ય કરે તો બીજા દ્રવ્યના પરિણામ તેમાં જાય. એમ તો બનતું નથી. સંક્રમણ એકબીજામાં તો થતું નથી. તો એક દ્રવ્યની પર્યાયે બીજા દ્રવ્યને શું કર્યું ? આહાહા..! દાઢે રોટલીના કટકા શેના કર્યા ? દાઢની પર્યાય એનામાંથી ચાલી જાય તો દાઢની પર્યાય રહેતી નથી. પર્યાય વિનાનું દ્રવ્ય રહે નહિ ત્રણકાળમાં. આહાહા..! અને ત્રણે કાળે જે પર્યાય થાય એ પોતાથી થાય છે. ભલે પરને જાણે પણ એ પરને જાણતો નથી એ પોતે પોતાને જાણે એની પર્યાય છે. આહાહા..! આવું આકરું. વ્યવહારવાળા તો હો.. હા કરી મુકે કે અરે..! આવું આ શું ? આખો દિ' અમે કરીએ છીએ, આ કરીએ છીએ. ભાઈ ! ધીરો થા. તું કોણ ? શું કરી શકે છે તું ? તારામાં શું છે કે જેથી તું કરી શકે છો ? આહાહા..!

અહીં એ કહ્યું, **'अण्णमसंकंतो कह तं परिणामए दव्वं'** કોઈ પણ દ્રવ્ય અન્યની પર્યાયમાં જતું નથી, પલટીને પલટતું નથી તો એના પરિણામને શી રીતે કરે ? આહાહા..! દરેક સમયે દરેક દ્રવ્યની પર્યાય પોતાથી થાય, પરથી બિલકુલ નહિ. પરથી થાય તો આનું સંક્રમણ થઈ જાય, બદલી જાય. તો એ દ્રવ્ય પોતે પર્યાય વિનાનું થઈ જાય ને આ પર્યાય બીજાએ કરી એ પણ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. આહાહા..! જે પર્યાયે બીજાની પર્યાયને કરી તો આ પર્યાયનો નાશ થઈ ગયો અને બીજાની પર્યાયને કરે તો એને પણ પર્યાય વિનાનું દ્રવ્ય થઈ ગયું. આહાહા..! આવો ઉપદેશ, લ્યો !

**'ખડી ભીંત-આદિની નથી. (આગળ વિચારીએ :) જો ખડી ભીંત-આદિની નથી તો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ખડી કોની છે ? ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી એવી બીજી કઈ ખડી છે...'** શું કીધું ? ખડીની ખડી છે એમ બોલ્યા ને ? ખડીની ખડી છે તો કઈ ખડીની એ ખડી છે ? તમે કહ્યું કે ખડીની ખડી છે તો કઈ ખડીની ખડી છે ઇ ? આહાહા..! દિગંબર આચાર્યો સિવાય આ વાત ક્યાંય નથી. લોકોને ભલે દુઃખ લાગે. સમજાય છે ? પણ આ આવી પરમ સત્ય વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી. ઊલટું છે. આહાહા..!

એ અહીં કહે છે, **'ખડીની જ ખડી છે. (આ) ખડીથી જુદી બીજી કઈ ખડી છે...'** પેલી ખડીની ખડી કીધી ને ? ત્યારે પ્રશ્ન ઉઠ્યો, ખડીની ખડી તો કઈ ખડીની કઈ ખડી ? **'કઈ ખડી છે કે જેની (આ) ખડી છે ? (આ) ખડીથી જુદી અન્ય કોઈ ખડી નથી,...'** એ તો કથન કર્યું, બાપુ ! ખડીની ખડી. એ ખડી બીજી અને એની ખડી છે એમ નથી. ખડી તે ખડી જ છે.

**'પરંતુ તેઓ બે સ્વ-સ્વામીરૂપ અંશો જ છે.'** ખડીની ખડી એ તો સ્વ-સ્વામી અંશનો વ્યવહાર કર્યો. આહાહા..! વસ્તુ એનો અંશ ને વસ્તુનો સ્વામી એ ખડી થઈ. આહાહા..! **'એ સ્વ-સ્વામીરૂપ અંશો જ છે. અહીં સ્વ-સ્વામીરૂપ અંશોના વ્યવહારથી શું સાધ્ય છે ?'** એમાં ફળ શું નીકળ્યું ? સત્યનું ફળ શું નીકળ્યું ? ખડી ખડીની હોય (એમ) કહીએ તો એમાં ફળ શું નીકળ્યું ? આહાહા..! તેમાં સાધ્ય નામ પરિણામ શું આવ્યું ? આહાહા..! **'કાંઈ સાધ્ય નથી. તો પછી ખડી કોઈની નથી, ખડી ખડી જ છે-એ નિશ્ચય છે.'** ખડી ખડીની નહિ, ખડી ખડી જ છે. આહાહા..! **'જેમ આ દૃષ્ટાંત છે, તેમ આ (નીચે પ્રમાણે) દાર્ષ્ટાંત છે :–'** હવે દર્શન ગુણમાં એ ઉતારે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ-ગુણસ્વભાવ-પર્યાયસ્વભાવ-મહાગંભીરસ્વભાવ છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૫૬)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, શ્લોક-૩૮-૩૯ ગાથા–૬૩-૬૭, પ્રવચન નં. ૧૩૭, તા. ૧૬-૧૧-૧૯૭૮ [૧૩]

'સમયસાર' ૬૩-૬૪ (ગાથાનો) ભાવાર્થ. જીવ-અજીવ અધિકાર છે ને ? અહીંયા જીવ કોને કહીએ એની વાત છે. જીવ તો અનંત અનંત ગુણથી અભેદ છે તે જીવ છે. એમાં જેટલા રંગ, રાગ અને ભેદ ત્રણે લઈ લીધા છે, ભાઈએ–'હુકમચંદજી'એ ત્રણે લીધા છે. રંગ, રાગથી ભિન્ન, ભેદથી ભિન્ન એ એમાંથી કાઢ્યું છે. રંગમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર, વાણી, મન, કર્મ બધું આવી ગયું અને રાગમાં શુભ-અશુભરાગ, અધ્યવસાય વગેરે આવ્યા અને ભેદમાં નિમિત્તના લક્ષે અંદર ભેદ પડે છે. લબ્ધિસ્થાન કીધા ને ! એ ભેદથી પણ નિરાળી ચીજ છે. આહા..હા...! જીવ એને કહીએ કે જે ભેદથી ભિન્ન, રાગથી ભિન્ન, રંગથી ભિન્ન (છે). આહા.હા..!

**ભાવાર્થ :– 'જો એમ માનવામાં આવે કે સંસાર-અવસ્થામાં જીવનો વર્ણાદિક સાથે તાદાત્મ્યસંબંધ છે...'** એમ કોઈ કહે **'તો જીવ મૂર્તિક થયો;...'** આહા..હા..! એમ રંગ ને રાગ ને ભેદ બધું મૂર્ત છે એમ અહીં તો કહે છે. પુદ્‌ગલ કહેવા છે ને ? આહા..હા..! **'જીવ તો મૂર્તિક થયો; અને મૂર્તિકપણું તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે;...'** જો આત્માને રંગવાળો, રાગવાળો, ભેદવાળો માનો તો એ લક્ષણ તો પુદ્‌ગલનું છે, તો જીવ મૂર્તિક લક્ષણવાળો થયો, તો આત્મા મૂર્તિક થઈ જાય છે. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત કરી છે.

ભેદ પણ મૂર્ત સ્વરૂપ છે. રાગ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પ એ તો પુદ્‌ગલ છે, મૂર્તિક છે, રૂપી છે, અજીવ છે. આહા..હા...! તેનાથી જીવ તો ભિન્ન છે. એને જો મૂર્તિક કહો તો મૂર્તિક તો પુદ્‌ગલદ્રવ્યનું લક્ષણ છે **'માટે પુદ્‌ગલદ્રવ્ય તે જ જીવદ્રવ્ય ઠર્યું,...'** આહા..હા..! **'તે સિવાય કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય ન રહ્યું.'** મૂર્તિકથી ભિન્ન કોઈ અરૂપી અભેદ ચૈતન્ય તત્ત્વ રહ્યું નહિ. આહા..હા...! અહીં તો હજી રાગના વિકલ્પો દયા - દાનને પોતાના માને. આહા..હા..!

અહીંયા તો કાલે ત્યાં સુધી સૂક્ષ્મ આવ્યું, બેનની વાણીમાં નહિ ? જ્ઞેયનિમગ્ન. આહા..હા...! ભાષા જુઓ એમની ! શાસ્ત્રજ્ઞાન એ પરજ્ઞેય છે, એ કંઈ વસ્તુ સ્વજ્ઞેય નથી. આહા..હા..! તેને પણ અહીંયા તો મૂર્તિ કહીને પુદ્‌ગલ કહ્યું. ***આહા..હા...! ભગવાનઆત્મા***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***તો અખંડ અભેદ, જેમાં ગુણભેદ પણ નથી, પર્યાયભેદ પણ નથી, રાગ ને રંગની તો વાત જ શું કરવી ? એવા જીવને અમૂર્ત પ્રભુ આત્માને ભેદ અને રંગ, રાગવાળો માનવો એ તો મૂર્તિકનું સ્વરૂપ છે, એ તો પુદ્ગલનું (સ્વરૂપ છે) તો આત્મા પુદ્ગલ થઈ ગયો. આહા..હા..! ભારે સૂક્ષ્મ.***

એક બાજુ એમ કહેવું કે રાગ-દ્વેષ આદિ પર્યાય છે તે જીવમાં છે, નિશ્ચયથી જીવમાં છે એમ કહ્યું. 'પ્રવચનસાર'. એ પર્યાયને સિદ્ધ કરવી છે. જ્ઞેય આત્માની પર્યાયમાં એ વાત છે, એ સિદ્ધ કરવું છે. અહીંયા તો ત્રિકાળી સ્વભાવ સિદ્ધ કરવો છે. સમજાય છે કાંઈ ? દૃષ્ટિનો વિષય જે અભેદ ચૈતન્ય છે એ અહીંયા સિદ્ધ કરવો છે. આહા..હા..! તેથી મૂર્તિક પુદ્ગલનું લક્ષણ છે તે જો જીવમાં આવી જાય તો જીવ તો ચૈતન્યદ્રવ્ય રહ્યો નહિ. આહા..હા..!

'**વળી મોક્ષ થતાં પણ તે પુદ્ગલોનો જ મોક્ષ થયો;...**' ભેદ અને રાગ, રંગ જો આત્માના હોય તો એ તો મૂર્તિક થયા, તે મોક્ષમાં પણ રહેશે. આહા..હા..! આવી વાત. '**અન્ય કોઈ ચૈતન્યરૂપ જીવ ન રહ્યો. આ રીતે, સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી જીવનો જ અભાવ થયો.**' આહા..હા..! રાગ, ભેદ અને રંગ, સંઘયણ આદિ જો આત્માના છે એમ માનો તો આત્માનો અભાવ થઈ જશે. આહા...! આત્મા તો અભેદ ચૈતન્યમૂર્તિ ભગવાન છે. આહા..! તેનો અભાવ થઈ જશે. આહા..હા...! કેવી વાત કરી, જુઓને !

હવે અત્યારે તો એમ કહે કે વ્યવહારનયના જે રાગાદિ છે તેનું આચરણ કરવાથી અનુગ્રહ–આત્માને લાભ થાય છે. આહા..હા..! બહુ ફેર. ગૌતમસ્વામીએ પણ વ્યવહાર કર્યો, એમ કહે છે. પણ એ તો ભેદથી સમજાવ્યું છે. એટલે કંઈ તેના આશ્રયથી લાભ થાય અને ધર્મ થાય એમ કહ્યું છે ? વ્યવહારથી સમજાવવું છે, બીજું કરે શું ? ભેદથી સમજાવ્યું છે. 'જયધવલ' માં. એ તો ખબર નહિ, ત્યાં ચિહ્ન તો પહેલેથી કર્યું છે. તે દિ' વાંચ્યું હતું તે દિ' નું કર્યું છે. આ..હા..! ભેદથી સમજાવ્યા વિના શિષ્યને સમજાતું નથી એ અપેક્ષાથી સમજાવ્યું છે. આહા..હા..! પણ એ ભેદ છે એ આશ્રય કરવા લાયક છે અને આત્માની ચીજ છે એમ નથી. આહા..હા...! ભેદને અહીંયા પુદ્ગલમાં નાખી દીધા. ગજબ વાત છે. આહા..હા..! આત્મામાં રહેતા નથી. એકલી અભેદ વસ્તુ રહે છે. આહા..હા...! લોકો કંઈક કંઈક ગડબડમાં અટકી ગયા. કોઈ કંઈક, કોઈ કંઈક, કોઈ કંઈક. આહા..હા...!

ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પ્રભુ ! એમાં તો રંગ નથી, રાગ નથી અને ભેદ નથી. તેને અહીંયા આત્મા કહે છે. એ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. આહા...હા..! '**આ રીતે સંસાર તેમ જ મોક્ષમાં પુદ્ગલથી ભિન્ન એવું કોઈ ચૈતન્યરૂપ જીવદ્રવ્ય નહિ રહેવાથી જીવનો જ અભાવ થયો.**' અભાવ થયો. થઈ જશે એમ નથી કીધું. '**માટે માત્ર સંસાર-અવસ્થામાં જ વર્ણાદિભાવો જીવના છે એમ માનવાથી પણ જીવનો અભાવ જ થાય છે.**' લ્યો ! આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઝીણી વાત બહુ, ભાઈ ! આહા..હા..! આવો ચૈતન્ય સ્વભાવને પકડવાથી તો ઉપયોગ બહુ સૂક્ષ્મ થાય છે. આહા..હા..! સ્થૂળ ઉપયોગથી એ જણાતો નથી. બહુ સૂક્ષ્મ. આહા..હા..! સૂક્ષ્મ તો ઠીક છે પણ મતિજ્ઞાનનો ઉપયોગ બહાર પરમાં જાય છે એ પણ નહિ. અહીં તો જે ઉપયોગ પોતાને પકડે એ સૂક્ષ્મ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આહા..હા..!

રંગ, રાગ અને ભેદ વિનાની ચીજ પ્રભુ.. આહા..હા..! તેને પકડવા માટે ઉપયોગ ઘણો સૂક્ષ્મ જોઈએ. આહા..હા..! એ વિના આત્મા પકડાતો નથી. સમ્યગ્દર્શન ત્યારે થાય છે, જ્યારે સૂક્ષ્મ ઉપયોગ અંદર જાય છે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! એવી વાત છે, ભાઈ ! દેહની ક્રિયા, વાણીની ક્રિયા આ તો જડ છે. એ જડની ક્રિયા આત્મા કરે છે એમ માને તો આત્મા જડ થઈ ગયો. આહા..હા..! અને રાગ પણ જડ અને અજીવ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, જાત્રાનો ભાવ રાગ છે, એ તો અજીવ છે. એ અજીવ આત્માના થઈ જાય તો આત્મા અજીવ થઈ જાય. આહા..હા..! સમજાય છે કાંઈ ? એમ ભેદ. જ્ઞાનની પર્યાયમાં ભેદ, દર્શનની પર્યાયમાં ભેદ, ચારિત્રની પર્યાયમાં ભેદ.. આહા..હા...! એ ભેદ પણ પોતાનું સ્વરૂપ નથી. આહા..હા..! જો એ સ્વરૂપ હોય તો ભેદ તો કાયમ આત્મામાં રહેશે. સિદ્ધમાં તો છે નહિ. જો સંસાર-અવસ્થામાં છે એમ કહો તો સંસાર-અવસ્થામાં ભેદ આદિ છે, તો એ તો પુદ્ગલદ્રવ્ય છે, એમ કહ્યું. આહા..હા..! એ ભેદ–પુદ્ગલ આત્માના છે (એમ કહો તો) પુદ્ગલ મોક્ષમાં પણ રહેશે. આહા..હા...! આવી વાતું છે. ઝીણી વાત બહુ, ભાઈ !

**શ્રોતા :–** સમજાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો સાધારણ ભાષા તો બહુ સાદી છે. એ ત્રણ શબ્દ ભાઈએ કાઢ્યા એ આમાંથી કાઢ્યા છે. રંગ, રાગથી ભિન્ન. ભાઈ 'હુકમચંદજી' એનો ક્ષયોપશમ ઘણો છે છતાં માણસ નિર્માન છે, ઘમંડ નથી. આહા..હા..!

આત્મા છે તેને જાણવો એ સમ્યગ્દર્શન છે. એ આત્મા કેવો છે ? આહા..હા..! હજી તો પ્રથમ સમ્યગ્દર્શનની વાત છે. ધર્મ તો ચારિત્ર તો ક્યાંય રહી ગયું. અહીં તો પ્રથમ સમ્યગ્દર્શન થાય છે તો ક્યા પ્રકારે થાય છે ? એ સમ્યગ્દર્શનનો વિષય અભેદ ચૈતન્યમાં ભેદ નહિ, રાગ નહિ, રંગ નહિ. આ..હા..! રંગરહિત, રાગરહિત, ભેદરહિત ! આહા..હા..! રંગસહિત, રાગસહિત, ભેદસહિત એ તો પુદ્ગલ છે. આહા..હા..! અરે..! એણે ઘણું ધીરું થવું પડશે, ભાઈ !

શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ ખરેખર તો રૂપી છે. એ પુદ્ગલ છે એમ અહીં તો કહ્યું. એ..ઇ..! આહા..હા...! જો પોતાનું જ્ઞાન હોય તો તો સાથે આનંદ આવવો જોઈએ. આ તો પુદ્ગલ છે, દુઃખ છે. આહા..હા...! શાસ્ત્રનું જ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચ મહાવ્રતના (વિકલ્પ), છ કાયની દયા લીધી પણ એનો અર્થ પંચ મહાવ્રતના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવ બધું પુદ્ગલ છે. આહા..હા...! એ જો આત્મા થઈ જાય તો આત્મા પુદ્ગલ થઈ જાય. આહા..હા...! બહુ ગજબ વાત કરી છે. યથાર્થ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા..હા...!

**શ્રોતા :–** શાસ્ત્રમાં તો એમ આવે છે કે ૧૬ ભગવાન કંચનવર્ણ અને એક ભગવાન શ્યામવર્ણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વસ્તુ જ નથી, કીધું ને. એ તો શરીરના વખાણ છે. ત્યાં લીધું નહિ ? એ આત્માના નથી. રાજાની ઋદ્ધિના વખાણ થાય એ રાજાના વખાણ નથી. આહા..હા..! સ્તુતિમાં તો એ આવ્યું છે. આહા..હા..! સ્તુતિ, સ્તુતિ આવી ને ? આહા..! આ જડ ઇન્દ્રિય, ભાવેન્દ્રિય અને ભગવાનની વાણી ને ભગવાન એ બધા ઇન્દ્રિયમાં નાખ્યા છે. આહા..હા...! અને વાણીથી પોતાની પર્યાયમાં જે જ્ઞાન થયું તે પણ ઇન્દ્રિય છે. આહા..હા..! ગજબ વાત છે. તેને પણ અહીંયા તો પુદ્ગલ કહી દીધું છે. ભાઈ ! આહા..હા...! એમ માનવાથી તો જીવનો અભાવ થઈ જાય છે. આહા..હા..!

શાસ્ત્રનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન છે એમ માનવાથી જીવનો અભાવ થઈ જાય છે. આહા..હા...! દયા, દાન, વ્રતના ભાવ એ જીવના ભાવ છે એમ માનવાથી તો જીવનો અભાવ થઈ જાય છે. આહા..હા..! માર્ગણામાં લીધું ને ? જ્ઞાનમાર્ગણા, દર્શનમાર્ગણા, સંયમમાર્ગણા.. આહા..હા..! એ માર્ગણાની પર્યાયને શોધવી એ પર્યાયમાં છે, એ માર્ગણા પુદ્ગલના પરિણામ છે એમ કહ્યું છે. આહા..હા...! જ્ઞાનના પાંચ ભેદ, ત્રણ અજ્ઞાનના એ ભેદ ઉપર લક્ષ જશે તો રાગ થશે. તેથી એને પુદ્ગલ કહ્યું છે. એમ દર્શન–સમ્યગ્દર્શન, ક્ષાયિક દર્શન, ઉપશમ દર્શન એવા ભેદ પુદ્ગલના પરિણામ (કહ્યા). આહા..હા...! ત્રણમાં તો ઘણું સમાડી દીધું છે. રંગ, રાગ અને ભેદ. આહા..હા..! સંતોની ગંભીર ભાષા ઘણી ગૂઢ, ગૂઢ. યથાર્થ.

**'આ રીતે એ સિદ્ધ થયું કે...'** રંગ, રાગ અને ભેદ જીવ નથી. **'એમ હવે કહે છે :'** ૬૫-૬૬ ગાથા.

**एक्कं च दोण्णि तिण्णि य चत्तारि यपंच इंदिया जीवा।**
**बादरपज्जत्तिदरा पयडीओ णआमकम्मस्स।।६५।।**
**एदाहि य णिव्वत्ता जीवट्ठाणा उ करणभूदाहिं।**
**पयडीहिं पोग्गलमइहिं ताहिं कहं भण्णदे जीवो।।६६।।**

અહીં જીવસ્થાન લેવા છે. જીવસ્થાન પણ પુદ્ગલ છે. આ..હા..! જીવસ્થાન પણ પુદ્ગલ છે. જીવસ્થાન ! આહા..હા..! માર્ગણાસ્થાન પુદ્ગલ છે, જીવસ્થાન પુદ્ગલ છે, ગુણસ્થાન પુદ્ગલ છે. આહા..હા...! અહીં તો દાખલો આ જીવનો આપ્યો.

**જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને**
**પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.**
**પ્રકૃતિ આ પુદ્ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે ? ૬૬.**

**ટીકા :– 'નિશ્ચયનયે કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી,...'** આહા..હા..! કાર્ય અને કારણની અભિન્નતા હોવાથી. કરણ નામ સાધન અને કર્મ નામ કાર્ય. **'કર્મ અને કરણનું અભિન્નપણું હોવાથી, જે જેના વડે કરાય છે (–થાય છે) તે તે જ છે–એમ સમજીને (નિશ્ચય કરીને), જેમ સુવર્ણનું પાનું સુવર્ણ વડે કરાતું (–થતું) હોવાથી...'** સોનાનું પાંદડું–પાનું સોનાથી કરાય છે. **'સુવર્ણનું પાનું સુવર્ણ વડે...'** સુવર્ણનું પાનું, હોં ! સુવર્ણપત્ર. **'સુવર્ણ વડે કરાતું (–થતું) હોવાથી સુવર્ણ જ છે.'** સુવર્ણથી પાનું થયું તો એ સુવર્ણ જ છે. આહા..હા..! **'બીજું કાંઈ નથી, તેમ જીવસ્થાનો બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય, ચતુરિંદ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત અને અપર્યાપ્ત નામની પુદ્ગલમયી નામકર્મની...'** પુદ્ગલમયી નામકર્મની, હોં ! પુદ્ગલની એમ નહિ. આહા..હા...! **'પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિઓ વડે કરાતાં (–થતાં) હોવથી પુદ્ગલ જ છે,...'** ચૌદ ભેદ પુદ્ગલ જ છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય, ચતુરઇન્દ્રિય, પંચેન્દ્રિય, સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાયપ્ત એ ચૌદ પુદ્ગલ છે. આહા..હા..! આ પર્યાપ્ત જીવ ને આ અપર્યાપ્ત જીવ. આહા..હા...! **'જીવ નથી.'**

પુદ્ગલમયી નામકર્મની પ્રકૃતિ કરણ થઈને એ કર્મ નામ કાર્ય થયું તેથી તે પુદ્ગલ જ છે. શું કહ્યું સમજાણું ? નામકર્મ કરણ–સાધન છે. તેના આ ચૌદ ભેદ કાર્ય છે. કરણથી કાર્ય થયું તો એ પુદ્ગલથી થયું. નામકર્મ પુદ્ગલ છે તેથી પુદ્ગલના ભેદ થયા. આહા..હા...! ન્યાંથી ઉપાડ્યું. જીવસ્થાન, એમ. જીવ જીવસ્થાન નહિ. આહા..હા..! જીવ ભગવાનઆત્મા એ જીવસ્થાનમાં નથી. આહા..હા..! જીવના પ્રકાર—ભેદમાં જીવ નથી. તેથી આ દૃષ્ટાંત આપ્યું કે નામકર્મ કરણ છે તે કરણ થઈને, સાધન થઈને પર્યાપ્ત, અપર્યાપ્તનું કાર્ય થાય છે. એ તો પુદ્ગલ છે, નામકર્મ પુદ્ગલ છે તો એનું કાર્ય પણ પુદ્ગલ છે. આહા..હા...! **'જીવ નથી.'**

**'નામકર્મની પ્રકૃતિઓનું પુદ્ગલમયપણું તો આગમથી પ્રસિદ્ધ છે...'** પુદ્ગલમયપણું, પુદ્ગલમય. આહા..હા...! **'આગમથી પ્રસિદ્ધ છે...'** નામકર્મ પુદ્ગલ જડ છે ને? આગમથી પ્રસિદ્ધ છે કે એ પુદ્ગલ છે. **'અનુમાનથી પણ જાણી શકાય છે...'** કેમ ? **'કારણ કે પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે...'** મૂર્તિક છે. **'તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય...'** છે, જડના કાર્ય છે. આહા..હા...! બાદરપણું, સૂક્ષ્મપણું, એકેન્દ્રિયપણું, બેઇન્દ્રિયપણું, પંચેન્દ્રિયપણું, પર્યાપ્ત અને અપર્યાપ્ત એ તો પ્રત્યક્ષ પુદ્ગલ છે તો એ પુદ્ગલના કાર્ય છે. આહા..હા...! **'પ્રત્યક્ષ દેખવામાં આવતા શરીર આદિ જે મૂર્તિક ભાવો છે તે કર્મપ્રકૃતિઓનાં કાર્ય હોવાથી કર્મપ્રકૃતિઓ પુદ્ગલમય છે...'** પુદ્ગલમય છે. પુદ્ગલ છે એમ ત્રણવાર લીધું. આહા..હા..! પુદ્ગમય, પુદ્ગલમયતા, પુદ્ગલ એમ ત્રણ વાર આવ્યું. **'એમ અનુમાન થઈ શકે છે.'** અનુમાન પણ થઈ શકે છે અને પ્રકૃતિ જડ છે તો એનું કાર્ય છે એમ પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


સિદ્ધ થાય છે.

**'એવી રીતે ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન અને સંહનન–તેઓ પણ પુદ્‌ગલમય નામકર્મની પ્રકૃતિઓ વડે રચાયાં (–બન્યા) હોવાથી પુદ્‌ગલથી અભિન્ન છે;...'** એ પુદ્‌ગલમય છે. **'તેથી, માત્ર જીવસ્થાનોને પુદ્‌ગલમય કહેતાં, આ બધાં પણ પુદ્‌ગલમય કહ્યાં સમજવાં. માટે વર્ણાદિક જીવ નથી એમ નિશ્ચયનયનો સિદ્ધાંત છે.'** લ્યો, આ તો નિશ્ચયનયનો સિદ્ધાંત છે. પેલા કહે, નિશ્ચયનય સિદ્ધને હોય. આહા..હા...! બહુ ફેર આ તો ! વસ્તુસ્થિતિ એવી છે ત્યાં... આહા..હા...! એના પાછા બધા લોકોએ વખાણ કર્યા. વ્યવહાર સાધકને હોય, નિશ્ચય હોય જ નહિ, નિશ્ચય તો સિદ્ધને હોય. અહીં તો કહે છે, નિશ્ચયનયથી આ હોય નહિ. આહા..હા..! સમ્યગ્દર્શનપણું તો નિશ્ચયના આશ્રયે, સ્વભાવના આશ્રયે થાય છે એ નિશ્ચય છે. શુદ્ધનય આવ્યું નહિ અગિયારમી ગાથામાં ? શુદ્ધનયને આશ્રયે, નિશ્ચયનયને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. શુદ્ધનય લીધું છે. શુદ્ધ કહો કે નિશ્ચય કહો, પરમનિશ્ચય. આહા..હા...!

અહીંયા સમ્યગ્દર્શન થાય છે તે જ શુદ્ધનય નામ પરમ આત્મસ્વભાવના આશ્રયે થાય છે એ શુદ્ધનયનો વિષય છે. આહા..! અગિયારમીમાં કહ્યું નહિ ? **'भूदत्थो देसिदो सुद्धणओ'** ભૂતાર્થ છે તે શુદ્ધનય છે. **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ'** જે ભૂતાર્થ છે એ જ શુદ્ધનય છે, ત્રિકાળી વસ્તુ છે એ શુદ્ધનય છે, એમ કહ્યું. આહા..હા...! પછી કહ્યું કે શુદ્ધનયનો આશ્રય. **'भूदत्थमस्सिदो खलु'** ત્રીજું પદ. પણ પહેલા તો કહ્યું કે જે ત્રિકાળી વસ્તુ છે એ જ નિશ્ચયનય છે અને એ જ શુદ્ધનય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ઝીણો વિષય બહુ, આહા..હા..! ગજબ કર્યો છે. સાદી ભાષામાં કેટલી ગંભીરતા ! આવ્યું ને ઇ ? હવે શ્લોક કહે છે, નહિ ? ૩૮.

**निर्वर्त्यते येन यदत्र किञ्चित्**
**तदेव तत्स्यान्न कथञ्चनान्यत्।**
**रुक्मेण निर्वृत्तमिहासिकोशं**
**पश्यन्ति रुक्मं न कथञ्चनासिम्।।३८।।**

**'જે વસ્તુથી જે ભાવ બને...'** જે વસ્તુથી જે ભાવ બને... વસ્તુથી **'તે ભાવ તે વસ્તુ જ છે...'** આહા..હા...! **'કોઈ રીતે અન્ય વસ્તુ નથી;...'** કોઈપણ પ્રકારે અન્ય વસ્તુ નથી એમ કહે છે. **'જેમ જગતમાં સોનાથી બનેલા મ્યાનને...'** સોનાથી મ્યાન (બન્યું) તેને **'લોકો સોનું જ દેખે છે,...'** આહા..હા...! સોનાના મ્યાનને સોના તરીકે દેખે છે. એમાં તરવાર રહી છે અને તરવાર સોનામાં જોતા નથી. તરવાર ભિન્ન છે અને સોનાનું મ્યાન ભિન્ન છે. આહા..હા...! તેમ રંગ, રાગ અને ભેદ પુદ્‌ગલથી થયા છે. આહા..હા...! તેનાથી ભગવાન તો ભિન્ન છે, એમ કહે છે. એ તરવાર જેમ સોનાના મ્યાનમાં ભિન્ન છે.. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સોનાનું મ્યાન સોના તરીકે જ લોકો જોવે છે, તરવાર દેખતા નથી. એમ ભેદ, રંગ ને રાગ એ પુદ્ગલના કર્મના થયા છે તો તેને પુદ્ગલ જોવે છે. આહા..હા...! ભેદ, રંગ અને રાગથી ભિન્ન અભેદને લોકો જોતા નથી. અભેદ તરવાર જેમ ભિન્ન છે એમ આ અભેદ ભિન્ન છે. આહા..હા...! વાણિયાને સંસાર આડે આવો નિર્ણય કરવાનો વખત મળે નહિ. અત્યારે તો વાણિયાને આ ધર્મ મળ્યો છે ને. આહા..હા..! શું કહ્યું ?

સોનાનું મ્યાન છે તો લોકો સોનાને જોવે છે, તરવારને જોતા નથી. સોનાની તરવાર છે એમ કહે છે. સોનાની તરવાર, સોનાની તરવાર છે ? આહા..હા...! એમ ભગવાનઆત્માને ભેદ, રંગ અને રાગ, જેમ સોનાનું મ્યાન છે તેમ એ પુદ્ગલના છે, પુદ્ગલથી થયા છે તો તે પુદ્ગલના છે. એ આત્મા છે એમ જોતા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ ભારે, ભાઈ ! એક એક ગાથા.. આહા..હા...!

સોનાની તરવારને લોકો સોનું જોવે છે, તરવાર નથી જોતા. એમ આત્મામાં જે રાગ, રંગ અને ભેદ દેખાય છે તે પુદ્ગલ છે. એ પુદ્ગલથી તરવાર જેમ મ્યાનથી ભિન્ન રહે છે એમ આત્મા ભિન્ન છે. આહા..હા...! કહો, 'દેવીલાલજી' ! આ..હા..હા..! આવી વાત ક્યાં છે ? આ પરમસત્ય. આ ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે ને ! આહા..! ભેદ, રાગ, રંગ, જેમ સોનાની મ્યાન છે તેને સોનાનું મ્યાન જોવે છે, એ સોનાની તરવાર છે એમ જોતા નથી. એમ ભેદ, રંગ અને રાગ પુદ્ગલના છે. એ પુદ્ગલના છે એમ જોવે છે. એનાથી ભિન્ન ભગવાનઆત્મા છે એમાં નથી જોતા. એ આત્માના ભેદ, રંગ, રાગ છે એમ જોતા નથી. આહા..હા...! આવી ઝીણી વાતું. આહા..હા...! અરે..! કેટલી યોગ્યતા અંદર જોઈએ !

કહે છે, સોનાના મ્યાનને કોઈ સોનાની તરવાર કહે છે એ તો વ્યવહાર, ઉપચારથી કહે છે, એ વસ્તુ નથી. આહા..હા...! એમ ભગવાનઆત્મામાં શરીર, વાણી, મન, રંગ, રાગ, દ્વેષ, પુણ્ય-પાપના ભાવ અને ભેદ પુદ્ગલથી બનેલા છે. આહા..હા...! તો પુદ્ગલના છે એમ જોવે છે, જીવના છે એમ નથી જોતા. આવી વાતું હવે ક્યાં પોગવું ? શાસ્ત્રમાં ભાષા એવી આવે એકેન્દ્રિય જીવ, બેઇન્દ્રિય જીવ, પર્યાપ્ત જીવ, અપર્યાપ્ત જીવ, જુઓ ! એ જીવ નથી. છ કાયના જે છે એ જીવ નહિ, જીવ તો જ્ઞાનસ્વરૂપ છે. છે ને અંદર ? આહા..હા...! હજી તો અહીં નવ તત્ત્વમાં જીવતત્ત્વ કેવું છે એની વાત ચાલે છે. આહા..હા...! એ જીવતત્ત્વને ભેદ, રંગ અને રાગથી જાણો તો એ તો પુદ્ગલ છે એમ કહે છે. ભગવાન તો તેનાથી નિરાળો–ભિન્ન છે. આહા..હા...!

**ભાવાર્થ :– 'વર્ણાદિક પુદ્ગલથી બને છે...'** ભેદ, રંગ અને રાગ પુદ્ગલથી બને છે **'તેથી પુદ્ગલ જ છે, જીવ નથી.'** આહા..હા...! બીજો કળશ. આમાં તો ગુણસ્થાનને ભેગા નાખ્યા છે. કીધું, આવ્યું છે તો ત્રણેમાં.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



वर्णादिसामग्र्यमिदं विदन्तु
निर्माणमेकस्य हि पुद्गलस्य।
ततोऽस्त्विदं पुद्गल एव नात्मां
यतः स विज्ञानघनस्ततोऽन्यः।।३९।।

**શ્લોકાર્થ :–** **'અહો જ્ઞાની જનો !'** આહા..હા..! **'આ વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...'** ૨૯ બોલ આવ્યા ને અંદર ? બધા આવી ગયા. ગુણસ્થાન છેલ્લે છે, પહેલો વર્ણ છે. પહેલો વર્ણ–રંગ છે, છેલ્લે ગુણસ્થાન છે. ૨૯ બોલ આવી ગયા. શુભરાગ આવ્યો, સંયમ, લબ્ધિના ભેદ આવ્યા. આહા..હા..! હે જ્ઞાની જનો ! એ રંગ, રાગ, ભેદ અને ગુણસ્થાન પર્યંત (ભાવે - છે તે) **'બધાય એક પુદ્ગલની રચના જાણો;...'** આહા..હા...! એ માર્ગણાસ્થાન, જીવસ્થાન, ગુણસ્થાન.. આહા..હા...! પુદ્ગલની રચના જાણો. આહા..હા...! ભગવાન એમાં આવ્યો નહિ. ચૈતન્ય ભગવાન ભેદમાં આવ્યો નહિ, રંગમાં આવ્યો નહિ, રાગમાં આવ્યો નહિ. આહા..હા...!

**શ્રોતા :–** શ્રદ્ધા અને જ્ઞાનમાં પૂર્વ-પશ્ચિમ જેટલો ફેર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફેર છે ને. પર્યાય છે એ તો સ્વની અપેક્ષાએ ... કહ્યું, બાકી ત્રિકાળની અપેક્ષાએ ભેદ છે. વાસ્તવિક અભેદ સ્વભાવની અપેક્ષાએ તો એ પુદ્ગલ છે. આહા..હા...! એક બાજુ તો એમ પણ કહે કે એમાં ભેદ છે તે જીવના છે, ભેદ સ્વરૂપ જ છે. જ્ઞાનના પાંચ ભેદ આવે છે. એ જ્ઞાન કરાવવું છે. અભેદની દૃષ્ટિ થઈ તેને જ્ઞાન કરાવવું છે. આહા..હા...!

અહીં તો હજી પહેલી અભેદ દૃષ્ટિ કરાવવી છે. ***આહા..હા..! ભગવાનઆત્મા એક સમયમાં રંગ, રાગ અને ભેદથી નિરાળો છે. તેને અહીંયા આત્મા કહેવામાં આવે છે.*** ત્યાં એ શબ્દ પડ્યો છે. જ્ઞાનાનંદ સ્વભાવી હું છું, એમાં. નિરાળો છું, પછી અખંડ પૂર્ણ એક છું, એમ છે. ભાઈએ સારું કર્યું છે. 'હુકમચંદજી' એ આની શૈલી લીધી છે. રંગ, ગંધથી માંડીને ગુણસ્થાન પર્યંત એટલે આ ૨૯ બોલ. ૫૦ થી ૫૫ ગાથા. **'તે બધાયને...'** **'एकस्य पुद्गलस्य हि निर्माणम्'** જુઓ ! **'એક પુદ્ગલની રચના...'** એક પુદ્ગલની રચના, આત્માની કાંઈ રચના નહિ. કેટલું ચોખ્ખું કરી નાખ્યું છે ! એ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, રાગ, દ્વેષ, પુણ્ય-પાપના ભાવ એ એક પુદ્ગલની રચના જાણો. આહા..હા...! આવી વાત છે. જ્ઞાયક અભેદ. આહા..હા...!

**'एकस्य पुद्गलस्य हि'** છે ? શબ્દ તો એ છે, **'એક પુદ્ગલની રચના જાણો;...'** પણ પાઠમાં તો **'एकस्य पुद्गलस्य हि'** આમ જોર છે. એક પુદ્ગલની રચના, એટલું આવ્યું. આમાં એક પુદ્ગલની જ રચના જાણો. નિશ્ચય. આહા..હા..! આ પુદ્ગલની જ. એકાંત. કથંચિત્ પુદ્ગલના, કથંચિત્ જીવના (એમ નથી કહ્યું). આહા..! શું શૈલી ! **'एकस्य पुद्गलस्य'** પાછું એમ. **'एकस्य पुद्गलस्य हि निर्माणम्'** રચના. આહા..હા..! ગુણસ્થાન, માર્ગણાસ્થાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક જ, પુદ્‌ગલ જ, એની રચના છે. આહા..હા..! કળશ આમ સાધારણ લાગે પણ કેટલું અંદર ભર્યું છે ! ઓ..હો..હો..!

**શ્રોતા :–** એમાં સ્યાદ્‌વાદનો લોપ ના થઈ ગયો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્યાદ્‌વાદ કહ્યું ને ! નિશ્ચયથી આ છે અને પર્યાયમાં છે એથી વ્યવહાર કહ્યો. એ સ્યાદ્‌વાદ. પણ આ નિશ્ચય જેને થયો એને પર્યાયનું સાચું જ્ઞાન હોય છે. આહા..હા..! અનેકાંત પણ સમ્યક્ એકાંત સિવાય (અન્ય હેતુએ ઉપકારી નથી). આહા..હા..! અભેદ સમ્યક્ એકાંત જે છે એ સમ્યક્ એકાંત છે. તેનું જ્ઞાન થવાથી પર્યાય અને રાગાદિ છે એનું જ્ઞાન થાય છે, અનેકાંત તરીકે. સમ્યક્ એકાંતનું જ્ઞાન થયું તો એમાં અનેકાંતનું જ્ઞાન થઈ જાય છે. આહા..હા..! પણ પહેલા સમ્યક્ એકાંતનું જ્ઞાન નથી તેને તો આ રાગ મારી પર્યાય છે તેનું જ્ઞાન નથી. વ્યવહાર જ્ઞાન તેને ક્યાંથી આવ્યું ?

**'તે બધાય...'** રંગથી માંડી ગંધ, રસ, સ્પર્શ, અધ્યવસાય.. આહા..હા...! સંઘયણ, સંસ્થાન, સંક્લેશ પરિણામ, અસંક્લેશ પરિણામ, શુભ પરિણામ... આહા..હા...! એ બધા જીવના નિવૃત્તિસ્થાન, લબ્ધિ આદિ એક જ પુદ્‌ગલની રચના જાણો. આહા..હા..! આ નિશ્ચયનયનો સિદ્ધાંત છે. પરમશુદ્ધનય. આહા..! **'એક પુદ્‌ગલની રચના જાણો; માટે આ ભાવો...' 'पुद्गलः एव अस्तु' 'પુદ્‌ગલ જ હો,...' 'पुद्गलः एव अस्तु' 'પુદ્‌ગલ જ હો,...'** સમજાય છે કાંઈ ? કેટલું સ્પષ્ટ ! 'અમૃતચંદ્રાચાર્યે' ટીકા કરી અને ટીકા ઉપર કળશ ચડાવ્યા ! આ..હા..!

'નિયમસાર' માં ક્ષાયિકભાવ, ક્ષયોપશમભાવને પણ પરદ્રવ્ય કહી દીધા છે. આહા..હા...! ત્રિકાળ જ્ઞાયકભાવમાં એ નથી એ અપેક્ષાથી (પરદ્રવ્ય કહ્યા). જીવમાં નથી, ક્ષાયિકભાવ જીવમાં નથી, ત્યાં ગુણસ્થાન, માર્ગણાસ્થાનની વાત ક્યાં ? અને ત્યાં પરદ્રવ્ય કહ્યું છે, એમ મારે કહેવું છે. ગુણસ્થાન જીવમાં નથી, એ તો ઠીક, પણ ક્ષાયિકભાવને, ક્ષયોપશમને, ઉપશમને પરદ્રવ્ય કહ્યા. આહા..હા...! સ્વદ્રવ્ય ભગવાન અખંડાનંદ અભેદ... આહા..હા...!

**શ્રોતા :–** કુંદકુંદાચાર્યે, અમૃતચંદ્રાચાર્યે અને પદ્મપ્રભમલધારીદેવે પણ એ જ કહ્યું છે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાએ એક જ કર્યું છે ને. 'પદ્મનંદી' એ પણ એ કહ્યું છે. **'जो परस्सदि अप्पाणं'** ન્યાં નાખ્યું છે. દિગંબર આચાર્યો ગમે તે હો એમણે તો એક જ સિદ્ધાંત સિદ્ધ કર્યો જ એ બધાએ કર્યો છે. ક્યાંક વ્યવહારથી ભલે વાત કરી હોય પણ વ્યવહાર જાણવા માટે કહ્યો છે, આશ્રય કરવા માટે નહિ. આહા..હા..! ન્યાં 'પદ્મનંદી' માં તો વ્યવહારને પૂજ્ય કહ્યો છે, વ્યવહારથી પૂજ્ય છે. કારણ કે દેવ-ગુરુ-શાસ્ત્ર, ભગવાન સાક્ષાત્ છે એ પૂજ્ય વ્યવહારથી ન હોય તો પછી (કાંઈ) રહેતું નથી. ભગવાન ! વ્યવહારથી વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયથી નહિ. આહા..હા...!

આત્મા કોણ છે ? **'પુદ્‌ગલ જ હો, આત્મા ન હો;...'** કેમ ? **'કારણ કે...' 'सः विज्ञानघनः'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન તો વિજ્ઞાનઘન છે. આહા..હા...! જુઓ ! અભેદ લીધો. એકલો વિજ્ઞાનઘન છે. આહા..હા...! જ્ઞાનનો તો પુંજ છે, એકલો પુંજ છે, એકલા જ્ઞાનનો પુંજ છે. આહા..હા...! તેને આત્મા કહે છે. ભેદ પણ નીકળી ગયા ને ? રંગ, રાગ તો નીકળી ગયા પણ ભેદ પણ નીકળી ગયા. **'सः विज्ञानघनः'** **'सः'** એટલે તે, **'આત્મા તો...'** એમ કરીને નાખ્યું છે. **'વિજ્ઞાનઘન છે,...'** **'न आत्मा'** ત્યારે આત્મા કોણ છે ? આ ભેદ, રંગ, રાગ આદિ આત્મા નહિ, તો આત્મા કોણ ? **'सः विज्ञानघनः'** તે તો **'વિજ્ઞાનઘન છે,...'** આહા..હા...! **'न आत्मा'** **'पुद्गलः एव अस्तु न आत्मा'** પેલા ભેદ આદિ. **'सः विज्ञानघनः'**. આહા..હા...! પ્રભુ ! ભગવાનઆત્મા તો વિજ્ઞાનઘન છે ને ! રાગ તો નહિ, રંગ તો નહિ પણ ભેદ પણ નહિ. આહા..હા...! એ તો વિજ્ઞાનઘન છે ને ! તેને અહીંયા આત્મા કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? જે દૃષ્ટિનો વિષય વિજ્ઞાનઘન છે તેને આત્મા કહે છે.

**'તેથી આ વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.'** છે ને ? **'सः विज्ञानघनः'** **'ततः अन्यः'** બીજી બધી ચીજ તેનાથી અન્ય છે. **'વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.'** એમ. ભેદ આદિથી અન્ય જ છે, રાગથી અન્ય જ છે. **'વર્ણાદિક ભાવોથી અન્ય જ છે.'** એ અન્ય જ છે પાછું. આહા..હા..!

**'હવે, આ જ્ઞાનઘન આત્મા સિવાય જે કાંઈ છે તેને જીવ કહેવું તે સર્વ વ્યવહારમાત્ર છે એમ કહે છે :–'** જોયું ? આહા..હા...!

**पज्जत्तापज्जत्ता जे सुहुमा बादरा य जे चेव।**
**देहस्स जीवसण्णा सुत्ते ववहारदो उत्ता।।६७।।**

**પર્યાપ્ત, અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી**
**કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.**

શાસ્ત્રમાં તો આ કહ્યું.

ટીકા :– **'બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય, પર્યાપ્ત, અપર્યાપ્ત–એ દેહની સંજ્ઞાઓને...'** એ તો શરીરના નામ છે, એ આત્માના નહિ. આહા..હા...! **'એ દેહની સંજ્ઞાઓને (નામોને) સૂત્રમાં જીવસંજ્ઞાપણે કહી છે,...'** આહા..હા...! શું કહ્યું ? એ બાદર, સૂક્ષ્મ, એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, પંચેન્દ્રિય જે કહ્યું... આહા..હા...! એ તો શરીરની સંજ્ઞાથી સૂત્રમાં કહ્યું છે. શરીરના નામથી જીવના નામ કહ્યા. શરીરના નામથી જીવના નામ કહ્યા. આહા..હા...! **'તે, પરની પ્રસિદ્ધિને લીધે,...'** શું કારણથી કહ્યું ? - કે એ જ પ્રસિદ્ધ છે. એકેન્દ્રિય ને બેઇન્દ્રિય ને બાદર ને પર્યાપ્ત ને...

**'ઘી ના ઘડાની જેમ વ્યવહાર છે...'** આહા..હા...! જેમ ઘીનો ઘડો પ્રસિદ્ધ છે. આહા..હા...! **'ઘી ના ઘડાની જેમ વ્યવહાર છે–કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે...'** પ્રયોજનાર્થ નથી. આહા..હા..! જાણવો, પણ એમાં પ્રયોજન કાંઈ નથી. આહા..! ઘીનો ઘડો કેમ (કહ્યો) ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘીનો ઘડો પ્રસિદ્ધ છે. ઘીની પ્રસિદ્ધિ નથી. ઘીનો ઘડો (પ્રસિદ્ધ છે). તેમ આહારક શરીરનું નામ જીવના નામથી પ્રસિદ્ધ છે માટે કહ્યું, વસ્તુ એમ નથી. આહા..હા..! હજી તો એક જીવને કેવો કહેવો એ પહેલા તત્ત્વની વાત છે. આહા..હા...!

**'ઘી ના ઘડાની જેમ વ્યવહાર છે–કે જે વ્યવહાર અપ્રયોજનાર્થ છે (અર્થાત્ તેમાં પ્રયોજનભૂત વસ્તુ નથી). તે વાતને સ્પષ્ટ કહે છે :–'** આહા..હા...! આમ કેમ કહ્યું ? જીવની સંજ્ઞામાં શરીરના નામથી કેમ કહ્યું ? પર્યાપ્ત, અપર્યાપ્ત એ શરીરસંજ્ઞા–નામ છે, એ જીવના નામથી કેમ કહ્યું ? કેમકે જગત એમ જ પ્રસિદ્ધપણે જોવે છે. જોવે છે માટે કહ્યું. આહા..હા...! જગત ઘીનો ઘડો જોવે છે, ઘી છે એમ નથી જોઈતું. પાણીનો ઘડો, ઘીનો ઘડો, દૂધનો ઘડો એ અજ્ઞાનીને પ્રસિદ્ધ છે ને એમ કહે છે. એમ બાદર-જીવ, પર્યાપ્ત-જીવ બહારમાં પ્રસિદ્ધ છે, (મૂળ) ચીજ પ્રસિદ્ધ નથી.

**'જેમ કોઈ પુરુષને જન્મથી માંડીને...'** હવે દૃષ્ટાંત આપે છે. **'ઘીનો ઘડો જ પ્રસિદ્ધ હોય...'** જુઓ ! એને તો ઘીનો ઘડો જ ખ્યાલમાં છે. **'કોઈ પુરુષને જન્મથી માંડીને માત્ર ઘીનો ઘડો...'** આહા..હા...! ઘીના ઘડો જ પ્રસિદ્ધ છે. **'તે સિવાયના બીજા ઘડાને તે જાણતો ન હોય,...'** તે બીજા ઘડાને નહિ જાણતો. એ ઘડાને તો જાણતો નથી. ઘીનો ઘડો, ઘીનો ઘડો એમ (જાણે છે). **'તેને સમજાવવા જે આ ઘીનો ઘડો છે તે માટીમય છે,...'** આહા..હા...! શું કહ્યું ? જોયું ? બીજા ઘડાને જાણતો ન હોય. બીજો ઘડો જાણતો નથી. ઘીનો ઘડો, ઘીનો ઘડો. પાણીનો ઘડો, મધનો ઘડો એ કંઈ જાણતો નથી. આ ઘીનો ઘડો, એમ. **'તેને સમજાવવા જે આ ઘીનો ઘડો છે...'** પાછી ભાષા શું છે ? **'ઘીનો ઘડો છે તે માટીમય છે,...'** પ્રસિદ્ધિને કારણે પહેલા એમ કહ્યું. ઘીનો ઘડો એને જન્મથી પ્રસિદ્ધ છે તો એને એ શબ્દથી કહ્યું કે આ ઘીનો ઘડો માટીમય છે. બીજા ઘડાને જાણતો નહોતો. પાણીનો ઘડો (જાણતો નહોતો). આ ઘીનો ઘડો, ઘીનો ઘડો એક જ જોતો હતો. આહા..હા..!

**'આ ઘીનો ઘડો છે તે માટીમય છે,...'** ઘીનો ઘડો છે તે માટીમય છે. **'ઘીમય નથી.'** આહા..હા...! એ ઘડો ઘીમય નથી. ઘીનો ઘડો છે એ માટીમય છે, એ ઘીમય નથી. સમજાવવામાં આ રીતે લીધું. **'એમ (સમજાવનાર વડે) ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે.'** જોયું ? ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે. ઘડામાં ઘીના ઘડાનો વ્યવહાર કરવામાં આવે છે. **'કારણ કે પેલા પુરુષને ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) છે,...'** પહેલી વાત લીધી હતી ને ? **'જન્મથી માંડીને માત્ર ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) હોય...'** આહા..હા..!

**'તેવી રીતે આ અજ્ઞાની લોકને...'** આહા..હા..! **'અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે,...'** આહા..હા..! બાદર ને પર્યાપ્ત ને અપર્યાપ્ત ને... એ રીતે અનાદિથી પ્રસિદ્ધ છે. એની દૃષ્ટિ ત્યાં છે ને ! **'અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી,...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જેમ પેલો ઘીનો ઘડો પ્રસિદ્ધ છે, એ અનેરા ઘડાને જાણતો નથી અને ઘીને જાણતો નથી. ઘીનો ઘડો. ઘડો છે તો માટીનો એને જાણતો નથી. ઘીનો ઘડો, ઘીનો ઘડો,.. ઘીનો ઘડો નથી, ઘડો તો માટીનો છે. ઘીનો ઘડો કહી માટીમય ઘડો છે એમ કહ્યું. આહા..હા..! **'ઘીનો ઘડો જ પ્રસિદ્ધ (જાણીતો) છે, તેવી રીતે આ અજ્ઞાની લોકને અનાદિ સંસારથી માંડીને અશુદ્ધ જીવ જ પ્રસિદ્ધ છે, શુદ્ધ જીવને તે જાણતો નથી, તેને સમજાવવા જે આ વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ છે તે જ્ઞાનમય છે...'** આહા..હા..! વર્ણાદિમાન જીવ છે એમ કહીને તે જ્ઞાનમય છે (એમ કહેવું છે). વર્ણાદિમાન તો એને પ્રસિદ્ધ છે તો (એમ કહ્યું કે) વર્ણાદિમાન જીવ છે તે જ્ઞાનમય છે. લ્યો ! આ તો ગૌતમે કહ્યું, ભાઈ ! એ..ઇ..! 'ચેતનજી' ! 'ધવલ' માં. સમજાવવા માટે વ્યવહારથી કહ્યું છે. આહા..હા..! ત્યાં એમ કહે, જુઓ ! વ્યવહારથી પણ લાભ થાય છે. અરે..! આહા..હા...! શું થાય ? જગતના સ્વચ્છંદના પાર ન મળે. આહા..હા..!

**'શુદ્ધ જીવને તે જાણતો નથી, તેને સમજાવવા (શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા)...'** જોયું ? શુદ્ધ જીવનું જ્ઞાન કરાવવા માટે. **'જે આ વર્ણાદિમાન (વર્ણાદિવાળો) જીવ છે તે જ્ઞાનમય છે,...'** વર્ણાદિમાન જીવ છે તે જ્ઞાનમય છે એમ વ્યવહારથી બતાવ્યું. તે **'વર્ણાદિમય નથી'** એ જ્ઞાનમય ભગવાન છે. ભેદ નહિ, રાગ નહિ, રંગ નહિ. આહા..હા..! **'એમ (સૂત્ર વિષે) જીવમાં વર્ણાદિમાનપણાનો વ્યવહાર કરવામાં આવ્યો છે,...'** વર્ણાદિમાનનો વ્યવહાર કરવામાં આવ્યો છે. **'કારણ કે તે અજ્ઞાની લોકને વર્ણાદિમાન જીવ જ પ્રસિદ્ધ છે.'** આ કારણે એને પ્રસિદ્ધ છે માટે વર્ણાદિમાન કહીને એ જ્ઞાનમય છે (એમ) આ વ્યવહાર કહેવામાં આવ્યો. પણ વ્યવહાર કહ્યો છે એટલે તે સત્ય છે અને તેનાથી લાભ છે, એમ નથી. એને જ્ઞાન થાય છે ને ? પણ જ્ઞાન થાય છે એ તો એને સમજાય છે. વર્ણાદિમાન નથી, જ્ઞાનમય છે, એ વ્યવહારથી જ્ઞાન થયું પણ એણે વ્યવહાર આદરણીય છે અને અનુસરવા લાયક છે, એમ નથી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**મોક્ષમાર્ગની પર્યાય જેટલો તું નથી પણ પરમાત્માની પર્યાય–પૂર્ણ પર્યાય જેટલો પણ તું નથી. નિર્વિકલ્પ ત્રિકાળી ધ્રુવ વસ્તુ તે તું છો. પરમ પારિણામિક સ્વભાવભાવ ધ્રુવ વસ્તુ તે નિજ પરમાત્મા છે. આત્મા સ્વયં પરમાત્મા છે. નિશ્ચયમોક્ષમાર્ગની પર્યાય આત્માની છે તેમ ઉપચારથી કહેવાય છે.**
**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૬૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રી સમયસાર, ગાથા–૬૮, પ્રવચન નં. ૧૩૯**
**તા. ૧૮-૧૧-૧૯૭૮**
**[૧૪]**

'સમયસાર' ૬૮ ગાથા, બીજો પેરેગ્રાફ. **'એવી રીતે રાગ,...'** પહેલા કહ્યું ને? કે ગુણસ્થાન, જે ચૌદ ગુણસ્થાન છે તે પુદ્ગલપૂર્વક થતા હોવાથી તે અચેતન પુદ્ગલ છે, આત્મા નહિ. આહા..હા...! જવપૂર્વક જવનું દૃષ્ટાંત આપ્યું હતું ને ? જવપૂર્વક જવ થાય છે. જવ થવામાં જવ કારણ છે અને જવ તેનું કાર્ય છે. તેમ આત્મામાં જેટલા ગુણસ્થાનના ભેદ પડે છે એ પુદ્ગલ કર્મના કારણે ભેદ પડે છે, તેથી તે પુદ્ગલ જ છે, એ આત્મા નહિ. આહા..હા...!

**'એવી રીતે રાગ,...'** રાગ **'પણ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને...'** ત્રીજી લીટી લેવી. **'રાગ પણ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...'** આહા..હા...! શુભ ને અશુભ રાગ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો રાગ કે હિંસા, જૂઠું, ચોરીનો રાગ, એ રાગ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને... આહા..હા...! ત્રીજી લીટી છે. **'સદાય અચેતન હોવાથી,...'** આહા..હા...! રાગ અચેતન છે. રાગમાં ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપનો અંશ નથી. ભગવાન ચૈતન્ય અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ છે તેનો અંશ રાગમાં નથી. ચાહે તો વ્રત, તપ, ભક્તિ આદિનો રાગ હો, ચાહે તો વિષય, કમાવા આદિનો રાગ હો, એ રાગ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, પુદ્ગલપૂર્વક થતાં હોઈને... એમ છે ને ? **'સદાય અચેતન હોવાથી,...'** એ કારણ રાગ સદાય અચેતન છે. આહા..હા...! અહીંયા તો અત્યારે લોકો કહે છે, શુભરાગથી ધર્મ થાય છે. અરે..રે..! એ રાગ પુદ્ગલપૂર્વક થતો હોઈને પુદ્ગલ - સદા અચેતન છે. આહા..હા...! છે **?** **'પુદ્ગલ જ છે...'** વિશેષ આટલું કહ્યું. પુદ્ગલપૂર્વક થતાં હોઈને **'સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે, જીવ નથી એમ આપોઆપ આવ્યું (–ફલિત થયું, સિદ્ધ થયું).'** આહા..! આવી વાત.

એવી રીતે **'દ્વેષ,...'** દ્વેષ જે થાય છે. અણગમો પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ. દ્વેષ પુદ્ગલપૂર્વક થતો હોઈને... આહા..! સદાય પુદ્ગલ જ છે. અચેતન હોવાથી, પુદ્ગલ જ છે. આહા..હા...! આવી વાત છે. **'મોહ,...'** મિથ્યાત્વ અથવા પર તરફની સાવધાનીનો ભાવ. આહા..હા...! એ પણ પુદ્ગલપૂર્વક થતો હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે. પુદ્ગલ જ છે એમ અહીંયા કહ્યું. પુદ્ગલ જ છે. કથંચિત્ આત્મા ને કથંચિત્ (પુદ્ગલ એમ નહિ).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! કેમકે ભગવાનઆત્મા તો ચૈતન્ય અનાદિઅનંત ચૈતન્યદ્રવ્ય છે એ તો અભેદ છે. એમાં આ જેટલા ભેદ દેખાય છે એ બધા અચેતન છે. આહા..હા..! જીવ નથી.

**'પ્રત્યય,...'** આસ્રવ. મિથ્યાત્વ, અવ્રત, કષાય, જોગ એ ચાર ભાવ છે એ પુદ્ગલપૂર્વક થતા હોઈને પુદ્ગલ છે. સદાય અચેતન હોવાથી પુદ્ગલ છે. **'પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે...'** એમ ત્રણે સિદ્ધ કર્યા. આહા..હા...! મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ આસ્રવ છે. આહા..હા...! એ આસ્રવ **'પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી...'** આહા..હા...! **'પુદ્ગલ જ છે–જીવ નથી...'** આ જીવ-અજીવ અધિકાર છે ને ? આહા..હા...! આગળ કહેશે, જીવ તો અનાદિઅનંત નિત્યાનંદ પ્રભુ... આહા..હા...! સ્વસંવેદન–પોતાની નિર્મળ દશા દ્વારા જણાય છે, વેદાય છે. આહા..હા...! આવી વાત છે. શ્લોક છે, પછી શ્લોક કહેશે.

**'કર્મ,...'** કર્મ તો જડ છે. એ તો પુદ્ગલ કર્મ છે. **'નોકર્મ,...'** મન, વાણી, દેહ એ પણ જડ છે. **'વર્ગણા,...'** એ તો જડ છે. **'સ્પર્ધક, અધ્યાત્મસ્થાન,...'** આહા..હા...! અધ્યવસાયના પ્રકાર. રાગાદિની એકત્વબુદ્ધિનો જે અધ્યવસાય, તેના જે અસંખ્ય સ્થાન, એ બધા પુદ્ગલપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે. આહા..હા...! જીવ એને ન કહીએ, એમ કહે છે. ક્યાં સાંભળ્યું છે ? અહીં તો કહે છે, જાત્રાનો ભાવ, ભગવાનની ભક્તિનો રાગ આસ્રવ.. આસ્રવ છે. આહા..હા..! એ અધ્યવસાય, એકત્વબુદ્ધિ પુદ્ગલપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે. આહા..હા..!

**શ્રોતા :–** બધાય શુભ ને અશુભભાવ પુદ્ગલ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પછી આવશે, હવે આવશે. અહીં તો હજી અધ્યાત્મસ્થાન.

**'અનુભાગસ્થાન,...'** એ જડમાં. **'યોગસ્થાન,...'** કંપનના યોગ પ્રકાર. **'બંધસ્થાન, ઉદયસ્થાન,...'** લ્યો ! ઠીક ! જેટલા ઉદયસ્થાન છે, રાગાદિના અનેક પ્રકાર પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્ગલ જ છે. આહા..હા...! **'માર્ગણાસ્થાન,...'** ઠીક ! ચૌદ. આહા..હા...! એ માર્ગણાસ્થાન પુદ્ગલપૂર્વક થતાં હોઈને, પુદ્ગલ સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે. આહા..હા...!

**'સ્થિતિબંધસ્થાન,...'** કર્મમાં સ્થિતિ પડે ને ? એ તો પુદ્ગલ છે જ. **'સંક્લેશસ્થાન,...'** અશુભ જોગ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ આદિના ભાવ જે અશુભ છે એ પુદ્ગલપૂર્વક થતાં હોઈને, પુદ્ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી પુદ્ગલ જ છે. આહા..હા...! જેટલો વ્યવહાર પંચ મહાવ્રત ને દયા, દાન ને વ્રતાદિના ભાવ છે તે બધા પુદ્ગલપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી. એટલે પુદ્ગલપૂર્વક થયા છે તેથી સદાય અચેતન છે એમ કહ્યું. એટલે એમાં ચેતનનો ભાવ નથી. તેથી પુદ્ગલ જ છે. આહા..હા..! શાંતિથી શું વસ્તુ છે તે સમજતા નથી અને ઝઘડા.. ઝઘડા.. ઝઘડા... વ્યવહારનયથી આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંક્લેશ પરિણામ તેનામાં છે. નિશ્ચયથી સ્વભાવદૃષ્ટિથી જોઈએ તો એ પુદ્‌ગલપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી પુદ્‌ગલ જ છે, જીવ નથી. એ અશુભભાવ જીવ નથી. આહા.હા..! આવી વાત છે.

**શ્રોતા :–** જીવમાંથી નીકળી જાય છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની ચીજ જ ક્યાં છે ઇ ? એની ચીજ હોય તો વસ્તુમાં કાયમ રહેવી જોઈએ. આહા..હા..! દરેક અવસ્થામાં હોય અને કોઈ અવસ્થામાં ન હોય એ એની ચીજ. આ તો નિર્મળ અવસ્થા એ ચીજ રહેતી નથી. એ ચીજ એની નથી.

હવે અહીં તો આ લેવું છે, **'વિશુદ્ધિસ્થાન,...'** રાગની મંદતાના દયાના, દાનના, વ્રતના, ભક્તિના, પૂજાના, નામસ્મરણના, વાંચનના.. આહા..હા...! એવો જે શુભભાવ–વિશુદ્ધિસ્થાન, શુભના અસંખ્ય પ્રકાર શુભરાગના અસંખ્ય પ્રકાર પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, એકલું પુદ્‌ગલ નહિ, અહીં કર્મ લેવા છે. પુદ્‌ગલકર્મપૂર્વક, એમ. **'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી,...'** **'તેઓ પણ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ જ છે...'** આહા..હા..! કહો, પંડિતજી ! આ પંચ મહાવ્રતના પરિણામ પુદ્‌ગલ છે, એમ કહે છે. આહા..હા..!

શાસ્ત્રનું જ્ઞાન એ શબ્દજ્ઞાન, એ પુદ્‌ગલ છે. આહા..હા...! નવ તત્ત્વની શ્રદ્ધારૂપ રાગ પુદ્‌ગલ છે. છ કાયની દયા ને પંચ મહાવ્રતનો ભાવ (પુદ્‌ગલ). આહા..હા..! ચેતન્યપૂર્વક ચૈતન્યના સ્વભાવપૂર્વક એ થાય છે ? ભગવાન ચૈતન્ય સ્વભાવ તો નિર્મળ શુદ્ધ આનંદ છે. એ ચૈતન્યપૂર્વક એ વિકાર થાય છે ? (નહીં). આહા..હા...! એ કારણે શુભભાવ... આહા..હા...! એ બધા **'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ જ છે...'** લોકોને આવી વાત આકરી પડે.

**શ્રોતા :–** કરવું શું અમારે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કરવું, ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવી, એમ કરવું. એ કહે છે. ચૈતન્યદ્રવ્ય ભગવાન ઝળહળ જ્યોતિ હમણાં આવશે. પ્રકાશની મૂર્તિ અંદર પ્રભુ ત્રિકાળ છે. આહા..હા...! જેમાં પર્યાયના ભેદ નથી. આહા..હા...! ત્યાં દૃષ્ટિ દેવી. તેને આત્મા જાણે છે અને માને છે એમ કહેવામાં આવે છે. આવી વાત છે. આહા..હા...! (એ) વિશુદ્ધિસ્થાન (થયા).

**'સંયમલબ્ધિસ્થાન,...'** ઠીક ! રંગ, રાગ અને ભેદ. ભાઈએ ત્રણ નામ આપ્યા છે. આહા..હા..! રંગ, રાગ અને ભેદ ભગવાનઆત્મામાં નથી, નિરાળો છે, તેનાથી પ્રભુઆત્મા અંદર નિરાળો છે. આહા..હા...! વ્યવહારનયે પર્યાયમાં એના છે. પર્યાયનયે પર્યાયમાં એના છે પણ દ્રવ્યદૃષ્ટિના સ્વભાવની અપેક્ષાએ, એ સ્વભાવપૂર્વક નથી થયા. સ્વભાવ કારણ અને શુભ લબ્ધિસ્થાન આદિ થયા એમ નથી, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એ આનંદપૂર્વક સંયમલબ્ધિસ્થાન નથી. કારણ આ નથી, એમ કહે છે. સંયમલબ્ધિસ્થાન (કહીને) ઠેઠ લઈ ગયા.

**'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને,...'** આહા..હા..! અભેદમાં ભેદ નથી એ બતાવવું છે. ભેદ જે કંઈ પર્યાયમાં દેખાય છે... આહા..હા...! એ વ્યવહારનયનો વિષય છે. પરમાર્થદૃષ્ટિએ તે પુદ્‌ગલના છે. આહા..હા...! છે ? એ લબ્ધિસ્થાન પણ, એમ. એટલે પૂર્વે જે ગુણસ્થાન કહ્યા એમ આ સ્થાન પણ, રાગાદિ બધા. **'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોઈને, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ જ છે–જીવ નથી એમ આપોઆપ આવ્યું (–ફલિત થયું, સિદ્ધ થયું). માટે રાગાદિ ભાવો જીવ નથી એમ સિદ્ધ થયું.'** રાગ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ જીવસ્વરૂપ નથી. આહા..હા..! પર્યાયમાં છે પણ જીવસ્વરૂપ જે ત્રિકાળી છે તેના એ નથી. આહા..હા...! કેમકે ભગવાન ચૈતન્ય સ્વભાવ આત્મા, એ ચૈતન્ય સ્વભાવપૂર્વક ભેદ પડ્યા છે ? આહા..હા...! જો ચૈતન્ય સ્વભાવપૂર્વક ભેદ પડે તો ભેદ સદાય રહે. આહા..હા...! બધે ઠેકાણે લોકોને અત્યારે શુભભાવ કરતાં કરતાં સંયમ, વ્રત, તપ, પડિમા લેતા લેતા કરતા કરતા નિશ્ચય શુદ્ધ થઈ જશે (એવી માન્યતા છે). આહા..હા..! અહીં તો કહે છે કે એ કરતાં કરતાં પુદ્‌ગલ થઈ જઈશ. કર્મબંધન થશે એટલે પુદ્‌ગલ થઈ જશે. આહા..હા...! આ સાદડી-બાદડીમાં ક્યાંય નથી. સાદડીમાં સાદડી છે. આહા..હા...! આ તો બધે... ઓહો..હો...!

અહીંયા તો પરમાત્મસ્વરૂપ ચૈતન્ય અનાદિઅનંત નિત્યાનંદ ચૈતન્ય સ્વભાવ.. આહા..હા..! અને તે સ્વસંવેદ્ય પોતાથી જણાય છે. એ રાગાદિ પુદ્‌ગલ છે તેનાથી જણાતો નથી. આહા..હા..! બહુ સ્પષ્ટ ! બહુ સ્પષ્ટ !! ઓ..હો..હો...! સૂરજના ચમત્કાર જેવી સ્પષ્ટ વાત કરી છે. ભગવાન ! તું તો ચૈતન્ય સ્વભાવી વસ્તુ છો ને પ્રભુ ! એ ચૈતન્ય સ્વભાવપૂર્વક શું થાય ? ચૈતન્ય સ્વભાવપૂર્વક તો નિર્મળ દશા થાય છે, ભેદ નહિ. આહા..હા...! ઇ અંદર કહેશે.

**ભાવાર્થ :– 'શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં...'** શું કહે છે ? શુદ્ધ દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, એના પ્રયોજનની નયથી... આહા..હા...! ભગવાનઆત્મા શુદ્ધ ત્રિકાળ, તેના દ્રવ્ય એટલે વસ્તુ, તેના અર્થ એટલે પ્રયોજનની દૃષ્ટિએ ચૈતન્ય અભેદ છે. વસ્તુ અભેદ છે. રાગ પણ નહિ, દયા, દાન પણ નહિ, લબ્ધિસ્થાન આદિ નહિ. આહા..હા...! શુદ્ધદ્રવ્યાર્થિક–શુદ્ધ દ્રવ્યના પ્રયોજનની દૃષ્ટિએ જુઓ તો એ ચૈતન્ય તો અભેદ છે. આહા..હા..! ચૈતન્ય અભેદ ને ભેદ ને... આ કઈ જાતનો ઉપદેશ ? એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રેઇન્દ્રિયા, ચૌઇન્દ્રિયા.. નહિ ? 'સપાણી' ! ઇચ્છામી પડિકમ્મણા... તસ્સૂતરી કરણેન...

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ જિનેન્દ્રદેવે કહ્યું તે સંતો જગતમાં જાહેર આત્મખ્યાતિ પ્રસિદ્ધ કરે છે. આહા..હા...! પ્રભુ ! તું તો શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિએ અભેદ છો ને ! આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને ત્યાં દૃષ્ટિ દેવા લાયક છે ને ! આહા..હા..! કરવું આ. આહા..! '**શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં...**' દૃષ્ટિમાં '**ચૈતન્ય અભેદ છે અને એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે.**' જુઓ ! પેલા ભેદ છે અને તેના પરિણામ જ્ઞાન-દર્શન-ચારિત્ર, શુદ્ધ સ્વભાવ, તેના પરિણામ જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ, આનંદના પરિણામ થાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..!

'**એના પરિણામ...**' કોના ? જે ચૈતન્ય અભેદ છે, વસ્તુ અભેદ છે તેના પરિણામ જ્ઞાન-દર્શન આદિ પરિણામ છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જીવના નથી. ચૈતન્ય સ્વભાવનું એ પરિણમન નહિ. આહા..હા...! આવી વાતું. અરે..! નવરાશ ન મળે. એક તો આખો દિ' ધંધા ને પાપમાં પડ્યા.. એમાં ધર્મની વાત સાંભળવા જાય ત્યાં મળે બધું પાપનું. આહા..હા...! વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો.. એ તો બધો રાગ છે અને રાગ એ પુદ્‌ગલના પરિણામ છે એમ અહીંયા કહ્યું છે અને એને લોકો ધર્મ માને છે.

એ પુદ્‌ગલ જ છે. આહા..હા...! ભગવાનઆત્મા તો ચૈતન્ય સ્વભાવ, જાગૃત સ્વભાવ... આહા..હા...! જાગતી જ્યોત સ્વરૂપ પ્રભુ અભેદ છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિથી તો એ અભેદ છે અને તેના પરિણામ છે તે જાણન-દેખન, આનંદ આદિ પરિણામ છે. આહા..હા...! પેલા સંયમલબ્ધિસ્થાન તો ભેદ હતા. આ તો અભેદને અવલંબે જે જ્ઞાન, દર્શન થાય એ એના પરિણામ છે. આહા..હા...!

'**એના પરિણામ પણ સ્વાભાવિક શુદ્ધ જ્ઞાન-દર્શન છે.**' જુઓ ! '**પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો,...**' આહા..હા...! આત્માની પર્યાયમાં રાગ, દ્વેષ, દયા, દાન, કામ, ક્રોધ વિકલ્પ જે રાગ દેખાય છે એ ચૈતન્યના વિકાર છે. ચૈતન્ય સ્વભાવનો ભાવ નથી. ચૈતન્ય સ્વભાવનો ભાવ નથી, વિકાર છે એમ કહે છે. આહા..હા...! ભગવાનઆત્મા ચૈતન્ય સ્વભાવના નૂરનું પુર, તેજ છે, એના પરિણામ તો જ્ઞાન-દર્શનના પરિણામ થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આ..હા..!

'**પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો,...**' હવે શું કહે છે ? ચૈતન્ય સ્વભાવથી જે પરિણામ થાય છે એ તો જ્ઞાન, દર્શન અને આનંદ. હવે એની પર્યાયમાં પરનિમિત્તથી જે વિકાર થાય છે. કારણ કે વિકાર કરવાનો કોઈ ગુણ નથી, કોઈ સ્વભાવ નથી. ત્યારે એ વિકૃત પર્યાય આત્મામાં થાય છે તે પર નિમિત્તથી થાય છે. નિમિત્તનો અર્થ, થાય છે પોતાની પર્યાયમાં, પણ નિમિત્તના લક્ષથી, ભેદથી થાય છે. આહા..હા...! એ કારણે.. આહા..હા...! '**જોકે ચૈતન્યના જેવા દેખાય છે...**' આહા..હા...! એ શુભ ને અશુભભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ કામનો ભાવ એ પર્યાયમાં ચૈતન્યનો વિકાર છે. એ ચૈતન્યના સ્વભાવના પરિણામ નહિ. ચૈતન્ય સ્વભાવ નહિ અને ચૈતન્ય સ્વભાવના એ પરિણામ નહિ, તો એ વિકૃત અવસ્થા જે થાય છે તે કર્મના નિમિત્તે વિકૃત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવસ્થા જે છે તે ચૈતન્ય જેવી દેખાય છે. જાણે એ ચૈતન્ય છે, ચૈતન્યની પર્યાયમાં છે એમ દેખાય છે **'તોપણ, ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક નહિ હોવાથી...'** ભગવાન ચૈતન્ય સ્વરૂપ પ્રભુ, એની પ્રત્યેક અનાદિઅનંત અવસ્થામાં એ રહેનાર નથી. વિકાર તો અનાદિઅનંત જે સ્વભાવ છે એની પર્યાયમાં એ અનાદિઅનંત રહેનાર નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? આવો ઉપદેશ હવે.

**'ચૈતન્યની સર્વ અવસ્થાઓમાં વ્યાપક...'** એટલે રહેતા નથી તેથી **'ચૈતન્યશૂન્ય છે...'** આહા..હા...! એ પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ, ગુણસ્થાન આદિ બધું ચૈતન્યથી શૂન્ય છે, એમાં ચૈતન્યનો અભાવ છે. અભાવ છે તેથી કર્મપૂર્વક થતાં હોઈને તેને પુદ્‌ગલમાં નાખી દીધા છે. આહા..હા..! આવો વીતરાગ ધર્મ. પહેલા સમ્યગ્દર્શન અને એનો વિષય શું છે એ પહેલી જરૂર છે, બાકી બધું તો ઠીક. આહા..હા...!

સમ્યગ્દર્શન–પ્રથમ ધર્મની શરૂઆત, એનો વિષય ચૈતન્ય સ્વભાવી અભેદ વસ્તુ એનો વિષય છે. એ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય કહો કે પૂર્ણ સ્વરૂપ ભવગાન, એના પરિણામ જે સમ્યગ્દર્શન આદિ છે એ એના પરિણામ હોવાથી એ જીવ છે. રાગાદિ અને ભેદાદિ સ્વભાવપૂર્વક નહિ થતાં હોવાથી નિમિત્તપૂર્વક થતાં હોવાથી, પુદ્‌ગલકર્મના નિમિત્તપૂર્વક થતાં હોવાથી, સદાય અચેતન હોવાથી, પુદ્‌ગલ છે. આહા..હા..! આવી વાત છે, લ્યો ! અહીં તો દયા, દાન ને વ્રત ને ભક્તિ, પૂજાના ભાવ કર્યા તો ધર્મ થઈ ગયો. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, એને જૈનધર્મની ખબર નથી. આહા..હા...!

**શ્રોતા :–** ખબર નથી તો બંધ ન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાકા બંધાય. ખબર નથી. ખબર નથી એટલે કંઈ સત્ય થઈ જાય ? આહા..હા..! જુઓને ! 'જયચંદ્રજી' પંડિતે કેટલો ખુલાસો કર્યો છે !

**'પરનિમિત્તથી થતા ચૈતન્યના વિકારો,...'** કેમકે ચૈતન્યના સ્વભાવથી એ વિકાર થતા નથી. જે કંઈ ગુણસ્થાન, પુણ્ય-પાપના ભાવ થાય છે તે ચૈતન્યસ્વભાવપૂર્વક થતાં નથી. ચૈતન્યસ્વભાવપૂર્વક થાય એ તો નિર્મળ આનંદ, જ્ઞાન, દર્શનના પરિણામ થાય છે. આહા..હા...! અને આ ચૈતન્યસ્વભાવ પૂર્વક નહિ થતાં હોવાથી પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેને અચેતન કહેવામાં આવ્યા છે. આહા..હા...! હવે અચેતન જે રાગ ને દયા, દાનના, પડિમાના, વ્રતના પરિણામ થાય તેનાથી આત્માને ધર્મ થાય એ ત્રણકાળમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? પુદ્‌ગલથી જીવને લાભ થાય છે, એવું થયું. જડથી ચૈતન્યની જાગૃતિમાં લાભ થયો, એમ થયું. પરંતુ એમ નથી. આહા..હા...! ઘણો ફેર.

**'જડ છે...'** એ પુણ્ય અને પાપના, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ચૈતન્ય સ્વભાવથી શૂન્ય હોવાથી અને પુદ્‌ગલકર્મના કારણે એની વિકૃતિ અવસ્થા છે, પણ તેના કારણે થતી હોવાથી, ચૈતન્ય સ્વભાવથી રાગ શૂન્ય છે, શૂન્ય હોવાને કારણે તે જડ છે. ચૈતન્ય સ્વભાવથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ, એ રાગ ચૈતન્ય સ્વભાવથી શૂન્ય હોવાથી જડ છે. અરે..અરે...! આવી વાત. 'શાંતિભાઈ' ! ... નીકળી જાય એવું છે આ બધું. ઝવેરાતના ધંધા, બાયડી-છોકરાને સાચવવાના ભાવ એકલા પાપ. એ ચૈતન્યસ્વભાવથી ઉત્પન્ન નથી થયા. આહા..હા...! એ પુદ્ગલકર્મપૂર્વક થતાં હોવાથી, અચેતન હોવાથી પુદ્ગલ અને જડ છે. આહા..હા...!

**'વળી આગમમાં પણ તેમને અચેતન કહ્યા છે.'** જોયું ? **'શુદ્ધદ્રવ્યાર્થિનયની દૃષ્ટિમાં...'** એ છે તો ચૈતન્યની પર્યાય વિકાર. છતાં આગમમાં એ વિકારને અચેતન કહ્યા છે. આહા..હા...! બે વાત થઈ. **'ભેદજ્ઞાનીઓ પણ તેમને ચૈતન્યથી ભિન્નપણે અનુભવે છે...'** ત્રીજી વાત. આહા..હા...! પહેલા તો ન્યાયથી વાત સિદ્ધ કરી કે ભગવાનઆત્મા જે છે એ તો ચૈતન્ય નિર્મળાનંદ અભેદ છે. તેમાં જે પર્યાયમાં વિકાર થાય છે તે ચૈતન્ય સ્વભાવ પૂર્વક થતાં નથી. ચૈતન્યમાં ક્યાં વિકાર છે તો તેના પૂર્વક થાય ! માટે એ પુણ્ય ને પાપ, દયા, દાન, રાગાદિના ભાવ કર્મપૂર્વક થતાં હોવાથી ચૈતન્યનો અભાવ હોવાથી પુદ્ગલ અને જડ કહેવામાં આવ્યા છે. આહા..હા...! અને આગમમાં પણ એમ કહ્યું છે. પહેલા યુક્તિથી સિદ્ધ કર્યું અને આગમમાં પણ એમ કહ્યું છે. બે (વાત).

**'ભેદજ્ઞાનીઓ પણ...'** આહા..હા...! ભેદનો આશ્રય ન લઈને, અભેદનો આશ્રય લઈને અનુભવે છે તેમાં ભેદ અને રાગ આવતા નથી. આહા..હા...! આગમ, યુક્તિ અને ભેદજ્ઞાન ત્રણેથી આ સિદ્ધ છે, એમ કહે છે. આહા..હા...! આવી વાતું હવે લોકોને એકાંત લાગે. આ કોણ કહે છે ? આ તો ભગવાન કહે છે. આગમ કહે છે, ભગવાન કહે છે અને... આહા..હા...! ભેદજ્ઞાન કરવાને લાયક છે તેઓ પણ એમ જોવે છે કે એમાં ભેદ આવતા નથી. રાગથી, ભેદથી ભિન્ન અભેદનો અનુભવ કરવાથી... આહા..હા...! એમાં ભેદ અને રાગ આવતા નથી માટે તે જડ અને અચેતન છે. આહા..હા..! અરે...! આહા..હા...!

અમારે સંપ્રદાયના ગુરુ હતા એ તો બસ આટલું કહે, હજારો સભા, હજારો માણસ (આવે), અહિંસા–પરજીવની દયા પાળવી, પરને ન મારવા એ સિદ્ધાંતનો સાર છે અને આવું જેણે જાણ્યું તેણે બધું જાણ્યું, એમ કહેતા બીચારા..! આહા..હા...! ક્રિયાકાંડમાં બહુ પ્રસિદ્ધ હતા. કાઠિયાવાડમાં તો હિરો કહેવાતા પણ વસ્તુની (ખબર નહિ). આહા..હા...! અરે..રે...! સાંભળ્યું નથી, આ વસ્તુ નહોતી. આહા..હા...!

ભગવાન ! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ ! તારો સ્વભાવ શું છે ? ત્રિકાળી કાયમી સ્વભાવ શું છે ? એ તો ચૈતન્ય સ્વભાવી કાયમ છે. ચૈતન્ય સ્વભાવી કાયમ છે એ સ્વભાવપૂર્વક વિકાર થાય છે ? સ્વભાવપૂર્વક તો સ્વભાવની નિર્મળ પર્યાય થાય છે. ***આહા..હા...! ન્યાયથી એણે કંઈક સમજવું પડશે ને ? જિંદગી ચાલી જાય છે. આહા..હા..! એક પછી એક જુઓને માણસ ચાલ્યા જાય છે. આ મરી ગયા, આ મરી ગયા. મરે કોણ ? આ ભવમાંથી બીજે ભવ ગયા. આહા..હા...! આવો મનુષ્યભવ એમાં તીર્થંકર ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ આત્માને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***કેવો કહે છે તે સમજાય નહિ. આહા..હા...! એ જિંદગી નિષ્ફળ (છે). પશુને મનુષ્યપણું મળ્યું નહિ આને મળ્યું પણ કર્યું નહિ (એ રીતે) નિષ્ફળ છે. આહા..હા...!***

ત્રણ વાત લીધી. ચૈતન્યસ્વભાવ અસલી કાયમી જ્ઞાન, આનંદ, શાંત વીતરાગ સ્વભાવ, એ સ્વભાવપૂર્વક વિકાર થાય નહિ. એ સ્વભાવ તો શુદ્ધ નિર્મળ છે. આહા..હા...! તો એ પૂર્વક વિકાર થાય નહિ. પર્યાયમાં વિકાર તો છે, પર્યાયમાં વિકાર છે તો ખરો, તો એ શું છે ? દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ તો છે. તો કહે છે, પુદ્‌ગલકર્મપૂર્વક, પુદ્‌ગલથી નહિ, પુદ્‌ગલકર્મપૂર્વક થવાથી એ શુભ-અશુભભાવ અને ભેદભાવ, એ બધા પુદ્‌ગલકર્મપૂર્વક થતા હોવાથી એમાં ચૈતન્યનો તો અભાવ છે તેથી તેને પુદ્‌ગલ કહ્યા. આહા..હા..! અને ચૈતન્યની પર્યાયમાંથી નિકળી જાય છે. જો એનો ભાવ હોય તો કાયમ રહે. આહા..હા...! સિદ્ધમાં તો એ છે નહિ. એના હોય તો તો સદાય રહે. આહા..હા...! પર્યાયમાં ત્રિકાળ દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિથી પર્યાયમાં વિકૃત જે અવસ્થા છે તે સ્વભાવપૂર્વક નહિ થતી હોવાથી કર્મપૂર્વક થવાથી સદા અચેતન કહેવામાં આવી તેથી તે જડ છે. આહા..હા...! લોજીકથી–ન્યાયથી, આગમથી અને અનુભવથી ત્રણ પ્રકારે વાત કરે છે. આહા..હા...!

ભેદજ્ઞાની ધર્મીજીવ આત્માનો અનુભવ કરે છે તો એમાં રાગ અને ભેદ આવતા નથી. આહા..હા..! તેથી રાગ અને ભેદ આત્માના નથી. આત્માના હોય તો આત્માના અનુભવમાં એ પણ આવવા જોઈએ. આહા..હા...! આવી વાત છે. અજાણ્યા માણસને તો એવું લાગે આ તે શું ? આવો ધર્મ ? આ બધું વ્રત ને તપ ને અપવાસ કરવા ને ભક્તિ કરવી, જાત્રા કરવી, ભગવાનના દર્શન કરવા, ભગવાનની મૂર્તિ સ્થાપવી, રથયાત્રા કાઢવી.. અરે..! સાંભળને ભાઈ ! એ ક્રિયા તો પરની છે. તારો ભાવ જો હોય તો એ રાગ છે અને એ રાગ સ્વભાવપૂર્વકનું સ્વભાવનું કાર્ય નથી. આહા..હા...! એ તો પુદ્‌ગલપૂર્વક થતા હોવાથી પુદ્‌ગલનું કાર્ય છે. આહા..હા...! ગજબ વાત છે.

અરે..! આવું સાંભળવા મળે નહિ એણે ક્યાં જાવું ? ભવને બદલીને ક્યાંક જાશે. આહા..હા...! જેણે આત્મા અભેદ, પુદ્‌ગલપૂર્વકના વિકારથી રહિત (અનુભવ્યો નથી) આહા..હા...! એવા સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન કર્યા નથી એ મરીને રખડી જશે. નિગોદ અને નરક આદિમાં જશે. આહા..હા...! આહા..હા...! એક એક ગાથા કેટલા લોજીક, ન્યાય, આગમ અને અનુભવીને .... એ આવ્યું છે ને પેલામાં ? ૪૯ ગાથામાં નહિ ? ભેદજ્ઞાનીને સર્વ સોંપ્યું છે. આહા..હા...! છે ને ? એટલે શું ?

જે આત્મા અંદર આનંદ સ્વરૂપ પ્રભુ છે તેનો જે અનુભવ કરે છે તો એ ભેદજ્ઞાનીને રાગ અને ભેદ (અનુભવમાં) આવતા નથી. તો તો સર્વસ્વ સોંપી દીધું કે તારી ચીજમાં એ નથી. આહા..હા...! અનુભવમાં આવે છે તો ત્યાં આનંદ ને જ્ઞાન ને શાંતિ આવે છે. ન્યાં રાગ અને ભેદ અનુભવમાં આવતા નથી. માટે ભેદજ્ઞાનીને સર્વ સોંપી દીધું. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ તો હા.. હો.., હા.. હો... આમ મોટી જાત્રાઓ થાય ને એમાં હજારો માણસ ભેગા થાય. અહીં શેત્રુંજય કેટલા ભેગા થયા હશે ? ન્યાં ક્યાં ધર્મ હતો. એ તો બધો શુભરાગ છે. એ રાગ છે તે આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! એ તો પુદ્‌ગલનું કાર્ય છે. આકરું પડે, પ્રભુ !

**પ્રશ્ન :– 'જો તેઓ ચેતન નથી તો તેઓ કોણ છે ? પુદ્‌ગલ છે ? કે અન્ય કાંઈ છે ?'** ચેતન નથી. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ ચૈતન્ય નથી, પ્રભુ ! તો શું છે ? એ પુદ્‌ગલ છે કે અન્ય કાંઈ ?

**ઉત્તર :– 'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે...'** આહા..હા...! વ્યવહાથી પર્યાયમાં છે તો કહેવામાં આવે છે પણ પર્યાયમાં રહે છે તે કાયમ રહેતા નથી. આહા..હા...! દ્રવ્ય અને ગુણમાં તો નથી પણ પર્યાયમાં પણ કાયમ રહેતા નથી. આહા..હા..! **'પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેઓ નિશ્ચયથી પુદ્‌ગલ જ છે કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.'** આ પુદ્‌ગલ કારણ છે અને રાગાદિ કાર્ય છે તો એ કારણનું એ કાર્ય છે. આહા..હા...! પાછું એમ કોઈ લગાવી દે કે જુઓ ! કર્મને લઈને રાગ થાય છે. એમ અહીં નથી. અહીંયા તો જીવદ્રવ્યમાં પર્યાયમાં વિકાર થાય છે તો એને પોતાને કારણે પણ ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિમાં એ નથી એ કારણે પુદ્‌ગલપૂર્વક થતાં હોવાથી વિકારને પુદ્‌ગલમાં નાખી દીધો. પણ કોઈ એમ માની લે કે કર્મને કારણે અમને રાગ થાય છે, કર્મને કારણે રાગ થાય છે તો એમ નથી. આહા..હા...! અમારે તો અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એ કર્મને કારણે થાય છે, એમ નથી. થાય છે તો તારા અપરાધથી પણ અપરાધ કોઈ સ્વભાવનું કાર્ય નથી. સમજાય છે ?

ભગવાન નિરપરાધી ભગવાનસ્વરૂપ પ્રભુ, અનાકુળ આનંદ અને અનાકુળ જ્ઞાનની મૂર્તિ પ્રભુનું એ અપરાધ કાર્ય નથી. નિરપરાધી ભગવાનનું એ અપરાધ કાર્ય નથી. આહા..હા...! તેથી દૃષ્ટિના વિષયમાં અભેદમાં એ નથી. કેમ કે દૃષ્ટિનો વિષય તો અભેદ ચૈતન્ય સ્વભાવ છે. સમ્યગ્દર્શનનો વિષય ધ્યેય તો ત્રિકાળ અભેદ છે. તો અભેદની દૃષ્ટિમાં એ સ્વભાવનો પર્યાયમાં ભેદ થાય છે પણ ભેદને કારણે, સ્વભાવના ભેદને કારણે રાગ અને ભેદ થાય છે એમ નથી. એની પર્યાયમાં થતાં હોવા છતાં... આહા..હા...! ગજબ છે ને ! આ..હા...!

**'પુદ્‌ગલ જ છે...'** આહા..હા..! **'નિશ્ચયથી પુદ્‌ગલ જ છે...'** જોયું ? **'કેમ કે કારણ જેવું જ કાર્ય થાય છે.'** આહા..હા...! જવમાંથી જવ થાય. જવ કારણ અને બાજરો કાર્ય એમ થાય ? જવ કારણ અને બહારમાં બાજરો ઊગી ગયો ! બાજરો કહે છે ને ? શું કહે છે ? બાજરા. જવપૂર્વક જવ (થાય). જવ કારણ અને તેનું કાર્ય પણ જવ. એમ પુદ્‌ગલકર્મપૂર્વક વિકાર થાય છે તો એ પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી પુદ્‌ગલ જ છે. આહા..હા...! પણ આ કારણે, હોં ! એમ માની લે કે વિકાર પોતાથી થતો નથી, પરથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે એ વાત અહીંયા નથી. વિકારની ઉત્પત્તિ તો પોતાની પર્યાયમાં એ જન્મક્ષણ છે, વિકારની ઉત્પત્તિનો કાળ છે તો પોતાના અપરાધથી ઉત્પન્ન થાય છે. પણ અહીંયા તો સ્વભાવની દૃષ્ટિમાં નથી અથવા સ્વભાવનું કાર્ય નથી, સ્વભાવ નથી, સ્વભાવનું કાર્ય નથી.. આહા..હા...! એ કારણે પુદ્ગલ કારણ છે અને વિકાર કાર્ય છે એમ કરીને ભેદ કરાવ્યો. સમજાય છે કાંઈ ? આહા..હા...! અરે..રે..! આ ક્યાં છે ? શું કહેવાય તમારે ? મોટો પર્વત ? આ જાત્રાનો.. શિખરજી ! 'એકવાર વંદે જો કોઈ...' આહા..હા...! સમ્મેદશીખર પણ એ શું છે ? એને વંદવાનો ભાવ તો શુભભાવ છે, કોઈ ધર્મ નથી. કેમ કે એ તો પરલક્ષી ભાવ છે. આહા..હા...! અને એ શુભભાવ કોઈ ભગવાનઆત્મા ત્રિકાળી સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ ભગવાન, એ ધ્રુવસ્વભાવપૂર્વક એ વિકાર, રાગ થયો છે ? બસ ! ત્યારે એ ધ્રુવસ્વભાવપૂર્વક થયો નથી તો પર્યાયમાં કર્મપૂર્વક વિકાર થયો છે એ અપેક્ષાથી કહેવામાં આવ્યું છે. છે તો તેનો અપરાધ, એના સ્વતંત્ર ઉપાદાનથી થાય છે પણ હવે નાખવો શેમાં એ વાત છે. આહા..હા...! કર્મ કરાવે છે માટે વિકાર થાય છે એ પ્રશ્ન નથી. પણ અહીંયા વિકાર છે એ ત્રિકાળી જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુનું એ કાર્ય નથી. તેનું કાર્ય તો આનંદ ને શાંતિ ને જ્ઞાન, દર્શનનું કાર્ય આવવું જોઈએ. તેથી ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવનું એ કાર્ય નથી તો પર્યાયમાં તારા અપરાધથી થાય છે છતાં તે કર્મપૂર્વક થાય છે તેથી તેને કર્મમાં નાખી દીધા. સમજાય છે કાંઈ ? આહા..હા...! અરે..રે...! માણસને ક્યાં પહોંચવું ? અહીંયા તો હજી જીવ કોને કહેવો એ વાત છે.

અંતઃતત્ત્વ ભગવાનઆત્મા.. આહા..હા...! જે પરમાત્મસ્વરૂપ છે એ અંતઃતત્ત્વ જે પરમાત્મસ્વરૂપ જે ભગવાન અત્યારે છે, હોં ! આત્મા, તો પરમાત્મસ્વરૂપનું કાર્ય રાગ હોય ? છે તો એની પર્યાયમાં એના અપરધાથી થાય છે. આહા..હા..! પણ એ પરમાત્મ સ્વભાવનું કાર્ય નથી. તેથી અધ્ધરથી પર્યાયમાં ઉત્પન્ન થયો, દ્રવ્ય-ગુણના આશ્રય વિના અધ્ધરથી ઉત્પન્ન થયો તેથી તેને પુદ્ગલનું કાર્ય ગણવામાં આવ્યું છે. આહા..હા...! જોકે નિર્મળ ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન, તેના નિર્મળ પરિણામ પણ ઉપર ઉપર રહે છે, એ કાંઈ અંદર પ્રવેશ કરતા નથી. સમજાય છે કાંઈ ? પણ આ જે પરિણામ છે તે ઉપર ઉપરથી કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ઉત્પન્ન થયા છે, સ્વભાવથી ઉત્પન્ન થયા નથી. આહા..હા...! આવી વાત સાંભળવા મળે નહિ એ ક્યાં જાય ? અરે...! દેહ ચાલ્યા જાય છે એક પછી એક. આ સંસ્કાર અંદર ન પડે તો ક્યાં જાશે ? ભાઈ ! આ..હા...! બહુ સરસ ! જીવ-અજીવ અધિકાર અહીંયા પૂરો થાય છે ને ? જીવ-અજીવ અધિકાર અહીંયા ૬૮ ગાથાએ પૂરો થાય છે. છેલ્લી ગાથા છે ને ! આહા..હા...! છેલ્લી સમજ્યા ? આખીર.

**'આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા...'** અહીંયા પેલા પ્રશ્ન ઉઠાવે, જુઓ ! નિમિત્તથી થયા કે નહિ ? કઈ અપેક્ષાએ વાત છે ? નિમિત્ત પુદ્ગલ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તેના આશ્રયથી ઉત્પન્ન થયા છે. થયા છે તો પોતાની પર્યાયમાં પોતાને કારણે, પણ નિમિત્તના આશ્રયે થયા તો સ્વભાવનું કાર્ય નથી તો નિમિત્તનું કાર્ય છે એમ કહેવામાં આવ્યું. આહા..! વાંધા.. વાંધા.. વાંધા.. ઝઘડા.. ઝઘડા ઉઠે. જુઓ ! છે ? **'પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી થતા ચૈતન્ય વિકારો...'** જુઓ ! અહીં સ્વભાવનો આશ્રય નથી તો આ પુદ્‌ગલનો આશ્રય કહેવામાં આવ્યો. આવી વાતું હવે. **'આ રીતે એમ સિદ્ધ કર્યું કે પુદ્‌ગલકર્મના ઉદયના નિમિત્તથી...'** અહીંયા એ વિકાર છે તો ચૈતન્યની પર્યાયમાં પણ એ સ્વભાવનું કાર્ય નથી એ અપેક્ષાથી નિમિત્તના લક્ષે, આશ્રયે થયા છે તો તે નિમિત્તના છે. **'ચૈતન્યના વિકારો પણ જીવ નથી,...'** એમ. જડ તો જડ છે જ, કર્મ જડ છે, શરીર જડ છે એ તો ઠીક પણ આ તો પુદ્‌ગલકર્મના (નિમિત્તે) ચિદ્‌વિકાર થયા તે પુદ્‌ગલ છે. આ કારણે. વિકૃત અવસ્થા નિમિત્તને આધીન થઈ હોવાથી, પર્યાયમાં ત્રિકાળ સ્વભાવનો આશ્રય નથી તે કારણે પરના આશ્રયે થયા તો પરથી થયા એમ પરના કહેવામાં આવ્યા. આહા..હા...! ભારે વાંધા.

કહે છે, પુદ્‌ગલકર્મ તો જડ છે પણ તેના નિમિત્તથી થવાવાળા ચૈતન્ય વિકારો પણ જીવ નથી. એમ. આહા..હા...! કર્મ જે પુદ્‌ગલ છે તે તો પુદ્‌ગલ છે જ, પણ તેના નિમિત્તે અહીંયા પર્યાયમાં (વિકાર થયો), દ્રવ્ય-ગુણમાં તો છે નહિ, પર્યાયમાં વિકાર અધ્ધરથી ઉત્પન્ન થયો તો એ પુદ્‌ગલ જ છે. આહા..હા...! આ અપેક્ષાથી સમજવું જોઈએ. એમાં એવી અપેક્ષા લગાવી દે કે જુઓ ! ઉપાદાનથી થાય છે, નિમિત્તથી થતા નથી અને અહીં તો કહે છે નિમિત્તથી થાય છે. કઈ અપેક્ષા છે ? પ્રભુ ! ઉપાદાનથી જ થાય છે. જીવમાં વિકાર અવસ્થા ઉપાદાનથી થાય છે. પર્યાયનું ઉપાદન, હોં ! દ્રવ્ય-ગુણનું ઉપાદાન નહિ. આહા..હા...! પર્યાયના ઉપાદાનમાં પોતાથી વિકારભાવ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાનથી ષટ્‌કારકથી પર્યાયમાં વિકાર થાય છે, પણ એ વિકાર સ્વભાવનું કાર્ય નથી અને કાયમ રહેનારી ચીજ નથી માટે પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેનું કાર્ય છે, માટે તેને પુદ્‌ગલ કહેવામાં આવ્યા. આટલી બધી વાતું. આહા..હા...!

માણસ મધ્યસ્થતાથી સાંભળે નહિ, વિચારે નહિ, વાંચે નહિ અને પોતાની દૃષ્ટિ રાખીને વાંચે. શાસ્ત્રને શું કહેવું એમ પોતાની દૃષ્ટિ ન કરે, પોતાની દૃષ્ટિથી શાસ્ત્રનો વિચાર કરે. શાસ્ત્રનો ઉકેલ પોતાની દૃષ્ટિથી કરે, પણ શાસ્ત્રની દૃષ્ટિ શું છે એ દૃષ્ટિથી પોતાની દૃષ્ટિ કરતો નથી. પંડિતજી ! આહા..હા...!

એ જ પ્રશ્ન ઉઠ્યો હતો ને ? ૨૦૧૩ ની સાલ, ૨૨ વર્ષ થયા. 'વર્ણીજી' સાથે. ***વિકાર છે તે પોતાની પર્યાયમાં પોતાના ષટ્‌કારકથી ઉત્પન્ન થાય છે, પરકારકથી નિરપેક્ષ છે.*** જુઓ ! ૬૨ ગાથા. બધા બેઠા હતા. 'હિંમતભાઈ', 'રામજીભાઈ', 'ફૂલચંદજી', 'કૈલાસચંદજી' બધા હતા. તમે હતા ? નહિ ? આહા..હા...! કીધું, જુઓ આ ૬૨ ગાથા તો એમ કહે છે કે ***આત્માના દ્રવ્ય-ગુણમાં તો વિકાર નથી પણ પર્યાયમાં જે વિકાર છે તે વિકારી પર્યાય ષટ્‌કારકથી***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પોતાથી ઉત્પન્ન થાય છે. દ્રવ્ય-ગુણથી નહિ, પરકારક નિમિત્તકારકથી નહિ. આહા..હા..! વિકૃત પર્યાય દ્રવ્ય-ગુણને કારણે થઈ નથી. કેમકે દ્રવ્ય-ગુણમાં ક્યાં વિકાર છે ? આહા..હા..! અને પરથી ક્યાં થઈ છે ? પરને તો અડતી નથી. પર જે નિમિત્ત છે તેનો તો અહીં વિકારમાં અભાવ છે અને વિકાર છે તેનો કર્મપર્યાયમાં અભાવ છે. આહા..હા...!*** જ્યારે એની પર્યાય જ્ઞેય... આ જ્ઞેય અધિકાર છે, અહીં પંચાસ્તિકાય અધિકાર છે. પંચાસ્તિકાય, જીવાસ્તિકાય સિદ્ધ કરવું છે. જીવસ્તિકાયમાં જે પુણ્ય-પાપ વિકાર થાય છે તે જીવાસ્તિકાયના છે. પર્યાયનો વિકાર પર્યાયમાં પોતાથી છે. આહા..હા...! શું થાય ? શુભ આચરણથી જીવને ધર્મ થાય, આ વાત એને એવી ડખલ કરી નાખી છે. મોટા માંધાતાને પણ ન્યાંથી ખસવું કઠણ પડે છે. આહા..હા...! જો તમે શુભભાવને ધર્મ ન કહો તો શું તમારે ખાવું-પીવું છે ? એમ કહે છે. અરે..! ભગવાન ! એ વાત ક્યાં છે ? એમ કહે છે, અપવાસ કરવો ને વ્રત કરવામાં ધર્મ નહિ તો શું તમારે ખાવું-પીવું એ ધર્મ છે ? અરે..! પ્રભુ ! શું કરે છે તું આ ? ખાવું-પીવું કરી કોણ શકે છે ? એમાં રાગ થાય છે તે રાગ અશુભ છે. આહા..! અને આ જે વ્રત, તપનો ભાવ છે તે શુભરાગ છે. બન્ને (ભાવ) પર્યાયમાં પોતાથી થવા છતાં, ચૈતન્ય વિકાર કહ્યા ને ? ચૈતન્યની પર્યાયમાં વિકાર છે. એમ હોવા છતાં પણ, પોતાથી થયા છે છતાં સ્વભાવની દૃષ્ટિથી જુઓ તો.. પર્યાયમાં વિકાર છે તે પોતાથી છે, પણ સ્વભાવની દૃષ્ટિથી જુઓ, ત્રિકાળ ભગવાન જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, એ અભેદની દૃષ્ટિથી જુઓ તો વિકાર અવસ્થા પોતામાં છે નહિ. સ્વભાવ ભગવાન અનંત.. અનંત.. અનંત.. ગુણનો પિંડ પ્રભુ, એકલો પવિત્ર ને શુદ્ધ છે, કોઈ શક્તિ ને કોઈ ગુણ વિકૃત નથી. આહા..હા...! એ કારણે અનંતા અનંતા ગુણનો પિંડ પ્રભુ, એ સ્વભાવનું રાગ કાર્ય નથી. ***પર્યાયમાં રાગ થાય છે તે દ્રવ્ય-ગુણથી નહિ. પર્યાયમાં થાય છે તે પોતાના અપરાધથી થાય છે. એમાં દ્રવ્ય-ગુણ કારણ નથી, નિમિત્ત કારણ નથી, પરકારકની અપેક્ષા નથી.*** હવે અહીંયા સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે. આહા..હા...!

ભગવાન ! તારો ત્રિકાળી સ્વભાવ શું છે ? કાયમ રહેનારો.. કાયમ રહેનારો.. કાયમ રહેનારો.. આહા..હા...! એ તો જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવો કાયમ રહેનારો દ્રવ્યનો સ્વભાવ તો એ છે. આહા..હા...! એ સ્વભાવનું કાર્ય વિકાર છે ? સ્વભાવનું કાર્ય વિકાર છે ? પહેલા તો કહ્યું હતું કે વિકાર દ્રવ્ય-ગુણથી થયો નથી. સમજાય છે કાંઈ ? દ્રવ્ય સ્વભાવનું કાર્ય નથી. પર્યાયનું અધ્ધરનું કાર્ય છે. આ..હા..! પણ હવે અહીંયા ચૈતન્ય સ્વભાવની અભેદ દૃષ્ટિ કરાવવી છે તો તેની પર્યાયમાં થતા હોવા છતાં પોતાના ત્રિકાળી સ્વભાવનું એ કાર્ય નથી, તેથી તેને કાઢી નાખવા માટે કહ્યું છે. પુદ્‌ગલકર્મપૂર્વક થતાં હોવાથી તેને પુદ્‌ગલ કહેવામાં આવ્યા છે. આમ વાત છે, પ્રભુ ! આહા..હા...! વખત થઈ ગયો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, શ્લોક-૫૮, ગાથા–૪૧, પ્રવચન નં. ૧૭૬
## તા. ૧૨-૦૯-૧૯૬૬
## [૧૫]

'નિયમસાર' એટલે નિયમથી મુક્તિનો ઉપાય તેને 'નિયમસાર' કહે છે. આ પૂર્ણાનંદની પ્રાપ્તિ એનું નામ મુક્તિ.

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**

એ 'શ્રીમદ્'નું વાક્ય છે. 'આત્મસિદ્ધિ'. બહુ ટૂંકા શબ્દોમાં (કહ્યું છે). 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એ પર્યાયની શુદ્ધતા. આ ચાલે છે દ્રવ્યની શુદ્ધતા. આ દ્રવ્યની શુદ્ધતા છે, એ પર્યાયની શુદ્ધતા છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. આત્માની અવસ્થામાં, અનુભવમાં પૂર્ણ શુદ્ધતાનું પ્રગટવું એનું નામ મોક્ષ કહે છે અને 'તે પામે તે પંથ' જે મુક્તિ પૂર્ણાનંદ ને શુદ્ધની પર્યાય જે કારણથી, ઉપાયથી પમાય તેને મોક્ષનો પંથ કહે છે. 'સમજાવ્યો સંક્ષેપમાં' અહીં બે જ વાત છે. બીજી ગાથા છે. **'मग्गो मग्गफलं'** બીજી ગાથામાં છે. **'मग्गो मग्गफलं'** – માર્ગ ને માર્ગનું ફળ, માર્ગ ને માર્ગનું ફળ કહો કે મુક્તિ કહો. બીજી ગાથામાં આવ્યું. 'સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ' વીતરાગ પરમેશ્વરે, ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે આ બે રીતે મોક્ષનો ઉપાય ને મોક્ષ સારા સિદ્ધાંતમાં આ સમજાવ્યું છે.

અહીં પણ એ ત્યાં કહે છે. 'નિયમસાર' તેમને હાથ આવ્યું નહોતું. 'શ્રીમદ્'ને આ 'નિયમસાર' ને 'પંચાધ્યાયી' બે હાથ નહોતા આવ્યા. એટલે કહે છે, એ શુદ્ધતા તો આત્મામાં પરમ આનંદ ને અતીન્દ્રિય શુદ્ધતા પૂર્ણ ધ્રુવ પડ્યું છે એને અવલંબે પ્રગટ થઈને પૂર્ણ દશા જે થાય તેને શુદ્ધ મોક્ષ દશા કહે છે. પણ એ મોક્ષ દશાનું કારણ ધ્રુવ સ્વભાવ છે. એમ અહીંયા કહેવા માગે છે. શુદ્ધભાવ. આપણે અહીં સુધી આવ્યું, જુઓ ! **'લિંગ ત્રણ...'** ત્યાં સુધી આવ્યું છે. ઉદયભાવમાં. ત્રણ વેદનો ઉદય એ પણ મોક્ષનું કારણ નથી. ક્ષાયિકભાવ મોક્ષનું કારણ નથી તો વળી ઉદયભાવ ક્યાંથી હોય ?

**'સામાન્યસંગ્રહનયની અપેક્ષાએ મિથ્યાદર્શન એક,...'** આમ તો મિથ્યાદર્શનના અસંખ્ય પ્રકાર છે, પણ મિથ્યા નામ વિપરીત માન્યતા એની સામાન્ય સંગ્રહનયે કહીએ તો મિથ્યાદર્શન એક છે. એના પ્રકાર સ્થૂળપણે અસંખ્ય છે, સૂક્ષ્મપણે મિથ્યા અભિપ્રાયના અનંત પ્રકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. સમજાય છે ? પણ સામાન્ય સંક્ષેપમાં સંગ્રહનયે જોઈએ (તો) મિથ્યાદર્શન એક ઉદયભાવ છે, એક કાંઈ મુક્તિનું કારણ નથી.

**'અજ્ઞાન એક ને અસંયમતા એક;...'** અજ્ઞાન છે એ જ્ઞાનનો અભાવ એ કાંઈ મુક્તિનું કારણ નથી. અસંયમતા–અસંયમ, અવ્રત એ મુક્તિનું કારણ નથી. **'અસિદ્ધત્વ એક;...'** ઉદયભાવ .. અસિદ્ધપણું એ કાંઈ મુક્તિનું કારણ નથી. જુઓ ! હવે અહીં આવ્યું. **'શુકલલેશ્યા,...'** મુક્તિનું કારણ નથી, શુકલલેશ્યા એ પુણ્યબંધનું કારણ છે. સંવર અને નિર્જરાનું કિંચિત્ કારણ નથી. આ બધા વાંધા ઉઠાવે છે ને ! શુકલલેશ્યા તો અભવિને પણ હોય છે. શુકલ ધ્યાન નહિ, હોં ! શુકલ ધ્યાન જુદું ને શુકલલેશ્યા જુદી. શુકલલેશ્યા તો અભવિને અનંત વાર આવી ગઈ છે. અભવિ શુકલ દશા પ્રાપ્ત કરી નવમી ગ્રૈવેયકે અનંત વાર ગયો છે. ભવિ પણ... જે 'છ ઢાળા'માં આવ્યું.

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

એ શુકલલેશ્યા. ભવિ જીવ નવમી ગ્રૈવેયક ગયો. અભવિને લાગુ પડે એમ (લોકો) કહે છે. બધા અત્યારે ગપ્પે ગપ્પ મારનારા નીકળ્યા છે. એ..ઇ..! 'પાટનીજી' ! એ અભવિને લાગુ પડે છે, એમ કહે છે. ન્યાં તો ભવિની વાત છે, બધા જીવની (વાત છે). અનંત વાર ભવિ જીવ પણ નવમી ગ્રૈવેયકે અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા એમ શાસ્ત્રમાં લે છે. એ શુકલલેશ્યા વડે જાય. શુકલલેશ્યા વિના અંતિમ ગ્રૈવેયકમાં ન જાય. શુકલલેશ્યા શું છઠ્ઠા દેવલોકે (ન જાય). લાંતવ છે ને ? લાંતવ. ત્યાં પણ શુકલલેશ્યાવાળો જાય, બીજો ન જાય. ભલે મિથ્યાદૃષ્ટિ હો, ભલે અભવિ હો કે ભવિ પણ જેના પરિણામ શુકલ-ઉજળા પણ પુણ્ય બંધના કારણ છે, સર્વથા બંધનું કારણ છે. કિંચિત્ શુકલલેશ્યા શુભભાવ, કિંચિત્ થોડો સંવર ને થોડો નિર્જરા એમ અત્યારે ઘણા કહે છે. સમ્યગ્દૃષ્ટિની શુકલલેશ્યા સર્વથા બંધનું કારણ છે. સમજાણું કાંઈ ?

એ તો સવારમાં આવી ગયું નહોતું ? પ્રજ્ઞામાં. પ્રજ્ઞા છીણી ... આ શુકલલેશ્યા બંધનું કારણ છે, સંવર અને નિર્જરાનું જરીયે કારણ નથી. ઉદયભાવ, આ ઉદયભાવની વાત છે ને ! પણ ઉદયભાવમાં થોડો વળી જરી શુકલલેશ્યામાં ક્ષયોપશમ થોડો હોય, ક્ષયોપશમ થોડો હોય, એમ કહે છે. સર્વથા શુભભાવમાં બંધ નહિ.

આ બધા વાંધા એમાં ઉઠ્યા છે ને ! અનેકાંત (કરો). પણ અનેકાંત શી રીતે ? કથંચિત્ શુભભાવે નિર્જરા, આ 'જયધવલ'માં આવે છે કે નહિ ? 'જયધવલ'માં પહેલું આવે છે. શુદ્ધ ને શુભ વિના જો નિર્જરા ન થાય તો બીજો ઉપાય નથી. એ તો પ્રમાણનું જ્ઞાન કરાવ્યું છે. શુદ્ધથી નિર્જરા થાય છે ત્યાં શુભભાવ એ ભૂમિકામાં મુનિને કેવો હોય છે, એ જ્ઞાન કરાવ્યું. સમજાણું કાંઈ ? એ..ઇ...એ 'પંડિતજી' ! અમારે 'હિંમતભાઈ'ને ન્યાં 'મુંબઈ' બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જવાબ દેવા પડે ને ! આહા..હા..! કહો, સમજાય છે ?

એ શુભ લેશ્યામાં પદ્મલેશ્યાવાળા પાંચમા દેવલોક સુધી જાય છે અને શુકલલેશ્યાવાળા છઠ્ઠે સુધી (જાય છે). લાંતવ દેવલોક છે ને ? નવમી ગ્રૈવેયક. મિથ્યાદૃષ્ટિની વાત છે, હોં ! સમકિતી શુક્લ લેશ્યાવાળો હોય, કોઈ મુનિ હોય તો સર્વાર્થસિદ્ધમાં ચાલ્યા જાય. પણ છે શુકલલેશ્યા બંધનું કારણ, કિંચિત્ સંવર-નિર્જરાનું કારણ નથી. 'અમરચંદભાઈ' ! શુકલલેશ્યા અભવિને અનંત વાર આવી ગઈ. નથી દાખલો પેલો ઝાડનો ? ઝાડ (ઉપરના) ફળ ખાય છે. એમાં શું ? શુભભાવ કષાય મંદ, કષાય મંદ એ કાંઈ ધર્મ નથી ને ધર્મનું કારણ પણ નથી. માટે, અહીં આચાર્ય મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' મૂળ પાઠનો, અર્થનો વિસ્તાર કરે છે.

'**પદ્મલેશ્યા,...**' એ શુભ છે, હોં ! **પીતલેશ્યા,...**' એ શુભ છે. '**કાપોતલેશ્યા, નીલલેશ્યા ને કૃષ્ણલેશ્યા...**' એ અશુભ છે. છએ લેશ્યા ઉદયભાવે છે. શુભભાવ પણ ઉદયભાવે છે. શુભ. પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ એ ઉદયભાવે છે. સમ્યગ્દૃષ્ટિને પણ જે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ ઉઠે છે એ ઉદયભાવે છે, એ ઉદયભાવ બંધનું જ કારણ છે. 'બંધકરા ઉદયઃ'. 'પંડિતજી' ! 'ઉદયા બંધકરા'. 'સમયસાર', 'દ્રવ્ય સંગ્રહ' બધે ઠેકાણે છે. હવે એને શુભભાવને (મુક્તિનું કારણ ઠરાવવું છે). એ..ઇ ! 'દેવાનુપ્રિયા' ! 'ધન્નાલાલજી' ! હવે આ બધા વાંધા ઉઠ્યા છે. એક તો વાંધા એ કે કર્મથી વિકાર માને નહિ તો તમે ભૂલ મોટી કરો છો. એ.. વાંધા. પણ વિકાર પોતે કરે ત્યારે નિમિત્ત હોય. કર્મ વિકાર (કરાવે) ? 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ' બોલે ખરા ભગવાનની સ્તુતિમાં. પણ જ્યાં અર્થ કરે, કર્મનો ઉદય આકરો આવે તો વિકાર કરવો જ પડે. ઊંધુ હાંકે છે.

**શ્રોતા :–** એ આર્ષ-વાંક્ય નથી !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું આર્ષ-વાક્ય નથી !? નથી. ભક્તિનું વાક્ય છે ને, એ આર્ષ વાક્ય નથી - એમ લોકો કહે છે. 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્ય' ૬૨મી ગાથામાં કહે છે આર્ષ. મુનિ ઋષિ છઠ્ઠા ગુણસ્થાનવાળા કે, આત્માના ષટ્કારકે વિકારની પર્યાય જીવમાં પોતાથી થાય છે. લ્યો ! આર્ષ-વાક્ય ! નિરપેક્ષ, નિશ્ચિયથી નિમિત્તની અપેક્ષા વિના જીવમાં વિકાર ષટ્કારથી પોતાથી થાય છે. એ તો મોટી ચર્ચા આવી, ન્યાં શું કહેવાય ઇ ? મધુવનમાં ઓરડામાં એક કલાક ને દસ મિનિટ (ચાલી). બિલકુલ વિકાર નિશ્ચયથી નિરપેક્ષ આત્માથી થાય છે. સમજાય છે કાંઈ ? એ વાંધા. હાય..હાય..! આ તો અમે અત્યાર સુધી માનીએ છીએ તો અમારે હિસાબે તમારી (બધી વાત) ખોટી. અમારે હિસાબે તમારી ખોટી. લાખ વાર ખોટી તારે હિસાબે, લે ! અમારે હિસાબે તારી અનંત વાર ખોટી. 'શાંતિભાઈ' !

અહીં કહે છે કે ભાઈ ! તને ખબર નથી પ્રભુ ! 'પ્રવચનસાર'ની તો વાત કરી હતી ૧૦૧ ગાથામાં. પણ ભાઈ કહે છે ને ? 'દીપચંદજી' 'ચિદ્વિલાસ'માંથી કાઢીને. ***પર્યાયનું કારણ, પર્યાયની સત્તા, ગુણ વિના પર્યાયનું કારણ પર્યાય છે. પર્યાયની સત્તાનું ગુણ વિના***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પર્યાય, પર્યાયનું કારણ છે, એમ છે. વસ્તુ એમ છે. સમજાણું કાંઈ ?*** શું 'ધન્નાલાલજી' ! ***એક સમયની પર્યાય, પર્યાયની સત્તા–હોવાપણું, દ્રવ્ય અને ગુણ વિના પોતાથી થવાનું કારણ અને કાર્ય છે. એવું વસ્તુનું પર્યાય સ્વરૂપ છે.*** 'પ્રવચનસાર'માં એમ કહ્યું છે, એમાંથી 'દીપચંદજી'એ 'ચિદ્‌વિલાસ'માં કાઢ્યું છે. છે કે નહિ એ..ઇ...! ક્યાં ગયું 'ચિદ્‌વિલાસ' ? નથી અહીં. બધા ક્યાંથી અહીં હોય, પણ આ કબાટમાં જ પડ્યા છે ને બધા. કહો, સમજાણું આમાં ?

ભગવાનઆત્મા પોતાની પર્યાય, પોતાની છે ને એ તો; પોતાની એટલે અપની. ભાષા ગુજરાતી છે. અપની પર્યાયમાં કહો કે પોતાની પર્યાય, પોતાની એટલે અપની એમ શબ્દ થોડો ફેર છે. સોમવારથી હિન્દી થશે. એ ત્યાંથી આવવાના છે ને. આ થોડા છે તો હમણાં ગુજરાતી છે. એ કારણ-કાર્યનો અધિકાર છે ને ? ભાઈ ! એ એક સમયમાં કારણ-કાર્ય ત્રણ પ્રકારે એમ એમણે અધિકાર લીધો છે. સમજાણું ? એક સમયમાં કારણ-કાર્ય. એક સમયમેં કારણ-કાર્યમા ત્રણ ભેદ. બહુ સરસ વાત લીધી છે. 'પ્રવચનસાર' નય સિદ્ધાંતનું સ્પષ્ટ કરી નાખ્યું છે. એક સમયમાં કારણ-કાર્ય, જુઓ ! પર્યાય કા કારણ પર્યાય હી હૈ. 'રામસ્વરૂપજી' ! 'અમરચંદભાઈ' ! આ 'ચિદ્‌વિલાસ' 'દીપચંદજી'નું જોયેલું. પહેલાના જ્ઞાનીની તત્ત્વની વસ્તુ એ જ લખી છે. પણ લોકોને વાંચન નથી અને નિસ્પૃહ દૃષ્ટિ નથી અને પોતાનો આગ્રહ રાખીને (વાંચે). પર્યાયકા કારણ પર્યાય હી હૈ. આ બધા ચિહ્ન વાંચીને બધે કરી રાખ્યા છે.

પર્યાય કી સત્તા, પર્યાય કી સત્તા, પર્યાયનું હોવાપણું, ગુણ વિના હી પર્યાયકો કારણ હૈ. એ... 'દેવાનુપ્રિયા' ! 'સુરેન્દ્રજી' ! આ તો ઘણા વખતથી આવે છે. આ તો (સંવત) ૧૯૭૧થી માંડી છે. ૫૧ વર્ષ થયા. સમજાણું કાંઈ ? ત્યાં તો આ વાંચ્યું પણ નહોતું, આ બધું શાસ્ત્ર, બાસ્ત્ર તે દિ' તો. એક 'ભગવતી સૂત્ર' જોયું ત્યાં અંદરથી. ઓહો..! વિકાર પોતાથી થાય છે, પુરુષાર્થથી (થાય છે), કર્મ નિમિત્તમાત્ર છે. કર્મ વિકાર કરાવતું નથી. પુરુષાર્થથી વિકાર ટાળી શકે છે, ઉલટાથી કરે છે ને સુલટાથી ટાળી શકે છે. આ વાત. જુઓ ! પર્યાય... એકોએક ગાથામાં એ જ છે. ભાઈ ! ત્રણ ધર્મનું અવલંબન લીધું ને. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણ પોતાના ધર્મને અવલંબે છે, ત્રણ પોતાના ધર્મને અવલંબે છે. સમજાણું ? ૧૦૧માં છે એનો અહીં ખુલાસો કર્યો છે. પર્યાયની સત્તા, દરેક દ્રવ્યની પર્યાયની સત્તા, ચાહે તો શુદ્ધ હો કે અશુદ્ધ હો, પર્યાયની સત્તા... પછી અલ્પવિરામ કર્યો છે. ગુણ વિના હી, ગુણ વિના હી પર્યાય કા કારણ હૈ. આહા..હા..! ગુણ વિના હી પર્યાયનું થવું, પર્યાયનું કારણ ગુણ વિના હી, પર્યાયનું હોવું, પર્યાયનું કારણ પર્યાય છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ. અપની પર્યાયસે બહુત હૈ, કર્મ તો ક્યા રહા ? વાત ઇ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, છે. સ્વતંત્ર સત્તા છે, 'દેવાનુપ્રિયા' !

**શ્રોતા :–** લખેલું કોનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લખેલું ભગવાનનું. એમ કહે છે, આ તો 'દીપચંદજી'નું લખેલું છે. 'પ્રવચનસાર' ... તમારે, ભાઈ ! આ તો સત્તા શબ્દ પડ્યો હતો ને એટલે જરી તમને એ બતાવ્યું. સમજ્યા ને ? જુઓ ૧૦૧. 'ભંગ-ઉત્પાદ-દ્રવ્ય લક્ષણે, પોતાના ધર્મને આલંબિતા' ઉત્પાદ, ઉત્પાદને અવલંબે, વ્યયને વ્યય ને અવલંબે ને ધ્રુવને ધ્રુવ અવલંબીને તે ત્રણપણું ટકી રહ્યું છે. '**ભંગ-ઉત્પાદ-ધ્રૌવ્યસ્વરૂપ નિજ ધર્મો વડે આલંબિત...**' એનો અર્થ ઇ છે. ***ધ્રુવને અવલંબીને ધ્રુવ, પર્યાયને અવલંબીને પર્યાય, ઉત્પાદને અવલંબીને ઉત્પાદ, વ્યયને અવલંબીને વ્યય. સત્ ત્રણના અંશો છે, એ સ્વતંત્ર છે. આ તો મહા સિદ્ધાંતો છે,*** 'કુંદકુંદાચાર્ય'ના શાસ્ત્રો એટલે એકલા અધ્યાત્મના, સત્‌ના ભંડાર મોટા છે. ખોલો ખોલો એટલું ખીલી નીકળે એવું છે. સમજાય છે કાંઈ ? પણ દૃષ્ટિ જરી સુધારીને મધ્યસ્થથી શું કહેવા માગે છે એમ જોવે (તો સમજાય).

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોય નહિ, સત્ અંશ છે. અને અમસ્તુ પણ નહોતું કહ્યું ? પર્યાયનું નહોતું કહ્યું ? કહ્યું હતું ને ? સ્વયંસિદ્ધ અહેતુક છે. અકારણ મુક્યું છે ને ? અકારણ મુક્યું છે. જુઓ ! પાઠ. સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. ***સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જેની એક ક્રિયા છે. અહેતુક કહો, અકારણ કહો, સ્વયંસિદ્ધ કહો.*** નીચે પંડિતજીએ અર્થ કર્યો છે. જાણવું, જ્ઞપ્તિ એટલે જાણવું, જાણન ક્રિયા અથવા અહેતુક. ***જેનું કોઈ કારણ નથી એ રીતે. અકારણ સ્વયંસિદ્ધ, પર્યાય સ્વયંસિદ્ધ, ગુણ વિના સ્વયંસિદ્ધ.*** આરે...! રાડ નાખી જાય એવું છે ને !

અનંત પરમાણુઓ છે આમ, એક સમયમાં અનંત પરમાણુમાં એક સમયમાં શીત પર્યાય વર્તમાન (હોય), બીજા પરમાણુમાં ઉષ્ણ પર્યાય (હોય). એ પરમાણુમાં બીજે સમયે શીતનો વ્યય થઈને ઉષ્ણ થઈ, આમાં ઉષ્ણનો વ્યય થઈને શીત થઈ, કારણ કોણ ? કારણ કોણ ? આમ તો નિમિત્ત બધાને સરખું છે. દ્રવ્ય, ગુણ બધાના સરખા છે. સમજાય છે કાંઈ ? ઇ કહ્યું હતું, (સંવત) ૨૦૦૩ સાલમાં. ત્રીજી સાલમાં .... સત્‌નું સ્વરૂપ એવું છે. કારણ કોણ ? લાવો, તમે ન્યાય આપો. અનંતા પુદ્ગલ પડ્યા છે, વર્તમાન સુધી આવ્યા છે, કોઈ બીજે સમયે ગયા છે ? તો અનંતા પુદ્ગલોમાં કેટલાક પરમાણુઓ વર્તમાન શીત પર્યાયપણે પરિણમેલા છે. એટલા જ પરમાણુ ઉષ્ણપણે પરિણમેલા છે, આટલી વાત. હવે, શીતની ઉષ્ણ પર્યાય બીજે સમયે થાય, આની ઉષ્ણની શીત થાય એમ પરમાણુનો સ્વભાવ છે, કારણ કોણ ? કાળ તો બધાને છે. દ્રવ્ય, ગુણ કારણ કહો તો દ્રવ્ય-ગુણ બધાને સરખું જ છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સદૃશ છે. એ.. 'હીરાલાલજી' ! ભાઈ ! આ તો જૈન દર્શન છે. આ કાંઈ કોઈ કલ્પિત તત્ત્વ (નથી). ***સત્, સત્‌ના પોકાર છે. સત્ જાહેર થાય છે. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, પર્યાય સત્ જાહેર થાય છે. અમે પોતાના સ્વતંત્રથી પર્યાય સત્ જાહેર થાય છે !*** 'ધન્નાલાલજી' ! 'ચંદુભાઈ' ! એ પ્રમાણે જડમાં જ્યારે સ્વભાવ આવે છે (તો) બધા દ્રવ્યનો એવો સ્વભાવ છે એમ સમજવું. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે આવા ઉદયભાવના જેટલા પ્રકાર હોય એ બધા બંધના કારણ છે. એ ઉદયભાવ પોતાથી થાય છે, એમ અહીં જરી ભાષા આવી. ઉદયભાવ છે ને આ ? પોતાનો પર્યાય ઉદયનો પોતાથી થાય છે. ષટ્કારક પોતાથી છે. કર્તા પર્યાયનો વિકારનો, પર્યાયમાં ષટ્કારક. આહા..હા..! એ..ઇ...! 'ચંદુભાઈ' ! 'ચિદ્‌વિલાસ'માં તો એક એક ગુણમાં ષટ્કારક ઉતાર્યા છે. એક એક ગુણમાં ષટ્કારક. એક જ્ઞાન ગુણ, એક દર્શન ગુણ, એક આનંદ ગુણ એમ પર્યાયના ષટ્કારક. ***ગુણના ષટ્કારક છે એમ પર્યાયના ષટ્કારક (છે). એના સ્વતંત્ર કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. એવું જ કોઈ વસ્તુનું સત્, સત્ પ્રસિદ્ધ સ્વરૂપ છે. એનો જ્યાં સુધી યથાર્થ નિર્ણય નહિ કરે ત્યાં સુધી પૂર્ણ સત્ ઉપર એની દૃષ્ટિ જશે નહિ.*** સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** દિવ્યધ્વનિમાં એ કહ્યું છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દિવ્યધ્વનિમાં આ આવ્યું છે. ભગવાનની વાણીમાં આ આવ્યું છે. એ..ઇ..! 'ન્યાલભાઈ' ! આ બધા ભેદને લીધે લેશ્યા એ ઉદયભાવ છે, ઉદયભાવ છે. એ ઉદયભાવ મોક્ષનું કારણ નથી અને ઉદયભાવ પોતાથી પોતામાં થયેલો છે. ભલે કર્મ નિમિત્ત છે એક વસ્તુ, પણ એ નિમિત્ત છે માટે થયું (એમ નથી). બીજી ભાષાએ જુઓ ! એક જરીક સિદ્ધાંત (છે) કે ઉદયનું સત્‌પણું પર્યાયનું કર્મમાં છે. એ ઉદય છે એ પર્યાય છે ને ? કર્મના ઉદયની એક પર્યાય જડ છે, ઉદય. તો એકના સત્‌ને લઈને અહીંનો અંશ સત્ થાય, આ અંશને લઈને આ અંશ થાય એમ હોય શકે નહિ કોઈ દિ'. એક અંશને લઈને અહીં સત્‌નો અંશ વિકારનો થાય (એમ બને નહિ). અહીં ઉદય છે એ સત્ છે એ પર્યાય છે કર્મની, દ્રવ્ય, ગુણ નથી. ઉદય છે તે જડની એક પર્યાય છે, ઉદય છે તે જડની એક પર્યાય છે. કર્મરૂપ પરિણમેલા પુદ્‌ગલો છે, તો પુદ્‌ગલોમાં કર્મની પર્યાયરૂપે પરિણમેલો પર્યાય છે, એ એક એક પરમાણુમાં કર્મરૂપે પરિણમેલો પર્યાય છે. એમ નહિ કે અનંતા ભેગા છે માટે ભેગું થઈને (થાય છે), એમ નહિ.

એક એક પરમાણુ કર્મપણે પરિણમેલો છે, એવા અનંતા પર્યાયપણે પરિણમેલા એ પર્યાયનું અસ્તિપણું છે. તો બીજા દ્રવ્યના અસ્તિત્વના અંશને લઈને અહીં ગુણની વિપરીતતાનો અંશ એના સત્‌ને લઈને અહીં સત્ હોય એમ નહિ. એ તો ઉપાદાન થઈ જાય છે. પોતાના કારણે છે ત્યારે પેલા અંશને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! 'પંડિતજી' ! વાળની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખાલ ને ખાલની ખાલ. આહા..હા..! એ વસ્તુ તો એવી બાપુ ! છે ને, પ્રભુ ! એવી વસ્તુ છે, ભાઈ ! એ તારે માનવું પડશે. શું કરીએ ? આ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એ... 'પાટનીજી' ! લ્યો !

હવે, **'પારિણામિકભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે.'** પહેલા ક્ષાયિકના આવી ગયા. ક્ષયોપશમના, ઉપશમના ને ઉદયના. **'જીવત્વપારિણામિક,...'** જીવત્વપારિણામિક. એ ત્રિકાળી. **'ભવ્યત્વપારિણામિક અને અભવ્યત્વપારિણામિક.'** એ ત્રિકાળી, છે ત્રિકાળી પણ ભવ્યત્વનો પાક થઈને... **'આ જીવત્વપારિણામિકભાવ ભવ્યોને તેમ જ અભવ્યોને સમાન હોય છે; ભવ્યત્વપારિણામિકભાવ ભવ્યોને જ હોય છે; અભવ્યત્વપારિણામિકભાવ અભવ્યોને જ હોય છે. આ રીતે પાંચ ભાવોનું કથન કર્યું.'** હવે પાંચ ભાવમાં હોય કોને એમ વાત કરે છે અને પછી કારણ મોક્ષનું કોણ એ પછી કહેશે.

**'પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ...'** જુઓ ! ક્ષાયિકભાવ જે ધ્રુવમાં નથી, શુદ્ધભાવમાં નથી, પરમપારિણામિકભાવમાં ક્ષાયિકભાવ નથી અને એ ક્ષાયિકભાવ મોક્ષનું કારણ નથી, એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! હજી તો પેલો શુભ રાગ એનાથી ક્ષાયિક સમકિત થાય, આવા લેખો આવે છે શાસ્ત્રમાં-જૈનગેજેટમાં, જૈન દર્શનમાં. અરે..! ભગવાન ! શું કરે છે ? બાપા ! આકરું પડશે, ભાઈ ! અત્યારનો સમાજ બિચારા ભોળાભટ્ટ, કાંઈ ખબર ન મળે. એની પાસે તું મનાવવા જાઈશ, બાપા ! આકરા પડશે, હોં ! આહા..હા..! એ તત્ત્વની દૃષ્ટિનું ખુન થાય છે, ભાઈ ! એ તને ખબર નથી. આહા..હા..! એ શુભ જોગ ભાઈ ! ઉદયભાવ છે, પ્રભુ ! એ ઉદયભાવથી ક્ષાયિક સમકિત ન થાય. બાપુ ! ક્ષાયિક સમકિત ક્ષયોપશમભાવથી પણ ન થાય. ક્ષાયિક સમકિત પારિણામિકભાવના આશ્રયે થાય છે. આહા..હા..! ભારે વાત, બાપુ ! ભાઈ ! એ પ્રભુ આવું સ્વરૂપ છે એવું. તારે કબુલ કરવું પડશે નહિતર મહા તત્ત્વનો વિરોધક જગતમાં ચાર ગતિમાં ભટકશે. સમજાય છે ?

***ભગવાન તો કહે છે કે તત્ત્વનો વિરાધક તે નિગોદનો આરાધક. તત્ત્વનો આરાધક તે મોક્ષનો આરાધક.*** વચમાં ચાર ગતિ જે છે એ તો શુભાશુભ પરિણામની ગતિ છે. શું કહ્યું ? ચાર ગતિ છે એ તો શુભાશુભનું ફળ છે, અશુભનું નરક ને તિર્યંચ, શુભનું મનુષ્ય ને દેવ. પણ ખરું તો તત્ત્વ સ્વરૂપ જે છે એનું આરાધન તે મોક્ષનું કારણ છે. બે સામે સામી ચીજ છે. મોક્ષ પણ અનંતજીવ છે, અનંત આનંદ છે. અહીં નિગોદમાં એક શરીરમાં અનંત છે, અનંત દુઃખ છે, અનંત સંખ્યા છે, સામે સામે બે છે. તત્ત્વનો વિરાધક એ નિગોદનો આરાધક છે. તત્ત્વનો આરાધક એ મોક્ષનો આરાધક છે. વચમાં શુભાશુભ પરિણામ ચાર ગતિનું કારણ છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો વસ્તુ એવી છે, ભાઈ ! બાપુ ! શું થાય ? એ એ રીતે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાદ-વિવાદ કરીશ તો બાપા ! એમાં નહિ પત્તો ખાય. વસ્તુની સ્વતંત્રતા અને એની વિરોધતા કરી તો અહીં જગતમાં ચાલશે પણ બાપુ ! તને ખટકશે. એના બંધન બહુ આકરા છે, પ્રભુ ! ભાઈ ! એ દુનિયા ભલે માને, પંડિતો હા પાડે, ત્યાગીઓ હા પાડે એથી શું થયું ? ચીજ કાંઈ પલટી જાય ? સત્ય તો સત્ય જ રહેવાનું છે. સમજાણું કાંઈ ?

મિથ્યાશ્રદ્ધાના ફળ પ્રભુ ! બહુ આકરા છે, ભાઈ ! એ નિગોદની પર્યાય, બાપા ! એ નરકના દુઃખ કરતા નિગોદની પર્યાયમાં અનંતુ દુઃખ છે. એમ ન સમજ કે એને સંયોગ પ્રતિકૂળ નથી માટે દુઃખ થોડું છે. ***સંયોગનું દુઃખ કોઈને હોઈ શકે જ નહિ. નારકીના દુઃખ પંચેન્દ્રિય છે એટલે લોકોને સંયોગ બહુ પ્રતિકૂળ એટલે દુઃખ ભાસે છે. સંયોગનું દુઃખ છે જ નહિ. પોતાની પર્યાયમાં વિપરીત મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું જ દુઃખ છે અને તેથી નિગોદની અંદરમાં મિથ્યાત્વની તીવ્રતા ને રાગ-દ્વેષની તીવ્રતા તેનું એને દુઃખ છે. સંયોગનું દુઃખ છે જ નહિ.*** તેથી, ભગવાન આચાર્ય કહે, ‘ભાવકલંક પ્રચૂર’ નિગોદમાં ભાવની કલંકની પ્રચૂરતા લઈને એ પડ્યા દુઃખી છે, એમ કહ્યું છે. કર્મની પ્રચૂરતા છે માટે (પડ્યા છે), એમ નહિ. કર્મ તો પર વસ્તુ છે. સમજાણું કાંઈ ? ‘કેસરીચંદજી’ !

વસ્તુ સ્થિતિ આ છે. શ્રદ્ધામાં મહાન કિંમત છે. સમ્યગ્દર્શન.. અહીં બોલ્યા હતા ને ? ભાઈ ! ‘શ્રાવક રત્નાકરંડાચાર’. સમકિત સમાન એવું, મિથ્યા સમાન એવું.... એવું કંઈક એક ફેરી બોલ્યા હતા. ‘શ્રાવક રત્નાકરંડાચાર’ સમકિત સમ નહિ... મિથ્યાત્વ સમાન કોઈ મહા દુઃખનું કારણ નથી, સમકિત સમાન કોઈ સુખનું કારણ નથી. એની કિંમત નથી. બાપુ ! સમકિત એટલે કહ્યું. આત્મા આખો મોક્ષ સ્વરૂપ એને કબુલ થઈ ગયો. સમજાય છે ? ભાવબંધ છે પર્યાયમાં મારાથી, એ સ્વરૂપમાં નથી. કહો, સમજાય છે કાંઈ ? મારા સ્વરૂપમાં,...

આ એ તો વાત કરે છે. સ્વરૂપમાં નિમિત્તના ગૌરવ તો નથી પણ સ્વરૂપમાં ક્ષાયિકભાવ નથી. આહા..! આ તે કાંઈ કબુલાત કેટલી છે !! શ્રદ્ધાએ આખો ડુંગર ઉપાડ્યો છે, આખો. જેમ કહ્યું છે ને ‘જયસેનાચાર્યે’ ? હે નાથ ! ‘કુંદકુંદાચાર્યે’ ‘સમયસાર’ પ્રાભૃતરૂપી મોટો પર્વત ઉપાડ્યો છે અને ઉપાડીને ભેટ કર્યો ભવ્યજીવને. છે ને એ ટીકામાં ? છેલ્લા ભાગમાં છે, સંસ્કૃત ‘સમયસાર’ ટીકા. આપણે તો એમાંથી લેવું છે ને ! સમયપાહુડમાં હોં,... આ ‘જયસેનાચાર્ય’ ‘જય હો ઋષિ પદ્મનંદી !’ પદ્મનંદી એટલે ‘કુંદકુંદાચાર્ય’ ... જેણે મહા તત્ત્વરૂપી પ્રાભૃતનો પર્વત ઉપાડ્યો જ્ઞાનમાં, અંદરમાં પર્યાયમાં, ..... બુદ્ધિરૂપી લક્ષ્મીએ જેને આખો સમયસાર, ભગવાનની વાણીમાંથી સાર જેણે ઉતર્યો, ... ભવ્ય જીવને આપી દીધો. લે આ માર્ગ...! સમજાય છે કાંઈ ?

એ ગાથા છે, હોં ! ચિહ્ન કર્યા છે. આહા..હા..! જય હો ઋષિ ! સમજ્યા ને ? કહો, કેટલી વાતું મુકી છે ! પદ્મનંદી .... બુદ્ધિરૂપી લક્ષ્મીથી ભગવાનના ચૌદ પૂર્વ બાર અંગમાંથી કાઢી સમયસાર ..... પાત્ર ભવ્ય જીવને (સમર્પિત કર્યો) ભાઈ ! આ ભેટણું લે, પ્રભુ ! આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'સમયસાર' લે ! એ ભેટણા વિના તારી મુક્તિ થશે નહિ. આહા..હા..! સમજાણું ? .... એમ કહ્યું છે, હોં ! .... આનો અનુભવ અંદર અભ્યાસ કરશે એ મુક્તિ-લલનાને વરશે. સમજાણું ? અંદર અભ્યાસ, હોં ! આ શાસ્ત્રના એકલા પાનાનો નહિ. સમજાય છે કાંઈ ?

કહે છે, એ **'પાંચ ભાવો મધ્યે ક્ષાયિકભાવ કાર્યસમયસારસ્વરૂપ છે;...'** શું કહ્યું ? ક્ષાયિકભાવ કાર્યસમયસાર છે અને ધ્રુવભાવ, શુદ્ધભાવ કારણસમયસાર છે. શું કહ્યું ? શું કહ્યું એટલે ક્યા કહા એમ સમજના. ગુજરાતી ભાષામાં બહુ ફેર નથી. શું કહ્યું ? એટલે ક્યા કહા. એક ક્ષાયિકભાવ **'પાંચ ભાવો મધ્યે...'** પાંચ ભાવ થયા ને ? પરિણામિક, ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમ ને ઉદય. પાંચમાં કાર્યસમયસારરૂપ ક્ષાયિકભાવ છે. પર્યાયમાં સિદ્ધની કે કેવળજ્ઞાનીની પૂર્ણ દશા પ્રગટ થઈ એ કાર્યસમયસાર. પર્યાય છે ને ? પર્યાય એટલે કાર્ય, પર્યાય એટલે કાર્ય અને ત્રિકાળ ધ્રુવ તે કારણ. સમજાય છે કાંઈ ? પેલી પૂર્વની પર્યાય કારણ ઉડાવી દેવી, એ તો વ્યવહાર કારણ છે. ત્રિકાળ કારણ ભગવાન શુદ્ધ પ્રભુ એને અમે કારણ જીવ કહીએ છીએ, એને કારણપરમાત્મા કહીએ છીએ કે જેના આશ્રયે કાર્યદશા પ્રગટ થાય છે. એ કારણ ઇ છે. આ જે વાંધા ઉઠ્યા વ્યવહાર કારણ ને નિશ્ચય કાર્ય, ધૂળ કારણ ને આ હવે, સાંભળને. 'ચંદુભાઈ' !

**'કાર્યસમયસારસ્વરૂપ છે...'** કોણ ? ક્ષાયિકભાવ. આ નવ બોલ કહ્યા ને ? ક્ષાયિક સમકિત, યથાર્થચારિત્ર, દર્શન અને પાંચ લબ્ધિ એ ક્ષાયિક કાર્ય છે, પર્યાય સ્વરૂપ છે, સિદ્ધ દશા પર્યાયસ્વરૂપ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન પર્યાય સ્વરૂપ છે, પર્યાય કહો કે કાર્ય કહો. એ કાર્યનું કારણ શુદ્ધ ધ્રુવ ત્રિકાળ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? એનું કારણ કોઈ ઉદય, ઉપશમ, ક્ષયોપશમ છે નહિ. આહા..!

કેવો છે ક્ષાયિકભાવ ? **'ત્રિલોકમાં *પ્રક્ષોભના હેતુભૂત...'** અહીં તીર્થંકરને લીધા છે. આ..હા..! 'પ્રક્ષોભ' સમજાય છે ? ખળભળાટ. ભગવાનને જ્યાં કેવળજ્ઞાન થાય છે (ત્યારે) ચૌદ બ્રહ્માંડમાં જરી શાતાનો (અનુભવ થાય છે). નરકના જીવને જરી શાતા થઈ જાય. જુઓ ! એક અલૌકિક વસ્તુ (છે) ! એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ત્યાં પણ એવો શાતાનો ઉદય એ ક્ષણે ઉપાદાનમાં આવે છે. ભગવાનનું કેવળજ્ઞાન, કેવળજ્ઞાન ને અનંત આનંદ જ્યાં પ્રગટ્યું કાર્યસ્વરૂપ, એક સમયમાં... આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં, ભેટામાં પકડી લીધા. આવે છે ને ભાઈ ! 'પ્રવચનસાર'માં. અક્રમે પકડ્યા. એવું આવે છે 'સમયસાર'માં, હોં ! લોકાલોકને ભગવાને અક્રમે પકડ્યા અને લોકાલોક પણ અક્રમે અર્પ્યા, સમર્પણ કર્યું. લોકાલોક એક સમયમાં અપર્ણ કર્યા, આખા લોકાલોક દ્રવ્ય, ગુણ, પર્યાય અર્પી દીધી અને એક સમયમાં પહોંચી વળ્યું.

**શ્રોતા :–** ગ્રહણ કર્યો અને પરિણમ્યા !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ગ્રહણ કરીને પરિણમ્યા છે. ગ્રહણ ક્યાં પકડવામાં તો આવતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી ક્યાંય ! એ રૂપે પરિણમન થયું. એ તો ભાષા (એવી છે).

એવું કાર્યસમયસાર ત્રણલોકમાં પ્રક્ષોભના હેતુભૂત. **'ખળભળાટ (તીર્થંકરના જન્મકલ્યાણકાદિ પ્રસંગે ત્રણે લોકમાં આનંદમય ખળભળાટ થાય છે.)'** એ અતીન્દ્રિય આનંદ નહિ, હોં ! શાતા ! અતીન્દ્રિય આનંદ થઈ જાય એકવાર તો થઈ રહ્યું, એ તો મુક્તિ થઈ જાય. ભગવાનના જન્મ કલ્યાણથી જીવને અતીન્દ્રિય આનંદ થઈ જાય તો તો ભગવાન જન્મ કલ્યાણકાદિ પાંચ કલ્યાણકો તો અનંતા તીર્થંકરોના થઈ ગયા. એક સમય અતીન્દ્રિય આનંદનો અનુભવ થયો તો એની મુક્તિ થઈ જાય. એ આનંદ એટલે શાતા. સમજાણું કાંઈ ?

**'ત્રણલોકમાં આનંદમય ખળભળાટ,...' 'તે પ્રક્ષોભના હેતુભૂત તીર્થંકરપણા વડે પ્રાપ્ત થતા સકળ-વિમળ કેવળજ્ઞાનથી યુક્ત...'** ભગવાન. સકળ વિમળ કેવળજ્ઞાન. **'તીર્થનાથને (તેમ જ ઉપલક્ષણથી સામાન્ય કેવળીને) અથવા સિદ્ધભગવાનને હોય છે.'** ત્રણેને કેવળજ્ઞાન કાર્યસમયસાર કહ્યા છે. કાર્યપરમાત્મા, કાર્યસમયસાર તીર્થંકરની પર્યાયને કહ્યા, સામાન્ય કેવળીની પર્યાયને કહ્યા અને સિદ્ધની પર્યાયને કહ્યા. એ એક વાત લીધી. આ ચાર કોને હોય એટલી વાત. ક્ષાયિક એમને હોય છે. **'ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવો સંસારીઓને જ હોય છે, મુક્ત જીવોને નહિ.'** મુક્ત જીવને ક્ષાયિકભાવ (છે). પછી મુક્ત કેવળી હો કે મુક્ત તીર્થંકર હો એ તો મુક્ત છે, તેરમે ભાવ મુક્તિ છે.

**'પૂર્વોક્ત ચાર ભાવો...'** લ્યો ! હવે આવ્યું. પૂર્વ ઉક્ત, પૂર્વે કહેલા ચાર ભાવો, **'આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** ભારે ભાષા. પાઠમાં એમ છે ને **'णो खइयभाव' 'णो खइयभावठाणा'** આહા...! ક્ષાયિકભાવ જીવમાં નથી, ધ્રુવમાં નથી, સચ્ચિદાનંદ શુદ્ધભાવમાં નથી. એથી એ ચાર ભાવ આવરણ સંયુક્ત, આવરણ નામ જેને કર્મના નિમિત્તની ને નિમિત્તના અભાવની અપેક્ષા આવે છે. અથવા ક્ષાયિકભાવનો આશ્રય લક્ષ કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. તો કહે છે કે ચાર ભાવ **'આવરણસંયુક્ત હોવાથી...'** ગજબ વાત છે કે નહિ ? આહા..હા..! ક્ષાયિક કેવળજ્ઞાન આવરણસહિત, કઈ અપેક્ષાએ ? - કે કેવળજ્ઞાન સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે અને વ્યવહારનયનો વિષય અંશ છે, ત્રિકાળ અંશી નથી, અંશ છે. અંશનો આશ્રય કરવા જાય, પોતાને નથી પણ બીજાનો આશ્રય કરે તો એને વિકલ્પ ઉઠે છે અને પોતામાં પણ ક્ષાયિક સમકિત હોય, પોતામાં સમજે ? અપનેમેં. ક્ષાયિક સમકિતનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઉઠે છે. માટે **'ચાર ભાવ આવરણસંયુક્ત હોવાથી મુક્તિનું કારણ નથી.'** ત્યારે (મુક્તિનું કારણ) કોણ ?

**'ત્રિકાળનિરૂપાધિ...'** જુઓ ! ત્રિકાળનિરૂપાધિ. ભગવાન એક સમયમાં, એક સમયની અવસ્થા સિવાયનું **'ત્રિકાળનિરૂપાધિ જેનું સ્વરૂપ છે...'** જેનું સ્વરૂપ એટલે શુદ્ધ. **'એવા નિરંજન નિજ પરમ પંચમભાવની...'** એવો નિરંજન, નિજ પોતાનો પરમ પંચમભાવ, એમ. પાછો ભગવાનનો પંચમભાવ નહિ. **'(-પારિણામિકભાવની ભાવનાથી...'** એ પારિણામિકભાવની,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પારિણામિકભાવ એ શુદ્ધભાવ ધ્રુવ, ભાવનાથી એ ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમભાવ. શું કહ્યું ? ત્રિકાળ નિરૂપાધિ જેનું સ્વરૂપ છે, પૂર્ણ સ્વરૂપ શુદ્ધ છે, ત્રિકાળ નિરૂપાધિ છે. એવા નિરંજન... કહો, 'હીરાભાઈ' ! કોણ ત્રિકાળ નિરૂપાધિ છે ? દ્રવ્ય. એમાં પર્યાય આવે ? ન આવે. પર્યાયની તો ના પાડી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધાય પર્યાય છે, ***પર્યાય દ્રવ્યમાં આવે જ નહિ. વિશેષમાં સામાન્ય નહિ ને સામાન્યમાં વિશેષ નહિ. (એમ ન હોય તો) નહિતર બે સિદ્ધ નહિ થાય.***

ભગવાનઆત્મા સામાન્ય સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ, સદશસ્વરૂપ, એકરૂપ ત્રિકાળનિરૂપાધિ જેનું સ્વરૂપ (છે), એવો નિરંજન, નિરંજન–અંજન વિનાનો નિજ પરમ પંચમભાવ એ વસ્તુ, એ વસ્તુ, એ પદાર્થ, એ ધ્રુવ, એ જ્ઞાયકભાવ, શુદ્ધભાવ. એની ભાવનાથી... 'રતનચંદજી' એ હમણાં અર્થ કર્યો હતો કે ભાવના છે તે સંકલ્પ છે. હમણા પણ આવ્યું હતું પાછું, કો'કે પૂછ્યું હતું, ભાવના અને પેલામાં ફેર શું ? ભાવના એ સંકલ્પ છે, ભાવના એ વિકલ્પ છે. એમ નથી.

અહીં તો પારિણામિકભાવની ભાવનાથી, નિર્વિકલ્પ દશાની ભાવના એને કીધી છે. ભાવના એટલે વિકલ્પ નહિ, ભાવના એટલે શુદ્ધ પર્યાય. ત્રિકાળ શુદ્ધભાવનો આશ્રય લેતા શુદ્ધ પર્યાય પ્રગટ થઈ એકાગ્રતા, શુદ્ધ શ્રદ્ધા, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ ચારિત્ર, શુદ્ધ શુકલધ્યાન એ બધી ભાવનાને કહેવાય છે, પર્યાયને. ભાવની ભાવના, પંચમભાવની ભાવના, પંચમભાવ ધ્રુવ, દ્રવ્ય એની ભાવના (એટલે) એકાગ્રતા, એ મોક્ષમાર્ગ. પંચમભાવ એ મોક્ષમાર્ગનું કારણ અને ભાવના એ મોક્ષનો માર્ગ. આરે.. આરે..! ભારે વાત, ભાઈ !

'**પંચમગતિએ...**' ભાષા પાછી પંચમ આવી ને ? પરમ પંચમભાવ, પરમ પંચભાવ કેમ કહ્યો છે ? - કે એક ન્યાયે તો શાસ્ત્રમાં ચાર ભાવને પણ પારિણામિકભાવ કહ્યો. નિશ્ચયથી તો ઉદયને પારિણામિક કહ્યો છે. કેમકે પારિણામિકભાવનો સામાન્યનો વિશેષ અંશ છે. આ મિથ્યાત્વ, રાગ-દ્વેષને પારિણામિકભાવ કહ્યો છે. પરિણામ છે ને એના ? 'જયધવલ'માં પાઠ છે, 'ધવલ'માં પાઠ છે. સમજાણું કાંઈ ? અશુદ્ધ પારિણામિક પણ એનો પર્યાય છે, એનો પર્યાય છે. એ તો નિમિત્તની અપેક્ષાએ... અશુદ્ધ તો પછી. અશુદ્ધ તો નિમિત્તની અપેક્ષાએ બાકી પારિણામિક એની પર્યાય છે એટલું અત્યારે સિદ્ધ કરવું છે. એ તો કર્મની અપેક્ષાએ લઈએ તો એને ઉદય કહેવાય. ક્ષયોપશમની અપેક્ષાએ ક્ષયોપશમ. બાકી પારિણામિક ત્રિકાળ છે, એનો એક સમયનો અંશ છે એ પારિણામિકભાવ એ ચારેય પર્યાય છે. પરમપારિણામિક નહિ, પરમપારિણામિક સામાન્ય. આહા..હા..! ભારે ભાઈ ! સામાન્ય ને વિશેષ ને કેટલું પણ આમાં..?

પરમપારિણામિક પરમ પંચમભાવ એ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એકરૂપ, એકરૂપ ત્રિકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકરૂપ, એની ભાવના, મોક્ષનો માર્ગ. સમજાય છે ? એ ખરેખર ભાવના એ પારિણામિકભાવની નિર્મળ પર્યાય છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ પંચમભાવની સામાન્યની વિશેષ પર્યાય છે. એ તો નિમિત્તની અપેક્ષાએ ચાર ભાવને... પેલા 'પંચાસ્તિકાય'માં કહ્યું છે ને ? નિમિત્તની અપેક્ષાએ ચાર ભાવ કર્મજન્ય છે. પાછું કહ્યું કે એ કર્મને કારણે હોય તો પછી કાર્ય આનું શું ? - કે પોતાનું કાર્ય છે. એ તો નિમિત્તની અપેક્ષાથી કથન કર્યું છે. પોતાના ચાર પર્યાય કાર્ય પોતાનું છે, પરનું નથી. કહો, સમજાણું આમાં ? છોકરા નથી આવ્યા હોં ! નહિ આવ્યા હોય. થાકી ગયા હશે. છોકરા નથી આવ્યા ? રજા છે ? રજા નથી ? રજા નહિ હોય. ન આવ્યા હોય. કહો, સમજાણું આમાં ?

**'ત્રિકાળનિરૂપાધિ જેનું સ્વરૂપ છે...'** પરમાત્મા શુદ્ધ નિરંજન નિરાકાર, નિરાવરણ ત્રિકાળ પ્રભુ ધ્રુવ પડ્યો છે, જેને અહીં શુદ્ધભાવ કહ્યો. પર્યાય નહિ. **'એવા નિરંજન નિજ પરમ પંચમભાવની ભાવનાથી...'** ભાવના–એકાગ્રતા. એકાગ્રતામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અથવા ત્યાં ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિક આ આત્માની અપેક્ષાનો ક્ષયોપશમ, હોં ! બહાર અનાદિનો ક્ષયોપશમ છે એ નહિ. અનાદિનો ક્ષયોપશમ છે, ઉદય છે અને પારિણામિકભાવ. ઉદય, ક્ષયોપશમ ને ક્ષાયિક, ઉદય, ક્ષયોપશમ ને પારિણામિક વિનાનો કોઈ નિગોદ જીવ ન હોય. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

નિગોદ ન હોય. ક્ષયોપશમભાવ વિનાનો કોઈ છદ્મસ્થ ન હોય. સમજાણું કાંઈ ? અને ઉદય ને ક્ષાયિક ને પારિણામિક એવા ત્રણ બોલ કેવળીને હોય. એને ક્ષયોપશમ, ઉપશમ ન હોય. કેવળીને ઉદય, ક્ષાયિકને પારિણામિક. કારણ કે ઉદય જરીક અસિદ્ધભાવ છે, ક્ષાયિક કેવળજ્ઞાન આદિ છે, પારિણામિક ત્રિકાળ છે. સિદ્ધમાં ક્ષાયિક અને પારિણામિક, પહેલા ગુણસ્થાનમાં ઉદય, પારિણામિક ને ક્ષયોપશમભાવ (હોય). અને કોઈ આ સાતમી શ્રેણીએ ચડે, ઉપશમ સમકિત લઈને, ક્ષાયિક સમકિત લઈને ઉપશમ શ્રેણી (ચડે) તો એક સમયમાં પાંચ ભાવ (છે). ક્ષાયિક સમકિત એ ક્ષાયિકભાવ છે. ઉપશમ શ્રેણી છે તો ઉપશમભાવ છે, પારિણામિકભાવ દ્રવ્ય છે, ક્ષયોપશમભાવ જ્ઞાન છે, વીર્યાદિ ક્ષયોપશમભાવે છે, ઉદય રાગ છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ ?

તેથી પહેલું કહ્યું, ચાર ભાવ સંસારીને છે. ક્ષાયિકભાવ એને છે. એક સાથે લેવા હોય તો અહીં પણ થોડો થોડો છે. આ વાતું તો બધી પહેલી થઈ ગઈ છે બધી ઘણી. છોકરા (સંવત) ૭૦-૭૧માં આ બધું શીખેલા, એ બધું, હોં ! આ ભાવ ક્યે ગુણસ્થાને કેટલા ને બધું ત્યારે (શીખેલા). બારમા ગુણસ્થાન સુધી ઉદય, ક્ષયોપશમ, ક્ષાયિક ને પારિણામિક અને કોઈને ઉપશમ શ્રેણી હોય એને. સમજાણું ? ક્ષપક શ્રેણીવાળાને ચાર (છે). ઉપશમ નથી, ક્ષાયિક સમકિત, પારિણામિકભાવ, ક્ષયોપશમ જ્ઞાન, દર્શન, વીર્ય. સમજાણું ? ક્ષયોપશમ, ક્ષાયિક અને ઉદય તો છે, રાગાદિ છે. ઝીણું પડ્યું. સમજાય છે કે નહિ આમાં ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ભાવનાથી, અહીં તો કીધું ને ? ભાવના. પંચમભાવ, એની ભાવનામાં. એ ભાવનામાં ઉદય ન આવે. ક્ષયોપશમ, ઉપશમ ને ક્ષાયિક. ધર્મીને છે ને. અહીં ક્યાં પેલાની વાત ક્યાં છે ? પંચમભાવની ભાવના છે ને અંદર. પેલો ક્ષયોપશમ જ્ઞાનનો અનાદિનો તો નિગોદને પણ છે, અભવિને છે. અભવિને ક્ષયોપશમ જ્ઞાન, ક્ષયોપશમ દર્શન, ક્ષયોપશમ વીર્ય નિગોદમાં છે, એ શું કામનો ક્ષયોપશમ ? ... પારિણામિકભાવ કામનો પણ દૃષ્ટિ કરતો નથી, કામનો શું એને ? સમજાણું કાંઈ ? મેરૂ પર્વતની હેઠે સોનું છે શું કામનું ? એમ કહ્યું છે એમાં 'નિયમસાર'માં. એના જેવું છે, પરમપારિણામિક પડ્યો છે પણ દૃષ્ટિ કરતો નથી શું કામનું છે એને ?

**'પંચમગતિએ...'** **'પરમ પંચમભાવની ભાવનાથી...'** દેખો ! અંદર શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિની રમણતાથી. **'પંચમગતિએ મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે,...'** અહીંથી (નહીં) પણ બીજે જાય છે કે નહિ ? મહાવિદેહ ક્ષેત્રમાં અત્યારે મોક્ષ જાય છે. છ મહિના ને આઠ સમયમાં છસ્સો આઠ. આહા..હા..! ધારાવાળી જાય છે, તૂટ પડતી નથી. પડે તો થોડો આંતરો પડ્યો, તો આઠ સમયમાં એક સાથે જાય. સમયનો આંતરો પડે તો આઠ સમયમાં છસ્સો આઠ ચાલ્યા જાય. આહા..હા..! સમજાણું કાંઈ ? **'મુમુક્ષુઓ (વર્તમાન કાળે) જાય છે...'** મુમુક્ષુઓ. લ્યો ! મોક્ષમાં જનારને મુમુક્ષુ કહ્યા. **'(ભવિષ્ય કાળે) જશે...'** કહો ! ભવિષ્ય કાળે જશે આ જ ભાવથી. ક્યા ભાવથી ? પંચમ પરમભાવની ભાવનાથી, પારિણામિકભાવની ભાવનાથી. ભાવના પર્યાય છે, એક કાર્ય છે અને કારણ છે દ્રવ્ય શુદ્ધ ત્રિકાળ છે. આહા..હા..! ભારે વાતું, ભાઈ !

**શ્રોતા :–** આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે... !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આ. એ 'શ્રીમદ્'માં ગાય છે, અમારા 'ન્યાલભાઈ' બહુ ગાતા હશે ન્યાં. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' બોલ્યા કરે, ગોખ્યા કરે. 'ન્યાલભાઈ' ! ત્યાં આવે છે, 'શ્રીમદ્'માં આવે છે, હોં ! 'શ્રીમદ્' નો એક ટુકડો આવે છે. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...' પણ જે રીતે આત્મા કોણ ? ભાવના કોણ ? અને કેવળજ્ઞાન કોણ ? આમાં ત્રણ બોલ આવી ગયા.

**'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે...'** આવે છે ? શેમાં ? 'શ્રીમદ્'માં વાંચ્યું છે ? આ તો ઘણા વર્ષથી વાંચે છે. હમણા કહે બોલીએ છીએ ઘડિયા, અર્થની ખબર ન મળે. આ પ્રોફેસર. પંદર વર્ષ પહેલા છસોનો પગાર, સાતસોનો પગાર માસિક, 'વડોદરા'ના પ્રોફેસર. માસિક, હોં ! એક મહિનાનો. આવા ને આવા બધા પ્રોફેસરો. એક પેલો નથી પ્રોફેસર એ 'વડોદરા'નો કે નહિ પેલા 'કેશવલાલ' 'ગોંડલ'વાળા એ ન્યાં છે ને ? 'કુશલ કામદાર' શું કીધું એણે ?

**શ્રોતા :–** ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... એ આવ્યા હતા. આ બાપુ ! માર્ગ બીજી જાતનો છે, ભાઈ ! એકલા શાસ્ત્ર ભણતરે કાંઈ પાર આવે એવું નથી. અંતર ભગવાન એની આસ્થા, શ્રદ્ધા. આહા..હા..! અનંત અનંત પરમાત્મા જેમાંથી પ્રગટે એવો ભગવાન શુદ્ધ ધ્રુવ, એની ભાવના નામ એના સન્મુખની એકાગ્રતા. ઉદય અને નિમિત્તની વિમુખતા. આહા..હા..! સમજાય છે ? એ કાંઈ વાતથી કાંઈ વડા થાય એવું નથી. એ પંચમ ગતિએ જાય છે, ભવિષ્યે જાશે, ભૂતકાળે જતા. અનંત કાળમાં પણ આ જ રીતે ગયા છે, ત્રણકાળનો એક માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' ગયે કાળે પણ અનંત મુક્તિને પામ્યા ભરત, ઐરાવત અને મહાવિદેહ. પંદર કર્મભૂમિ છે ને ! અથવા અઢીદ્વિપમાં, અઢીદ્વિપમાં કોઈ એક સ્થળ માત્ર જગ્યા ખાલી નથી કે જેમાંથી અનંતા મોક્ષ ન ગયા હોય. સમજાય છે ? મેરુ પર્વત આમ ઊંચો છે, સોગઠીના આકારે. ત્યાં પણ એક એક જગ્યાએ અનંતા મોક્ષ ગયા છે. કારણ કે માથે અનંતા બિરાજમાન છે. તો અનંતા બિરાજમાન ક્યાંથી હોય ? કોઈ જગ્યા ખાલી છે ત્યાં ? તો મેરૂ પર્વત આમ છે ન્યાં ઉપર અનંતા છે. જાય છે સીધા તો ત્યાં અનંતા ક્યાંથી આવ્યા ? દેવોએ ટાંગા જાલી પ્રમત્તમાં હતા, હોં ! પ્રમત્તમાં. અપ્રમત્ત હોય તો તો સહન ન કરી શકે. ઝાલીને મેરુ સાથે પછાડ્યા. ફડાક અંદર ! ચૈતન્યની સાથે ઢળી ગયા. શરીર પડ્યું રહ્યું હેઠે અને ન્યાંથી કેવળ પામીને ન્યાંથી પાધરા મોક્ષ ગયા, એ સ્થાનથી મોક્ષ ગયા. શરીર હેઠે પડ્યું. એવા એવા એક મેરુની સોગઠી સમજતે હૈ ? આ સોગઠી નથી, આ રમવાની સોગઠી, ચોપાટની. એ મેરૂ પર્વત એમ છે ને ? હેઠે દસ હજારનો, માથે આમ... પણ એની કણીએ કણીએથી અનંત મોક્ષ ગયા છે. ઇ આ રીતે, કીધું ને. પછાડ્યા.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .... ક્યા કીધું ? પટક દિયા. પછાડ્યાનો અર્થ. આમ ઝાલીને પછાડ્યા. એકાગ્ર થઈ ગયા અંદર ધ્યાનમાં કેવળજ્ઞાન (પ્રગટ્યું). ન્યાંથી કેવળજ્ઞાન. પિસ્તાલીસ લાખ જોજનમાં સિદ્ધમાં એક તલ જેટલી જગ્યા ખાલી નથી કે જ્યાં અનંતા ન હોય અને એ અનંતા સીધી શ્રેણીએ જાય, આડા-અવળા ન જાય. અહીં સિદ્ધ થાય ને અહીં જાય એમ નહિ. તો ન્યાંથી કેમ ગયા ? એ શ્રેણી ન્યાંથી એક એક પથ્થરે, કણીએ કણીએ અનંત (ગયા છે). આ તો અનંત કાળ થઈને અનંતા મોક્ષ ગયા. એ બધા ગયા, જાય ને જશે એ પંચમભાવની ભાવનાથી થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કહો, એમાં એટલા પ્રતિકૂળ સંયોગ. સંયોગ ક્યાં નડતા હતા ?

આ પાણી લ્યો ને પાણી. બે લાખ (યોજનનો) લવણ સમુદ્ર. બિંદુએ બિંદુ અનંત મોક્ષ ગયા. ક્યાંથી ગયા ? માથે અનંત છે, ન્યાંથી અનંત ગયા છે. મોઢામાં પાણી નાખ્યું પેલા હેઠે પાણીમાં ... આમ શ્રેણી માંડી, ઉપસર્ગ મટી ગયો. મડદુ પડ્યું પાણીમાં, કેવળ પામીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોક્ષ ગયા. બાપુ ! પરમપારિણામિકભાવ તો ત્રિકાળ પડ્યો છે એની સામે નજર ને અનુભવ તો હતો અને એમાં આવો ઉપસર્ગ આવ્યો એટલે ખસીને અંદરમાં ઠર્યાં, ફડાક... કેવળજ્ઞાન !! સમજાણું કાંઈ ? લ્યો ! ભૂતકાળે ગયા, વર્તમાન જાય છે, ભવિષ્યે જશે. એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી.

**'(હવે ૪૧મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ બે શ્લોકો કહે છે'** લ્યો ! બોલો.

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः।।५८।।**

પાંચ પાંચ લેવું છે ને ? પંચમની સાથે પાંચ. જ્ઞાનાચાર, દર્શનાચાર, આ નિર્વિકલ્પ આચારની વાત છે, હોં ! વ્યવહાર આચારની વાત નથી. વ્યવહાર આચર પર આશ્રય વિકલ્પ છે. નિશ્ચય આચાર સ્વ આશ્રયે નિર્વિકલ્પ છે. જ્ઞાનાચાર આત્માના શુદ્ધ સ્વસંવેદનની જ્ઞાનની દશા તે જ્ઞાનાચાર. આત્માના સમ્યગ્દર્શનની સ્વની નિર્વિકલ્પ પ્રતીતિ એ દર્શનાચાર. સ્વરૂપમાં રમણતા તે ચારિત્રાચાર, સ્વરૂપમાં ઇચ્છા નિરોધ રહિત અતીન્દ્રિય આનંદનું પ્રતપન, ઉગ્ર થવું તે અને વીર્ય - આત્માના શુદ્ધ પર્યાયની રચનારૂપી જે વીર્ય.

**'પાંચ આચારોથી યુક્ત અને કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...'** મુનિની વાત લેવી છે ને ? મુનિની મુનિની. દિગંબર દશા જેની છે, વિકલ્પ અભ્યંતર નથી અને બાહ્ય શરીરના પરિગ્રહ રહિત અને શરીર ઉપર વસ્ત્ર, પાત્ર પણ એને હોતા નથી, વસ્ત્ર પણ ન હોય, એવી દશા સહજ થઈ જાય છે ત્યારે **'કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત એવા વિદ્વાનો...'** એને વિદ્વાન કહ્યા. આહા..હા..! **'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે...'** પૂજનીય પંચમગતિ પ્રાપ્ત કરવા માટે... પૂજવા યોગ્ય સિદ્ધ દશા અથવા કેવળજ્ઞાનની ગતિ એવી પંચમગતિ, ચાર ગતિથી રહિત.

**'પૂજનીય પંચમગતિને પ્રાપ્ત કરવા માટે પંચમભાવને સ્મરે છે.'** પંચમભાવ ધ્રુવ તેને સ્મરે છે એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર થવા એનું નામ સ્મરે છે કહ્યું. એને ભગવાનને અંદર યાદ કરે છે. સ્મરે છે શેમાં ? અવગ્રહ, ઇહા, અવાય, ધારણા અનુભવનો થયો છે એની ને એની અંદર સ્મૃતિ આ ભગવાન શુદ્ધ છે એમાં એકાગ્રતા (કરી) એ એનું સ્મરણ કરે છે. પર પરમાત્માનું સ્મરણ નહિ. પંચમભાવને સ્મરે છે, પંચમભાવ એ શુદ્ધ ધ્રુવ છે, સ્મરે છે તે પર્યાય છે. જેને અહીંયા ભાવના કીધી હતી એને અહીં સ્મરે છે એમ કીધું. આ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એનું જ્ઞાન, એનું દર્શન, એનું ચારિત્ર આદિ એને સ્મરે છે, સ્વરૂપમાં એકાગ્ર થાય. એનાથી પંચમ ગતિને પામે છે. કહો, સમજાણું કાંઈ ? એક શ્લોક બાકી...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૩૮, પ્રવચન નં. ૧૬૭
## તા. ૦૨-૦૯-૧૯૬૬
## [૧૬]

'શુદ્ધભાવ અધિકાર' શુદ્ધભાવ કોને કહે છે ? આ આત્મા.. પહેલા લીધું, **'જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...'** ભગવાનઆત્મા એક સમયમાં અંતઃતત્ત્વરૂપ દ્રવ્યસ્વભાવ શુદ્ધ, એ આત્મા છે. તેને ખરેખર નિશ્ચયથી આત્મા કહે છે અને તેમાં રાગાદિ કે ઉપશમ, ક્ષયોપશમ, સંવર, નિર્જરા (નથી). આત્મામાં પુણ્ય, પાપના ભાવ થાય, સંવર, નિર્જરા ધર્મની પર્યાય થાય કે મોક્ષની પર્યાય થાય, તે બધાને અહીંયા પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ ?

પ્રશ્ન એ હતો કે આ સંવર, નિર્જરાનું શું ? પણ સંવર, નિર્જરા પર્યાય દ્રવ્ય ચૈતન્ય ધ્રુવમાંથી આવે છે. એ દ્રવ્યને અહીંયા પરમદ્રવ્ય, પરમસ્વભાવભાવ એકરૂપ જ્ઞાયકભાવને અહીંયા સ્વદ્રવ્ય કહીને શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. ***એ સિવાય શરીર, વાણી, મન તો પરદ્રવ્ય છે જ, કર્મ આદિ પરવસ્તુ છે જ પણ પર્યાયમાં જેટલા વ્યવહાર રત્નત્રય દયા, દાનના વિકલ્પ ઉત્પન્ન થાય કે હિંસા આદિનો રાગ થાય કે મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટ થાય કે મોક્ષપર્યાય પ્રગટ થાય, એ બધાને ત્રિકાળ એક સ્વદ્રવ્યની અપેક્ષાએ તેમને પરદ્રવ્ય કહેવામાં આવ્યા છે.*** આત્મદ્રવ્ય સપ્તમ થઈ જાય છે, આવે છે કે નહિ ? ૪૯ ગાથામાં આવે છે. છ દ્રવ્ય વ્યક્ત તેનાથી ભિન્ન આત્મા અવ્યક્ત છે, એમ આવે છે. સમજાય છે કાંઈ ? 'સમયસાર' ૪૯ મી ગાથામાં આવે છે અને 'સમ્યગ્જ્ઞાન દીપિકા' માં આવે છે કે છ દ્રવ્યથી જ્ઞાયકમૂર્તિ એકરૂપ જુદી પડી ગઈ, તેને સપ્તમ દ્રવ્ય કહે છે. સપ્તમ દ્રવ્ય છે નહિ, દ્રવ્ય તો તે જ છે. સમજાય છે કાંઈ ? છે ને ? 'સમયસાર' છે કે નહિ ? ૪૯ ગાથામાં કહ્યું છે. અવ્યક્ત.. અવ્યક્ત. અવ્યક્તમાં પહેલો બોલ છે.

**'છ દ્રવ્યસ્વરૂપ લોક જે જ્ઞેય છે અને વ્યક્ત છે તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે.'** આહા..હા...! એનો અર્થ–આત્મા એક સ્વરૂપે જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ છે તેને અહીંયા સ્વદ્રવ્ય કહ્યું તો નિર્મળ પર્યાય આદિ (પણ ભિન્ન રહી ગઈ). કેમ ? - કે પર્યાય જે છે તેના આશ્રયે ધર્મની વૃદ્ધિ, શુદ્ધિ થતી નથી. ધર્મની વૃદ્ધિ, શુદ્ધિ અને ટકવું એ ત્રિકાળ શુદ્ધ ભગવાનઆત્માના અંતર અવલંબનથી નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ? એ કારણે અહીંયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, સ્વદ્રવ્ય અંતઃતત્ત્વ. અંતઃતત્ત્વ, એક પૂર્ણ સ્વરૂપ અને બહિર્તત્ત્વ આ સાત. બેની શ્રદ્ધા વ્યવહાર સમ્યગ્દર્શન છે. ભાઈ ! અંતઃતત્ત્વ અને બહિઃતત્ત્વ, બેની શ્રદ્ધા કરવી તો તે વ્યવહાર સમ્યગ્દર્શન થયું. વિકલ્પ આવ્યો. સમજાય છે કાંઈ ? એ આવ્યું છે, પહેલું આવી ગયું છે ને ? પહેલા ક્યાંક આવી ગયું છે. પહેલા શરૂઆતમાં આવી ગયું છે–અંતઃતત્ત્વ, બહિર્તત્ત્વ. જ્યાં વ્યવહાર સમકિતની વ્યાખ્યા કરી છે ને ? પાંચમી ગાથા. '**તત્ત્વો બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવા (બે) ભેદોવાળાં છે...**' તેનું નામ વ્યવહાર સમકિત છે. આહા..હા...! પાંચમી ગાથામાં છે. હિન્દીમાં બારમે પાને છે. બીજી લીટી છે. તત્ત્વ બહિઃતત્ત્વ. અહીં જુઓ ! બહિઃતત્ત્વ કહ્યું છે તે. અહીં બહિઃતત્ત્વ કહ્યું છે ને ? '**જીવાદિ સાત તત્ત્વોનો સમૂહ પરદ્રવ્ય...**' મૂળ પાઠમાં બહિઃતત્ત્વ છે. 'કુંદકુંદાચાર્યે' જીવાદિ બહિઃતત્ત્વ કહ્યું છે. તેને અહીંયા બહિઃતત્ત્વ અને અંતઃતત્ત્વ સ્વરૂપ પરમાત્મતત્ત્વ (કહ્યું). અંતઃતત્ત્વ પરમાત્મા અને બહિઃતત્ત્વ બેની શ્રદ્ધા કરવી એ તો વ્યવહાર સમ્યગ્દર્શન છે, રાગ છે. સમજાય છે કાંઈ ?

અહીંયા તો કહે છે કે અંતઃતત્ત્વ... પછી લેશે. '**जीवादिबहित्तच्चं**' ભગવાનઆત્મા.. હું જીવ છું, વિકલ્પ આદિ સાત તત્ત્વનો ભાવને અહીંયા પરદ્રવ્ય કહીને '**ખરેખર ઉપાદેય નથી.**' ખરેખર સંવર, નિર્જરાની પર્યાય પણ આશ્રય કરવાલાયક નથી, એ અપેક્ષાએ ઉપાદેય નથી. 'સુરેન્દ્રજી' ! શું આવ્યું ? સંવર, નિર્જરાની પર્યાય પણ આદરણીય નથી. આહા..હા...! કાલે કહેતા હતા ને ? કોણ પૂછતું હતું ? શુદ્ધ-અશુદ્ધ પર્યાય એમાં આવી કે નહિ ? શુદ્ધ-અશુદ્ધ પર્યાય પરમાં ગઈ. 'છોટાભાઈ' ! સમજાય છે કાંઈ ?

ચૈતન્ય મહાભગવાન પરમસ્વભાવભાવ, જેમાં અનંત પરમાત્મસ્વરૂપ પડ્યું છે તે જ સ્વદ્રવ્ય છે. એ સિવાય જેટલી વર્તમાન મલિન દશા કે નિર્મળ દશા છે એ બધાને બહિઃ, બહિઃ અંતરમાં નથી તો બહિઃ (કહ્યું), પર્યાયમાં છે તો બહિઃ (કહ્યું). એને બહિઃતત્ત્વ ગણવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે '**સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...**' એવો ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ, જેની પર્યાય પણ એમાં મેળવવી નહિ. નિર્મળ પર્યાયને પણ તેમાં ભેળવવી નહિ. 'છોટુભાઈ' ! બિલકુલ ભેળવી નથી. ત્યાં ભેળવી જ નથી. ત્યાં તો જ્ઞાન, દર્શન, ચારિત્રને પ્રાપ્ત એવો ભેદ બતાવ્યો. ભેદ અભેદમાં છે જ નહિ. ભેળવ્યું જ નથી. એક વસ્તુના ત્રણ ભેદ. અંદરમાં ક્યાં ભેદ છે ? વસ્તુમાં ભેદ છે ? લાકડીનો દૃષ્ટાંત નહોતો આપ્યો ? સુખડની, ચંદનની લાકડી છે એમાં સુગંધ, સુવાળપ ભિન્ન છે ? એમ ભગવાન એક સમયમાં અનંત ગુણનું એકરૂપ, તેને ત્રણ બોલ કહીને દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત એમ નામમાત્ર કથનથી કહ્યું તે ભેદથી અભેદને સમજાવવા (કહ્યું). ભેદ કોઈ આદરણીય વસ્તુ નથી. સમજાય છે કાંઈ ?

અહીં તો વિશેષ કહે છે કે આત્મા... અહીં તો ખરેખર આત્મા એને કહે છે, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્યવહાર રત્નત્રય એ આત્મા જ નથી. આહા..હા...! એ.. 'દેવીલાલજી' ! આવું કે દિ' સાંભળ્યું છે ? બે વખત આવશે, જુઓ ! **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે...'** ભગવાનઆત્મા એકરૂપ પરમસ્વભાવ ધ્રુવ અનંત ગુણનો પિંડ એક, તેમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે એવા આત્માને, **'એવા આત્માને આત્મા ખરેખર ઉપાદેય છે...'** એવા આત્માને આ આત્મા, એકરૂપ આત્મા ઉપાદેય છે. સૂક્ષ્મ છે, ભાઈ ! પહેલા સ્થૂળ અધિકાર હતો એટલે છોડી દીધી. સ્વ-પરપ્રકાશકની વાત હતી ને ? એ થોડી કહી. આ વસ્તુ પહેલા ચાલી ગઈ છે પણ આ તો ફરીથી લીધી. તમે થોડા દિવસ છો ને અહીંયા ? એટલે ફરીથી લીધી, પછી જતા રહેશો.

કહે છે, સાંભળો ભાઈ ! આ વસ્તુ પરમ પરમ અપ્પા સો પરમઅપ્પા. આત્મા પરમાત્માનું રૂપ જ અંદર પરમાત્મા સાક્ષાત્ ભગવાન પૂર્ણ છે. એ પરમાત્માને સંવર, નિર્જરા, મોક્ષને પણ દ્રવ્ય અડતું નથી. સમજાય છે કાંઈ ? એ... 'રતિભાઈ' ! આવું કેવું ? જૈનદર્શન આવું હશે ? અન્યમાં હતું કે દિ' ? અજ્ઞાનીમાં માર્ગ કે દિ' હતો ? આ તો વીતરાગમાં છે. ક્યાં ગયા 'શિવનંદનજી' ? આવ્યા છે ? મોડા આવ્યા હોય એટલે પાછળ બેસે. લહેર કરનારા હોય. આ વસ્તુ તો ટાઈમે ટાઈમે સમજે એને કામની છે. સમજાય છે કાંઈ ? શું કહે છે ?

કહે છે, આ આત્મા.. જેની તીક્ષ્ણ બુદ્ધિ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ ઉપર પડી છે એવા આત્માને આત્મા નિશ્ચયથી ઉપાદેય છે. સમજાય છે કાંઈ ? **'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર હોવાથી...'** શું કહ્યું ? રાગ-દ્વેષના, દયા, દાનના, વ્યવહાર રત્નત્રયના વિકલ્પ, સમ્યગ્દર્શન આદિ ઉપશમભાવ, જ્ઞાન-દર્શન આદિનો ક્ષયોપશમભાવ, સમકિત આદિનો ક્ષાયિકભાવ–એ ચાર ભાવાંતર, ભગવાનઆત્મા પરમ સ્વભાવભાવથી ચાર ભાવાંતર, આ ભાવથી અનેરા ચાર ભાવ છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** કાર્યપરમાત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાર્યપરમાત્મા એમાં છે જ નહિ. અહીંયા તો સાધકની વાત કરે છે, કેવળજ્ઞાન તો છે નહિ. સમજાય છે કાંઈ ? સાંભળો !

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરો...'** આત્મા ધ્રુવ જ્ઞાયકપ્રભુ એ ભાવ, એ ભાવ અને ઉદય રાગ-દ્વેષ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ચાર ભાવાંતર. આ ભાવથી ચાર અનેરા ભાવ. આ ભાવથી અન્ય ચાર ભાવ. સમજાય છે કાંઈ ? આ તો 'નિયમસાર' છે, મોક્ષનો માર્ગ છે. પર્યાયની વાત ચાલે છે. નિયમસાર મોક્ષમાર્ગ પર્યાય છે પણ એ પર્યાય પણ ભાવ જે પરમસ્વભાવ છે તેનાથી અનેરો ભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? શું કહ્યું ?

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરો...'** ભાવાંતરોનો ખુલાસો નીચે કર્યો છે. ભાવાંતર એટલે અન્ય ભાવ. અન્ય ભાવ અર્થાત્ જ્ઞાયક એક સમયનો પૂર્ણ પ્રભુ સ્વભાવ, તેનાથી ચાર ભાવ અન્ય ભાવ. શરીર, વાણી, કર્મની વાત તો અહીંયા લીધી જ નથી, એ તો ક્યાંય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહી ગયા બહારની ધૂળ. 'રસિકભાઈ' ! અહીંયા તો ભગવાનઆત્મામાં બે અંશ છે. એક અંશ ત્રિકાળ ધ્રુવ સામાન્ય જ્ઞાયકપ્રભુ, જેને અહીંયા ભાવ કહ્યો. અહીં તો શુદ્ધ ભાવનો અધિકાર છે ને ? શુદ્ધભાવ, એકરૂપ ભાવ, જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સત્ સત્ સત્યાર્થ ભાવ. એ સમજાય છે. એ ભાવથી, એ ભાવ સ્વભાવ છે. એ ભાવ પોતાનો સ્વભાવ છે, એ ભાવ આત્મા છે અને એનાથી ચાર ભાવ અનેરા ભાવ છે. સમજાય છે કાંઈ ?

ક્ષાયિક સમકિત હોય, ક્ષાયિક સમકિત, ઉપશમ સમકિત હોય, ક્ષયોપશમ સમકિત હોય, એ બધા સ્વશુદ્ધ ભાવ, શુદ્ધભાવ, સ્વ-ભાવ–પોતાનો ભાવ, નિજ ભાવથી ક્ષાયિક સમકિત (આદિ) અન્ય ભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! લોકોએ મૂળ ચીજ પકડવાનો અનાદિથી પ્રયાસ કર્યો નથી. એ કઈ રીતે પકડાય ? અને શું ચીજ છે તે યથાર્થ સાંભળવા મળી નથી. યથાર્થ, હોં !

એક સમયનો પ્રભુ શુદ્ધભાવ, ધ્રુવભાવ, જ્ઞાયકભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ દ્રવ્યાર્થિકનય. દ્રવ્ય નામ સામાન્ય સ્વભાવ, એવા નયનું પ્રયોજન એ દ્રવ્ય છે. એ દ્રવ્ય સ્વદ્રવ્ય છે, સ્વભાવ છે, શુદ્ધભાવ છે, સત્યભાવ છે, તેનાથી ચાર ભાવ અનેરા ભાવ છે. સમજાય છે કાંઈ ? ***રાગ, દ્વેષ, દયા, દાન, વ્યવહાર રત્નત્રય એ તો વિકલ્પ ઉદયભાવ છે, પણ નિશ્ચય રત્નત્રયની પર્યાય સ્વદ્રવ્યના આશ્રયે પ્રગટ થઈ તેને અહીંયા પરદ્રવ્ય કહેવામાં આવી છે. આહા..હા...! ભારે વાત, ભાઈ !*** 'સેઠી' ! આ ઝટ ન સમજાય. આ તમારા છોકરા આવ્યા છે ને ? નવા છે. આ જાણે શું કહેવા માગે છે ? કોઈ દિ' બાપ-દાદાએ સાંભળ્યું ન હોય. એણે પણ 'જયપુર' ન્યાં કે દિ' સાંભળ્યું છે ? સમજાય છે કાંઈ ?

કહે છે, ઔદયિક આદિ ચાર ભાવાંતર. એ ચાર ભાવાંતર. પોતાનો ધ્રુવ જ્ઞાયકપ્રભુ, તેનાથી વિકારી કે અવિકારી પર્યાય, અપૂર્ણ કે પૂર્ણ વિકારી પર્યાય, અવિકારી અપૂર્ણ પર્યાય, અવિકારી પૂર્ણ પર્યાય, તે પોતાના... આ શુદ્ધભાવ અધિકાર છે, શુદ્ધભાવથી અન્ય ચાર ભાવ છે. 'અમુલખચંદજી' ! શું બરાબર છે ? એમાં ને એમાં અન્ય ભાવ ? પર્યાય અન્ય ભાવ ? નવી વાત છે. આહા..હા...! 'કુંદકુંદાચાર્ય' મહારાજ ફરમાવે છે. પોતાના, શબ્દ છે ને ? જુઓ ! **'जीवादिबहित्तच्चं हेयम् हेयम्'** આહા..હા...! એ ચાર ભાવ હેય છે. હજી તો રાગને હેય કહેતા રાડ પડે છે. 'અમરચંદજી' ! નિમિત્ત તો ક્યાંય રહી ગયું. દયા, દાનના રાગ પરિણામ પુણ્ય છે. ભાઈ ! પુણ્ય હેય છે. પુણ્ય હેય ? હવે સાંભળ તો ખરો ! તારું પુણ્ય તો ક્યાંય હેયમાં હેઠે ગયું, હેયમાં હેઠે ગયું. હેઠેને શું કહે છે ? નીચે. પણ અહીંયા ક્ષાયિક સમકિત આત્માના આશ્રયે પ્રગટ થયું, સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન આત્માના અવલંબને ઉત્પન્ન થયું તેને પણ અહીંયા હેય કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

'કુંદકુંદાચાર્ય' શું કહે છે ? **'जीवादिबहित्तच्चं हेयम्'** મૂળ પાઠ છે. વ્યવહાર વ્યવહાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઉપાદેય. વ્યવહારથી નિશ્ચય થાય. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! તારા લાભની વાત છે. તારા લાભની વાત છે, પ્રભુ ! તેં કોઈ દિ' લાભ ક્યાંથી થાય છે, એ ખાણ કોણ છે એ ખાણની મહિમા તને કોઈ દિ' આવી નથી. સમજાય છે કાંઈ ? બહારમાં એવું લાગે... ભક્તિ-બક્તિ કરે, બરાબર ધમાલ કરે, પગે બાંધે તો આહા..હા...! કેવું લાગે ? 'ડાલચંદજી' ! નજરે દેખાય, શું દેખાય ? એ તો જડની પર્યાય છે. એમાં ભગવાન પ્રત્યેનો રાગ છે તે શુભભાવ છે. એ તો હેય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજ અંતરના રહસ્યની વાત કરે છે. ભગવાન તેણે આત્મા પૂર્ણાનંદ પ્રભુ, અનંત આનંદના કંદરૂપ એક એ ઉપાદેય અપણો અપ્પા છે. **'उवादेयमप्पणो अप्पा जीवादिबहित्तच्चं हेयम्'** આ બે પદની અંદર હેય અને ઉપાદેયની વાત કરી દીધી છે. એ..ઇ...! 'માણેકલાલજી' ! અંદર છે કે નહિ ? શું કરવું પર્યાયનું ? અધ્યાત્મ એટલે સત્ય. સિદ્ધાંત કંઈ એનાથી બીજી વાત કરે છે ? સમજાય છે કાંઈ ? જ્ઞાન કરવા માટે અનેક વાત કરે. નિશ્ચય મોક્ષમાર્ગ ઉપાદેય છે એમ કહે. ઉપાદેયનો અર્થ પ્રગટ કરવાલાયક છે એ અપેક્ષાએ. સમજાય છે કાંઈ ? ઉપાદેય ખરેખર ભગવાન છે. જુઓ ! **'उवादेयमप्पणो अप्पा'** સમજાય છે કાંઈ ? ઉપાદેય નથી, હેય છે. પાઠમાં તો હેય છે એમ લીધું છે.

કહે છે, **'ઔદયિક આદિ ચાર ભાવાંતરો...'** આટલા શબ્દોનો અર્થ થાય છે. ભગવાનઆત્મા એક સ્વરૂપની પૂર્ણ ખાણ ધ્રુવ, એ એક ભાવ, એ શુદ્ધભાવ. એ શુદ્ધભાવની અપેક્ષાએ ચાર ભાવ અન્ય ભાવ છે, અન્ય ભાવ છે. આ ભાવમાં એ ભાવ નથી. સમજાય છે કાંઈ ? સામે ગાથા છે કે નહિ ? પ્રશ્ન કરે છે એ જ ગાથા બરાબર આવી છે, જુઓ ! હવે ખુલાસો. સ્પષ્ટ થાય ને ? સ્પષ્ટ થાય ને ? એમાં શું છે ? આહા..હા...!

**'ઔદયિક આદિ ચાર ભાવાંતરોને અગોચર...'** હવે અગોચરની વ્યાખ્યા. પહેલા તો એટલું કહ્યું કે પરમભગવાન ધ્રુવ સનાતન સત્ પ્રભુ એ પોતાનો શુદ્ધભાવ છે. તેની અપેક્ષાએ ચાર ભાવ મોક્ષની પર્યાય પણ અન્ય ભાવ છે. શુદ્ધભાવની અપેક્ષાએ અન્ય ભાવ છે. ક્ષાયિક સમકિત, ક્ષાયિક ચારિત્ર એ શુદ્ધભાવની અપેક્ષાએ અન્ય ભાવ છે. કેમ કે એક સમયની પર્યાય ત્રિકાળ દ્રવ્યમાં નથી. સમજાય છે કાંઈ ? હવે અગોચર નીચે લખ્યું છે. ભાવાંતર (અર્થાત્) અન્ય ભાવ. '(ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક–એ ચાર ભાવો પરમપારિણામિકભાવથી...' પરમપારિણામિકભાવ જ્ઞાયકભાવ, સત્ સત્ સત્ સત્ સત્ અનાદિઅનંત સત્ એકરૂપ સ્વભાવ છે તેનાથી 'અન્ય હોવાને લીધે તેમને ભાવાંતરો કહ્યા છે.' છે નીચે ? પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે, 'પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે એવો કારણપરમાત્મા...' ભગવાન કારણપ્રભુ 'આ ચાર ભાવાંતરોને અગોચર છે.' અર્થાત્ ચાર ભાવના આશ્રયે પ્રગટ થતો નથી. સમજાય છે કાંઈ ? અથવા ચાર ભાવ એમાં નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને ચાર ભાવનો આશ્રય કરવાથી સ્વનો આશ્રય થતો નથી. સ્વનો આશ્રય કરવાથી મોક્ષ અને મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય છે. સમજાય છે કાંઈ ?

**'(કારણપરમાત્મા) દ્રવ્યકર્મ,...'** જડકર્મ આ બાહ્યના લીધા. આઠે કર્મથી રહિત. **'ભાવકર્મ,...'** ઔદયિક ભાવમાં આવી ગયું, વિકારી ભાવ, **'નોકર્મ,...'** શરીર, વાણી. એ **'ઉપાધિથી જનિત...'** ઉપાધિથી જનિત. જુઓ ! **'વિભાવગુણપર્યાયો વિનાનો છે,...'** કર્મના નિમિત્તથી ઉપાધિ થઈ છે પોતાની પર્યાયમાં. સમજાય છે કાંઈ ? આ તમારું આવશે. ઘણઓ વિસ્તાર છે, ત્રણ બોલમાં બહુ વિસ્તાર છે, હોં ! એક દ્રવ્યને બીજા દ્રવ્યમાં ભેળવે, એક દ્રવ્યના ભાવને બીજા દ્રવ્યના ભાવમાં ભેળવે, એક કારણનું બીજા કારણમાં ભેળવે, વ્યવહારનય એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :–** શાસ્ત્રમાં કહ્યું છે અને પછી એને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શાસ્ત્રમાં વ્યવહારથી કહ્યું છે. જ્ઞાન કરાવવા માટે (કહ્યું છે). ભેળવીને એમ માની લે તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? ગુણભેદને માની અભેદ માને, ભેદ છે તે અભેદમાં છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે.

**શ્રોતા :–** ફરીને કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. અંદર ગુણભેદ નથી છતાં ગુણભેદ માને, અંદર અભેદમાં ભેદ છે, એમ અભેદમાં ભેદ માને તો તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ભારે વાત, ભાઈ ! હજી તો અહીંથી આગળ કહેશે. કારણપરમાત્મા એ જ ખરેખર આત્મા છે, ખરેખર એ જ આત્મા છે, બીજો આત્મા જ નથી, એમ કહેશે. 'ખરેખર' શબ્દ પડ્યો છે ને ? **'કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.'** છે ને ? સંસ્કૃતની છેલ્લી લીટી છે. કારણપરમાત્મા જ આત્મા છે. એ પછી કહેશે. જડ કર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ **'ઉપાધિથી જનિત...'** ભાષા જુઓ ! એ નિમિત્ત છે. અહીંયા અધ્યાદૃષ્ટિ સિદ્ધ કરવી છે તો નિમિત્તથી ઉત્પન્ન થયા એમ કહેવામાં આવ્યું છે. ઉત્પન્ન તો એની પર્યાયમાં પોતાને કારણે રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ? પણ, અહીંયા તો કર્મ, નોકર્મ–વાણી, શરીર અને કર્મના નિમિત્તે પોતામાં ઉત્પન્ન થનારા વિકાર એવા વિભાવગુણપર્યાયથી ભગવાનઆત્મા રહિત છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** વિભાવભાવ એટલે વિદ્યુતભાવ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિકૃત નહિ. અહીં વિભાવ એટલે વિશેષભાવ, વિશેષભાવ. વિશેષભાવ એ ચારે વિભાવભાવ છે, ચારે વિભાવભાવ છે એટલે વિશેષભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ત્યાં દ્રવ્યનું આવ્યું છે ને ? બીજામાં આવ્યું છે ને ? ૫૦ મી ગાથામાં આવ્યું છે ને ઇ ? ૫૦ મી ગાથા નહિ ? ૧૦૫ પાનું છે, જુઓ ! ત્યાં પણ **'હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.'** **'જે કોઈ વિભાગુણપર્યાયો છે તેઓ પૂર્વે (૪૯**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**મી ગાથામાં) વ્યવહારનયના કથન દ્વારા ઉપેદયપણે કહેવામાં આવ્યા હતા પરંતુ શુદ્ધનિશ્ચયનયના બળે (શુદ્ધનિશ્ચયનયે) તેઓ હેય છે. શા કારણથી ? કારણ કે તેઓ પરસ્વભાવ છે, અને તેથી જ પરદ્રવ્ય છે.**' ત્રણ શબ્દ લીધા. પાઠમાં એમ છે, '**परदव्वं परसहावमिदि हेयं**' ગુલાંટ ખાઈને ટીકાકારે યથાર્થ વાત કરી છે. ભગવાનઆત્મા સિવાય જે કોઈ રાગાદિ કે પર્યાય આદિ છે એ પરસ્વભાવ છે તેથી પરદ્રવ્ય છે, હેય છે, હેય છે, પરસ્વભાવ છે તેથી તે પરદ્રવ્ય છે. જુઓ ! અહીં પરદ્રવ્ય લઈ લીધું. '**સર્વ વિભાવગુણપર્યાયોથી રહિત શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ સ્વદ્રવ્ય ઉપાદેય છે.**' શુદ્ધ અંતઃતત્ત્વ સ્વરૂપ ભગવાન જ્ઞાયક એકરૂપ અંતર્મુખ એ સ્વદ્રવ્ય ઉપાદેય છે. એ સ્વદ્રવ્ય જ આદરણીય છે. હજી તો અહીં વ્યવહાર રત્નત્રયને હેય કહીએ છીએ તો રાડ પડી જાય છે. હાય..હાય...! અરે...!

**શ્રોતા :–** એનાથી પણ સંવર-નિર્જરા થાય અને આગળ વધાય તો શું વાંધો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળ પણ વધે નહિ એમાંથી. ધૂળ એટલે પુણ્ય પણ બંધાય નહિ. તીર્થંકર ગોત્ર પણ એને ન બંધાય. જેણે રાગને ઉપાદેય માન્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો ઘણા વર્ષ પહેલા કહ્યું હતું, તેતર બંધાશે, તીર્થંકરને ઠેકાણે. એ તો એક ફેરી (સંવત) ૧૯૮૫ માં સંપ્રદાયમાં કહ્યું હતું, હોં ! તેતર સમજાય છે ? એ જીવડા નથી ખાતું ? તેતર. પાંજરામાં રાખે. મુસલમાન લોકો સાંજે કાઢે. તીતર કહે છે. એ તીતર એક દિ' માં બહુ ઝીણા ઝીણા જીવ ખાય. ભગવાન તીર્થંકર ઘણાને તારવામાં નિમિત્ત છે, આ ઘણાને મારવામાં નિમિત્ત છે. (સંવત) ૧૯૮૫ સભામાં કહ્યું હતું, હોં ! સ્થાનકવાસી સંપ્રદાયમાં ૧૯૮૫ માં કીધું, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ, અધર્મ છે અને કોઈ એમ માને કે રાગને માનીને અમારે તીર્થંકર ગોત્રનો ભાવ આવી જશે તો એ તેતર ગોત્ર બાંધશે, તીર્થંકર ગોત્ર નહિ. ત્યાં સંપ્રદાયમાં તો ઘણું માન હતું ને ! સંપ્રદાયમાં એટલો ખળભળાટ ન થાય, અમારો વિશ્વાસ હતો ને ! એ વખતે વિશ્વાસ બહુ હતો, અમારી ઉપર ઘણો વિશ્વાસ હતો. હવે ખળભળાટ થઈ ગયો. હાય.. હાય...! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નહિ. જો ધર્મથી બંધ પડે તો અબંધ પરિણામનું ફળ શું ? ધર્મથી બંધ નથી, અધર્મથી બંધ પડે છે. 'સેઠી' ! શું બરાબર ? ષોડશ તીર્થંકરભાવ એ અધર્મ છે. અર..ર..ર....! ઉદયભાવ છે, આદરણીય નથી તેને આદરણીય માને તેને આવો ભાવ થતો નથી. કહો ! સમજાણું ? માને ન માને એ એની વાત. આ તો એ વખતે કહ્યું હતું. બહુ મોટી સભા હતી. માણસો ખીચોખીચ ભરાય. એ વખતે બહુ માન હતું ને ! કાનજીમુનિ એટલે બસ, અમારે પ્રભુ ! આ મુહપત્તિ જ્યાં ઊતરી ત્યાં ભાગ્યા. પહેલા તો .... થૂંક બહુ ઊડતું હતું. ભાગ્યા, અરે..! એ..ઇ...! '...' આના ભાઈ ને બધા ભાગ્યા હતા. અહીં આવ્યા હતા. બધા ભાગ્યા, પ્રભુ પ્રભુ કહેતા હતા એ બધા ભાગ્યા. ભાગ્યા કહે છે શું કહે છે ? ભ્રષ્ટ થઈ ગયા, ભ્રષ્ટ થઈ ગયા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે, **'ખરેખર સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર-સહજપરમવીતરાગ-સુખાત્મક શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ આ સ્વદ્રવ્યનો...**' જુઓ ! આ તો ૫૦ મી ગાથા છે, હોં ! જેમાં રાગ તો ઠીક ક્ષાયિકભાવને પરદ્રવ્ય, હેય અને પરસ્વભાવ કહ્યા. એ જ વાત અહીંયા લીધી છે. સમજાય છે કાંઈ ? ભગવાન તારા માહાત્મ્યની તને ખબર નથી. એ ક્ષાયિક સમકિતની પર્યાયનું પણ માહાત્મ્ય નથી. અહીં તો કેવળજ્ઞાન પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. કેવળજ્ઞાન પણ અંશ છે, ત્રિકાળીનો એક અંશ, ભેદ પડી ગયો. ભેદ પડ્યો તે સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. એ વિષય આદરણીય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? 'કેવળચંદજી' ! આ કેવળ લેવાનો ઉપાય છે. આહા..હા...!

કહે છે કે **'અનાદિ-અનંત...'** હવે કહે છે, જુઓ ! કેવો છે ભગવાનઆત્મા ? અનાદિઅનંત. કેવળજ્ઞાન સાદિઅનંત, મતિ-શ્રુત સાદિસાંત, સમ્યગ્જ્ઞાન, મતિ-શ્રુત જ્ઞાન કે અવધિ, મનઃપર્યય હોય એ સાદિસાંત છે. ઉત્પન્ન થાય છે અને અંત આવી જાય છે. કેવળજ્ઞાન સાદિઅનંત છે. અજ્ઞાન અનાદિસાંત છે. અનાદિઅનંત દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? એકરૂપ વસ્તુ ભગવાનઆત્મા.. અરે...! એણે કંઈ સાંભળ્યું જ નથી. સાંભળીને કદી એને... આ..હા..હા..! આ તે પ્રભુ કોણ છે ? (એમ માહાત્મ્ય આવ્યું નથી). સમજાય છે કાંઈ ? જેનું સર્વજ્ઞ પ્રભુ પણ પૂરું કથન કહી શકે નહિ. આહા..હા..! જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં..'શ્રીમદ્' કહે છે.

**જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,**
**એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો,**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

આહા..હા...! ભગવાનના વિરહ પડ્યા. અરે..! આ માર્ગ આમ થઈ ગયો. સમજાય છે કાંઈ ? સાક્ષાત્ પરમાત્માના ભેટામાંથી નીકળીને ક્યાં આવી ગયા ? આહા..હા...! સવારમાં એનો ખેદ થયો હતો. ક્યાં ત્રિલોકનાથ ! બેનનો જન્મદિવસ અને આ યાદ આવ્યું. વ્યાખ્યાનમાં છેલ્લે યાદ આવ્યું. અરે...! ક્યાંથી આ આત્મા ક્યાં હતો ? ક્યાં આવ્યો ? ક્યાં છોડીને શું કર્યું ? સમજાય છે કાંઈ ? જ્યાં સાક્ષાત્ ભગવાન બિરાજતા હતા. અરે..! ત્યાં પણ વિરાધક... સમજાય છે કાંઈ ? અરે..! ભરતક્ષેત્રના અવતાર વિરાધક વિના હોઈ શકે નહિ. સમ્યગ્દૃષ્ટિ ભરતમાં આવી શકે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! એવા ત્રિલોકનાથ પરમાત્માની હાજરી, એના વિરહ પડ્યા મહાવિદેહમાં અને ભરતમાં, બન્ને ઠેકાણે. આવા ભગવાનની વાણી...

કહે છે, ઓ..હો...! પ્રભુ ! તારા સ્વરૂપને સર્વજ્ઞની વાણી (પણ કહી શકી નહિ). વાણીમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વ-પર વાર્તા કહેવાની તાકાત છે પણ વાણીની શું તાકાત છે ? દુશ્મન સજ્જનના કેટલા વખાણ કરે ? ચૈતન્યની વિરૂદ્ધ જડ, એ જડમાં કેટલી તાકાત કે ચૈતન્ય ભગવાનની વાત કરે ? આહા..હા..! સમજાય છે કાંઈ ? કોઈ કહે, દુશ્મનને કહેવું કે અમારા ભાઈના વખાણ કરવા. દુશ્મનને કહે તો એ કેટલા કરે ? ભગવાન ચૈતન્યજ્યોત અરૂપી આનંદકંદ પરમાત્મા પોતે, પોતાનું સ્વરૂપ, એની વાણીને ગંધ નથી, ખબર નથી. વાણી નજીકથી નીકળે છે. વાણીને ખબર નથી કે અહીં પરમાત્મા અંદર કોણ છે ! 'ડાલચંદજી' ! ખબર છે ? વાણીને ખબર નથી અને વાણી ચૈતન્યથી વિરૂદ્ધ જડ છે. આત્મામાં બિલકુલ અજ્ઞાનનો અને અલ્પ જ્ઞાનનો રહેવાનો અવકાશ નથી એવો આત્મા પૂર્ણાનંદ છે. વાણીમાં એક અંશ પણ જ્ઞાન રહે એવો એમાં અવકાશ નથી. પૂર્ણ જડ છે અને ભગવાન આ સર્વજ્ઞ પૂર્ણ જ્ઞાની. આહા..હા...! એ પૂર્ણ જ્ઞાનીની વાત, જે આત્માને અનુભવમાં દેખ્યો એ વાણીથી કેમ કહી શકે ? તોપણ આટલી વાણી આવી છે. તદ્દન અવ્યક્ત નથી એમ બતાવવા માટે અહીંયા વાત છે. કથંચિત્ વક્તવ્ય પણ છે. સપ્તભંગી છે ને ? વ્યક્ત-અવ્યક્તની સપ્તભંગી છે ને ? બિલકુલ ન કહે તો વાણી ન નીકળે. સાધારણ એના ઇશારા કરે, ઇશારા હોં ! જેમ ચંદ્ર દેખાડે ને ? એ.. ચંદ્ર છે. સમજાય છે કાંઈ ? એ ઝાડ ઉપર છે. એ ઝાડ ઉપર, ડાળ ઉપર છે. ડાળ ઉપર અને ઝાડ ઉપર છે જ નહિ. ત્યાંથી દૃષ્ટિને દૂર લઈ જાય તો ચંદ્રને દેખે. એમ યુક્તિથી, ન્યાયથી વાત કરે પણ તેનાથી પાર ચૈતન્ય ભગવાન છે. સમજાય છે કાંઈ ? અ..હો...!

ભગવાન અનાદિ-અનંત.. જુઓ ! આ દ્રવ્ય. '**અમૂર્ત...**' જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની ગંધ નથી. '**અતીન્દ્રિયસ્વભાવવાળો...**' અતીન્દ્રિય સ્વભાવવાળો. ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ પ્રભુ છે. શુદ્ધ. શુદ્ધભાવ (અધિકાર) ચાલે છે ને ? '**શુદ્ધ-સહજ-પરમ-પારિણામિકભાવ...**' સ્વભાવિક પરમપારિણામિક વસ્તુ '**જેનો સ્વભાવ છે...**' આહા..હા...! '**એવો કારણપરમાત્મા તે ખરેખર આત્મા છે.**' જુઓ ભાષા ! સમજાય છે કાંઈ ? એ કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે. ઓ..હો..હો...! શરીરને આત્મા કહેવો, પરના ગુણભેદને કહેવો, તેની ક્ષાયિક પર્યાયને આત્મા કહેવો ? કે નહિ. એ બધા વ્યવહાર આત્મા છે. આત્મામાં બે ભેદ. સમજાય છે કાંઈ ? એક સમયની કેવળજ્ઞાનની પર્યાય એ વાસ્તવિક આત્મા નહિ. આહા..હા..! ખરેખર આત્મા નહિ. વાસ્તવમાં એ હિન્દીમાં મુક્યું છે. આપણે ગુજરાતીમાં ખરેખર શબ્દ છે. ગુજરાતીમાં ખરેખર મુક્યું છે ત્યાં ખ્યાલ રહી ગયો છે કે આ ઠેકાણે છે. ગુજરાતીમાં આપણે જ આત્મા છે ને ? પરમાત્મા હી આત્મા, એમ પાઠ છે ને ? ગુજરાતીમાં ખરેખર શબ્દ છે. હી એટલે ખરેખર, નિશ્ચયથી. નિશ્ચય કહો.

કારણપરમાત્મા તે નિશ્ચયઆત્મા. કારણપરમાત્મા તે વાસ્તવિક આત્મા. ત્રિકાળ આત્મા તે ખરેખર આત્મા. ખરેખર. આત્મામાં પણ ખરેખર અને નહિ ખરેખર. 'રસિકભાઈ' ! અરે..અરે..! આવી વાત છે. ભાઈ ! એક સમય પૂરતી દશા, આ ભગવાન.. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંત અનંત જેની નિધિમાં ગુણ પડ્યા છે એવો ભગવાન અનાદિઅનંત એકરૂપ સહજ પરમપારિણામિકભાવ, પરમપારિણામિકભાવ. કેમ ? કોઈ વખતે પર્યાયને પણ પારિણામિકભાવ કહે છે. સમજાય છે કાંઈ ? રાગ-દ્વેષ છે તે પણ ખરેખર પારિણામિકભાવની પર્યાય છે. ખરેખર તો વિકારી છે. એ તો નિમિત્તની અપેક્ષાએ ઉદય કહી. પણ 'જયધવલ' માં વિકારને પારિણામિકભાવની પર્યાય કહી છે. તેની પર્યાય છે ને ? પર્યાય ક્યાં પરની છે ? પારિણામિકભાવ પણ ધ્રુવ પારિણામિકભાવ એ વાસ્તવિક આત્મા છે. આહા..હા...! ઉપશમ, ક્ષાયિક, ક્ષયોપશમને તો પારિણામિકની પર્યાય કહે, પર્યાયરૂપ પારિણામિક, હોં ! પર્યાયરૂપ પારિણામિક. ઔદયિકને પણ પારિણામિકભાવ કહ્યો, પણ એ પારિણામિક એક અંશનો છે. આ ત્રિકાળ આત્માને ખરેખર આત્મા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? વન્સ મોર કહે છે. ભાઈ ! તમારા પિતાજી કહે છે. ક્યાં ગયા તમારા આવ્યા છે કે નહિ બીજા ?

જુઓ ! **'અનાદિ-અનંત...'** ભગવાન આદિ નહિ, અંત નહિ એકરૂપ સ્વરૂપ. જુઓ ! કેવળજ્ઞાન તો આદિ અને અનંત. કેવળજ્ઞાન આદિ-અનંત છે. એ અનાદિઅનંત ન રહ્યું. કેવળજ્ઞાન પણ અનેરો–અન્ય ભાવ છે. કેવળજ્ઞાન પણ વાસ્તવિક આત્મા નથી. આહા..હા...! એ.. 'માણેકલાલભાઈ' ! છે કે નહિ એમાં ? ભાઈ ! આવે ત્યારે તો વાત આવે ને ! જુઓ ! **'પરમપારિણામિકભાવ જેનો સ્વભાવ છે–એવો કારણપરમાત્મા...'** ઓ..હો...! કેવળજ્ઞાન એક સમયની પર્યાય છે. ભલે પ્રગટ થઈને સાદિઅનંત રહે પણ આ દ્રવ્ય તો અનાદિઅનંત છે. અનાદિઅનંતને અહીંયા આત્મા કહેવામાં આવ્યો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાગને તો ક્યાંય રાખી દીધો, કેવળજ્ઞાન પર્યાય પણ વાસ્તવિક આત્મા નહિ. એક સમયની દશા એક સમય પૂરતી રહે છે. કેવળજ્ઞાન ભલે એવું ને એવું સદૃશ ચાલ્યું આવે પણ કેવળજ્ઞાન રહેવાની સ્થિતિ આત્મામાં એક સમયની છે. સમજાય છે કાંઈ ? ચારે ભાવ એક સમય પૂરતો જ રહે છે. રાગ પણ એક સમયે બીજો, બીજે સમયે બીજો, ત્રીજે સમયે ત્રીજો.. ક્ષયોપશમ પણ એક સમયે જે પર્યાય છે તે પર્યાય બીજે સમયે રહેતી નથી. કેવળજ્ઞાન પણ એક સમયે છે તે બીજે સમયે રહેતું નથી. એવુ હો, પણ એ નહિ. એક સમયનો આત્મા, કેવળજ્ઞાન પણ સિદ્ધપર્યાય આત્મા એ વાસ્તવિક આત્મા નહિ. એ.. 'છોટાભાઈ' ! ભારે, ભાઈ ! આવી વાત. આવો તે જૈન પરમેશ્વરનો ધર્મ હશે ? કોઈ કહે, આપણે જૈનમાં એવું ન હોય. આપણે જૈનમાં તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, રાત્રે ચૌવિહાર કરવો. એ.. 'મયાચંદભાઈ' ! આવું કરવું, ધૂળ કરવી, ફલાણું કરવું... તેને જૈન (ધર્મ કહેવાય). અરે..! ભગવાન ! સાંભળ તો ખરો, બાપુ ! આ જૈન પરમેશ્વરનો માર્ગ અપૂર્વ અલૌકિક છે. ભાઈ ! એ વાસ્તવિક સાંભળવા મળ્યો નથી. તેથી કહ્યું ને ? **'सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा। एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स।।४।।'** પરથી વિભક્ત અને સ્વથી એકત્વ ચીજ શું છે એવી વાત અંદર યથાર્થપણે, વાસ્તવિક દૃષ્ટિથી રુચિ કરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કદી સાંભળી નથી. શું કહે છે ?

**'એવો કારણપરમાત્મા...'** એવો એટલે ? જેમાં ચાર ભાવ નથી, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક નથી અને જે ત્રિકાળ પરમસ્વભાવભાવ ભગવાન, તે **'ખરેખર આત્મા છે.'** આત્મામાં વળી ખરેખર આત્મા અને અખરેખર આત્મા એવા બે ભેદ ? સવારે ખુલાસો કર્યો હતો ને ? ખરેખર તો ખોટો–અસત્ય આત્મા છે. સત્ય ભૂત ત્રિકાળ એ સત્ય આત્મા છે અને પર્યાય છે તે અસત્ય આત્મા છે, આ ત્રિકાળની અપેક્ષાએ. સમજાય છે કાંઈ ? પણ એ પર્યાય એની અપેક્ષાએ નથી, એમ નથી. પર્યાયનયનો વિષય છે જ નહિ, એમ નથી. એ તો સવારમાં ખુલાસો આવી ગયો.

કહે છે, અરે...! કારણપ્રભુ, જેમાં અનંતી સિદ્ધ પર્યાયરૂપ ભગવાન પડ્યા છે. અનાદિ-અનંત, હોં ! અનાદિઅનંત એકરૂપ. ત્રિકાળ નિરાવરણ કહ્યું નહિ ? શેમાં કહ્યું ? આપણે હમણા કાઢ્યું ઇ ? ૫૦ ગાથામાં કાઢ્યું. ૧૧૯ ગાથા છે ને ? ૨૪૦ પાનું, ૨૪૦ પાનું. હિન્દી. ત્રીજી લીટી છે. **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ...'** કાઢતા આવડે છે કે નહિ ? કે કો'ક કાઢી દ્યે ? સમજાય છે કાંઈ ? ત્રીજી લીટી, ત્રીજી. ટીકાની ત્રીજી લીટી. લીટી સમજ્યા ? પંક્તિ. ૨૪૦ પાનું. ત્રીજી લીટી. **'સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** આવા લક્ષણથી લક્ષિત, **'અખંડ-નિત્યનિરાવરણ...'** અખંડ નિત્યનિરાવરણ, અખંડ નિત્યનિરાવરણ, ત્રિકાળ નિત્યનિરાવરણ, એને અહીંયા દ્રવ્યઆત્મા કહેવામાં આવે છે. આહા...હા...હા...! સમજાય છે કાંઈ ? એમાં પર્યાય-બર્યાય આવતી નથી. **'અખંડ નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોના પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે;...'** પરનો આશ્રય નહિ લેવામાં અને સ્વનો આશ્રય લેવામાં જ્ઞાની સમર્થ છે. સમજાય છે કાંઈ ? પર્યાયનો આશ્રય પણ નહિ લેવામાં જ્ઞાની સમર્થ છે, એમ કહે છે. આહા..હા...! ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકને ખરેખર આત્મા નહિ માનવામાં સમર્થ છે અને ચારનો આશ્રય નહિ લેવામાં સમર્થ છે. આહા..હા...! 'દેવીલાલજી' ! આ તો અલૌકિક વાત છે. જુઓ ! પછી કહે છે, જુઓ !

**'તેથી જ તે જીવને પાપાટવીપાવક કહ્યો છે. આમ હોવાથી પંચ મહાવ્રત,...'** ભગવાન જ્ઞાનાનંદ ત્રિકાળ આનંદમૂર્તિ અનાદિઅનંત નિત્યનિરાવરણના આશ્રયથી નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય તેને પંચ મહાવ્રત કહે છે. વિકલ્પના પંચ મહાવ્રત એ ખરેખર મહાવ્રત છે જ નહિ. અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે તે ખરેખર મહાવ્રત છે જ નહિ. આહા..હા...! અહીંયા જુઓ ! ..... 'દેવાનુપ્રિયા' સમજો છો ? મનુષ્યને દેવાનુપ્રિયા કહેવામાં આવે છે. દેવને મનુષ્યદેહ વલ્લભ છે ને ? દેવને મનુષ્યદેહ વલ્લભ છે. પ્રિય છે માટે દેવાનુપ્રિય કહે છે. દેવને તમે વલ્લભ છો, એમ કહે છે. સમજાય છે કાંઈ ? શ્વેતાંબરમાં આવું બધું બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવે છે. હે.. દેવાનુપ્રિયા ! રાજા નોકરને કહે ને ? દેવાનુપ્રિય ! આ કામ કરશો ? એમ કહે. હે દેવને વલ્લભ ! મનુષ્યદેહ તો દેવને વલ્લભ છે. મીઠી ભાષા છે. સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, એવા પંચ મહાવ્રત **'બધું ધ્યાન જ છે...'** એમ કહે છે. ભગવાનઆત્મા અખંડાનંદ નિત્ય નિરાવરણ પ્રભુ, એનો આશ્રય લેવાથી જે ધ્યાન ઉત્પન્ન થાય છે, વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ તે ધ્યાન પંચ મહાવ્રત છે. એ ધ્યાન પાંચ સમિતિ છે. આમ જોઈને ચાલવું એ વિકલ્પ ખરેખર વ્યવહાર સમિતિ છે જ નહિ. આહા..હા...! **'ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે...'** સમજાય છે કાંઈ ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુનું ધ્યાન, અંતરમાં ધ્યાન લગાવવું એ પર્યાય નિર્મળ છે; તેને જ ભગવાને પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એને કહ્યા છે. વ્યવહાર સમિતિ, ગુપ્તિને અહીંયા યથાર્થમાં કહ્યા નથી. આ તો બહારમાં વળગ્યા... આમ કર્યું ને આમ કર્યું. કેમ 'બાબુલાલજી' ? આહા..હા..! જુઓ ! એમાં કહ્યું છે ને ઇ ?

અહીં તો લેવું હતું, **'પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...'** પરના લક્ષણથી લક્ષ છોડીને. પરના ત્યાગરૂપ લક્ષણથી લક્ષિત **'અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ...'** તેની એકાગ્રતા. અંતર આનંદમાં એકાગ્રતા તે જ ધર્મધ્યાનની ક્રિયા ભગવાનના માર્ગમાં કહી છે. સમજાય છે કાંઈ ? એ ધર્મધ્યાનની ક્રિયા પણ પરમપારિણામિકભાવથી અન્ય ભાવ છે. આહા..! એને આશ્રયે ધર્મ નહિ થાય. ધર્મધ્યાન પ્રગટ થયું એને આશ્રયે ધર્મ નહિ થાય, ધર્મ ન થાય. અરે..! ભારે માર્ગ ભાઈ આવા. આહા..હા...!

સર્વજ્ઞ પરમેશ્વરે એક સમયમાં.. આહા..હા..! એક જ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકનો પત્તો પોતાના ઉપયોગમાં લઈ લ્યે છે. બહારમાં તો જોવાનું જ ક્યાં છે ? એવી તાકાત સર્વજ્ઞ કહે છે, સર્વજ્ઞમાં છે એમ અમે જાણ્યું છે. સર્વજ્ઞની પર્યાય વાસ્તવિક આત્મા નથી. ઓ..હો..હો...! 'દેવીલાલજી'! કેટલાકને તો એવું લાગે આ શું કહે છે ? ક્યાં લઈ જાય છે ? તમે અમને ક્યાં લઈ જાવ છો ? ભગવાનઆત્મામાં લઈ જવા છે. આહા..! સમજાય છે કાંઈ ? બહારથી લક્ષ છોડી દે. શરીરનું લક્ષ છોડી દે, કર્મનું લક્ષ છોડી દે, રાગનું લક્ષ છોડી દે અને અસ્તિત્વ ગુણ, વસ્તુત્વ ગુણની પર્યાય તો અનાદિથી નિર્મળ જ છે. કેટલાક ગુણની તો નિર્મળ પર્યાય જ છે. અસ્તિત્વ ગુણની વિકારી પર્યાય થતી નથી. એવા અનંત ગુણ છે જેની પર્યાય નિર્મળ છે અને કેટલાક ગુણ છે તેની પર્યાય વિકારી છે. બધી પર્યાય આત્મામાં નથી. સમજાય છે કાંઈ ? એવો યથાર્થ કારણપરમાત્મા જ ખરેખર સત્ય આત્મા છે. સત્ય આત્મા અને અસત્ય આત્મા, બે ક્યાંથી આવ્યા ? પર્યાય એક સમયની, ત્રિકાળ આત્મા સત્યની અપેક્ષાએ અસત્ય છે. સમજાય છે કાંઈ ? તો અસત્યને સત્યમાં ભેળવવું એ વસ્તુની સ્થિતિ નથી.

**શ્રોતા :–**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણપરમાત્મા એ તો ત્રિકાળી છે, ઉપાધિ નથી. એ ત્રિકાળ, બસ ! ત્રિકાળને કારણપરમાત્મા કહ્યો. અહીં તો ત્રિકાળ વસ્તુને જ કારણપરમાત્મા કહ્યો છે. ત્રિકાળ વસ્તુને કારણપરમાત્મા કહ્યો છે. એ નામ એવું છે. કારણ કેમ કહ્યું ? - કે તેના આશ્રયે કાર્યપરમાત્મા થાય છે તેથી તેને કારણપરમાત્મા કહ્યો. અહીં તો એ વસ્તુ છે. વસ્તુ ત્રિકાળ કારણપ્રભુ છે. એ કારણ ભગવાનમાંથી કાર્ય ઉત્પન્ન થાય છે. આ લોકો કહે છે, ભગવાનમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ, ભગવાન બધાનો આધાર છે. સમજાય છે કાંઈ ? એવું ત્રણકાળમાં નથી, સાંભળ ! એ બતાવવા માટે વાત છે.

તારો ભગવાન કારણપરમાત્મા તારી પાસે અનાદિઅનંત પડ્યો છે. એમાંથી કેવળજ્ઞાન, સિદ્ધની કાર્ય પર્યાય એમાંથી ઉત્પન્ન થાય છે. એ તો બતાવવું છે કે મોક્ષમાર્ગથી પણ કાર્યપરમાત્મા થતો નથી. સમજાય છે કાંઈ ? કારણપરમાત્મા કેમ કહ્યું ? - કે સિદ્ધપદ પણ મોક્ષમાર્ગની પર્યાયથી થતું નથી. કેમકે મોક્ષમાર્ગની પર્યાય વ્યય થાય છે. વ્યય થઈને સિદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે. અભાવમાંથી ભાવ નથી આવતો. મોક્ષમાર્ગના પર્યાયનો અભાવ થઈને મોક્ષની પર્યાયનો ભાવ ત્રિકાળ કારણપરમાત્મામાંથી આવે છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! ઠીક પંડિતજીએ પૂછ્યું કે કારણ કેમ કહ્યું. અહીં તો ત્રિકાળ કહેવું છે એ પણ રહેતું નથી. એ તો વસ્તુ એક જ છે. શબ્દનો અર્થ ...

આ તો એકરૂપ વસ્તુ ત્રિકાળ. કારણ કેમ કહ્યું ? કાર્યની ભૂમિકા એ છે. કેવળજ્ઞાનરૂપી કાર્ય અને સિદ્ધપદરૂપી કાર્યનું કારણ ભગવાન છે. એ ભૂમિકામાંથી એ બધું આવે છે. મોક્ષમાર્ગની પર્યાયમાંથી કાર્યપરમાત્મા ઉત્પન્ન થતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગ કારણ અને વ્યવહાર મોક્ષમાર્ગ કાર્ય, એ પણ વ્યવહારનું કથન છે. ત્રિકાળ ભાવને કારણપરમાત્મા કહ્યો. સમજાય છે કાંઈ ?

અહીંયા તો વધારે વજન ક્યાં છે ? ખરેખર આત્મા. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ, જેમાં ક્ષાયિક પર્યાયનો સ્પર્શ નથી. સ્પર્શ નથી. સામાન્યને પર્યાયનો સ્પર્શ નથી. સામાન્ય પર્યાયને અડતું નથી. પર્યાયને અડે તો સામાન્ય વિશેષ એક થઈ જાય. એ તો સવારે કહ્યું હતું ને ? અલિંગગ્રહણ. પર્યાયને દ્રવ્ય કદી અડતું નથી. અનઆલિંગિત શબ્દ છે ને ? અનાલિંગિત કહો, અચુંબન કહો. દ્રવ્ય પર્યાયને ચુંબતું નથી, અડતું નથી. અમારી કાઠિયાવાડી ભાષામાં દ્રવ્ય પર્યાયને અડતું નથી. તમારી ભાષામાં છૂતે નહિ. સમજાય છે કાંઈ ? આહા..હા...! 'પોપટભાઈ' ! આ તો અલૌકિક વાતું છે. ભગવાનના દરબારમાં જવાની વાત છે. 'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણધામા, આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું કરે રે ગુણધામા, અવધુ ઐસો જ્ઞાન વિચારી, એમાં કોણ પુરુષ કોણ નારી, અવધુ ઐસો જ્ઞાન વિચારી' આમાં પુરુષ કોણ ? સ્ત્રી કોણ ? રાગ કોણ ? ક્યાં વસ્તુમાં છે ? કઈ દૃષ્ટિથી તું જુએ છે કે આ સ્ત્રી છે અને આ પુરુષ છે ? સમજાય છે કાંઈ ? સ્ત્રી-પુરુષ જડની પર્યાયને જોઈને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તું આત્મા માને છે, તો તું મૂઢ છો. સમજાય છે કાંઈ ? આહા..હા...!

એક વાત મીરાબાઈમાં આવે છે. મીરાબાઈમાં એક દાખલો આવે છે. તે દિ' નાટક જોયેલું ને ! લગભગ (સંવત) ૧૯૬૪-૬૫ ની સાલનું હશે. મીરાબાઈના નાટકમાં એક બાવો હતો, બાવો. નાટકમાં બાવો મળવા આવે છે. પછી કહે છે, તમે સ્ત્રી છો તો આડો પડદો નાખી દો. પડદો સમજ્યા ? પડદો નાખો તો અમે આવીએ. મીરાબાઈ કહે, ચર્મચક્ષુવાળો તું બાવો છો જ નહિ. તારી દૃષ્ટિ સ્ત્રી ઉપર પડી છે ? આત્મા છે તેની તને ખબર નથી ? એ.. 'સેઠી' ! એ નાટકમાં જોયું હતું, હોં ! બાવો કહે, મીરાબાઈને મળવું છે. તમે પડદો નાખજો. તમે સ્ત્રી છો તો તમે પડદો નાખજો. તમારે કોને જોવું છે ? સ્ત્રી દેહને જોવો છે ? આત્મા શું છે તેની ખબર નથી ? સ્ત્રીને જોવે છે તો તું ચર્મચક્ષુવાળો સંત બાવો છો. તને અમે મળી શકીએ નહિ, જા ! 'સેઠી' !

અહીં ભગવાન કહે છે, તું પરમપરમાત્માને દૃષ્ટિમાં જોતો નથી અને આ ચક્ષુથી જોવે છે, આ આત્મા, આ સ્ત્રીનો આત્મા, આ નપુંસકનો આત્મા, આ રાગનો આત્મા. અહીં તો કહે છે, ક્ષાયિકભાવ પણ આત્મા નથી. આહા..હા...! કોને તું આત્મા માને છો ? ... તને માને છો એવો તું પરને માને છો. આ આત્મા, આ આત્મા, આ આત્મા.. શું કરે છે તું ? સમજાય છે કાંઈ ? એ.. 'માણેકલાલભાઈ' ! લ્યો !

આ આત્મા અતિ આસન્નભવ્ય જીવોને આવા નિજ પરમાત્માને છોડીને કંઈ ઉપાદેય નથી. ભવ્ય જીવ–જેની મુક્તિ નજીકમાં છે, એવા આત્માને, આવા આત્મા સિવાય.. જુઓ ! એ સિવાય કંઈ ઉપાદેય નથી. પર્યાય પણ ઉપાદેય નથી. ભગવાન તો ક્યાંય રહ્યા. તેનું વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્માસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો–તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવો જ તું છો. પ્રભુ ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ !**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૭૧)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, શ્લોક-૫૪, ગાથા–૩૯, પ્રવચન નં. ૧૬૮
## તા. ૦૭-૦૯-૧૯૬૬
## [૧૭]

આ 'નિયમસાર' શુદ્ધભાવ અધિકાર ચાલે છે. શુદ્ધભાવ અર્થાત્ શુભ પરિણામને શુભ ઉપયોગ કહે છે, અશુભ પરિણામને અશુભ ઉપયોગ કહે છે અને શુદ્ધભાવને શુદ્ધ ઉપયોગ કહે છે. એ વાત છે ને અહીંયા ?

**શ્રોતા :–** એ તો ચારિત્રગુણની પર્યાય છે અને આ તો ત્રિકાળ સ્વભાવ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો પછી સમજ્યા વિના હા પાડે તો પકડાઈ જાય ને !

અહીં શુદ્ધભાવ અધિકાર છે તો શુદ્ધભાવનો અર્થ આત્માના પરિણામ જે ત્રણ પ્રકારના છે, શુભ, અશુભ અને શુદ્ધ એની અહીંયા વાત નથી. એ ત્રણ તો પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ ? શું 'સેઠી' ? તમને પૂછે તો તમે શુદ્ધભાવ અધિકારને શું કહેશો ? બોલત નહિ. આ માથે શું છે ? જુઓ ! શુદ્ધભાવ અધિકાર. શુદ્ધભાવનો અર્થ શું ? અહીંયા, હોં ! એક સ્વરૂપ સ્વભાવ ત્રિકાળ ધ્રુવ સામાન્યરૂપને અહીંયા જ્ઞાયકભાવ પરમપારિણામિકભાવ કારણપરમાત્માને અહીંયા શુદ્ધભાવ કહે છે. સમજાય છે કાંઈ ? પર્યાયનો શુદ્ધ ઉપયોગનો ભાવ અને એનાથી મુક્તિ મળે છે એની અહીંયા વાત નથી. કેમ કે શુદ્ધ ઉપયોગ પણ પર્યાય છે અને તેનું ફળ મોક્ષ એ પણ પર્યાય છે. એ પર્યાયને તો અહીંયા બહિઃતત્ત્વ કહ્યું છે.

**શ્રોતા :–** આવી બધી મહેનતમાં પડવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જેને હિત કરવું હોય તો એણે કરવું, ન કરવું હોય તો એ સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ ? બોલો, શ્લોક બોલો. પછી એમાંથી કાઢીશું.

**जयति समयसारः सर्वतत्त्वैकसारः**
**सकलविलयदूरः प्रास्तदुर्वारमारः।**
**दुरिततरुकुठारः शुद्धबोधावतारः**
**सुखजलनिधिपूरः केशवाराशिपारः।।५४।।**

શું કહે છે ? આ શુદ્ધભાવ કોને કહે છે ? **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ગાથા છે એનો કળશ છે. સર્વ તત્ત્વોમાં–સંવર પર્યાય, નિર્જરા પર્યાય, શુદ્ધ ઉપયોગ પર્યાય, મોક્ષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય અને એક શુદ્ધભાવ ત્રિકાળ ભાવ, આ બધા તત્ત્વોમાં એક સાર શુદ્ધભાવ એકરૂપ ત્રિકાળ જે દ્રવ્યનયનો વિષય છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે. સમજાય છે કાંઈ ? સર્વ તત્ત્વોમાં નામ સંવર, નિર્જરા, મોક્ષ, આસ્રવ, બંધ એ બધા તત્ત્વ તો પર્યાયતત્ત્વ છે અને પર્યાયતત્ત્વને અહીંયા બહિઃતત્ત્વ કહ્યું છે. સમજાય છે કાંઈ ?

***અંતઃતત્ત્વ એક સમયમાં સામાન્ય એકરૂપ પ્રભુ, કારણપરમાત્મા કારણજીવ ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવ પરમસ્વભાવભાવ એકરૂપ, જેને પર્યાયનો સ્પર્શ નથી. પર્યાયને અહીંયા વ્યવહાર તત્ત્વ કહ્યું છે, બહિઃતત્ત્વ કહ્યું છે. ઓ..હો...! સમજાય છે કાંઈ ? મોક્ષને પણ અહીંયા બહિઃતત્ત્વ કહ્યું છે.*** કેમકે એ પ્રગટ પર્યાય છે, એક સમયની દશા છે અને શુદ્ધ ઉપયોગ જે મોક્ષમાર્ગ છે, શુદ્ધ ઉપયોગ એ મોક્ષમાર્ગ છે, એ શુદ્ધ ઉપયોગ જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ***જે પોતાનો ભગવાન પૂર્ણાનંદ સામાન્ય છે તેનો આશ્રય કરીને નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર છે તેને પણ અહીંયા બહિઃતત્ત્વ ગણવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ ?*** તો એ બહિઃતત્ત્વ જે સંવર, નિર્જરા, મોક્ષ આદિ છે તેમાં એક સાર, સર્વ તત્ત્વોમાં એક સાર છે. ઓ..હો...! સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** બાકી બધું અસાર ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક ન્યાયે બધું અસાર. આ સાર તો આ અસાર, આ અંતઃતત્ત્વ તો બહિઃતત્ત્વ, આ નિશ્ચય તો આ વ્યવહાર, સત્ય તો અસત્ય, આ સાચું તે જૂઠું. લ્યો ! 'સેઠી' ! સમજાય છે કાંઈ ?

એક સમયનો ભગવાનઆત્મા, એમાં તો અનંત અનંત ગુણ રહેલા છે અને એક એક ગુણની અનંત સામર્થ્યતા અને એક એક ગુણની ત્રણે કાળની પર્યાયનું સામર્થ્ય ગુણમાં રહેલું છે. એવા અનંત ગુણનું એકસ્વરૂપ સામાન્ય, ધ્રુવ એ સર્વ તત્ત્વોમાં એક સાર છે. લ્યો, આ સંસારમાં સાર સાર કહે છે ને ? ધૂળમાં પણ સાર નથી, કહે છે.

અહીં તો મોક્ષ અને સંવર, નિર્જરા જે મોક્ષનો માર્ગ અને તેનું ફળ મોક્ષ, એ પણ બહિઃતત્ત્વ છે. ત્રિકાળની અપેક્ષાએ, ત્રિકાળની અપેક્ષાએ વાત છે ને ? ત્રિકાળની અપેક્ષાથી છે. પ્રગટ કરવાની અપેક્ષાએ તેને હિતકર કહો, હિતનું ફળ કહો પણ એ પર્યાય છે. અહીં તો એક સમયની પર્યાયને ગૌણ કરીને, હેય કરીને, ઉપાદેયમાં તેને નહિ ભેળવીને (બહિઃતત્ત્વ કહ્યું છે). સમજાય છે કાંઈ ?

**'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ભગવાને કહ્યા એ નવ તત્ત્વ, હોં ! એમાં એક સાર ધ્રુવ છે. જેને સામાન્ય કહે છે એ એક જ સાર છે. કહો, સમજાય છે કાંઈ ? આમાં સિદ્ધ શું કરવું છે ? તારે આનંદની પ્રાપ્તિ કરવી હોય તો આનંદની પ્રાપ્તિમાં સામાન્ય ધ્રુવ સ્વભાવ એક જ આશ્રય કરવાલાયક છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** ગુણો અને પર્યાય બેય....

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભેદ-બેદ નહિ. અહીં કહ્યું ને હમણાં સાંભળ્યું નહિ ? પર્યાયની તો વાત પણ નથી.

**શ્રોતા :–** એ તો કહે છે તમે ગુણ અને પર્યાયને કાઢી નાખો તો રહ્યું શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ રહ્યો એકલો અભેદ. ગુણભેદ નહિ. ગુણ ભલે હો અંદર, પણ એ ગુણ છે એમ કહેવું એ અસત્યાર્થ છે, જૂઠ છે. પહેલા કહ્યું ને ? એકરૂપ આત્મા, એમાં આ ગુણ એમ કહેવું, ભેદ પાડીને જાણવું એ વ્યવહાર થઈ ગયો, અસત્યાર્થ થઈ ગયું. જૂઠું થઈ ગયું, ઉપચાર થઈ ગયો. આહા..હા...! ભારે કઠણ જગતને મૂળ ચીજની પ્રાપ્તિ (થઈ નથી). આખો પ્રભુ મોટો પડ્યો છે મહા, હવે અહીં તો હજી બહારના ઝઘડા. આમ કરવું ને આમ કરવું, દયા પાળવી ને ભક્તિ કરવી ને પૂજા કરવી તેનાથી મોક્ષ થઈ જશે. ઝઘડા ત્યાં હજી. બહિર્લક્ષી (દૃષ્ટિ). સમજાય છે કાંઈ ? 'છોટાલાલભાઈ' !

કહે છે, **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** પ્રભુ પરમાત્મસ્વરૂપ, જેમાં વર્તમાન તો છે નહિ, મોક્ષની પર્યાય નથી અને શુદ્ધ ઉપયોગની પર્યાય અંદર નથી. શુદ્ધ ઉપયોગની પર્યાયને અહીંયા બહિઃતત્ત્વ કહી છે. આહા..હા...! કહો, 'હિંમતભાઈ' ! અમારા પંડિત છે ને ? મુખ્ય પંડિત છે. વાત સાચી છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ભાઈ ! તારે હિત કરવું છે ને ? હિત નામ સુખ કરવું છે ને ? તો સુખની ખાણ ક્યાં છે ? સુખની ખાણ કોઈ નિમિત્ત છે ? સુખની ખાણ રાગ છે ? સુખની ખાણ જે એક સમયની પર્યાય અનાદિની છે તે પર્યાયમાં સુખ છે ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ છે, તેમાં સુખ ક્યાં આવ્યું ? આપણા પંડિતજી છે ને ! ઠીક, 'રામજીભાઈ' એ પ્રશ્ન કર્યો. આપણે પંડિતજીને ઠીક અહીંયા રાખ્યા છે. સમજાય છે કાંઈ ? અરે..! ભગવાન !

અહીંયા તો કહે છે, સંવર, નિર્જરા, મોક્ષ એક બાજુ રાખો, અનાદિના તો છે નહિ. એની એક સમયની પર્યાયમાં જ્ઞાનનો વિકાસ છે. દર્શનનો ક્ષયોપશમ છે, આપણે ક્ષયોપશ એટલે વિકાર. વીર્યનો ક્ષયોપશમ છે, રાગ-દ્વેષ તો દુઃખરૂપ છે, ચાલો ! સમજાય છે કાંઈ ? પણ એક સમયની પર્યાય છે એમાં સુખ છે ? આનંદની પર્યાય વ્યક્ત છે ? કેમ ? - કે પર્યાય ઉપર દૃષ્ટિ છે તો દુઃખની પર્યાય વ્યક્ત છે. શું કહ્યું ? એક સમયની જે પર્યાય છે, જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ–ઉઘાડ–ક્ષયોપશમ–છે, રાગ-દ્વેષ તો દુઃખરૂપ છે જ, એ તો ઠીક, એને કાઢી નાખીએ પણ આ ક્ષયોપશમની પર્યાય જે છે તે પર્યાયમાં સુખ છે ? સુખ છે ? રાગ-દ્વેષ વિકલ્પ ઉઠે છે તેમાં સુખ છે ? પર્યાયમાં સુખ છે ?

**મોક્ષ :–** શુભરાગમાં સુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં પણ સુખ નથી. એ..ઇ...! થોડોક સંવર થાય અજ્ઞાનીને ઘરે. આહા..હા...! અરે..! ભગવાન !

અહીં તો બીજું સિદ્ધ કરવું છે કે અજ્ઞાનીને એ પર્યાયનો વિકાસ છે, સંવર, નિર્જરા,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોક્ષ પછી રાખો, સમજાય છે ? અનાદિકાળથી જીવને નિગોદમાં પણ જ્ઞાન, દર્શન, વીર્યનો ક્ષયોપશમ તો છે જ, જો ક્ષયોપશમ ન હોય તો તે પર્યાયમાં જડ થઈ જાય, સમજાય છે ? તો અહીં તો કહે છે, ભગવાન ! એકવાર સાંભળ તો ખરો ! તારી નિધિ એક સમયની પર્યાય જ્ઞાન, દર્શન, વીર્યનો ઉઘાડ છે, વિકાસ છે, તેની ઉપર દૃષ્ટિ દેવાથી એ તો દુઃખરૂપ છે તો દુઃખનો વિકલ્પ ઉભો થયો. એનો આશ્રય કરવાથી તને રાગ થશે, એ તો દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ ?

એકરૂપ સર્વ તત્ત્વોમાં સાર એવી દૃષ્ટિ કરી તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય પ્રગટ થઈ તો કહે છે કે તેમાં ભલે આનંદ હો પણ નવો આનંદ એમાંથી ઉત્પન્ન થતો નથી. એ આનંદની ખાણ છે ? સમજાય છે કાંઈ ? શુભ-અશુભરાગ છે તેમાં તો આનંદ નથી. એ તો બરાબર છે કે નહિ ? પૈસામાં આનંદ છે એ વાત તો રહી નહિ. બહાર રહી ગયા ? આ બધા પૈસાવાળા જુઓને ! ન્યાં બધા ઔષધના મોટા શું કરે છે ? તમારે શું કહેવાય છે ? મેડિકલ હૉલ. આ ભાઈ રહ્યા અમારે, ડૉક્ટર. કેટલા પેદા કરે છે બાર મહિને ! એમ વાતું કરે છે. આપણે ક્યાં જોવા ગયા હતા ? બહારમાં તો સુખ, સુખ ને સુખ અને અહીં આવીએ તો દુઃખ ભાસે છે, એમ કહે છે. એ.. 'નવરંગભાઈ' ! એ..ઇ..! 'રતિભાઈ' ! શું છે ? તમારા પૈસામાં સુખ છે ? બાયડીમાં સુખ છે ? બંગલામાં સુખ છે ? બે લાખનો બંગલો કરીને ત્યાં રહ્યા છે, એમાં સુખ છે ?

અહીં તો બીજી વાત કરવી છે, એ તો પર અજીવમાં ગયા. પોતાની પર્યાયમાં શુભ-અશુભરાગ છે તેમાં સુખ છે ? એ તો આકુળતા છે. હવે રહ્યો જ્ઞાન, દર્શન, વીર્યનો વિકાસ–ક્ષયોપશમ, એ ક્ષયોપશમની પર્યાયમાં સુખ છે ? અને ક્ષયોપશમની પર્યાયનો આશ્રય કરવાથી સુખ ઉત્પન્ન થાય છે ? એ પર્યાયનો આશ્રય કરવાથી તો રાગ, દુઃખ જ ઉત્પન્ન થાય છે. 'રાજમલજી' ! સમજાય છે કાંઈ ?

આનંદની નિધિ એક સ્વરૂપ ચિદાનંદ ધ્રુવ છે. અહીંયા તો પરને તો કાઢી નાખ્યા, રાગ-દ્વેષ કાઢી નાખ્યા, ક્ષયોપશમની પર્યાય કાઢી નાખી. હવે સ્વભાવનું સાર તત્ત્વ ભગવાનઆત્મા, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન, ચારિત્ર જે આનંદની પર્યાય પ્રગટ થઈ,... સમજાય છે ? શું એના આશ્રયે આનંદની વૃદ્ધિ થાય છે ? એ નવો આનંદ પ્રગટ થવાવાળો છે તે પર્યાયમાં પડ્યો છે ? એ આનંદરૂપ ભલે હો. સમજાય છે કાંઈ ? શું કહ્યું સમજાણું ? એમાં આનંદ પડ્યો છે કે એમાંથી આનંદ નીકળે ? આનંદ છે તો એક સમયનો આનંદ છે. બરાબર છે ? 'કેવળચંદજી' !

મોક્ષમાર્ગ થયો, સર્વ તત્ત્વમાં સાર ચૈતન્યપ્રભુ જ્ઞાયકભાવ, એનો અંતર આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા. એ સમ્યગ્દર્શન, જ્ઞાન છે આનંદ, પણ એક સમયનો આનંદ છે કે નવા આનંદની ખાણ છે ? સમજાય છે કાંઈ ? ત્રિકાળ ભગવાનઆત્મા અતીન્દ્રિય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદની ખાણ છે. આહા..હા...! તો કહે છે કે **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** પુણ્ય-પાપ નહિ, ક્ષયોપશમભાવ નહિ, આ ઉઘડેલો વિકાસ ક્ષાયિક સમકિત ચોથે ગુણસ્થાને થયું, લ્યો ને! એ પણ સુખની ખાણ નથી. એ સુખરૂપ દશા ભલે હો પણ એમાંથી સુખ પ્રગટ થાય એમ નથી. તો સર્વ તત્ત્વોમાં સાર ભગવાનઆત્મા અતીન્દ્રિય અતીન્દ્રિય અનંત ચતુષ્ટય જે ભગવાનને આનંદ પ્રગટ થાય છે તે પણ એક સમયનો આનંદ છે. સમજાય છે કાંઈ ? મોક્ષની પર્યાયનો આનંદ એક સમયનો છે. એ એક સમયના અંશમાંથી નવો આનંદ પ્રગટ થાય છે ? એ કહે છે, જુઓ !

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે.'** ભાષા.. સમજાય છે કાંઈ ? **'સર્વ તત્ત્વોમાં જે એક સાર છે,...'** ભગવાન જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ અભેદ સામાન્ય, જેમાં પર્યાય તો છે નહિ પણ ગુણભેદ પણ નથી. ગુણભેદ કરવા જાય તો તે ઉપચાર, અસત્યાર્થ, જૂઠો થઈ જાય છે. ભેદ કરીને દૃષ્ટિ કરે તો રાગ અને દુઃખ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે **'સર્વ તત્ત્વોમાં...'** જે એક ભગવાન શુદ્ધ પૂર્ણ ધ્રુવ સાર છે. કેવો છે ? **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર છે.'** એ સંવર, નિર્જરા અને મોક્ષની પર્યાય પણ નાશ પામવાયોગ્ય છે, કાયમ રહેનારી નથી. આહા..હા..! મોક્ષની પર્યાય એક સમયની છે ને ? સિદ્ધની પર્યાય પણ એક સમયની છે. એ ગુણ નથી, ધ્રુવ નથી.

**શ્રોતા :–** સદૃશતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે સદૃશતા હો પણ એક સમય જ રહે છે, બીજે સમયે નાશ પામી જાય છે. સમજાય છે કાંઈ ? ભારે વાત, ભાઈ ! કેવળજ્ઞાન પણ એક સમયની ઉત્પાદ પર્યાય છે. ***ઉત્પાદ, વ્યયથી વ્યતિરિક્ત જે દ્રવ્ય છે તેને અહીંયા સાર કહેવામાં આવ્યું છે.*** એ બતાવ્યું હતું ને ? ભાઈ ! ૪૩ ગાથામાં નહિ ? શું કહેવાય આ ? 'પરમાત્મ પ્રકાશ' માંથી એક ફેરી બતાવ્યું હતું ને ? એક ફેરી બતાવ્યું હતું કે નહિ ? ૪૩ ગાથા. જુઓ !

**'યદ્યપિ પર્યાયાર્થિકનયકર ઉત્પાદવ્યયકર સહિત હૈ, તો ભી દ્રવ્યાર્થિકનયકર ઉત્પાદવ્યયરહિત હૈ, સદા ધ્રુવ (અવિનાશી) હી હૈ,...'** તેને સાર તત્ત્વ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? **'વહી પરમાત્મા...'** ભગવાન ધ્રુવ સ્વરૂપ **'નિર્વિકલ્પ સમાધિકે બલસે તીર્થંકરદેવોંને દેહમેં ભી દેખ લિયા હૈ,...'** પહેલા અધિકારની ૪૩ ગાથા અને બીજામાં પણ ૪૩ માં છે. આ તો પહેલામાં ખુલાસો ચોખ્ખો છે. **'भावाभावाभ्यां'** શબ્દ મૂળ પાઠમાં છે ને ? ભાવ એટલે ઉત્પાદ અને અભાવ એટલે વ્યય. **'भावाभावहिं संजुवउ भावाभावहिं जो जि। देहि जि दिट्ठउ'** એનાથી રહિત ભગવાનઆત્મા એક સમયમાં ધ્રુવ વસ્તુ કાયમ એકરૂપ પડી છે, તે વર્તમાન ઉત્પાદ અને વ્યયથી રહિત છે. વર્તમાન એક સમયની પર્યાયથી રહિત છે. કેમકે ઉત્પાદ-વ્યય નાશ પામવાલાયક છે. આ ધ્રુવ છે. આહા..હા..! ભારે વાત,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! સમજાય છે કાંઈ ? **'भावाभावहिं संजुवउ भावाभावहिं जो जि। देहि जि दिट्ठउ जिणवरहिं मुणि परमप्पउ सो जि।।४३।।'** બીજામાં પણ એમ છે.

બીજા અધિકારની ૪૩ ગાથા. તે દિ' કહ્યું હતું. ઘણી ઘણી વાતું છે. 'પરમાત્મપ્રકાશ', 'સમયસાર' આદિ અલૌકિક વાતું છે. જુઓ ! ૪૩. **'યદ્યપિ પર્યાયાર્થિકનયસે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યકર સહિત હૈ,...'** ત્રણ ભેદ થયા, ભેદ પાડવા એ વ્યવહારનયનો વિષય થઈ ગયો. **'તો ભી દ્રવ્યાર્થિકનયકર ટંકોત્કીર્ણ જ્ઞાનકે અખંડ સ્વભાવસે ધ્રુવ હી હૈ.'** ત્રણ ભેદ પાડવા એ અંશ અપેક્ષાએ વ્યવહાર થઈ ગયો. એ ભેદ નહિ પાડી એક સામાન્ય.. સામાન્ય.. સામાન્ય, ઉત્પાદ-વ્યય નહિ. સમજાય છે કાંઈ ? એ.. 'માંગીલાલભાઈ' ! આ બે બોલ પહેલા આવ્યા હતા. સમજાય છે કાંઈ ? મોક્ષની પર્યાય પણ ઉત્પાદ-વ્યયવાળી છે. આરે..! ભારે વાત, ભાઈ ! આહા..હા...! બિચારા લોકોને આ તત્ત્વ સાંભળવા મળે નહિ. મોક્ષની પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ છે, સંવર, નિર્જરા ઉત્પાદ-વ્યયરૂપ છે. એ ઉત્પાદ-વ્યયરહિત. સમજાય છે કાંઈ ?

**'જે સમસ્ત નાશ પામવાયોગ્ય...'** સમસ્ત શબ્દ લીધો ને ? ભાઈ ! સંવર, નિર્જરા, મોક્ષ બધું લઈ લેવું છે. આહા..હા...! ભગવાનઆત્મા **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી...'** એક સમયની પર્યાયનો ઉત્પાદ, પૂર્વની પર્યાયનો વ્યય, વસ્તુ ધ્રુવ એકાકાર રહી ગઈ. એ ચીજ જે છે તે સર્વ તત્ત્વોમાં સાર છે. તેને અહીં શુદ્ધભાવ કહે છે. તેને શુદ્ધભાવ (કહે છે). અહીંયા પર્યાયની વાત નથી. શુદ્ધઉપયોગ ભાવ એ પર્યાય છે, નાશ પામવાલાયક છે. પર્યાય નાશ પામે છે, શુદ્ધ ઉપયોગ પણ નાશ પામે છે. સમજાય છે કાંઈ ? કેવળજ્ઞાન સાદિઅનંત ભલે રહે પણ એ તો સદ્દશતાની અપેક્ષાએ. તેની સ્થિતિ તો એક સમયની છે. સમજાય છે કાંઈ ? સિદ્ધની પર્યાયની નિર્મળતાનું પ્રગટ થવું એ પ્રગટ એક સમયની દશા છે. સિદ્ધની બીજે સમયે તે પર્યાયનો વ્યય થઈને નવી પર્યાય ઉત્પન્ન થાય છે. કેમ કે ઉત્પાદ-વ્યયથી સિદ્ધ છે અને આત્મા જે ત્રિકાળ ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહા..હા...!

**શ્રોતા :–** ધ્રુવ સ્વભાવ કૂટસ્થ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ***કૂટસ્થ છે, અપરિણામી છે. કૂટસ્થ છે, અપરિણામી છે, પલટ્યા વિનાનો છે. પારિણામિકભાવ કહે છે છતાં તેમાં પરિણમન નથી.*** એ સ્વરૂપ છે. પરિણામનો અર્થ એ સ્વરૂપ છે, આત્મસ્વરૂપ છે, આત્માનું નિજ સ્વરૂપ છે. એક સમયની પર્યાય, મોક્ષતત્ત્વ સિવાય એક સ્વરૂપ ભગવાન આમ ત્રિકાળ અનાદિઅનંત (છે). કાળની ઉપાધિ અનાદિઅનંત કહેવું એ તો ધ્રુવ રહે છે એ અપેક્ષાએ, બાકી એક સમયમાં સામાન્ય ધ્રુવ છે તેને અહીંયા શુદ્ધભાવ કહેવામાં આવ્યો છે. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તેને કારણપરમાત્મા કહેવામાં આવ્યો છે. ***ખરેખર કારણજીવ જ તે છે. કારણઆત્મા જ તે છે.*** આહા..હા...! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સમસ્ત નાશ પામવાયોગ્ય...'** જરીક સૂક્ષ્મ પડે પણ સમજવાલાયક આ ચીજ છે. બાકી તો અગિયાર અંગ 'ભણી નાખ્યું', નવ અંગ 'ભણી નાખ્યું' પણ તેમાં શું ચીજ કહેવી હતી તે તેણે દૃષ્ટિમાં ગ્રહણ કરી નહિ. શાસ્ત્રમાંથી કાઢ્યું નહિ અને દૃષ્ટિમાં લીધું નહિ. સમજાય છે કાંઈ ? અનાદિકાળથી એણે આવા જ સ્વચ્છંદનું સેવન કર્યું છે.

કહે છે, અહો..! સર્વ તત્ત્વોમાં જે એક સાર ભગવાન, **'સમસ્ત નાશ પામવાયોગ્ય ભાવોથી દૂર...'** ભાવ નામ પર્યાય. બદલી જનાર જે ઉત્પાદ-વ્યય પર્યાય છે તેનાથી દૂર છે, દૂર છે. જેમ અહીંયા કહ્યું ને કે ઉત્પાદ-વ્યય સહિત છે. એમ અહીંયા સંવર, નિર્જરા આદિ ઉત્પાદ-વ્યય નાશ પામવાયોગ્યથી દૂર છે. આ ભારે વાત, ભાઈ ! પર્યાય એની અને પર્યાયથી દૂર છે. સમજાય છે કાંઈ ? એવો શુદ્ધભાવ દૃષ્ટિમાં લેવા લાયક છે તો એ છે. એ જ્યાં સુધી દૃષ્ટિમાં નહિ લે ત્યાં સુધી સમ્યગ્દર્શન નહિ થાય. ધર્મની પહેલી સીઢીની શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના સમ્યગ્જ્ઞાન નથી, એ વિના ચારિત્ર-ફારિત્ર, વ્રત, તપ કાંઈ હોતા નથી. રણમાં પોક મુકવા જેવું અરણ્યરૂદન છે. સમજાય છે કાંઈ ? આ આત્મા ધ્રુવ સ્વભાવ શુદ્ધભાવની દૃષ્ટિ કર્યા વિના, સમ્યગ્દર્શન વિના જે કાંઈ કરે તે બધા ચાર ગતિમાં રખડવાના ભાવ છે. આહા..હા...!

**શ્રોતા :–** આ ક્યા ગુણસ્થાનની વાત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચોથા ગુણસ્થાનની. 'બાબુભાઈ' નક્કી કરાવે છે, ભાઈ ! ચોથા ગુણસ્થાનની વાત છે, બાપા ! આ તો ચોથા ગુણસ્થાનની વાત છે.

સમ્યગ્દર્શન... આહા..હા...! સમ્યગ્દર્શન **'भूदत्थमस्सिदो खलु'** સવારે આપણે ચાલે છે ને ? **'सम्मादिट्ठी हवदि जीवो।। भूदत्थमस्सिदो खलु, भूदत्थमस्सिदो खलु'** આ શુદ્ધતત્ત્વ જે સાર કહેવામાં આવ્યું તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ ? આ કદી સાંભળ્યું જ નથી, 'કેવળચંદજી' ! ભગવાન પરમાત્માની પેઢી છે, પ્રભુ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જેની ખાણમાં અનંતા સર્વજ્ઞ પરમાત્મા પડ્યા છે. ભેદરૂપ નહિ, હોં ! શક્તિરૂપ. સમજાય છે કાંઈ ?

**'જેણે દુર્વાર કામને નષ્ટ કર્યો છે,...'** આહા..હા..! જુઓ ! દુર્વાર કામ. ઇચ્છા ભોગ જેમાં છે જ નહિ, એમ કહેવું છે, હોં ! નષ્ટ કર્યા છે એટલે છે જ નહિ. છે જ નહિ. ભગવાન ધ્રુવ શુદ્ધભાવ પરમાત્મભાવ એમાં દુર્વાર કામ, ઇચ્છાના, ભોગના દુર્વાર–વારી શકાય નહિ એવા ભોગની વાસના જેમાં ત્રણકાળમાં નથી. ભગવાનઆત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ ? દુર્વાર કામ, રાગ, ભોગની વાસનાની મીઠાશ. અનુભવ કહેવો છે, હોં ! અહીં રાગનો અનુભવ દુર્વાર છે. લોકોને અંદર મીઠાશ.. મીઠાશ.. ભોગની મીઠાશ (આવે છે). મીઠાશ કહે છે ? શું કહે છે ? હિન્દીમાં મીઠાશ કહે છે ? લક્ષ સ્ત્રી ઉપર, ભોગ ઉપર, ખાવા ઉપર, પીવા ઉપર, મોસંબી, લાડવા ઉપર લક્ષ જાય તો આહા..હા..! રાગ મીઠાશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(લે છે). કહે છે, મૂઢ છે. તેને રાગમાં મીઠાશ લાગે છે. એવી રાગની મીઠાશ સ્વરૂપમાં છે જ નહિ. સમજાય છે કાંઈ ?

સમ્યગ્દૃષ્ટિને રાગમાં સુખ ભાસતું નથી, સ્ત્રીના વિષયમાં સુખ ભાસતું નથી. આહા..હા...! ભોગમાં દેખાવા છતાં સમ્યગ્દૃષ્ટિને પોતાના આનંદસ્વરૂપની ખાણમાં આનંદ દેખાય છે. સમજાય છે કાંઈ ? ચાહે તો ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં સમકિતી બેઠા હોય, ચાહે તો ઇન્દ્રના ઇન્દ્રાસનમાં કરોડો અપ્સરાઓના વૃંદમાં દેખાઓ પણ સમ્યગ્દૃષ્ટિને ક્યાંય સુખનો આભાસ દેખાતો નથી. સમજાય છે કાંઈ ? એવી બધા ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે. આખો લોક ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ છે. આબરૂ-કીર્તિ, મહત્તા ને માન ને અભિનંદનના પત્ર આપે છે કે નહિ ? શું કહે છે ? અભિનંદન આપે. આ..હા..! તમે... ધૂળમાં પણ સુખ નથી. સાંભલને હવે. તારા અભિનંદન પત્રમાં - કાગળ કટકામાં વખાણ કરે. તમે બહુ મોટા છો ને તમે બહુ મોટા છો ને તમે બહુ મોટા છે ને તમે ઘણા કામ કર્યા છે. એવા અભિનંદનમાં ધૂળમાં પણ સુખ નથી. સાંભળ તો ખરો. એ..ઇ...! 'મણીભાઈ' ! આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિને ઇન્દ્ર માન દેવા આવે તો સુખ માનતા નથી. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તી હોય અને ઇન્દ્ર આવીને એના સિંહાસનમાં સાથે બેસી જાય. ઇન્દ્ર ઉપરથી આવીને, ૩૨ લાખ વિમાનનો પહેલા દેવલોકનો લાડો, શકરેન્દ્ર ૩૨ લાખ વિમાન એની પાસે છે. કોઈ વિમાનમાં અસંખ્ય અસંખ્ય દેવ, અસંખ્ય અબજ દેવ છે. એ સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીના મિત્ર હોય તો સાથે બેસી જાય. ઓ..હો...! મોટું માન આવ્યું. લોકોને બહુ સુખ ભાસે. નહિ, નહિ, નહિ. મારો આનંદ મારી પાસે છે. એ આનંદ બહારમાં ત્રણકાળમાં ક્યાંય નથી. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** આ સમ્યગ્દૃષ્ટિ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન એમ માની લે એટલે એ કાંઈ સમ્યગ્દર્શન છે ? સમજાય છે કાંઈ ? આખી દુનિયાની દૃષ્ટિ ઉઠી ગઈ. સુખબુદ્ધિ ચાલી ગઈ. સમજાય છે કાંઈ ? જ્યાં વિકલ્પ ઉઠે છે તો દુઃખ જ ભાસે છે. દુઃખ.. દુઃખ.. આનંદની ખાણ આત્મા છે. તેની સાથે મેળવણી કરવાથી શુભરાગ પણ દુઃખ ભાસે છે. આહા..હા...! માછલી જેમ પાણીમાંથી નીકળીને રેતી ઉપર આવે તો દુઃખી છે, પણ એ માછલી નીકળીને અગ્નિમાં જાય તો ઘણુ દુઃખ છે. એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપમાં આનંદ આનંદ આનંદ અનુભવે છે. એ શુભભાવમાં આવે છે તો માછલી જેમ રેતીમાં જાય તેવી રીતે દુઃખ અનુભવે છે અને અશુભમાં તો અગ્નિમાં જેમ પડે તેટલું દુઃખ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવું સાર તત્ત્વ સમ્યગ્દૃષ્ટિને તો ભગવાનઆત્મા ધ્રુવને જોવે છે. કહો, સમજાય છે કાંઈ ? 'રતિભાઈ' !

**'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...'** સંસાર આખો પાપ છે. સંસાર દૂર નથી રહેતો, હોં ! એની પર્યાયમાં વિકાર, ઉદયભાવ છે તે સંસાર છે. પુણ્ય એ પુણ્ય નહી,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પુણ્ય પણ પાપ છે. અહીં તો પુણ્ય અને પાપ બન્ને પાપ છે. સમજાય છે કાંઈ ? 'પાપકો પાપ સૌ કહે, અનુભવી જન પુણ્ય કો ભી પાપ કહે' પંડિતજી ! આવે છે ને ? 'યોગસાર' માં આવે છે. 'પાપને પાપ સહુ કહે પણ અનુભવી પુણ્યને પણ પાપ કહે' આહા..હા...! શાસ્ત્રમાં તો ત્યાં સુધી ચાલ્યું છે, ભગવાન ! આત્મા આનંદસ્વરૂપ છે ને ! રત્નત્રયનો જે વિકલ્પ આવે છે ને એ પાપમાં આવ્યો, એમ કહે છે, હોં ! 'જયસેનાચાર્ય' ની ટીકામાં જ્યાં પુણ્ય-પાપ અધિકાર પૂરો થયો ત્યાં સંસ્કૃતમાં છે કે વ્યવહાર રત્નત્રય પાપ છે. કેમ કે ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુમાંથી પતીત થયો, વિકલ્પ આવ્યો, શુભરાગ આવ્યો (તેથી તે પાપ છે). સમજાય છે કાંઈ ? છે કે નહિ અહીંયા ? નિશ્ચયથી પાપ છે, વ્યવહારથી પુણ્ય છે એમ અમે કહીએ છીએ. એમાં શું ? જુઓ ! લીટી કરી છે.

**'व्यवहारमोक्षमार्गो'** પ્રશ્ન પૂછે છે કે મહારાજ ! **'कथं पापाधिकार'** તમે તો પુણ્યની વાત કરો છો. વ્યવહાર રત્નત્રયને પાપ અધિકાર કેમ કહ્યો ? **'व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपरादेयभूतस्य कारणभूतत्वादुपादेयः परंपरया जीवस्य पवित्रताकरणात् पवित्रस्तथापि बहिर्द्रव्यालंबनत्वेन'** વ્યવહાર રત્નત્રય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં **'बहिर्द्रव्यालंबनत्वेन'** બહિર્ દ્રવ્યનું આલંબન છે. આહા..હા...! અહીં તો હજી વ્યવહાર રત્નત્રયથી ચોથે મોક્ષમાર્ગ શરૂ થાય છે એમ કહે છે. અરે..! ભગવાન ! તને બહુ દુઃખ થશે, હોં ! આવી વિપરીત દૃષ્ટિનું તને બહુ દુઃખ થશે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

ભગવાન 'જયસેનાચાર્ય' કહે છે, આ બહિર્તત્ત્વની વાત ચાલે છે. વ્યવહાર રત્નત્રય બહિર્તત્ત્વ આસ્રવતત્ત્વ છે. આહા..હા..! **'बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति'** એક કારણ. પતતિ–પરાધીન. સ્વાધીનતાથી પતન થાય છે. આહા..હા..! એની દૃષ્ટિમાં ખબર નથી. સમજાય છે કાંઈ ? **'नश्यतीत्येकं कारणं। निर्विकल्पसमाधिरतानां'** ભગવાનઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપ, એની સ્થિરતા નિર્વિકલ્પ શાંતિ, **'व्यवहारविकल्पालंबनेन स्वरूपात्पतितं'** સમજાય છે ? પહેલા કહ્યું, **'बहिर्द्रव्यालंबनत्वेन पराधीनत्वात्पतति'** અહીંયા કહ્યું, **'निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पालंबनेन स्वरूपात्पतितं भवतीति'** સ્વરૂપ, આનંદ સ્વરૂપની નિર્વિકલ્પ શાંતિથી પતિત થાય છે ત્યારે વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'અમરચંદજી' આ લોકો રાડ પાડે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાને મિથ્યાત્વ કહે છે. મિથ્યાત્વ નથી કહેતા, ભગવાન ! સાંભળ તો ખરો. ઇ તો રાગ છે. તેને પરમાર્થ ધર્મ માનવો તે મિથ્યાત્વ છે. અરે...! એટલા ઊંધા અર્થ અહીંના કરી દે, પછી કહે, જુઓ ! આમ કહે છે, આમ કહે છે. અરે..! પ્રભુ ! તને કઠણ પડશે, નાથ ! પ્રભુ ! આવા વિપરીત અર્થ કરીને બીજાનો અનર્થ કરે છે. સમજાય છે કાંઈ ? 'દેવીલાલજી' ! **'भवतीति द्वितीयं कारणं।'** છે ને ? **'इति निश्चयनयापेक्षया पापं।'** એ પાઠ અહીંયા કહે છે, જુઓ અહીંયા. સમજાય છે કાંઈ ?

**'જે પાપરૂપ વૃક્ષને છેદનાર કુહાડો છે,...'** ભગવાન આનંદકંદની જ્યાં દૃષ્ટિ થઈ અને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્થિરતા થઈ તો એ તો પર્યાયમાં છેદ થયો. આ તો વસ્તુમાં જ એ નથી. અનાદિકાળથી વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે પાપ છે, તેને છેદનાર કુહાડો નામ એમાં એ વાત છે નહિ. સમજાય છે કાંઈ ?

**'જે શુદ્ધ જ્ઞાનનો અવતાર છે,...'** આહા..હા..! અવતાર એટલે જન્મની વાત નથી, હોં ! એ તો શુદ્ધ જ્ઞાન અવતાર સ્વરૂપ પ્રભુ છે. અનાદિઅનંત ધ્રુવ શુદ્ધ જ્ઞાનનો અવતાર છે. શુદ્ધ જ્ઞાનનું રૂપ છે, શુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ છે. ત્રિકાળ શુદ્ધ ભગવાનઆત્મા ધ્રુવ છે જે સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ ?

**'જે સુખસાગરનું પૂર છે...'** આહા..હા...! વસ્તુ, હોં ! હજી પર્યાયમાં પછી. એમાં પૂર્ણાનંદ ધ્રુવમાં સુખસાગર ઊછળે છે. ધ્રુવ, જે આ શુદ્ધભાવ કહ્યો એમાં સુખસાગરનું પૂર છે. તમારે બાઢ નથી કહેતા ? ભરતી.. ભરતી. સમુદ્રમાં ભરતી આવે છે ને ? બાઢ. અહીં તો દ્રવ્યમાં સદાય ભરતી જ પડી છે, એમ કહે છે. પર્યાયમાં ભરતી આવે એ નહિ, આ તો ભરતી જ દ્રવ્યસ્વભાવ પડ્યો છે. એકરૂપ ભગવાન સામાન્ય સ્વભાવ, એ સુખસાગરનું પૂર છે. તેનો આશ્રય કરવાથી પર્યાયમાં ભરતી આવે છે તે બીજી વાત છે. સમજાય છે કાંઈ ? એ ચીજ જ સુખસાગરનું પૂર છે. સમજાય છે કાંઈ ? ઓ..હો..હો...!

આખો સુખનો સાગર ભર્યો છે ને ! ચૈતન્ય ભગવાન સુખસાગરનું પૂર છે. સમજાય છે કાંઈ ? સુખસાગરનું પૂર.. પૂર.. ભર્યું છે. આવડો આત્મા, આટલા ક્ષેત્રમાં, અસંખ્ય પ્રદેશમાં સુખસાગરનું પૂર ! પૂર તો નડે ! પાણીનું પૂર આવે તો નડે... સમજ્યા ? અડે છે, સ્પર્શે છે. ભાઈ ! ભગવાનઆત્મા એક સમયની પર્યાય વિનાનો સુખસાગરનું પૂર છે. તેને અહીંયા શુદ્ધભાવ અને તેને ખરેખર આત્મા કહેવામાં આવે છે.

**'જે ક્લેશોદધિનો કિનારો છે,...'** આ ક્લેશરૂપી દરિયો. અહીં સુખસાગર કહ્યું અને આમ ક્લેશ ઉદધિનો કિનારો એટલે એમાં છે નહિ. ક્લેશનો–દુઃખનો ઢગલો એમાં છે જ નહિ. ત્રિકાળ આનંદ ભગવાનઆત્મામાં એ ક્લેશ નથી. આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાય છે કાંઈ ?

**'તે સમયસાર (શુદ્ધ આત્મા) જયવંત વર્તે છે.'** આવો ભગવાનઆત્મા ત્રિકાળ જયવંત વર્તે છે. ત્રિકાળ એવો ને એવો ભગવાને જોયો છે તેવો જ જયવંત વર્તે છે. તારી દૃષ્ટિ ત્યાં કરવાલાયક છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ ૩૮ ગાથા પૂરી થઈ. ૩૮ એક ગાથા પૂરી થઈ. હવે ૩૯.

**'આ નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.'** આ પણ શુદ્ધભાવ, ધ્રુવ શુદ્ધભાવ.

**णो खलु सहावठाणा णो माणवमाणभावठाणा वा।**
**णो हरिसभावठाणा णो जीवस्साहरिस्सठाणा वा।।३९।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જીવને ન સ્થાન સ્વભાવના, માનાપમાન તણાં નહીં,**
**જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.**

જુઓ ! એ શબ્દ ટીકાકારનો. જે ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ત્રિકાળ નિરુપાધિ જેનું સ્વરૂપ છે. કદી એને ઉપાધિ અડતી નથી. આ..હા..! આ એક સ્વરૂપમાં રાગાદિ ત્રણકાળમાં નથી. શુદ્ધ પર્યાય પણ નથી. એ બધું બાહ્ય તત્ત્વમાં ગયું. સમજાય છે કાંઈ ? બાહ્યતત્ત્વ, અન્યતત્ત્વ, વ્યવહાર વિષયનું તત્ત્વ, નિશ્ચયનો વિષય નહિ. આહા..હા...! લોકોને આ 'કુંદકુંદાચાર્ય' નું વાસ્તવિક તત્ત્વ એવું લાગે છે કે આ ક્યાં લઈ જાય છે ? આ ક્યાં લઈ જાય છે ? વેદાંતમાં લઈ જાય છે ? એક જણ એમ કહેતો હતો. પેલા 'ભીમજીભાઈ' હતા ને ? શું કહેવાય ? 'સુશીલ'. તમે કહેતા હતા ને ? કો'ક કહેતું હતું, ભાઈ કહેતા હતા. 'સુશીલ' અહીંયા હતા ને ? ભાઈ ! આશ્રમમાં. એમ કહેતા, જૈન લોકોએ આચાર્યો લગભગ વેદાંત જેવી વાત કરતાં અટકી ગયા. અરે..! સાંભળ રે સાંભળ ! વાત કરતા કરતા લઈ ગયા ખરા, પછી અટકી ગયા, આઘા ન ગયા. એવી ભાષા આપણે સાંભળી હતી. અહીં રહેતા ને કોઈ વાર આવતા. સુધરેલા માણસ, બહારના સુધરેલા. સમજાણું કાંઈ ?

આ તો જૈન પરમેશ્વરનું કહેલું તત્ત્વ છે. વેદાંત સાથે એક અંશે પણ મેળ નથી. સમજાય છે કાંઈ ? દ્રવ્ય અને પર્યાય, વસ્તુનું સ્વરૂપ પ્રમાણનો વિષય છે. એમાં દ્રવ્ય સ્વરૂપ શું તેનું કથન છે તેમાં વેદાંત આવ્યું ક્યાં ? વેદાંતમાં અનંત દ્રવ્ય અને અનંત આત્મા ને એક આત્મામાં અનંતાનંત ગુણ અને એક એક સમયમાં અનંત ગુણની અનંતી પર્યાય, એ વાત ક્યાં છે ? સમજાય છે કાંઈ ? ત્રણકાળ ત્રણલોક અને આ વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. વેદાંત સાથે મેળવણી (નથી). અભૂતાર્થ કહેતા કહેતા પાછા પર્યાયને ભૂતાર્થ કહીને અટકી ગયા. અરે..! ભગવાન ! તને જૈનદર્શનની ખબર નથી. સમજાય છે કાંઈ ? આ તો સર્વજ્ઞનું કહેલું વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે ?

ધર્મ ભાવનામાં સર્વજ્ઞને પહેલા લીધા છે ને ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા' માં. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોવે એવું પર્યાયવાન દ્રવ્ય ન માને તો તેના એક્કે તત્ત્વ સાચા હોતા નથી. ભગવાન પરમેશ્વર...

**શ્રોતા :–** થોડું નિયત અને થોડું અનિયત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** થોડું નિયત-અનિયત એવું કાંઈ છે જ નહિ. અનેકાંત જ એ છે. નિયત છે અને અનિયત નથી. સમજાય છે કાંઈ ? ભાઈ પૂછતા હતા ને ? ભગવાને ક્રમબદ્ધ જોયું છે તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો ? રાત્રે પ્રશ્ન હતો ને ? અરે..! ભગવાન ! તારી ચીજનું સામર્થ્ય જોવે.. ઓ..હો...! ભગવાનના જ્ઞાનની એક પર્યાય ત્રણકાળ ત્રણલોક પરના લક્ષ વિના પોતાની પર્યાયમાં જોવે. આહા..હા...! જેમ જળને જોતા આખું તારમંડળ જળમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેખાય, તારા ઉપર લક્ષ કરવું પડતું નથી. જળની સ્વચ્છતા ઉપર નજર પડતાં આખું તારામંડળ દેખાય. એ પાણીનું સ્વરૂપ છે, તારામંડળનું નહિ. ***લોકાલોકનું જ્ઞાન એ પોતાની પર્યાયનું સ્વરૂપ છે, લોકાલોકનું નહિ. સમજાય છે કાંઈ ? લોકાલોકનું જ્ઞાન તે લોકાલોકનું નથી. નિમિત્તનું કથન છે. પોતાની પર્યાયમાં લોકાલોકને જાણવાની તાકાત પરિણમી ગઈ તેને જોવે છે.*** સમજાય છે કાંઈ ? એટલી જેની તાકાત છે.. આહા..હા..! એવી પર્યાયને જ્યાં કબુલ કરવા જાય... પછી જોયું છે... સાંભળ તો ખરો ! સ્વામી 'કાર્તિકેય'માં કહ્યું નથી ? એને પણ જૂઠા પાડે છે. સ્વામી 'કાર્તિકેય' માં કહ્યું ને ? છે ને ? ત્યાં ચોખ્ખું કહ્યું છે. પેલા ભાઈ તકરાર કરે છે ને ! કેટલામી ગાથા છે ? જુઓ !

સર્વજ્ઞદેવ... જયચંદ્રજી પંડિતનો અર્થ છે. ૩૨૧-૩૨૨ ગાથાનો અર્થ છે. ભાવાર્થ :– સર્વજ્ઞદેવ સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, ભાવની અવસ્થાને જાણે છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસે છે તે નિયમથી થાય છે. જુઓ ! આ તો ભાવાર્થ છે. ચિહ્ન કર્યા છે. જે સર્વજ્ઞના જ્ઞાનમાં જે પ્રતિભાસ્યું છે તે નિયમથી થાય છે પણ એમાં વધારે-ઓછુ કંઈ થતું નથી. એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે. આવો નિર્ણય કરે છે, એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા એવી જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે, એક પર્યાયનું આટલું સામર્થ્ય છે તો મારા દ્રવ્યનું સામર્થ્ય કેટલું ! પોતાના દ્રવ્યના સામર્થ્ય ઉપર દૃષ્ટિ થવાથી તેને સમ્યગ્દર્શન થાય છે. ત્યારે કેવળજ્ઞાનની પ્રતીતિ યથાર્થ આવી એમ એને કહેવામાં આવે છે. આહા..હા...! ભારે ઝઘડા, ભાઈ ! મૂળ તત્ત્વ અને સર્વજ્ઞના ધર્મનું મૂળ એ છે. સમજ્યા કે નહિ ? પહેલી ગાથા છે ને એનું કાંઈક લખ્યું છે. જુઓ !

**जो जाणदि पच्चक्खं तियालगुणपज्जएहिं संज्जुत्तं।**
**लोयालोयं सयलं सो सव्वण्हू हवे देवो।।३०२।।**

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)

ધર્માનુપ્રેક્ષાની પહેલી ગાથા આ લીધી. સર્વજ્ઞ એ ધર્મનું મૂળ છે. સર્વજ્ઞનો જેને નિર્ણય નથી તેને કોઈ ધર્મનો નિર્ણય નથી.

**શ્રોતા :–** ઊંધો નિર્ણય હોય તો વાંધો નહિ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊંધા નિર્ણયમાં મિથ્યાદૃષ્ટિ છે. પહેલા લખ્યું છે, જુઓ ! ૩૦૨ ગાથા છે. जो जाणदि पच्चक्खं तियालगुणपज्जएहिं संज्जुत्तं। ત્રણકાળના ગુણ-પર્યાય સહિત ભગવાનની એક પર્યાયમાં જણાય છે. लोयालोयं सयलं सो सव्वण्हू हवे देवो।। તેનું નામ સર્વજ્ઞદેવ છે. ધર્માનુપ્રેક્ષામાં ધર્મની શરૂઆત કરતા સ્વામી 'કાર્તિકેયે' સર્વજ્ઞને સિદ્ધ કર્યા છે. સર્વજ્ઞ ધર્મનું મૂળ છે. સર્વજ્ઞે જોયું છે તેવું કહ્યું છે. એવા સર્વજ્ઞનો જેનો નિર્ણય નથી તેને સર્વજ્ઞે કહેલા ધર્મનો નિર્ણય હોય નહિ. કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં ભાષા બોલે પણ સર્વજ્ઞદેવે કહેલો એવો ધર્મ .. સર્વજ્ઞ ત્રણકાળ ત્રણલોક જોવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, તારી પર્યાય ક્યાં કેવી થશે એ પણ જોયું છે, પણ આવો નિર્ણય કરવા જનારને પર્યાયનો નિર્ણય કરવામાં પોતાના દ્રવ્યનો નિર્ણય થાય છે. પોતાની પર્યાયના નિર્ણયમાં ભગવાનની પર્યાયનો નિર્ણય તેમાં આવી ગયો. સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે, **'ત્રિકાળ-નિરુપાધિ જેનું સ્વરૂપ છે...'** ભગવાન શુદ્ધભાવ. જુઓ ! આવી સર્વજ્ઞ પર્યાય જેવી શક્તિ તો અનંતી પડી છે. શક્તિઓ, હોં ! આ પર્યાય આમ છે એવા કંઈ અંદર ભેદ નથી. **'ત્રિકાળ-નિરુપાધિ...'** ભગવાનઆત્મા ત્રણે કાળે નિરુપાધિ છે. ત્રણકાળમાં વર્તમાન પણ આવી ગયો કે નહિ ? વર્તમાનમાં નિરુપાધિ ? સમજાય છે કાંઈ ?

**'એવા શુદ્ધ જીવસ્તિકાયને...'** જુઓ ભાષા ! મુનિરાજની ભાષા તો જુઓ ! એકલો જીવ કહે તો વળી વેદાંતમાં ચાલ્યું જાય. શુદ્ધ જીવાસ્તિકાય. ત્રિકાળ નિરુપાધિ સ્વરૂપ જીવ અસ્તિ અને કાય, અસંખ્ય પ્રદેશ સ્વરૂપ, એવું ભગવાને જોયું છે. સમજાય છે કાંઈ ? અસંખ્ય પ્રદેશ શુદ્ધભાવ એકરૂપ. પ્રદેશ લીધા, અસ્તિકાય લીધું પણ છે અભેદ એકરૂપ. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ સિવાય આવી વાત ક્યાં છે ? અસંખ્ય પ્રદેશી એક આત્મા એવા અનંત આત્મા, ક્યાંય વાત છે ખરી ? સર્વજ્ઞ સિવાય એ વાત ત્રણ કાળમાં ક્યાંય હોતી નથી અને સર્વજ્ઞે કહ્યું તે ધર્મનું મૂળ છે તેનો જેને નિર્ણય નથી તેનો કોઈ ધર્મ સાચો નથી.

**'શુદ્ધ જીવસ્તિકાયને ખરેખર..'** ખરેખર શુદ્ધ જીવાસ્તિકાય, શુદ્ધભાવ. અહીં શુદ્ધભાવને શુદ્ધ જીવાસ્તિકાય કહ્યો છે. જે પહેલા અંતઃતત્ત્વ કહ્યું હતું, સર્વ તત્ત્વોમાં સાર કહ્યો હતો તેને અહીંયા શુદ્ધ જીવાસ્તિકાય કહ્યું. શુદ્ધ જીવાસ્તિકાય. શબ્દ ફેર કરીને વસ્તુ બતાવે છે. પાઠમાં તો એમ છે, **'णो खलु सहावठाणा'** પણ સ્વભાવનો અર્થ ત્યાં વિભાવ લેવો. કેમ કે પછી ૪૩ ગાથામાં ક્ષાયિકભાવ આદિ આવશે. ક્ષાયિકભાવ પણ આત્માના દ્રવ્યમાં નથી. શુદ્ધભાવમાં ક્ષાયિકભાવ નથી એ તો પછી ૪૩ ગાથામાં આવશે. ૪૩ છે ને ? ૪૧ છે. **'णो खइयभावठाणा'** જીવમાં ક્ષાયિકભાવ પણ નથી. છે ? ભણી ભણીને ભણ્યા, સાધુ થઈને થોથા ભણ્યા.

અહીં કહે છે, શુદ્ધભાવ એકરૂપ ભગવાનમાં ક્ષાયિકભાવ નથી. ક્ષાયિકભાવ તો સિદ્ધમાં છે, એમ કહેતા હતા. સાંભળ તો ખરો. અહીં તો શુદ્ધ દ્રવ્ય સ્વભાવની વાત ચાલે છે. આહા..હા...! અને મોટા આચાર્ય નામ ધરાવે, મોટી સભા ભેગી થાય, અરે..! ધૂળ ભેગી થાય, કીડીઓ બહુ ભેગી થાય. એમાં શું આવ્યું ? માણસ ભેગા થાય એની સાથે શું સંબંધ છે ? સમજાય છે કાંઈ ? ભેગા સમજો છો ? ઇકઠ્ઠા હોતે હૈં.

અહીંયા **'णो खलु सहावठाणा'** નો અર્થ... કોઈ કહે, વિભાવ કેમ કહ્યું ? કારણ કે અહીંયા વિભાવની વાત છે. પછી ક્ષાયિકભાવનો નિષેધ ૪૧ માં આવશે. સમજાય છે કાંઈ ? **'શુદ્ધ જીવસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો...'** જુઓ પાઠમાં લીધું **'सहाव'**. કેમકે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


પોતાની પર્યાયનો ભાવ છે ને ? પર્યાય સ્વ સ્પષ્ટ ભવનં સ્વભાવ. પર્યાયમાં છે. રાગ, દયા, દાન, ભક્તિ, પૂજા આદિના ભાવ પર્યાયમાં છે પણ એ વિભાવભાવ છે. એ સ્થાન નથી, શુદ્ધભાવમાં એ છે જ નહિ. શુદ્ધભાવ સમજ્યા ? શુદ્ધ ઉપયોગ નહિ. ત્રિકાળ ધ્રુવ શુદ્ધભાવ, સમજાય છે કાંઈ ? એમાં એ નથી. પાઠમાં છે, **'णो खलु सहावठाणा'** કોઈને તર્ક થાય પણ **'सहावठाणा'** નો અર્થ જ એ છે. સમજાય છે કાંઈ ? સ્થાન તો પેલાને કહેશે, ક્ષાયિક સ્થાન ૪૧ માં કહેશે. **'णो खइयभावठाणा'**. પણ અહીંયા ક્ષાયિકભાવ પછી લેવો છે. ન્યાં પણ **'ठाणा'** નામ પ્રકાર છે ને ? બધા ક્ષાયિકના સ્થાન એ દ્રવ્યમાં નથી. **'ठाणा'** તો બધે કહેશે. સમજાય છે કાંઈ ? **'सहावठाणा'** **'क्षायिकठाणा'** **'उदयठाणा'** બધું દ્રવ્યમાં છે. અહીંયા સ્વભાવને વિભાવ કેમ કહ્યો એ જરીક સિદ્ધ કર્યું છે. ક્ષાયિકભાવ આવશે, ઉપશમ, ક્ષયોપશમ આદિ ભાવ (આવશે) તો અહીંયા વિભાવભાવની વાત ચાલે છે.

વિભાવભાવનો કોઈ પ્રસંગ ભગવાન શુદ્ધમાં છે જ નહિ અને વિભાવની પર્યાય સાથે દ્રવ્ય ત્રણકાળમાં તન્મય નથી. સમજાય છે ? તેને તો કર્તા-કર્મમાં સંયોગીભાવ કહ્યો છે. વિકારને સંયોગીભાવ (કહ્યો છે). જેમ સંયોગી ચીજ છે તેમ વિકાર વ્યવહાર રત્નત્રય આદિ સંયોગી ભાવ છે. એ સંયોગી ભાવ શુદ્ધ ધ્રુવમાં છે જ નહિ. શુદ્ધ જીવસ્તિકાય ભગવાનમાં નથી. સમજાય છે કાંઈ ? એક બોલ આવ્યો.

વળી એક બાજુ કહે કે પર્યાયમાં વિભાવ છે. 'ઉમાસ્વામી' ના 'તત્ત્વાર્થ સૂત્ર' ની બીજી ગાથા લો તો ત્યાં કહે, જીવમાં પાંચ તત્ત્વ, પાંચ ભાવ હોય છે. જીવના પાંચ ભાવ છે. એ તો પર્યાય અને દ્રવ્ય પ્રમાણથી બતાવ્યું છે. સમજાય છે કાંઈ ? 'કુંદકુંદાચાર્ય' ના શિષ્ય કહે, રાગ એ જીવતત્ત્વ છે. મિથ્યાત્વ જીવતત્ત્વ છે, પાપ જીવતત્ત્વ છે. પરિણામ, પરિણામની વાત છે ને ? પરિણામની વાત છે ને ? સમજાય છે કાંઈ ? ભાઈ ! એ તો ત્રિકાળ દ્રવ્ય અને પર્યાય બેને બતાવવાની વાત છે, પરથી ભિન્ન કરાવવાની વાત છે. પરથી ભિન્ન. આ તો પર્યાયથી ભિન્ન બતાવવાની વાત છે. એમાં ન આવે. અહીંયા તો પારિણામિકભાવ જીવનો ભાવ. ક્ષાયિકભાવ જીવનો ભાવ, દયા, દાન, પાપભાવ એ જીવનો ભાવ એમ કહ્યું છે. સમજાય છે કાંઈ ? આ 'તત્ત્વાર્થ સૂત્ર' 'મોક્ષશાસ્ત્ર' બહુ ચાલે. દસ લક્ષણી પર્વમાં દસ દિવસ બહુ ચાલે. એમાં તો એમ લખ્યું છે, ન્યાં ચોંટી જાય, જુઓ ! 'ઉમાસ્વામી' એ કહ્યું છે. 'તારાચંદજી' ! ભાઈ ! એ તો વ્યવહારનયની પ્રધાનતાથી કથન છે તો જીવમાં પારિણામિકભાવ જેમ જીવ છે તેમ રાગ, દ્વેષ, મિથ્યાત્વ એ જીવ છે એમ કહ્યું છે. એ પર્યાયનું તત્ત્વ છે ને ? એનું પર્યાય તત્ત્વ છે ને ? એ પરદ્રવ્યથી ભિન્ન બતાવવા જીવની વાત કરી. અહીંયા પર્યાયથી ભિન્ન બતાવવા પર્યાયનો અંશ વ્યવહારનયનો વિષય છે. સમજાય છે કાંઈ ?

પોતાનું દ્રવ્ય, દ્રવ્ય શબ્દે દ્રવ્ય-પર્યાય બન્ને, તેને નિશ્ચય કહે તો પરને વ્યવહાર કહે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! શું કહે છે ? સાંભળો ! પોતાના દ્રવ્ય-પર્યાયને નિશ્ચય કહ્યા તો પરને વ્યવહાર કહ્યું. અહીંયા પોતાના સામાન્યને જ્યારે નિશ્ચય કહ્યું તો પર્યાયને વ્યવહાર કહી. સમજાય છે કાંઈ ? જ્યારે નિશ્ચય સ્વ લ્યો તો દ્રવ્ય, ગુણ, પર્યાય નિશ્ચય સ્વતત્ત્વ છે. નિશ્ચયનું જ્ઞાન કરાવ્યું, પરદ્રવ્ય વ્યવહાર કહીને પ્રમાણ કર્યું. પણ જ્યારે પોતામાં પ્રમાણ કહેવું હોય તો દ્રવ્ય ધ્રુવ ત્રિકાળ એકરૂપ છે તે નિશ્ચયનો વિષય છે, પર્યાયના ચાર ભાવ છે તે વ્યવહારનયનો વિષય છે. બે થઈને પ્રમાણનો વિષય થઈ ગયો. પોતામાં ને પોતામાં. સમજાય છે કાંઈ ?

કહે છે, ભગવાનઆત્મા, જેને અહીંયાં જીવતત્ત્વ કહ્યું, અહીં કહે છે, જીવતત્ત્વ જે સારતત્ત્વ છે તેમાં તે છે જ નહિ. સમજાય છે કાંઈ ? પર્યાયબુદ્ધિ છોડાવવા, અંશબુદ્ધિ છોડાવવા, વ્યવહારબુદ્ધિ છોડવવા, નિશ્ચયબુદ્ધિ કરાવવા. નહીં..! ભગવાનઆત્મામાં સંસારની ગંધ નથી. આહા..હા..! વળી સંસાર તત્ત્વ જીવમાં છે કે સંસાર તત્ત્વ જડમાં છે ? એ તો એક સમયના અંશમાં સંસાર તત્ત્વ છે. ધ્રુવ શુદ્ધભાવ ત્રિકાળ, જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં સંસારની ગંધ નથી. તેના આશ્રયે સંસારનો નાશ થાય છે. તેનો આશ્રય કરવાથી મોક્ષની ઉત્પત્તિ થાય છે, સંસારનો નાશ થાય છે. એવા તત્ત્વમાં સંસાર છે નહિ. વિશેષ કહેશે.. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઈન્દ્ર, નરેન્દ્ર, કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઈશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જુઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે-સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી-અવળી કે આઘી-પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૧૧૧)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી વચનામૃત, બોલ–૧૧૨-૧૧૩, પ્રવચન નં. ૪૦
## તા. ૧૭-૦૭-૧૯૭૮
## [૧૮]

૧૧૧ થયું ને ૧૧૨ બોલ.

**'સહજ તત્ત્વ અખંડિત છે.'** શું કહે છે ? જે આત્મા સ્વાભાવિક દ્રવ્ય વસ્તુ છે, દ્રવ્ય વસ્તુ, એ સહજ તત્ત્વ સ્વભાવિક છે અને તે અખંડ છે. આહા..હા..! એમાં પર્યાયનો ભેદ પણ નથી, ખંડ ખંડ જ્ઞાનની દશા નથી, તેમ રાગ નથી એવી અખંડ ચીજ, એ વસ્તુ છે. અખંડ કહો, અભેદ કહો, વસ્તુ અનાદિઅનંત અખંડ ચીજ છે.

**'ગમે તેટલો કાળ ગયો,...'** એના ઉપર ગમે તેટલો કાળ ગયો, **'ગમે તેટલા વિભાવ થયા,...'** આહા..હા..! વિકાર, મિથ્યાત્વના ભાવ–ગૃહીત મિથ્યાત્વ, અગૃહીત મિથ્યાત્વ, ૩૬૩ પાખંડનો મિથ્યાત્વ અને વિભાવ પુણ્ય ને પાપના ભાવ ગમે તેટલા થયા, વસ્તુમાં કંઈ થયા નથી. એ તો પર્યાયમાં હતા. ***આહા..હા..! વસ્તુ જે અખંડ દ્રવ્ય સ્વભાવ જે તત્ત્વ છે ચૈતન્ય તત્ત્વ, એનું અખંડપણું એની પર્યાયમાં ગમે તેટલા વિભાવ મિથ્યાત્વ આદિ થયા, અરે..! 'હું આત્મા નથી' નાસ્તિકનો એવો મિથ્યાત્વ ભાવ પર્યાયમાં થયો, પણ અખંડ તત્ત્વમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! એ તો એની બધી પર્યાય ઉપર ઉપર છે એમાં બધું છે. અંતર વસ્તુ જે અખંડ તત્ત્વ સહજ વસ્તુ છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે, જે સમ્યગ્દર્શનનું ધ્યેય છે, ધ્યાનીના ધ્યાનનું જે ધ્યેય છે એ તો અનાદિઅનંત અખંડ (તત્ત્વ છે).***

**'ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા...,'** બે વાત (કરી). એ તો અખંડ છે એ છે. ***આહા..હા..! આમ કેમ બેસે ? મિથ્યાત્વની, અજ્ઞાનની પર્યાય તો એની છે ને ? પણ એ પર્યાય અંશ છે. એ અખંડ તત્ત્વની અંદરમાં નથી. સૂક્ષ્મ વિષય છે. અનંત કાળમાં, અનંત ભવમાં એ અખંડ તત્ત્વ છે એ ઉપર એની દૃષ્ટિ જ ગઈ નથી.*** વર્તમાન પર્યાયની રમતુંમાં એણે મુનિપણાની ક્રિયાઓ કરી, હજારો રાણી છોડી, ઘર-બાર છોડ્યાં, છ છ મહિનાના ઉપવાસ કર્યાં એ બધી ક્રિયાઓ રાગની મંદતાની છે. એની સાથે મિથ્યાત્વ છે, તીવ્ર મિથ્યાત્વ–જૂઠી શ્રદ્ધા (છે) છતાં અખંડ તત્ત્વમાં એનો પ્રવેશ નથી. આહા..હા..! આવી વસ્તુ છે. છે ?

**'ગમે તેટલો કાળ ગયો, ગમે તેટલા વિભાવ થયા, તોપણ પરમ પારિણામિક ભાવ...'** એટલે જ્ઞાયકભાવ, સ્વભાવિક સહજ પરમસ્વભાવ ભાવ, ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ તો પર્યાયભાવ છે. ઉદય રાગ-દ્વેષ, ઉપશમ, સમકિત, ક્ષાયિક સમકિત કે ક્ષાયિક કેવળજ્ઞાન એ બધા પર્યાયો છો. અખંડ વસ્તુમાં એ પર્યાય છે જ નહિ. આહા..હા..! **'ગમે તેટલા વિભાવ થયા તોપણ પરમ પારિણામિક...'** પ્રભુ આહા..હા..! કેમકે એ તો તત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, અનંત અનંત ગુણરૂપી ધ્રુવ ધામ પ્રભુ છે. એ તો ગમે તેટલા કાળ (ગયા) ને વિભાવ (થયા) પણ એ તો છે ઇ છે. આહા..હા..! એ બધી રમતું પર્યાય ઉપર છે, દ્રવ્યમાં નથી. આરે..! આવી વાત છે. એ દ્રવ્યદૃષ્ટિ અને એ દ્રવ્યને પકડવું, પર્યાય વડે દ્રવ્યને પકડવું અને પકડીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એનું નામ પ્રથમ ધર્મની શરૂઆત છે. એ વિના બધા થોથા છે. આહા..હા..!

**'પરમ પારિણામિક ભાવ એવો ને એવો અખંડ રહ્યો છે;...'** સત્ છે ને ? વસ્તુ છે ને ? તત્ત્વ છે ને ? મોજૂદગીવાળી ચીજ છે ને હયાતી ? એ તો અખંડ જ છે. આહા..હા..! ગમે તેટલો કાળ વીતી ગયો ને ગમે તેટલા વિભાવો ગૃહીત મિથ્યાત્વના પણ અનંતવાર થયા છતાં એ વસ્તુ તો અખંડ છે એ છે. આ વિશ્વાસ (કેમ આવે) ? આહા..હા..! તત્ત્વ છે, વસ્તુ છે, સહજ સ્વભાવિક વસ્તુ છે. અહીં સહજ સ્વભાવિક પારિણામિક કહ્યું, બાકી પારિણામિક(ભાવ) તો પરમાણુમાં પણ હોય એથી ખરેખર પરમ પારિણામિકભાવ એટલે પરમ જ્ઞાયકભાવ એ રૂપ જે તત્ત્વ સત્ છે, એ તો અખંડ છે.

'પંચાસ્તિકાય'માં ટીકામાં એને એમ કહ્યું છેઃ 'પરિણામી ભાવ, પરિણામિ ગહ' સહજભાવે હોય છે તે પરિણામિક, એમ. 'પરિણામિ ભાવ, પરિણામિ ભાવ' સંસ્કૃત પાઠ છે. 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકામાં પરિણામિ ભાવ. છે આમાં ? 'પંચાસ્તિકાય'માં છે. **'द्रव्यात्मलाभहेतुकः परिणामः'** સંસ્કૃત છે. 'અમૃતચંદ્રાચાર્ય'. જે આ સવારમાં 'સમયસાર'માં 'અમૃતચંદ્રાચાર્ય'ની ટીકા વાંચીએ (છીએ) ને ? એમની કહેલી આ ટીકા છે. **'द्रव्यात्मलाभहेतुकः'** વસ્તુના સ્વરૂપનો લાભ એટલે છે તે **'परिणामः'**. અહીં પરિણામ એટલે પર્યાય એમ નહિ. સમજાણું કાંઈ ? 'પંચાસ્તિકાય'ની ૫૬ ગાથા છે, **'द्रव्यात्मलाभ'** દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે છે, દ્રવ્યનું સ્વરૂપ છે એવો જે દ્રવ્યના લાભ હેતુ એ પરિણામ–એ પારિણામિક સ્વભાવ.

પછી કહ્યું **'परिणामेन युक्तः पारिणामिकः'** સહજ સ્વભાવે સહિત તે પરિણામિક ભાવ. એમાં પર્યાય પણ નહિ અને કાંઈ બગડ કે સુધાર એમાં કાંઈ નથી. એ તો પવિત્ર અખંડાનંદ પ્રભુ એકરૂપ શુદ્ધ છે. **'परिणामेन युक्तः पारिणामिकः'** એમ થયું. સહજ સ્વભાવે સહિત તે ભાવ–તત્ત્વ હોય છે. ૫૬ (ગાથામાં) છે. આહા..હા..! **'तत्रोपाधिचतुर्विधत्वनिबंधनाश्चत्वारः, स्वभावनिबंधन एकः'** ચાર – ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ તો **'उपाधिचतुर्विधत्वनिबंधनाश्च'** ઉદયનું નિમિત્ત અને ઉદયનો અભાવ એવા ઉપાધિ ભાવો બન્ને. એના ને એના આમ ચાર ભાવ–ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક... ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક અને **'स्वभावनिबंधनम्'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સ્વભાવનું એકરૂપ જે છે 'एकः' ત્રિકાળી સ્વભાવ 'एकरूपः' એ જ્ઞાયકભાવ. આહા..હા..! આવી વાત છે.

તે પારિણામિક ભાવ, તે અખંડ તત્ત્વ, તે તત્ત્વની પર્યાયમાં ગમે તેટલો કાળ ગયો અને ગમે તેટલા મિથ્યાત્વના વિભાવ આદિ થયા છતાં એ તો અખંડ છે. આહા..હા..! કેમ આનો વિચાર આવે ? આહા..હા..! આમ એમ કહેવાય કે 'द्रवति इति द्रव्यम्' જે પર્યાયને દ્રવે (તે દ્રવ્ય). જેમ પાણી છે એ તરંગને ઉઠાવે, દ્રવે. એમ દ્રવ્ય એને કહીએ જેમાં દ્રવતિ–વિભાવ અને સ્વભાવની પર્યાયપણે પરિણમે. પણ એ તો પર્યાયની અપેક્ષાએ વાત કરી. સમજાણું કાંઈ ? આહા..હા..!

એક બાજુ ભગવાન એમ કહે કે એને દ્રવ્ય કેમ કહ્યું ? – કે 'द्रवति इति' એ આ 'પંચાસ્તિકાય' ૯મી ગાથામાં (કહ્યું છે). 'પંચાસ્તિકાય'ની ૯મી (ગાથા). પોતે વિભાવરૂપે પરિણમે ને સ્વભાવરૂપે પરિણમે (અર્થાત્) દ્રવે, દ્રવે. આહા..હા..! ***જેની પર્યાયમાં હલચલ થાય, ગતિમાન પરિણમન થાય તે દ્રવ્ય. એ તો એક અપેક્ષાએ એને ઓળખાવ્યો. બાકી વસ્તુ છે એ પોતે પરિણમનમાં આવતી નથી, વિભાવ કે સ્વભાવના પર્યાયમાં એ વસ્તુ આવતી નથી.***

હવે, એક બાજુ એમ કહ્યું ને અથવા છ ગુણો–સામાન્ય ગુણો નથી ? એ તો આપણે સાધારણ છોકરાઓને આવે છે. છ ગુણો – અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, (પ્રદેશત્વ). તો દ્રવ્યત્વ ગુણનો અર્થ એ છે. ***દ્રવ્યત્વ એનામાં એક ગુણ છે એ દ્રવે છે. દ્રવવું એટલે પરિણમવું, બદલવું, અંદર દશાનું ઉથલપાથલ થવું એનું નામ દ્રવ્ય. આહા..હા..! એ તો એક એની પર્યાયનું વર્ણન કર્યું પણ વસ્તુ છે એ પોતે પરિણમતી નથી, એ તો ત્રિકાળ ધ્રુવ અખંડરૂપે છે. અરે..! અરે..! આવો માર્ગ.*** આ તો હજી પહેલાં સમ્યગ્દર્શન, એનો વિષય અખંડ દ્રવ્ય છે તેમાં પર્યાયની ગમે તેટલી ઉપાધિ ગઈ, છતાં વસ્તુમાં ખંડ થયો નથી. એની ઉપર દૃષ્ટિ આપતા સમ્યગ્દર્શન થાય. આહા..હા..! ધર્મની શરૂઆત ત્યારે થાય. સમજાણું કાંઈ ? એવો અખંડ રહ્યો છે.

'**કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.**' લ્યો, ઠીક ! પર્યાયમાં પરિણમીને વિકારરૂપે થયો, એ કોઈ પણ ગુણ એ રીતે અંશે પણ ખંડિત થયો નથી. એ તો પર્યાયની વાત થઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? 'પ્રવચનસાર'માં તો પર્યાયને અંશ કહે છે. અહીં કહે છે, કોઈ પણ ગુણ અંશે પણ, પર્યાયની અંશે પણ ખંડ થયો નથી. આહા..હા..! બહુ ભાષા મીઠી છે, સાદી છે, ગુજરાતી છે પણ સમજવા માટે જરીક... આહા..હા..!

એ અખંડ તત્ત્વ વસ્તુ છે, સહજ છે, અકૃત્રિમ છે, અણકરાયેલી છે, સહજ સ્વભાવે છે, એ ચીજને ગમે તેટલો કાળ (થયો પણ) લાગુ પડે (નહીં). આહા..હા..! અનંતકાળ પહેલાં સિદ્ધ થયા એ પણ એને વિકારીનો કાળ ભલે થોડો ગયો, તો વસ્તુ તો અખંડ છે. (તેઓ) પણ અખંડ ઉપર દૃષ્ટિ મુકી સમકિત કરીને સ્વરૂપમાં ઠરીને મોક્ષ પામ્યા. અને અનંતકાળ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


પછી પણ એનો વીતી ગયો કેટલો વિભાવ એમાં ! આહા..હા..! અને અનંતકાળ પછી પણ પર્યાયમાં કેટલોય વિભાવ હજી ઘણાને વર્તશે. આહા..હા..! છતાં વસ્તુ ખંડિત નથી, કહે છે. આહા..હા..!

કારણ અનંતકાળ પહેલાં સિદ્ધ તો થયાં છે ને ! ત્રિકાળી કાળમાં ત્રિકાળીને જાણનારનો કોઈ દિ' વિરહ ન હોય. આહા..હા..! જેમ અનાદિ કાળથી છ દ્રવ્ય અને લોક છે, તેમ અનાદિકાળથી કેવળીઓ પણ અનાદિથી છે. આહા..હા..! પહેલો લોક અને પછી જીવને કેવળજ્ઞાન થયું (એમ નથી). આવી વાત છે. એ લોક પણ અનાદિ છે અને એના જાણનાર સર્વજ્ઞ કેવળી એ પણ અનાદિથી છે. આહા..હા..! એવી અનાદિથી નિર્મળ દશા જેની છે એને માથે પણ અનંતકાળ, ભૂતકાળમાં વિભાવનો વર્ત્યો તોપણ વસ્તુ તો અખંડ છે અને એના પછી જે આત્મા ઉપર મિથ્યાત્વથી, રાગથી, દ્વેષથી અનંતકાળ વીત્યો છતાં વસ્તુ તો જે છે એ છે, અખંડ છે. હજી પણ અજ્ઞાનીને કેટલાકને અનંતો કાળ વિભાવમાં, રમતમાં જેને રમવું છે એને રમતા પણ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

ભાઈ ! સમ્યગ્દર્શન ને સમ્યગ્દર્શનનો વિષય એ અલૌકિક છે. લોકોને અત્યારે એનો ખ્યાલ જ આવતો નથી. બસ, આ કરવું, આ મુકવું ને લેવું ને દેવું. કર્તાબુદ્ધિ– આ મેં છોડ્યું ને આ મેં મૂક્યું ને મેં લીધું ને... ***કર્તાબુદ્ધિ તો મિથ્યાત્વ છે. આહા..હા..! આ તો પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. રાગની પર્યાય(નો) કર્તા થાય તોપણ મિથ્યાત્વ છે અને એવા મિથ્યાત્વ અનંતકાળમાં માથે વીતી ગયા છતાં વસ્તુ તો અખંડ, અભેદ પડી છે ઇ છે. આહા..હા..! શું કહે છે આ ? સમજાય છે કાંઈ ?***

એ પર્યાય સ્વભાવભાવ, પારિણામિક ભાવ, દ્રવ્યભાવ, એના ઉપર તરે છે. પાણીના દળ ઉપર તરંગ (તરે છે), તરંગ ઉપર તરે છે. પાણીનું દળ હોય છે ને ? એનું તરંગ ઉઠે એ ઉપર ઉપર છે, એમાં અંદર (નથી ઉઠતા). આહા..હા..!

એમ સહજ ભગવાનઆત્મા ગમે તેટલો કાળ ને વિકારી દશાઓ વીતી ગઈ અને જેને હજી વર્તે છે છતાં એ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! કેમ બેસે ? તીવ્ર મિથ્યાત્વ કહે કે હું આત્મા છું જ નહિ. એવો જે પર્યાયમાં ભાવ થયો તોપણ વસ્તુ તો અખંડ છે. આહા..હા..! જુઓ ! સહજ સ્વરૂપનું તત્ત્વ ! ભગવાન જિનેશ્વરદેવ પરમેશ્વરનો આ દિવ્યધ્વનિનો અવાજ છે. સમજાય છે કાંઈ ? કે ભગવાનઆત્મા, ભગ એટલે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ આદિ વાન જેનું રૂપ એ દ્રવ્ય તો અનાદિઅનંત અખંડ જ છે, અભેદ છે. જેમાં પર્યાયના અનેક ભેદો વીતી ગયા છતાં એના વસ્તુમાં ક્યાંય ભેદ આવી ગયો કે ખંડ થઈ ગયો, એમ નથી. આરે..! આ શું ? આત્મા નથી એમ માનનારના મિથ્યાત્વભાવ કાળે પણ... આહા..હા..! વસ્તુ તો અખંડ છે.

એ અખંડ વસ્તુ તત્ત્વ સહજ સ્વભાવ (છે) એના ઉપર દૃષ્ટિ કરવી એ અનંતો પુરુષાર્થ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માગે છે. વીર્યને અંતરમાં વાળવું... આહા..હા..! જે વીર્ય પુણ્ય ને પાપમાં વળીને નપુંસકતાપણે કાર્ય કરે છે... આહા..હા..! એ વીર્યને એટલે એની પર્યાયને, વીર્ય ગુણ તો ત્રિકાળ છે, ત્રિકાળ ગુણમાં તો ખંડ છે નહિ, પણ વર્તમાન પર્યાય જે વીર્યની છે એને અંતરમાં અખંડમાં વાળવી તો તેને અખંડનો પત્તો દૃષ્ટિમાં લાગશે અને તેથી તને આનંદ ને શાંતિ મળશે. આહા..હા..!

ધર્મ પામેલાનું લક્ષણ આ (છે) કે અખંડ ઉપર દૃષ્ટિ જતા એની પર્યાયમાં અનંતકાળમાં નહિ થયેલી અપૂર્વ શાંતિ આવે. આહા..હા..! એ શાંતિ અપૂર્વ થઈ છતાં વસ્તુ તો અખંડ છે. આહા..હા..! એટલો શાંતિનો અંશ જે અંદરમાં શક્તિરૂપે એની સાથે, સ્વસ્વભાવની સાથે અંશ હતો... અંશ હતો એમ શું (કરવા) કહીએ છીએ ? સર્વજ્ઞ તો એમ જાણે છે કે આ અંશ બહાર આવ્યો ને આ અંશ અંદર ગયો. ઝીણી વાત છે. આહા..હા..! પણ એકરૂપ સ્વરૂપ છે. આહા..હા..! બહાર આવ્યો ને અંદર ગયો એ પણ ભેદનું કથન છે. આહા..હા..! એકરૂપ જ એ પરમ પારિણામિકભાવ વસ્તુ રહી છે, જેમાં ચાર ભાવનો પ્રવેશ નથી અને ચાર ભાવને તે દ્રવ્ય અડતું પણ નથી. રાગને પણ એ દ્રવ્ય અડતું નથી. અડે નહિ (એટલે) છૂતે નહિ. કેવળજ્ઞાન થાય તોપણ દ્રવ્ય કેવળજ્ઞાનની પર્યાયને છૂતું (–અડતું) નથી. આહા..હા..!

**શ્રોતા :–** આનંદ તે જ સમયે આવે છે કે પછી આવે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સમયે આવે છે છતાં એ આનંદને દ્રવ્ય અડતું નથી. કોણે કહ્યું ? એ આનંદ તો કહ્યું, એ વાત તો ઘણી વાર કહ્યું, એ તો ઘણીવાર કહેવાઈ ગયું. છતાં એ આનંદની પર્યાયને દ્રવ્ય અડતું નથી. આહા..હા..! તે વખતે પણ આનંદની પર્યાયનું વેદન થયું તે વખતે વસ્તુ તો અખંડ છે. આહા..હા..! મિથ્યાત્વ ટળીને સમ્યગ્દર્શન થયું ને આનંદ થયો, દુઃખનો અંશ થોડો ટળ્યો ને આનંદનો અંશ આવ્યો છતાં એ વસ્તુ તો અખંડ ને અખંડ છે. આહા..હા..! આવી વાત ક્યાં ? સમજાય છે કાંઈ ?

ભાઈ ! આ તો વસ્તુનો સ્વભાવ, પર્યાયનો સ્વભાવ, ક્ષેત્રનો સ્વભાવ, કાળનો સ્વભાવ, ભાવનો સ્વભાવ બાપુ ! આહા..હા..! એની ગંભીરતા, એની ગહનતા, એની ઊંડપ તળિયામાં જવું. આહા..હા..! કેમકે જે પર્યાય છે એ અસંખ્ય પ્રદેશે છે. અસંખ્ય પ્રદેશ છે ને ? તો એ ઉપર ઉપર છે. ઉપરનો અર્થ આ પ્રદેશ અહીં છે માટે આ ઉપર છે એ પર્યાય એમ નહિ. અંદર પેટના મધ્યમાં પણ જીવના અસંખ્ય પ્રદેશ છે, એ અસંખ્ય પ્રદેશના મધ્યમાં પણ ઉપર પર્યાય છે. અરે...અરે...! આહા..હા..! શરીર, વાણી, મન તો નહિ પણ કહે છે કે આ ઉપર પર્યાય એટલે અસંખ્ય પ્રદેશ છે એના ઉપર ઉપર એટલામાં પર્યાય છે એમ નહિ. ***જ્યાં જ્યાં મધ્ય ને ઉપર પ્રદેશ રહ્યાં (છે)... આહા..હા..! ત્યાં ત્યાં તેની પર્યાય તેની ઉપર ઉપર છે. અંતરમાં, ધ્રુવમાં એ પર્યાય ગઈ નથી. સમજાણું કાંઈ આમાં ? ભાઈ !***

(એક ભાઈએ) એક ફેરી પ્રશ્ન કર્યો હતો કે આ બધા સમકિતી હોય અને ત્રણ ત્રણ સુવાળી તળે સૂવે એ સમકિતી. પૂછ્યું હતું ને ? (સંવત) ૧૯૯૪, સ્વાધ્યાય મંદિર. તમે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(એક બાજુ) સમકિતી કહો અને ત્રણ ત્રણ સુવાળા મખમલના તળાયું, તળાયું સમજે ? ગદ્દા ! એના ઉપર સુવે અને સમકિતી અને અહીં અમે એક ગોદડી નીચે પાથરીને સુઈએ તો કહે તમે મિથ્યાદૃષ્ટિ. ભાઈ ! સમજાણું કાંઈ ? આહા..હા..! બાપુ ! એ ચીજ જુદી છે, એની સાથે કાંઈ (લેવાદેવા નથી). આહા..હા..!

જેને ૯૬ હજાર સ્ત્રીનો સંયોગ હોય, ઇન્દ્રને કરોડો અપ્સરાનો સંબંધ હોય પણ એને આત્મામાં એની સાથે કાંઈ સંબંધ નથી. સમ્યગ્દૃષ્ટિને એકલી દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે. એ પર્યાયમાં રાગને પણ અડતો નથી. આહા..હા..! જેને નિરંતર રાગથી ભિન્ન ભેદજ્ઞાનની ધારા વહે છે એ ભેદજ્ઞાનની ધારા ધર્મીને, રાગને અડતી નથી. અરે..રે..! આવી વાતું છે. હજી મૂળ વસ્તુને સમજ્યા વિના... આહા..હા..!

એ અહીં કહે છે, **'કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી.'** અંશે એટલે એની પર્યાયમાં વિકાર ગમે તે હો પણ ગુણમાં ખંડ નથી, એ તો પર્યાયમાં વિકાર છે. ગુણ કહો કે ગુણી દ્રવ્ય કહો બન્ને ધ્રુવ છે. દ્રવ્ય જેમ અખંડ છે તેમ ગુણ પણ અખંડ છે. સમજાણું કાંઈ ? પહેલાં તો દ્રવ્ય લીધું. છે ને ? અખંડિત તત્ત્વ લીધું પછી અહીં કહ્યું કોઈ ગુણ અંશે પણ ખંડિત થયો નથી. ઇ ગુણ છે તેનો એક અંશ પણ વિકૃતરૂપે (થયો નથી). ગુણ એ ગુણ એમ જ છે. વસ્તુ જેમ અનાદિ એકરૂપ છે એમ ગુણ પણ અનાદિ એકરૂપ છે. આહા..હા..! એનામાં વિકૃત અવસ્થા પ્રવેશ કરી નથી અને વિકૃત અવસ્થા થઈ માટે ગુણ હીણો પડી ગયો છે (એમ નથી). શક્તિ એવું સત્ત્વનું સત્ત્વ જે છે, સત્ એવું જે તત્ત્વ એનું જે સત્ત્વ ગુણ છે એનો એક અંશ પણ ખંડ થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એવો આ ગહન શબ્દ છે. મારે હિસાબે તો મધ્યસ્થી લોકો વાંચશે તો તો એને એમ થાય કે કાંઈક વાત તો લાગે છે. પણ હવે આગ્રહ છોડીને (વાંચે તો). આહા..હા..! બધી સાદી ભાષામાં આખું તત્ત્વને અંદરમાં આવી ગયું છે. આહા..હા..! ૧૧૨ (બોલ પૂરો થયો). આહા..હા..! હવે મુનિ(ની વાત કરે છે).

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** આહા..હા..! મુનિ એને કહીએ કે અલ્પકાળમાં.. અંતર્મુહૂર્ત શબ્દે અલ્પકાળમાં અલ્પકાળમાં છઠ્ઠેથી અંદર આનંદમાં ચાલ્યા જાય છે, સાતમા ગુણસ્થાનમાં અપ્રમત્ત દશામાં ચાલ્યા જાય છે. આહા..હા..! ગુણનો સાગર ભગવાન, ગુણનો અગાધ દરિયો જેના તળિયાને દૃષ્ટિ પહોંચી ગઈ છે, દૃષ્ટિ ધ્રુવને પહોંચી ગઈ છે અને એ ઉપરાંત જેની સ્થિરતા, મુનિ છે એટલે જેની આનંદની સ્થિરતા જામી ગઈ છે. આહા..હા..! એ આનંદની દશામાં અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે એટલે અલ્પકાળ અલ્પકાળમાં, **'સ્વભાવમાં ડૂબકી મારે છે.'** આનંદમાં જાય છે. આહા..હા..! એટલે કે ઉગ્ર આનંદ પ્રગટ થાય છે. આહા..હા..!

શરૂઆતમાં મુનિ વિકલ્પમાં હોય છે ત્યાં સુધી વિકલ્પનો બોજો છે. અતીન્દ્રિય આનંદનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્યાં અનુભવ થયો એને પણ જ્યારે પંચ મહાવ્રતનો વિકલ્પ આવે એ પણ બોજો છે, દુઃખ છે. એથી એ બહારમાં આવે ત્યારે પણ દૃષ્ટિ તો ધ્રુવ ઉપર જ ત્રિકાળ પડી છે છતાં એક ક્ષણે અંદરમાં પાછા ચાલ્યા જાય છે. દૃષ્ટિ જ્યાં છે એ દ્રવ્ય ઉપર લીનતા કરે છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'મુનિ...'** આહા..હા..! એને મુનિ કહીએ. **'અંતર્મુહૂર્તે...'** એટલે અલ્પકાળમાં. (એક વિદ્વાને તો) એવો ખુલાસો કર્યો છે કે છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ પોણી સેકન્ડની અંદર છે. કારણ કે એક ર્મુહૂર્તમાં હજારો વાર આવે એવો શાસ્ત્રમાં પાઠ છે. મુનિપણાનું છઠ્ઠું, સાતમું ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં છે ત્યાં શ્રેણીની અપેક્ષાએ છે પણ એ શ્રેણી ચડતા કાળવાળાને પણ અંતર્મુહૂર્તમાં હજારો વાર આવે. હજાર વાર નહિ, હજારો એમ લખ્યું છે. 'ધવલ'માં પાઠ છે. ૪૮ મિનિટમાં છઠ્ઠા-સાતમાની ભૂમિકા હજારો વાર આવે. આહા..હા..!

એ મુનિ દશા કહે છે કે અંદરથી વિકલ્પ આવ્યો પણ પાછા એને છોડીને તરત અંદરમાં ડૂબકી મારે છે. આહા..હા..! એ રાગમાં આવ્યો ત્યાં એને ગોઠતું નથી, ગમતું નથી. આહા..હા..! પંચ મહાવ્રતના વિકલ્પમાં પણ આવ્યા પણ ત્યાં એને ગમતું નથી, ત્યાં દુઃખ છે. આહા..હા..! વ્રતનો વિકલ્પ ઉઠે એ દુઃખ છે.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ એમ કહે છે. આ તો પાઠ છે ખરો ને ? રાત્રે ઘણો લાંબો વિચાર કર્યો, નહિ રાત્રે ? નહોતા તમે ? રાત્રે ઘણી ચર્ચા થઈ. ૪૮ મિનિટમાં ૨૮૮૦ સેકન્ડ થાય, ૪૮ મિનિટમાં. ૧ મિનિટની સાઈઠ સેકન્ડ (થાય) તો ૪૮ મિનિટમાં ૨૮૮૦ એટલી સેકન્ડ થાય. આહા..હા..! અને એ એટલા સેકન્ડમાં હજારો વાર મુનિપણું આવે ને જાય. આહા..હા..! હજારો વાર તો પાઠ છે, થયું. હવે ૪૮ મિનિટમાં ત્યારે ૪૮ મિનિટની આપણે એ ૨૮૮૦ ની ૩ હજાર સેકન્ડ ગણો, (એટલી વારમાં) હજારો વાર આવે. ત્રણ હજાર સેકન્ડ, એમાં હજારો વાર આવે તો એક સેકન્ડમાં કેટલી વાર આવે ? એમ થયું ને ? ભાઈ ! ન્યાં તો એમ થયું. ૨૮૮૦ છે તો એના આપણે ૩૦૦૦ ટૂંકું ગણીએ. ૪૮ મિનિટમાં ૩૦૦૦ સેકન્ડ અને ૪૮ મિનિટમાં હજારો વાર મુનિપણું આવે. છઠ્ઠુ-સાતમું, છઠ્ઠુ-સાતમું... 'ધવલ'માં એવો પાઠ છે.

મુનિપણું બાપુ કોને કહીએ ? આહા..હા..! એ વસ્તુ કંઈ લોકોએ અત્યારે સાંભળી નથી. તત્ત્વની વાતું નહિ. વાતું બધી આ કરો ને, આ કરો ને, આ કરો ને.. મરી ગયો કરવું એમાં માની માનીને. સમજાણું કાંઈ ? અહીંયાં ૩ હજાર સેકન્ડમાં હજારો વાર મુનિપણું છઠ્ઠું, સાતમું (આવે). ૩ હજાર સેકન્ડમાં છઠ્ઠું, સાતમું હજારો વાર (આવે). તો એનો અર્થ થઈ ગયો ભાઈ ! એક સેકન્ડમાં પણ ઘણી વાર આવ્યું એટલે પછી લ્યો ! આહા..હા..! રાત્રે વિચાર (આવતા હતા).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં એ કહે છે કે મુનિ છટ્ઠે આવે છે પણ મુનિ પાછા એકદમ અંતરમાં ગરી જાય છે. અતીન્દ્રિય આનંદ દશામાં ડૂબકી મારે છે. આહા..હા..! એને મુનિદશા કહેવામાં આવે છે. આહા..! (એ) ણમો લોએ સવ્વસાહૂણંમાં કે ણમો લોએ સવ્વ આઈરિયાણંમાં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણંમાં ભળે છે. આહા..હા..! જેને ૪૮ મિનિટમાં એટલે કે ૨૮૮૦ સેકન્ડમાં હજારો વાર મુનિપણું આવે તો એક સેકન્ડમાં પણ ઘણીવાર આવ્યું એવું થઈ ગયું. આહા..હા..! પછી કોઈ વળી એમ લેતા હોય કે છેલ્લી સ્થિતિવાળો છે ને એને આમ થાય ને પહેલાંમાં જરીક વધારે કાળ પણ તોય વધારે કાળ એને ગણ્યો છે પોણી સેકન્ડની અંદર ભાઈએ એમ ગણ્યો છે. ગણતરીનો વિષય ગણીને (એક વિદ્વાને આમ કહ્યું છે). આહા..હા..!

જેને અનુભવની અંતર દૃષ્ટિ થઈ છે, આનંદનો નાથ જેને જાગ્યો છે ને એમાં વળી ચારિત્રદશા. આહા..હા..! એ તો આનંદમાં જેનું ચરવું, રમવું થઈ ગયું છે એવા સંતોને બહારમાંથી એકદમ સ્વભાવમાં ડૂબકી મારે છે. આહા..હા..! એ હાલતા-ચાલતા દેખાય છતાં એ વખતે પણ અંદરમાં ક્ષણે આનંદમાં ડૂબકી મારતા હોય છે. એ બોલતા દેખાય, કલાક વ્યાખ્યાન (આપતા દેખાય) પણ અંદરમાં ડૂબકી (મારીને) તરત જ અંતર આનંદમાં જાય છે. આહા..હા..! આવી સ્થિતિ છે.

**શ્રોતા :–** મુનિને ઘણું સહેલું થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું થઈ ગયું છે ? સહેલું પણ શી રીતે થયું ? પોતે પુરુષાર્થથી ચારિત્રને પ્રગટ કર્યું છે માટે સહેલું થઈ ગયું છે. આહા..હા..! સમ્યગ્દર્શન ઉપરાંત જેણે સ્વરૂપનો તીવ્ર આશ્રય લઈને અંદર ચારિત્ર પ્રગટ કર્યું છે. આહા..હા..! જેને ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વના ધરનાર, ગણધર પણ ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરે, બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે, એ ગણધર પણ એ સંતોને પગે લાગે. ણમો લોએ સવ્વ અરિહંતાણં એમ ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહૂણં. બહાર નમસ્કાર ન કરે. પોતાથી નાની દીક્ષા હોય એને બહારમાં (નમસ્કાર ન કરે) પણ ણમો લોએ સવ્વસાહૂણં એવો વિકલ્પ આવે છે. આહા..હા..! જે એ જ ભવમાં મોક્ષ જનારા છે. એ જ ભવમાં જેની બાર અંગની રચનાની તાકાત જાગી છે. બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં કરે ! આહા..હા..! અને એ ઉપયોગમાં શાસ્ત્રનો કરોડો અગાધ શાસ્ત્ર ફટ... ફટ... ફટ... ફટ... ફટ... ફેરવી નાખે. ઓહો..! એવો જ્ઞાનનો ઉપયોગ તીવ્ર કામ કરે ! એવા ગણધર પણ સંતોના ચરણમાં નમે છે. એ સંતપણું કેવું હોય ! બાપુ ! હેં ! આહા..હા..!

કેવળજ્ઞાની ભગવાન રાજા, ગણધર એના દીવાન. ભગવાન જ્ઞાનમાં બાદશાહ. આહા..હા..! ત્યારે ગણધર એના પાટવી દીવાન અને અંતર્મુહૂર્તમાં બાર અંગ ને ચાર જ્ઞાનની ઉત્પત્તિ કરે અને બાર અંગની રચના કરે. આહા..હા..! એ ગણધર પણ ણમો લોએ સવ્વસાહૂણં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(ઉચ્ચાર કરે ત્યારે) બે ઘડી પહેલાં જે કોઈ મુનિ થયો હોય અને પોતાને અબજો વર્ષથી મુનિપણું હોય (છતાં નમસ્કાર પહોંચે છે). આહા..હા..! હવે તેરાપંથી 'તુલસી' છે ઇ કહે, લોએ કાઢી નાખો અરે..! બાપા ! તને ખબર નથી, બાપુ ! ણમો લોએ ન જોઈએ. ત્યારે વળી એક સ્થાનકવાસી (સાધુ છે) એ કહે, સવ્વસાહૂણં છે એમાં બધા સાધુ આવે. જૈન સિવાયના પણ અનેરા આવે. અરે..રે..! જૈન સિવાયના બધા સાધુઓ તો બધા મિથ્યાદૃષ્ટિ છે.

**શ્રોતા :–** સાધુ તો છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધુ છે નહિ, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ લોએ સવ્વસાહૂણં આવે ? આહા..હા..! અરે..રે..! સ્વાર્થને લઈને શાસ્ત્રના અર્થો પણ ઊંધા કરવાં. આમ જ જગત અનાદિથી અંધારે પડ્યું છે. આહા..હા..!

'લોએ' નો અર્થ એ છે કે અરિહંત છે ને એ એક જ ઠેકાણે (નથી). અરિહંત છે એ એક વિજય છે. નવસો જોજન ઊંડી ઉતરેલી. જંબુદ્વીપમાં આ ૩૨ વિજય છે ને ? ૩૨ વિજય. એક એક વિજયમાં એક એક ચક્રવર્તી થાય. એવું એક એક. એમ મહાવિદેહમાં ૩૨ વિજય છે. ૩૨ પહાડ (છે). એ એક એક વિજયમાં એક જ ચક્રવર્તી, તીર્થંકર થાય. હવે એ વિજયમાં એક વિજય એવી છે કે આમ તીરછી નથી પણ નવસો જોજન આમ હેઠે ઉતરી ગઈ છે. 'સરિલાવતી' નામની એક વિજય છે. એ અધોગમ આમ ઉતરી ગયેલી છે. ન્યાં કેવળ પામીને મોક્ષ જાય. એક ઊર્ધ્વમાં જઈને કેવળ પામીને મોક્ષ જાય અને એક મધ્યમાં રહીને કેવળ પામીને મોક્ષ જાય. એ બધા ણમો લોએ સવ્વસાહૂણં એમ કહ્યું છે. અને સિદ્ધને પણ 'ણમો લોએ સવ્વ' કેમ કીધું ? કે અહીંથી સિદ્ધ થાય છે ને ? તો રસ્તામાં એક સમય આમ થાય છે ને ? એ પણ ત્યાં પહોંચે છે એક સમયે પણ અહીં છે ત્યાં એને નમસ્કાર કરે. લોએ સવ્વ સિદ્ધાણં. જે સિદ્ધો હજી ૧૦૮ અહીંથી જતાં તે વખતના સમયને પણ હું તો નમસ્કાર કરું છું. આહા..હા..!

આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ તો કોઈ હેઠે હોય કે કોઈ મધ્ય હોય, કોઈ મેરુ પર્વતમાં ધ્યાન કરવા ગયા હોય, મેરુ પર્વત, તો ણમો લોએ આવા હોવા જોઈએ, હોં ! અન્યમતિના સાધુની અહીં વાત છે જ નહિ, આ તો લોકમાં સવ્વ નામ આવી જાતને ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં અને આ રીતે વર્તતા હોય એ બધાને નમસ્કાર કરું છું, એમ વાત છે. એટલે લોએ પણ બરાબર છે ને સવ્વ પણ બરાબર છે. સવ્વ એટલે જૈનદર્શનના જે સંતો છે, ભિન્ન ભિન્ન ક્ષેત્ર ને ભિન્ન ભિન્ન કાળમાં હોય એને એ લાગુ પડે છે. અજ્ઞાનીને એ લાગુ પડતું નથી. સમજાણું કાંઈ ? આહા..!

**'મુનિ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્વભાવમાં ડૂબકી મારે છે.'** ડૂબકી સમજ્યાં તમારી ભાષામાં ? આહા..હા..! આનંદથી તરબોળ થઈ જાય છે. વિકલ્પમાં હોય ત્યારે આનંદ છે પણ અંતર જ્યાં જાય ત્યારે તો આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ અનુભવું છું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવો પણ જ્યાં ખ્યાલ નથી. આનંદને વેદે છે. આહા..હા..! આવું સ્વરૂપ એનું પ્રભુનું છે. આહા..હા..! એની મહત્તા, એની મહિમા જ્યાં સુધી ન આવે ત્યાં સુધી બહારના રાગ ને દયા-દાનના વિકલ્પની મહિમા છૂટે નહિ. આહા..હા..! અરે..! એ દ્રવ્યની આવી શક્તિ ને આવું સત્ત્વ અખંડ છે એવું જેને ખ્યાલમાં મહિમા અને આશ્ચર્યકારી વસ્તુ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી એની પર્યાયબુદ્ધિ છૂટે નહિ, પર્યાય પ્રગટીને મહિમા છૂટે નહિ. આહા..હા..!

એક સમયની પર્યાયની પાસે અખંડ તત્ત્વ પડ્યું છે. એક સમયની પર્યાયની પાસે એ જ ક્ષેત્રે, એ ક્ષેત્રનો અંશ ભલે વિકારનો કે પર્યાયનો ભિન્ન હોય પણ એ અંશનો આ બીજો ન્યાં ને ન્યાં છે. એ માહેલા અંશનું ક્ષેત્ર ત્યાં ને ત્યાં છે. આહા..હા..! એમાં જે બિરાજમાન છે... આહા..હા..! એમાં જે ઠરે છે એને બહાર આવવું ગોઠતું નથી. પણ નબળાઈને લઈને પાછો વિકલ્પ ઉઠે પણ ત્યાં તેને ગોઠતું નથી. આહા..હા..!

બીજામાં આવી ગયું છે ને ? આપણે આમાં હવે આવશે, નહિ ? ૧૪૯ પાને. આમાં આવી ગયું છે. ૧૪૯ પાનું છે. બોલ ૪૦૧. આમાં એ આંકડો નથી. એમાં ૪૦૧ બોલ હશે છે. આંકડા એમાં છે ? આંકડા છે એમાં ? આમાં નથી, આમાં નથી. ૪૦૧ છે ?

**‘જ્ઞાનીનું પરિણમન વિભાવથી પાછું વળી સ્વરૂપ તરફ ઢળી રહ્યું છે.’** છે ? **‘જ્ઞાની નિજ સ્વરૂપમાં પરિપૂર્ણપણે ઠરી જવા તલસે છે.’** ઠરી જવા તલસે છે. અત્યારે જો સ્વરૂપમાં પૂર્ણ થઈને કેવળજ્ઞાન થાય તો બીજી ઘડી જોતી નથી. આહા..હા..! જેને દૃષ્ટિમાં ભગવાન ભાળ્યો, પૂર્ણાનંદનો નાથ અચિંત્ય, અખંડ તત્ત્વનું જ્યાં ભાન થયું, જ્ઞાનમાં જેનું પ્રત્યક્ષપણું સ્વાદ આવ્યો... આહા..હા..! (એ) એને અંતરમાં જવા તલસે છે.

**‘આ વિભાવભાવ અમારો દેશ નથી.’** એ પંચ મહાવ્રતાદિનો કોઈ વિકલ્પ ઉઠ્યો.. આહા..હા..! એ અમારો દેશ નથી. આહા..હા..! **‘આ પરદેશમાં અમે ક્યાં આવી ચડ્યા ?’** આહા..હા..! એ પંચ મહાવ્રતનો કે ભક્તિ (આદિના) વિકલ્પમાં આવે છે ને ? અરે..! આ તો પરદેશ છે, આમાં અમે ક્યાં આવી ચડ્યા ? અમારો દેશ તો અંતર સ્વરૂપ આનંદ છે એ અમારો સ્વદેશ છે. આહા..હા..! **‘અમને અહીં ગોઠતું નથી.’** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને રાગમાં આવવું ગોઠતું નથી. આ તો પરદેશ છે. આહા..હા..! **‘અહીં અમારું કોઈ નથી.’** એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામમાં અમારું કોઈ નથી. આહા..હા..! છે ? ઈ આવશે ત્યારે વિસ્તાર કરશું.

**‘જ્યાં જ્ઞાન, શ્રદ્ધા, ચારિત્ર, આનંદ, વીર્યાદિ અનંતગુણરૂપ અમારો પરિવાર વસે છે તે અમારો સ્વદેશ છે.’** ‘લાડનૂ’માંથી નીકળી ગયા (તો) ‘કલકત્તા’ પરદેશ છે, એમ કહે છે. આહા..હા..! જુઓ ! આ સ્વરૂપ. અનંત ગુણ અમારો પરિવાર (છે), **‘તે અમારો સ્વદેશ છે.’** અનંત આનંદ ને અનંત ગુણનું ધામ મારો નાથ, એ મારો સ્વદેશ છે. આહા..હા..! **‘અમે હવે તે સ્વરૂપ-સ્વદેશ તરફ જઈ રહ્યાં છીએ.’** આહા..હા..! એ તરફ અમારું વલણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગયું છે હવે, એમાં અમે જઈ રહ્યાં છીએ. **'અમારે ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને...'** મૂળ વતન અમારું એ છે. બહારથી ગમે એટલું રળે પણ પાછા એના નિજ વતનમાં આવે ને ? આહા..હા..! વતન એટલે દેશ, મૂળ સ્થાન. આહા..હા..! અમારું વતન તો આ અસંખ્ય પ્રદેશી અનંત ગુણધામ એ અમારું વતન છે, એ અમારું સ્થાન છે, એ અમારો દેશ છે. આહા..હા..! ત્યાં અમારો પરિવાર વસે છે. આહા..હા..!

એવી વસ્તુ છે એનો જ્યાં અનુભવ થયો એટલે એને આનંદમાંથી બહાર નીકળતા (એમ થાય છે કે) આ શું થયું ? અરે..! અમે તો પરદેશમાં આવી પડ્યા. આ બધા દેશ– આ ભાવ અમારા નહિ, આ પરિવાર અમારો નહિ. આહા..હા..! **'ત્વરાથી અમારા મૂળ વતનમાં જઈને નિરાંતે વસવું છે જ્યાં બધા અમારા છે.'** આહા..હા..! 'નિયમસાર'માં આવે છે ને ? જ્ઞાનનિધિને પામીને પોતે ગુપ્ત થઈને સ્વદેશમાં રહે. 'નિયમસાર'માં છે. કોઈ પરદેશમાં ગયો ને બે, પાંચ કરોડ પૈસા આવ્યા એકદમ પેદા થઈ ગયા. પછી સ્વદેશમાં ચાલ્યા આવે અને ખાનગી (રાખે). પછી એનો ઢંઢેરો ન પીટે કે અમે પૈસા ખુબ લાવ્યાં છીએ; તો પછી બધા ખાઈ જાશે. 'નિયમસાર'માં એવો પાઠ છે. 'નિયમસાર' 'કુંદકુંદાચાર્ય'. કોઈ પણ પૈસાને પામીને, પરદેશમાંથી પૈસા મળ્યા તો દેશમાં ચાલ્યા આવે. જુઓને આ બહારથી 'મુંબઈ'થી પૈસા લઈ આવ્યા. રાતે પૈસા લઈ આવ્યા. ૧૬ લાખ કે ૧૮ લાખ. પછી દુકાન બંધ કરી દીધી ને અહીં દેશમાં આવ્યાં. આ તો ઘણાં વર્ષ પહેલાંની વાત છે, હોં ! ઘણાં વર્ષ પહેલાં. તમારા જન્મ પહેલાંની વાત છે. એકસાથે પૈસા પેદા થઈ ગયા. ૧૬ લાખ, ૧૮ લાખ તે દિ' એટલે ? ૫૦ વર્ષ, ૬૦ વર્ષ પહેલાં. છોડી દીધું, દુકાન છોડીને દેશમાં (આવી ગયા).

એમ અહીંયાં 'નિયમસાર'માં કહે છે કે જેમ બહારમાં ઘણા પૈસા મળી ગયા અને સ્વદેશમાં આવીને ખાનગી પોતે અનુભવે ખાય, પીવે. બહાર (ઢંઢેરો) પીટે નહિ. તો તો કુટુંબી આવીને કહે કે દ્યો અમને. ગામના ચંદા કરવાવાળા આવીને (માગે). એમ થાય ને ? ભાઈ ! એટલે પોતે ખાનગીપણે (રહે). એમ જ્ઞાનનિધિને પામીને... આહા..હા..! 'નિયમસાર'માં છે. આત્મા આનંદનો નાથ પ્રભુ એને મળ્યો છે જ્યાં એને પામીને પોતે એકાંતમાં અનુભવે, બહારમાં એનો ઢંઢેરો ન પીટે. આહા..હા..! બહાર પડવા માટે અમને કોઈ ઓળખે ને અમારું માન વધે ને એ બધી વાતું બધી બહાર પડવાની છે, અંદરમાં જવાની નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! એ આપણે અહીં લીધું છે આ તો અહીં દાખલો આપ્યો, હોં ! આપણે તો અહીં ચાલે છે ને ?

**'અંદર વસવાટ માટે મહેલ મળી ગયો છે,...'** આપણે ચાલતો અધિકાર. મુનિને અંતરમાં વસવા માટે મહેલ મળી ગયો. આહા..હા..! ક્યાં વસવું એની ખબર નહોતી. જ્યાં ભાન પડ્યું ત્યાં આમાં વસવા જેવું છે, વસવાટ આ જ સ્થાન છે. અંતર આનંદના ધામમાં વસવા જેવું છે. વસવાટ ત્યાં કરવા જેવો છે. આહા..હા..! **'તેની બહાર આવવું ગમતું નથી.'** મહેલ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મળી ગયો તેની બહાર આવવું ગમતું નથી. **'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી.'** આહા..હા..! શું શબ્દ આવ્યો 'પ્રકમ' ? 'સર્વવિશુદ્ધ'માં નહિ ? 'પ્રકમ'. કોઈ કામ માથે (લેતા નથી). ભાઈ ! આ પાઠશાળાનું તમારે ધ્યાન રાખવું પડશે કે આ પાઠશાળા માટે પૈસા ઉઘરાવવા માટે તમારે જવું પડશે. આ તીર્થ માટે અત્યારે કરે છે ને ? તીર્થ માટે પૈસા તમારે ઉઘરાવવા પડશે. મુનિ એવું કામ માથે લે નહિ. આહા..હા..! અહીં સમવસરણ બનાવવું છે તેને માટે ૨૫ લાખ ખર્ચવા છે તો તમે ધ્યાન રાખો તો એ પૈસા આવે. મુનિ એવો બોજો માથે રાખે નહિ. આહા..હા..!

**'કોઈ પ્રકારનો બોજો મુનિ લેતા નથી. અંદર જાય તો અનુભૂતિ અને બહાર આવે તો તત્ત્વચિંતન વગેરે.'** આહા..હા..! સ્વાધ્યાય ને ધ્યાન બે કામ લીધું છે ને ! મુનિને બે (કામ છે). ધ્યાનમાં રહે અને ધ્યાનમાં નહિ રહિ શકે તો શાસ્ત્ર સ્વાધ્યાય, છે શુભભાવ. આહા..હા..! બીજું કામ એને હોતું નથી. ભાઈ ! આ અમારે આ પંચ કલ્યાણક કરવું છે. ફલાણા દિવસે તમારે મારે ત્યાં આવવું પડશે. એવો બોજો મુનિને ન હોય. આહા..હા..! એને અંદરમાં આનંદ જ્યાં વર્તતો હોય એને જે વિકલ્પ ઉઠે ને બોજો લાગે, એને ઠેકાણે આ ઠેકાણે તમારે આવવું પડશે ને આ ઠેકાણે તમારે જાવું એ કામ મુનિના હોતા નથી. આહા..હા..!

**'સાધક દશા એટલી વધી ગઈ છે કે દ્રવ્યે તો કૃતકૃત્ય છે જ...'** વસ્તુ તો કૃતકૃત્ય અખંડ કૃતકૃત્ય જ છે. **'પરંતુ પર્યાયમાં પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે.'** આહા..હા..! જેમાં ત્રણ કષાયના અભાવની, આનંદની દશાની વીતરાગતા, પ્રચૂર સ્વસંવેદન (પ્રગટ થયા છે). પર્યાયમાં પણ કૃતકૃત્ય, ઘણું કૃતકૃત્ય થઈ ગયું. પૂર્ણ કૃતકૃત્ય તો કેવળી થાય પણ ઘણા કૃતકૃત્ય થઈ ગયા છે. એવાં મુનિને અંદરમાં જવું એ એનો વસવાટ છે, બહારમાં આવવું એ એનો બોજો લાગે છે. વિશેષ કહેશે....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**ઉત્પાદ-વ્યય વિનાકા ધ્રુવ આત્મા, ઓ હી વાસ્તવિક આત્મા હૈ. એક સમય કા ધ્રુવ ઓ હી સચ્ચા આત્મા હૈ, વાસ્તવિક આત્મા હૈ. એક સમય કી શુદ્ધ પર્યાય ઓ વાસ્તવિક આત્મા નહીં એટલે અવાસ્તવિક હુવા. અવાસ્તવિક ઓ હી પરદ્રવ્ય હુઆ, ઇસસે પરભાવ કહા, હેય કહા.**
**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૭૦)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી વચનામૃત, બોલ–૨૦૧, પ્રવચન નં. ૭૯
## તા. ૨૯-૦૮-૧૯૭૮
## [૧૯]

'વચનામૃત' ૨૦૧. કાલે ૨૦૦ ચાલ્યો ને ? જરી સૂક્ષ્મ છે. **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે...'** શું કહે છે ? જે પારિણામિકભાવ ત્રિકાળ છે એને અહીંયાં અપરિણામી કહેવામાં આવ્યો છે. જે ત્રિકાળ જ્ઞાયકભાવ છે તેને અહીંયાં અપરિણામી કહેવામાં આવ્યો છે. કારણ કે પર્યાયરૂપ થતો નથી એ અપેક્ષાએ. અને **'અપરિણામી નિજ આત્મા...'** ભગવાનના આત્માનું અહીં કાંઈ કામ નથી. આહાહા..! નિજ આત્મા અપરિણામી નામ પર્યાયમાં પલટે છે એ ચીજ નહિ. એ તો પરમપારિણામિક સ્વભાવભાવ જેનું લક્ષણ છે એને અહીંયાં અપરિણામી કહેવામાં આવ્યો છે. એનો આશ્રય લેવાનું (કહેવામાં આવે છે). આશ્રય લે છે એ પર્યાય છે. પર્યાય એનો આશ્રય લે છે. આહાહા..!

**'નિજ આત્માનો...'** ત્રિકાળી અપરિણામી સ્વભાવભાવ, પોતાનો પારિણામિક ભાવ સ્વભાવનો આશ્રય લેવાનું **'કહેવામાં આવે છે...'** સર્વજ્ઞ ભગવાનની આજ્ઞામાં અને શાસ્ત્રમાં અપરિણામી ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે. આહાહા..! મુદ્દાની રકમની વાત છે. **'ત્યાં અપરિણામી એટલે...'** અપરિણામી અર્થાત્ **'આખો જ્ઞાયક...'** 'અપરિણામી' શબ્દ લીધો છે એ તો પરિણમન–પર્યાયથી ભિન્ન છે એ અપેક્ષાએ, બાકી છે તો પરિણામિક સ્વભાવ. 'પરિણામે ભવ પરિણામિકઃ' એવો પાઠ 'પંચાસ્તિકાય' ની ૫૬ ગાથાની ટીકામાં છે. સહજ સ્વભાવ જે ત્રિકાળ એક સમયની પર્યાયરહિત (છે).. આહાહા..! એવો **'અપરિણામી એટલે આખો જ્ઞાયક...'** પૂર્ણ જ્ઞાન, આનંદ પૂર્ણ સ્વરૂપ ધ્રુવ.

**'શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત...'** પોતાના સ્વભાવને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તેને અહીંયાં નિશ્ચયનય કહે છે. આહાહા..! જે પર્યાયથી સ્વભાવ તરફ ઝુકાવ થાય તે નિશ્ચનયનનો વિષય ધ્રુવ છે. પર્યાય નિશ્ચયનય જ્ઞાનની પર્યાય છે. આહાહા..! પણ એનો વિષય જે ત્રિકાળી અખંડ આનંદ છે... આહાહા..! તેને **'અખંડ જ્ઞાયક કહ્યો છે...'** નિશ્ચયનયનો વિષય, પરમાર્થનયનો વિષય અખંડ જ્ઞાયક અપરિણામિક ભાવને અહીંયાં અખંડ જ્ઞાયક કહ્યો છે. આહાહા..! **'તે જ આ અપરિણામી નિજાત્મા.'** છે. તે જ અપરિણામી નિજાત્મા છે. અખંડ જે જ્ઞાયક, પરમાર્થ નિશ્ચયનયનો વિષય જે ધ્રુવ, તેને અહીંયાં અપરિણામી કહેવામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યો છે. એ અપરિણામી નિજાત્મા ધ્રુવ છે. આહાહા..!

**'પ્રમાણ અપેક્ષાએ...'** પહેલા નિશ્ચયની અપેક્ષાએ કહ્યું. નિશ્ચય નામ જે નય સ્વદ્રવ્યનો આશ્રય લે તેને અહીંયાં નિશ્ચયનય કહે છે. આહાહા..! એ નિશ્ચયનયની અપેક્ષાએ ભગવાન ત્રિકાળી જ્ઞાયકભાવ સમ્યગ્દર્શનનો વિષય છે તેને અહીંયાં અપરિણામી જ્ઞાયકભાવ કહેવામાં આવ્યો છે. આહાહા..! **'પ્રમાણ અપેક્ષાએ...'** પહેલા નિશ્ચયની અપેક્ષાએ કહ્યું હતું. ત્રિકાળી જ્ઞાયક અપરિણામી પારિણામિકભાવ સ્વરૂપ, જ્ઞાયકભાવ સ્વરૂપ, ભૂતાર્થ સ્વરૂપ, સત્યાર્થ ત્રિકાળ સ્વરૂપ એ નિશ્ચયનયનો વિષય છે અર્થાત્ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! **'પ્રમાણ અપેક્ષાએ...'** નિશ્ચયની અપેક્ષાથી તો અખંડ જ્ઞાયક ત્રિકાળી તે એનો વિષય છે.

હવે **'પ્રમાણ અપેક્ષાએ...'** આહાહા..! **'આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...'** પ્રમાણની અપેક્ષાએ આત્મા માત્ર અપરિણામી પારિણામિકભાવસ્વરૂપ જ્ઞાયકભાવ એકલો નથી. આહાહા..! **'અપરિણામી તેમ જ પરિણામી છે.'** પ્રમાણની અપેક્ષાએ નહિ પલટનાર અપરિણામી દ્રવ્ય પણ છે અને પર્યાય પલટે છે તે પણ છે, એ પ્રમાણનો વિષય છે. બન્ને છે. આહાહા..! **'પણ અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં...'** આહાહા..! પરમ સ્વભાવભાવ નિત્યાનંદ એકરૂપ રહેનારા ભાવ ઉપર દૃષ્ટિ દેતાં... આહાહા..! અંતર્મુખ તત્ત્વ છે તેની ઉપર દૃષ્ટિ દેતાં... બહિર્મુખ તો પર્યાય છે, રાગાદિ બહિર્મુખ છે. આહા..! અંતઃતત્ત્વ જે જ્ઞાયકભાવ, તેના પર દૃષ્ટિ દેતાં **'પરિણામ ગૌણ થઈ જાય છે;...'** પર્યાયનું લક્ષ નથી રહેતું. આશ્રય લે છે પર્યાય, પણ પર્યાયનો આશ્રય નથી રહેતો. આહાહા..! આવી વાત છે. સમજાય છે કાંઈ ? આ તો પ્રથમ સમ્યગ્દર્શન પામવાની કળા આ છે. આહાહા..! જે અપરિણામી સ્વભાવ છે તેના પર દૃષ્ટિ દેતાં – આશ્રય લે છે તો પરિણામનું લક્ષ રહેતું નથી. પરિણામનું લક્ષ રહેતું નથી તો પરિણામ ગૌણ થઈ જાય છે એમ કહેવામાં આવે છે, અભાવ કહેવાતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ ?

અગિયારમી ગાથામાં એમ કહ્યું ને ? વ્યવહારનય અભૂતાર્થ છે. અર્થાત્ પર્યાય અભૂતાર્થ–જૂઠી છે, એમ ત્યાં તો કહ્યું છે. ગૌણ કરીને કહ્યું. અભાવ કરીને પર્યાય અસત્ય છે એમ નહિ. આહાહા..! ભગવાનઆત્મા પૂર્ણ ધ્રુવ સ્વભાવ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કરી. એક વાત. ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ એ જ છે એમ કહ્યું અને પર્યાયને ગૌણ કરીને નથી, અસત્ય છે એમ કહ્યું. આહાહા..! **'વવહારોऽભૂદત્થો'** પર્યાય તે વ્યવહાર છે અને દ્રવ્ય તે નિશ્ચય છે. આહાહા..! અને 'નયચક્ર' માં ત્યાં સુધી લીધું છે કે પ્રમાણ પૂજ્ય નથી કેમકે પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી. આહાહા..! નિશ્ચય સ્વભાવમાં પર્યાયનો નિષેધ આવે છે. અસત્ય છે માટે નિષેધ આવે છે એમ નહિ. છે, પણ આશ્રય કરવાલાયક નથી તેથી તેને ગૌણ કરીને નથી એમ કહ્યું. અને **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ત્યાં અગિયારમી ગાથામાં બીજા પદમાં તો એમ કહ્યું કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સત્યાર્થ પ્રભુ ત્રિકાળ જ્ઞાયક એકરૂપ સ્વભાવ, તેને અમે શુદ્ધનય કહીએ છીએ. એ વસ્તુને જ શુદ્ધનય કહીએ છીએ એમ કહ્યું.

**'भूदत्थो देसिदो दु सुद्धणओ'** ભગવાન પરમાત્માની વાણીમાં ભૂતાર્થને શુદ્ધનય કહેવામાં આવ્યો છે. નય–શુદ્ધનય તો જ્ઞાનનો એક અંશ છે અને તે એક અંશને સ્વીકારે છે. શુદ્ધનય એક અંશને સ્વીકારે છે. અંશ કોણ ? ત્રિકાળી ધ્રુવ. આહાહા..! સમજાય છે કાંઈ ? નયનો વિષય અંશ છે. પ્રમાણનો અંશ બન્ને છે, બન્ને અંશ છે. આહાહા..! નિશ્ચયનયનો વિષય એકરૂપ ત્રિકાળ છે, પણ છે તે અંશ. એમાં પર્યાય આવી નહિ. આહા..! નિશ્ચયનયનો વિષય જે છે તે પર્યાયનો નિષેધ કરે છે. પ્રમાણમાં પર્યાય અને દ્રવ્ય બન્ને ખ્યાલમાં આવે છે. અને બીજી રીતે કહીએ તો જ્ઞાયકનું જ્ઞાન અને પર્યાયનું જ્ઞાન એવું જે પ્રમાણ એ પ્રમાણ પોતે સદ્ભુત વ્યવહારનય છે. એ પ્રમાણ પોતે... 'પંચાધ્યાયી'માં છે. પંડિતજી ! 'પંચાધ્યાયી'માં એ પ્રમાણને વ્યવહારનયનો વિષય કહ્યો છે. બન્ને સાથે આવ્યા ને (એટલે). દ્રવ્ય અને પર્યાય બે. આહાહા..! ઝીણી વાત છે. સમજાય એવી છે. એ કંઈ સમજાય એવી નથી એમ નથી. અને વાત તો જે જ્ઞાનસ્વરૂપ છે તેને કહે છે ને ! આ કહે છે કોને ? રાગને કહે છે ? શરીરને કહે છે ? જે જાણનારો છે તેને કહે છે. સમજાય છે કાંઈ ?

ભગવાન ! તું જાણનારો છે ને ! તો એ જાણનારનો વિષય જે ત્રિકાળી છે તેને અમે સત્યાર્થ કહીએ છીએ અને એક સમયની પર્યાય છે તે છે ખરી, પણ ગૌણ કરીને નથી એમ કહેવામાં આવ્યું છે. પરંતુ પર્યાય છે જ નહિ એમ કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાય છે કાંઈ ? આવી વાત છે.

કહે છે કે **'અપરિણામી તત્ત્વ પર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'** પર્યાય છે તે ક્યાંય ચાલી જાય છે એમ નથી. આશ્રય લીધો એવી પર્યાય પણ છે પણ આશ્રય લેનારી પર્યાયે આશ્રય લીધો છે ત્રિકાળનો. આહાહા..! આવી વાત ભારે ! **'પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. પરિણામ ક્યાં જતા રહે ? પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** આહાહા..! બદલવાના સ્વભાવને લીધે, **'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,...'** આહાહા..! આજે પંડિતજી લાવ્યા હતા ને ? શુદ્ધપર્યાય છે. પર્યાયનયથી પર્યાય શુદ્ધ છે, કઈ અપેક્ષાએ ? એક આત્મા છે એમાં અનંત ગુણ છે. એમાં કેટલાક ગુણની પર્યાય તો અનાદિથી શુદ્ધ જ છે. અસ્તિત્વગુણ, વસ્તુત્વગુણ, પ્રમેયત્વગુણની પર્યાય શુદ્ધ જ છે. આહાહા..! સમજાય છે કાંઈ ? અભવિને પણ એ પર્યાય શુદ્ધ છે. અસ્તિત્વ ગુણની પર્યાય અશુદ્ધ થાય તો અસ્તિત્વ ઓછું થઈ જાય, એમ છે ? આહાહા..!

અસ્તિત્વ ગુણ જે છે, એક આત્મામાં સામાન્યગુણ અનંત છે અને વિશેષ ગુણ અનંત છે. સામાન્ય (ગુણ) છ કહેવામાં આવ્યા છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ પણ એ છ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સામાન્ય સમજાવવામાં આવ્યા છે, બાકી છે તો ભગવાન પરમાત્મામાં સામાન્ય ગુણ જે છે એ બીજામાં પણ છે અને પોતામાં પણ છે, એવા સામાન્ય ગુણ અનંત છે. અને વિશેષ (ગુણ) પોતામાં છે અને બીજામાં નથી એવા વિશેષ ગુણ પણ અનંત છે. આહાહા..! પણ દૃષ્ટિ કરનારે ત્રિકાળી ઉપર દૃષ્ટિ દેવાની છે. સમજાય છે કાંઈ ? ત્યાં પરિણામ ગૌણ થઈ જાય છે. પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી. સિદ્ધમાં પણ પરિણતિ તો થાય છે. સિદ્ધમાં પણ પર્યાય તો છે, એ સિદ્ધ પોતે પર્યાય છે. દ્રવ્ય-ગુણ ત્રિકાળ છે અને સિદ્ધ પર્યાય પોતે (પર્યાય છે). મોક્ષમાર્ગ પર્યાય છે, સંસાર પર્યાય છે, સિદ્ધ પર્યાય છે. સમજાય છે કાંઈ ? કેવળજ્ઞાન પણ પર્યાય છે. કેવળજ્ઞાન ગુણ નથી. સમજાય છે કાંઈ ? તો પર્યાય ક્યાંય ચાલી જતી નથી. પર્યાય તો છે પણ પર્યાયનો આશ્રય છોડાવી ત્રિકાળ જ્ઞાયકનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન અને અનુભૂતિ થાય છે તેથી ત્રિકાળીને ભૂતાર્થ કહ્યો, પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ અને અસત્ય કહી. સમજાય છે કાંઈ ? આવું છે.

**'પણ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર...'** બન્ને એક શબ્દ છે. ત્રિકાળી જ્ઞાયકભાવ ઉપર કે અપરિણામી તત્ત્વ ઉપર **'દૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે.'** આહાહા..! સમજાય છે કાંઈ ? **'માટે 'આ મારી જ્ઞાનની પર્યાય'** છે. મારી જ્ઞાનની પર્યાય છે એમ એટલું જોર કેમ આપે છે ? પર્યાય ઉપર તારું જોર કેમ જાય છે કે આ મારી જ્ઞાનની પર્યાય છે ? **'આ મારી દ્રવ્યની પર્યાય'** છે. એક ગુણની પર્યાય અને આખા દ્રવ્યની પર્યાય. આ પર્યાય છે, આ છે એમ તારું લક્ષ કેમ ત્યાં જાય છે ? અહીં તો કહે છે કે જેટલો વિકલ્પ આદિ વ્યવહાર છે એ પણ છે તો ખરો પણ એની ઉપર લક્ષ કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! અરે..! સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થઈ એના લક્ષે ચારિત્રપર્યાય ઉત્પન્ન થતી નથી. આહાહા..! ચારિત્રની પર્યાય તો ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે જ ઉત્પન્ન થશે. આવો માર્ગ છે. આહાહા..!

અરે..! આઠ-આઠ વર્ષના બાળકો પણ આત્મજ્ઞાન પામી કેવળજ્ઞાન પામે છે. આહાહા..! ભાઈ ! તારામાં મહાસામર્થ્ય છે. એ કાળ કે ક્ષેત્ર કંઈ નડતા નથી, એને વિઘ્ન નથી કરતા. આહાહા..! સાતમી નરકનો નારકી જન્મથી રોગ અને દુઃખ.. દુઃખ.. દુઃખ અને આવ્યો છે મિથ્યા દૃષ્ટિ લઈને, સાતમી નરકનો નારકી, પણ એમાં એ સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! ભલે ત્યાંથી નીકળે ત્યારે તે પાછો મિથ્યાદૃષ્ટિ થઈ જશે. આવ્યો છે મિથ્યાત્વ લઈને સાતમી નરકે જાય છે ને ? કોઈ સમકિત લઈને જાય છે ત્યાં ? પણ એની સ્થિતિમાં પ્રતિકૂળતાનો પાર નથી. અનંતી અનંતી પ્રતિકૂળતા, જેના ક્ષણના દુઃખની વ્યાખ્યા કરોડો ભવો, કરોડો જીભે ન કહી શકાય. એવા તો પહેલી નરકના દસ હજારની સ્થિતિના દુઃખ. તેંત્રીસ સાગરવાળાના દુઃખ તો પ્રભુ..! આ..હા..! એ ક્ષણે પણ એ જીવ... આહાહા..! અંતરમાં દૃષ્ટિ દે છે. આહાહા..! એ દુઃખ ને જ્ઞાનની પર્યાયનું લક્ષ છોડી દે છે. આહાહા..! માણસ એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે ને કે સગવડતા હોય તો અમે ધર્મ કરી શકીએ. એ વાત ખોટી છે. સમજાય છે કાંઈ ? શું કહ્યું ? પૈસા-બૈસા ઠીક હોય, છોકરા ધંધે લાગી જાય તો અમને નિવૃત્તિ મળે. એ વાત ખોટી છે. એવી પ્રતિકૂળતાનો પાર નથી, પ્રભુ ! એ સમયે પણ ભગવાનઆત્મા, પૂર્વે સાંભળ્યું હતું કે તું તો જ્ઞાયક છો ને નાથ ! પણ સ્મરણમાં પહેલા યાદ ન રહ્યું અને આમાં ખ્યાલ આવી ગયો. આહાહા..!

**શ્રોતા :–** ત્યાં તો બહુ જોરદાર ... થતો હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જોરદાર સ્વભાવમાંથી .... જોરદાર પુરુષાર્થ અંદરમાં ઘુસી જાય છે. દેહ ને રોગ ને તેંત્રીસ સાગરમાં એક કણ આહારનો નહિ, એક બિંદુ પાણીનું નહિ ! ભાઈ ! અહીં બે દિવસ પાણી ન મળે તો રાડ નાખે. અર..ર..ર...! અરે..! મારાથી આ દુઃખ સહન થતા નથી.

**શ્રોતા :–** શરીરમાં બળતરા થાય તો રાડ ન નીકળે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શરીરને બળતરા તેંત્રીસ સાગરની છે છતાં તે સમયે તેનું લક્ષ છોડી.. આહાહા..! ભગવાન આનંદનો નાથ અંતરમાં પોતાના સ્વભાવની સંભાળ લેવા જાય છે અને સમ્યગ્દર્શન પામે છે. આહાહા..!

અહીંયાં તો એવી વાત કરે છે કે આ મારી જ્ઞાનની પર્યાય, એમ તારું જોર કેમ ત્યાં જાય છે ? દ્રવ્ય ઉપર જોર હોવું જોઈએ. આહાહા..! છે ? **'આ મારી જ્ઞાનની પર્યાય', 'આ મારી દ્રવ્યની પર્યાય' એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** આહાહા..! આ તો તત્ત્વની મૂળ વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? મારા જ્ઞાનનો બહુ ક્ષયોપશમ થઈ ગયો. તારી પર્યાય ઉપર લક્ષ આપી ત્યાં તું કેમ જોર આપે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! **'આ મારી દ્રવ્યની પર્યાય'** છે. આ મારું દ્રવ્ય છે એની આ વ્યંજનપર્યાય આદિ પર્યાય છે. આહાહા..! આ..હા..હા...! **'એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** પર્યાયમાં એમ લક્ષ કરીને કેમ રોકાય છે ? ત્રિલોકનાથ ભગવાન બિરાજે છે ત્યાં ચાલ્યો જા ! આહાહા..! સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે, ભાઈ ! પરમ પુરુષાર્થ માંગે છે ત્યાં. આહાહા..!

કહે છે કે તને કોઈ ક્ષયોપશમ વિશેષ થયો કે આ પર્યાય મારી છે કે આ દ્રવ્યની પર્યાય છે, મને રાગની ઘણી મંદ પર્યાય થઈ, એ શું છે ? એનું લક્ષ શું કરવા કરે છે ? જોર કેમ આપે છે ? અહીં તો કહે છે, વ્યવહારથી નિશ્ચય થાય છે એમ માનનારને મિથ્યાદૃષ્ટિ કહીને આ રાગથી મને લાભ થયો, રાગ મંદ કર્યો તો મને (લાભ થયો), પણ એની ઉપર દૃષ્ટિ શું કરવા આપે છે ? આહાહા..! અત્યારે તો બધું એનું જોર ચાલે છે. વ્યવહાર કષાયની મંદતા થાય તો નિશ્ચયમાં પહોંચી જવાય છે. પંડિતજીને એ ખ્યાલ છે. એમ નથી, ભગવાન ! આહાહા..! બધા પંડિતોમાં એમનો નંબર પહેલો છે.

(સંવત) ૨૦૧૩ સાલમાં કહ્યું હતું કે વિકાર પોતાના ષટ્કારકથી એક સમયની પર્યાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે, પરની અપેક્ષા નથી. એ ચર્ચા વખતે બધા બેઠા હતા. ત્યારે પંડિતજી એટલું બોલ્યા, એ એકલા બોલ્યા કે સ્વામીજી એમ કહે છે કે વિકાર થવામાં, નિશ્ચયથી વિકાર થવામાં પરની અપેક્ષા નથી, એમ બોલ્યા હતા. શિખરજીમાં બધા બેઠા હતા. અમારે પંડિતજી હિંમતભાઈ, રામજીભાઈ, બંસીધરજી, વર્ણીજી, કૈલાસચંદજી બધા બેઠા હતા. ભાઈ ! એવું લાકડું ગરી ગયું છે કે કર્મ નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે, કર્મ છે તો અહીંયાં વિકાર થાય છે. એમ વાત છે જ નહિ. ***વિકાર પર્યાયમાં થાય છે એ પોતાની યોગ્યતાથી, પોતાની લાયકાતથી અને તે સમયનો નિજક્ષણ ઉત્પત્તિનો કાળ છે તેથી વિકાર ઉત્પન્ન થાય છે. કર્મથી નહિ, પૂર્વની પર્યાયથી નહિ. આહાહા..! દ્રવ્યથી નહિ, ગુણથી નહિ. આહાહા..! એક સમયની પર્યાય પર્યાયથી ઉત્પન્ન થાય છે એવો જ એનો સ્વભાવ છે. આહાહા..!***

***શ્રોતા :– અધ્ધરથી થાય છે ?***

***પૂજ્ય ગુરુદેવશ્રી :– પર્યાય અધ્ધરથી થાય છે. દ્રવ્ય અને ગુણનો આશ્રય નથી, પરનો આશ્રય નથી.*** પંડિતજી ! 'પ્રવચનસાર' ની ૧૦૨ ગાથા છે એમાં લીધું છે કે નિજક્ષણ. તે તે પર્યાય ઉત્પન્ન થવાનો નિજક્ષણ છે, નિજ કાળ છે. અને 'પ્રવચનસાર' ૧૦૧ ગાથામાં તો ત્યાં સુધી લીધું કે ***જે વિકૃત અવસ્થા થાય છે એને વ્યયની અપેક્ષા નથી, દ્રવ્યની અપેક્ષા નથી, સ્વતંત્ર ઉત્પાદ થાય છે.*** ૧૦૧ ગાથા છે. ***ત્રણે બોલ સ્વતંત્ર છે. ઉત્પાદ ઉત્પાદથી થાય છે, ઉત્પાદ વ્યયથી નહિ, ઉત્પાદ ધ્રુવથી નહિ, ધ્રુવ ઉત્પાદથી નહિ, ધ્રુવ વ્યયથી નહિ, વ્યય ઉત્પાદથી નહિ. આહાહા..!*** એ જ્ઞેય અધિકાર છે તો જ્ઞેયનું સ્વરૂપ જ એવું છે એમ બતાવ્યું. આહાહા..! જ્ઞેય અધિકાર છે. ખરેખર તો 'જયસેનાચાર્યદેવે' એને સમ્યગ્દર્શનનો અધિકાર કહ્યો છે. જ્ઞેયનું–છ એ દ્રવ્યનું સ્વરૂપ જ એવું છે. આહાહા..! જે સમયે જે પર્યાય ઉત્પન્ન થવાનો કાળ છે તે સમયે તે પોતાથી ઉત્પન્ન થાય છે, વિકૃત કે અવિકૃત. આહાહા..!

અહીં તો એમ કહે છે કે મારામાં જ્ઞાનની પર્યાય ખીલી, મારામાં દ્રવ્યની પર્યાય આવી થઈ, મને આનંદ વિશેષ આવ્યો એમ પર્યાય ઉપર જોર, લક્ષ કેમ આપે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! આવું છે, બાપા ! આ કંઈ વાદવિવાદે પાર પડે એવું નથી. 'નિયમસાર' માં કહ્યું છે ને ? ***જ્ઞાનનિધિ પ્રાપ્ત કરીને સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ કરીશ નહિ, પ્રભુ ! કેમકે અનેક જાતના જીવ છે, અનેક પ્રકારની લબ્ધિ છે, કર્મ અનેક પ્રકારના છે તો એમાં તું કઈ રીતે વાદ કરીશ ?*** 'ણાણા જીવ, ણાણા લબ્ધા, ણાણા કમ્મા' અમે તો ઉપરથી અર્થ કરીએ છીએ. સમજાય છે કાંઈ ? આહાહા..!

જિનેશ્વર ત્રિલોકનાથની આ વાણી અને સંતોની આ વાણી છે. આહાહા..! કહે છે કે પ્રભુ ! તારી પર્યાયમાં જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થયો તો એ પર્યાય ઉપર જોર કેમ આપે છે ? અરે..! મને ઘણો મંદ રાગ થયો એમ પર્યાય ઉપર તારું લક્ષ કેમ આપે છે ? આહાહા..! **'એમ પર્યાયમાં...'** એ પ્રકારે **'શું કામ રોકાય છે ?'** ત્યાં કેમ રોકાય જાય છે ? ભગવાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહાહા..! **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર...'** નિષ્ક્રિય. પરિણમન નથી એ અપેક્ષાએ નિષ્ક્રિય. પર્યાયની ક્રિયા એમાં નથી, નિષ્ક્રિય છે. આહાહા..! સમજાય છે કાંઈ ? આવી વાત છે આ તો. તેથી માણસને લાગે, આ સોનગઢનું નિશ્ચયાભાસ છે, એમ કહે છે. ભાઈ ! તને ખબર નથી. વસ્તુની સ્થિતિ એમ છે. આહાહા..! પોતાના દ્રવ્યના આશ્રયે જ સમ્યગ્દર્શન થાય છે. વ્યવહારથી થાય એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ ? આહાહા..!

અહીં તો પર્યાયમાં ક્ષયોપશમ વિશેષ થયો અને આ દ્રવ્યની પર્યાય છે અને આ શ્રદ્ધાની પર્યાય છે, સમ્યગ્દર્શનની પર્યાય છે, આ ચારિત્રની પર્યાય છે એમ પર્યાય ઉપર જોર કેમ આપે છે ? પ્રભુ ! આહાહા..! ભગવાન અનંત ગુણનો સાગર અંદર બિરાજે છે. બાળગોપાળ–બાળક અને વૃદ્ધ, એ (સમયસાર) ૧૭ મી ગાથામાં આવે છે. ***આબાળગોપાળ–બાળકથી માંડીને વૃદ્ધ બધાને જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય જણાય છે. આહાહા..!*** એ શું કહ્યું ? 'સમયસાર' ૧૭ મી ગાથામાં આબાળગોપાળ પાઠ છે. આબાળ નામ બાળકથી માંડી, ગોપાળ–વૃદ્ધ, બધાને જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે. સમજાય છે કાંઈ ? કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વ-પરપ્રકાશક (સ્વભાવ છે). પર્યાય ભલે હો પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. તો સ્વ-પરપ્રકાશક સ્વભાવને કારણે જ્ઞાનની પર્યાયમાં સ્વ જણાય છે પણ અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં નથી. આહાહા..! પર્યાય આવી છે ને મને આમ થયું ને મને કષાય મંદ થયો, મને જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થઈ ગયો. ***એ ક્ષયોપશમની પર્યાય પણ આત્મામાં નથી. ક્ષયોપશમભાવ પણ ખંડખંડ જ્ઞાન છે, એ વસ્તુમાં નથી. આહાહા..!*** અહીં તો થોડું જાણપણું વિશેષ થઈ જાય તો.. આ..હા..! મને કેવું જ્ઞાન છે ? અરે..! સાંભળ તો ખરો, પ્રભુ ! તું ક્યાં રોકાઈ ગયો ? આનંદનો સાગર ભગવાન અંદર છે ત્યાં દૃષ્ટિ નહિ કરીને તું ક્યાં રોકાઈ ગયો ? આહાહા..!

વેદાંતમાં એક આવે છે. પેલું શું કહેવાય ? મોટું પુસ્તક છે ને વેદાંતનું ? પહેલા નહોતા કહેતા ? 'ચંદ્રકાંત'. એમાં એમ લીધું છે, એને કહ્યું કે સાંજ પહેલા તારે આ ચીજ કરોડો-અબજો રૂપિયાની ત્યાં છે. ત્યાં સાંજ પહેલા જાય તો વાંસડા બાંધી દેજે, લઈ લેજે. લેવા નીકળ્યો. વચ્ચે એક વેશ્યા નાચતી હતી ત્યાં રોકાઈ ગયો, કોઈ છોકરો આવીને માંગવા લાગ્યો કે મને પૈસા આપો, ત્યાં રોકાઈ ગયો. એમ કરતાં કરતાં સાંજ પડી ગઈ. રોકાતા રોકાતા સાંજ પડી ગઈ. ત્યાં ખલાસ થઈ ગયું. એમ અહીંયાં પર્યાયમાં રોકાતા રોકાતા દ્રવ્યનો સ્વભાવ ખ્યાલમાં ન આવ્યો. ચંદ્રકાંત.. ચંદ્રકાંત. ચંદ્રકાંત નામનું પુસ્તક છે, અમે તો બધું જોઈએ છીએ. નામ ભુલી જઈએ છીએ. ચંદ્રકાંત નામનું વેદાંતનું મુખ્ય પુસ્તક છે. એમાં એ વાત છે. લેવા જવા નીકળ્યો ત્યાં સાંજ પડી ગઈ અને ખલાસ થઈ ગયું. આ જોયું ને આ જોયું ને આ મકાન ને આ ઝાડ ને આ આમ ને તેમ. ***એમ અજ્ઞાની અનાદિથી આ મારી જ્ઞાનની પર્યાય ખીલી છે, મારો આ રાગ મંદ થયો છે એવા લક્ષમાં રોકાઈને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતા નથી.***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** રસ્તામાં જ રોકાઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ રસ્તો જ નથી. આહાહા..!

**'એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?'** આહાહા..! **'નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર...'** તળ.. તળ.. તળ. ધ્રુવ તળ છે. પર્યાય ઉપર ઉપર છે. એ તો કાલે આવ્યું હતું. પર્યાય ઉપર ઉપર રહે છે. અંદર પ્રવેશ કરતી નથી. ચાહે તો કેવળજ્ઞાનની પર્યાય હોય તોપણ એ અંદરમાં પ્રવેશ કરતી નથી. પ્રવેશ નથી કરતી એના બે અર્થ છે. એક તો વર્તમાન પર્યાય પ્રવેશ નથી કરતી. પણ પહેલી પર્યાય હતી તે અંદર ગઈ તો પારિણામિક ભાવે થઈ ગઈ. અહીં તો વર્તમાન પર્યાય અંદરમાં પ્રવેશ કરતી નથી એટલું કહેવું છે. ઇ શું કહ્યું ?

ફરીને કહીએ છીએ, ક્ષાયિક સમકિતની પર્યાય થઈ. બીજે સમયે એ પર્યાય રહેતી નથી. તો એ પર્યાય ગઈ ક્યાં ? દ્રવ્યમાં ગઈ. સમજાય છે કાંઈ ? પણ વર્તમાન પર્યાય અંદર ગઈ નથી એ બતાવવું છે. અને વર્તમાન પર્યાય પ્રગટ છે ત્યાં જ લક્ષ કરીને રોકાય છે તો દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થતી નથી. આહાહા..! બાકી તો પર્યાય.. અરે...! ઉદયભાવ છે ને ભગવાન ! એ ઉદયભાવ વિકૃત છે. છતાં એ ઉદયભાવનો નાશ થાય છે તો અંદર યોગ્યતા જાય છે. વિકાર અંદર જતો નથી, પણ એવી યોગ્યતા અંદર પારિણામિકભાવમાં જાય છે. ઉદયભાવ વિલય થઈ ગયો તો કાંઈ એ ચીજ અસત્ હતી ? એ તો સત્ હતું. એ અંદર જાય છે. વિકાર અંદર જતો નથી પણ એવી યોગ્યતા દ્રવ્ય સ્વભાવમાં જાતા પારિણામિભાવે થઈ જાય છે. આહાહા..! અરે..! આવી વાતું છે. અહીં તો પર્યાય ઉપર જોર નહિ દેવું, દ્રવ્ય ઉપર જોર દેવું એ અપેક્ષાએ વાત ચાલે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાંચ ભાવમાં ચાર ભાવ પર્યાય છે અને એક ભાવ દ્રવ્ય છે. ક્ષાયિકભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ, ઉદયભાવ એ પર્યાય છે અને એ પર્યાયની એક સમયની મુદત છે. એ એક સમયની પર્યાય પલટીને જાય છે અંદર. અંદરમાં જાય છે એનો અર્થ પારિણામિભાવ થઈ જાય છે. આહાહા..! ક્ષયોપશમની પર્યાય છે એ એક સમય રહે છે ને ! બીજે સમયે એ પર્યાયનો વ્યય થાય છે. તો વ્યય થઈને ગઈ ક્યાં ? સત્ હતું ને ! અંદરમાં ગઈ. પાણીના તરંગ પાણીમાં ડૂબે છે. આવે છે ને એવી ભાષા ? એમ સમયસાર નાટકમાં આવે છે. આહાહા..! પણ એ વાત અત્યારે અહીં નથી કહેવી.

અહીં તો વર્તમાન પર્યાય જે પ્રગટ છે એમાં મને આટલો ક્ષયોપશમ થયો ને મને આમ થયું ને મને આમ થયું, એમ શું કરવા રોકાય છે તું ? જ્યાં ભંડાર ભર્યો છે ભગવાન પૂર્ણાનંદનો નાથ.. આહાહા..! ભાઈ ! માર્ગ તો આ છે. અત્યારે તો એવી પ્રરૂપણા ચાલે છે કે વ્યવહાર કરો, દયા પાળો, વ્રત કરો, તપ કરો, પરિષહ સહન કરો... આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'કુરાવડ' હતું ને ? 'કુરાવડ' ને ? શું કહેવાય ? 'કુરાવડ' ગયા હતા ને ! પંચ કલ્યાણક હતા. માણસ બહુ હતું. દસ-બાર હજાર માણસ હતું. 'ભીંડ' માં ધર્મસાગર હતા. એક બ્રહ્મચારી આવ્યો હતો, એ છોકરો અહીં આવ્યો હતો. જ્ઞાનસાગર ક્ષુલ્લક. પહેલા અહીંયાં આવ્યો હતો. ક્ષુલ્લક થઈ ગયો તો પિત્તો ફાટી ગયો. વાત કરતાં કરતાં વાત સાંભળે નહિ. આમ થાય છે ને આમ થાય છે. પરિષહ સહન કરે ને ઉપસર્ગ સહન કરશે તો સમ્યગ્દર્શન થશે. આટઆટલા પરિષહ કરીએ ને તમે કહો કે એ સમ્યગ્દર્શન નથી. મેં તો ત્યાં સુધી કહ્યું હતું કે તમે અમારી સાથે વાત કરવાને લાયક નથી. છાપમાં આવ્યું હતું, છાપામાં આવ્યું હતું. અમારી પાસે પહેલા એ છોકરો આવ્યો હતો. ભાષણ કરતો હતો પણ ક્ષુલ્લક થયા પછી પાવર ફાટી ગયો. સાધુ છે એની પાસે રહે છે. મેં તો કીધું, ભાઈ ! તમારી સાથે વાત કરવા ..... છાપામાં આવ્યું હતું. પ્રભુ ! આહાહા..! અરે..! લાખ પરિષહ તું સહન કર. પણ પરિષહ કહેવાય ક્યારે ? સમ્યગ્દર્શન થયા પછી પ્રતિકૂળતાનું નિમિત્ત હો તે સમયે આત્માની શાંતિમાં ઘુસી જાય છે તો એને પરિષહ સહન કર્યા એમ કહેવાય છે. અજ્ઞાનીને પરિષહ સહન છે જ નહિ. સમજાય છે કાંઈ ? બાવીસ પરિષહ કોને હોય છે ? સમકિતીને, જ્ઞાનીને, મુનિને હોય છે, એની વાત છે. અજ્ઞાનીને પરિષહ કેવા ? એ તો કષ્ટ સહન કરે છે. આહાહા..! અરે..! એ તો રૂંધાયેલો કષાય પડ્યો છે. આહાહા..!

અહીં કહે છે, નિષ્ક્રિય તત્ત્વ ભગવાન પરિણમન વિનાની ચીજ છે અને તળ છે, ધ્રુવ તળ, તળ નામ તળિયું અંદર ધ્રુવ સ્વભાવ, પાતાળમાં જેમ તળ છે એમ ધ્રુવ સ્વભાવ તળમાં છે. આહાહા..! એની ઉપર **'દૃષ્ટિ સ્થાપ ને !'** એમાં દૃષ્ટિ સ્થાપ ને. ત્યાં દૃષ્ટિ કરને પ્રભુ ! ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયક બિરાજે છે. આહાહા..!

**'પરિણામ તો થયા જ કરશે.'** પરિણામ તો થયા જ કરશે. **'પણ આ મારી અમુક ગુણપર્યાય થઈ,...'** મને જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ, શ્રદ્ધાની ક્ષાયિક પર્યાય ઉત્પન્ન થઈ, આહાહા..! આનંદની પર્યાય વેદનમાં આવી.. આહાહા..! **'આ મારા આવા પરિણામ થયા–એમ શા માટે જોર આપે છે ?'** આહાહા..! પર્યાય જોવા ઉપર શા માટે જોર આપે છે ? પ્રભુ ! ભગવાન પરમાત્મ સ્વરૂપે અંદર બિરાજે છે. અંતર આત્મા કહે છે ને ? અંતર આત્મા એટલે અંદર આત્મા. પર્યાય સિવાય અંદર આત્મા એ અંતર આત્મા. એની દૃષ્ટિ થઈ તો એને અંતરાત્મા કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ ? ભાવ જરી કઠણ છે, ભાષા તો સરળ છે. અત્યારે તો બહુ ગડબડ થઈ ગઈ છે. શું કરે ?

રાગની મંદતાનું લક્ષ તો છોડી દે પણ જ્ઞાનની પર્યાયમાં ક્ષયોપશમ વિશેષ થયો એનું પણ લક્ષ છોડી દે. તારું જોર પર્યાય ઉપર કેમ જાય છે ? મને આટલું જ્ઞાન થયું, હું કરોડો શ્લોક જાણું છે, કંઠસ્થ કરું છે. એમાં શું આવ્યું પણ ? આહાહા..! સમજાય છે કાંઈ ? એ કહે છે, જુઓ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'પણ, આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા–એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં–પલટતા અંશમાં...'** પર્યાયમાં–પલટતા અંશમાં. પર્યાયનો અર્થ કર્યો. પર્યાય એટલે ? પલટતો અંશ. ધ્રુવ એટલે નહિ પલટતો અંશ. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણે. એમાં ઉત્પાદ-વ્યય પલટતો અંશ છે, ધ્રુવ એ નહિ પલટતો અંશ છે. આહાહા..! 'ધવલ' માં તો એમ લીધું છે, ઉત્પાદ અને વ્યય બન્નેને વિરોધ છે કારણ કે એક ભાવરૂપ છે, એક અભાવરૂપ છે. ધ્રુવ ત્રિકાળ ભાવરૂપે છે. તો ઉત્પાદ-વ્યય વિરૂદ્ધ અને ધ્રુવ અવિરૂદ્ધ છે. એમ 'ધવલ' માં કહ્યું છે. આહાહા..! 'સમયસાર' ત્રીજી ગાથામાં આવ્યું ને ? વિરૂદ્ધ અને અવિરૂદ્ધ કાર્ય થવા છતાં જગત ટકી રહ્યું છે. સમજાય છે કાંઈ ? વિપરીત કાર્ય હો કે અવિરૂદ્ધ કાર્ય હો પણ પોતામાં આખું જગત એ રીતે ટકી રહ્યું છે. કોઈનો અંશ કોઈમાં જતો નથી અને કોઈનો અંશ કોઈમાંથી આવતો નથી. વિરૂદ્ધ અને અવિરૂદ્ધ શબ્દ પડ્યો છે. 'સમયસાર'. સમજાય છે કાંઈ ? ત્રીજી ગાથામાં વિરૂદ્ધ-અવિરૂદ્ધ શબ્દ છે. વિરૂદ્ધ-અવિરૂદ્ધ કાર્યથી આખું જગત ટકી રહ્યું છે. એટલે પોતામાં પોતાને કારણે વિરૂદ્ધ હો કે અવિરૂદ્ધ હો પણ એ પોતામાં છે. કોઈ પરથી છે એમ નથી. આખું જગત એ રીતે ટકી રહ્યું છે. એવો પાઠ છે.

અહીંયાં કહે છે કે પર્યાય ઉપર તારું લક્ષ જાય છે, જોર આપે છે કે મને જ્ઞાનનો ઘણો ક્ષયોપશમ થઈ ગયો, મારી ક્ષાયિક સમકિત પર્યાય થઈ, પણ આટલું બધું જોર પર્યાય ઉપર કેમ આપે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! મને ચારિત્રની પર્યાય થઈ. ભાઈ ! પર્યાય થાય પણ એની ઉપર જોર શા માટે દે છે ? જોર તો ભગવાન ત્રિકાળ જ્ઞાયક નિષ્ક્રિય તત્ત્વ અંદર તળમાં છે (એની ઉપર દે). આહાહા..! આવી ભાષા. કોઈ કહે છે કે નવો ધર્મ કાઢ્યો. ભાઈ ! અનાદિનો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ અનંત કાળથી (આમ કહે છે). ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો અભાવ કદી થતો નથી.

**શ્રોતા :–** સાધુ કેમ નથી થઈ જતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધુ કઈ રીતે થઈએ ? બહાર લુગડા છોડી દે તો સાધુ થઈ જાય ? આહાહા..! અંતર દ્રવ્યમાં ઉગ્ર પુરુષાર્થ થઈને સ્થિરતા થાય ત્યારે સાધુ થાય છે. દ્રવ્યને આશ્રયે જે સમકિત થયું તે જ દ્રવ્યનો આશ્રય ઉગ્ર કરે ત્યારે ચારિત્ર પ્રગટ થાય છે. લુગડા છોડી દીધા એટલે ચારિત્ર થઈ ગયું ? આહાહા..! બાપુ ! અલૌકિક વાત છે, ભાઈ ! આહાહા..! વ્રતાદિ તો આસ્રવ છે. પંચ મહાવ્રત ને અઠ્યાવીસ મૂળગુણ આસ્રવ છે. અહીં તો એની વાત તો છોડી દે પણ એ સમયે આસ્રવને જાણનારી જ્ઞાનની પર્યાય વિશેષ ઉઘડી છે એની પર જોર શા માટે આપે છે ? મારા જ્ઞાનનો વિકાસ થયો, મને આટલો ખ્યાલ નહોતો, હવે ઘણો ક્ષયોપશમ થયો. એ ક્ષયોપશમ ઉપર આટલું જોર શા માટે આપે છે ? આહાહા..! સમજાય છે કાંઈ ? હું બે ઘડીમાં સેંકડો શ્લોક કંઠસ્થ કરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શકું છું. એમાં શું થયું ? આહાહા..! એમાં શું છે ? એ તો મજૂરી છે. અરે..! સંતો તો એક ઘડીમાં, બે ઘડીમાં અગિયાર અંગ ફેરવી જાય છે. બાપુ ! એવી લબ્ધિ–શક્તિ હોય છે. બે ઘડી અંતર્મુહૂર્તમાં અગિયાર અંગનું પર્યટન કરી લે છે, એવો પાઠ છે. 'તત્ત્વાર્થ રાજવાર્તિક'. સમજાય છે કાંઈ ? પણ એ શું ચીજ છે ? આટલું બધું જોર કેમ ? હું આવું ઘણું કરી શકું છું. અરે..! પ્રભુ ! અંદર ભગવાન ત્રણલોકનો નાથ છે ત્યાં જોર દે ને ! 'ભુપેન્દ્રભાઈ' !

**'પલટતા અંશમાં–દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ?'** શું કહે છે ? જે જ્ઞાનની ક્ષયોપશમ આદિની પર્યાય ખીલી એમાં દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે ? એ દ્રવ્યનું જે સામર્થ્ય છે એ પર્યાયમાં આવે છે ? પર્યાયમાં એનું જ્ઞાન થાય છે. આખું દ્રવ્ય આવું છે એનું જ્ઞાન થાય પણ દ્રવ્યનું સામર્થ્ય, દ્રવ્ય વસ્તુ કાંઈ પર્યાયમાં આવી જાય છે ? આહાહા..! ઇ શું કહે છે ? કે પર્યાય અલ્પ હોય તોપણ દ્રવ્યનું સંપૂર્ણ સામર્થ્ય છે, પૂર્ણ સામર્થ્ય છે અને પર્યાય વિશેષ થઈ તોપણ દ્રવ્યનું તો પૂર્ણ સામર્થ્ય છે. વિશેષ પર્યાય થઈ એટલે દ્રવ્યમાં કંઈ ઓછું થઈ ગયું એમ નથી. આહાહા..! શું છે આ તે ! સમજાય છે કાંઈ ? અક્ષરને અનંતમે ભાગે ખ્યાલ હતો એને એકદમ ક્ષયોપશમ જ્ઞાન અગિયાર અંગનું થઈ ગયું. આહાહા..! તો શું થયું ? કહે છે. એ પર્યાયમાં શું દ્રવ્ય આવી જાય છે ? સમ્યગ્દર્શનની પર્યાયમાં જેટલી તાકાત અને સામર્થ્યવાળું દ્રવ્ય છે તેનું જ્ઞાન આવી જાય છે, એ ચીજ આવતી નથી. આહાહા..! આવો ગંભીર માર્ગ છે, પ્રભુ ! અરે..! એને જન્મ-મરણ રહિત થવાનો પંથ તો આ છે, પ્રભુ ! આહાહા..! જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણનો ભાવ નથી, અરે..! જેમાં ક્ષયોપશમની પર્યાય પણ નથી.. આહાહા..! એવા ભગવાન ઉપર (દૃષ્ટિ દે).

**'દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું (પર્યાયમાં) આવે છે ? તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !'** પર્યાયમાં દ્રવ્યનું સામર્થ્ય, આખું દ્રવ્ય આવી જતું નથી. આખું દ્રવ્ય જે છે એ પરિપૂર્ણ ભગવાન સ્વરૂપ છે, નિષ્ક્રિય છે, તળ છે, પર્યાયનું એ તળ છે, તળિયું છે. ભોંયતળિયે જેમ જાય છે ને ? ઉપરથી ભોંયતળિયે જાય છે ને ? ભોંયરામાં. એમ એક સમયની પર્યાયને છોડીને ભોંયતળમાં જા ને ! અંદર જા ને ! આહાહા..! આવી વાત છે. એની ટીકા કરે છે. એમ કહે છે, 'કુંદકુંદાચાર્ય' નું મુકીને 'ચંપાબેન' નું વાંચવા માંડ્યું. અરે..! પ્રભુ ! પણ... આ આખા સિદ્ધાંત છે. 'સમયસાર' માં જે કહ્યું છે તે જ સિદ્ધાંત અનુભવથી આમાં આવ્યા છે. આહાહા..! 'મોક્ષમાર્ગ પ્રકાશક' 'ટોડરમલજી' એ ગૃહસ્થીએ કર્યું છે, તો શું ન વાંચવું ? આહાહા..! 'નિયમસાર' ની ટીકા મુનિએ કરી છે. ચાલે, એ કંઈ નવી ચીજ નથી. એમ જ ચાલે.

એકવાર તો એવું લખ્યું હતું, દિલ્હીવાળા કેવા કહેવાય ? સન્મતિ સંદેશ. હિતૈષીએ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું પત્રમાં લખ્યું હતું, ભગવાન વિષે કંઈક લખ્યું હતું. અમારા ખ્યાલમાં આવ્યું નહિ. જ્યાં જ્યાં ભગવાન જતા હતા ત્યાં ત્યાં હજારો વિરોધીઓ વિરોધ કરવા જતા હતા. હિતૈષીએ ક્યાંકથી નાખ્યું છે. એના પત્રમાં આવ્યું હતું. સન્મતિ સંદેશ છે ને ? એમાં આવ્યું હતું. ભગવાન જ્યાં જ્યાં જતા હતા ત્યાં ત્યાં એના વિરોધીઓ એમનો વિરોધ કરવા જતા હતા. એ તો જગતમાં ચાલ્યું આવે છે. આ લીમડાવાળો.. શું કહેવાય ? પુનમચંદજી. જ્યાં જ્યાં અમે જઈએ ત્યાં સામે વિરોધ કરવા આવતા. અંતે ભ્રષ્ટ થઈ ગયો, સંપ્રદાયથી જ ભ્રષ્ટ થઈ ગયો.

**'તે પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબ ને !'** ભગવાન ત્રિકાળી સામર્થ્ય જે દ્રવ્ય છે તે પર્યાયમાં આવતું નથી એ દ્રવ્યનું અવલંબન કર ને ! પર્યાયનું અવલંબન કેમ લે છે ? સમજાય છે કાંઈ ? આહાહા..! ઓહોહો..! લાંબુ છે, હોં ! **'જ્ઞાનાનંદસાગરના તરંગોને ન જોતાં...'** આહાહા..! સમુદ્રમાં જે તરંગ ઉઠે છે એમ જ્ઞાનાનંદસાગર, ભગવાન જ્ઞાનાનંદસાગરની પર્યાય તરંગ ઉઠે છે. આહાહા..! તેને ન દેખ, તરંગોને ન જો. અંદર જ્ઞાનાનંદ સાગર પડ્યો છે. આહાહા..! બેનની તો સાદી ગુજરાતી ભાષા છે, હોં ! જ્ઞાનાનંદસાગર ! એ તો જ્ઞાન અને આનંદનો સાગર પ્રભુ છે. એમાં તરંગ જે પર્યાય ઉઠે છે... આહાહા..! તેને ન દેખ. તેને નહિ જોતાં **'તેના દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.'** એના દળ ઉપર દૃષ્ટિ સ્થાપિત કર, તરંગ ઉપર નહિ. આહાહા..! અંદર આખું દળ પડ્યું છે ને ! ચૈતન્યદળ ધ્રુવ અંદર અનંત જ્ઞાન ને આનંદનો સાગર ભર્યો છે. આહાહા..! તમારે તો નહિ, અમારે અહીં કાઠિયાવાડમાં દળના લાડુ થાય છે. દળના લાડુ. ઘઉંના દળના લાડુ ... કરે. દળના લાડુ કહે છે, તમારે પણ કંઈક ભાષા હશે. એ જ કહે છે ? દળના લાડુ. એમ આ દળ પડ્યું છે. આહાહા..! એની ઉપર દૃષ્ટિ દે ને ! આહાહા..!

**શ્રોતા :–** દળના લાડુ તો .. મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળ છે, માટી છે. અમે તો બધું જોયું છે. જોયું પણ છે અને બહારમાં ખાધું પણ છે. એક શક્કરપારા થાય છે. સાંભળ્યું છે ? ચણાનો લોટ હોય ને ? એક શેર ચણાના લોટને ચાર શેર ઘી પાય તેને મેસુબ કહે છે. મેસુબપાક. પણ ઘઉંના લોટને એક શેરમાં ચાર શેર ઘી પાયને બનાવે તો એને શક્કરપારા કહે છે. અમે તો બધું જોયું છે. અમારું (સંવત) ૧૯૮૧ માં ગઢડા ચોમાસુ હતું. લોકો તો અમને પ્રસિદ્ધપણે માનતા હતા ને ! સંઘજમણ કરે છે, સંઘજમણ. એક જણાએ સંઘનું જમણ શક્કરપારાથી કર્યું. ૧૯૮૧ ની સાલની વાત છે. કેટલા વર્ષ થયા ? ૫૩. એક શેર ઘઉંનો લોટ, ચાર શેર ઘી અને સાકર. એને શક્કરપારા કહે છે. એ ધૂળ છે, એમાં છે શું ? આહાહા..!

અહીં પર્યાયમાં શક્કરપારા નામ જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય તોપણ તારે એ ધ્યાનમાં લેવાની વસ્તુ નથી, જાણવાની ચીજ છે. દૃષ્ટિનું જોર તો અહીંયાં દે. આહાહા..! છે ? **'તેના**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**દળ ઉપર દૃષ્ટિ સ્થાપ.**’ દળ જે ભગવાન પૂર્ણાનંદ જ્ઞાયકભાવ અપરિણામી ભાવ ઉપર દૃષ્ટિ દે ને ! આહાહા..! જ્યાં ભગવાન બિરાજે છે તે ભગવાનના ભેટા કર ને ! પર્યાયના ભેટા... ‘**તરંગો તો ઊછળ્યા જ કરશે.**’ પર્યાય તો ઊછળતી જ રહેશે. ‘**તું એમને અવલંબે છે શું કામ ?**’ પર્યાયનું અવલંબન કેમ લે છે ? અહીંયાં તો વ્યવહારથી થાય છે એ વાત ક્યાંય ચાલી ગઈ પણ વ્યવહાર રાગને જાણનારી જે જ્ઞાનની પર્યાય છે તેનું પણ અવલંબન શા માટે લે છે ? આહાહા..! આકરો માર્ગ છે, ભાઈ ! આને એકાંત કહે છે. નિશ્ચયથી પણ થાય અને વ્યવહાર ક્રિયાકાંડથી પણ થાય એ અનેકાંત છે (એમ કહે છે). એ અનેકાંત ક્યાં થયું ? એ તો એકાંત થયું. સપ્તભંગીમાં પહેલા શું આવ્યું ? પોતાથી છે, પરથી નથી. એમ નિશ્ચયથી આત્મા ઉત્પન્ન થાય છે અને વ્યવહારથી નહિ, એનું નામ અનેકાંત છે. નિશ્ચયથી પણ છે અને વ્યવહારથી પણ છે એ અનેકાંત ક્યાં છે ? બે ક્યાં આવ્યા ? અસ્તિ-નાસ્તિમાં બે આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ ? વાત તો આવી છે. ‘**તું એમને અવલંબે છે શું કામ ?**’ એક પેરેગ્રાફ રહી ગયો. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા ! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય ! છતાં તે મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે અને મુક્તિ પણ પર્યાય છે. એ પર્યાય આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો એટલે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. નિયમસાર ગાથા ૫૦મા કહે છે કે શુદ્ધ નિશ્ચયના બળે ઉદય ભાવો તો હેય છે જ પણ ઉપશમ આદિ ભાવની નિર્મળ પર્યાય છે તે પણ હેય છે. શુદ્ધ નિશ્ચયના બળે ચારે ભવ હેય છે તેમ કહ્યું છે. અહીં કહે છે કે મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક એટલે અનુભવી પુરુષો કહે છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૬૪)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧, પ્રવચન નં. ૫
## તા. ૦૩-૧૨-૧૯૭૫
## [૨૦]

'સમયસાર' પહેલી ગાથા છે. જીવ-અજીવ અધિકાર. 'કુંદકુંદાચાર્ય' ભગવાન 'કુંદકુંદાચાર્ય'ની ગાથા. **'હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે...'**

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને**
**વંદી કહું શ્રુતકેવળી-ભાષિત આ સમયપ્રાભૃત અહો ! ૧.**

એનો ગાથાર્થ પહેલો, અન્વયાર્થ. **'આચાર્ય કહે છે : હું ધ્રુવ,...'** આ સિદ્ધગતિની વાત છે, પર્યાયની વાત છે. **'હું ધ્રુવ, અચળ અને અનુપમ-એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ...'** આવા ત્રણ (વિશેષણ યુક્ત) ગતિને જે પ્રાપ્ત થયેલ, **'એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી,...'** બધા સિદ્ધને નમસ્કાર કરી, **'અહો !'** એ શબ્દ વાપર્યો છે. **'श्रुतकेवलिभणितम्' 'શ્રુતકેવળીઓએ કહેલા...'** શ્રુતકેવળી અને કેવળી બન્ને, એના **'કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.'** ભગવાન શ્રુતકેવળી અને કેવળી એમણે જે આ કહ્યું એ હું કહીશ, એમ કહે છે.

**'અહીં (સંસ્કૃત ટીકામાં) 'અથ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.'** એટલે ? સાધકધર્મની શરૂઆત થાય છે એમ માંગળિક કરે છે. અનાદિથી જે અજ્ઞાનમાં ભાવ હતો એનો નાશ કરીને સાધકભાવ, દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ સાધકની શરૂઆત થાય છે. ત્યાંથી માંગળિક થાય છે ને શરૂઆત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **''અથ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.'** અહીં સંસ્કૃતમાં 'પ્રથમ' શબ્દ પડ્યો છે. **'ગ્રંથના આદિમાં...'** એ આદિ–પ્રથમ. **'સર્વ સિદ્ધોને ભાવ-દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં...'** આહા..હા..! અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સિદ્ધોને પોતાના આત્મામાં ભાવથી સ્થાપી અને દ્રવ્ય સ્તુતિ બન્ને છે. આ ભાવ ને દ્રવ્ય બન્ને સ્તુતિથી કરે છે.

**'આત્મામાં તથા પરના આત્મામાં...'** આહા..હા..! સાંભળનારના આત્મામાં પણ અનંત સિદ્ધોને સ્થાપીને... જ્ઞાનની પર્યાય અલ્પજ્ઞ છે પણ એમાં અનંતા સિદ્ધોનો સત્કાર કરે છે. આહા..હા..! અનંત અનંત કેવળજ્ઞાન પ્રાપ્ત પરમાત્મા એનું એક સમયમાં સ્થાપન કરે છે. એ એને વંદન કરે છે, એને અહીંયા **'वंदित्तु'** કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'वंदित्तु'** નો અર્થ ઇ કે અનંત સિદ્ધોને પર્યાયમાં સ્થાપે તે **'वंदित्तु'** છે.

**શ્રોતા :–** પર્યાયમાં સિદ્ધને શી રીતે સ્થાપવા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્થાપે એટલે અહીં જ્ઞાનની પર્યાયમાં એને આમ રાખે, રાખે એટલે એને એનું સાધ્ય છે ને સિદ્ધ ? સિદ્ધ સાધ્ય છે ને ? માટે સાધ્યને પર્યાયમાં સ્થાપે છે. જ્ઞાયકપણાની પર્યાયમાં એને સ્થાપે છે, રાખે છે. એથી એ સાંભળનારને અને કહેનાર બન્નેને સિદ્ધની પર્યાયનું સ્થાપન કરીને સંભળાવવાની વાત કરે છે. સાધ્ય.. છે ને ? સમજાણું કાંઈ ? આગળ આવશે ને ? જ્ઞાન, દર્શન ને ચારિત્ર, એની સેવા કરવી એમ આવ્યુંને ? આવે છે ને ? કાલે આવ્યું હતું ને ? કાલે આવ્યું હતું ને ? ભક્તો દર્શન, જ્ઞાન, ચારિત્રની ભક્તિ કરે છે. એ વ્યવહારનું કથન છે. લોકો પર્યાયના ભેદથી જાણે છે માટે પર્યાયથી કથન કર્યું છે. એ..ઇ..! સેવવો છે તો આત્મા, ત્રણ ભેદ નહિ. ત્રણ ભેદ તો પર્યાય થઈ ગઈ, વ્યવહાર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યઘન જે એક સ્વરૂપે છે એને સેવવો છે, એકને સેવવો છે, પણ લોકો પર્યાય વ્યવહાર જીવો પર્યાયબુદ્ધિથી સમજે છે માટે ભેદથી, પર્યાયબુદ્ધિથી કથન કર્યું છે, જાણવા માટે કથન કર્યું છે. આહા..હા..! આદરવા માટે નહિ. આહા..હા..! 'ધન્નાલાલજી' ! સમજાણું કાંઈ ? એમ આ સિદ્ધને પર્યાયમાં સ્થાપ્યા છે એ જ્ઞાન કરવા માટે સ્થાપ્યા છે. એનું જ્ઞાન આવું પૂર્ણ થયું. ધ્યેય તો દ્રવ્ય છે. આહા..હા..!

**શ્રોતા :–** ભેદ શું પાડ્યો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભેદ પાડ્યો એ કે વસ્તુનું જ્ઞાન કરવા માટે આ બધું બરાબર છે, પણ ધ્યેય માટે તો એક જ દ્રવ્ય છે. 'નવલચંદભાઈ' કાલે કાલે રાત્રે ખુલાસો લાવ્યા હતા ને ? કાલે રાત્રે લાવ્યા હતા ને ? કહ્યું હતું, મેં કીધું, પરિણામ ક્યાંક આવે છે. બરાબર ખ્યાલ ન આવ્યો કાંઈ. સવિકલ્પમાં આવ્યું, 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં આવ્યું. મેં કીધું, આવ્યું હતું ખરું, કાંઈક દાખલો આપ્યો હતો, 'દેવીલાલજી' એ. પણ આધાર આપ્યો હતો એટલે ક્યો ગ્રંથ ઇ અંદર રહી ગયું. ત્યાં તો એમ જ કહ્યું છે કે ચિન્મય આત્મા ભગવાન એક સ્વરૂપે છે એમાં સર્વ પરિણામ ત્યાં આગળ એકાગ્ર થાય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, ભાઈ !

સવિકલ્પી નિર્વિકલ્પ ધ્યાનમાં જાય છે એનું સ્વરૂપ કથન કર્યું છે. એ ચિન્માત્ર ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો એક સ્વરૂપે જ ભગવાન છે, એના ત્રણ રૂપ નહિ. આહા..હા..! ત્રણ રૂપે પરિણમવું એ પણ એક અસત્યાર્થ કહેવામાં આવે છે. આહા..હા..! દ્રવ્યાર્થિકનયની મુખ્યતા કરતા તે એકના જ સેવનની વ્યાખ્યા હોય છે. ત્યારે પર્યાયમાં ત્રણપણે પરિણમવું એ ગૌણ કરીને, એને વ્યવહાર કહીને એને અસત્યાર્થ કીધો છે. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! ત્રણ પણે પરિણમન–નિર્મળ દશા, હોં ! એ પણ એકપણાની દૃષ્ટિ કરાવવામાં મુખ્યપણે દ્રવ્યાર્થિક, શુદ્ધ દ્રવ્યાર્થિકનો વિષય કરીને પરિણામના ત્રણ ભેદોને એનું સેવન કરવું એ કહ્યું એ તો પર્યાયથી વ્યવહારી લોકો સમજે માટે કહ્યું છે. બાકી ત્રણનું સેવન કરવું એ અસત્યાર્થ છે. આહા..હા..! આવી વાતું, બાપુ ! આ તો... છે ૧૬મી ગાથામાં. અસત્યાર્થ કહ્યું છે. ભાઈ ! ૧૬માંના શ્લોકમાં કહ્યું છે. છે ને ?

**'આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ...'** શ્લોક છે, પાનું ૪૮. **'આત્મા એક છે તોપણ વ્યવહારદૃષ્ટિથી જોઈએ તો ત્રણ-સ્વભાવપણાને લીધે...'** જોયું ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ વ્યવહારદૃષ્ટિથી કથન છે. આહા..હા..! સમજાય છે ? દ્રવ્ય સાથે એ પર્યાયને ન ભેળવાય. કારણ કે એ ત્રણનું પરિણમન વ્યવહાર છે. **'ત્રણ-સ્વભાવપણાને લીધે અનેકાકારરૂપ ('મેચક') છે, કારણ કે દર્શન, જ્ઞાન અને ચારિત્ર—એ ત્રણ ભાવે પરિણમે છે.'** ભાવાર્થમાં ખુલાસો છે, જુઓ !

**'શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે;...'** શુદ્ધદ્રવ્યાર્થિક નયે આત્મા એક છે, ત્રણપણાનું પરિણમન એ પણ વ્યવહારમાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'આ નયને પ્રધાન કરી કહેવામાં આવે ત્યારે પર્યાયાર્થિક નય ગૌણ થયો તેથી એકને ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો,...'** આહા..હા..! સદ્‌ભૂત વ્યવહાર છે ને એ ? રાગ છે એ તો અસદ્‌ભૂત વ્યવહાર પણ આ ત્રણ પણ વ્યવહાર–સદ્‌ભૂત વ્યવહાર છે. આહા..હા..! આ વસ્તુ. સમજાય છે કાંઈ ? અને એ ત્રણરૂપ પરિણમતો કહેવો, ત્રણરૂપ પરિણમતો કહેવો, સમ્યગ્દર્શન, જ્ઞાન નિર્મળ પર્યાયપણે પરિણમતો કહેવો.... 'નવલચંદભાઈ' ! **'તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો.'** છે ? છે અંદર ? ***આહા..હા..! ત્રણપણે પરિણમનની નિર્મળ દશા એ પણ અસત્યાર્થ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ ? એ દ્રવ્ય ને નિર્મળ પર્યાય સાથે લઈને વિષય બનાવવો એ તો ઘણી સ્થૂળ દૃષ્ટિ થઈ ગઈ, વિપરીત, ઘણી વિપરીત દૃષ્ટિ. સમજાણું કાંઈ ?***

**શ્રોતા :–** જ્યારે નયથી કથન કરે ત્યારે કાંઈક બાકી રહેવું જોઈએ ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ બાકી રહ્યું ને ! પર્યાયના ત્રણ ભેદો ગૌણ રહ્યા, આ મુખ્ય થઈ ગયો. એક નયનો વિષય આ આવ્યો, તો એક નય રહી ગઈ તો પર્યાયના ભેદો ત્યાં ગૌણમાં રહી ગયા. સમજાણું કાંઈ ? જો દ્રવ્ય અને નિર્મળ પર્યાયને ભેગા લઈએ તો તો એક વિષય બાકી ન રહ્યો, અશુદ્ધતાનો બાકી રહ્યો પણ પર્યાયનો બાકી ન રહ્યો, એ નય જ ન થઈ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિશ્ચયનયનો વિષય એક અંશ છે, એ પ્રમાણ નથી. એટલે દ્રવ્યાર્થિકનો વિષય જે એકરૂપ છે તે એનો વિષય છે. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. બધો ગોટો ઉઠ્યો છે ને ! વાત આમ છે, ભાઈ ! કપ્લીને ગમે એ રીતે માને પોતાની દૃષ્ટિએ, વસ્તુ બીજી છે આખી. સમજાણું કાંઈ ? એક વસ્તુને દ્રવ્યાર્થિકનયે જ્યારે એક કહ્યો ત્યારે એક નય બાકી રહી ગયો. કારણ કે નયનો વિષય તો એકરૂપ ત્રિકાળ એક થયો, એ એક અંશ થયો, બીજો અંશ બાકી રહ્યો, નહિતર નય કહેવાય જ નહિ. બીજો નય ક્યો બાકી રહ્યો ? - કે ત્રણપણે જે પરિણમે છે એનો જે નય, વ્યવહારનયનો વિષય તેને ગૌણ કરીને તે નથી, અસત્યાર્થ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! 'ધન્નાલાલજી' !

તેથી ત્યાં સવિકલ્પમાં કહ્યું કે અંતરમાં ચિન્માત્ર એકલો આત્મા ભાસે. એ ચિન્માત્ર ભાસે છે એવો પણ વિકલ્પ નહિ. ભાસે છે પર્યાયમાં અંદર આ ચિન્માત્ર દ્રવ્ય, પર્યાયનો વિષય ચિન્માત્ર દ્રવ્ય, એકલું દ્રવ્ય. એમાં સર્વ પરિણામ એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ આદિ તે દ્રવ્યમાં એકાગ્ર થાય છે. એ પાંચ-સાત દિ' પહેલા કાઢ્યું હતું પણ પાછું ભૂલાય ગયું. 'નવલચંદભાઈ' રાત્રે લાવ્યા. સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ (થાય છે). મેં કીધું, પરિણામ ક્યાં આવ્યું હતું ? સર્વ પરિણામ. અને જ્યારે ભૂતાર્થનયમાં પહેલું આવ્યું હતું... સમજાય છે ? ત્યારે પણ એ વિચાર તો અંદર આવ્યો હતો કે આ એક જ પર્યાય નમે છે કે બધી (નમે છે) ? હવે કોઈ આધાર વિના... સમજાણું ? પણ વાત તો એવી કે બધી પર્યાય નમે છે, આવે છે, આવવું તો એમ જોઈએ. અને અહીં તો એમ કહ્યું, ભૂતાર્થ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે, ત્યારે એકલી સમ્યગ્દર્શનની પર્યાય જ એના તરફ ઢળી છે ? આખા પરિણામ ઢળ્યા છે. આહા..હા..! જેટલા નિર્મળ પરિણામ છે, મલિન પરિણામ તો બહાર રહી ગયા, હવે જેટલા નિર્મળ પરિણામ છે એ સર્વ દ્રવ્યમાં એકત્ર થયા. એકત્ર થયું, આવ્યું ને, કીધું ને.

**શ્રોતા :–** એટલે બે એક થઈ ગયા ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક નહિ, એક થાવાની ક્યાં વાત છે ? એ તો ભિન્ન રહે. એનું કાંઈ નથી, એ તો બે ભિન્ન છે, એમાં કાંઈ વાંધો નથી. પણ એ પર્યાય જે છે એ એકમાં ત્રણ જે કહેવા એ અસત્યાર્થ થઈ ગયા. ત્રણ નિર્મળ પર્યાયને એ ત્રણ થઈને એક પર્યાય ગણે તોપણ એ પર્યાય ભેદ થઈ ગયો, સદ્ભૂત વ્યવહારનય થઈ ગયો. તેથી એને અસત્યાર્થ કીધો. ત્રિકાળ સત્યાર્થ ભગવાન પૂર્ણાનંદ ચિન્મય એકરૂપ સ્વરૂપ છે એને સત્યાર્થ કહી અને એને દ્રવ્યાર્થિકનયનો વિષય, એને નિશ્ચયનયનો વિષય, એને સમ્યગ્દૃષ્ટિનો વિષય કહ્યો. સમજાણું કાંઈ ? આ વસ્તુ બાપુ ! એવી ઝીણી છે. અંતર વસ્તુને સમજ્યા વિના બધા ગોટા ઉઠ્યા વિના રહે જ નહિ. આહા..હા..! જુઓ ! આમાં કહ્યું, શું કહ્યું ? .. પણ આ ગોટો ઉઠ્યો હતો ને એટલે બહાર આ સ્પષ્ટ કરવું પડે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'એકને ત્રણરૂપ પરિણમતો કહેવો...'** દર્શન, જ્ઞાન, ચારિત્રને પરિણમતો કહેવો એ વ્યવહાર થયો. દ્રવ્ય એકલો દૃષ્ટિમાં લેવો એ નિશ્ચય થયો. આહા..હા..! દ્રવ્યની સાથે પર્યાયને ભેગી લેવી એ વ્યવહાર થઈ ગયો. બે થયા એટલે વ્યવહાર થયો. બીજી રીતે કહીએ તો પર્યાય સદ્ભૂત વ્યવહાર છે અને (દ્રવ્ય) નિશ્ચય છે તો બે થઈ ગયા તો એ પ્રમાણનો વિષય (થયો). પ્રમાણ છે તે વ્યવહારનો વિષય થઈ ગયો, પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા..! પ્રમાણ પોતે વ્યવહાર છે, પ્રમાણ પોતે વ્યવહારનયનો વિષય છે. આહા..હા..! 'પંચાધ્યાયી'માં લીધું છે ને. પ્રમાણ પોતે વ્યવહારનો વિષય છે. આહા..હા..! બે થયા એવું પ્રમાણ એ વ્યવહારનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો વીતરાગનો અપૂર્વ માર્ગ અનંત કાળમાં નથી પકડ્યો, એવો માર્ગ અલૌકિક છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

જુઓ ! શું કીધું એ ? કે એને અસત્યાર્થ (કહ્યું). ***ત્રણ પર્યાયપણે પરિણમે, પર્યાય નિર્મળપણે પરિણમે તે અસત્યાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને દ્રવ્ય અને પર્યાયને ભેગું નાખીને વિષય બનાવવો એ તો બહુ સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે, તદ્દન વિપરીત દૃષ્ટિ છે. અહીં તો ચોખ્ખી વાત છે, ભાઈ ! સમજાણું કાંઈ ? માને ગમે એ રીતે પણ વસ્તુ તો આ છે. આહા..હા..!***

**'ત્રણરૂપ પરિણમતો કહેવો તે વ્યવહાર થયો, અસત્યાર્થ પણ થયો. એમ વ્યવહારનયે આત્માને દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ પરિણામોને લીધે 'મેચક' કહ્યો છે.'** આહા..હા..! સમજાણું કાંઈ ? ઘણે ઠેકાણે એ પર્યાયનું સેવન કહ્યું છે એ બધું લોકો આ વ્યવહારનયથી સમજે છે તેથી તે રીતે કહ્યું છે. બાકી સેવવો છે તો એક જ આત્મા. સમજાણું કાંઈ ? એનો સરવાળો આ છે. આહા..હા..! ચાલશે આમાં ઘણે ઠેકાણે, ૧૬ મી ગાથામાં એક જ સેવવો, એક જ સેવવો એમ છે. એ તો ત્રણ પ્રકારે પર્યાયથી, વ્યવહારથી લોકો સમજે છે તો સમજાવ્યું છે, એ ત્રણ આશ્રય કરવા લાયક છે એમ નહિ. સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, ભાઈ ! સર્વ પરિણામ તેમાં એકાગ્ર થાય છે. નિર્મળ પરિણામ પણ એ બાજુ દ્રવ્ય ઉપર આમ ઢળી ગયા છે એમ કહે છે. આહા..હા..! એ પરિણામમાં એકલો ચિન્માત્ર આત્મા ભાસે છે. સમજાણું કાંઈ ? ચિન્માત્ર દ્રવ્ય એકરૂપ ભાસે છે. નિર્મળ પર્યાય તેને ભાસે પણ નિર્મળ પર્યાય અને ચિન્મય બે એમ પરિણામમાં ભાસે છે, એમ નથી. ઝીણી વાત બહુ, બાપુ ! આ..હા...! આ તો મૂળમાર્ગની શરૂઆતની વાત આ તો છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં તો કીધું ને જુઓને ! આહા..! તેથી અહીં કહે છે કે અમે સિદ્ધને નમસ્કાર કરીએ છીએ એ તો વ્યવહારથી વાત ઉપાડી છે. સમજાણું કાંઈ ? વંદન અનંત સિદ્ધો, આહા..હા..! પર્યાયમાં સ્થાપન કર્યું છે ને ! અનંત અનંત કેવળીઓ, અનંત અનંત કેવળીઓ મતિની પર્યાયમાં અનંત અનંત કેવળીઓને સ્વીકાર્યા. આહા..હા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** એનો લાભ શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો લાભ છે એ ઢળે છે દ્રવ્ય ઉપર માટે. એના ઉપર આટલું બધું જોર આવે છે ત્યારે એ દ્રવ્ય ઉપર એનું લક્ષ જાય છે. સમજાણું કાંઈ ? આહા..હા..હા..! એવી વાત છે.

અહીં તો એ વાત છે, ભાઈ ! એક જ છે. પહેલેથી કહેતા આવીએ છીએ, એ કાંઈ નવું નથી. આ તો સ્પષ્ટ કરવાની જરૂર પડી. લખાણમાં બહુ વિપરીત આવ્યું ને ! ઘણું વિપરીત આવ્યું, આ ફેરી (- બ્ર. હરીભાઈના) છેલ્લા આત્મધર્મમાં તો ઘણું વિપરીત છે. આગળપાછળ મેળ વિનાનું હતું. લોકોને ભ્રમ ઊપજે પણ લોકો તો હવે સમજી ગયા છે. એમાં આ લખાણ આવ્યું ભાઈનું (નાગરભાઈ મોદીનું) કારતક મહિનાનું 'આત્મધર્મ' એમાં બધો ખુલાસો થઈ ગયો. સમજાણું કાંઈ ? આહા..! આવો માર્ગ, બાપા ! આ તો કાંઈ વીતરાગનો માર્ગ છે એમાં ધણી પડે થી પડે છે એ વિપરીત દૃષ્ટિ અહીં ન ચાલે. આહા..હા..!

અહીં કહે છે **'અથ'** નામ **'મંગળના અર્થે...'** આહા..હા..! જે અનંત કાળમાં થયું નથી એની શરૂઆત થઈ ગઈ, દ્રવ્યને આશ્રયે સાધક ભાવની (શરૂઆત થઈ ગઈ). આહા..!

**શ્રોતા :–** એનું નામ માંગળિક ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનું નામ માંગળિક છે. સમજાણું કાંઈ ? આહા..હા..! ટીકા તે ટીકા છે ને ! આ તો ભાઈ ! અઢારમી વાર વંચાય છે. 'નૌતમભાઈ' ! શરૂઆતમાં તો વંચાઈ ગયું છે ને ! ઘણા પડખા આવ્યા ને એટલે વધારે સ્પષ્ટ થાશે. આહા..હા..!

**'ગ્રંથના આદિમાં...'** સંસ્કૃતમાં એ 'પ્રથમ' શબ્દ છે ને ? **'अथ प्रथमत'** એ બે શબ્દ ન્યાંથી શરૂ કરીએ છીએ. પ્રથમ ક્યાં આવ્યું ? ગ્રંથની આદિમાં પ્રથમ આવે છે, એ વિના તો ક્યાંય આવતું નથી. દરેક શબ્દનો અર્થ જે ટીકાકારે કર્યો, 'અમૃતચંદ્રાચાર્ય' મહામુનિ. આહા..હા..! એની ટીકા એટલે ભરત ક્ષેત્રમાં આવી ટીકા, દિગંબરમાં આવી ટીકા નથી, અહીં છે એવી બીજા ગ્રંથોમાં નથી. બીજા અન્યમતમાં શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં તો શેની હોય ? આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે કે **'ગ્રંથના આદિમાં સર્વ સિદ્ધોને...'** ભાવથી નમસ્કાર કરું છું. જોયું ? અંદર નિર્મળ એકાકાર થઈને ભાવથી નમસ્કાર કરું છું. સન્મુખ થઈને. દ્રવ્યથી, વિકલ્પથી, બન્ને છે. **'સ્તુતિથી પોતાના આત્મામાં...'** આવી સ્તુતિથી પોતાના આત્મામાં સ્થાપીને. **'वंदित्तु'** શબ્દ છે ને ? આહા..હા..! ભાવથી નમસ્કાર અને દ્રવ્યથી નમસ્કાર. શુદ્ધ ચૈતન્યઘન તરફનું નિર્મળ પરિણમન થવું એ ભાવ નમસ્કાર અને વિકલ્પ ઉઠવો કે ભગવાન આ સિદ્ધ આવા છે એ દ્રવ્ય નમસ્કાર. આહા..હા..! આ તો તીર્થંકર પરમેશ્વરના કેડાયતો સંતો, એની ટીકા એટલે શું ! એ કંઈ સાધારણ વાત છે ? સમજાણું કાંઈ ? 'વચનામૃત વીતરાગના, પરમ શાંત રસ મૂળ' કાલે કહ્યું હતું નહિ ? દવા. જિનવચનની દવા–ઔષધ દુઃખનું, વિષયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાસનાનો રેચ કરાવી દે. પરમાં સુખબુદ્ધિને ઉડાડી દે એવી જિનવચનની દવા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અને અમીભૂત, એમ આવ્યું હતું ને ? અમૃતરૂપ, અમૃત સ્વરૂપ. એ વાણી છે એ અમૃત સ્વરૂપ છે. અમૃતને બતાવે માટે એ અમૃત સ્વરૂપ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? કાલે આવ્યું હતું ને બપોરે ? આહા..હા..!

અહીં કહે છે કે એ ભાવ ને દ્રવ્ય સ્તુતિથી **'પોતાના આત્મામાં તથા પરના આત્મામાં...'** ભાષા શું ? તમારે એ શું કામ છે ? ભાઈ ! હું કહેવા માગું છું માટે... કારણ કે **'वोच्छामि'** કહેવું છે ને. હું કહું છું, કહું છું. કોને ? - શ્રોતાને. શ્રોતાને શું કરું છું ? - અનંતા સિદ્ધોને ત્યાં સ્થાપું છું, સ્થાપના કરું છું. એ આગળ એને સિદ્ધ થાવું છે ને મારે પણ આગળ સિદ્ધ થાવું છે. આ સ્થાપના નથી કરતા ચાલે ત્યારે ? મંગળવાર કે એવો હોય પછી સ્થાપના કરે છે ને શેરીમાં ! શેરીમાં કરી રાખે. વાર તહેવાર હોય ને. બહાર જાવું હોય તો. ત્યાં બહાર રાખી મુકે. પછી બીજો વાર ત્યારે ત્યાંથી લઈને ચાલ્યા જાય. નથી સાંભળ્યું ? પસ્તાનું, પસ્તાનું. એ પસ્તાનું કહેવાય છે, 'રમેશભાઈ' ! આવે છે ને ? વાર-કવાર એવો હોય ત્યારે પસ્તાનું મુકી આવે. પછી ત્યાંથી લઈને ચાલ્યા જાય. આ પસ્તાનુ મુકે છે. પર્યાયમાં અનંતા સિદ્ધોને પ્રસ્તાવમાં મુકે છે હવે, હવે હું સિદ્ધમાં જવાનો છું. આહા..હા..! સમજાણું કાંઈ ?

શ્રોતાને પણ કહે છે, પાંચમી ગાથામાં આવ્યું છે ને ત્યાં ? પ્રમાણ કરજો. **'जदि दाएज्ज पमाणं'** જો હું દેખાડું, તને દેખાડવાનું બની જાય તો પ્રમાણ કરજે. અનુભવથી પ્રમાણ કરજે દ્રવ્યનો આશ્રય કરીને અનુભવ કરીને પ્રમાણ કરજે. હા પાડવાના વિકલ્પથી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ ? પર્યાયને દ્રવ્ય તરફ વાળીને અનુભવથી પ્રમાણ કરજે. આહા..હા..! 'સમયસાર' અને એની ટીકા સાક્ષાત્ કેવળીઓ ઉતર્યા છે ધરતી ઉપર !! એવી વાત છે. આહા..હા...!

દુકાનમાં પણ નફો થાય ને ? વકરો થયો છે દસ લાખનો, હવે પૈસા ... અઢાર આના લાભમાં ઉતર્યું છે ? એમ ગણે. રૂપિયે બે આનાનો નફો. બે આનાનો લાભ. અઢાર આના થયું છે ? અમારે દુકાનમાં એમ કરતા. 'કુંવરજીભાઈ'. મોટી દુકાન એ હતી. આટલા લાખનો (વકરો) થયો એમાં બધો સરવાળો થઈને રૂપયે બે આના લાભ ઊતર્યો ? એમ ગણે. અઢાર આના થયા હોય તો બહુ હારુ કહેવાય. ત્યાં અમારે દુકાને કરતા હતા. રૂપયે બે આનાનો લાભ. રૂપયાનો માલ વેંચે એના અઢાર આના. એ.. 'ભગવાનભાઈ' ! આહા..હા...! અહીં અઢાર આનાનો લાભ થવાનો છે. આહા..હા..! આ તો દુકાનનું યાદ આવ્યું. દુકાનમાં કરતા ને. ત્રણ વર્ષમાં સોળ હજારનો (નફો).તે દિ' આ તો ઘણા વર્ષ પહેલા. દુકાનમાં ત્રણ વર્ષમાં સોળ હજાર પેદા કરેલા. બાર મહિને સરવાળો કરતા પણ એક વાર ત્રણ વર્ષે કાઢ્યો. સોળ હજાર પેદા થયેલા ત્રણ વર્ષમાં. આ તો ઘણા વર્ષની વાત, હોં ! 'ખુશાલભાઈ' ભેગા હતા ત્યારે. પછી તો બે બે લાખની પેદાશ હતી. વર્ષની ત્રણ લાખની પેદાશ હતી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** આપને વધારે પેદાશ થઈ કે એને વધારે પેદાશ થઈ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળની પેદાશ નથી ત્યાં. આ તો ...

અહીં તો ભગવાનઆત્મા. આહા..હા..! હવે કહે છે કે અમે સિદ્ધના સ્થાપન, સિદ્ધની પ્રસ્તાવના મુકીએ છીએ, ભાઈ ! તને અને મને બન્નેને, હોં ! એટલે મને પહેલું મુક્યું છે. **'પોતાના આત્મામાં તથા પરના આત્મામાં...'** આહા..હા..! સિદ્ધપણું અમે પર્યાયમાં પ્રસ્તાવનામાં મુકીએ છીએ, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો સંતો, મુનિઓ બાપુ ! મુનિ કોને કહેવા લોકોને ખબર નથી. મુનિ પરમેશ્વર છે, જેને ત્રણ કષાયનો અભાવ થયો, બાપુ ! એ શું ચીજ છે !! સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન શું ચીજ છે એ તો અલૌકિક પણ ચારિત્ર શું છે એ તો એનાથી પણ અલૌકિક ! એ તો મહા અલૌકિક !! ઓ..હો..હો..! એ ચારિત્રદશાવંત સંત જે આ ટીકા કરે છે,.. આહા..! અમૃત વરસાવે છે. આહા..! 'શ્રીમદ્'માં આવે છે ને ?

**'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;**
**સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.**
**હે ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં,**
**હે ગુણવંતા રે જ્ઞાની અમૃત વરસ્યા રે પંચમકાળમાં.'**

એવા આ 'અમૃતચંદ્રાચાર્ય'ના અમૃત વચનો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! **'આ સમય નામના પ્રાભૃતનું...'** હવે આ રીતે અનંતા સિદ્ધોને પર્યાયમાં પ્રસ્તાવના તરીકે મુકીને (શરૂ કરે છે). કારણ કે સિદ્ધ થવાનો કાળ હજી મારે નથી. સમજાણું કાંઈ ? એમ સાંભળનારને પણ સિદ્ધ થવાનો કાળ નથી પણ સિદ્ધની પ્રસ્તાવના તો અમે મુકીએ છીએ. આહા..હા..! એને **'આ સમય નામના પ્રાભૃતનું...'** આહા..હા..! **'ભાવવચન...'** ભાવવચન એટલે નિર્મળ દશા **'અને દ્રવ્યવચન...'** એટલે વિકલ્પ. આહા..હા...! **'પરિભાષણ શરૂ કરીએ છીએ...'** આહા..હા..! પરિભાષણ શરૂ કરીએ છીએ, કહે છે. આ તો વાણી છે ને ! આ..હા...! સમજાણું કાંઈ ? **'એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.'** આહા..હા..! એમ શ્રી 'કુંદકુંદાચાર્ય' કહે છે.

હવે, **'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે,...'** સિદ્ધ પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એને લીધે. **'સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,...'** હે સિદ્ધ ! એમ બોલે ને ? ત્યારે આત્મા પણ હે સિદ્ધ ! તું સિદ્ધ છો. આહા..હા..! હે ભગવાન ! તમે તારજો. સામે આમ આત્મામાં અવાજ આવે કે હે ભગવાન ! તું તરજે. પ્રતિચ્છંદ કીધું ને ? શું કીધું ? **'પ્રતિચ્છંદના સ્થાને...'** પ્રતિચ્છંદ સમજાય છે ? પડઘો. હે ભગવાન ! એમ કહે ત્યાં સામેથી પડઘો આવે, હે ભગવાન ! 'રાણપુર'માં છે ને ? 'મીઠી વિરડી' પાંચસો વર્ષની. રાજાનો મહેલ છે, જુનો મહેલ એકલો પથ્થરનો નદીને કાંઠે (છે). અહીંથી અવાજ કરે તો ત્યાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવાજ આવે. બંદુક અહીં ગામમાં વાગે અવાજ ત્યાંથી પાછો આવે બંદુકનો. પડઘો, પ્રતિઘાત, અવાજનું પાછું પડવું, આવવું. એમ હે સિદ્ધ ! એમ હે સિદ્ધ ! પડઘો ત્યાંથી અહીં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા..! **'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે,...'** એ કેમ સિદ્ધ ભગવંતો પ્રતિચ્છંદને સ્થાને છે ? - એ સિદ્ધપણું પ્રગટ્યું છે એ કારણે. આહા..હા..! **'સાધ્ય જે આત્મા...'** સાધવો છે તો આત્માને, એના પ્રતિસ્થાને છે, એના પડઘા સ્થાને છે. આહા..હા...!

**શ્રોતા :–** એનો નમૂનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નમૂનો. આહા..હા..! પ્રસિદ્ધ અહીં કરવું છે ને ! હે સિદ્ધ ! 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' આવે છે ને ? લોગસ્સમાં આવે છે. લોગસ્સ કર્યો છે ? નથી કર્યો ? ઠીક. નવા સીધા આમાં આવ્યા છે. પેલા (–વિપરીત માન્યતાના) લાકડા નહોતા. લોગસ્સ આવે છે ને ? શ્વેતાંબરમાં આવે છે. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' હે સિદ્ધ ભગવાન ! મને સિદ્ધપદ દેજો. હે સિદ્ધ ભગવાન ! અહીં કહે છે, મને સિદ્ધપદ પર્યાયમાં આપો. સમજાણું કાંઈ ? આહા..હા..!

**'એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,- જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન કરીને,...'** સિદ્ધ ભગવાનના સ્વરૂપનું ચિંતવન જ્ઞાનમાં કરીને, **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** જુઓ ! હવે આવ્યું. આહા..હા..! તે સમાન પોતાનું સ્વરૂપ છે એમ ધ્યાવે, ધ્યાન કરે. આહા..હા..! એ સમાન ભગવાન 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવે છે ને ? **'પોતાના સ્વરૂપને ધ્યાઈને...'** પોતાનું સ્વરૂપ તે શુદ્ધ ચૈતન્યઘન, આનંદઘન સિદ્ધ સ્વરૂપ એનું ધ્રુવ, એને ધ્યાઈને, એનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ ? આહા..હા..! ભાઈ ! આ કાંઈ કથા નથી. આ તો અમૃતના વહેણલા વાયા છે આ તો !! આહા..! આ ટીકાના ભાવ રહી ગયા છે. જગતના ભાગ્ય કે આવું 'સમયસાર' રહી ગયું. આહા..હા..! સમજાણું કાંઈ ? **'જેમના સ્વરૂપનું...'**

**શ્રોતા :–** ... સિદ્ધ જેટલો કે સિદ્ધ જેવો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સિદ્ધ જેવું જ દ્રવ્ય છે. પર્યાયની વાત નથી ત્યાં. સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે. પર્યાય ક્યાં છે ? સિદ્ધ સ્વરૂપે જ મારું દ્રવ્ય છે, શક્તિરૂપે, સ્વભાવરૂપે હું સિદ્ધ જ છું. એ તો આવ્યું નથી ? 'નિયમસાર'માં ન આવ્યું ? બધા સંસારી જીવો સિદ્ધ સમાન છે. અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે, ભાઈ ! ભાઈએ અર્થ નથી કર્યો ? અષ્ટ મૂળગુણથી પુષ્ટ છે. આ સ્વભાવ ! આવ્યું છે ને 'નિયમસાર'માં ? છેલ્લી ગાથા પાછળ છે. સિદ્ધ સમાન છે એટલે સિદ્ધ જેવી પર્યાય છે ? દ્રવ્ય સિદ્ધ સમાન છે. એવું સિદ્ધ સ્વરૂપ જે ભગવાનઆત્મા એનું ધ્યાન કરીને, એને ધ્યાવીને. આહા..હા..!

**'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને. સમજાણું કાંઈ ? આહા..! ધ્યાનમાં પોતાનું ત્રિકાળ સ્વરૂપ છે એમ ધ્યાન કરીને, એમ કહે છે. સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? **'તેમના જેવા થઈ જાય છે...'** આહા..હા..! **'તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને,...'** પર્યાયને નિર્મળ પર્યાયમાં તેનું ધ્યાન કરીને. કોનું ? - દ્રવ્યનું, હોં ! આહા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ક્યા દ્રવ્યનું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દ્રવ્યનું. આહા..હા..! પૂર્ણ આનંદ સ્વરૂપ એકરૂપ જેનું સ્વરૂપ છે. આહા..હા..! એનું ધ્યાન એટલે પર્યાય. પર્યાયમાં એનો વિષય બનાવીને. આહા..હા..! ધ્યાન વિષય સ્વરૂપ આવે છે. 'પરમઅધ્યાત્મ તરંગિણી'માં ત્રણ ઠેકાણે આવે છે. પર્યાયમાં દ્રવ્યને વિષય બનાવ. આહા..હા..! એનો અર્થ કે આ પર્યાય છે એને દ્રવ્યમાં વાળું છું, એમ પણ નથી. એ પર્યાય દ્રવ્યમાં વળી છે, એ જ દ્રવ્યનું ધ્યાન છે. આહા..હા..! હવે તો નિરાંતે થઈ ગયા, હળવે હળવે ચાલે છે આ તો. પોણા ચાલીસ વર્ષ થઈ ગયા, .... હળવે હળવે પછી સાંભળનારને વિચારમાં રોકાવું પડશે કે નહિ ? આહા..!

**'તેમના જેવા થઈ જાય છે...'** આહા..હા..! અહીં તો સિદ્ધનું ધ્યાન (કરનાર) એવો હું એનું ધ્યાન કરનાર સિદ્ધ જેવા થઈ જાય છે, ન થાય એ પ્રશ્ન નથી. આહા..હા..! પણ આ રીતે હોય તો. સમજાણું કાંઈ ? **'અને ચારે ગતિઓથી વિલક્ષણ...'** ચારે ગતિ છે એનાથી આ વિલક્ષણ **'જે પંચમગતિ મોક્ષ તેને પામે છે.'** લ્યો ! પંચમગતિ એવો જે મોક્ષ તેને પામે છે. બીજી ગતિ તો વિકારવાળી છે ને ત્યાંથી પાછું આવવું પડે છે, આ તો ગતિ થઈ ઇ થઈ. આહા..હા..! સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. એવી જે સિદ્ધ ગતિ પામીને. પંચમગતિ મોક્ષને પામે છે,

હવે કેવી છે એ પંચમગતિ ? એની આ બધી વ્યાખ્યા છે. આહા..હા..! ધ્રુવ તો ઉપાડ્યું પહેલું પણ પર્યાયની ધ્રુવતા. આવી છે અંદર ધ્રુવમાંથી. સમજાણું કાંઈ ? ધ્રુવમાંથી ધ્રુવ પર્યાય, સિદ્ધ પર્યાય થઈ છે. આહા..હા..! ઉપાડ્યું છે પર્યાય ધ્રુવ, હોં ! સિદ્ધ પર્યાય ધ્રુવ. અહીં સિદ્ધને વંદન કરવા છે ને ! સિદ્ધની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! **'કેવી છે તે પંચમગતિ ? સ્વભાવભાવરૂપ છે...'** એ તો સ્વભાવભાવરૂપ છે. છે પર્યાય પણ સ્વભાવભાવરૂપ એ પર્યાય છે. ચાર ગતિ તો વિભાવભાવરૂપ વિકારી અવસ્થા છે. આહા..હા..! સમજાણું કાંઈ ? સ્વભાવભાવરૂપ, ભાષા જુઓ ! એટલે કે સ્વભાવભાવ જે જીવનો–આત્માનો હતો એમાંથી સ્વભાવભાવ પર્યાય આવેલી છે. આત્માનો ત્રિકાળ સ્વભાવભાવ અહીં તો આ પર્યાયની વાત છે. આહા..હા..! સ્વભાવભાવરૂપ છે, નિર્મળ પર્યાય. સિદ્ધ ભગવાન સ્વભાવભાવરૂપ છે.

એ પર્યાય પણ **'સ્વભાવભાવરૂપ છે તેથી ધ્રુવપણાને અવલંબે છે.'** એટલે કે ધ્રુવપણું રાખે છે. સ્વભાવભાવપણાને લીધે ધ્રુવપણું રહે છે, એમ કહે છે. પેલી ગતિ તો અધ્રુવ છે, ક્ષણે ફરી જાય છે. આહા..હા..! **'ધ્રુવપણાને અવલંબે છે.'** એટલે ધ્રુવપણે રહે છે. આહા..હા..! કેમકે સ્વભાવભાવરૂપ છે તેથી. આહા..! સમજાણું કાંઈ ? **'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...'** લ્યો ! એની સામે કહ્યું. ચારે ગતિ, પોતે ખુલાસો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો છે. **'પરનિમિત્તથી થતી હોવાથી...'** કર્મના નિમિત્તથી ચાર ગતિ (થાય છે). સ્વર્ગની ગતિ (થાય તોપણ) કર્મના નિમિત્તથી (થાય છે), એ કાંઈ સ્વભાવભાવની પર્યાય નથી. આહા..! **'પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે;...'** ચારે ગતિ વિનાશિક છે. આહા..હા..!

**''ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.' ''ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** વિનાશિક કાંઈ છે નહિ હવે. લ્યો ! પર્યાય વિનાશિક છે, એક કોર પર્યાય અવિનાશિ કીધી. મોક્ષની પર્યાય પણ નાશવાન છે, એમ આવ્યું હતું. અહીં નાશવાનનો અર્થ પર્યાય છે એ અપેક્ષાએ. આ પર્યાય હવે એમ ને એમ રહેવાની છે માટે વિનાશિક નથી. એમ. છે ? **'પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** પેલી જે ચાર ગતિ છે એ ફરે છે એવું ફરવું અહીં નથી. એની ગતિનું પરિણમન ભલે હો સિદ્ધનું પણ એવું ને એવું છે એથી એને વિનાશિકતા રહિત કહેવામાં આવી છે. આહા..હા..!

**'વળી તે ગતિ કેવી છે ?'** સિદ્ધ, સિદ્ધ. **'અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ...'** અચળ લેવું છે ને ? અચળ. **'धुवमचलमणोवमं'** ગતિ એવા ચાર બોલ છે. ધ્રુવનું વિશેષણ થયું. **'વળી તે ગતિ કેવી છે ? અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ) વશ...'** એ વિશ્રાંતિ થઈ ગઈ હવે. પરમાં ભ્રમણનો અભાવ થયો, એથી વિશ્રાંતિનો અભાવ હોય છે, પરમાં વિશ્રાંતિનો અભાવ (થઈ) **'અચલપણાને પામી છે.'** અચળ થઈ ગઈ. આહા..! સિદ્ધ ગતિ અચળ છે, ગતિની વાત છે, હોં ! આ પર્યાયની વાત છે. આહા..!

**'આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** લ્યો ! પરનિમિત્તથી વ્યવચ્છેદ થાય છે, ગતિ ફરી જાય છે, આ કાંઈ ફરતી નથી. માટે, અચળ છે. સિદ્ધ ગતિને અચળ કહેવામાં આવી છે, સિદ્ધ ગતિને ધ્રુવ કહેવામાં આવી છે. આહા..હા..! સ્વભાવભાવ થયો ને ! સ્વભાવભાવ. ધ્રુવ સ્વભાવમાંથી આવી છે એટલે પર્યાય સિદ્ધ પૂર્ણ થઈ ગઈ, ધ્રુવ થઈ ગઈ. અચળ સ્વભાવમાંથી આવી છે માટે એ પર્યાય અચળ છે, ફરતી નથી. અહીં જેમ અચળ છે એમ ન્યાં પર્યાય અચળ થઈ ગઈ. **'धुवमचलम'** બે વાંચ્યા ને ! **'वंदित्तु सव्वसिद्धे धुवमचलम'** બે પદ થયા.

**'વળી તે કેવી છે ? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી...'** આ ત્રીજું વિશેષણ. **'धुवमचलमणोवमं'** અનુપમ છે. ઓહો..! સિદ્ધ પર્યાય, બાપુ ! આ..હા..! **'સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી...'** ઓ..હો..હો..! ગતિના લક્ષણથી વિપરીત લક્ષણવાળી અદ્‌ભુત માહાત્મ્ય હોવાથી, **'તેને કોઈની ઉપમા મળી શકતી નથી.'** સિદ્ધને ઉપમા સિદ્ધની, બીજાની ઉપમા એને મળી શકતી નથી. આહા..હા..! અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનની પૂર્ણતા.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! એક સમયમાં અતીન્દ્રિય અનંત આનંદ, એક સમયમાં અતીન્દ્રિય કેવળજ્ઞાન અનંત, એક સમયમાં દર્શન અનંત, વીર્ય અનંત ! આહા..! સ્વચ્છતા અનંત, પ્રભુતા અનંત. એને શું કહેવું ? એને કોની ઉપમા દેવી ? એને કોની ઉપમા દેવી ? અનુપમ છે. આહા..હા..!

**'આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.'** ચારે ગતિમાં તો કાંઈ કહેવાય મોટા ચક્રવર્તી છે, ... ચક્રવર્તીને સ્વર્ગ જેવું સુખ છે, એમ કહેવાય ને ? .... આને કાંઈ ઉપમ આપી શકાય એવું નથી. આહા..હા..! કાંઈ સમાનતા પણ છે. મનુષ્ય ગતિ ચક્રવર્તી. સમજાણું ? સ્વર્ગની, સ્વર્ગના જેવા સુખો નથી કહેતા ? ચક્રવર્તીમાં આવે છે. એવી કથંચિત્ ગતિમાં પરસ્પર સમાનતા છે, સિદ્ધમાં છે નહિ. અનુપમ ગતિ છે. આ..હા...! વ્યવચ્છેદ થયો. હવે આવ્યું, **'ધુવમચલમણોવમં गदिं' 'गदि'** શબ્દ પડ્યો છે ને ? એ ગતિનો હવે અર્થ કરે છે. એક એક શબ્દનો અર્થ કરે છે. **'વળી તે કેવી છે ? અપવર્ગ તેનું નામ છે.'** સિદ્ધ ગતિને અપવર્ગ નામ છે.

**શ્રોતાઃ–** મૂળ ગાથામાં 'અપવર્ગ' શબ્દ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલે એ ગતિનો અર્થ કાઢ્યો. મૂળ શબ્દ ગતિનો અર્થ જ આ કર્યો. ગતિ એટલે શું આ ? - કે અપવર્ગ. ધર્મ, અર્થ ને કામથી ભિન્ન ગતિ છે આ. **'ધર્મ, અર્થ અને કામ...'** વર્ગમાં જાય છે. વર્ગ, વર્ગ. આ અપવર્ગ. આહા..! ધર્મ એટલે પુણ્ય, પુણ્ય. ધર્મ એટલે પુણ્ય. અર્થ એટલે લક્ષ્મી અને કામ (એટલે) વિષયની વાસના. એ ત્રણ વર્ગ છે. પુણ્ય, લક્ષ્મી અને કામ એ ત્રણ વર્ગ કહેવાય છે. **'મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...'** મોક્ષગતિ એ વર્ગમાં નથી તેથી **'તેને અપવર્ગ કહી.'** લ્યો ! આહા..હા..!

આ તો માંગળિક, હજી તો સિદ્ધ ભગવાનને વંદન કરીને માંગળિક છે. આદર કર્યો છે અંદરમાં એનું નામ વંદન. સમજાણું કાંઈ ? અને એનું જ્ઞાન કર્યું છે કે આવા આવા સિદ્ધ છે. જ્ઞાન કરીને વંદન કર્યું છે. ઓઘે ઓઘે ણમો સિદ્ધાણં, ણમો સિદ્ધાણં (કરે) એમ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..! આખા સંસારનો અભાવ ચોરાશીના અવતારનો અભાવ અને જે સિદ્ધ ગતિ ઉત્પન્ન થઈ એ વ્યય વિનાની ઉત્પન્ન થઈ છે. આવે છે ને 'પ્રવચનસાર' માં ? 'પ્રવચનસાર'માં આવે છે. સંસારનો વ્યય થયો એ ઉત્પાદ વિનાનો સિદ્ધને વ્યય થયો. શું કીધું ? સંસારનો જે નાશ થયો એ ઉત્પન્ન વિના (થયો છે), હવે ઉત્પન્ન નહિ થાય એ રીતે વ્યય થયો. અને સિદ્ધ ગતિ ઉત્પન્ન થઈ, વ્યય વિનાની ઉત્પન્ન થઈ. હવે એ ઉત્પન્ન થઈ એ વ્યય નહિ થાય, 'પ્રવચનસાર'માં છે. સમજાણું કાંઈ ? આહા..!

**'અપવર્ગ કહી. - આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.'** લ્યો ! એ વર્ગમાં નથી. એવી ગતિને પામ્યા છે, આહા..હા..! ગતિનો અર્થ–વ્યાખ્યા કર્યો, ગતિ છે ને ? ધ્રુવ, અચલ, અનુપમ અને ગતિ પ્રાપ્તમ્. આ ગતિ થાય. ધર્મ, અર્થ ને કામથી ભિન્ન એવો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અપવર્ગ, વર્ગથી ભિન્ન એવો અપવર્ગ, એ મોક્ષ. એને એ પામ્યા છે. આહા..! તે **'આવી પંચમગતિને સિદ્ધ ભગવંતો પામ્યા છે.'** લ્યો ! ફરીને એ તો ન્યાં લીધું હતું ને .. ખુલાસો કરે છે. **'તેમને પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક...'** આહા..હા..! સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો પ્રકાશક સમય છે ને ? **'એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ)...'** છે આ. આહા..હા..! અરહંત ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી–દિવ્યધ્વનિ–પ્રવચન, એનો એક આ અંશ છે. આહા..હા..! **'તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે,...'** મારા (એટલે) પોતાને પણ જે થોડી અસ્થિરતા છે ને ? એ મોહ લેવો. બીજાનો મોહ મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એ લેવો. સમજાણું કાંઈ ? સામાન્ય રીતે મારે પણ હજી મોહ છે, એમ કહે. અસ્થિરતા છે ને રાગની. એના નાશને માટે, આહા..હા..! એ તો 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું એ આવ્યું.

**શ્રોતા :–** ત્રીજો કળશ કહ્યો હતો ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, હું આ ટીકા કરતા મારી અશુદ્ધતા નાશ થશે. એ જ 'અમૃતચંદ્રાચાર્ય'ની આ ટીકા છે. આહા..હા..! **'મારા અને પરના મોહના નાશ માટે, હું પરિભાષણ કરું છું.'** આહા..હા..! હું પરિભાષણ (કરું છું) એની વ્યાખ્યા ભાવાર્થમાં કરશે. પરિભાષણ શું, કેમ શબ્દ લીધો. હવે એ અરિહંતનો પ્રવચન કેવો છે એ વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**તારી મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય જે પર તરફ ઝૂકેલી છે તેને, પ્રથમ શ્રુતજ્ઞાનના બળ વડે જ્ઞાનસ્વભાવી આત્માનો દૃઢ નિર્ણય કરીને, અંદર જ્યાં પરમાત્મસ્વરૂપ પ્રભુ બિરાજે છે ત્યાં વાળ, તેની સન્મુખ કર. એમ કરવાથી તને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે. ભાઈ ! પહેલાં તો ભવનો ડર હોવો જોઈએ. ભવભીરું જીવને જ્ઞાની ગુરુ કહે છે : ભાઈ ! તારી ચીજ પુણ્ય-પાપના વિકલ્પોથી રહિત એવી ને એવી અંદર પડી છે. એકવાર પ્રસન્ન થઈને જો કે–અહા ! આવી ચીજ મેં ક્યારેય નજરમાં લીધી નહોતી. પર્યાયની સમીપ અંદર પ્રભુ બિરાજે છે ત્યાં નજરને–મતિ-શ્રુતની પર્યાયને–લઈ જા, ત્રિકાળી ધ્રુવને ધ્યેય બનાવી દે, તો તને આત્માના દર્શન થશે; અને તને વિસ્મય થશે કે– 'ઓહો ! આ હું ? આવા આત્માના દર્શન માટે મેં કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૧૫૫)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૧૨૩-૧૨૪, પ્રવચન નં. ૧૫૬
## તા. ૨૬-૦૬-૧૯૬૫
## [૨૧]

'પરમાત્મપ્રકાશ' અધ્યાય બીજો ૧૨૩ ગાથા. ભાવાર્થથી ફરીને, કાલે ઊતર્યું નથી ને ? કાલે તો આ વિજળી હતી નહિ. એને આવવાનું હોય એ આવે, થવાનું હોય એ થાય, પરની પર્યાય કરે કોણ ?

**ભાવાર્થ :– 'યે ઘર વગૈરહ...'** બાહ્યની વસ્તુ છે પુત્ર, કલત્ર, ઘર આદિ પૈસા, લક્ષ્મી એ **'શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તીક નિજ આત્માસે ભિન્ન...'** ભગવાનઆત્મા શુદ્ધ ચેતનસ્વભાવ એવો અમૂર્તિક નિજ આત્મા, સ્વભાવવાળો આત્મા એમ. સ્વભાવ સ્વરૂપ આત્મા. શુદ્ધ ચેતનસ્વભાવ અમૂર્તીક નિજ આત્મા. આત્માની વ્યાખ્યા કરી. શુદ્ધ ચેતનસ્વરૂપ નિજ એનાથી ભિન્ન, **'જો શુભાશુભ કર્મ...'** એનાથી જુદા અંદર શુભ ને અશુભ કર્મ. **'ઉસકે ઉદયસે ઉત્પન્ન હુએ હૈં,...'** ઘર વગેરે કર્મના ઉદયથી બધી ચીજ પ્રાપ્ત થાય છે. **'ઇસલિયે કર્માધીન હૈં,...'** ... કર્માધીન છે. સમજાણું ? ... પેલા કૃત્રિમ છે આ બધા, આ કર્માયતન–કર્મને આધિન છે. કહ્યું છે ને ?

'તત્ત્વજ્ઞાન તરંગિણી' માં લખ્યું છે ને ? ભાઈ ! તારા સિવાયની બાહ્ય ચીજો અનંત વાર મળી, એ અપેક્ષાએ એને સુલભ કહીએ છીએ. અનંત વાર મળી, પણ એક અપેક્ષાએ એને દુર્લભ કહીએ છીએ કેમકે કર્મને આધિન છે, એ કાંઈ તારા પ્રયત્નને આધિન નથી. સમજાય છે ? શરીરાદિ બાહ્ય પદાર્થ લક્ષ્મી, કીર્તી, દીકરા, દીકરી વગેરે બાહ્ય (પદાર્થ). એ **'શુદ્ધ ચેતનસ્વભાવ (ભગવાન) અમૂર્તિક નિજ આત્માસે ભિન્ન...'** શુદ્ધાત્માથી ભિન્ન કર્મને આધિન છે. એમ કહીને એમ કહ્યું કે એ પરાધિન છે. તારા પ્રયત્નથી એ વર્તમાન પ્રાપ્ત થાય એવું નથી. સમજાણું ?

તેથી બે બોલ લીધા ને એમાં ? બાહ્ય ચીજ છે એ અનંત વાર મળી માટે સુલભ પણ કર્મને આધિન છે ને તારા પ્રયત્નને આધિન નથી માટે દુર્લભ (છે). સુલભ અને દુર્લભ આત્મામાં. આત્માનું ધર્મપણું એ દુર્લભ (છે) કેમકે અનંત કાળથી પ્રાપ્ત થયું નથી માટે પણ આત્માનો ધર્મ સુલભ છે કેમકે જેમાં પરની સહાયની જરૂર નથી માટે. 'તત્ત્વજ્ઞાન તરંગિણી' છે ને ? શું નામ ? 'શુભચંદ્ર ભટ્ટારક'. એમાં બે બોલ આમ અરસપરસ લીધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. એક અપેક્ષાએ પર ચીજ સુલભ છે કેમકે અનંત વાર મળી. એક અપેક્ષાએ પર દુર્લભ છે, તારે આધિન નથી, કર્માધીન છે એ. કર્મનો ઉદય હોય તે પ્રમાણે એ સામગ્રી મળે, બે વાત, હવે આત્મામાં બે વાત કે આત્માનો ધર્મ એ અનંત કાળે સમજ્યો, પામ્યો નથી માટે દુર્લભ છે અને બીજી રીતે કહીએ તો ભગવાનઆત્માની પ્રાપ્તિમાં કોઈ વિકલ્પ ને કર્માદિ કોઈ ચીજની જરૂર પડતી નથી, માટે સુલભ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** બેમાંથી એક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બન્ને સમજવું, બેમાંથી એક શું ? સ્વભાવથી પામવું એ સત્ વસ્તુ છે, સરળ છે એમાં કોઈ નિમિત્ત, મન, વાણી, દેહની બિલકુલ જરૂર નથી. સ્વયંસિદ્ધ કર્તા થઈને પોતાનું કામ અંતરનું કરી શકે છે, એમાં કોઈની મદદની જરૂર નથી, માટે તેને સુલભ કહ્યું. અનંત કાળની અપેક્ષાએ બાર ભાવનામાં દુર્લભબોધિ ભાવના કીધી. અપેક્ષાથી આ સમજવું જોઈએ કે નહિ ? અનંત કાળથી એક ક્ષણ પણ એ વસ્તુને સમજ્યો નથી, એ અપેક્ષાએ એને દુર્લભ કહ્યું. બન્ને વાત જેમ છે એમ એણે લક્ષમાં લેવી જોઈએ ને ?

ભગવાન સહજ સ્વરૂપ છે, સત્ છે, સરળ છે. સર્વત્ર જ્યાં જુએ ત્યાં તું પોતે જ છો. એવા સ્વભાવની અંતરમાં પ્રાપ્તિ કરવી એ તો સહજ સ્વભાવનું સાધન એ તારું છે ને કાર્ય પણ તારું છે, એ અપેક્ષાએ એને સુલભ કહ્યું છે. અનંત કાળમાં એણે વસ્તુની ... કરી નહિ એ અપેક્ષાએ એને દુર્લભ છે. અહીં તો કહે છે, પર ચીજ કર્મને આધિન છે, તારે આધિન નથી. બરાબર હશે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિલકુલ ... શું આધાર હોય ? દાખલો આપ્યો છે ને પેલામાં ? 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં ગાંડાનો, પાગલનો. એક પાગલ નદી કાંઠે બેઠો હતો. નદીને કાંઠે જઈને બેઠો હતો. પાગલ, મગજ ફેર હશે. બેઠો હતો. ત્યાં આવ્યો રાજા, ક્યાંક જાતા હશે પાંચ, પચ્ચીસ ગાવ છેટે. દસ વાગી ગયા અને નદીમાં પાણી, પાણી.. રાજા આવ્યા, રાણી આવી, હાથી આવ્યા, ઘોડા આવ્યા. ઓહો..હો..! ખુબ આવ્યા મારા, હોં ! પેલો ગાંડો બેઠો બેઠો (વિચારે છે). જ્યાં બધા ખાઈ પીને સુઈ રહ્યા ને ચાર વાગ્યા, ઉઠો ચાલો. એક એક પછી ચાલવા માંડ્યા તો પેલો ગાંડો કહે, કેમ જાવ છો ? પેલો કહે, પણ અમે ક્યાં તારા માટે આવ્યા હતા ! અમે તો અમારે કારણે આવ્યા હતા. અહીં પાણી દેખીને આહાર-પાણી કર્યા, આ ભોજન કર્યું ને હવે ટાઈમ છે તો ચાલ્યા જઈએ. અહીં આવ્યા મારા માટે, હું બેઠો માટે તમે આવ્યા.

**શ્રોતા :–** પણ એ બેઠો હતો ત્યારે આવ્યા ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કુદરતી એ બેઠો ને કુદરતે આવવાનું થયું, એમાં એને લઈને શું આવ્યું છે ? ન્યાં પૂરી સ્થિતિ થઈ. સુઈ રહ્યા, ઉઠ્યા, નાહ્યા-ધોયા ચાલવા માંડ્યા. ચાલવા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેમ માંડો છો ? ગાંડો લાગે છે આ. એમ આ જ્યાં આવીને ક્યાંક જન્મ્યો, પૂર્વના કર્મને લઈને સામગ્રી આવીને ઊભી રહી. એ કર્મ જ્યાં ખસવા માંડ્યા તો એ ચીજો પણ ખસવા માંડી. કેમ જાવ છો ? ભાઈ ! તારા માટે કે દિ' અમે આવ્યા હતા ? બરાબર છે ? 'ધર્મચંદજી' ! પાગલ. આ શું કહે છે આચાર્ય ? આચાર્ય કહે છે પાગલ છો. તું આવીને બેઠો ત્યાં પેલા બીજા એને કારણે (આવ્યા). આ શું કહે છે ? જુઓને ! ઘર, મકાન થયું, પૈસા થયા, દાગિના થયા, કપડા થયા, આ બધું શરીર, બરીર જાડુ થયું, સ્થૂળ થયું, જુવાની થઈ એ બધું કર્મને આધિન થયું છે. પછી જ્યાં મોળુ પડવા માંડ્યું, ત્યાં કહે, કેમ મોળુ પડે છે ? મારું છે ને ! તારું કે દિ' પણ હતું ? એ તો કર્મને લઈને (થયું હતું). કર્મ એ નિમિત્ત છે, હોં ! ઉપાદાન તો એનું છે એ પ્રકારનું આવવાનું.

**શ્રોતા :–** જાય ત્યારે દુઃખી થાય છે પણ આવે ત્યારે તો ખુશી થાય છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવ્યા ત્યારે ખુશી થાય છે ને ! છોકરો આવે તો ખુશી થાય, કરો આજે લાપસી. ન હોય તો ગોદમાં લે. જુઓને ! મફતના ... એક કરોડ રૂપિયા નાખી દેને ધર્મમાં. છોકરાને આપીને તો પાપ બાંધશે. મોટા છોકરાને છોકરો નથી ને નાનાનો એક લ્યો ! ગોદમાં લીધો. કોણ જાણે ઉપાધિનો પાર ન મળે. અને પેલો બરાબર મોટો થાય છે. બાપા ! પચ્ચીસ લાખ, પચાસ લાખ વહેંચવા ન દઉ હવે હું. મને શું કરવા ગોદમાં લીધો ? આ તમારો દીકરો બરાબર છે, મને મરજી પ્રમાણે તમારે વપરાશે, બીજે નહિ વપરાય. હાથે કરીને ઉપાધિ વ્હોરે છે, કોણ જાણે. આ બેઠો છે આ, મોટર લાવ્યો લાગે છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– બિલકુલ તારે કારણે નહિ. એ પરદ્રવ્ય છે, અંદર રજકણો પડ્યા હતા આ એને કારણે નિમિત્ત થયું. ઉપાદાન એને આવવાની યોગ્યતા એનો સંબંધ થઈને કર્મને કારણે આવ્યા એમ કહેવામાં આવે છે. ખરેખર તો કર્મ તો નિમિત્ત છે. એક દ્રવ્ય, બીજા દ્રવ્યને લાવે એવું પણ નથી. અહીં તો તારે કારણે નથી એથી ચીજોની સામગ્રીમાં નિમિત્ત કર્મ છે, એ કર્મને કારણે ચીજ આવી છે, એમ કહેવામાં આવે છે. બરાબર હશે... ભાઈ ? આ જુઓ ! શરીર જાડુ, પૈસા-બૈસા બધું ... કર્મને લઈને આવે છે, એમ કહે છે. તારે કારણે બિલકુલ નહિ.

**'ઉદયસે ઉત્પન્ન હુએ હૈં, ઇસલિયે કર્માધીન હૈં, ઔર વિનશ્વર હોનેસે...'** એ પર્યાય તો નાશવાન છે. **'શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત હૈ.'** ભગવાન શુદ્ધ સ્વરૂપ ટંકોત્કીર્ણ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, જે કાયમ રહેનારી દૃષ્ટિએ જોઈએ તો બધી સ્કંધોની પર્યાયો, સ્કંધોની અવસ્થા પલટે છે. નામ, રૂપનો નાશ થઈને બીજું રૂપ થઈ જાય છે. **'શુદ્ધાત્મદ્રવ્યસે વિપરીત હૈ. શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...'** ભગવાન વસ્તુ કોણ બનાવે ? છે સત્, સત્‌ને કોણ બનાવે ? ન હોય તો બને, તો ન હોય તો બને તો પર્યાય બને, કાંઈ દ્રવ્ય બને ? વસ્તુ બને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'શુદ્ધાત્મદ્રવ્ય કિસીકા બનાયા હુઆ નહીં હૈ,...'** એ તો અનાદિ અનંત ભગવાન શુદ્ધ સ્વરૂપ ચિદાનંદ અનંત અનંત શાંત રસ ને આનંદનો કંદ એ અનાદિ અનંત છે.

**'ઇસલિયે અકૃત્રિમ હૈ,...'** કોઈએ કરાવેલું નથી. બેની સામસામે વાત કરે છે. અને **'અનાદિસિદ્ધ હૈ,...'** ભગવાન તો અનાદિસિદ્ધ છે, અનાદિ સાબિત છે. **'ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ હૈ.'** એવો ને એવો અડબડનાથ. છે ને અહીં શેત્રુંજયમાં નથી ? અડબડનાથ. આખા ઓરડા પ્રમાણે કોતર્યો છે ને એક મોટો ? શું કહે છે ? અડબડનાથ. આખો કમરો છે ને મોટો કમરો ? એના પ્રમાણમાં એક આખી મૂર્તિ, એમાંથી ... છે. બહારથી લાવી મુકે કેટલી ? હજારો માણસો એમ ને એમ ખોલીને... મોટી આવડી મૂર્તિ છે ને ? શેત્રુંજય ઉપર છે. છે ને, અમે તો પહેલા ઘણા વર્ષથી જોયું છે. એક મોટો કમરો છે, એમાં આખો પત્થરની અંદર... એને અડબડનાથ કહે છે. દેરુ છે, એ પથરો અંદર જ કોતરીને એમ ને એમ પડ્યો છે. એમ આ ચૈતન્ય પ્રભુ એવો ને એવો કોઈથી પૂરાયેલો નથી. એવી ને એવી ચીજ અનાદિ અનંત શુદ્ધ અનંત ગુણનો પિંડ પ્રભુ અનાદિ અનંત છે. અનાદિસિદ્ધ અનાદિ–આદિ વિનાનું સિદ્ધ છે. **'ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવ હૈ.'** લ્યો !

**'જો ટાંકીસે ગઢા હુઆ ન હો બિના હી ગઢી પુરુષાકાર અમૂર્તીકમૂર્તિ હૈ.'** અમૂર્તિક મૂર્તિ છે, લે ! ભગવાન ! વિના ગઢી પુરુષાકાર, પુરુષને આકારે અમૂર્તીક મૂર્તિ છે. એટલે અમૂર્તિક જેનું સ્વરૂપ છે, એમ. અમૂર્તિક પણ વસ્તુ છે કે નહિ ? અરૂપ અને અમૂર્ત. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની શરીર પ્રમાણે ભગવાનઆત્મા ભિન્ન અરૂપી, અમૂર્તીક મૂર્ત સ્વરૂપ એટલે કે સ્વરૂપ છે, એમ. એનું સ્વરૂપ છે, કાંઈ અસ્વરૂપ છે એમ નથી. **'અમૂર્તીક મૂર્તિ હૈ,...'** અમૂર્તીકસ્વરૂપ છે. આહા..હા..! એવો ભગવાન આખો (છે). અંતરમાં એનો વિશ્વાસ એને આવતો નથી. આવો હું એક મહાન પદાર્થ, જેમાં અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે. જેના ધ્રુવમાં અનંતી સિદ્ધ પર્યાયો પ્રગટ થઈ એ અંદરમાં બેઠી છે. સમજાણું ?

**'ઐસે આત્મસ્વરૂપસે યે દેહાદિક ભિન્ન હૈં,...'** એ આત્મસ્વરૂપથી દેહ, વાણી, મન બધું અરે..! રાગાદિ પણ ભિન્ન છે. **'એસા સર્વજ્ઞકથિત પરમાગમમેં...'** સર્વજ્ઞે કહેલા પરમ આગમમાં, **'પરમજ્ઞાનકે ધારી...'** મહા સમ્યગ્જ્ઞાનને ધરનાર **'યોગીશ્વરોંને દેખા હૈ.'** ભાષા એમ કરી. જુઓ ! અંદર પરમ જ્ઞાનીએ જોયો છે કે આ આત્મા છે. જ્ઞાનની દશાની કળા દ્વારા આ આત્મા અમૂર્તિક સ્વરૂપ, શુદ્ધ તત્ત્વ, અનાદિ અનંત એ જ્ઞાનના અંતર નેત્રથી જોયો છે, તેવો પ્રત્યક્ષ અનાદિ અનંત છે. ભગવાને તો કહ્યો પણ પરમાગમ... પછી એમ કહ્યું ને ? પણ **'પરમાગમમેં પરમજ્ઞાનકે ધારી યોગીશ્વરોંને દેખા હૈ.'** એમ કહીને (કહે છે), આવા સંતો પરમાગમમાં કહેલી વાત સંતો સમજ્યા ને અંદરમાં આત્માને જોયો. એ સિવાય બીજાના આગમથી કહેલો આત્મા એ આત્મા સાચો હોય શકે નહિ. અહીં બે વાત કહે છે. સર્વજ્ઞે કહેલા પરમાગમમાં જે વસ્તુ કીધી એવા પરમજ્ઞાનને ધારી સંતોએ અંતરમાં દેહાદિથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભિન્ન ભગવાનને ધાર્યો છે. સમજાણું ?

**'યહાં પર પુત્ર, મિત્ર, સ્ત્રી, શરીર આદિ સબકો અનિત્ય જાનકર...'** અધ્રુવ, અધ્રુવ, અધ્રુવ... **'નિત્યાનંદરૂપ નિજ શુદ્ધાત્મ સ્વભાવમેં...'** કાયમી નિત્ય રહેનારો, આનંદ સ્વરૂપ એવો નિજ શુદ્ધાત્મ સ્વભાવ, એમાં **'ઠહરકર...'** એમાં ઠરીને **'ગૃહાદિક પરદ્રવ્યમેં મમતા નહીં કરના.'** આ મમતા ન કરે એમ ન બને એમ કહે છે. સ્વભાવ, શુદ્ધ દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિમાં લઈ એમાં ઠરીને ગૃહાદિકની મમતા છૂટી જાય છે. એ સિવાય પરની મમતા છૂટતી નથી. સમજાણું ? સંયોગે આવ્યા, ચાલ્યા જાય છે. મફતનો એના માટે રોકાય, રળવા માટે, પેલા માટે... ઇ કહે છે ને ? ચિંતા... ચિંતા... ચિંતા... બરાબર હશે આ ?

આ શેની વાત ચાલે છે ? શુદ્ધ દ્રવ્ય ચિદાનંદનો અંતર વિશ્વાસ કર ને વિશ્વાસ (કર્યા) પછી એમાં ઠર. જેમ આ.. એમ માને છો, એમ આ એક મોટો ભગવાન છે અંદર. આ છે... આ છે... આ છે... આ છે... આ છે... આ એક છે. પૂર્ણાનંદથી ભરેલો ભગવાન નિજ શુદ્ધાત્મા અંતર દૃષ્ટિએ એને નિહાળી અને એમાં ઠર (અને) પરવસ્તુ આ છે, આ છે માટે મારી છે એ મમતા છોડ. સમજાણું કે નહિ ? છોકરાનો છોકરો સારો આવો હોય તો આમ ગલગલીયા થઈ જાય અંદર. સારો કહેવો કોને ? સારા-નરસા છોકરા હશે ? જ્ઞેય સારું-નરસું હશે ? જગતના જ્ઞેય છે. જ્ઞેયમાં આમ માર્યો છે અંદર રજીસ્ટર કે આ સારું, આ નરસું ? રૂપાળા હોય એણે પણ બાપને ઝેર આપી દીધું. મારી નાખે. ખબર નથી ? કહેવા કોને સારા-નરસા ? એ તો સ્વાર્થના પૂતળા. જ્યાં સુધી એની મમતા પોસાતી હોય ત્યાં સુધી બાપા, બાપા, બાપા કરે બાકી ટાણા આવે તો મારી નાખો.

રાજાને જુઓને ! રાજાને મારી નાખે છે ને ? એના બાપને. મારી નાખે, ઝેર આપી દે. રાજ કર્યું, આ સાંઈઠ સાંઈઠ વર્ષની ઉંમર થઈ ગઈ, ડોસો તો મરતો નથી એંશી વર્ષ થયા તોપણ. હવે રાજ અમારે કરવું કે દિ' ? ડોસાને એંસી થયા ને પેલાને સાંઈઠ થયા. હવે પેલાને સાંઈઠ સાંઈઠ વર્ષથી ગાદિ છે ને અમારે સાંઈઠ થયા ને હવે ગાદિ અમારે કે દિ' દેવી ? ચડાવી દે, ડૉક્ટરને કહીને ઇન્જેક્શન આપી દે સરખાયનું. આ પણ બધું બનેલું છે આ. આ બને છે ને બનેલી છે ને. એક એની માએ... ધાર્યું ન થયું તો આમ પરણીને આવ્યો મીંઢોળ હોતો, હોં ! મીંઢોળ હોતો પરણીને દીકરો. આમ કાંઈક ધ્યાન બહાર થયું એટલે પરણીને આવ્યો તે દિ' મારી નાખ્યો ઝેરથી. પરણીને સમજ્યા ? શાદી, લગન. એમ કંઈક ભાષા બોલ્યો, એની માને ઠીક નહોતું. (કહ્યું કે) સ્વતંત્ર છું.

**શ્રોતા :–** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ ક્યાં પ્રશ્ન છે ? આ તો એનો ભાવ આવો હતો એટલી વાત છે. સમજાણું કાંઈ ? એ તો થવાની પર્યાય થવાની છે એ ક્યાં પ્રશ્ન છે ? એ તો નિમિત્ત છે. પણ એના ભાવ હતા ને મારી નાખવાના ? અહીં દીકરો હતો એને મારી નાખ્યો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં એ વાત ચાલે છે અત્યારે. દીકરો આ ને મારી નાખે ઝેર દઈને.

એક દીકરો હતો, એકનો એક દીકરો. દસ લાખની મૂડી એની માને, હોં ! પણ દીકરાને ઠીક ન પડ્યું. પેલી હતી, મામાં ગડબડ હતી. બધા નામ, ઠામથી અમને ખબર હોય ને બધી વાતું. એક પાય છોકરાને ન આપી, દસે લાખ ઉડાવી દીધા. સગો એકનો એક દીકરો, એક પાય ન દઉં. મારા ધાર્યા બહરા કેમ (કર્યું) ? ભાષા કેમ બોલ્યો ? સગો દીકરો ને સગી મા, બે જણા. કોઈ હતું નહિ. દસ લાખની મૂડી. એક પણ પાય ન દીધી. શેના છોકરા ? એ તો બધો પ્રેમ હોય ને ત્યાં સુધી એવું લાગે, હોં ! 'જયચંદભાઈ' ! મારા દીકરા... આહા..હા..!

**શ્રોતા :–** સારો પણ હોય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સારો કોને કહેવો પણ હવે ?

અહીં તો કહે છે, એ છોડ. આ મારા છોડ. અહીં ભગવાન બિરાજે એની સાથે પ્રેમ કર કે એની સાથે પ્રેમ કર ? કોની સાથે (પ્રેમ કરે છે) ? શું થયું તને ? એમ કહે છે, જુઓને ! અહીં તો (કહે છે), સ્વદ્રવ્યના સ્વભાવની રુચિ, દૃષ્ટિ કરી. ભગવાનઆત્મા પૂર્ણાનંદથી ભરેલો મારામાં શું ખામી ખજાને છે કે મારે પરની ઓશીયાળ હોય ? હું પૂર્ણાનંદથી ભરેલો પૂર્ણ શાંતિથી ભરેલો, શાંતિ એટલે ચારિત્ર. આનંદ એટલે સુખ. પૂર્ણ શ્રદ્ધા, પૂર્ણ વીર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ અનંત અનંત કર્તા-કર્મ આદિ શક્તિઓનો ભંડાર, એમાં કઈ ખામી છે કે મારે પરમાં જોઈને આશા કરવી ? છોડ, કહે છે. ભગવાન સામું જો ! સમજાણું કાંઈ ? પરમાત્મ સ્વરૂપ તારું પૂર્ણાનંદ એનો તું વિશ્વાસ લાવ, વિશ્વાસ લાવ. એ ક્યારે આવે ? આ બધા અસ્થિર છે એનો વિશ્વાસ છોડી દે. આ વિશ્વાસ લાવ.

પૂર્ણ પ્રભુ પરમાત્મ સ્વરૂપે (બિરાજી રહ્યો છે). 'પરમાત્મપ્રકાશ' છે ને ? પૂર્ણ પરમાત્મા તું પોતે પૂર્ણ છો, ખામી શું છે તારામાં ? અહીં જોવે છે શું ? જે જોવે અંદર મળે એવું છે. સમજાણું ? એની શ્રદ્ધા કર. અહીં તો મમતા છોડવાની વાત છે ને ? શ્રદ્ધા છોડ, આનો વિશ્વાસ છોડી દે કે એનાથી મને લાભ થશે અને એની મમતા છોડ સ્વરૂપમાં ઠરીને એમ ગુલાટ મારીને. અહીં ઠરે છે (તો) મમતા છૂટી જાય છે.

**'પરદ્રવ્યમેં મમતા નહીં કરના.'** આમ સાધારણની વાત નથી, બહારની મમતા છોડી ને... એમ નહિ. વસ્તુ એક સમયમાં પૂર્ણ પરમાત્મા જ્યાં દૃષ્ટિમાં ભાળ્યો, જ્ઞાને જોયો, અનુભવમાં વેદ્યો એને કારણે પરવસ્તુ મારી નથી અને આ ચીજ મારી ત્રિકાળ છે. એમ કરીને એમાં ઠરતા, પરની મમતા ટળે છે, એમ કહે છે. એકલી આમ છોડી ને બાયડી, છોકરા છોડી દીધા માટે મમતા છોડી છે, એ વાત આમાં છે જ નહિ. બધું ભર્યું પડ્યું છે અંદર. એક રાગના કણને પણ સાચો, સારો ઠીક માને છે એના અભિપ્રાયમાં આખો સંસાર કરવા જેવો છે, એમ બેઠો છે. અહીં તો કહે છે નિત્યાનંદ સ્વરૂપ પ્રભુ ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નિજ શુદ્ધાત્મા, એની અંતર દૃષ્ટિ (કરી), એને સ્વજ્ઞેય બનાવી ઠર. મમતા છૂટી જશે.

**'આગે ઘર પરિવાદિકકી ચિંતાસે મોક્ષ નહીં મિલતી, એસા નિશ્ચય કરતે હૈં -'**

**मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंततु।**
**तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंत्तु।।१२४।।**

**'હે જીવ, તૂ ઘર, પરિવાર વગૈરહકી ચિંતા કરતા હુઆ મોક્ષ કભી નહીં પા સકતા,...'** આહા..હા..! આવ્યું નથી 'અષ્ટપાહુડ'માં ? ધ્રુવ મોક્ષ તીર્થંકરનો છે. નિશ્ચય મોક્ષ ભગવાનને છે, ખબર નથી ? જ્યારથી ભગવાનનો જન્મ થયો ત્યારથી ખબર છે, ત્યારથી શું પૂર્વથી ખબર છે કે હું તીર્થંકર થવાનો છું, છેલ્લો મારો ભવ તે વખતે મોક્ષ છે. એ જીવ પણ સ્વરૂપમાં ઠરી, ચારિત્રમાં લીન થઈ, મમતા છોડી દે છે. એને પણ ચારિત્ર અંદર ઠરવું, અંગીકાર કરે છે. આહા..હા..! છે ને ? એ ગાથા છે ને ? ધ્રુવ સિદ્ધિ છે એવો પાઠ છે. તીર્થંકરને ચોક્કસ મોક્ષ છે. છતાં એ પોતે સ્વરૂપમાં અરે ! અમારી મુક્તિ છે આ ભવમાં પણ અમે ઠર્યા વિના અમારી મુક્તિ નહિ મળે. એકલા સમ્યગ્દર્શન ને જ્ઞાનથી ને ત્રણ જ્ઞાન લઈને આવ્યા છીએ તેથી અમને મુક્તિ નહિ મળે. આહા..! સમજાણું ? ક્ષાયિક સમકિત ને ત્રણ જ્ઞાન. ધ્રુવ સિદ્ધિ, ચોક્કસ મુક્તિ (છે). ઇન્દ્રો કહે છે, પ્રભુ ! તમારી મુક્તિ છે ને ! અમે પણ એકાવતારી (છીએ), હોં ! પ્રભુ ! અમે આ એક ભવ કરીને મુક્તિએ જવાના. ઇન્દ્રો પણ કહે છે, છે ને ? પહેલા દેવલોકના ઇન્દ્ર ને ઇન્દ્રાણી. અમારે મનુષ્યનો એક જ દેહ છે. પ્રભુ ! તમારે તો આ દેહે જ ખલાસ !

'ભરત' જ્યારે રોવે છે, જ્યારે ભગવાનનો મોક્ષ થાય છે ત્યારે ભરત આવે છે, આમ જોવે છે. આમ આંખમાંથી આંસુંની ધારા નીકળે છે. રાગ છે ને ? ઇન્દ્રો કહે છે, 'ભરત' તમે ચરમશરીરી છો ને ! તમને આ ભવે તો કેવળ છે, તમારે બીજો દેહ નથી. અમારે તો હજી એક મનુષ્યનો દેહ છે. ઇન્દ્ર ! ખ્યાલ છે, ખબર છે. અમને ખબર છે, ઇન્દ્ર ! આ છેલ્લો અવતાર, દેહ છે. ભગવાનના વિરહે મને અંદર રાગ આવી જાય છે. મારી અસ્થિરતા આવે છે. મને ખ્યાલમાં લેવી જોઈએ કે નહિ ? મને ખ્યાલ છે કે હું આ ભવમાં કેવળ પામીને મારે દેહ બીજો નથી. ભગવાને કહ્યું છે, મને ખ્યાલ છે, ઇન્દ્રો જાણે છે. અત્યારે મને આ રાગ આવે છે, ભગવાનનો વિરહ પડ્યો. અરે..! ભરતક્ષેત્રનો સૂર્ય આજ આથમી ગયો. એવો પ્રશસ્ત રાગ ધર્મીને આવે છે (તો) રોવે છે, હોં ! ક્ષાયિક સમકિત છે ને ? ત્રણ જ્ઞાન છે ને ? આ રાગ છે એ ચારિત્ર-દોષ છે. અરે..! પ્રભુ ! ભરતક્ષેત્રના સૂર્ય ઉગ્યા હતા, આજ આથમી ગયા. અમે ક્યાં પૂછશું ? ક્યાં જાશું ? રોવે છે, લ્યો ! ખ્યાલ છે કે અમારી અસ્થિરતા છે, અમને રાગ છે, અમારા સ્વભાવમાં એ રાગ નથી. પૃથકપણે એવું જ્ઞાન છે, છતાં આ સ્થિતિ ઊભી થાય છે. મોક્ષ અમારો આ ભવે છે. અવતાર નથી, છેલ્લા રજકણોનો આ સંબંધ છે, છૂટી જશે તોપણ ભક્તિનો પ્રેમ આવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે અને આ દુઃખને સ્વીકારે છે. જુઓ ! અમે સ્વરૂપમાં ઠરશું ત્યારે અમારે કેવળજ્ઞાન થશે, એ વિના (નહિ થાય). સમજાણું ? આહા..હા..!

પેલામાં આવે છે ને ? ભાઈ ! આ 'બાહુબલી' નું આવે છે ને આમાં ? 'ભરત' ચક્રવર્તી. 'બાહુબલી' માં આવે છે. ભરતચક્રવર્તી પૂજા કરવા આવે છે. આમ નજર કરે છે, અહો ! મને લાગે કે આ ભરતને કાંઈક દુઃખ થયું હશે, એને લઈને ... આમ જોવે છે. આને તો કાંઈ નથી, પૂજા કરે છે. ફડાક શ્રેણીએ ચડ્યા એ શ્વેતાંબરમાં બીજી રીત આવે છે જરીક. ધ્યાનમાં ઊભા હોય છે, ત્યારે બ્રાહ્મી અને સુંદરી, બે દીકરીઓ છે ને ? એ એની પાસે જાય છે ને જ્યાં બાર બાર મહિના થયા છે ને આમ નથી થાતું ? એનામાં બીજી વાત છે. આપણામાં આ વાત છે. ત્યાં એણે ગીત બનાવ્યું, 'વીરા મોરા ગજ થકી ઉતરો' ગજ એટલે હાથી. જરી કષાયનો હાથી છે ને માન ?

**વીરા મોરા ગજ થકી ઉતરો,**
**ગજ ચઢે કેવળ ન હોય રે,**
**એ... ગજ ચઢે કેવળ ન હોય રે.**

અરે..! ભાઈ ! આ વિકલ્પના ગજે ચડ્યા, બાપા ! એક માન જરી ખટકે છે તમને, આ કેવળજ્ઞાન અટક્યું છે. પ્રભુ ! સમજાણું ? એમ શ્વેતાંબરમાં એ આવે છે.

**ગજ ચઢે કેવળ ન હોય રે,**
**વીરા મોરા માન - ગજ થકી ઉતરો.**

માનરૂપી ગજથી હેઠે ઉતરી જાવ. આહા..હા..! બ્રાહ્મી ને સુંદરી આમ જોવે છે. અરે..! આ શું ? કોણ જાણે કે ભરતને ... ગુલાંટ ખાઈ જાય છે અંદર. ક્ષપક શ્રેણી (માંડે છે). શ્રેણીનો અર્થ ધારાવાહી શુદ્ધ પરિણતિ, ધારાવાહી શુદ્ધ પરિણતિ. સમજાણું કાંઈ ?

(અહીંયા) કહે છે, અરે..! છોડ છોડ આ ઘર વગેરેની ચિંતા. '**મોક્ષ કભી નહીં પા સકતા,...**' જ્યાં સુધી ચિંતાનો વિકલ્પ રહે છે, તીર્થંકર ભગવાન જેવાને પણ મોક્ષ થતો નથી. ધૂળ પણ મળતી નથી, શું મળે ? ચિંતાથી મળે ? ચિંતા વિકલ્પ છે, એ વિકલ્પથી ચીજ મળે નહિ, એ વિકલ્પથી અહીં લાભ થાય નહિ. સાંભળો, શું કીધું ? એ ચિંતાનો વિકલ્પ છે, એ વિકલ્પથી ચીજોની પ્રાપ્તિ થતી નથી અને એ વિકલ્પથી અહીં સ્વભાવની શાંતિ મળતી નથી, વચ્ચે ડખલ–વિઘ્ન કરનાર છે. એ અહીં વાત કરે છે. ચિંતાથી કાંઈ ચીજ મળતી નથી, ચિંતાથી શાંતિ અહીં મળતી નથી. મફતનો ડખલ ઊભી કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**ચિંતા કરતા હુઆ...**' જુઓને ! શબ્દ છે ને ? '**'चिन्तयन्' મોક્ષ કભી નહીં પા સકતા,...**' એ ચિંતાથી તો વર્તમાન શાંતિ રોકાય છે અને એ ચિંતા જગતની કરવા જાય તો કાંઈ જગત અનુકૂળતાપણે રહેશે, તારા વિકલ્પ કર્યો માટે જગત અનુકૂળપણે રહેશે એ તારી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત તદ્દન જૂઠી છે. વિકલ્પ ઉઠાવ્યો માટે આ અનુકૂળ રહેશે અને વિકલ્પ ઉઠાવ્યો માટે અહીં અંદરમાં શાંતિ મળશે (એમ) ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ ?

ભગવાન શુદ્ધ સ્વરૂપ પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ... અહીં 'પરમાત્મપ્રકાશ' છે ને ? બાપા ! એ કુટુંબની ચિંતાથી તને એમ થાય કે એ રોગી હશે, નિર્ધન હશે તો એની વ્યવસ્થા તારા આ વિકલ્પને લઈને થઈ જશે ? ત્યારે કહોને, બોલેને ! એને અંદર લાકડું ગરી ગયું છે. 'જયચંદભાઈ' ! આ શું કહે છે આ ? - કે વિકલ્પ કર્યે, ચિંતા કર્યે જરી પરમાં વ્યવહાસ્થામાં ફેર પડે તારી માન્યતામાં મૂઢતા (છે). 'જયચંદભાઈ' ! એમ કહે છે અહીં ભગવાન. ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આવ્યું એ રીતે સંતોએ ઝીલ્યું અને જાણ્યું, એ રીતે વિકલ્પ થયો અને વાણી નીકળી ગઈ. અરે..! જીવો ! કોને માટે કલ્પના ? ભગવાન ! તારી કલ્પનાથી તે વ્યવસ્થિત પદાર્થ વ્યવસ્થિત રહેશે એમ તું ધારે છો ? સમજાણું ? એ કલ્પના કરે માટે પ્રકાશને ન્યાં સરખું થાય ને ઢીંકણું થાય હરામ વાત છે, એમ કહે છે. ઇ કલ્પના થાય છે પણ થાતું નથી એમ કહે છે. પણ પ્રત્યક્ષ છે કે નહિ ? ત્યારે છોડીનું ... ?

જગતમાં આમ બે પદાર્થ–એકકોર ભગવાન આખો પૂર્ણાનંદ ને એકકોર આ બધી ચીજ બાયડી, છોકરા, કુટુંબ, શરીર, ... ધૂળ બધી. હવે આ વચમાં ઊભી કરી કલ્પના, અશુભ કલ્પના એ કલ્પનાને કારણે શરીરની અવસ્થા નીરોગ રહે એ બિલકુલ હરામ વાત છે. એને કારણે દીકરો એને બોલાવે કે હા બેટા, એ કલ્પના આવી માટે, વાણી આવી માટે વ્યવસ્થિત રહે ને તારું માને, હરામ વાત છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કલ્પનામાં ને કલ્પનામાં

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શેની વાત ચાલે છે આ ? એની માટે તો આ (કહે છે). આચાર્ય મહારાજ મુનિ નિર્ગ્રંથ છે, દિગંબર જંગલમાં વસેલા. એણે આ માંડી છે, તો શું મફતમાં માંડી છે આ ? આહા..હા..!

અહીં તો કહે છે, આ બહારની ચીજોનું આ કેમ થાશે એ કલ્પનાથી બહારની ચીજમાં ક્યાંય ફેર પડશે ? તને એમ લાગે છે ? અને એ કલ્પનાથી તને કાંઈ આત્મામાં અનુકૂળતા થશે એમ લાગે છે ? શું છે આ ? મફતની નિરર્થક અનર્થકારી ચિંતા (કરે છે). એ ચિંતાથી અર્થ–બહારમાં કાંઈ સિદ્ધ થતું નથી, એ ચિંતાથી અંતરનું શાંતિનું પ્રયોજન સિદ્ધ થતું નથી, એમ કહેવા માગે છે. આ કાંઈ સાધારણ આમ વાત નથી. ભગવાનઆત્મા છે ને આખો, એ ચિંતા વિનાનો છે ને ! એમાં ઠરને ! આ શું તેં માંડી ? .... ચિતાંથી કાંઈક કાંઈક તો વ્યવસ્થા થાતી હશે કે નહિ ? જ્યારે અહીંથી તમારે જાવું પડે છે લ્યો ! પેલા બેને જુદા થવું હોય, ... કરવું પડે છે કે નહિ ? 'અમૃતલાલ' ! ભાવ કર્યા. પેલો કહે, ભાઈ ! મારે જુદું થાવું છે, પેલો કહે મારે આમ કરવું છે, પછી હાલોહાલ. ચિંતા કરે મફતની. થાવું હશે ઇ ન્યાં થાશે ને અહીં દુઃખ, નુકસાન થાય છે. ન્યાં પણ પાછા એ માને એવું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી, હોં ! એમ જ છે. આ ચોથા નંબરનો છોકરો એનો આવ્યો. આ તો બધાની (વાત છે), આ તો દાખલો આપીએ છીએ, 'મલૂપચંદભાઈ'ની એકલી ક્યાં વાત છે.

**શ્રોતા :–** માને તો છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં પણ માનતો નથી, એ તો એનું માને છે, એને ગોઠે એ એનું માને તારું નહિ મફતનો મૂંઝાય ગયો એમ કહે છે. એને જે હા પાડે છે ને ગોઠે છે, જુઓ ! વાત ઇ (કે) એને ઠીક પડે માટે માને છે. તે કીધું માટે ઠીક પડે ને માને છે એ વાતમાં એક્કે દોકડો સાચો નથી. આહા..હા..!

ભાઈ ! તને એમ થતું હોય કે મેં આવો એક વિકલ્પ કર્યો અને મેં આમ કર્યું તો કાંઈક કામ ઠીક પડ્યું, કામમાં ઠીક વ્યવસ્થા થઈ, હોં ! નહિતર તો આ કોઈ માનત નહિ, હોં ! રહેવા દેજે, એ નિરર્થક કલ્પનામાં ભ્રમણા નાખીશ નહિ. એ તો થવાનું હોય ત્યાં થાય એને કારણે. પિતાજી, પિતાજી ! એ એની અનુકૂળતાને કારણે એમ બોલે છે, તમને અનુકૂળતા માટે નહિ. એ બોલે અંદરમાં કાંઈ નહિ, બાપુજી ! જુઓ ! અમે કહીએ છીએ એમ કરવું પડશે, હોં ! કેમ 'અમૃતલાલ' ? ખબર છે કે નહિ એને ? હમણા બે જણાનું કરવા ગયા હતા. જુઓ ! આ ચોથો છે. બે રહે છે 'અમદાવાદ' ને બે રહે છે બહાર, એક રહે છે 'મુંબઈ' ને એક રહે છે બહાર રખડવા. આહા..હા..! આ તો દાખલો (છે), હોં !

કહે છે, ભાઈ ! તેં નિર્ણય–નક્કી કરી છે કોઈ દિ' ? એકકોર ભગવાન આખો આત્માને એકકોર આખી ચીજો બધી. હવે એ બીજી બધી ચીજ ઘર, આબરૂ, મકાન, આ પૈસા, છોકરા, વહુઓ, તારી કલ્પનાથી એમાં કાંઈ થતું હશે ? જરીએ થાતું હશે કે મેં ધ્યાન રાખ્યુંને એટલે કામ સરેડે ચડી ગયું. સરેડે સમજાણું ? ઠીક રસ્તે... ઠીક રસ્તે. અમારી ભાષા કાઠિયાવાડી છે. હરામ વાત હોય તો તારી કલ્પનામાં મિથ્યાભ્રમણા છે. બરાબર હશે આ ? આહા..હા..! અરે..! તને આ ચિંતા પરની વળગી, ભૂતડું ! એ ભૂતડાથી પરમાં કાંઈ નહિ થાય, હોં ! અને તને એમાં શાંતિ નહિ મળે, હોં !

જ્ઞાનીને અસ્થિરતા થાય છે. આ તો અજ્ઞાનીની વાત કરે છે, હોં ! જ્ઞાનીને જે અસ્થિરતા થાય છે એનું ભાન છે. હું ઠરી શકતો નથી એથી જરીક આવી જાય છે. એ એને કારણે નહિ. ના. કુટુંબને કારણે વિકલ્પ આવતો નથી. સમજાણું કાંઈ ? કુટુંબ કર્તા થઈ જાય છે ને વિકલ્પ કર્મ થઈ જાય છે, એમ હોય શકે નહિ. અજ્ઞાનીને એમ થઈ જાય કે હું આ કલ્પના કરું ને એ કલ્પના કર્તા અને ત્યાં ક્યાંક કાર્ય ઠીક થાય એ એનું કાર્ય. હરામ વાત હોય તો. આ તો દિગંબર સંતો છે, નાની વાત પણ બહુ એના મૂળ રૂપમાં મુકે છે. ભલે નાની વૈરાગ્યની વાત હોય પણ એનું મૂળ રૂપ ને હદ ને મર્યાદા શું એમ સમજાવવા માગે છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



‘‘**वरं' ઉત્તમ...**' દેખો '**प्रज्ञा**' '**ઇસલિયે 'वरं तपः एव तपः'...**' દેખો ! '**તપકા હી બારમ્બાર ચિંતવન કર,...**' મુનિપણું આમ, તપ એટલે મુનિપણું, હોં ! આમ સંયમ, એકાગ્ર સ્વરૂપમાં એકાગ્ર, સંયમની વાત છે. તપ એટલે મુનિપણું. મુનિપણું એટલે ... ભાવ. સ્વભાવ... સ્વભાવ.. સ્વભાવ એના તરફ સંયમ–સમ્યક્ પ્રકારે ... '**ક્યોંકિ તપ સે હી શ્રેષ્ઠ મોક્ષ સુખકો પા સકેગા.**' એ સંયમ દશા. મમતા રહિત, ચિંતા રહિત તે સંયમ દશા. એવા સ્વભાવની દૃષ્ટિપૂર્વક સ્વરૂપમાં સ્થિરતા દ્વારા જ તારી મુક્તિ થશે, એ સિવાય મુક્તિ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન હોય છતાં સ્વરૂપમાં ઠર્યા વિના મુક્તિ થાય એમ નથી. શું કરવું ? તિર્થંકર નક્કી થઈને જન્મ્યા તોપણ એને અંતરમાં સ્વરૂપમાં ઠરીશ ત્યારે મને ચાર જ્ઞાન થશે. સ્વરૂપમાં ઠરીશ ત્યારે શુકલ ધ્યાન થશે. એ વિના બહારના વિકલ્પોમાં અટકાવમાં હેરાન છું... હેરાન છું... પુરુષાર્થ નબળો છે એમ જાણે છે.

**ભાવાર્થ :–** '**તૂ ગૃહાદિ પરવસ્તુઓકો ચિંતવન કરતા હુઆ કર્મ-કલંક રહિત...**' જુઓ ! કહે છે કે ભાઈ ! જે પર ચીજો તારાથી બીજી (છે), ગૃહાદિમાં છોકરા આવી ગયા, હોં ! એમાં 'પ્રકાશ' આવી ગયો. ગૃહાદિ (અર્થાત્) છોકરા, પૈસા, આબરૂ, છોકરાના છોકરા. 'મોહનભાઈ' ! બધું આવતું હશે કે નહિ આમાં ? પૈસાવાળા માણસ. '**ગૃહાદિ પરવસ્તુઓંકો...**' પૈસાવાળા કહેવા કોને ? કહે છે. ગૃહાદિ, આદિ શબ્દ છે ને ? ઘર, પૈસો, છોકરા, છોકરાના છોકરા, છોડીઓ, હવે એકની એક છોડી હોય ને સમજ્યા ને ? એને બહુ સાચવવી જોઈએ, કો'કને ભણાવે, ગણાવે સરખી લ્યો ! તો ઠેકાણે પડે, નહિતર ઠેકાણે નહિ પડે. અને અત્યારના લગન કરવા. આ છોકરાઓ ફાટેલ. કાંઈ ભણી હોય એલ.એલ.બી, બી.એ. થઈ હોય તો કો'ક રાખે, નહિતર રાખે ? માટે આપણે (એને) ભણાવો તો રાખે. એ તારી કલ્પના ખોટી છે, એમ કહે છે. સાવ ખોટી છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ છોડીઓ પણ અત્યારે એવી જ છે આદમીને બધું સહન થાય. સમજાણું કાંઈ ? અહીં તો દાખલો એણે કહ્યો, ભાઈ ! પેલાને આમ કરશું ને આમ થાશે ને આમ કરશું તો આમ થાશે. થોડી ભણાવીએ, સરખી કરીએને તો કો'ક લેશે. એ તારી કલ્પના સોએ સો દોકડા ખોટી છે. સાચી વાત છે ? ચાલે છે ? આ એ માટે તો કહે છે. એને ઘરનો અનુભવ છે ને ! છોડીઓ મોટી થઈ હોય, ક્યાં નાખવી ? કેમ કરવું ? એ વિચારના પાર ન મળે. ઇ જ કહે છે કે તું ચિંતા કરીશ માટે ન્યાં વ્યવસ્થા થઈ જશે ? શું છે ? નક્કી કર. વસ્તુનો સ્વભાવ શું છે ? સમજાણું કાંઈ ? 'રાજમલજી' ! શું છે ? આપણે ધ્યાન રાખીએ. મોટી છોડી થઈ હોય તો એની મા આમ એવી ખાનગી કહે, ઘરે આ અગ્નિના .. રાખ્યા છે. ઝટ કરો. એ વળી કહેતી હોય ને આને સરખાઈનું મળતું ન હોય તો એ... બળતરા. ખાનગીમાં કહે, આ સાંઢડા જેવી થઈ છે, ભાન નથી તમને,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બહાર તમને કોણ કહે ? હખે ઊંઘ કેમ તમને આવે છે ? પેલો કહે, ઘણું બધું કરું છું પણ કાંઈ મળતું નથી. ધક્કા ખાઈએ, આટા મારીએ, ખાનગી કાંઈક કહીએ કે, ભાઈ ! કાંઈક ... હવે મફતની હેરાનગતિ (ભોગવે છે). એ તો થવાનું હોય ત્યારે થાય, એમ કહે છે. સમ્યગ્દષ્ટિને ઇ કલ્પના એને કારણે નથી આવતી, નબળાઈને કારણે આવે (છે), એ પોતાને કારણે નથી, પરને કારણે નથી. છોડ, છૂટી જાય છે. સમજાણું કાંઈ ?

અહીં તો પેલો એમાં વળગી ગયો, ચોંટ્યો. ભાઈ ! એ ચિંતા ચિંતવન કરતા કર્મ કલંક રહિત ભગવાન, '**કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત...**' લ્યો ! છે ? ૧૨૪. સમજાણું ? ૧૨૪ છે ને ? હા છે અંદર જુઓ ! '**केवलज्ञानाद्यनन्तगुणसहितं**' સંસ્કૃત છે. કેવો છે ભગવાનઆત્મા ? '**કેવલજ્ઞાનાદિ અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા,...**' લ્યો, આ ચિંતામાં પડ્યો તો કેવળજ્ઞાનાદિ જે મોક્ષ સ્વરૂપ, '**અનંતગુણ સહિત મોક્ષકો નહીં પાવેગા, ઔર મોક્ષકા માર્ગ જો નિશ્ચય-વ્યવહાર રત્નત્રય ઉસકો ભી નહીં-પાવેગા,...**' બન્ને વાત. એવી કલ્પનાથી પૂર્ણ કેવળજ્ઞાન આદિ દશા, પૂર્ણ શુદ્ધિ તો નહિ મળે પણ એ ચિંતામાં એકાકાર થઈશ તો નિશ્ચય-વ્યવહાર રત્નત્રય પણ નહિ મળે. જુઓ ! સમજાણું ?

'**મોક્ષકા માર્ગ જો નિશ્ચયવ્યવહારરત્નત્રય...**' નિશ્ચય એ સત્ય મોક્ષમાર્ગ છે, વ્યવહાર એ નિમિત્ત મોક્ષમાર્ગ છે. નિમિત્તપણે એવા જ વિકલ્પો એને હોય. સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનો વિકલ્પ, એને ભગવાનનું કહેલું બાર અંગનું જ્ઞાન, એની ભૂમિકાને યોગ્ય વિકલ્પ હોય છે. એથી એને વ્યવહારરત્નત્રય કહ્યું છે. '**નિશ્ચયવ્યવહારરત્નત્રય ઉસકો ભી નહીં-પાવેગા.**' અહીં તો કહે, સમ્યગ્દર્શન નહિ પામ. એવી ચિંતામાં આમ ને આમ પડીશ તો. ચિંતામાં એકાકાર થઈને આને અહીં સુધારી દઉં ને આને આમ કરી દઉ એ તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ ? એમ કહે છે કે તારી કલ્પનાને લઈને બહારમાં કાંઈ ફેરફાર થાય એ તારી માન્યતા મિથ્યાત્વ છે. એથી તું સમ્યગ્દર્શન નહિ પામ, એમ કહે છે. સમજાણું કાંઈ ? કહો, બરાબર હશે આ ? 'ભગવાનભાઈ' ! આ જુના માણસ છે, ભાઈ ! બધી કલ્પનાની જાળ, એ કલ્પનાની જાળમાં એવું જોર દે કે આથી આમ થાશે, સમકિત નહિ પામ, એમ કહે છે. સમ્યગ્દર્શન મોક્ષમાર્ગને નહિ પામી શક. આહા..હા..! સમજાણું કાંઈ ?

જ્યાં બેઠા હોય ત્યાં કાંઈ સુધારવું તો જોઈએને ? હેઠે બેસે તો માથે બાવા, બાવા કાઢે. બાવા હોય ને ? બાવાને શું કહે છે ? આ મકાનમાં હોય ને જાળા, જાળા. હેઠે વાળે, ઉપર વાળે. ક્યાંક બેસવું હોય તો ઉપર-નીચે સરખું તો પડવું કે નહિ ? એમ જે ઘરમાં રહેવું હોય એનું કાંઈક સરખું કરવું પડે કે નહિ ? કહે છે કે સમ્યગ્દર્શન નહિ પામ. એકલી કલ્પનામાં એમ માની બેસ કે આને મારી આવી કલ્પનાથી અહીં થાશે. મરી જઈશ મિથ્યાત્વમાં. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ ? જોયું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'નિશ્ચયવ્યવહારરત્નત્રય...'** નહિ પામ. એનો અર્થ ઇ કે એવી કલ્પનામાં તું જોર દે કે આ ચિંતા આવી ને મેં બરાબર ધ્યાન (રાખ્યું), મેં બરાબર વિચાર્યું છે, હોં ! કે આ છોડીને અહીં નાખવી, આ છોકરાને આમ ભણાવવો, આને આમ કરવું ને આ આટલું કરવું ને આ પૈસા અહીં નાખવા ને આ પૈસાનું વ્યાજ અહીં ઉપજાવવું. ઘણા પૈસા હોય તો આટલા પૈસા અહીં માલમાં નાખવા ને આટલા પૈસા વ્યાજમાં ઉપજાવવા... એવી કલ્પનામાં તારી માન્યતા ભ્રમણા છે. 'ધર્મચંદજી' ! શું કરવું ?

**શ્રોતા :–** તો રૂપિયાનું વ્યાજ ન ઉપજાવવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ઉપજાવતો હતો ? તારો વિકલ્પ આવ્યો એટલે ન્યાં વ્યાજ ઉપજશે ટકાનું કે બાર આનાનું એ વાત સાચી છે ? એ..ઇ..!

**'મોક્ષકા માર્ગ જો નિશ્ચય-વ્યવહાર રત્નત્રય ઉસકો ભી નહીં-પાવેગા.'** વ્યવહાર પણ નહિ પામ. દેવ-ગુરુ-શાસ્ત્ર જે વાત કરે છે કે તારી કલ્પનાથી કાંઈ ન થાય, એની શ્રદ્ધા પણ તને નહિ થાય. સમજાણું કાંઈ ? ભગવાન ત્રિલોકનાથ ભગવાનની વાણી આગમ, ભગવાન અને ગુરુ એ એમ કહે છે કે તારી કલ્પનાથી પરમાં કાંઈ ન થાય. કલ્પનાથી થાય એમ માનીશ તો તને વ્યવહાર શ્રદ્ધા પણ સાચી નહિ થાય. એ... 'રાજમલજી' !

**શ્રોતા :–** કલ્પના તો આવે ને ક્યાં... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ કલ્પના આવે એમાં જોર કેટલું છે ઊંધુ ! એમ કહે છે. આ શેની વાત છે ? આમ કર ને તો ભાઈ ! એમ કાંઈ, એમ ને એમ ઘરમાં કાંઈ બેસી રહેવાય ? આ જીવતો જીવ છે એ ચિંતા કર્યા વિના રહે ? એટલે ચિંતા કરીએ તો કાંઈ કામ ચાલે, એમ ને એમ ચાલતા હશે ? લ્યો ! કાંઈ બોલવું નહિ, કોઈને કાંઈ કહેવું નહિ, ઠપકો દેવો નહિ ને સુધરી જતાં હશે ? એમ મૂઢ માને છે.

**શ્રોતા :–** સરખુ પણ રાખવું પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... સરખુ પણ કોણ રાખતું હતું ? માણસ એમ કહે, એ આપણે ઘરમાં થોડીક સત્તા રાખવી, નહિતર ગણે નહિ, બાયડી, છોકરા કોઈ નહિ ગણે. કાંઈક કડકાઈ રાખવી. કડકાઈને કારણે માનશે. મૂઢ છો. તને વ્યવહાર શ્રદ્ધાની ખબર નથી, એમ અહીં કહે છે. સમજાણું કે નહિ ? આ તો આચાર્યોના કથનની અંદર મર્મ છે. ભાઈ ! તને કલ્પનામાં આટલું બધું જોર આવી જાય છે ? નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગ નહિ પામ. મોક્ષ તો ક્યાંથી છે ? ઢીલો પડી જા, ઢીલો પડી જા, જોર ન દે, આનાથી અહીં થશે, અને પાછા એમ કહે, કાંઈક ભાઈ ! ઠીક હોય, ખાવા-પીવાનું ઠીક હોય, સાધન કાંઈ ઠીક હોય, છોકરા કાંઈક રળતા હોય તો નિશ્ચિંત થઈને ધર્મ થાય. કહે છે, મૂઢ છો. આ શું માન્યું તેં ? છોકરા કાંઈક રળતા હોય, કોઈ છોડીઓ ઠેકાણે પડી હોય, મકાન, દુકાન ચાલતી હોય અને આ દુકાને બેસતા હોય ને જે રળતો હોય એ પ્રમાણે ચાલતું હોય તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપણને નિરાંતે ધર્મ થાય. કોણે કીધું તને આવું ? એ..ઇ..! દુનિયા પાગલ છે બધી. 'જયચંદભાઈ' !

ભગવાન આચાર્ય કહે છે, ઓહો..હો..! **'न प्राप्तोपि न केवलं मोक्षं निश्चयव्यवहाररत्नत्रयात्मकं मोक्षमार्गं च जीव'** આ એમાંથી બીજું કાઢ્યું, પાઠમાં તો એટલું છે. **'मुक्खु ण पावहि जीव तुहुँ घरु परियणु चिंतंतु।'** પછી એમાંથી ટીકાકારે માર્ગ કાઢ્યો. **'तो वरि चिंतहि तउ जि तउ पावहि मोक्खु महंतु।।'** આહા..હા..! સમજાણું ? લ્યો ! પાઠમાં તો એટલું છે પણ એમાંથી કાઢ્યું આ. શબ્દો તો થોડા હોય, મૂળ શબ્દો બહુ થોડા હોય છે એમાં ભાવ શું છે એ ટીકા કરીને સ્પષ્ટ કરે છે. આમ નથી કહેતા લોકો ? શું મારી ટીકા કરે છો ? એમ, મારી વાત લાંબી શું કરે છે ? એમ. એ પાઠમાં છે એની ટીકા છે, આ બધું સ્પષ્ટીકરણ છે. સમજાણું કાંઈ ?

આ સાધુ નામ ધરાવે, શ્રાવક નામ ધરાવે, પછી શિષ્યોની ચિંતા કરે, પુસ્તકની ચિંતા કરે, પાઠશાળાની (ચિંતા કરે), મફતની જાશે તારી ચિંતા, મફતનો શેનો મંડ્યો છો ? કહે છે. કાંઈ ચિંતા કરી પાઠશાળા સરખી ચાલે, પુસ્તક સરખા રહે, એમ હશે ? સાચી શ્રદ્ધા નહિ પામ. આ ક્યાં ઊંધે રવેડે ચડી ગયો ? રવેડે સમજ્યા ? ઊંધે રવાડે એટલે ઊંધે રસ્તે, ઊંધે પંથે, ઊંધી રીતે. કહો, સમજાણું ? ભાઈ ! ધ્યાન રાખવું પડે. એમ કંઈ... બગડી જશે અને બધા ખાય જશે એમ ને એમ. ... વાત છે. તારી કલ્પનાથી ધ્યાન રાખી બધા થાતા હશે સરખા ? શ્રદ્ધા મિથ્યાત્વ તારી થાય છે, તારા વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નહિ રહે. નિશ્ચય ને વ્યવહાર એક પણ સમકિતને પામીશ નહિ.

**'ઇન ગૃહાદિકે ચિંતવનસે ભવ-વનમેં ભ્રમણ કરેગા.'** લ્યો ! મોક્ષમાર્ગ તો નહિ મળે અને બંધમાર્ગ–મિથ્યાત્વમાં ગયો છો. એ ચિંતા કરશું તો આમ થાશે ને ફલાણું કરશું તો આમ થશે. એમ રહે કે નહિ ? 'ધીરૂભાઈ' ! એને દીકરો નથી તોપણ ઘણી ચિંતા છે. છોકરીઓને ને બધાને ઘણી ઉપજ હોય... કોને કેવા દીકરા ને કોને કેવી દીકરીઓ ? મફતનો લઈને બેઠો છો. છે કોઈ દીકરી, દીકરો નામ છે એમાં ? રજીસ્ટર છે ? આત્માને દીકરા હોય ? આત્માને દીકરી હશે ? આત્મા દીકરી-દીકરાનો બાપ હશે ? શેની માંડી તેં આ ?

**શ્રોતા :–** આત્માને ના હોય, મનુષ્યને તો હોય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મનુષ્ય કે દિ' હતો આત્મા ? આત્મા તો આત્મા છે. મનુષ્ય શરીર તો આ શરીર જડ છે, માટી છે. એને હોય ? જડને હોય ?

**શ્રોતા :–** શું કરવું હવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... માટે કહે છે ને મોહ એટલે એની એકત્વબુદ્ધિ છોડ એમ. એની માન્યતા મિથ્યા છોડી દે કે આમ કરું તો આમ થાશે ને આમ કરું (તો આમ થાશે), તારી માન્યતામાં મોટા શલ્ય છે, મિથ્યાદર્શન શલ્ય પડ્યા છે, એમ અહીં કહે છે. માન્યતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો છોડ. થાવું હોય એ થાશે એને કારણે, મારાથી થાશે ?

ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમાત્મા એણે જ્ઞાનમાં જાણ્યું કે જે જગતની ચીજ (છે તેની) એને કારણે વ્યવસ્થા થાય. વ્યવસ્થા એટલે અવસ્થાની, પદાર્થની અવસ્થા વિશેષ થવી તે વ્યવસ્થા. સામાન્યપણે રહીને પદાર્થની વિશેષ અવસ્થા થવી તે તેની વ્યવસ્થા. એ વ્યવસ્થા તારે લઈને થાય એ માન્યતા મોટી ભ્રમણા છે. 'ધર્મચંદજી' ! શું કરવું હવે ? અમારે કાંઈ ચાલે નહિ ને મોટુ સારુ કુટુંબ હોય ને દીકરી હોય, દીકરા હોય મોટા થાય તો કંઈક ચિંતા પડે, લ્યો ! આહા..હા..! એલા હળવો તો થઈ જા, કહે છે અહીં. છોડ ચિંતા એની, થાવું હોય એ થશે. ભવિતવ્યની વાત આવે છે ને ?

**'ઇસલિયે ઇનકા ચિંતવન તો મત કર, લેકિન બારહ પ્રકારકે તપકા ચિન્તવન કર.'** એમ. સંયમનો. સંયમ મુનિપણું અહો..! અલૌકિક ભગવાનઆત્મા એમાં ઠરવાની ભાવના કર. એમાં ઠર, એ તારા પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે, એ પ્રાપ્ત ન થાય એમ છે નહિ. **'ઇસીસે મોક્ષ પાયેગા. વહ મોક્ષ તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત હૈ,...'** દેખો ! એ તો આવો મોક્ષ તો... છે ને ? **'તીર્થંકર પરમદેવાધિદેવ મહાપુરુષોંસે આશ્રિત હૈ...'** મોક્ષ તો મહા ચીજ છે, તીર્થંકરો જેનો આશ્રય કરે છે. ઓહો..હો..! ચૌદ બ્રહ્માંડ, ચૌદ લોકને એક સમયમાં જાણે, અવધિજ્ઞાની એવા ઇન્દ્રો પણ જેને પૂજે એવા ભગવાન પણ સંયમનો આશ્રય કરે છે. સમજાણું ?

મોક્ષ, મોક્ષ. **'તીર્થંકર પરમદેવાધિદેવ...'** ત્રણલોકના નાથ દેવાધિદેવ, જેના ચરણ સો ઇન્દ્રો આવીને પૂજે એવા ભગવાન પણ મોક્ષનો આશ્રય કરે છે. **'ઇસલિયે સબસે ઉત્કૃષ્ટ હૈ.'** માટે મોક્ષ બધાથી ઉત્કૃષ્ટ છે. **'મોક્ષકે સમાન અન્ય પદાર્થ નહીં.'** કોઈ પદાર્થ નથી. મોક્ષ સિવાય કોઈ ઊંચો પદાર્થ જગતમાં છે નહિ. મોક્ષનો જેણે પરમ આદર કર્યો એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જઈ સ્વભાવમાં એકાગ્ર થવાની ભાવના હોય. વિકલ્પ આવે પણ એની ભાવના હોય નહિ અને વિકલ્પથી અહીં લાભ થશે ને અહીં થશે લાભ, એ દૃષ્ટિ હોય શકે નહિ. અધ્ધરથી આવીને ઉડી જાય છે અને અજ્ઞાનીને ન્યાં ને ન્યાં ચોંટી જાય. એમાં ને એમાં ચોંટી જાય. આમ થાશે ને આમ થાશે ને અને તેથી કાંઈ અનુકૂળ થશે તો મને પણ ઠીક પડશે. બન્ને બાજુ ગોટા ઉઠાવે છે. એ દૃષ્ટિ છોડ અને આત્માના જ્ઞાન સ્વરૂપનું ચિંતવન કર. એ વાત વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી છ ઢાળા, ઢાળ-૨, શ્લોક–૧૩, પ્રવચન નં. ૧૦
## તા. ૨૭-૦૧-૧૯૬૬
## [૨૨]

'છ ઢાળા'ની બીજી ઢાળ (ચાલે છે). બાર ગાથા પૂરી થઈ. તેરમી ગાથા. '**ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ.**' એવો એક વિચાર એ પહેલા આવ્યો કે આ આત્મા જે છે, આત્મા, એ જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ. મિથ્યાજ્ઞાન છે ને આમાં ? આત્મા છે તે જ્ઞાનસ્વભાવ છે અને જ્ઞાનની જે પાંચ પર્યાયો છે – મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ – તો કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય પોતાના અનંતા ગુણોની પર્યાય અને પોતાની પણ વ્યવસ્થિત પર્યાય, કેવળજ્ઞાનનો પર્યાય પણ સમયે સમયે જે વ્યવસ્થિત છે તે થવાનો છે એમાં એ. અનંતકાળ એ થાય છે ને ? એટલે ***કેવળજ્ઞાનનો પર્યાય પોતાના ગુણની પર્યાય જે જ્ઞાનની પર્યાયનું વ્યવસ્થિતપણું અને બીજા દ્રવ્યોના જે સમય સમયની પર્યાય છે તેને બરાબર વ્યવસ્થિતપણે જાણે. એ મતિજ્ઞાન પણ તે જ રીતે વ્યવસ્થિત જાણે. અલ્પ, ઓછું એનો પ્રશ્ન અત્યારે નથી. શ્રુતજ્ઞાન પણ એ રીતે જ જાણે. એનું વ્યવસ્થિત જાણવાનો અને સામે વ્યવસ્થિત પર્યાય વ્યવહારે છે એનું જ્ઞાન કરવાનો એનો સ્વભાવ છે. શ્રુતજ્ઞાન પણ પોતાની અનંતા ગુણોની અને પોતાની પણ પર્યાય વ્યવસ્થિત થાય તેનો જાણવાનો સ્વભાવ છે. પરની પણ વ્યવસ્થિત જે થાય તે પર્યાયને જાણવાનો એનો સ્વભાવ છે. અવધિજ્ઞાન પણ એ પોતે પોતાની વ્યવસ્થિત જે પર્યાય સમયે સમયે થાય એને જાણવાનો સ્વભાવ અને રૂપી આદિ પર્યાય એને યોગ્ય છે એને પણ જાણવાનો સ્વભાવ છે. એમ મનઃપર્યય જ્ઞાન. પોતાની વ્યવસ્થિત પર્યાય (જાણે), સામાની પણ એને યોગ્ય જેટલી જાણવાની યોગ્યતા છે તેની વ્યવસ્થિત પર્યાયને જાણવાનો સ્વભાવ છે.***

હવે, એ બધી કેવળજ્ઞાનાદિ પર્યાયનો સ્વભાવ પોતાને અને પરને જેમ છે તેમ જાણવું. એમાં કેમ છે ને કેમ ફેરફાર કરવું એ વસ્તુનો સ્વભાવ નથી. એવો પર્યાય એક ગુણમાં અનંત અનંત પર્યાય પડી છે. આ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળની જે અનંત પર્યાય છે, જ્ઞાનગુણમાં અનંત અનંતપણે રહી છે. એવો જ્ઞાનનો ધરનાર આત્મા જેને વસ્તુનું સ્વરૂપ જ વ્યવસ્થિત પોતે પોતાને જાણે અને પરને જાણે એવો જ એનો સ્વભાવ થયો. એક સમયનો નહિ પણ આખો ત્રિકાળી સ્વભાવ, ભાઈ ! વસ્તુ જ એવી છે. અહીં તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયથી લઈને ગુણમાં ગયો અને ગુણ લઈ દ્રવ્ય એવી વસ્તુ છે. આ વાત છે, આ વસ્તુ છે. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ જે કહ્યું કે એનો અર્થ જ થયો કે જ્યાં નિશ્ચય જ્ઞાનનો કર્યો એટલે દરેક પર્યાય પોતાની મતિ, શ્રુત, મનઃપર્યયની થાય તેને તે જાણે અને બીજા ગુણોની પર્યાય પણ ક્રમસર થાય, ક્રમવર્તી થાય તેને જાણે. એને યોગ્ય સામે જે દ્રવ્ય છે એને જાણવાયોગ્ય, એને પણ એ રીતે જાણે. એક પર્યાયને એવી ત્રણકાળની પર્યાય કે સર્વજ્ઞ સાદિઅનંતની કેવળજ્ઞાનની પર્યાય, એ પણ જાણે અને સામી અવસ્થા જે અનંતની થાય છે તે જાણે. એવી અવસ્થાનો આખો પિંડ તે જ્ઞાનગુણ. એ ગુણમાં સ્વ-પરનું વ્યવસ્થિત જાણવું એવું જ એનું સામર્થ્ય છે. આવા સ્વભાવવંતને આત્મા ન માને અને બીજી રીતે માને તો એ આત્મા જ એણે માન્યો નથી. ભાઈ ! આ તો સવારમાં ઊઠીને વળી એ ચાલ્યું હતું. સમજાણું કાંઈ ?

***એ ભગવાન જ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એટલે કે એનો કોઈપણ પર્યાય પણ વ્યવસ્થિતપણે પરિણમે અને વ્યવસ્થિતપણે બીજાને જાણે, એનું નામ જ્ઞાન.*** સમજાય છે કાંઈ ? ભાઈ ! સમજાય છે આમાં ? વિચાર કરીએ છીએ, કહે છે. બહુ સારી વાત છે.

**શ્રોતા :–** ફરીને સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહ્યું ને, ઊઠતાં જ એકદમ આ વાત મગજમાં આવી. વસ્તુ જ આવી છે. એમાં વિકલ્પને અવકાશ જ નથી. આમ કેમ ? પરમાં કે મારામાં આમ કેમ ? ઇ આમ કેમ તો વ્યવસ્થિત જાણવાનો સ્વભાવ એમાં આમ કેમ એ વિકલ્પ જ ન હોય. સમજાણું કાંઈ ? ઝીણું પડે પણ વસ્તુ આત્માને જ્ઞાન કહ્યું છે ને ભાઈ ! જ્ઞાન તે આત્મા, એમ કહ્યું છે ને ? એટલે ઉપરથી એકદમ પછી વિચારની ધારા ચાલી કે જ્ઞાન તે આત્મા. એટલે કે જ્ઞાન તો જાણે તે આત્મા. એટલે કે એની જેટલી પાંચ પર્યાય છે એ દરેક(ને) જાણે, જાણે, જાણે તે આત્મા. ***જ્ઞાનમાં જાણવું છે, કોઈનું ફેરવવું કે પોતાનું ફેરવવું એમાં નથી. આહા..હા...! કરે શું ? સમજાણું ?***

આ તમારા મકાનનું ઠેકાણું પડતું નથી એ વિચારમાં એકદમ આ વિચાર આવ્યા. પણ ***જે સમયે, જે ક્ષેત્રે, જે પ્રકારે જે પર્યાય થવાની એને ફેરફાર કરે કોણ ? સમજાય છે કાંઈ ? એ જ્ઞાનનો તો સ્વભાવ જ એવો છે. એટલે કે એની પર્યાયનો સ્વભાવ એવો, એના ગુણનો સ્વભાવ એવો અને એ દ્રવ્યનો સ્વભાવ એવો.*** હેં ? આહા..હા...! એવો જ એનો સ્વભાવ છે, નિર્વિકલ્પપણે જ્યાં જ્ઞાનનો નિશ્ચય અનુભવ થયો, જાણવાનું બીજું કાંઈ છે જ નહિ એને. સમજાણું કાંઈ ? એ રાગ આવે એને જાણે, કરે નહિ. એ દ્રવ્યનો સ્વભાવ એવો છે. ભાઈ ! સમજાણું આમાં કાંઈ ?

જ્ઞાન આત્મા એ કહો તો તો જ્ઞાન આત્મા અને જ્ઞાનની પર્યાય તે પણ આત્મા, એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયું ને ? ભાઈ ! હેં ? પર્યાય તે પર્યાયવાનની, એટલે પર્યાય, પર્યાયવાન એક છે. ગુણ અને ગુણી એક છે, અભેદ છે. એ જાણનાર, જાણનાર, જાણનાર (છે). જે જાણવાની દશાનું જ્ઞાન અને જાણે તે વ્યવસ્થિત પરની પર્યાયનું જ્ઞાન. બસ ! એ બધું જાણવું જ એના પિંડમાં પડ્યું છે. આત્માના પિંડમાં એટલે એનું શરીર જ એવું છે. શરીર એટલે આત્માનું એ શરીર. આત્મપિંડ જ એવો છે, આત્મ-શરીર જ એવું છે, એટલે ચૈતન્ય-શરીર જ એવું છે. એ સ્વ-પરની જેવી વ્યવસ્થિત છે એવું તેને તે પ્રકારે સહેજે જાણવું. એ જાણવું દ્રવ્યમાં, ગુણમાં અને પર્યાયમાં ત્રણેમાં વ્યાપેલું છે. સમજાણું કાંઈ ?

આ રીતે આત્માને જો માને તો એણે આત્મા માન્યો કહેવાય. બીજી રીતે આત્મા માને તો એ આત્માની એ સ્થિતિ નથી, એથી વિપરીત માને તો એણે આત્મા જ માન્યો નથી. આહા..હા...! ભાઈ ! સમજાય છે ? અંદર ગંભીરતા તો ઘણી આવતી હતી, પણ હવે આ ભાષામાં આવવી જોઈએ ને ? હદ પ્રમાણે આવે ને ! ઓ..હો...! આ એકલો ચૈતન્યગોળો તે જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં વ્યાપેલું છે અને વ્યાપેલું તે વ્યવસ્થિત પોતાને, બીજા ગુણોને, બીજા દ્રવ્યને એ રીતે જાણવાના સ્વભાવવાળો એ પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણેમાં વ્યાપેલું જાણવું આ રીતે એને અનુભવમાં આવે એણે આત્મા જાણ્યો અને માન્યો કહેવાય. આહા..હા...! અરે...! આમાં વાદવિવાદને સ્થાન ક્યાં છે ? સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એટલે કે ચૈતન્યસૂર્ય એટલે કે સ્વપરને જાણવાના સ્વભાવથી, સત્ત્વથી ભરેલું તત્ત્વ. એની પર્યાયમાં એ સ્વભાવ. એમાં પહેલા, પછીનો પ્રશ્ન જ નથી ક્યાંય પર્યાયમાં. આહા..હા...! આ પહેલા અને આ પછી. જ્ઞાનમાં જાણવાનું ન રહ્યું, એ તો વિષમતા થઈ. હેં ? સમજાણું ? એથી એવું સ્વરૂપ નિશ્ચયમાં આવ્યું કે આ વસ્તુ તો આવી જાણવાના સ્વપરપ્રકાશના સ્વભાવથી ભરેલી (છે) અને વ્યવસ્થિત પોતાની અને બીજા ગુણોની અને બીજા દ્રવ્યની પર્યાયને જાણવું એટલું જ એનું સ્વરૂપ છે, બસ ! અને એ જાણવું એને આત્મા કહેવામાં આવે છે. એણે જાણવાનું કર્યું એ જ એણે કર્યું, એ ક્રિયા. સમજાય છે કાંઈ ? ભાઈ ! પછી આનાથી આમ થયું ને આનાથી આમ થયું એ વસ્તુમાં રહેતું નથી. હેં ? આહા..હા...! એના ગુણમાં એનો ગુણ એવો છે, ગુણ, ગુણ – જ્ઞાનગુણ. જ્ઞાન એ ગુણનો ગુણ એવો છે. હેં ? આહા..હા...! જ્ઞાનગુણ એનો ગુણ એવો એટલે સ્વભાવ છે, બસ ! જાણવું. એવો આત્મા ફક્ત સ્વપરને જાણવાની કાતળી એકલી ચૈતન્યસૂર્ય. સમજાય છે ? એનો પર્યાય મતિ(જ્ઞાનનો) હોય તોપણ જાણવું, એમાં પણ વ્યવસ્થિત જાણે છે. ઓછુંવત્તાનો પ્રશ્ન નથી. શ્રુત પણ એમ જ જાણે કારણ કે એના ગુણમાં સ્વપરને વ્યવસ્થિત જાણવાનો તાકાત – સ્વભાવ છે. માટે એની પર્યાયમાં પણ સ્વપરને જાણવાની પર્યાયને વ્યવસ્થિતને જાણે છે. સમજાણું કાંઈ ? અને એમાંથી કેવળજ્ઞાન પર્યાય તો સાદીઅનંત રહી પાછી. ભાઈ !

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ તો બહુ જ અલ્પ પર્યાય છે. અલ્પ એટલે બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થોડો કાળ રહેનારી છે. હેં ? અને કૈવલ્યપર્યાય તો એથી અનંતગુણી રહેનારી છે, ભાઈ ! ધ્યાન રાખજો ! કૈવલ્યપર્યાય તો અનંત, અનંત, અનંતગુણી (છે). જે પર્યાયો ચાર જ્ઞાનની થઈ એટલા કાળમાં જે કાળ ગયો એથી અનંતગુણો કાળ કેવળપર્યાય એમ ને એમ રહેવાની છે. હવે, એ કૈવલ્યની પરિપૂર્ણતામાં પોતાનું અને પરનું સ્વપર વ્યવસ્થિત જાણવું એવો જ એનો સ્વભાવ છે. એટલે આખા ગુણનો જ એવો સ્વભાવ છે. ભાઈ ! વાંધા તકરાર, ચર્ચા–વાદે પાર પડે એવું નથી. વસ્તુનો સ્વભાવ સમજે તો પાર પડે એવું છે. સમજાય છે આમાં ?

એ ભગવાનઆત્મા આવું જેનું જ્ઞાન છે તેને સુશાસ્ત્રનું જ્ઞાન કહેવામાં આવે છે. એનાથી વિરુદ્ધ છે તેને સામા શાસ્ત્ર સાચાં હોય તોપણ તેને કુશાસ્ત્રનું જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આ કુમતિ આવ્યું ને ? (એમાંથી) જરી વધારે વિચાર ઊઠ્યો. મેં કીધું, આ ભારે, ભાઈ ! કુમતિથી રચાયેલા શાસ્ત્રો. ***પણ સુમતિથી રચાયેલા શાસ્ત્રો હોય પણ જેની મતિમાં કુમતિપણું પોતાને છે, સમજાય છે ? તો એનો શાસ્ત્રઅભ્યાસ થઈને એને કુસૂત્રપણે પરિણમ્યો છે. શાસ્ત્ર શું કરે ? એ તો પરવસ્તુ છે.*** સર્વજ્ઞ પણ શું કરે ? સર્વજ્ઞ સામાના જાણવાની અપેક્ષાએ એ પરવસ્તુ છે. દિવ્યધ્વનિ શું કરે ? સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા આવો સાદિઅનંત કેવળજ્ઞાન પર્યાય, અનંત, અનંત, અનંત, અનંત, અનંત ગુણો જેના ગુણના પટમાં એક સમયમાં વર્તમાન બધું પડ્યું છે આમ. એવા ગુણને તો સ્વપર વ્યવસ્થિત જાણવું એવું જેનું સામર્થ્ય છે. ***એ સિવાય વિપરીત રીતે માને તો નથી તેણે આત્મદ્રવ્યને માન્યું, નથી એના ગુણને માન્યા, નથી એણે પર્યાયને માની, નથી એણે બીજા દ્રવ્ય ને ગુણની પર્યાય જેમ છે તેમ માની નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!*** લ્યો, એટલું આવ્યું. એ જ્ઞાનનો જ એવો સ્વભાવ છે, એમ અહી કહેવું છે. આનો પરિણમનનો સ્વભાવ જ્ઞાનનો એવો (છે કે) બધાયને જાણવું. એ પણ સામે વ્યવસ્થિત હોય ત્યારે અહીં જ્ઞાન જાણે એક સમયે. આહા..હા...! છએ દ્રવ્યનું વ્યવસ્થિતપણું, એના ગુણોનું વ્યવસ્થિતપણું, એની પર્યાયનું વ્યવસ્થિતપણું. પર્યાયનું વ્યવસ્થિતપણું તો એના ગુણની શક્તિમાં પણ વ્યવસ્થિતપણે પરિણમવું એ જ એનો સ્વભાવ છે. આહા..હા...! સમજાય છે કાંઈ આમાં ?

આમાં ધર્મ શું આવ્યો ? એમ માણસને (થાય). હેં ? ભાઈ ! આત્મા જ્ઞાનનો પિંડ આ રીતે સર્વજ્ઞ પર્યાયની પૂર્ણતાના અનંત પર્યાયના સામર્થ્યવાળો એવો જે જ્ઞાનગુણ, એ ગુણનો ધરનાર આત્મા, તે જ્ઞાન અને જ્ઞાન તે આત્મા. બસ ! એને તો આ રીતે સ્વપર વ્યવસ્થિત છે એને જાણવું. એટલે એમાં વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ વાત પણ એમાં આવી જાય છે. હેં ? ભાઈ ! બારમી ગાથાનો જે સિદ્ધાંત છે.. ઓ..હો..હો...! 'રચના જિન ઉપદેશની સર્વોત્કૃષ્ટ તીન કાલ, ઇનમેં સબ મત રહત હૈ, તરતે જીવ સમ્હાર.' શાસ્ત્રની કોઈ પડખેથી વાત લ્યો, એ પડખે આ બધી વાત યથાર્થ ઊભી થાય છે. સમજાણું કાંઈ ?

ભગવાન 'કુંદકુંદાચાર્યદેવે' બારમી ગાથામાં એ વસ્તુ – વ્યવહાર જાણેલો પ્રયોજનવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કીધો એના જ વાંધા ઊઠ્યા. એ વાંધા – **'अपरमे द्विदा भावे।'** એટલે કે જે પરમમાં નથી તેને વ્યવહાર કરવાનો કહ્યો. એમ છે જ નહિ, ભાઈ ! આહા..હા...! જે પૂર્ણ દશામાં, કૈવલ્ય આદિ દશામાં સ્થિત નથી એને અધૂરી દશામાં જે જ્ઞાનમાં પેલો રાગ બાકી (રહ્યો છે) એને જાણવાની જ્ઞાનની દશા જ એવી રહે છે. પોતાની વ્યવસ્થિત (પર્યાયને જાણવાનો) અને રાગ પણ વ્યવસ્થિત (થાય છે) એને જાણવાનો એટલો ભાગ રહી જાય. આ તરીકે (અર્થાત્) સ્વદ્રવ્યના પર્યાયના રાગ તરીકે. કેવળીને એ રહેતું નથી. સમજાણું કાંઈ ? એથી ત્યાં ભૂતાર્થ સ્વભાવ ભગવાનઆત્મા, એને આશ્રયે થયેલું જ્ઞાન, એ જ્ઞાનમાં જે અપૂર્ણતા અને રાગાદિ છે તેને જાણવું એનું નામ વ્યવહાર કહ્યો. એને વ્યવહારું જ્ઞાન, વ્યવહાર જાણવો. એ સિવાય કોઈ બીજી ચીજ જ એમાં ઊભી થતી નથી. સમજાણું કાંઈ ?

ભૂતાર્થ એક સમયમાં ભગવાનઆત્મા આવા ગુણવાળું તત્ત્વ એકરૂપે (બિરાજે છે), એની દૃષ્ટિ થતાં એ દૃષ્ટિવાળું અંદર જ્ઞાન (થાય), એને અપૂર્ણતા અને અધૂરાશ છે એથી તેને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કહેવામાં આવ્યું છે. કેવળીને એ નથી. એને એકસાથે લોકાલોક બધું નિમિત્ત છે. બસ ! આટલી વાત છે, બીજું કાંઈ છે નહિ.

હવે અહીંયાં **'ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ'** (કહે છે). આથી ઊંધું. બન્ને છે એમાં. સમજાય છે કાંઈ ?

**એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;**
**રાગી કુમતિનકૃત શ્રુતાભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩.**

**'(એકાન્તવાદ) એકાન્તરૂપ કથનથી દૂષિત ખોટાં...'** એટલે ? **'વસ્તુ અનેક ધર્માત્મક છે;...'** નીચે એનું (સ્પષ્ટીકરણ) છે. **'તેમાંથી કોઈ પણ એક જ ધર્મને આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત (મિથ્યા)...'** આત્મા આદિ દરેક વસ્તુ અનિત્ય પણ છે, નિત્ય પણ છે. વસ્તુ સ્વરૂપે એક છે, ગુણ-પર્યાયે અનેક છે. એ રીતે વસ્તુ ન માનતાં એનો એક જ પક્ષ માનવો તો વસ્તુની સર્વાંગતા એની દૃષ્ટિમાં રહેતી નથી અને સર્વાંગ માન્યા વિના અસર્વાંગને સર્વાંગ માને એને અનેકાંત ન માનતાં એણે એકાંત માન્યું છે.

વસ્તુનાં સર્વાંગો જેટલા છે, અંગો, જેટલા નીચે નીચેના પર્યાયના પ્રકાર (છે).. સમજાય છે ? ગુણ, પર્યાયના, આખો ગુણ-પર્યાય એક સમયનો, એ બધાં નિત્ય-અનિત્ય છે. એ રીતે એનું સર્વાંગપણું ન માનતાં એનું એક જ અંગપણું માને (અર્થાત્) નિત્ય જ છે, તો પર્યાય રહી જાય છે. અનિત્ય છે (એમ એકાંતે માને) તો ગુણ-દ્રવ્ય રહી જાય છે. સમજાણું કાંઈ ? વસ્તુનું સર્વાંગપણું માનવું એનું નામ અનેકાંત છે, એનું નામ સમ્યગ્જ્ઞાન છે. વસ્તુનું એકાંગ માનવું, એક પડખું જ માનવું, પર્યાય જ માનવી અને ગુણ ન માનવો, ગુણ જ માનવો અને પર્યાય ન માનવી.. સમજાય છે કાંઈ ? એને એકાંતવાદ એકપક્ષી મિથ્યાજ્ઞાન કહે છે. આ ઝીણી વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એકાંત કથનથી દૂષિત અથવા વિષયાદિ પોષક. એટલે શું કીધું ? જે પાંચ ઇન્દ્રિયાના વિષયો, પર સન્મુખના ભાવ એ પરરસન્મુખ જાય છે. સમજાય છે ? એવા વિષયના પોષકો, સ્વવિષય જે આત્મા, એનો અનાદર કરીને પર તરફના એકલા વિષય તરફના ભાવ એને પોષનારા એકાંતિક કુશાસ્ત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? **'પાંચ ઇન્દ્રિયોના વિષય...'** બાહ્યના એના તરફના લક્ષે આત્માને લાભ મનાવનારા, (એને) એ સ્વવિષય આખો આત્મા એમાં રહી જાય છે. સમજાણું કાંઈ ? (એવી પુષ્ટિ) કરવાવાળા કુમતિન રચિત કપિલ વગેરેએ બનાવેલા અથવા કુમતિઓએ બનાવેલા. જેવું દ્રવ્ય, ગુણ અને પર્યાયનું સ્વરૂપ છે એવું જાણ્યા વિના પોતાની કલ્પનાના તર્ક કોટિથી, તર્કોના સમૂહથી રચેલા શાસ્ત્રો.... સમજાય છે ? એ ખોટા અપ્રશસ્ત છે. જેમાં સત્ય સિદ્ધાંતનો વિરોધ આવે છે. સમજાય છે ? એ બધા શાસ્ત્રોનો અભ્યાસ કરવો. એ આ ધર્મબુદ્ધિએ અભ્યાસ કરવો. આમાંથી જ્ઞાન મળશે, એમાં પણ સમ્યગ્જ્ઞાનના એ શાસ્ત્રો છે, એમ જાણીને અભ્યાસ કરવો. આમ અભ્યાસ કરે એ તો કુશાસ્ત્ર ગમે એવા હોય.. સમજાય છે ? એને શાસ્ત્ર જાણીને અભ્યાસ કરવો. પઢવા, બીજા પાસે પઢાવવા, બીજાને ભણાવવા, બીજા પાસે સાંભળવા. ભારે વાત, ભાઈ !

એ કુશાસ્ત્રો જેમાં એકાંતપણું છે, જેમાં અનેકાંત વસ્તુ સિદ્ધ થતી નથી. એને સંભળાવવા, એવા કુશાસ્ત્રોને જગત પાસે સંભળાવવા એ બધા મિથ્યાજ્ઞાનનું પોષણ છે. સમજાણું કાંઈ ? એ કુબોધ નામ મિથ્યાજ્ઞાન છે. જુઓ ! તે ઘણા દુઃખને આપવવાળું છે. એ ત્રાસ દાયક છે. **'કુબોધ બહુ દેન ત્રાસ.'** આહા..હા...! સમજાણું કાંઈ ?

એક આમાં અર્થ એ કર્યો છે, ભાઈ ! જરીક બીજો (છે). આમાં તો એવો અર્થ કર્યો છે, આ ત્રીજું પૂરું થયા પછી, હોં ! આમાં. કે મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન કે વિદ્યમાન રહતે હુએ.. આ તો આપણું નથી પણ પહેલાના આધારનું છે એ જરીક આમાં નાખ્યું છે. આ એક છે. જે આવી કુશાસ્ત્રનું જ્ઞાન અને મિથ્યાદર્શન, એના વિદ્યમાન રહતે હુએ મનુષ્ય ચારિત્ર કે નામપર જો કુછ ભી ધારણ કરતા હૈ, ચારિત્રના નામે મિથ્યાશ્રદ્ધા અને મિથ્યાજ્ઞાન છે, એવા એના ઉપર, ચારિત્રના નામ પર વ્રતાદિ (પાળે) – વ્રત, નિયમ, ઉપવાસ આદિ કરતા હૈ, ઉસે ગૃહીત મિથ્યાચારિત્ર કહા ગયા હૈ. સમજાણું કાંઈ ? આવું જે જ્ઞાન છે, ઇ આ તેર (ગાથામાં) ચાલે છે, ઇ. એ પહેલા મિથ્યાદર્શન ચાલ્યું. એવા મિથ્યાદર્શન અને મિથ્યાજ્ઞાન સહિતવાળો જીવ, કોઈ ચારિત્ર ધારણ કરે એટલે કે વ્રત ને નિયમ ને અપવાસાદિ ધારણ કરે એ બધા કુચારિત્ર છે. કહો, અહીં 'સોનગઢવાળા'એ કહ્યું છે – એમ નથી. અહીં તો પહેલાં આમાં છાપ્યું છે. અરે...! ભગવાન ! શું કહે છે ?

જુઓ ! આમાં ઇ છે. આમાં ઇ લખ્યું છે. સમજાણું ? વળી જેને મિથ્યાશ્રદ્ધા, જ્ઞાન સહિત. મિથ્યા અગૃહીત હો કે ગૃહીત હો, એના સહિત જેણે ચારિત્ર ધારણ કર્યું છે, એ ચારિત્ર કેવા ? – કે વ્રત ને અપવાસાદિ ક્રિયા. વ્રત, નિયમ, ઉપવાસ, ચોવિહાર, સામાયિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વગેરે એ ગૃહીત મિથ્યાચારિત્ર કહા જાતા હૈ. એને તો ગૃહીત મિથ્યાચારિત્ર કહેવાય. હવે (કહે છે), ફિર જો ક્રિયા કેવલ શરીર કો દુઃખ પહુંચાનેવાલી હૈ,... એની ક્રિયાનું શું કહેવું છે એમ. આ પંચાગ્નિ ને (એ બધી). આ તો આવી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન સહિતના જૈનના નામ ધરાવનારા વ્રત, તપ, અપવાસ આદિ કરે તોપણ કુચારિત્ર છે, મિથ્યાચારિત્ર છે. ગૃહીત મિથ્યાચારિત્ર (છે), એમ.

ક્રિયાએં શરીર કો દુઃખ પહુંચાનેવાલી.. આગળ આવશે. માન, પ્રતિષ્ઠા, યશ, કામના અને પૈસાના લાભાદિ ઇચ્છા સે કી જાતી હૈ. ત્રસ, સ્થાવર જીવોં કી હિંસા કરનેવાલી હૈ. ઉનમેં તો આત્મહિત કી કલ્પના હી નહીં કી જા સકતી. ઇસ કારણ સે આચાર્યોં ને ઐસી ક્રિયાઓં કો મિથ્યાચારિત્ર કહા હૈ. સમજાય છે કાંઈ ? અને પંચાગ્નિ તપને મેં અગણિત ત્રસ, સ્થાવર જીવોં કી હિંસા હોતી હૈ. જટાજુત.. જટા રાખે છે ને ? જૂં વગેરે ઉત્પન્ન થાય છે. શરીર કો રાખ લગાને સે, તિલક, મુદ્રા આદિ કરને સે માન, પ્રતિષ્ઠા આદિ કી ભાવના સ્પષ્ટ દૃષ્ટિ (ગોચર) હોતી હૈ. અનેક પ્રકાર ને આસન લગાને સે શરીર કો ખેદમાત્ર હી હોતા હૈ તો આત્મલાભ પ્રતીત નહીં હોતા. સબ કાર્ય આત્મજ્ઞ પુરુષોંને મિથ્યાચારિત્ર કહા હૈ. જૈન નામ ધરાવનારા પણ મિથ્યાદર્શન ને મિથ્યાજ્ઞાન ઊંધાથી જે વ્રત ધારણ કરે એ પણ કુચારિત્ર છે અને અન્યમતિની આવી ક્રિયાઓ ખેદખિન્ન થઈને કરવી એ પણ મિથ્યાચારિત્ર છે. સ્વપર કા વિવેક નહીં હોતા.

આ માર્ગ તો તદ્દન જ્ઞાનસંપન્ન વિવેક છે. એમાં બીજી કોઈ ક્રિયા, રાગની ક્રિયા-ક્રિયા એના સ્વરૂપમાં નથી. આહા..હા...! એવું જ્ઞાન અને દર્શન (થયા વિના) આત્માના ભાન ન થાય. અને જે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન રાખીને કોઈ વ્રતાદિ ચારિત્રને નામે ધારણ કરે તો એ બધા મિથ્યા ગૃહીત ચારિત્ર છે, ગૃહીત મિથ્યાચારિત્ર છે, ભાઈ !

**ભાવાર્થ :– '૧. વસ્તુ અનેકધર્માત્મક છે; તેમાંથી કોઇ પણ એક જ ધર્મને આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત (મિથ્યા) તથા વિષય-કષાય આદિને પુષ્ટ કરવાવાળાં કુગુરુઓનાં બનાવેલાં...'** કુમતિવાળાએ બનાવેલા શાસ્ત્ર. સમજાય છે ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની, એમણે કહેલાં, એને અનુસારે આચાર્યોએ રચેલા, એના સિવાયના કુમતિએ કરેલા. આ..હા...! **'સર્વ પ્રકારનાં ખોટાં શાસ્ત્રોને ધર્મબુદ્ધિથી...'**, હોં ! એમ છે ને ? આમ તો બધા વાંચે, ગમે ઇ વાંચે નહિ. આ શાસ્ત્ર છે, આમાંથી કાંઈક તત્ત્વ નીકળશે એવી બુદ્ધિથી, **'લખવા–લખાવવા, ભણવા–ભણાવવા, સાંભળવા અને સંભળાવવા તેને ગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે.'** સમજાણું કાંઈ ?

**'૨. જે શાસ્ત્ર જગતમાં સર્વથા નિત્ય,...'** એટલે ગુણ જ માને અને પર્યાય ન માને, એક જ માને પણ અનેકપણું ન માને. અદ્વૈત માને **'અને સર્વવ્યાપક બ્રહ્મમાત્ર વસ્તુ છે,...'** એમ માને. **'અન્ય કોઈ પદાર્થ નથી, એમ વર્ણન કરે છે તે શાસ્ત્ર એકાન્તવાદથી દૂષિત**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**હોવાથી કુશાસ્ત્ર છે.**' એક જ આત્મા છે, બીજું કાંઈ નથી, સર્વવ્યાપક બધા આત્મા એક જાત છે. એક જાત એટલે સંખ્યાએ એક. એમ માનનારા એના કરેલા શાસ્ત્રો બધા કુશાસ્ત્રો છે. એનો અભ્યાસ પણ કુશાસ્ત્ર છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

'**૩. વસ્તુને સર્વથા ક્ષણિક–અનિત્ય,...**' બૌદ્ધ માને છે ને ? એ સામે લીધું, પેલાની સામે. '**અથવા (૪) ગુણ-ગુણી સર્વથા જુદા...**' માને. ગુણી ભગવાન અને જ્ઞાન તદ્દન જુદું. જુદો રહ્યો તો ગુણી કહેવાણો શી રીતે ? એમ સર્વથા ગુણી ભગવાન અને એનો જ્ઞાન ગુણ, એ સંયોગે કેટલાક માને છે. કારણ કે ઓલું જ્ઞાન વધારે પ્રગટ થાય છે ને ? વધારે પ્રગટ ક્યાંથી થયું ? ક્યાં હતું ? એમ કહે. માટે બહારથી આવ્યું. પણ અંદરમાં શક્તિરૂપે હતું અને એકાગ્ર થતાં અંદરથી આવ્યું, એ ગુણ-ગુણી એક હતા તો આવ્યું, એમ એને ખ્યાલમાં આવ્યું નહિ. સમજાણું કાંઈ ? પર્યાયમાં વધારે (જ્ઞાન) થાય છે. વધારે થયું ક્યાંથી ? (તો કહે), બહારથી આવ્યું. એટલે ગુણ-ગુણીની અભેદતાનો સ્વીકાર નથી. ભગવાન ગુણી આત્મા, એની શક્તિનું સત્ત્વ આખો ગુણ એની એકાગ્રતાથી પર્યાયમાં દશા આવે છે. એમ અભેદ ન માનતા એકાંત ગુણ-ગુણીનો ભેદ જ માનવો (તે મિથ્યાજ્ઞાન છે).

'**કોઈ ગુણના સંયોગથી વસ્તુ છે એમ કથન કરે,...**' કોઈ ગુણના સંયોગથી વસ્તુ, એમ. આ કીધું ને ? જ્ઞાનનો સંયોગ, દર્શનનો સંયોગ બહારથી (થાય). '**અથવા (૫) જગતનો કોઈ કર્તા, હર્તા...**' માને એવા શાસ્ત્ર બધા કુશાસ્ત્ર છે. '**અને નિયંતા છે એમ વર્ણન કરે,...**' બધી વસ્તુને નિયંત્રિત રાખનાર એક ભગવાન છે. સમજાય છે ? વસ્તુ જ વ્યવસ્થિત નિયંત્રિત છે. એને કોઈ નિયંતા, કર્તા માને એવા જે શાસ્ત્ર હોય એ બધા કુશાસ્ત્ર છે. એનો ઘણો અભ્યાસ કરવો, ભણાવવું, સાંભળવું–સંભળાવવું બધું મિથ્યાજ્ઞાન છે.

**શ્રોતા :–** છાપવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધું એમાં અનુમોદન આવે ને એ અપેક્ષાએ. એને છાપવું (હોય તો) ? એને છાપવાનું આવ્યું, એણે કર્યું છે ને બધું ? એવી ચોપડીઓ બહુ છપાવી છે. એ લૌકિક વાત છે. એ એક વેપારની (વાત છે).

તથા.. જુઓ ! આમાં જરી વાત કરી છે ને ? કુમતિ રચિત શ્રુતનો અભ્યાસ. છે ને એમાં કપિલાદિ ? એમાં બધા આવે છે. જે શાસ્ત્રમાં એકલી પરની દયાથી સંસાર નાશ થાય એમ બતાવ્યું હોય એ શાસ્ત્ર પણ કુશાસ્ત્ર છે. ત્યારે આમાંથી તર્ક કરે કે આમાં દયાનો ધર્મ બતાવ્યો છે ને ? એ દયાધર્મ વ્યવહારધર્મ બતાવ્યો છે. સમજાય છે ?

સર્વજ્ઞના શાસ્ત્રમાં પરની દયાનો શુભભાવ, નિશ્ચય પોતાનો સ્વભાવ, અરાગીની દશા – શ્રદ્ધા પ્રગટી છે ત્યારે એ શુભભાવને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. વ્યવહારધર્મથી સંસારનો નાશ ન થાય. સમજાય છે કાંઈ ? પરમાર્થધર્મથી સંસારનો નાશ થાય. કેમકે સંસાર એ વિકાર છે, રાગ, ઉદયભાવ (છે). એ સ્વભાવ ચિદાનંદ છે એને આશ્રયે જ સંસારનો અભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય. એમ ન બતાવતાં ફક્ત પરદ્રવ્યની દયાના ભાવ(થી સંસારનો અભાવ બતાવે તે કુશાસ્ત્ર છે). આવે છે ને ? 'મેઘકુમાર'ના અધિકારમાં આવે છે. શ્વેતાંબરમાં 'જ્ઞાતા સૂત્ર' છે ને ? એમાં આવે છે. હાથીના જીવે જીવની દયા પાળી. હાથી હતો, હાથી. સાંભળ્યું છે ને વર્ણન ? એક 'મેઘકુમાર'નો જીવ હતો. એ પૂર્વ ભવે હાથી હતો. ભગવાનના વખતમાં રાજકુમાર (હતો). એ હાથીના ભવમાં વનમાં હાથી પોતે રહેતો. દાહ લાગ્યો, દાહ. મોટો દાહ લાગ્યો. એટલે એક ઠેકાણે બધા જનાવરો એક જગ્યાએ ભેગા થવા માંડ્યા. ચારે કોર દાહ લાગ્યો. એમાં એ બધા ભેગા થતા થતા ખીચોખીચ થઈ ગયું. એક સસલું ઉપર આવ્યું. ઉપર ધક્કાધક્કી થાય એમાં ક્યાંય જગ્યા ન મળે. એમાં આનો જે પગ હતો ને એને ખરજ લાગ્યો હાથીને. ખીચોખીચ એક જોજનનું માંડવું હતું. એક જોજનનો માંડવું સમજાય છે ? ચકરવો. એ બધા ઝાડ-બાડ સાફ કરીને એ માંડવું હાથીઓએ કરેલું. એમાં બધા ભેગા થયા. એમાં એક સસલું આવ્યું, હવે ક્યાંય જગ્યા ન મળે. આમથી આમ ઠેલાય. ઠેલમઠેલા ચારે કોરથી. એમાં હાથીએ ખંજાળવા પગ ઊંચો કર્યો. એ જગ્યા મળી તો બેસી ગયો. એ હાથીએ પગ મૂકતાં આમ જરી નજર કરી. ન કરી હોત તો તો બધું (પૂરું થઈ ગયું હોત). કારણ કે પેલા ઝાઝા ઢોર હતા ને એટલે નીચે આમ જોતાં સસલું દેખ્યું. પગ એમ ને એમ અધ્ધર રાખ્યો. અને એમાં પરાનુકંપે એ જીવાણુ, એવો પાઠ છે. ઇ પ્રાણી જીવની અનુકંપાથી સંસાર ઘટાડી દીધો, પરિત કર્યો, ઘટાડ્યો એવું છે. ભાઈ ! સાંભળ્યું છે ને ? સાંભળ્યું છે. એ વાત સાચી નથી. સમજાય છે ?

પર જીવની દયાના ભાવથી સંસાર નાશ થાય (એમ કહે) એ શાસ્ત્ર સાચાં નથી, એમ કહે છે. એમ કહેવાનો આમાં આશય છે. ત્યારે પેલાએ બીજું લીધું, લ્યો ! આ શાસ્ત્રમાં આમ કહ્યું છે. પણ ભાઈ ! દિગંબર સત્ શાસ્ત્રો છે, એમાં જેટલી પરદયાનો ભાવ છે એનાથી એને પુણ્યબંધનું કારણ કહ્યું છે અને પરંપરા મોક્ષનું કારણ કહ્યું એનો અર્થ કે એ છોડીને સ્થિર થશે. એ રાગ પોતે તે બંધનનું જ કારણ છે. આહા..હા...! અબંધ સ્વભાવ ભગવાનઆત્મા, જેમાં ભવ અને ભવનો ભાવ નથી. એવા આત્મસ્વભાવના આશ્રયે જ ભવનો અભાવ થાય, બાકી ત્રણકાળમાં બીજે આશ્રયે થાય નહિ. સમજાણું કાંઈ ?

ભગવાનઆત્મા એક સમયમાં જ્ઞાન ને આનંદનું પુર પ્રભુ આત્મા છે. એના પ્રવાહમાં તો ભવના અભાવનો જ પ્રવાહ હોય. ભવ એમાં છે જ નહિ. ભવનો રાગેય વસ્તુમાં નથી. એવી વસ્તુ ભગવાનઆત્મા એનો આશ્રય કરતાં જ ભવનો અભાવ થાય, એ સિવાય આ રાગ ને પુણ્ય ને આ દયા પાળી માટે ભવ નાશ થઈ ગયો, એ શાસ્ત્રના કથનો સાચાં નથી. સમજાણું કાંઈ ?

દાન. દાનમાં એ અધિકાર આવે છે. શ્વેતાંબરમાં વિપાક અધિકાર છે, વિપાક સૂત્ર. દસ દુઃખ વિપાક, દસ સુખ વિપાક. એ દસ સુખ વિપાક એવા છે કે મુનિ તો સાચા લીધા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. લેનારા. સમજ્યા ને ? બાકી તો પાત્રા સહિત લીધા છે. પણ મુનિ સાચાં લીધા છે અને દેનાર છે એ મિથ્યાદષ્ટિ છે. મહા ધનાઢ્ય છે. આમ સિંહાસન ઉપર બેઠા છે, એમાં મુનિ પધારે. હેઠે ઉતરી પગે લાગે, બહુ આદર કરે. આદર કરીને આહાર-પાણી આપે છે. એનાથી એને સંસાર નાશ થયો એમ બતાવે છે. એ વાત સાચી નથી. સમજાય છે કાંઈ ? દસ વિપાક અધિકાર છે. સુખ વિપાકનું આખું વિપાક સૂત્ર છે. એમાં દસેય બોલો મિથ્યાદષ્ટિએ મુનિઓને આહાર આપ્યા (અને) સંસાર નાશ કર્યો એવો પાઠ છે. એ વાત જ તત્ત્વની નથી. એ સત્ય તત્ત્વથી વિરુદ્ધ શાસ્ત્ર છે. સમજાણું કાંઈ ? ભાઈ !

એ વાત આમાં કહી હતી. પછી એને પેલા લઈ ગયા, જુઓ ! આવો ઉપદેશ કર્યો છે. એ બધાને કુશાસ્ત્ર કહે છે. આપણાંમાં પણ એમ આવે છે. ભઈ ! એમ નથી, ભાઈ ! એમ આવતું નથી. બાપા ! તને ખબર નથી. ભાઈ ! સર્વજ્ઞ સંતોના કહેલા મહા મુનિના કહેલા. આવે છે ને ? મહાશ્રમણ. 'પંચાસ્તિકાય'માં પહેલી ગાથામાં એમ આવે છે. મહાશ્રમણે કહેલા કે પછી એમના અનુસારે મહાસંતોએ કહેલા, દિગંબર સંતો 'કુંદકુંદાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી', 'સમંતભદ્રાચાર્ય', 'નેમિચંદ્રાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય' વગેરે મહાસંતોએ કહેલા એમાં કોઈ ઠેકાણે સ્વદ્રવ્યના આશ્રય વિના પરથી મોક્ષનો, ધર્મનો લાભ થાય, એમ હોઈ શકે જ નહિ. સમજાય છે કાંઈ ? અને એ શાસ્ત્રને જે કહેવું છે ઇ સમજતો નથી. તો એને પોતાને શાસ્ત્રના અર્થ કરનારને કુશાસ્ત્ર થઈ પડ્યા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! વાંધા તે વાંધા !

કહે છે કે એવું જે પરને દાન (આપે) એમાં શુભભાવ હોય છે. શુભભાવ હોય છે કેમકે પરાશ્રિત વ્યવહાર, સ્વઆશ્રિત નિશ્ચય. તો પરાશ્રિત જેટલો ભાવ (થાય), સાક્ષાત્ તીર્થંકર હોય એને આહાર દેવાનો ભાવ પણ શુભ છે, પણ એ જીવ સમકિતી ને એવો જ હોય. એને કારણે મુક્તિને પાત્ર થાય છે. સમજાણું કાંઈ ? મુનિ કે તીર્થંકરો છદ્મસ્થમાં હોય અને એને આહાર દેવાનો ભાવ કોઈ બીજા કરે એટલા ભાવમાત્રથી ભવનો અભાવ (થાય), એ રાગથી ભવનો અભાવ (થાય), એમ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ ? એ રાગને કારણે દાનથી ભવનો અભાવ માને તો એ શાસ્ત્ર જ સત્ય નથી. સત્ય શાસ્ત્ર એને કહીએ કે જે વસ્તુ સ્વભાવ એક સમયના વિકલ્પ સિવાયની ચીજ, એવી ચીજની દષ્ટિ, જ્ઞાન ને એનો આશ્રય કરતાં જ ભવનો અભાવ થાય – એ કથન અનાદિઅનંત સત્ય સર્વજ્ઞના ધરતા છે. એ કથનો શાસ્ત્ર છે. એથી વિરુદ્ધ કથન સમ્યક્ શાસ્ત્રમાં હોય જ નહિ. સમ્યક્ શાસ્ત્રમાં વિરુદ્ધ હોય જ નહિ. સમજાણું કાંઈ ?

મિથ્યાશાસ્ત્રમાં તો ખુલ્લી વાતો એવી હોય કે આ પ્રમાણે જુઓ આમ દીધા ને પરિત સંસાર કર્યો. સમજાણું કાંઈ ? પણ કોને એ વિચાર, મંથન કરવા છે ? સત્ય શું છે ? જ્યાં પડ્યા ઇ પડ્યા અને એમાં (રહી ગયા). થઈ રહ્યું. સમજાણું ? એવા દાન (દે), પરને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અભયદાન દે તોય શું ? શુભભાવ છે. હવે આ કહે કે જુઓ ! 'પદ્મનંદિ પંચવિંશતિ'માં અભયદાનમાં ભવનો અભાવ કીધો છે. એવા લેખો આવે છે, લ્યો ! પણ ઇ તો બીજી વાત છે. સમજાણું કાંઈ ? સ્વઆશ્રિત નિશ્ચય એટલે સત્, પરાશ્રિત વ્યવહાર એટલે ઉપચાર – આ સિદ્ધાંતને સમજ્યા વિના બીજી રીતે કથન કર્યા હોય અને એને માને તો એ બધા કુશાસ્ત્રનું જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

**'મહાવ્રતાદિના શુભભાવ...'** લ્યો ! મહાવ્રત છે એ પણ શુભભાવ પુણ્ય છે. અણુવ્રત ને મહાવ્રત એ આસ્રવ છે. 'તત્ત્વાર્થસૂત્ર–મોક્ષશાસ્ત્ર'માં 'ઉમાસ્વામી'એ કહ્યું છે. 'તત્ત્વાર્થસાર'માં 'અમૃતચંદ્રાચાર્યે' એમ જ કહ્યું છે કે હવે અમે પુણ્યની વાત કરીશું કે જે નિમિત્તરૂપે, સહાયરૂપે વ્રત હોય છે. પાપની નહિ. પણ એ પુણ્યભાવ પુણ્યાસ્રવ છે. અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ પાંચ ભાવ મહાવ્રત (છે). સમજાય છે ? એ શુભભાવ છે.

જે શાસ્ત્રના સ્વાધ્યાય પર તરફના લક્ષવાળો પણ શુભભાવ છે. એનાથી નિર્જરા અને સંવર કોઈ દિ' સત્શાસ્ત્રમાં કહેલા હોય જ નહિ. સમજાણું કાંઈ ? એના તો આધાર આપે છે. 'ધવલ'માં કહ્યું છે. અરે.. ભગવાન ! બાપુ ! એમ નથી, ભાઈ ! 'જયધવલ'નો દાખલો આપે છે. શુભઉપયોગ અને શુદ્ધઉપયોગ બેથી નિર્જરા છે. એ સિવાય કોઈ આધાર નથી. એનો અર્થ ઇ છે, શુદ્ધઉપયોગથી પુણ્ય-પાપ બન્નેની નિર્જરા થાય. શુભથી જરી અશુભની નિર્જરા થાય. એમ ગણીને નિમિત્ત કહ્યું છે. વસ્તુ શુદ્ધતાના આશ્રય વિના પુણ્ય-પાપ બન્નેની નિર્જરા થાય નહિ અને એનું નામ જ ખરી નિર્જરા છે.

નિર્જરાની વ્યાખ્યા – શક્તિની શુદ્ધતાની વૃદ્ધિ. શુદ્ધતાની વૃદ્ધિ ક્યાં શુભભાવને આશ્રયે થાય ? સમજાણું કાંઈ ? એટલે સમ્યક્ શાસ્ત્રોએ, 'ધવલ' આદિ, 'જયધવલ' આદિએ તો યથાર્થપણે જે કહ્યું છે એ કહ્યું છે. એના અર્થોના કરનારને ભૂલ થાય છે. સમજાણું કાંઈ ? અને આ તો જેના શાસ્ત્રમાં ખુલ્લી વાત મૂકી હોય. પાંચ મહાવ્રત નિર્જરાના સ્થાન છે. 'ઠાણાંગ'માં એવું લખાણ છે. સમજાય છે ? પાંચ મહાવ્રત, પોતે અહિંસા આદિ નિર્જરાના સ્થાન છે. એ વાત જ ખોટી છે. પરાશ્રયે જેટલો વિકલ્પ ઊઠે તે નિર્જરા અને સંવર બિલકુલ હોય જ નહિ. કહ્યું હોય ત્યાં 'દ્રવ્યસંગ્રહ'માં કે વ્યવહારથી અશુભ નિવૃત્તિ. એ તો વ્યવહારનું કથન છે. અશુભથી નિવૃત્તિ થઈ છે એને વ્યવહાર સંવર કહ્યો છે પણ દૃષ્ટિ સમ્યક્ છે, શુભાશુભ બન્ને વિકલ્પ તે આસ્રવ છે. એમાંથી જેટલો દૃષ્ટિપૂર્વક અશુભથી નિવર્ત્યો તેને વ્યવહાર સંવર કહ્યો છે. બીજો અર્થ હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ ?

એમ જેના શાસ્ત્રમાં ખુલ્લું મૂક્યું છે કે આ મહાવ્રતાદિ પુણ્યાસ્રવ તેનાથી **'તથા મુનિને આહાર દેવાના શુભભાવથી...'** ઓલું અભયદાન આવ્યું અને આ પાત્રદાન. સંસાર ટૂંકો થાય છે અથવા ઓછો થાય છે (એમ જે શાસ્ત્રમાં કહ્યું હોય તે કુશાસ્ત્ર છે). સમજાય છે કાંઈ ? આત્મા... અહીં તો શું કહે છે ? – કે કુમતિ આદિ રચિત શ્રુત કો અભ્યાસ અથવા કપિલાદિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રચિત શ્રુત કો અભ્યાસ, એને મિથ્યાજ્ઞાન કહેવામાં આવે છે. એટલે જે શાસ્ત્ર આત્માના ચૈતન્યના શુદ્ધભાવના અંતર આલંબન સિવાય જેટલા પુણ્યના વિકલ્પ ઊઠે એ દ્વારા સંસારનો નાશ બતાવે એ શાસ્ત્ર બધા કુમતિના રચાયેલા કુશાસ્ત્ર છે. સમજાય છે કાંઈ ?

આ 'છ ઢાળા' ચાલે છે. કપિલાદિ રચિત શ્રુત કો અભ્યાસ. તેરમું છે, તેરમો. એમાં બે અર્થ છે. કુમતિ આદિ રચિત શ્રુતો કો અભ્યાસ. કોઈ ઠેકાણે કપિલાદિ લખ્યું છે, કોઈ ઠેકાણે કુમતિન લખ્યું છે. કુમતિથી લખાયેલા એટલે કે જેમાં સમ્યગ્જ્ઞાન ચૈતન્યમૂર્તિ ભગવાન, એના આશ્રેય દૃષ્ટિ, એને આશ્રયે જ્ઞાન, એને આશ્રયે ચારિત્ર (થાય), એ સિવાય પરાશ્રય જ્ઞાન, પરાશ્રયે રાગ, વ્રતાદિ અને પરાશ્રયની શ્રદ્ધા, એનાથી જન્મ-મરણનો અંત લાવે, એવી વાત ક્યાંય કહી હોય તો એ સુશાસ્ત્ર નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! ઘણી વાત ગઈ.

**'ઉપદેશ દેવાના શુભભાવથી પરમાર્થે ધર્મ થાય વગેરે અન્ય ધર્મીઓના ગ્રન્થોમાં જે વિપરીત કથન છે,...'** એ કોણ કહે છે ? એ વર્તમાન એવો એક પંથ છે. ઉપદેશ કરીએ તો આપણને ધર્મ થાય. ઉપદેશ કરવો એ ધર્મ. ઉપદેશ તો વાણી જડ છે. સમજાય છે ? એ તેરાપંથમાં એમ છે. સ્થાનકવાસીનો એક તેરાપંથ ભાગ છે ને ? તુલસી. એ લોકોનો એવો અભિપ્રાય છે કે ઉપદેશથી નિર્જરા થાય છે અને ધર્મ થાય છે. એમ. બીજો કોઈ જીવ એને મારતો હોય તો બચાવવો એમ એ ન કહે પણ એને ઉપદેશ દેવો. ભાઈ ! કોઈ જીવ મારવો એ ઠીક નથી, વગેરે. એ ઉપદેશથી ઉપદેશ દેનારને ધર્મ થાય. ખોટી વાત (છે). ઉપદેશ એ વાણીની ક્રિયા છે એનાથી આત્માને ધર્મ બિલકુલ થાય નહિ. ઉપદેશ દેવા કાળે વિકલ્પ જે ઊઠે છે એ પણ પુણ્યબંધ છે, એનાથી પણ સ્વને–આત્માને ધર્મ થાય નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ જે કોઈ એમ માને કે શાસ્ત્રમાં શાસ્ત્રને બહાને મનાવે કે ઉપદેશથી બીજા જીવોને ઘણો લાભ થાય, આત્માને ધર્મનો લાભ થાય. એ બિલકુલ ખોટી વાત છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોને થાય ? એ તો એની પોતાની પર્યાયને લઈને થાય છે. એ ભગવાનનો માર્ગ જુદી જાતનો છે. આ તો સર્વજ્ઞ પરમાત્માના પેટ છે. ઝીણી વાતું છે. સમજાણું કાંઈ ?

વાણી નીકળે એ તો સ્વતંત્ર જડ છે. એનો આત્મા કર્તા છે ? અને વાણી નીકળી એટલે સામાને જ્ઞાન થયું, એમ છે ? એ તો આત્મા જ્ઞાનમૂર્તિ (છે) એને એ સમયની જ્ઞાનપર્યાય થાય છે ત્યારે વાણીને નિમિત્ત કહેવાય છે. વાણીથી જ્ઞાન થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર તીર્થંકરદેવની દિવ્યધ્વનિ સાંભળનારા ઘણા હોય છે. બધાને સરખું જ્ઞાન થાય છે ? કેમ ? વાણી તો એક પ્રકારની નીકળે છે. ગણધરને ચૌદ પૂર્વનું, બાર અંગનું જ્ઞાન થાય. બીજાને કંઈક થઈ જાય, લ્યો !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે ? આ શું કહેવાય ?

આ 'પ્રદ્યુમન'. 'રુકમણી'નો પુત્ર. એ જ્યારે ખોવાય ગયો. નારદ ભગવાનને પૂછવા ગયા હતા. 'સીમંધર' ભગવાન ત્રિલોકનાથ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે, તીર્થંકર પરમેશ્વર અત્યારે બિરાજે છે. કોણ ? 'સીમંધરપ્રભુ' અત્યારે બિરાજે છે. આ ચોવીસ તીર્થંકર તો મોક્ષ પધાર્યા. એને દેહ નથી, એ તો સિદ્ધ છે. પણ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે 'સીમંધર' ભગવાન આદિ વીસ તીર્થંકર શરીરપણે મોજૂદ છે. ત્યાં ઇન્દ્રો વાણી સાંભળવા જાય છે. આ સામાયિકમાં આજ્ઞા નથી લેતા ? કોને ખબર છે ક્યાં લેતા લશે ? ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. એ વાણી નીકળે છે એ ઇન્દ્રો સાંભળવા જાય છે. સમજાય છે ? છતાં સાંભળનારને બધાયને સરખું જ્ઞાન થતું નથી. કેમ ? – કે વાણીથી થતું હોય તો બધાને સરખું થવું જોઈએ. એની પોતાની યોગ્યતા, જેટલી લાયકાત છે એટલું એને જ્ઞાન થાય. ત્યારે એટલા પ્રમાણમાં વાણીને નિમિત્ત કહેવાય. હેં ? આહા..હા...!

વીતરાગ પરમેશ્વરની ધ્વનિ નીકળે છે. ૐ ધ્વનિ ! બાર જાતની સભા છે. નાગ, વાઘ, કરોડો દેવો સભામાં બિરાજે છે. ભગવાન 'મહાવીર' પ્રભુ હતા ત્યારે પણ સભામાં કરોડો દેવ-દેવીઓ આવતા, સાંભળતા. એ બધાને સરખું (જ્ઞાન) થાતું નહોતું. ત્યારે એ વાણીને કારણે જ્ઞાન નથી, એની પોતાની યોગ્યતાને કારણે (જ્ઞાન થાય છે). વાણી તો એક ધોધ નીકળે, એકસાથે આખો. જેને બાર અંગનું જ્ઞાન થયું એને બાર અંગના જ્ઞાનમાં એ નિમિત્ત કહેવાણું. આ શું કહેવાય, આ કીધું ઇ ? 'પ્રદ્યુમન'. 'નારદ' પૂછવા ગયા તો 'નારદ'ને એમ આવ્યું કે ભગવાન મને એમ કહે છે. ભગવાન એને એમ કહે છે કે 'રુકમણિ'નો પુત્ર એને ઘરે સોળ વર્ષે આવશે. ભગવાનની વાણીમાં કહ્યું (એ) જુદું નથી આવતું. ભગવાનની વાણી તો એકસાથે ૐ ધ્વનિ ઇચ્છા વિના છૂટે. એ તો વીતરાગ છે. કેવળી છે એને રાગ હોતો નથી. 'નારદ'ને એમ થયું કે 'રુકમણિ'નો પુત્ર સોળ વર્ષે આવશે, એમ ભગવાન કહે છે. એને એ જાતના ઉઘાડમાં એટલું નિમિત્ત થયું. સમજાણું કાંઈ ?

વાણી નિમિત્ત ક્યારે કહેવાય ? – કે જેને જેટલી યોગ્યતા પ્રગટી એટલા જ્ઞાનને એ નિમિત્ત કહેવાય. એ તો આખું પ્રગટ્યું. ગણધરને બાર અંગનું જ્ઞાન (પ્રગટ્યું) તો બાર અંગમાં નિમિત્ત કહેવાણું. પેલાને આટલું કહ્યું તો ભગવાનની વાણી એટલામાં નિમિત્ત કહેવાણી. એમાં વસ્તુ સ્વતંત્ર સિદ્ધ થાય છે કે આને લઈને થાય એમ સિદ્ધ થાય છે ? સમજાણું કાંઈ ? એટલે કોઈ ઉપદેશના વાણીથી આત્માને લાભ થાય એમ માને અથવા શાસ્ત્રમાં એ બહાને મનાવે એ કુશાસ્ત્ર છે. સમજાણું કાંઈ ? પોતાને તો જેટલો આત્મા શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિમાં, દૃષ્ટિમાં લીધો છે એની જેટલી એકાગ્રતા વર્તે એ એને લાભનું કારણ છે. વિકલ્પ ઊઠ્યો એ પણ આત્માના ધર્મ ને એકાગ્રતાનું કારણ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

નહોતું કહ્યું ઇ (સંવત) ૧૯૮૨ની સાલમાં ? તરે તે તારે. એવું સૂત્ર મૂક્યું હતું. ત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પેલો આવ્યો (અને) કહે, એમ નહિ. એમ લખાવો કે તારે તે તરે. મેં કીધું, કોને ગોતવા જાવા ? ૧૯૮૨ની સાલમાં 'વઢવાણ'માં (એક મુમુક્ષુ) છે એણે વ્યાખ્યાન ઉપર લખેલું. ૧૯૮૨ની સાલ, ચાલીસ વર્ષ થયા. 'વઢવાણ'માં સ્થાનકવાસીના 'સુંદર વોરા'ના અપાસરામાં વ્યાખ્યાન ચાલતું હતું. તારે તે તરે (એમ) પેલો કહેવા આવ્યો, તરે તે તારે, લખ્યું હતું. એક વકીલ હતા. 'વઢવાણ'માં કંદોઈ હતા. એ વકીલ આવ્યા. મહારાજ ! એમ નહિ, તારે તે તરે. કીધું, કેટલાને ગોતવા જાવા ? બીજો નહિ તરે તો આત્માનું પોતાનું તરવું ચાલ્યું જાય ? વાણી ન હોય. સમજાય છે કાંઈ ? વકીલ હતા, એક વકીલ હતા. કાંઈક તર્ક કરવો જોઈએ ને ? તર્ક કર્યો. ભાઈ ! અહીં એવા તર્ક ન ચાલે, કીધું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો બિચારા સાધારણ રીતે વાત કરતા હતા. આમ તો અમારા ઉપર પ્રેમ હોય ને ? બધાને પ્રેમ હતો ને ! કોઈને અશ્રદ્ધા નહિ. પણ એમ કે આમ જાણે કાંઈક વકીલ ખરો ને (એટલે) તર્ક કરવો. એમ. બીજા એક પણ પ્રાણી ન તરે, આત્માર્થી પોતાના જ્ઞાન-ધ્યાનમાં રહીને કેવળ પામીને મોક્ષ ચાલ્યા જાય. કહેવાનો વિકલ્પ પણ ન હોય અને વાણી પણ ન હોય. એથી કરીને લાભ અટકી જાય એમ છે નહિ.

આ બીજાની અપેક્ષાએ વાત કરી છે, હોં ! તેરાપંથી એમ માને છે. ઉપદેશ દેવો એ ધર્મ છે, એમ એ માને છે. નિર્જરા છે એમ માને છે. એ અપેક્ષાએ લખેલું. ત્યારે (કહે), અમારા શાસ્ત્રમાંથી... એમ નથી, ભાઈ ! એમ કહેવું એના માટે કહ્યું છે. વ્યાખ્યાનમાં ઘણી વાર આવ્યું હોય ને ? એમાંથી પછી લખાય ગયું છે. **'જે વિપરીત કથન છે, તે એકાન્ત અને અપ્રશસ્ત હોવાથી કુશાસ્ત્ર છે.'** એ સાચા શાસ્ત્ર કહેવાય નહિ. **'કેમકે તેમાં પ્રયોજનભૂત સાત તત્ત્વનું યથાર્થપણું નથી. જ્યાં એક તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ, એમ જ સમજવું.'** એક વખત એ વાત ખૂબ સારી કરેલી. એક તત્ત્વની સંવર, નિર્જરાની ભૂલ થાય ત્યાં આસ્રવ કેટલો હોય ? વધારે સંવર હોય તો આસ્રવ થોડો હોય એનું પણ એને ભાન ન હોય. થોડા સંવરથી કેવળ પામે (એમ માને) તો કેવળનું પણ એનું ભાન નથી. એને સાતે તત્ત્વનો ખ્યાલ ન હોય. એક તત્ત્વની ભૂલથી સાતે તત્ત્વનો ખ્યાલ નથી. એવી જરી ઝીણી વાત છે, ભાઈ ! સમજાય છે કાંઈ ? એવા તત્ત્વના કુશાસ્ત્રો કહેનારાનો અભ્યાસ કરવો, કરાવવો અને કરતાને અનુમોદન કરવું. ભણવું, ભણાવવું, વાંચવું, વંચાવવું એ બધું કુશાસ્ત્ર, કુજ્ઞાન કહેવાય છે. કેવા કુશાસ્ત્ર છે ? **'સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ.'** બહુ દેન ત્રાસ – ઘણો ત્રાસ દેવાનું એ મિથ્યાજ્ઞાનનું ફળ છે. માટે ધર્માર્થ જીવોએ કુશાસ્ત્રનું જ્ઞાન છોડી દઈ સુશાસ્ત્રનો અભ્યાસ કરવો. એ વાત અહીંયાં કહેવા માંગે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી કલશ ટીકા, કળશ–૨૫૭, પ્રવચન નં. ૨૭૫
## તા. ૨૦-૧૨-૧૯૬૫
## [૨૩]

'સ્યાદ્વાદ અધિકાર' 'કળશ-ટીકા'નો ૧૧મો કળશ.

**( શાર્દૂલવિક્રીડિત )**

**अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-**
**र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।११-२५७।।**

ભાવાર્થ એટલે આમાં શું કહેવું છે એ થોડો ઉપોદ્‌ઘાત હું કહીશ. ભાવાર્થ (કહે છે) પણ થઈ ગયા પછી ભાવાર્થ હોય પણ અહીં તો પહેલેથી ભાવાર્થ કરે છે. કેમકે એમાં જરીક ઝીણી વાત કહેવી છે ને એટલે એનો ઉપોદ્‌ઘાત કરે છે. **'ભાવાર્થ આમ છે કે કોઈ મિથ્યાદષ્ટિ...'** એક પક્ષે જોનારો **'એકાન્તવાદી એવો છે કે જે વસ્તુને દ્રવ્યમાત્ર માને છે, પર્યાયરૂપ માનતો નથી;...'** વસ્તુને વસ્તુ તરીકે માને છે પણ પર્યાય જે પરને કાળે થાય છે એટલે એ પર્યાય પરથી થાય છે એમ માને છે. સમજાય છે કાંઈ ?

**'તેથી જ્ઞેયની અનેક અવસ્થાને જાણે છે જ્ઞાન,...'** જુઓ ! આ જ્ઞાન વસ્તુ જ્ઞેય શરીર આદિની અવસ્થાને, અનેક અવસ્થાઓને જાણે છે. **'તેને જાણતું થકું તે આકૃતિરૂપ પરિણમે છે જ્ઞાન;...'** એને જાણતા એની આકૃતિ પ્રમાણે પરિણમે છે જ્ઞાન. **'તે સમસ્ત છે જ્ઞાનના પર્યાય,...'** એ તો બધી જ્ઞાનની પર્યાય છે. જેમ દેહની ઉત્પત્તિ કાળે જ્ઞાનની ઉત્પત્તિ પણ પોતામાં છે પણ દેહની ઉત્પત્તિ કાળે થઈ, માટે દેહની ઉત્પત્તિથી મારો પર્યાય થયો એમ માને છે. **'તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે...'** એ ફક્ત જ્ઞાનમાં પરદ્રવ્યનું અવલંબન દેખે છે એટલી પર્યાયને જ આત્માનું અસ્તિત્વ માને છે. સમજાણું કાંઈ ?

**'મિથ્યાદષ્ટિ જીવ.'** આમાં એવો દાખલો લીધો કે દેહની ઉત્પત્તિએ આત્માની ઉત્પત્તિ એમ માને છે. પેલામાં એમ હતું (કે) દેહના નાશે મારો નાશ થાય છે એમ. પર્યાય પરને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અવલંબે છે ને ? આ દેહની ઉત્પત્તિએ જીવની ઉત્પત્તિ (માને છે). અસ્તિ-નાસ્તિ બન્ને વાત આવી ગઈ. સમજાણું કાંઈ ? જ્ઞાનની ઉત્પત્તિનો પર્યાય, દેહથી ઉત્પન્ન થયો પર્યાય માટે અહીં ઉત્પન્ન થયો છે એમ નથી. સમજાય છે ? દેહની અવસ્થા ઉત્પન્ન થાય છે માટે અજ્ઞાની એમ માને છે કે હું જ ઉત્પન્ન દેહમાં થયો, દેહને લઈને થયો. મારી અવસ્થા એ ક્ષણે દેહની અવસ્થાને જાણનાર છે એનાથી હું ઉત્પન્ન થયો એ ન માનતા દેહની ઉત્પત્તિએ મારું ઉત્પન્ન થવું (થયું) એમ માને છે. સમજાણું કાંઈ ? **'તે પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે મિથ્યાદૃષ્ટિ જીવ.'** અથવા એ એક સમયની જે જ્ઞાન પર્યાયમાં અનેક અવસ્થાઓ દેહની જણાય એટલી જ પર્યાયને પોતે માને છે. સમજાણું કાંઈ ? **'પર્યાયોને જ્ઞાનનું અસ્તિત્વ માને છે...'** એ પર્યાયને જ આખું જ્ઞાનનું હોવાપણું માને છે.

**'તેના પ્રતિ સમાધાન આમ છે કે જ્ઞેયની આકૃતિરૂપ પરિણમતા જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી.'** એટલું જ્ઞાનનું હોવાપણું નથી. જ્ઞાનની અવસ્થામાં, પર્યાયમાં જે જ્ઞેયોની અવસ્થા ઉત્પન્ન થાય એ પ્રકારે પોતાની જ્ઞાન અવસ્થા ઉત્પન્ન થાય એટલો કંઈ આત્મા નથી. સમજાણું કાંઈ ? **'જેટલા જ્ઞાનના પર્યાય છે તેમના વડે જ્ઞાનનું અસ્તિત્વ નથી. એમ કહે છે.'**

**'પશુઃ નશ્યતિ' 'એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે.'** હું જ્ઞાન સ્વરૂપ ત્રિકાળ છું એમ એ માનતો નથી. દ્રવ્યની પર્યાયથી ઉત્પન્ન થયો એટલો જ આત્મા, એટલો આત્મા. **'કેવો છે એકાન્તવાદી ?'** જુઓ ! **'સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** એ જ્ઞેયના અવસરે જે પર્યાય ઉત્પન્ન થઈ એટલો જ હું છું. જાણવા યોગ્યને કાળે જ્ઞાનની જે પર્યાય થઈ **'એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** પરને લઈને જ મારી જ્ઞાનની પર્યાય થઈ. સમજાણું કાંઈ ? આ પર નાસ્તિત્વનો અધિકાર છે. અજ્ઞાની પરથી અસ્તિત્વ માને છે એમ પહેલું લેવું છે ને ?

અહીંયાં તો યોગ છે પર કાળથી નાસ્તિનો પણ અજ્ઞાની પરની અવસ્થારૂપી કાળથી જ પોતાનું અસ્તિત્વ માને છે. સમજાણું કાંઈ ? આ દેહાદિની અવસ્થા જ્ઞાનમાં જણાય તો એ દેહના અવસ્થાના કાળથી હું છું એટલે એના જાણવાનો પર્યાય એનાથી હું છું. મારા સ્વકાળથી મારી જ્ઞાનની પર્યાય મારાથી થઈ છે એમ એને બાહ્ય લક્ષ છે માટે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ ? કાલે પેલામાં વિનાશનું હતું. દેહ જેમ ઢીલો પડતો જાય એમ જાણે મારી અવસ્થા પોતે નાશ થાય. આમાં દેહની ઉત્પત્તિ જેમ થાય એમ મારો જ્ઞાનનો પર્યાય એને લઈને ઉત્પન્ન થયો. એમ અજ્ઞાની પોતાની પર્યાયની સ્વતંત્રતાને માનતો નથી. સમજાણું કાંઈ ?

**'ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्' 'पशुः' 'એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભ્રષ્ટ છે.**' એટલે કે હું મારી જ્ઞાન પર્યાયથી (જાણું છું), આ મારો આત્મગુણ છે એ ગુણના પરિણમનથી મારી પર્યાય થઈ છે એમ માનતો નથી. જ્ઞાન ગુણ ત્રિકાળ છે એનો આ વર્તમાન પર્યાય સ્વકાળ છે. એ સ્વકાળથી હું છું એમ ન માનતા પરકાળથી હું છું એમ અજ્ઞાની માને છે. પરપદાર્થની અવસ્થાને લઈને જ મારી અવસ્થા છે. સમજાણું કાંઈ ? શું (કહ્યું) ?

આ શબ્દના અવલંબે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, શબ્દ છે, શબ્દનો પર્યાય સ્વકાળ છે તો જ્ઞાનનો પર્યાય થાય છે. સમજાણું કાંઈ ? નહિતર ના પાડે. આ આત્મા વસ્તુ છે. અહીં જ્ઞાન પ્રધાનથી વાત લેવી છે જ્ઞાન સ્વભાવ ત્રિકાળ, એની વર્તમાન અવસ્થામાં પરજ્ઞેયની અવસ્થાનું જે ઉત્પન્ન થવું એના અવલંબનમાં જ્ઞાનનો પર્યાય પણ એવો જ ઉત્પન્ન થાય. પરકાળનો જેવો સ્વભાવ છે એવું જ્ઞાનાકાર અહીંયાં જ્ઞેયાકાર જાણે. એ ઉત્પત્તિને કારણે મારું ઉત્પન્ન થયું એમ માનનાર, મારો ગુણ ત્રિકાળ છે માટે ગુણ અવસ્થા ઉત્પન્ન થઈ એમ માનતો નથી. એનું લક્ષ પરદ્રવ્ય ઉપર છે, જ્ઞાનીનું લક્ષ સ્વદ્રવ્ય ઉપર છે. સ્વદ્રવ્યના લક્ષે જ્ઞાનની વર્તમાન અવસ્થા એ પ્રકારની ઉત્પન્ન થાય છે. અજ્ઞાનીને દ્રવ્ય ઉપર લક્ષ નથી એટલે પરના લક્ષે અવસ્થા ઉત્પન્ન થાય એવું જ જ્ઞાન ઉત્પન્ન થયું. શરીર ઉત્પન્ન થયું તો હું ઉત્પન્ન થયો, શરીર ઉત્પન્ન થયું તો હું નવો આત્મા થયો. સમજાય છે કાંઈ ? પણ તારું જ્ઞાન તો ત્રિકાળ છે અને જ્ઞાનની અવસ્થા શરીરને લઈને ઉત્પન્ન થઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ ?

**'पशुः नश्यति' 'એકાન્તવાદી વસ્તુસ્વરૂપ સાધવાથી ભ્રષ્ટ છે.'** કેમ ? કે **'ज्ञेय आलम्बन' 'સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે...'** (એટલે) સામે (ચીજની અવસ્થા) **'જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** એની અવસ્થા ટકે છે તો હું ટકી રહ્યો છું. સમજાણું આમાં ? દેહ, વાણી, મન, શરીર આ બધી અવસ્થા જે સામા દ્રવ્યની અવસ્થા આમ ટકી રહી છે એને લઈને હું ટકી રહ્યો છું. એના અવલંબનમાં એ નિમિત્ત છે તો આ ઉત્પન્નનું ટકવું (થાય છે) તો એને લઈને હું ટકી રહ્યો છું. એ જો ખસી જાય તો હું પણ નાશ થઈ જાઉં. પણ હું એક જ્ઞાયક ત્રિકાળ છું એને કારણે મારી અવસ્થા થઈ છે એમ અજ્ઞાની અંતરમાં સ્વદ્રવ્યના લક્ષમાં આવતો નથી. સમજાણું ? તેથી કહે છે, જુઓ !

**'ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्' 'સમસ્ત દ્રવ્યરૂપ જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા...'** એ જાણવાની અવસ્થાને કાળે આની સત્તા. એ પરદ્રવ્યની અવસ્થાને કાળે આની સત્તા એમ માનતો... સમજાય છે ? **'સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને,...'** આ જ્ઞાન પર્યાય, શ્રદ્ધા પર્યાય વગેરે બધા આ પરના અવલંબનથી, પરના ઉત્પન્ન કાળે આ મારું (જ્ઞાન) ઉત્પન્ન થાય છે (એમ માને છે) માટે એનું લક્ષ બાહ્ય ઉપર ચોંટે છે, બાહ્ય(માં) ભમે છે. એ અસ્તિત્વે મારું અસ્તિત્વ છે. બહારના પરનો સ્વકાળ એનો જે છે એના અવસરને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાળે જ મારો સ્વકાળ છે. એ અવસર કાળ જાય તો મારો સ્વકાળ ઉત્પન્ન થતો નથી. સમજાય છે કાંઈ આમાં ?

**'જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો, એવા મન વડે સ્વરૂપથી બહાર ઊપજ્યો છે ભ્રમ જેને, એવો છે.'** પોતાનું સ્વરૂપ અખંડ જ્ઞાન સ્વરૂપ છે એના અંતર લક્ષે આ પર્યાય (થાય છે એવું) અંતર લક્ષ તો છે નહિ (તો) બહાર લક્ષે પર્યાય ઉત્પન્ન થતાં એ પર્યાયનું અવલંબન પર દેખે છે એટલે બહાર ભમે છે. આ હશે તો હું રહીશ, આ હશે તો હું રહીશ, આ હશે તો હું રહીશ. એટલે એની બહિર્બુદ્ધિ બહારમાં એકાકાર થઈ ગઈ છે. સમજાણું કાંઈ ? હું ત્રિકાળ છું તો રહીશ, હું ત્રિકાળ જ્ઞાયક છું તો અવસ્થા રહેશે એમ ન રહ્યું. સમજાણું કાંઈ ? સારા સમય હોય ને ? સારો. 'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે' નથી કહેતા માણસ ? એવું એક ફેરી વાંચ્યું હતું. 'પાળીયાદ'માં (સંવત) ૧૯૭૫ ના ચોમાસામાં. બારણામાં લખ્યું હતું. ૧૯૭૫ ની વાત છે, ૪૭ વર્ષ થયા. સમય બદલાય, મેં કીધું આ શું લખે છે આ ? એવું આવે છે ને ? કાંઈક ગાયન પણ આવે છે. હશે કાંઈક, પણ એક જણાએ લખ્યું હતું. બારણમાં પેસતા અહીં મોઢા આગળ લખ્યું હતું. 'સમય બદલાય છે ત્યારે બધું બદલાય છે ત્યારે' એ મૂઢ છે એમ (અહીંયાં) કહે છે.

**શ્રોતા :–** બદલાય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું બદલાય છે ? પોતાની અવસ્થા પોતાને કારણે બદલાય એમાં પરને લઈને શું છે ? 'મલૂકચંદભાઈ' ! સમય બદલાય છે ત્યારે બધું બદલાય જાય છે. આ શેઠિયા થઈ ગયા, પૈસાવાળા થઈ ગયા, બધું થયું એમ કહે છે, લ્યો !

**શ્રોતા :–** દેખાય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું દેખાય છે ? ધૂળેય દેખાતું નથી. ઇ તો એનામાં ઇ છે. એની અવસ્થાને લઈને આની અવસ્થા ક્યાં ઉત્પન્ન થઈ છે ? અને સમય બદલાય છે ત્યારે એમ કહે, ભાઈ ! મૂર્ખાઈ આવી. પૈસા જાય, બૈરા જાય, છોકરા જાય. એની હયાતીએ બુદ્ધિ સરખી રહે. એ જાય એટલે મૂઢ થઈ જાય, મૂઢ. કહે છે કે તારી અવસ્થા તે એને લઈને હતી કે તારે લઈને હતી ? સમજાણું કાંઈ ?

એને બિચારાને છે તો બુદ્ધિવાળો માણસ પણ હવે ભ્રમણામાં ગરી ગયો. '...ભાઈ' છે. એને બિચારાને ઠીક હતું અત્યારે બાયડી મરી ગઈ, છોકરો મરી ગયો. અરે..રે..! હાય.. હાય..! હવે પૈસા છે, દુકાન ચાલે છે, બધું ચાલે છે. પણ કોણ જાણે સારું ભ્રમણા આવી લાગી ને કે આમાંથી આટલું ગયું ને એ બધી અવસ્થા બદલી તો હું બદલાઈ ગયો. મને પાંચ પૂછતા, એમ કહેતા હતા. ગામમાં પૂછે એવો માણસ, ડાહ્યો માણસ મગજવાળો. જરી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જરી આમ જ્યાં વાત થાય ત્યાં રોવે. પણ શું છે આ ? અરે..! મારું બધું બદલાઈ ગયું. શું બદલાઈ ગયું આમાં ? કે આ બધી આમ જાહોજલાલી હતી, છોકારાઓ-બૈરાઓ રાંધતા. છોકરાઓ માને નહિ ને છોડીઓ માને નહિ ને હતું એ બધું ચાલ્યું ગયું. હાય.. હાય..! શું ગયું પણ તારું ? અહીંયાં આત્મા ... 'જેચંદભાઈ' ! એમ જ છે, એમ છે. જોયું ? અંદર ખટક લાગી. ઇ જ કહે છે કે મૂઢ જેમ માને છે આવો આ.

બહારની પર્યાયના સ્વકાળના એના કાળે એ બદલાણું એમાં તારી પર્યાયમાં એને કારણે શું ફેરફાર થયો ? સમજાણું કાંઈ ? અને એ રહે તો મારી પર્યાય રહે, એ ન રહે તો પર્યાય ન રહે. એની ઉત્પત્તિની અનુકૂળતા એ, એના સ્વકાળની અનુકૂળતા એ મારા પર્યાયની અનુકૂળતા. મૂઢ છે, એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? સારું હતું ત્યારે પાંચમાં પૂછાય, બોલે. ઇ જ કીધું, જુઓને !

**'જ્ઞેયના અવસરે જ્ઞાનની સત્તા' એવા નિશ્ચયરૂપ છે અભિપ્રાય જેનો,...'** એ મનથી સ્વરૂપથી બહાર ભમી રહ્યો છે. ભ્રમણા એને બહારમાં (થઈ). આ અનુકૂળ રાખું, આ અનુકૂળ રાખું, અનુકૂળ રાખું, એ અનુકૂળ રહે તો મારો પર્યાય અનુકૂળ રહે. 'ફૂલચંદભાઈ' ! બધી સામગ્રી-બામગ્રીની અવસ્થા સરખી હોય તો મારી બુદ્ધિ પણ સરખી રહે. જ્ઞેયને અવસરે. અહીં ઉત્પત્તિની વાત કરી છે, હોં ! પેલામાં નાસ્તિની વાત હતી કે શરીર ને બધી સામગ્રી જાય તો હું જાઉં છું. આ બધી અનુકૂળ રહે તો હું રહું છું, એમ. આ અસ્તિથી (વાત લીધી છે). સમજાય છે કાંઈ ?

કાલમાં એમ હતું કે આ બધી અનુકૂળતા જાય તો હું જાઉં છું, આજમાં એમ છે કે બધી અનુકૂળતા ટકે આમ ટકે તો હું ટકુ, એટલે એ ટકે તો હું ટકુ, એમ. કાલમાં એમ હતું કે આ બધું જાય તો હું જાઉં. સમજાણું કાંઈ ? કેમ હશે આમાં ? 'ચીમનભાઈ' ! બધું સરખુ હોય તો સરખી બુદ્ધિ રહે કે નહિ ? લ્યો ! ધૂળમાં પરને લઈને છે શું પણ ? જ્ઞાનનો વર્તમાન લક્ષ કાળ પરના સમયના અવસ્થા ઉપર લક્ષ ગયું છે એથી એના અસ્તિત્વથી આ ટકવું (થાય છે એમ માન્યું છે) એટલે આને બરાબર ટકાવી રાખું તો હું ટકી રહું. પણ હું મારા ત્રિકાળ જ્ઞાયકથી ટકી રહેલો છું, મારી અવસ્થા ટકવાનું કારણ તો દ્રવ્ય છે, એ કાંઈ ટકવાનું કારણ નથી, એમ અજ્ઞાની માનતો નથી.

'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' કેમ 'જેચંદભાઈ' ? અહીં ઇ જ વાત કહે છે કે મૂઢ છો. તું ક્યાં ગયો પણ ખોવાઈને ? એમ કહે છે અહીં તો. બહાર ભમે છો ? જુઓને શું કીધું ? **'बहिः भ्राम्यन्'** બાહ્યની અવસ્થાની અનુકૂળતાએ તારું ટકવું છે ? શું થઈ ગયું તને ભ્રમ આ ? તારું તત્ત્વ નિરાળું જ્ઞાયક ચૈતન્ય છે એના ટકતા તત્ત્વથી અવસ્થા ઉભી થાય છે, આને લઈને ઉભી થઈ નથી કે જેથી કરીને તું નવો ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લક્ષ પર ઉપર છે ને અને પરના કાળે જ મારી અવસ્થાની ઉત્પત્તિ છે એમ માનનાર **'ભ્રમ જેને, એવો છે. વળી કેવો છે ?'**

**'अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव' 'જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને જાણતી વખતે જ...'** લ્યો ! બીજી ચીજના જાણવાને કાળે જ મારી હયાતી છે. **'જ્ઞાનમાત્ર વસ્તુની સત્તા છે એવો અનુભવ કરે છે, એવો જ છે.'** અજ્ઞાની એમ કહે છે. શું કીધું સમજાણું આમાં ? મોટો ફેર છે, આમ ઉગમણો–આથમણો. જે જ્ઞેયમાત્ર વસ્તુના આલંબન કાળે એને જાણવાના કાળે; આલંબનની વ્યાખ્યા કરી જાણતી વખતે, એ વસ્તુના જાણવાને કાળે જ મારી સત્તા છે. એને જાણવાને કાળે એને કારણે મારી સત્તા છે. મારે કારણે હું જ્ઞાયક ત્રિકાળ ભિન્ન છું, મારી સત્તા છે એમ અજ્ઞાનીને પ્રતીતમાં, શ્રદ્ધામાં આવતું નથી. એ મિથ્યાશ્રદ્ધા કરીને દુઃખી થાય છે, એમ કહે છે. સમજાણું કાંઈ ?

**'જીવાદિ સમસ્ત જ્ઞેયવસ્તુને જાણતી વખતે જ જ્ઞાનમાત્ર વસ્તુની સત્તા છે એવો અનુભવ કરે છે, એવો જ છે.'** નથી કહેતા ? એક જણાને પૈસા બહુ હતા. આ લાકડી રાખી હતી ને હાથમાં કે પૈસા-બૈસા થયા હોય પછી લાકડી છોડી દેવી, છૂટી ગઈ અને જ્યાં પાછા પૈસા ગયા ત્યાં લાકડી લેવી પડી પાછી હાથમાં. સમજાણું કાંઈ ? આ બધા નજરે જોયેલા દાખલા, હોં ! આ શું થયું ? અરે..! કસ ચાલ્યો ગયો, કસ. આ બધી અનુકૂળતા હતી ને ત્યાં સુધી એના જીવનનો ટેકો હતો, જીવનનો ટેકો હતો. એ જીવનના ટેકા એ બધા બાહ્ય સાધન હશે ? માન્યા હતા, હતા કે દિ' ધૂળમાં ? એ પૈસા ને બધું સાધન હોય ને આમ હુંફે ડોલે, હુંફે. એના અવલંબનને કાળે હુંફે ડોલે. જ્યાં એ ફેરફાર થાય તો આ..આ.. (થઈ જાય).

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ તો પેલામાં આવી ગયું. આ તો કહે છે કે એને કારણે હું ફાવી ગયો એમ. એને કારણે મારી સત્તા (છે). મારું હોવાનું જ પરની અવસ્થાને લઈને છે. બાયડી-છોકરા-કુટુંબ સેવા કરનારા, ચાકરી કરનારા અનુકૂળ હોય તો ભાઈ ! હું ટકું, નહિતર હું કે દિ' નો મરી જાત. આ બધા અનુકૂળ છે, છોકરાઓ, બૈરાઓ... આ માંડ ટકી રહ્યો લ્યો ! નહિતર તો મરી જાત. સાચી વાત હતી ? 'નેમિદાસભાઈ' ! શું હશે આ ? માને છે, બાપુ ! તારું તત્ત્વ અનાદિ સનાતન સત્ય (છે). એના અવલંબે આવેલો પર્યાય એને તું પરને લઈને આવેલો પર્યાય (માને છો એમાં) તું આખા દ્રવ્યને ભૂલી ગયો. સમજાય છે કાંઈ ?

જેમાંથી પર્યાયનો પ્રવાહ આવે એવી ચીજને ભૂલી ગયો ભાઈ ! એ પ્રવાહ જાણે આના અસ્તિત્વથી લઈને આવે છે. શબ્દની પર્યાય થઈ ને જ્ઞાન પર્યાય, આના પર્યાય ને આના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય, માન, સમ્માન, કીર્તિ, આબરુની અવસ્થાથી હું ટકી રહ્યો (છું), એ બધું માન જાય તો ભાઈ ! મરણ થાય. માન જાય તો મરણ થઈ જાય. મોઢું દેખાડી શકે નહિ, લ્યો ! એ એક જણો (કહે), શું દેખાડું ? થોડી ખોટ ગઈ (તો કહે), બહાર શું દેખાડું ? મોઢું શું દેખાડું ? ઘરમાં ને ઘરમાં છ મહિના પડ્યો રહ્યો. એ બધા જીવન બાપા ! હુંફના હતા એ ગયા, હવે શું કરીએ ? પણ કોણ ગયું ? ક્યાં તું નહોતો ? ક્યે કાળે નહોતો ? એ કાળે પણ તારી પર્યાયથી તું હતો, અત્યારે પણ તું તારી પર્યાયથી છો, પરને લઈને તારું હોવાપણું નથી. (વાત) બેસે નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, અત્યારે વાત કરશો નહિ. એવી ધર્મની વાતું અત્યારે ન હોય. ક્યારે હોય ત્યારે વળી ? મરવા ટાણે હોય ? હમણાં વાતું ન હોય, ધર્મની વાત હમણાં ન હોય.

કહે છે, '**જ્ઞાનમાત્ર વસ્તુની સત્તા છે એવો અનુભવ...**' અજ્ઞાની પરના લક્ષે પોતાની અવસ્થા ઉત્પન્ન થઈ, એની ઉત્પત્તિએ–પરનો સ્વકાળ (છે), એની ઉત્પત્તિએ મારું ઉત્પન્ન થવું એમ અજ્ઞાની મિથ્યાત્વને અનુભવે છે. મિથ્યાત્વભાવને, અસત્‌ભાવને, દુઃખભાવને અનુભવે છે.

'**તેના પ્રતિ સ્યાદ્વાદી વસ્તુની સિદ્ધિ કરે છે...**' હવે સવળું આવ્યું. '**पुनः स्याद्वादी तिष्ठति**' સમજાણું ? પેલામાં આવ્યું હતું કે નહિ ? '**ज्ञेयालम्बनलालसेन मनसा बहिः भ्राम्यन्**' અને '**अर्थालम्बनकाले ज्ञानस्य सत्त्वं कलयन् एव**' '**कलयन्**' એટલે અનુભવે. એની પર્યાયથી હું જીવું છું, મારું જીવન જ પરની પર્યાયથી છે. ત્યારે જ્ઞાની '**तिष्ठति**'. પેલો મરી ગયો. પરને લઈને હું ટકું છું એમ માનનારે આત્માને મારી નાખ્યો. હવે જ્ઞાની જીવે છે. '**એકાન્તવાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે નથી, સ્યાદ્વાદી જે પ્રમાણે માને છે તે પ્રમાણે છે.**'

'**સ્યાદ્વાદવેદી અર્થાત્ અનેકાન્તવાદી...**' '**तिष्ठति**' સમજાય છે ? '**વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે.**' એટલે પરવસ્તુના કાળે મારો પર્યાય ઉત્પન્ન થયો પણ એ પરને કારણે નહિ, પરને કારણે નહિ. પરવસ્તુના સમયને કાળે મારો પર્યાય ઉત્પન્ન થયો એથી એની નિમિત્તની મિત્રતા છૂટતી નહોતી. જ્ઞાનીને સ્વભાવની મિત્રતા છે માટે પરના અવસરે જે પર્યાય ઉત્પન્ન થઈ (એ) પરને કારણે નહિ, મારા જ્ઞાયકને કારણે ઉત્પન્ન થયેલી છે, એમ કરીને વસ્તુને સ્વરૂપને સાધી શકે છે. સમજાણું ?

'**વસ્તુસ્વરૂપ સાધવાને સમર્થ છે. કેવો છે સ્યાદ્વાદી ?**' '**अस्य परकालतः नास्तित्वं कलयन्**' '**જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી**' '**परकालतः**' જ્ઞેય અવસ્થા જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સામે જાણવાની અવસ્થા છે એ જ્ઞેય અવસ્થા, એનું અહીંયાં જાણપણું (થયું). એનું **'નાસ્તિપણું છે.'** એ જ્ઞેય અવસ્થાનું મારામાં નાસ્તિપણું છે અને જ્ઞેયોને જાણવા જેટલી એક સમયની પર્યાય જેટલું પણ મારા દ્રવ્યમાં નાસ્તિપણું છે. આહા..! આ તો જરી આઘી વાત લીધી. એટલાથી હું નથી. સમજાણું કાંઈ ? **'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી નાસ્તિપણું છે...'** જ્ઞેયાવસ્થાના જાણપણા જેટલો જ હું નથી, એનાથી નાસ્તિ છું. એકલો જ્ઞાયકનો પિંડ ચૈતન્ય છું. આહા..! સમજાણું કાંઈ ?

અહીંયાં આ અસ્તિત્વનો સિદ્ધાંત છે. પરકાળથી નાસ્તિ, પરકાળથી નાસ્તિ અને સ્વકાળથી અસ્તિ. પણ પરકાળથી નાસ્તિ એમ કીધું. પરના જેટલા જ્ઞેયો જાણવામાં આવે છે એટલી પર્યાય તે હું નથી. એથી તો હું નથી પણ એટલા પર્યાય પુરતો પણ હું નથી. એ જ્ઞેયની બધી અવસ્થાથી પણ હું નાસ્તિ છું અને એના જાણવાની પર્યાયના એટલા અંશથી પણ મારું નાસ્તિપણું છે, એટલામાં હું આવી ગયો નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

જ્ઞાયકભાવનું ધ્રુવપણું લક્ષમાં હોવાથી ધર્મી જીવને, સત્યના શરણવંતને જ્ઞાયકભાવનું શરણ લક્ષમાં હોવાથી એક સમયની પર્યાય ને જ્ઞેયની અવસ્થાની મારામાં નાસ્તિ છે, એટલો હું નથી. સમજાણું કાંઈ ? ઓ..હો..હો..! જે જીવ શરીર ને લક્ષ્મીને લઈને છું (એમ માને છે) એ માન્યતા મિથ્યાત્વ છે. રાગ-દ્વેષને લઈને હું છું એ પણ મિથ્યા માન્યતા છે પણ રાગ-દ્વેષ અને પરના જાણવાની પર્યાય જેટલો છું (એમ માને છે) એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ?

પરના જ્ઞેયોના અસ્તિત્વને લઈને મારું અસ્તિત્વ છે એમ માનનાર મૂઢ છે, એને સત્યની ખબર નથી. રાગ-દ્વેષના અસ્તિત્વને લઈને મારા પર્યાયનું અસ્તિત્વ છે, એ પણ મૂઢ છે, સમજતો નથી. પણ એ રાગ-દ્વેષને આકારે જ્ઞાન પરિણમ્યું એટલો હું છું, એ પણ મૂઢ છે. જ્ઞાની એટલો હું છું એમ માનતો નથી. આહાહા..! ભારે વાત, ભાઈ ! 'મગનભાઈ' ! હવે આમાં કેટલું બાયડી, છોકરા, પૈસાની અંદર હુંફ આવતી હશે !

**શ્રોતા :–** કે દિ' આવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હતી કે દિ' ? આહા..!

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી,...'** જાણપણાથી, અવસ્થાના જાણપણાથી **'નાસ્તિપણું છે...'** એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ? હું તો મારા જ્ઞાયકભાવના જાણપણાના અવસ્થાથી નભેલો, ટકેલો છું. દ્રવ્ય વસ્તુ છે એના લક્ષે, જ્ઞાને–એના લક્ષે ધ્રુવથી પરિણમતી પર્યાય એનાથી હું નભી રહ્યો છું. આહાહા..! સમજાણું કાંઈ ? બહુ ઝીણું છે. 'રમણીકભાઈ' ! આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હું એક ચૈતન્યજ્યોત ધ્રુવ સત્ મહા પદાર્થ (છું). એવો, એના અસ્તિત્વને લઈને મારું હોવાપણું છે. એક સમયની જ્ઞેય અવસ્થાના જાણપણા જેટલો પણ હું નથી. આહાહા..! સમજાણું કાંઈ ? એ બધા જાણવાયોગ્ય પદાર્થો છે. એના આમ લક્ષથી જે ઉભો છે એ મૂઢ (જીવની) ન્યાં દૃષ્ટિ પડી છે. એ પોતાની ત્રિકાળની હયાતીના જીવતરનો નકાર કરે છે. સમજાણું કાંઈ ?

અહીં તો સ્વસત્તામાં પરસત્તાનો અંશ પણ નથી. ભગવાનઆત્માના દ્રવ્ય અને પર્યાયના અંશમાં પરસત્તાનો અંશ પણ નથી. પણ પરસત્તાનો અંશ મારામાં છે અથવા એને લઈને મારી આ પર્યાય છે એ મૂઢ જીવ છે. એને પર્યાયના અસ્તિત્વની ઉત્પત્તિના સામર્થ્યની ખબર નથી. અહીં તો પરના જાણપણારૂપ પર્યાય એટલો હું છું (એમ માને છે તે પણ) બાહ્ય બુદ્ધિ છે. પરસત્તા અવલંબનનું જ્ઞાન એ આત્માનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ ? આહાહા..! એ પરમાર્થ જ્ઞાન નથી. જાણપણું **'જ્ઞેયાવસ્થાના જાણપણાથી...'** આહાહા..! સમજાણું કાંઈ ?

જ્ઞાન સ્વભાવને લક્ષે થયેલી અવસ્થા એનું નામ ધ્રુવપણું ને દ્રવ્યને માનીને એણે પર્યાયને અનુભવી. સમજાણું ? પણ જે જ્ઞાનની પર્યાયમાં એકલું પર તરફનું જ્ઞાન (છે), એ જાણપણાથી હું નાસ્તિ છું. આહાહા..! 'ચીમનભાઈ' ! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રનું જ્ઞાન (થાય), આ દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન (થાય) એ બધા પરજ્ઞેય છે ને ? એ બધા પરજ્ઞેય છે. આખો સ્વજ્ઞેય તો રહી ગયો અને એના અવલંબે થતી જ્ઞાનની પર્યાય એ તો રહી ગઈ. અસ્તિત્વના સ્વીકારે જ્ઞાનનો પર્યાય (થયો એ) એનું આત્મજ્ઞાન થયું. સમજાણું કાંઈ ?

અહીં તો જ્ઞેયાવસ્થાના જાણપણાથી મારી નાસ્તિ છે. એમ જ્ઞાની પોતાના આત્માને દ્રવ્યના લક્ષે થયેલું જ્ઞાન એમાં હું છું. પરના લક્ષે થયેલું જ્ઞાન એ મારામાં નથી. ઓહો..! પરવસ્તુ તો મારામાં નથી. સમજાણું ? આ દયા-દાનના વિકલ્પ, રાગ એ મારામાં નથી પણ એના સંબંધી થતું પરાલંબી જ્ઞાનનું જાણપણું એથી પણ હું અહીં નથી. આહાહા..! 'મગનભાઈ' ! ભારે વાત, ભાઈ !

અજ્ઞાનીને એની જ્ઞાન પર્યાયમાં જ્ઞાનનું જ્ઞાન નથી. ફક્ત પરના જ્ઞાનની અવસ્થામાં પોતાપણું માની અને બહાર ભમી રહ્યો છે. બહાર ભમીને ત્યાં જ એનું અવલંબન ત્યાં જ ટક્યું છે. સમજાણું કાંઈ ? મારું જ્ઞાન, જ્ઞાન સ્વરૂપમાંથી દ્રવશે એમ નથી જાણતો. મારા જ્ઞાનની પર્યાય આ બધી શાસ્ત્ર ને પુસ્તક ને પાના ને એમાંથી દ્રવશે. સમજાણું કાંઈ ? દ્રવ્ય હોય ત્યાંથી દ્રવે. ઇ ન્યાં તું ક્યાં દ્રવ્ય હતું ? એટલે આમાંથી ઝરશે, એને આમ લક્ષ જ બહારમાં (રહે છે). સમજાણું કાંઈ ? ભારે ભાઈ ! ટીકા કેવી કરી જુઓને ! ઓ..હો..! સમજાણું ? ભગવાનઆત્મા વસ્તુસ્વરૂપે જ્ઞાનની મૂર્તિ પ્રભુ ! એના અવલંબે થયેલી અવસ્થા, તે રૂપે અભેદ આત્મા (છે) એને જ્ઞાની પોતાનું અસ્તિત્વ સ્વીકારે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનમાં ક્ષયોપશમથી પરના જ્ઞાનની ઘણી દશા થઈ એથી હું મોટો થયો, હું અધિક થયો એમ માનનાર પરના લક્ષે થયેલી જ્ઞાન અવસ્થાને જ પોતાની માને છે. આહાહા..! (અજ્ઞાની વસ્તુને) નથી માનતો. દેખાતું નથી કે આ જ્ઞાયકમૂર્તિ વસ્તુ ભિન્ન છે, એનો પર્યાય તે મારો, આ નહિ. સ્વાલંબી થયેલું જ્ઞાન તે હું. સમજાણું કાંઈ ? એ ક્ષયોપશમના જ્ઞાનમાં પર તરફના લક્ષના જ્ઞાનમાં પણ જે અભિમાન વર્તે છે એ, મારામાં એ જ્ઞાન નથી એમ નથી માનતો, એવડો હું છું એમ માને છે. એ..ઇ..! 'મગનભાઈ' ! જુઓ ! શું કીધું ?

**'જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી, જ્ઞાનમાત્ર જીવવસ્તુનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી નાસ્તિપણું છે એવી પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** અજ્ઞાની એ પ્રતીતિ કરી શકતો નથી. સમજાણું કાંઈ ? આહાહા..! જ્ઞાનનો ડુંગર પ્રભુ ! એના લક્ષે જે જ્ઞાન દ્રવ્યું તે આત્મા, તે આત્મજ્ઞાન, તે પોતાનું હોવાપણું એમ જ્ઞાની સ્વીકારે છે. પરના અવલંબે (થયેલું) જ્ઞાન એ પરમાર્થ જ્ઞાન નથી, એ મોક્ષમાર્ગ નથી, એ મુક્તિના કારણનો ઉપાય પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

ભગવાન જ્ઞાનમાત્ર વસ્તુ છે. વસ્તુ પોતે જ્ઞાનમાત્ર, એકલો જ્ઞાન ધ્રુવ વસ્તુ. એનું જ્ઞેયાવસ્થાના જાણપણાથી મારામાં નાસ્તિ છે એમ જ્ઞાની માને છે. આહાહા..! સમજાણું કાંઈ ? સમ્યગ્દષ્ટિ જીવ ધર્મીની ભૂમિકામાં ધર્મી એમ માને છે કે મારી દશામાં અને હું છું ત્યાં એ પરવસ્તુની તો નાસ્તિ છે, પુણ્ય-પાપની નાસ્તિ છે પણ એ સંબંધીનું પરાલંબી જેટલું જ્ઞાન છે એ પણ મારા સ્વરૂપમાં નાસ્તિ છે. આહાહા..! સમજાણું કાંઈ ?

અહીં તો હજી શુભજોગને લઈને હું છું, એને લઈને મને સમ્યગ્દર્શન થાશે. શુભ જોગથી ક્ષાયિક સમકિત થાય. ભગવાન ! તું બહાર બહુ ભમ્યો, હોં ! કહે છે. અંદર પુંજીમાં માલ પડ્યો છે એની સામું તારી નજર ન ગઈ. રાગની મંદતા શુભજોગ કરે એનાથી ક્ષાયિક સમકિત થાય. એટલે ? પૂર્ણાનંદ પ્રભુનો એને શુભજોગને લઈને વિશ્વાસ આવી જાય. સમજાણું કાંઈ ? અત્યારે કેટલાક આમ ચલવે છે. ભગવાન તારામાં ક્યાં અપૂર્ણતા છે ? ક્યાં ઓશીયાળાપણું છે ? તું તો પૂરો છો ને, ભાઈ ! કે જેથી આવા પરાલંબી જ્ઞાનથી તારું હોવાપણું સ્વીકાર તો આખો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એને અવલંબે જે (જ્ઞાન) થાય તે તારું અસ્તિત્વ છે એને તું ચુકી જા છો, કહે છે. સમજાણું કાંઈ ?

**'એવી પ્રતીતિ...'** **'कलयन्'**, **'कलयन्'** એટલે અનુભવે છે એમ. તેનો અર્થ કર્યો – **'પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** **'कलयन्'**નો અર્થ અનુભવવું થાય છે. સમજાય છે ? અહીં પ્રતીતનો વિષય લીધો એટલે (એમ કહ્યું) પ્રતીતિ કરે છે ધર્મી. હું એક જ્ઞાયકમૂર્તિ ત્રિકાળ ચિદાનંદ (છું) અને તેની તેને અવલંબે થયેલી જ્ઞાન–સ્વજ્ઞાનની દશા એમાં આ નાસ્તિ છે એમ જ્ઞાની પોતાના આત્માને પ્રતીતિ કરે છે. સમજાણું કાંઈ ? ઓ..હો..! પર નિમિત્ત તો મોક્ષમાં મદદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(કરે) નહિ... અહીં તો કહે છે, સજીવ... શું કીધું ? સચેત ક્રિયા. સચેત શરીર, સચેત શરીરથી ધર્મ થાય અરે. ! ભગવાન ! ક્યાં તું ગયો ? ભાઈ ! આહાહા..! સચેત શરીર, જીવવાળું શરીર હોય ને તો એનાથી ધર્મ થાય. ત્યાં સુધી પ્રશ્ન ઉઠ્યો છે. આહા..! ગજબ કાળ ! 'રાજમલજી' કહે છે, અરે..! આ તો ભારે ગજબ કરી છે ! પહેલો પ્રશ્ન ઇ ઉત્પન્ન કર્યો, પંડિત થઈને. ભગવાન ! તેં શું કર્યું ? ભાઈ ! બિચારા માણસને કાંઈ ખબર ન મળે. આહાહા..! સમજાણું ?

એ સજીવ શરીરની પર્યાયને આ જ્ઞાન જાણે ને એ જ્ઞાન આત્માનું નહિ. પર્યાય તો શેની એની હોય ? આહાહા..! સમજાણું કાંઈ ? એ સજીવ આ જડ, માટી, ધૂળ છે એની દરેક સમયની અવસ્થા (થાય) એ આત્માની પર્યાયમાં એનો એકેય અંશ નથી કે જેથી એને લઈને એમાં આત્માની પર્યાય ધર્મની પ્રગટે. એ તો નહિ પણ એ શરીર આવું છે એવું જે જ્ઞાનમાં પર્યાયમાં જણાણું એ પર્યાય પણ આત્માની નથી ને એ પર્યાય મુક્તિનું કારણ નથી. આહાહા..! 'મગનભાઈ' ! ઓહોહો..! અગિયાર અંગનું જ્ઞાન. જ્ઞાનની પર્યાય પરલક્ષે ઉત્પન્ન થઈ એની મારા સ્વરૂપમાં નાસ્તિ છે. એ મારા સ્વરૂપમાં નથી. મારું સ્વરૂપનું હોય એ તો મુક્તિનું કારણ થાય. સમજાણું કાંઈ ? ભારે ઝીણું, ભાઈ !

**'अस्य परकालतः नास्तित्वं कलयन्'** એ પણ પરકાળ કીધો, ભાઈ ! શું પરકાળ ? આહાહા..! સ્વકાળ તો જ્ઞાયકમૂર્તિ ભગવાનઆત્મા એને આશ્રયે થયેલું જ્ઞાન તે સ્વકાળ છે. 'મગનભાઈ' ! આ તો પુરાણી વાત જરીક યાદ કરી હતી કાલે, નહિ ? વાત યાદ તો આવે કે નહિ ? આ વસ્તુ ક્યાં બાપુ ! આ વસ્તુ ક્યાંય સર્વજ્ઞ સિવાય હોઈ શકે નહિ. જેને એક સમયમાં ત્રણકાળ પર્યાયને જાણતા જણાણા. એક સમયનો પર્યાય જાણતા ત્રિકાળ જણાય ગયા. પોતાનો પર્યાય, હોં ! પરનો નહિ. એવું આત્માના એક સમયની પર્યાયનું સામર્થ્ય (છે). સમજાય છે ? એ પર્યાયના સામર્થ્યમાં એકલું પરના જાણવાનો પર્યાય અવલંબે એને પણ અહીંયાં જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ ? ઓહોહો..! કેટલાને કાઢી નાખવા ?

કહે છે, ભગવાન ! તું તો ચૈતન્યમૂર્તિ પ્રભુ છો ને ! આ જ્ઞાનનો મોટો સૂર્ય, જ્ઞાનનો સૂર્ય ! એ જ્ઞાનના સૂર્યને લક્ષે, આશ્રયે જે જ્ઞાનની દશા થઈ એટલો તું. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર એમ ફરમાવે છે, અરે..! આત્મા ! ભગવાન ! તારું તત્ત્વ તો પૂર્ણ છે ને પ્રભુ ! એવા જ્ઞાન પૂર્ણ ભગવાનને અવલંબે થયેલી જ્ઞાનની અવસ્થા તે તારું અસ્તિત્વ છે. આવા અસ્તિત્વને પ્રતીતમાં લીધા વિના આ વિકલ્પ હતો માટે મને ઠીક થયું, આ શરીર અવસ્થા હતી તો મને ધર્મમાં ઠીક પડે આ એ તો મિથ્યાત્વ છે, અસત્ય છે એમ વસ્તુનું સ્વરૂપ નથી. પણ આ શાસ્ત્રના જ્ઞાન અને વીતરાગદેવની શ્રદ્ધાનો વિકલ્પ એનું જે જ્ઞાન... સમજાણું કાંઈ ? આ પંચ મહાવ્રતના પરિણામ અને એ સંબંધેનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન, પરિણામ તો નહિ પણ એ સંબંધીનું જ્ઞાન, એકલા પરાકારે પરિણમેલું જ્ઞાન એ હું નહિ, એ હું નહિ. હું (છું) ત્યાં પરનું અવલંબન હોય નહિ. આહા..! કહો, 'ધર્મચંદજી' ! હવે આ શું કરવું ? આ આવું ઝીણું તત્ત્વ. હવે આમાં જાત્રા ને પૂજા ક્યાંય આવી નહિ. જાત્રા ને પૂજાની ક્રિયા અને એમાં થતો શુભભાવ, એને અવલંબીને એકલું જ્ઞાનનું પરિણમન જ્ઞાન પરજ્ઞેયાકારે થાય એટલો હું, એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં તો કહે છે. 'નવનીતભાઈ' ! માખણ છે, બાપુ ! જુદી જાત છે. આહાહા..!

કહે છે, પોતે ભગવાન જેવડો છે એવો ન માને તો મિથ્યાત્વ, એમ નથી ? જીવને અજીવ માનવો, અજીવને જીવ માનવો એમ મિથ્યાત્વમાં નથી બોલતા ? જીવને અજીવ માનવો. જીવ ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, એમાં થયેલું, એને અવલંબીને થયેલું જ્ઞાન તે જીવ છે. અને આ પરાલંબી થયેલું જ્ઞાન એ જીવનું સ્વરૂપ જ નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ ? ચૈતન્ય મહાસત્તા પ્રભુ ! સર્વજ્ઞ પરમાત્માએ તો તારી મહાસત્તા ચૈતન્યની જોઈ છે. એણે જોઈ એમ તું જો ત્યારે તને સાચુ જ્ઞાન થાય. સમજાય છે ?

અહીં તો સ્યાદ્વાદી એમ જાણે છે. **'કેવો છે સ્યાદ્વાદી ?' 'अस्य परकालतः नास्तित्वं कलयन्'** એ પરકાળ, જે પરને અવલંબે થયેલી અવસ્થા, એનાથી હું નાસ્તિ છું, એનાથી હું નાસ્તિ છું. અજ્ઞાની એમ માને છે કે એટલો જ હું ને એનાથી હું છું. આહાહા..! બાપુ ! માર્ગ તો પ્રભુનો વીતરાગ માર્ગ તો એવો છે. પોતે આત્મા વીતરાગસ્વરૂપ છે. એનું જ્ઞાન નિર્દોષ વીતરાગી જ્ઞાન છે. આત્માનું વીતરાગી જ્ઞાન છે. એ વીતરાગી જ્ઞાનની પર્યાય વીતરાગ જ્ઞાનના અવલંબે થાય એનું નામ ધર્મ છે. એ વીતરાગી જ્ઞાનની પર્યાયમાં જેટલું પરનું અવલંબન રહે અને વીતરાગી જ્ઞાન ન કરે અને રાગ ને પુણ્યના ભાવનું જ્ઞાન કરે એ પણ વીતરાગી પર્યાય નથી, મહાપ્રભુનો એ અંશ નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

પર કાળની અવસ્થા, પાછી એકલી જ્ઞાન અવસ્થા ન લીધી. વસ્તુ એવી જે પહેલેથી લ્યે છે, હોં ! પહેલી તો બે લીધી, અહીં તો એકલી લીધી. કાલે તો બાહ્ય વસ્તુની બે લીધી ને ? કાલે બાહ્ય વસ્તુના બે બોલ આવ્યા હતા ને ? સમસ્ત જ્ઞેય ને જ્ઞેયાકારે પરિણમેલો જ્ઞાનપર્યાય. અહીં વળી સવળું કરી નાખ્યું, પરનું કાઢી નાખ્યું. આમ શરીર, વાણી, મન (જણાય) એ વખતે જે આમ પરની સત્તાના લક્ષે–અવલંબે જ્ઞાનનો પર્યાય થાય એનું નાસ્તિપણું ભગવાનઆત્મામાં છે, તો જ્ઞેયની અવસ્થાનું તો નાસ્તિપણું હોય જ. ઓહો..!

**'એવી પ્રતીતિ કરે છે સ્યાદ્વાદી.'** સમ્યગ્દૃષ્ટિ આમ પ્રતીતિ કરે છે. એ પ્રતીતિ કરે એનું નામ સમ્યગ્દર્શન ને ધર્મ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ ? **'વળી કેવો છે ?' 'आत्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्'** દેખો ! **'જ્ઞાનમાત્ર જીવવસ્તુમાં...' 'आत्म'** શબ્દે જ્ઞાનમાત્ર જીવવસ્તુ, જ્ઞાનમાત્ર પ્રભુ, ચૈતન્યમાત્ર, સ્વભાવમાત્ર ભગવાન. **'निखात' 'અનાદિથી**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**એક વસ્તુરૂપ, અનાદિથી એક વસ્તુરૂપ,...**' પોતે. કેવો (છે) ? '**અવિનશ્વર,...**' નાશ વિનાની ચીજ છે. '**ઉપાય વિના દ્રવ્યના સ્વભાવરૂપ...**' કોઈ ઉપાય વિના દ્રવ્યનો સ્વભાવ જ એવો છે. કોઈ ઉપાય કરીને નિમિત્તથી આટલું છે એમ છે નહિ. '**એવી જે જાણપણારૂપ શક્તિ...**' મારી ત્રિકાળ જ્ઞાનરૂપ શક્તિનું '**તે-રૂપ...**' '**एकपुञ्जीभवन्**' '**હું જીવવસ્તુ છું,...**' '**एकपुञ्जीभवन्**' એકરૂપ જ્ઞાનનો પુંજ પ્રભુ છું એ મારો સ્વ-ત્રિકાળ છે. સમજાણું કાંઈ ?

પહેલા ચાર બોલ લીધા હતા ને ? સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પ પદાર્થમાત્ર વસ્તુ. એ અસ્તિ. પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ પાડવો તે પરદ્રવ્ય. એની નાસ્તિ. પરદ્રવ્યની નાસ્તિ લેવી છે ને ? આહાહા..! સમજાણું કાંઈ ? સ્વક્ષેત્ર એટલે એક અખંડ, અસંખ્ય પ્રદેશનો એક પ્રદેશ, એમ. એક પ્રદેશ. અખંડ પ્રદેશ એ સ્વક્ષેત્ર. એ સ્વક્ષેત્રમાં ભેદ પાડવો કે આ પ્રદેશ, આ પ્રદેશ. એ પરક્ષેત્ર (છે). એ પરક્ષેત્રની આ સ્વક્ષેત્રમાં નાસ્તિ (છે). ભગવાનઆત્મા ત્રિકાળી એકરૂપ તે ત્રિકાળી એક વસ્તુ એક ત્રિકાળ તે સ્વકાળ. ત્રિકાળમાં એક સમયની અવસ્થાનો ભેદ પાડવો તે પરકાળ. સમજાણું કાંઈ ? એ પરકાળની નાસ્તિ (છે). ભારે વાત, ભાઈ ! ભગવાન એક વસ્તુ, ત્રિકાળ એકરૂપ વસ્તુ એ ત્રિકાળ. ત્રિકાળ એક સમય, ત્રિકાળ એક વસ્તુ તે સ્વકાળ અને એક સમયનો અવસ્થાંતર ભેદ લક્ષમાં લેવો તે પરકાળ. પરકાળની નાસ્તિ (છે). ઓહો..હો..! ભગવાન અનંત ગુણનો પિંડ એકરૂપ તે સ્વભાવ, અનંત ગુણનો એકરૂપ તે સ્વભાવ. આ ગુણ છે એવો ભેદ લક્ષમાં લેવો એ પરભાવ. સમજાણું કાંઈ ? ભગવાન અનંત ગુણનો પુંજ એકરૂપ એ સ્વભાવ. આ જ્ઞાન છે એમ ભેદ પાડવો તે પરભાવ. વ્યવહારનો વિકલ્પ – ગુણી છે તે ગુણવાળો (છે) એવો વિચાર પાડવો તે પરભાવ. એ પરભાવમાં સ્વભાવની નાસ્તિ (છે). આહાહા..! સમજાણું કાંઈ ? એ વાત અહીં લીધી છે.

ભગવાનઆત્મા એક સમયનો પ્રભુ પૂર્ણ. '**एकपुञ्जीभवन्**' કીધું ને ? '**એવી જે જાણપણારૂપ શક્તિ તે-રૂપ...**' '**एकपुञ्जीभवन्**' '**હું જીવવસ્તુ છું,...**' એકરૂપ છું. '**અવિનશ્વર જ્ઞાનસ્વરૂપ છું...**' અવિનાશી ધ્રુવ એવો ને એવો હું એકરૂપે છું. જાણે ભલે પર્યાયથી, પણ જાણે છે એકરૂપ પુંજ મારો ત્રિકાળ એક વસ્તુ છું. '**એવો અનુભવ કરતો થકો.**' એ અનુભવ કરતા, એ પર્યાય છે. સમજાય છે કાંઈ ? એ જ્ઞાન વસ્તુ હું છું, અવિનશ્વર જ્ઞાન છું, એવો પર્યાયમાં એનો અનુભવ થવો તે એનો સ્વકાળ કહેવાય છે, અભેદ ગણીને. સમજાણું કાંઈ ? પરકાળથી તે નાસ્તિ છે. આહાહા..! આવી અસ્તિ-નાસ્તિ. એ આસ્તિક છે અને પેલો નાસ્તિક છે, બીજી ભાષાએ એમ કહ્યું. સમજાણું કાંઈ ? શરીર, વાણી, કર્મથી હું માનવું એ નાસ્તિક છે.

કો'ક કાલે કહેતું હતું, પેલો કો'ક મરી ગયો ને ? હું નાસ્તિક મટી ગયો નહોતો. એમ કોઈ કાલે કહેતું હતું. આહાર કરીને ફરીએ (ત્યારે) ઘણા આવે, વાતું કરે. હું નાસ્તિક મટી નથી ગયો, હું નાસ્તિક છું, હું કોઈને માનતો નથી. નાસ્તિક કોઈને માનતો નથી એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોણ માને છે ? શેના અસ્તિત્વમાં એ માન્યું કે હું કોઈને માનતો નથી ? મોટો કવિ હતો, ૯૨ વર્ષની ઉંમરનો. કોઈ કાલે કહેતું હતું. બહુ પૈસા-બૈસા ઘણા ભેગા કર્યા હતા. મારી પાછળ કાંઈ કરવું નહિ પાદરી-પાદરી લાવવા નહિ, હું કાંઈ માનતો નથી. તમે જાણો કે બધું અત્યાર સુધી કર્યું માટે હું નાસ્તિક મટી ગયો છું એમ નથી. હું તો પૂરો નાસ્તિક છું. ઠીક ! ભારે વાત, ભાઈ ! સમજાય છે ? નાસ્તિક પૂરો છું એવો નિર્ણય કઈ ભૂમિમાં કર્યો ? કોણે કર્યો ઇ ? જ્યાં નાસ્તિનો નિર્ણય કરે છે ત્યાં જ અસ્તિ સુચવે છે. એનો અર્થ જ હું પૂરા અસ્તિત્વ, પૂરા અસ્તિત્વવાળો છું. બિલકુલ પૂરા અસ્તિત્વવાળો છું. પૂરો નાસ્તિ છું એટલે મારા સ્વરૂપમાં પૂરું અસ્તિત્વ છે. આનો નાસ્તિ છું, એમ. દૃષ્ટિફેર છે. આહાહા..! કોરો અસ્તિત્વને માનનારો પૂરો નાસ્તિત્વ છું એવું ગુલાટ ખાઈ જાય છે. સમજાણું કાંઈ ? આહા..!

**'એવો અનુભવ કરતો થકો. આવો છે સ્યાદ્વાદી.'** આનું નામ સ્યાદ્વાદી નામ સમ્યક્દૃષ્ટિ. એનું નામ સમ્યક્દૃષ્ટિ, એનું નામ ધર્મી, એનું નામ સમ્યગ્જ્ઞાની, એનું નામ મોક્ષને માર્ગે પડેલો પંથી. આહાહા..!

**શ્રોતા :–** ન હોવાપણાનું જોર ક્યાંથી આવે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ મિથ્યાત્વમાંથી આવે છે ને ! બુદ્ધિ અસત્ય છે ને એમાંથી. હું નથી. ન્યાં છે કે હું છું. હું નથી, હું મને માનતો નથી એટલે શું પણ ? હું મને માનતો નથી એનો અર્થ શું ? હું મને માનતો નથી. એટલે 'હું' (કહ્યું) ત્યાં તો અસ્તિ આવી ગઈ. સમજાય છે ? માનતો નથી એ પણ એક દશા આવી ગઈ, એ પણ અસ્તિ થઈ ગઈ. પણ બહારની ભ્રમણા છે ને એટલે અંદર અસ્તિત્વ એને બેસતું નથી. જ્ઞાની પરથી અસ્તિત્વ ન માનતા પોતાના પૂર્ણ અસ્તિત્વને શ્રદ્ધામાં લે ને અનુભવ કરે તેને ધર્મ થાય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**વસ્તુ પરમાત્મસ્વરૂપ છે. આત્મા પોતે જ પરમાત્મસ્વરૂપ છે. પોતે જ પરમાત્મપણે બિરાજમાન છે. એવા વીતરાગી પરમાત્માનો–છે– તેનો–આદર કર્યો, સ્વીકાર કર્યો ને આશ્રય કર્યો ત્યારે અનુભૂતિ થાય છે. તે એક જ કર્મથી છૂટવાનો ઉપાય છે. માટે હે જીવ ! ટંકોત્કીર્ણ જ્ઞાયક એક શુદ્ધ સ્વભાવનો સ્વીકાર કર, એ જ કર્તવ્ય છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૭૨)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૬૪, ૬૫, પ્રવચન નં. ૪૨
## તા. ૨૩-૦૭-૧૯૭૬
## [૨૪]

**ભાવાર્થ :– ‘આકુલતા રહિત પારમાર્થિક વીતરાગ સુખસે પરાઙ્મુખ...’** આત્માનું સુખ તો એવું છે કે આકુળતા-રહિત, રાગ–રહિત એટલે પરમાર્થે વીતરાગ સુખ. વીતરાગ સુખ સ્વરૂપ ભગવાનઆત્મા એનાથી પરાઙ્મુખ–ઊલટું સંસારનું સુખ-દુઃખ. વિષય-વાસના, ભોગ આદિના દુઃખમાં કલ્પના, એ બધું પારમાર્થિક આત્માના સુખથી ઊલટી દશા છે. પરમાર્થે આત્મા આનંદ સ્વરૂપ (છે), એની જે પર્યાયમાં પરમાનંદ પ્રગટ થવો, એનાથી ઊલટું ઇન્દ્રિયના વિષયો સુખ કે દુઃખ એ બધા જો કે **‘અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સંબંધી હૈ,...’** છે તો એની પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી. સંસારના વિષય કષાયના ભાવો છે તો જીવની પર્યાયમાં, અશુદ્ધ નિશ્ચયથી. સ્વભાવની અપેક્ષાએ નીકળી જાય માટે પુદ્ગલ. પણ થાય છે એની પર્યાયમાં એથી અશુદ્ધ નિશ્ચયથી જીવના છે, એમ કહેવાય છે. **‘જીવ સંબંધી...’** આવ્યું ને ? **‘અશુદ્ધ નિશ્ચયનયકર જીવ સંબંધી હૈ,...’** એની પર્યાયમાં થયો ને ? વિષય કષાયના રાગ દુઃખની કલ્પના કે સુખની કલ્પના એ એની પર્યાયમાં છે ને ?

**‘તો ભી શુદ્ધ નિશ્ચયનયકર જીવને ઉપજાયે નહીં હૈં,...’** વસ્તુ સ્વરૂપ જે છે ત્રિકાળી એણે તો એ સુખ-દુઃખને ઉત્પન્ન કર્યા નથી. આહા..હા..! અશુદ્ધ નિશ્ચયનયથી જીવ સંબંધી ઉપાર્જન કર્યા કહેવામાં આવે છે. ભગવાનઆત્મા ત્રિકાળી એ વસ્તુએ તો એને ઉત્પન્ન કર્યા નથી. દ્રવ્યસ્વભાવ છે એનાથી ઉત્પન્ન થયા નથી, એમ કહે છે. આહા..હા..! દ્રવ્યસ્વભાવ તો આનંદ ને જ્ઞાયક છે. ચૈતન્ય ચિંતામણી રત્ન પ્રભુ ! એનાથી સંસારના સુખ-દુઃખની કલ્પના થઈ નથી. સમજાણું કાંઈ ?

**‘ઇસલિયે જીવકે નહીં હૈં,...’** અશુદ્ધથી જીવ સંબંધી, શુદ્ધથી જીવ સંબંધી નહિ. આહા..હા..! અસ્તિ-નાસ્તિ. મલિનનયની દૃષ્ટિએ જોઈએ તો વિષય–કષાયના ભાવ સુખ-દુઃખ એ જીવ પર્યાયના સંબંધમાં છે અને જીવ સંબંધી પર્યાયદૃષ્ટિએ છે, વસ્તુ દૃષ્ટિએ જોઈએ તો એનામાં છે નહિ. **‘જીવકે નહીં હૈં, કર્મ-સંયોગકર ઉત્પન્ન હુએ હૈં ઔર આત્મા તો વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિર હુઆ વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ,...’** એને આત્મા કહીએ. આહા..હા..! ભગવાનઆત્મા વીતરાગનિર્વિકલ્પ શાંતિ, સમાધિ પર્યાય. પર્યાયમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'વીતરાગનિર્વિકલ્પસમાધિમેં સ્થિર હુઆ (આત્મા) વસ્તુકો વસ્તુકે સ્વરૂપ દેખતા હૈ,...'** આહા..હા..! એ સુખ-દુઃખની કલ્પના પણ વીતરાગ સ્વરૂપે રહેતા, વીતરાગનિર્વિકલ્પ સમાધિમાં સ્થિર થતાં એ રાગાદિને જાણે છે. સંસારના સુખ-દુઃખની કલ્પના. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** જાણનાર

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણે છે, એ એનો સ્વભાવ છે. રાગ થોડો કરવો એ એનો સ્વભાવ નથી.

**'જાનતા હૈ, રાગાદિકરૂપ નહીં હોતા,...'** સ્વભાવ સન્મુખની વીતરાગી શાંતિમાં સ્થિર થઈને જો આત્માને જોવે તો રાગને કરતો નથી, રાગરૂપે થતો નથી, રાગરૂપ થતો નથી. આહા..હા..! **'ઉપયોગરૂપ હૈ,...'** ભગવાન તો જાણવાના ઉપયોગરૂપ છે. વસ્તુ, જે વસ્તુ ભગવાનઆત્મા એ તો ઉપયોગરૂપ છે, એ આ રાગરૂપ થતો નથી. વસ્તુ છે એ રાગરૂપ થતી નથી. આહા..હા..! **'જ્ઞાતા દૃષ્ટા હૈ,...'** પ્રભુ ! તો જ્ઞાતા–જાણનાર ને દેખનાર છે. રાગ થાય એને પણ જાણનાર, દેખનાર છે. સમજાણું કાંઈ ?

**'પરમ આનંદરૂપ હૈ.'** આહા..હા..! ભગવાનઆત્મા તો પરમ અતીન્દ્રિય સુખ સ્વરૂપ, આનંદરૂપ છે. એ રાગના ભાવને કેમ કરે ને કેમ ભોગવે ? એ તો જાણે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ તો 'પરમાત્મપ્રકાશ' છે ને ? એ પોતે પરમાત્મ સ્વરૂપ જ છે. એ પરમાત્મ સ્વરૂપ આનંદને પોતાના આનંદને કરે પણ સુખ-દુઃખની કલ્પનાના વિષયના સુખને કેમ કરે ? આહા..હા..! જેની દૃષ્ટિ, ભગવાન આનંદ સ્વરૂપ છે, એમાં જેની દૃષ્ટિ પડી છે, એ તો આનંદની દશાને કરે. સંસારના સુખ-દુઃખની કલ્પનાને જાણે. આહા..! આવી વાત છે.

**'યહાં પારમાર્થિક સુખસે ઊલટા...'** ભગવાનઆત્માનો જે આનંદ, સુખ, પરમાત્માનું આનંદ, સુખ એનાથી **'ઊલટા જો ઇન્દ્રિયજનિત સંસારકા સુખ-દુઃખ...'** આહા..હા..! સંસારની પ્રતિકૂળ-અનુકૂળતામાં રાગ-દ્વેષને અનુકૂળ-પ્રતિકૂળ થવું. **'આદિ વિકલ્પ સમૂહ હૈ વહ ત્યાગને યોગ્ય હૈ,...'** આહા..હા..! એ સંસારના વિષય સુખમાં રાગાદિ થાય એ છોડવા જેવું છે, એ આદરવા જેવું નથી. પરમાનંદ સ્વરૂપ ભગવાનઆત્મા એનો આનંદ પર્યાય પ્રગટ થાય તે આદરવા જેવો છે. રાગાદિ ભાવ તે આદરવા જેવો નથી. **'ઐસા ભગવાન્‌ને કહા હૈ, યહ તાત્પર્ય હૈ.'** તાત્પર્ય છે ને ? ટીકામાં તો એટલું છે **'हेयमिति तात्पर्यार्थः'** એમ. એ હેય છે ને પરમાર્થ સુખ, આત્માના આનંદનું સુખ તે ઉપાદેય છે. આહા..હા..!

કેટલું ધીરું... કેટલી બહારથી એને દૃષ્ટિને સંકેલવી પડે, એમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવ સન્મુખમાં અનંત પુરુષાર્થ છે. એવા અનંત પુરુષાર્થના આનંદની આગળ કહે છે કે આ વિષયના સુખની કલ્પનાઓ, વિકલ્પો બધા છોડવા લાયક છે. ઝેરના પ્યાલા છે. આહા..હા..! શરીરની સુંદરતા, નમણાઈ, ઇન્દ્રિયોની પુષ્ટિ એમાં થતો જે સુખનો વિકલ્પ,..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા..! એ છોડવા જેવો છે. પાંચ ઇન્દ્રિય, સુંદર નમણાઈ, અનુકૂળતા, ખોરાકની અનુકૂળતામાં શરીરની પુષ્ટિ આદિ એનાથી ઉત્પન્ન થતી ઇન્દ્રિય જનીત કલ્પના એ ઝેર છે, દુઃખ છે. ભગવાન પરમાનંદના આશ્રયે જે સુખ ને આનંદ થાય એની આગળ એ ઝેર છે, એ છોડવા જેવું છે. **'એસા ભગવાન્‌ને કહા હૈ, યહ તાત્પર્ય હૈ.'** ઇન્દ્રિયના સુખોનું આકર્ષણ થાય, પર તરફના વલણનો ઝુકાવ (થાય) એ બધા વિકલ્પો ઝેર ને દુઃખ છે. ભગવાન આનંદ સ્વરૂપની સન્મુખતાનો ઝુકાવ થાય એ આનંદ સ્વરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

છ ખંડના રાજા ચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રીઓ, એક સ્ત્રીરત્નને તો હજાર દેવ સેવા કરે એવી શરીર ને સામગ્રી બધી ઊંચી પણ એના તરફનો પ્રેમ (એ) ઝેર છે. ભગવાન આનંદ સ્વરૂપ પ્રભુ એનો આદર છોડીને આવા આદરમાં જાવું એ ઝેરના પ્યાલા પીવે છે. માટે તે અમૃત સ્વરૂપ ભગવાનની સામું જોઈ અને આનંદને પ્રગટ કરીને આ વિકલ્પને હેય કરવા જેવો છે. આહા..હા..!

**શ્રોતા :–** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પ્રકારના પુરુષાર્થ છે !

ઉત્તર :– આ મોક્ષનો પુરુષાર્થ છે. સ્વભાવ તરફનો મોક્ષનો પુરુષાર્થ, ભોગ તરફનો એ કામનો પુરુષાર્થ, પૈસા રળવા તરફનો એ અર્થનો પુરુષાર્થ (છે). એ બધો ઝેરીલો પુરુષાર્થ છે.

**શ્રોતા :–** એ બધાનો પુરુષાર્થ તો કરે છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુરુષાર્થ કરે છે, ઝેરનો. ઝેર પીવે છે. આહા..હા..! હોડ કરે છે. બીજો આમ કરે તો એનાથી હું વધારે કરું, રાગ. પુરુષાર્થ કરીને રાગથી પૈસા મેળવું, વિષયની સામગ્રી (ભોગવું),... આહા..હા..! સ્ત્રી આદિને રાજી કરું, એનાથી રાજી થાઉં. આહા..હા..! અમૃતનો નાથ પ્રભુ ત્યાં રાગમાં રોળાય જાય છે. અમૃતનો સાગર ભગવાન એ રાગમાં રોળાય જાય છે. આહા..હા..! 'પરમાત્મપ્રકાશ' છે ને ? પોતે પરમાત્મ સ્વરૂપનો પ્રકાશ કરવો, આનંદની દશા પ્રગટ કરવી એ સુખરૂપ છે. આહા..હા..! એ ૬૪ (ગાથા પૂરી) થઈ. ૬૫ (ગાથા).

**'નિશ્ચયનયકર બન્ધ ઔર મોક્ષ કર્મજનિત હી હૈ, કર્મકે યોગસે બન્ધ ઔર કર્મકે વિયોગસે મોક્ષ હૈ, એસા કહતે હૈં...'** એકદમ દ્રવ્ય સ્વભાવ, એમાં બંધન છે એ પર્યાયનયે છે અને મુક્તિ છે એ પર્યાયનયે છે. એટલે કર્મથી બંધન ને કર્મના છૂટવાથી મુક્તિ એમ કહ્યું. આહા..હા..! ચડતી જશે ગાથા, હોં ! ૬૮, ૬૮ સુધી લઈ જશે.

**बंधु वि मोक्खु वि सयलु जिय जीवहँ कम्मु जणेइ।**
**अप्पा किंपि वि कुणइ णवि णिच्छउ एउँ भणेइ।।६५।।**

આહા..હા..! નિશ્ચય એમ ભણે છે. **'હે જીવ બંધકો ઔર મોક્ષકો...'** ભાવબંધ ને દ્રવ્યબંધ, ભાવમોક્ષ ને દ્રવ્યમોક્ષ, **'સબકો જીવોંકે કર્મ હી...'** આહા..હા..! **'કરતા હૈ, આત્મા કુછ**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ભી નહીં કરતા,...'** દ્રવ્યસ્વભાવ એ શું કરે ? એમ કહે છે. આહા..હા..! ***પર્યાયનયથી બંધ છે ને પર્યાયનયથી મુક્તિ છે. આહા..હા..! વસ્તુને બંધ, મોક્ષ ક્યાં છે ?*** આહા..હા..! **'મોક્ષકો સબકો જીવોંકે કર્મ હી કરતા હૈ,...'** પર્યાયબુદ્ધિથી થાય છે એ કર્મથી થાય છે એમ કહ્યું. અને પર્યાયમાં નિર્મળતા થાય છે એ પણ કર્મના અભાવરૂપે થઈ એટલે પર્યાયમાં મુક્તિ પણ કર્મે કરી, એમ કહ્યું.

ભગવાનઆત્મા એક આનંદનું દળ છે, ચિદ્રૂપ છે. ચિદ્રૂપ-જ્ઞાન જેનું સ્વરૂપ છે, એકલો જ્ઞાનકંદ છે. એ પર્યાયમાં શું કરે ? એમ કહે છે. પર્યાયમાં રાગને ને પર્યાયમાં રાગના અભાવને એ પર્યાયનયે કરે, કર્મ કરે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિમિત્તવાદીની અહીં વાત નથી. નિમિત્તવાદીને બન્ને સારા, વાત સાચી. ભાઈ ! કઈ અપેક્ષાએ વાત છે ? ***બાપુ ! દ્રવ્યસ્વભાવ છે તે પર્યાયને કરતું નથી, રાગની પર્યાયને કરતું નથી કે મોક્ષની પર્યાયને દ્રવ્ય કરતું નથી, એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! બંધ-મોક્ષ તો પર્યાયમાં છે, જીવમાં-દ્રવ્યમાં ક્યાં છે ?*** આહા..હા..! બંધ ને મોક્ષ બન્ને વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળ છે તે નિશ્ચયનો વિષય છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આહા..હા..! પરમાત્માની લીલા છે, પોતાની, હોં ! આહા..હા..! અજ્ઞાનભાવથી પર્યાયમાં કર્મ ઉત્પન્ન કરે અને જ્ઞાનભાવથી પર્યાયમાં મુક્તિ થાય, એ બધી પર્યાયમાં થાય એટલે કર્મ અશુદ્ધતા કરે છે ને કર્મ છૂટે તો મુક્તિ થાય, એમ અશુદ્ધનિશ્ચયના કથન છે. આહા..હા..!

**'કુછ ભી નહીં કરતા,...'** ભગવાનઆત્મા કાંઈ કરતો નથી. વસ્તુ છે એ શું કરે ? આહા..હા..! એની-પરમાત્માની દૃષ્ટિ કરાવવી છે. પરમાત્મા સ્વરૂપે ભગવાન (છે). અરે..! ભાઈ ! એ વાત બેસે એ તો અલૌકિક વાતું છે. બેસે છે પર્યાયમાં પણ એ પર્યાય દ્રવ્ય આ હું (એમ માને છે) પરિપૂર્ણ ભગવાન બંધને કરે નહિ, મોક્ષને કરે નહિ એવી વસ્તુ ધ્રુવ ધાતુ. આહા..હા..! એવી દૃષ્ટિ કરાવવા બંધ ને મોક્ષ કર્મ કરે છે, પર્યાયથી થાય છે એટલે કર્મથી થાય છે, એમ. ભગવાન દ્રવ્યથી થાતું નથી એટલે દ્રવ્યથી થાતું નથી. આહા..હા..! અરે..! **'નિશ્ચયનય એસા કહતા હૈ, અર્થાત્ નિશ્ચયનયસે ભગવાન્‌ને એસા કહા હૈ.'**

**ભાવાર્થ :– 'અનાદિ કાલકી સંબંધવાલી...'** ભાષા દેખો ! **'અનાદિ કાલકી સંબંધવાલી અયથાર્થસ્વરૂપ અનુપચરિતાસદ્ભૂતવ્યવહારનયસે...'** અયથાર્થસ્વરૂપ, અભૂતાર્થસ્વરૂપ. આહા..હા..! અનુપચરિત એટલે કે કર્મ અને રાગ નજીક છે ને આમ ? અનુપચરિત પણ અસદ્ભૂત (અર્થાત્) આત્મામાં એ છે નહિ. એવો **'વ્યવહારનયસે જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મબંધ ઔર અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો...'** બન્ને લીધા. અયથાર્થસ્વરૂપ, અભૂતાર્થસ્વરૂપ વ્યવહાર. અનુપચરિત-નજીકના સંબંધથી અસદ્ભૂત વ્યવહારનયથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મબંધન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરે. આહા..હા..! **'અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો...'** કરે. આહા..હા..! પેલું જડકર્મ છે ને એટલે નિમિત્તથી અસદ્દ્ભૂત વ્યવહાર કહ્યું. અને આ ભાવ છે તે એના પર્યાયમાં અશુદ્ધ નિશ્ચયથી છે. સમજાણું ? દ્રવ્યકર્મનું કરવું તો અયથાર્થ અસદ્દ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવે છે. પરની સાથે શું ? એ બંધાય છે તો એને કારણે, છૂટે છે એને કારણે પણ નિમિત્તનો નજીક સંબંધ દેખીને તે નયે એમ કહ્યું કે જ્ઞાનાવરણીય કર્મને વ્યવહારનયથી કરે.

**'અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો (કરે)...'** આહા..હા..! ભાવકર્મનો બંધ અશુદ્ધનિશ્ચયથી છે. આ નયો તો સહેલી છે. પરની અપેક્ષાવાળી નય તે અસદ્દ્ભૂત છે અને સ્વના અશુદ્ધનય અપેક્ષાએ એને અશુદ્ધ નિશ્ચય પોતાની છે, પોતાથી થાય છે. આહા..હા..! **'દોનોં નયોંસે દ્રવ્યકર્મ ભાવકર્મકી મુક્તિકો...'** આહા..હા..! દ્રવ્યકર્મ પણ અયથાર્થ અનુપચરિત અસદ્દ્ભૂત વ્યવહારથી છોડે છે અને રાગને અશુદ્ધનિશ્ચયથી છોડે છે. આહા..હા..! સમજાણું ? રાગને અશુદ્ધનિશ્ચયથી છોડે છે અને અશુદ્ધ વ્યવહારનયથી કર્મને છોડે છે. આહા..! એણે ઘણું ગંભીર થવું પડશે !

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છોડે. પર્યાયમાં છૂટે છે ને ? દ્રવ્યમાંથી ક્યાં ? મોક્ષની પર્યાય યથાર્થપણે તો સદ્દ્ભૂત વ્યવહારનયનો વિષય છે. એના અશુદ્ધ નિશ્ચય છૂટે છે, એમ કહીએ. અશુદ્ધ નિશ્ચય કહો કે વ્યવહાર કહો. આહા..હા..!

**'અશુદ્ધનિશ્ચયનયસે રાગાદિ ભાવકર્મકે બંધકો તથા દોનોં નયોંસે...'** અસદ્દ્ભૂત વ્યવહારનયથી જીવ દ્રવ્યકર્મને છોડે છે, એમ. અશુદ્ધનિશ્ચયનયથી ભાવકર્મને છોડે છે. યદ્યપિ જીવ આ રીતે પર્યાયમાં કરે છે. ***આહા..હા..! પર્યાય ને દ્રવ્ય બે એક નથી, એમ કહે છે.*** અશુદ્ધનિશ્ચયથી રાગને છોડે છે એ પર્યાયમાં, દ્રવ્યમાં કંઈ છે નહિ. દ્રવ્યકર્મને બાંધવું-છોડવું, ભાવકર્મને બાંધવું-છોડવું વસ્તુ સ્વરૂપમાં નથી. આહા..હા..! આવી નય છે, ઇન્દ્રજાળી નય. ભગવાન ! તારી નય ઇન્દ્રજાળ છે. આહા..! ઇન્દ્રજાળ કરીને પર્યાયમાં ઊભો થાય છે. આહા..! પાછો સંકેલે છે એ પણ અશુદ્ધનયથી, એમ કહે છે. શુદ્ધ સ્વરૂપ ત્રિકાળમાં એ ક્યાં છે ? આહા..હા..!

અરે..! એને વખત લેવો પડશે, ભાઈ ! આ સંસારના પાપ માટે આખો દિ' ને રાત ધંધામાં પાપના પોટલા બાંધે. ચોવીસે કલાક દુકાને, એને આ આત્માનું હિત કરવું હોય તો એણે નિવૃત્તિ લેવી પડશે. એને સમજવા માટે બાહ્યથી નિવૃત્તિ હોય તો એને સાંભળવાનું મળે, તો એને વિચારવાનું મળે, સત્ય શું છે તેનો નિર્ણય કરવાનું મળે. આહા..હા..! આવી વાત છે, બાપુ ! અરે..! ચોરાશીના ભવ,... આહા..હા..! એ દરિયામાંથી જ્યાં જોતાને, અહીં 'દાદર' માં અઢાર દિ' રહ્યા ને દરિયાને કાઠે. દરિયો નજીક ત્યાં. આહા..હા..! ક્યાંય પાણીનો છેડો ન મળે. આ 'આમોદ'વાળાના મકાને ઉતર્યા હતા. 'આમોદ'વાળા 'રમણીકભાઈ' દિગંબર

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે 'આમોદ, આમોદ' આપણે 'ગુજરાત'ના. પાંચ, છ કરોડ રૂપિયા છે, નરમ માણસ છે. અહીં વિનંતી કરવા આવ્યા હતા. મહારાજ ! 'દાદર'માં અમારે ઘરે ઉતરવું. એ ૭૦ લાખનું તો એનું એક મકાન છે. પાંચ, છ કરોડ રૂપિયા છે, નરમ માણસ છે. આખો દિ' બિચારા ધ્યાન રાખીને, પ્રવૃત્તિ એની ઓછી કરીને સાથે રહેતા, બન્ને ભાઈઓ. આમ દરિયો નજીક, હોં ! અહીં તરત ... આહા..હા..!

આ પાણીના દળ, નીચે કેટલું પાણી, આમ કેટલું પાણી એક એક બિંદુમાં અસંખ્ય જીવ, ભાઈ ! એ જીવો એમાં ને એમાં મરે ને ઊપજે. પેલા થાય ને ... ? પાણીના ... મરે, ક્ષણે ક્ષણે અસંખ્ય મરે અને પાછા ત્યાં ને ત્યાં એ ઊપજે ને કો'ક બીજે ઊપજે. આહા..હા..! પાણીના કાંઠે આમ અથડાય ને ? પાણી અથડાય એમાં મરી જાય પાણીના જીવ અને ક્ષણે ક્ષણે કેટલા મરે અને એ પછી ત્યાં ઊપજે, વળી ત્યાં ઊપજે કે બીજે ઊપજે. આહા..હા..! આ ભવસમુદ્ર–દરિયો અને માથે જોઈએ તો સેંકડો ધોળા બગલા માછલા પકડવા ફરતા હોય. વીસ વીસ માઈલ ! કાંઠેથી વીસ માઈલ સુધી બગલા જાય માછલા લેવા, પકડવા. તરતાં તરતાં ચાલ્યા જાય. આહા..હા..! વીસ માઈલ એટલે ? દસ ગાવ. વળી દસ ગાવ પાછા આવે. ન્યાં દરિયામાં તો કાંઈ બેસવા ન મળે. આહા..હા..! કેટલી મહેનત કરે બિચારા ! બગલા, બગલા સમજો છો ? ધોળા. આમ દેખાતા. કીધું, ભાઈ ! આ બગલા ક્યાં સુધી જાય ? ભાઈ કહે, 'રમણીકભાઈ' કહે કે વીસ માઈલ સુધી જાય છે. એ તો ન્યાં કાયમ રહેનારા. બંગલો છે, સીત્તેર લાખ રૂપિયાનો તો એક બંગલો છે. એમાં ઉપર ઉતર્યા હતા. શેઠ આવ્યા હતા ને ? નહોતા ન્યાં 'દાદર' ?

**શ્રોતા** :– તબીયત સારી નહોતી માટે ....

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– નહોતી, હા ઠીક. નહિતર આવ્યા વિના રહે નહિ.

**શ્રોતા** :– આપનો ઉતારો જે જગ્યાએ થઈ જાય તે ધન્ય થઈ જાય છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ઇ તો છે, આ તો એક સંસાર આમ દેખતા, દેખતા... આહા..હા..! આ સંસારસિંધુ–દરિયો એમાં પાણીના જીવપણે થવું. આહા..હા..! અને એ આમ ઊંડું કેટલું, આમ કેટલું એ બધું પાણી જીવના દળ ભર્યા છે, એકેન્દ્રિય જીવ. આહા..હા..! એ ક્યારે મનુષ્ય થાય ? એને ક્યારે આવી વાત સાંભળવામાં મળે ? અરે..! દુર્લભ વસ્તુ છે, ભાઈ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

એમાં હવે વળી અહીં આત્મા... આહા..હા..! અશુદ્ધનિશ્ચયથી બંધ ને અશુદ્ધનિશ્ચયથી મુક્તિ. ગજબ છે ને ? શુદ્ધનિશ્ચયમાં મુક્તિ કેવી ? કહે છે. મુક્તિ તો પર્યાય થઈ, અશુદ્ધથી છૂટવું. એ..ઇ..! આ શુદ્ધ ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદનો નાથ એ શુદ્ધનિશ્ચયમાં તો ભાવબંધ પણ નથી અને બંધથી છૂટવું એમાં નથી. પર્યાયમાં ભાવબંધ ને પર્યાયમાં છૂટવું છે. આહા..હા..! સમજાણું કાંઈ ? જે જે ક્ષેત્રમાં હોય, તે તે ક્ષેત્રને આકારે જાણે આત્મા એ ક્ષેત્રનો થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગયો હોય એમ માને. આ ક્ષેત્ર તો પર છે. શરીરનું ક્ષેત્ર પર છે પણ ત્યાં ઊપજે એટલે જાણે એ ક્ષેત્ર આકારવર્તી થઈ ગયો. આહા..હા..! એ બધું અશુદ્ધનિશ્ચયથી છે, એમ કહે અને છૂટવું પણ અશુદ્ધનિશ્ચયથી છે. આહા..હા..! છે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છૂટવું ક્યાં છે ? પર્યાયમાં બંધ ને પર્યાયમાં મોક્ષ. આહા..હા..! દ્રવ્યથી ભિન્ન. તેથી દ્રવ્યમાં નહિ બંધ ને દ્રવ્યમાં નહિ મોક્ષ. આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો અભાવ થાય છે, એ શુદ્ધનય ક્યાં આવ્યું ન્યાં ? એનો આશ્રય દ્રવ્યનો કરવો ત્યાં શુદ્ધનય છે. પર્યાયના આશ્રયે જેટલી વાત એ બધી વ્યવહારનયની છે. અશુદ્ધનિશ્ચય કહો કે વ્યવહાર કહો. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાય પણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયનો નહિ. આહા..હા..! કેવળજ્ઞાનની પ્રાપ્તિ સદ્ભૂત વ્યવહાર છે. આ નિશ્ચયનયમાં આપણે ૧૧ માં આવ્યું નહિ ? વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે. આહા..હા..! એટલે શું ? ૧૧મી ગાથા, પહેલી શરૂઆતની ટીકા. વ્યવહાર બધો અભૂતાર્થ હોવાથી અભૂત અર્થને પ્રગટ કરે છે તેથી તે હેય છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ હોવાથી શુદ્ધ અર્થને એ પ્રગટ કરે છે, ત્રિકાળીને પ્રગટ કરે છે. એટલે બધો વ્યવહાર અભૂતાર્થ. કેવળજ્ઞાન પણ સદ્ભૂત વ્યવહારનો વિષય એને અહીંયા અભૂતાર્થ કીધો.

**શ્રોતા :–** આશ્રય કરવાયોગ્ય છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... આશ્રય નથી ને જાણવા યોગ્ય છે. સમજાણું કાંઈ ? આ તો ભાઈ ! અંતરમાં, અરે..! કોઈ દિ' એણે જોવાની મહેનત કરી નથી અંદર. પ્રભુ જ્યાં બિરાજે છે, પોતે પ્રભુ પરમાત્મા ! આહા..હા..! એને જોવાને એણે કોઈ દિ' દરકાર કરી નથી. આહા..હા..! એ દરકાર કરી નથી એ પણ અશુદ્ધનયથી છે અને દરકાર કરે એ પણ (અશુદ્ધનયથી છે). આહા..હા..!

આનંદનો નાથ જ્યાં ઝુલી રહ્યો છે. આ..હા..! એકલો આનંદકંદ રસ, જ્ઞાયકરસ, ચૈતન્ય રસ, ધ્રુવધાતુ, ચૈતન્યરૂપ ધ્રુવધાતુ. ધ્રુવપણું જેણે ચૈતન્યનું ધારી રાખ્યું છે. એકરૂપ ત્રિકાળ. આહા..હા..! એની એણે નજરું કરી નથી, એ માટે આ બધી વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? અહીં તો નજર કરવી એ પણ કહે છે કે અશુદ્ધનિશ્ચય છે. આહા..હા..! એ વસ્તુ પોતે એ છે પણ એના ઉપર પર્યાય છે ને ? આહા..હા..! એ વ્યવહારનય છે. નિશ્ચય મોક્ષમાર્ગ દ્રવ્યને લક્ષે થાય એ વ્યવહાર છે. આહા..હા..! ત્રિકાળપણું જે ચીજ છે, એ મોક્ષમાર્ગ પર્યાયમાં પણ આવતી નથી, રાગના ભાવમાં આવતી નથી. રાગમાં તો ન આવે પણ એના મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય એમાં પણ ન આવે કેમ કે એ વ્યવહાર છે. આહા..હા..! આ તો જાણવા જેવી ચીજ છે, બાપુ ? ચૈતન્યહીરાને એણે પરખ્યો નહિ. એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે આ બધી વાત કરે છે. પર્યાયથી બંધ ને પર્યાયથી મુક્તિ. રહી ગયો ભગવાન ભિન્ન. સમજાણું કાંઈ ? જેની કિંમત કરવા જેવી છે એ રહી ગઈ.

**'દોનોં નયોંસે...'** અસદ્‌ભૂત વ્યવહારનયથી દ્રવ્યકર્મથી છૂટે, અશુદ્ધ નિશ્ચયનયથી ભાવકર્મથી છૂટે. આહા..હા..! છે ને ? એવું કરે છે. **'તો ભી...'** આહા..હા..! **'શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે...'** આહા..હા..! શુદ્ધ પારિણામિક ત્રિકાળી સહજ સ્વરૂપ છે, પારિણામિક એટલે સહજ સ્વરૂપ. ત્રિકાળી સ્વરૂપ છે, જેમાં પર્યાયનું થવું પણ નથી, પર્યાયનું જવું નથી. આહા..હા..! પર્યાય પ્રવેશ કરતી નથી, પર્યાય ઉપર ઉપર તરે છે. આહા..હા..! એવો **'શુદ્ધપારિણામિક પરમભાવ...'** જોયું ? ક્ષાયિકભાવ આદિ અપરમભાવ છે, અપરમભાવ. આહા..હા..! આ ભગવાન પરમભાવ અસ્તિ શાશ્વત્ છે ને ? પરમ સ્વભાવભાવ એનું હોવાપણું શાશ્વત છે. ક્ષાયિકભાવનું હોવાપણું પણ સાદિ અનંત છે. આહા..હા..! એ પર્યાય છે, નાશવાન છે, ક્ષાયિકભાવની પર્યાય પણ નાશવાન છે, કેમ કે એક સમયે થાય ને બીજે સમયે નાશ પામે. ભગવાન અંદર અવિનાશી એકરૂપ છે. આહા..હા..!

એવા **'શુદ્ધપારિણામિક પરમભાવકે ગ્રહણ કરનેવાલે...'** એટલે જાણવાવાળી. **'શુદ્ધનિશ્ચયનયસે નહીં કરતા હૈ,...'** શુદ્ધનિશ્ચયનયથી રાગને કરતો નથી, બંધને કરતો નથી, મોક્ષને કરતો નથી. આહા..હા..! વસ્તુ પર્યાયને શું કરે છે ? આહા..હા..! પર્યાય પર્યાયને કરે. જુઓ ! એ સર્વજ્ઞનો પંથ છે. જિનવરદેવ એમ ભગવાન ભાખે છે. આહા..હા..! 'પરમાર્થ વચનીકા' માં કહ્યું નહિ ? કહ્યું હતું ને ? બતાવ્યું હતું. 'પરમાર્થ વચનીકા' 'બનારસીદાસ'. દ્રવ્ય છે તે નિશ્ચય છે અને નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો છે એ વ્યવહાર છે. પર્યાય છે ને ? દ્રવ્ય ને પર્યાયમાં દ્રવ્ય નિશ્ચય છે ને પર્યાય વ્યવહાર છે. ચાહે તો મોક્ષની પર્યાય હો અને ચાહે તો કેવળીની હો, પણ એ વ્યવહાર છે. આહા..હા..!

**'શુદ્ધપારિણામિક પરમભાવ...'** એમ શુદ્ધ કેમ લીધો ? - કે પર્યાયને પણ પારિણામિક કહેવાય છે. ઉદયભાવ, ઉપશમભાવને પારિણામિક કહેવાય છે પણ એ અશુદ્ધ પરિણામિક છે. શુદ્ધ ત્રિકાળ છે. એ 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે, આમાં પારિણામિકના ભેદ આવે છે ને ? અશુદ્ધના. જીવ ભવ્ય, અભવ્ય છે. એ ત્રણ પડ્યા ઇ ભેદ થઈ ગયા. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છે, આમાં આવે છે. એક સમયની મોક્ષની પર્યાય, તે પણ નાશવાન (છે). બીજે સમયે તો વ્યય થઈ જાય છે. આહા..હા..! એથી એ પર્યાય પણ... આ શ્રુતજ્ઞાનીને માટેની વાત છે, હોં ! જેને થઈ ગયું એને કાંઈ નથી. જેને નયથી જાણવું (થાય છે) એને માટે આ છે. નય છે એ શ્રુતજ્ઞાનીઓને માટેનો (ભેદ છે). મોક્ષ થઈ ગયો એને વ્યવહાર નથી. આ તો જે સાધક છે, શ્રુતજ્ઞાનના ભેદ નયથી જાણે છે એને મોક્ષ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એને નય ક્યાં છે ત્યાં ? એ તો આવતું નથી ? ત્યાં શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ. આવે છે ને ? 'સમયસાર'માં 'આસ્રવ અધિકાર', 'આસ્રવ અધિકાર'. કેવળજ્ઞાનમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શુદ્ધનય પૂર્ણ થઈ ગઈ. એટલે કે આશ્રય લેવાનો હતો તે લઈ લીધો, પૂરો થઈ ગયો. આસ્રવમાં આવે છે. 'સમયસાર' તો અધ્યાત્મના... આહા..હા..! મોટા ગંજ છે !! અધ્યાત્મના નિધાન છે.

**'બંધ ઔર મોક્ષસે રહિત હૈ,...'** લ્યો ! પરમ શુદ્ધપારિણામિકભાવ એ તો બંધ ને મોક્ષથી રહિત છે. આહા..હા..! **'એસા ભગવાનને કહા હૈ.'** લ્યો ! આમાં છે ને ? ન્યાં આવ્યું છે ને ? **'कोऽसौ। निश्चय इति।'** એમ. એ પછી ભગવાનનું કહેલું છે. એનો ખુલાસો કર્યો. શુદ્ધ ઉપાદેય **'इति'** ભાવાર્થ છે, એમ. આહા..હા..!

**'વહી શુદ્ધાત્મા આરાધને યોગ્ય હૈ.'** લ્યો ! આરાધનાની પર્યાય છે એ અશુદ્ધનયની છે. આરાધવું છે ત્રિકાળને એ શુદ્ધ છે. આહા..હા..! પરમાત્મા પરમદેવ, એની આરાધના કરવાની છે. આહા..હા..! એ આરાધના કરવાને લાયક છે, લ્યો ! ૬૫મી બહુ સરસ ગાથા છે ! હવે ૬૮મા નિશ્ચયનું આવશે. ૩૨૦ (ગાથામાં) આવ્યું છે ને ? ૩૨૦ ગાથા 'જયસેનાચાર્ય'ની ટીકા. એમાં આ ૬૮મી ગાથા મુકી છે.

**'આગે દોહા-સૂત્રોંકી સ્થલ-સંખ્યાસે બાહર ઉક્તં ચ સ્વરૂપ પ્રક્ષેપકકો કહતે હૈં...'** આ પ્રક્ષેપની ગાથાઓ છે. ૬૫, ૬૫નો બીજો.

**सो णत्थि त्ति पएसो चउरासी-जोणि-लक्ख-मज्झम्मि।**
**जिण वयणं ण लहंतो जत्थ ण डुलुडुल्लिओ जीवो।।६५*१।।**

આહા..! **'એસા કોઈ ભી પ્રદેશ (સ્થાન) નહીં હૈ,...'** ચૌદ બ્રહ્માંડમાં કોઈ ક્ષેત્ર ખાલી નથી કે જેમાં અનંત વાર જન્મ્યો ને મર્યો ન હોય. અસંખ્ય જોજનનું ચૌદ બ્રહ્માંડ, તીરછો અસંખ્ય જોજન ... કોઈ એક પ્રદેશ પણ ખાલી નથી. આહા..હા..! **'કિ જિસ જગહ ચૌરાસી લાખ યોનિયોંમેં હોકર જિન-વચનકો નહીં પ્રાપ્ત કરતા હુઆ...'** આહા..હા..! જિનવચનનો અર્થ ? ભગવાને કહેલો ભાવ. આહા..હા..! એને **'નહીં પ્રાપ્ત કરતા...'** આહા..હા..! એવો જે ત્રિકાળી ભાવ એ જિનવચનનો અર્થ.

એ આવ્યું છે ને 'કળશ-ટીકા' માં ? નહિ ? **'उभयनयविरोधध्वंसिनी स्यात्पदांके'** ત્યાં અર્થ કર્યો છે કે ભગવાને શુદ્ધ આત્મા ઉપાદેય કહ્યો છે, એ જિનવચન છે. સમજાણું કાંઈ ? 'કળશ-ટીકા'. ન્યાં વાંધા છે ને ? પાઠ એવો છે. **'उभयनयविरोधध्वंसिनी स्यात्पदांके जिनवचसरि रमन्ते'** એટલે વ્યવહાર ને નિશ્ચયમાં રમે. એવો અર્થ કરે છે આમાં. વ્યવહારનય બે છે ને ? બે નય છે ને ? કેટલાક પંડિત એવો અર્થ કરે છે. એથી કહે છે કે **'जिनवचसरि रमन्ते'** એટલે ? દિવ્યધ્વનિ દ્વારા કહી છે ઉપાદેયરૂપ શુદ્ધ જીવવસ્તુ. એ. જિનવચનમાં રમવું એટલે જિનવચને કહેલી શુદ્ધ ઉપાદેય વસ્તુ એ જિનવચન કહે છે. આહા..હા..! છે કે નહિ ? 'શિખરચંદજી' ! આમાં સો ટકા .... એવી વાતું છે, બાપા ! આહા..હા..!

શું કીધું ?**'जिनवचसरि रमन्ते'** છે ને શબ્દ ? એટલે કે ભાઈ ! જિનવચનમાં રમવું છે ? વચન તો જડ છે. પાઠ તો આ છે. ત્યારે કહે છે કે જિનવચનમાં એટલે દિવ્યધ્વનિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્વારા કહી છે ઉપાદેય શુદ્ધ જીવ વસ્તુ, તેમાં **'रमन्ते'** સાવધાનપણે રુચિ, શ્રદ્ધા પ્રતીતિ કરે. શુદ્ધ જીવ વસ્તુનો પ્રત્યક્ષપણે અનુભવ કરે, તેનું નામ રુચિ, શ્રદ્ધા, પ્રતીતિ છે. વચન પુદ્ગલ છે તેની રુચિ કરતા સ્વરૂપની પ્રાપ્તિ નથી. તેથી વચન દ્વારા કહેવામાં આવે છે, જે કોઈ ઉપાદેય વસ્તુ તેનો અનુભવ કરતા ફળ પ્રાપ્તિ છે. આહા..! કેવું છે જિનવચન ? બે પક્ષપાત ને પરસ્પર વેરભાવ છે - દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક - એનો નિકાલ કરનારું છે. આહા..! આમાંથી એ કાઢે. જુઓ ! બે નય છે, ભગવાને કીધું છે બન્નેમાં રમવું, પણ બન્નેમાં શી રીતે રમે ? આમ રમે તો રાગમાં રમે નહિ ને રાગમાં રમે તો આમાં રમે નહિ. એટલે રમવાની વસ્તુ એક જ કીધી. ત્રિકાળી વસ્તુ છે તે ઉપાદેય છે, જિનવચનમાં એમ કહ્યું. ટીકાકારે .... આહા..! એમાં પંડિતો ગોટા વાળે ન્યાં.

જિનવચનમાં રમવું એમ કહ્યું તો વચનમાં રમવું છે ? વચન તો વાણી છે, જડ છે. એમાં કહેલો જે ભાવ, દિવ્યધ્વનિ દ્વારા કહેલો આત્મા ત્રિકાળી, એ દિવ્યધ્વનિ દ્વારા ભગવાને કહ્યું છે. પૂર્ણાનંદનો નાથ પૂર્ણ છે તેનો આદર કર. આહા..હા..! એને તું ઉપાદેય તરીકે જાણ, ભાઈ ! રાગને નહિ, નિમિત્તને નહિ, પર્યાયને નહિ, ઉપાદેય તરીકે... આહા..હા..! ભગવંતોનું દિવ્યધ્વનિ દ્વારા આમ કહેવું છે. આહા..હા..! અરે..! એને ન સમજે ને બહારમાં આ કર્યા કરે, પૂજા ને દયા ને દાન ને ભક્તિ ને... એ તો બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ ? દયા, દાન, પૂજા, વ્રત, ભક્તિ.... વીતરાગના વચનમાં તો પ્રભુએ આ કહ્યું છે. આહા..હા..! **'भूदत्थमस्सिदो खलु...'** એ ભગવાને કહ્યું છે. ૧૧મી ગાથા. ભૂતાર્થને આશ્રયે દૃષ્ટિ સમકિત થાય છે. ભૂતાર્થનો આશ્રય કર, ત્રિકાળ ભગવાન છે તેને ઉપાદેય કર. આહા..હા..!

**'યહ જીવ નહીં ભટકા.'** જિનવચનને નહિ પ્રાપ્ત કરીને. એટલે અહીં તો જિનવચન આવ્યું છે ને ? એટલે એ જિનવચનમાં કહેલી ઉપાદેય વસ્તુ, એને નહીં પામીને. **'ઇસ જગતમેં કોઈ એસા સ્થાન નહીં રહા, જહાંપર યહ જીવ નિશ્ચય વ્યવહાર રત્નત્રયકો કહનેવાલે જિન વચનકો નહીં પાતા હુઆ...'** છે ને ? પાઠમાં પણ છે, હોં ! **'भेदाभेदरत्नत्रयप्रतिपादकं'** એમ છે ને ? કહ્યું છે. મૂળ તો નિશ્ચય છે ત્યાં વ્યવહાર હોય છે એવું જણાવીને ભેદાભેદ રત્નત્રયનું પ્રતિપાદક વચન કહ્યું. સમજાણું કાંઈ ? જ્યાં નિશ્ચય છે, સ્વભાવનો આશ્રય લઈને પડ્યો છે એને હજી રાગ બાકી છે, એને વ્યવહાર હોય છે એમ સિદ્ધ કરવા ભેદાભેદ રત્નત્રયનું વચન અણ, પામીને, એમ કહ્યું છે. સમજાણું કાંઈ ? એમાં પણ પેલું નિશ્ચય છે, એને વ્યવહાર હોય છે એવું સિદ્ધ કરવા વીતરાગની વાણીમાં ભેદાભેદ રત્નત્રયને કહ્યું છે, એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** આરાધવા લાયક એક છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો અર્થ એ કે આરાધવા લાયક એક છે પણ જોડે છે એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આરાધવાલાયકનો આરોપ અપાણો છે. આહા..હા..! જેમ બે મોક્ષમાર્ગ કહ્યા ને ? એ કથન છે. એમ બે આરાધન છે એ કથન છે. આરાધવા લાયક તો એક જ ત્રિકાળી વસ્તુ છે પણ જોડે નિરૂપણ કથન આવે, જોડે તે તે ભૂમિકાને યોગ્યનો મંદ કષાયનો રાગ હોય છે એને વ્યવહારનો આરોપ કરીને આરાધવાનું કહ્યું છે. આહા..હા..! આરોપથી કહ્યું છે, યથાર્થથી નહિ. આહા..હા..!

**'નિશ્ચય વ્યવહાર રત્નત્રયકો કહનેવાલે જિન વચનકો નહીં પાતા હુઆ અનાદિ કાલસે ચૌરાસી લાખ યોનિયોંમેં હોકર ન ઘૂમા હો,...'** આહા..હા..! અરે..રે..! એકેન્દ્રિયના ચોરાશી લાખ યોનિ. એક એક યોનિમાં અનંત વાર જન્મ્યો ને મર્યો ન હોય એવું કોઈ સ્થાન નથી. કાળની આદિ નહિ એવા અનાદિ કાળમાં એણે ચોરાશી (લાખ) યોનિમાં એક એકમાં અનંત વાર ઉપજીને... આહા..હા..! ખાલી રાખી નથી. **'અર્થાત્ જિન વચનકી પ્રતીતિ ન કરનેસે સબ જગહ ઔર સબ યોનિયોંમેં...'** આહા..હા..! **'ભ્રમણ કિયા, જન્મ-મરણ કિયે.'** ભાઈ ! આહા..હા..! વીતરાગી ભાવનું આરાધન ન કર્યું. વીતરાગી ભાવ એવો ભગવાનઆત્મા એનું આરાધન ન કર્યું એટલે વ્યવહાર પણ એને ન હોય. જેણે આ આરાધન કર્યું એને વ્યવહાર હોય છે, એટલું બતાવવા બન્નેનું આરાધન કર્યું છે. આહા..હા..! પેલા કહે, બેએ પૂરું થાય છે. 'સમંતભદ્ર'નું કીધું. બાહ્ય ને અભ્યંતરે... બાપુ ! એ કઈ અપેક્ષા છે ? ભાઈ ! નિશ્ચયનો જ્યાં અભ્યંતર પરિણામ છે તે કાળે એની પૂર્ણ દશા થઈ નથી તેથી તે કાળે તેને રાગ હોય છે, એને વ્યવહાર કહીને મોક્ષમાર્ગ કહ્યો, આરાધન કરવું કહ્યું. સમજાણું ? ઉપચારથી છે, નિશ્ચયથી છે તે યથાર્થથી છે. સમજાણું કાંઈ ? એ કઈ નયનું કથન છે, એમ ન જાણે તો મુશ્કેલ પડે.

**'યહાં યહ તાત્પર્ય હૈ, કિ જિનવચનકે ન પાનેસે યહ જીવ જગત્‌મેં ભ્રમા, ઇસલિયે જિન-વચન હી આરાધને યોગ્ય હૈ.'** ૬૫ છે ને ? જુઓ ! ટીકામાં તો એમ છે. **'जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वा'** જોયું ? **'जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वादुपादेय'** આત્મસુખની પ્રાપ્તિ તે ઉપાદેય છે. પાછુ નાખ્યું બન્ને પેલું, ભાઈ ! પણ ટીકાનો છેલ્લો સરવાળો આ છે, ૬૫મા., ૬૫નો બીજો. **'जीवस्तदेवोपादेयात्मसुखप्रतिपादकत्वादुपादेय'** એમ છે ને ? એમ લખ્યું છે. સુખનું કહેવાવાળું, એમ. આનંદનું કહેવાવાળુ વચન વીતરાગનું છે. અતીન્દ્રિય આનંદનું કહેવાવાળુ છે, એનું આરાધન કર્યું નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૯૨, પ્રવચન નં. ૬૯
## તા. ૨૨-૦૮-૧૯૭૬
## [૨૫]

'પરમાત્મપ્રકાશ' ૯૨ ગાથા. **'आगे आत्माका चेतनभाव वर्णन करते हैं...'**

**पुण्णु वि पाउ वि कालु णहु धम्माधम्मु वि काउ।**
**एक्कु वि अप्पा होइ णवि मेल्लिवि चेयण-भाउ।।९२।।**

પુણ્યરૂપ શુભ કર્મ અને પાપ અશુભ કર્મ, એ આત્મા નહિ એ આત્મામાં નથી. આહા..હા...! પ્રથમ તો આ વાત છે, રાત્રે કહ્યું હતું કે આત્માની પર્યાયમાં જે વિકાર થાય છે એ પણ સ્વતંત્ર ષટ્કારક પરિણમનથી થાય છે. આવી સ્વતંત્રતા જેને ન બેસે તેને ત્રિકાળી ચૈતન્યભાવ સ્વતંત્ર છે એ કોઈ રીતે એને દૃષ્ટિમાં નહિ આવી શકે. સમજાય છે કાંઈ ? ***એક સમયમાં અનંત ગુણની જે એક સમયમાં પર્યાય છે, વિકૃત કે અવિકૃત, એ વિકૃત અવસ્થા એક સમયમાં પોતાના ષટ્કારક–કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ - એ ષટ્કારકના પરિણમનથી પોતાની વિકૃત પર્યાય પોતાથી, પરની અપેક્ષા વિના થાય છે. વિકારની પર્યાયને તો પરની અપેક્ષા નથી પણ નિર્મળ પર્યાય જે થાય છે - સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ નિર્મળ પર્યાય છે તે પણ ખરેખર પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે. વ્યવહારની અપેક્ષાથી નહિ અને દ્રવ્ય-ગુણની અપેક્ષાથી થતી નથી. આહા.હા...! આવું સત્ (છે). સમજાય છે કાંઈ ?***

જે સમ્યગ્દર્શન, જ્ઞાનની નિર્મળ પર્યાય.. એ કહેવામાં એમ આવે કે ભૂતાર્થના આશ્રયે થાય છે પણ એ પર્યાયની સ્વતંત્રતા, જ્યારે વિકારની પર્યાય પોતાના ષટ્કારકના પરિણમનથી પોતાની અપેક્ષાથી અને પરની અપેક્ષાથી રહિત થાય છે, એવા વિકારના સત્નું સ્વરૂપ એવું છે. આહા..હા...! તો નિર્વિકારી પર્યાયની સત્તાનો સ્વીકાર પોતાથી, પરની અપેક્ષા વિના (થાય છે). ત્યાં વ્યવહાર છે તો નિશ્ચય થયું છે એવી અપેક્ષા એમાં નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ ? એ નિર્મળ પર્યાય પોતાથી કર્તા, કર્મ... 'નવરંગભાઈ' ! રાત્રે હતા ? રાત્રે ઘણી વાત થઈ હતી. એ તો અમારે વળી 'સુજાનમલજી' કહે, દિવસે થોડું કહેવું. આહા..હા...!

***એક એક ગુણની એક એક પર્યાય સ્વતંત્ર ષટ્કારકથી પરિણમે છે. આહા..હા..! એ પર્યાયને પરની અપેક્ષા તો નથી, દ્રવ્ય-ગુણની અપેક્ષા નથી પણ એક પર્યાયની સાથે અનંત***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પર્યાય જે ઉત્પન્ન થાય છે તે બીજી પર્યાયની અપેક્ષા નથી. આહા..હા...! સમજાય છે કાંઈ? આવો વસ્તુની સત્તાનો સ્વભાવ છે.*** એક એક પર્યાય પોતાથી, અનંત પર્યાય એક સમયે ઉત્પન્ન થાય છે, નિર્મળ કે વિકારી, એ એક એક સમયની પર્યાય ષટ્કારક–કર્તા પર્યાય, કર્મ પર્યાય, કારણ પર્યાય, પર્યાય થઈને પર્યાય રાખે એ પર્યાય સંપ્રદાન, પર્યાયથી પર્યાય અને પર્યાયના આધારે પર્યાય થાય, આહા..હા...! ***અહીં તો કહેવું છે કે એ પર્યાયની આટલી સ્વતંત્રતા, ક્ષણિક પર્યાયની આટલી સ્વતંત્રતા જેને ન બેસે તેને ત્રિકાળી ધ્રુવ ઉપાદાન કદી દૃષ્ટિમાં નહિ આવે.*** 'નવરંગભાઈ' ! સમજાય છે કાંઈ ? આહા..હા...!

સમ્યગ્દર્શનની પર્યાય... વિકારી પર્યાય પણ જ્યારે ષટ્કારકના પરિણમનથી પરની અપેક્ષા વિના થાય છે તો સમ્યગ્દર્શનની પર્યાયમાં એ સત્ છે ને ? આહા..હા...! અતીન્દ્રિય આનંદ સાથે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, એ પર્યાયમાં અતીન્દ્રિય આનંદ આવ્યો એની સમ્યગ્દર્શનની પર્યાયને અપેક્ષા નથી. સમજાય છે કાંઈ ? બહુ વાત.. દરિયો.. આત્મા એક સત્‌નો દરિયો છે. સત્‌નો સમુદ્ર છે. આહા..હા...!

**શ્રોતા :–** કાંઈ કરવાનું આવ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરવાનું આવ્યું ને ! વીતરાગતા થઈ ને ! પર્યાય પર્યાયથી થાય છે તો એની દૃષ્ટિ છોડીને દ્રવ્ય વસ્તુ હું છું, એ આવ્યું. એ વાત તો કહે છે. જો પર્યાય પરથી થાય તો પર્યાયને છોડી દ્રવ્યની દૃષ્ટિ થતી નથી. પણ મારી પર્યાય મારાથી સ્વતંત્ર થાય છે તો હું એને છોડી દ્રવ્યદૃષ્ટિ કરું છું. ત્રિકાળી ચૈતન્યભાવ હું છું. પર્યાય છે તો તેનામાં પણ એ સ્વતંત્રપણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

અરે..! એક ગુણ બીજા ગુણરૂપે નથી. દ્રવ્યાશ્રયા ગુણા કહે છે ને ? દ્રવ્યના આશ્રયે ગુણ છે, ગુણના આશ્રયે ગુણ નથી. આહા..હા..! એક જ્ઞાનગુણ જે છે એ પણ બીજા અસ્તિત્વ ગુણને લઈને નથી. આહા..હા...! તો પર્યાયમાં પણ જ્ઞાનની જે એક સમયની પર્યાય છે, તે સમયે અસ્તિત્વ ગુણની પર્યાય છે તેને કારણે જ્ઞાનની પર્યાય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન ! માર્ગ તો આવો છે, ભાઈ ! લોકોને દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન નહિ અને પર્યાયરહિત ભગવાન કેવો છે તેની એને દૃષ્ટિ થતી નથી. આહા..હા...! પર્યાય તો છે અને પ્રત્યેક ગુણ પણ છે પણ એક ગુણ બીજા ગુણરૂપે નથી પણ એક ગુણ બીજા ગુણના રૂપ રૂપે છે. એ શું કહ્યું ?

જ્ઞાનગુણ જે છે, સાથે અસ્તિત્વ ગુણ છે તો અસ્તિત્વ ગુણને કારણે જ્ઞાન ગુણ નથી પણ જ્ઞાન ગુણમાં અસ્તિત્વપણું પોતાથી છે. જ્ઞાનગુણમાં અસ્તિત્વ છે, હોં ! અસ્તિત્વ ગુણને કારણે નહિ. અસ્તિત્વ ગુણ તો જ્ઞાન ગુણના અસ્તિત્વમાં અસ્તિત્વ ગુણ તો નિમિત્ત છે, પણ આ જ્ઞાન ગુણમાં પોતાના ઉપાદાનથી અસ્તિત્વ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવી એક પર્યાયના અસ્તિત્વમાં, જ્ઞાનની પર્યાયનું અસ્તિત્વ, અસ્તિત્વ ગુણની પર્યાય પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાથે છે પણ અસ્તિત્વ ગુણની પર્યાય તો જ્ઞાનગુણની પર્યાયમાં નિમિત્ત છે. ઉપાદાન તો જ્ઞાનની પર્યાયમાં અસ્તિત્વ પોતાને કારણે અસ્તિત્વ છે. બીજા ગુણનું બીજા ગુણમાં રૂપ કહેવામાં આવે છે, બીજા ગુણમાં બીજો ગુણ નથી. સમજાય છે કાંઈ ? હવે આવી વાત. કહો, શેઠ ! કોઈ દિ' સાંભળ્યું નથી ને પૈસા ને પૈસમાં (ગુંચાય ગયા). સ્વતંત્ર છે ને ભગવાન ! આહા..હા..! કેવી સ્વતંત્રતા ! સમજાય છે કાંઈ ?

એક પર્યાયની સાથે બીજી પર્યાય થઈ છે તેનાથી પણ એ પર્યાય નથી. પછી એ પર્યાય પરથી થાય (એ વાત જ ક્યાં રહી ?) એમ ભગવાનઆત્મામાં જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય જે ષટ્કારકથી પોતાથી થાય છે તેમાં વ્યવહારની અપેક્ષા નથી. અહીં એ સિદ્ધ કરવું છે. આ..હા...! આ વાત ભારે, ભાઈ ! પોતાના ત્રિકાળી ચૈતન્યભાવની પ્રતીતિ–સમ્યગ્દર્શનની પર્યાયમાં વ્યવહારની અપેક્ષા નથી. એ પર્યાયને બીજી પર્યાયની અપેક્ષા નથી, એ પર્યાયને દ્રવ્ય-ગુણની અપેક્ષા નિશ્ચયથી નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? કહો, 'કાંતિભાઈ' ! આહા..હા...! એ પ્લેનમાં નોકર હતા. શેઠ તો ઓળખે છે. ૧૫૦૦ નો પગાર હતો. છોડી દીધી. માસિક ૧૫૦૦ નો પગાર. પ્લેનમાં, પ્લેન નથી ઉડતા ? બે વર્ષથી છોડી દીધું. અઢાર હજાર બાહ મહિને મળે. છોડી દીધી, નોકરી છોડી દીધી. હવે એમાં ધૂળમાં શું છે ?

અરે..! એક સમયની પર્યાય વિના પર્યાયને ન ચાલે. પર વિના ચાલે, પોતાની પર્યાયમાં પોતાની પર્યાય વિના ન ચાલે. એ તો વાત ચાલે છે. સમજાય છે કાંઈ ? જ્ઞાનગુણ જે પોતામાં છે તે પોતાથી છે. અસ્તિત્વ ગુણ છે તો જ્ઞાન ગુણનું અસ્તિત્વ છે એમ નહિ. એમ દર્શન ગુણ છે તેમાં અસ્તિત્વ છે તે પોતાના અસ્તિત્વથી દર્શન ગુણ છે. અસ્તિત્વ ગુણને કારણે દર્શનનું અસ્તિત્વ છે એમ નથી. આહા..હા...! '....ભાઈ' ! આહા..હા..! ક્યાં કોઈ દિ' સાંભળ્યું નથી. ભગવાનઆત્મા કોણ છે અંદર ? જેના પર્યાય, ગુણ અને દ્રવ્ય સ્વતંત્ર સ્વતંત્ર છે. આહા..હા...! સ્વયંસિદ્ધ (છે).

કહે છે કે એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે તેમ અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. એક જ્ઞાન ગુણ છે તેમાં પોતાનું અસ્તિત્વનું રૂપ છે, અસ્તિત્વ ગુણને કારણે નહિ, એમ વસ્તુત્વ ગુણને કારણે જ્ઞાનગુણમાં વસ્તુત્વ નથી પણ જ્ઞાનગુણમાં વસ્તુત્વનું રૂપ છે. સમજાય છે કાંઈ ? એમ જ્ઞાન ગુણમાં જે સાથે કર્તા ગુણ છે તેનાથી કર્તાપણું નથી. જ્ઞાન પોતાથી કર્તા છે એવું જ્ઞાનમાં કર્તાનું રૂપ છે. આહા..હા...! એમ કર્મ નામનો ગુણ છે તેનાથી જ્ઞાનમાં કર્મ ગુણનું રૂપ નથી. જ્ઞાનમાં કર્મરૂપ–કાર્યરૂપ રૂપ પોતાથી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? લ્યો, આ વળી રવિવાર છે તો 'ભાવનગર' વાળા આવ્યા છે ને ?

એમ એક પર્યાયમાં અનંત પર્યાયનું રૂપ છે પણ એક પર્યાયમાં બીજી પર્યાય નથી. આહા..હા...! દરિયો, દરિયો છે ને ! સત્નો સાગર છે !! દ્રવ્યનો સાગર, ગુણનો સાગર,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયનો સાગર. આ..હા...! જેને આવી એક સમયની પર્યાયમાં, પોતાની પર્યાયના ષટ્કારકથી પરિણમન છે અને ષટ્કારકમાં પણ જે કર્તા, કર્મ આદિ જે છ ગુણ છે તે ગુણની એક સમયની પર્યાયમાં બીજા ગુણની પર્યાયને કારણે કર્તા નથી. 'હિંમતભાઈ' ! શું કહ્યું ઇ ?

***જેમ ષટ્કારક આત્મામાં ગુણ છે તો એક ગુણ બીજા ગુણને કારણે નથી. એમ પર્યાયમાં ષટ્કારકપણે પરિણમન થયું તો કર્તાની પર્યાયથી કર્મની પર્યાય છે એમ પણ નથી. આહા..હા...!*** અંદર છ ગુણ છે ને ? તો અહીં પણ છ પર્યાય છે. એ વાત સ્વતંત્ર છે. આહા..હા...! ગજબ વાત છે ! સર્વજ્ઞ પરમાત્મા સિવાય આ વાત ક્યાંય કોઈએ જોઈ નથી અને કોઈએ જાણી નથી. વાતું મફતની કરે છે. આહા..હા...! ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એ પણ પરને જાણવું કહે છે કે એ તો અસદ્ભુત વ્યવહારનયથી છે. લોકાલોકને જાણે છે એમ કહેવું એ અસદ્ભુત વ્યવહારનયથી છે. કેમ કે તન્મય થઈને જાણતા નથી. લોકાલોકને તન્મય થઈને જાણતા નથી. એ રૂપે થઈને જાણે છે ? એ તો પોતારૂપે રહીને જાણે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એમનું સ્વપ્રકાશન અને પરપ્રકાશન પોતાની પર્યાયમાં પોતાને કારણે પરપ્રકાશકપણું છે, પરને કારણે નહિ. લોકાલોક છે તો અહીંયા પરપ્રકાશકપણું પ્રગટ થયું એમ નથી. આહા..હા...! ગજબ વાત છે, પ્રભુ ! તારી બલિહારી છે, ભાઈ ! આ..હા..! તારી સમૃદ્ધિ, તારી સંપદા..! આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

એક પર્યાયમાં કર્તાની પર્યાય થઈ તે વખતે તેના કર્મ ગુણની પર્યાય પણ છે કે નહિ ? ષટ્કારક ગુણની પર્યાય છે કે નહિ ? આહા..હા...! તો એક ગુણની પર્યાયમાં બીજા ગુણની પર્યાય પણ સાથે નથી. તેને કારણે નથી. પોતાનું રૂપ છે, કર્તા કર્તારૂપ છે, કર્મ કર્મરૂપ છે, કરણ કરણરૂપ છે, અપાદાન અપાદાન, સંપ્રદાન સંપ્રદાન, અધિકરણ અધિકરણ (રૂપે છે). આહા..હા...! ગજબ વાત છે ! નિર્વિકલ્પતા વીતરાગતા ઉત્પન્ન થવાનો આ ઉપાય છે. સમય સમયની પર્યાય પોતાથી છે, પરની પર્યાયથી નથી. પરથી તો નથી પણ પોતાની બીજી પર્યાયથી નથી. અને પોતાનો એક ગુણ બીજા ગુણથી નથી. છતાં એક એક ગુણમાં અનંતા ગુણનું રૂપ છે. એમ એક એક પર્યાય બીજી પર્યાયથી નથી પણ એક પર્યાયમાં અનંત પર્યાયનું રૂપ છે. આહા..હા...!

'ચિદ્વિલાસ' માં ઘણો ખુલાસો કર્યો છે. 'દીપચંદજી' સાધર્મી. 'ચિદ્વિલાસ' માં બહુ (ખુલાસો કર્યો છે). ભલે ગૃહસ્થ હતા. સમજ્યા ? 'દીપચંદજી' છે ને ? 'ચિદ્વિલાસ' જ્ઞાનનો વિલાસ. આ ચેતના આવી ને ? જ્ઞાનનો વિલાસ. એમાં એમ લખ્યું છે કે એક એક પર્યાય સ્વતંત્ર છે, પોતાની બીજી પર્યાયથી પણ નથી. એક એક ગુણ સ્વતંત્ર છે, બીજા ગુણથી નથી. પણ બીજા ગુણનું રૂપ એક ગુણમાં છે. અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. એમ એક પર્યાયમાં બીજી અનંતી પર્યાયનું રૂપ છે. આહા..હા...! એમાં તો એમ લખ્યું છે કે જેમ જેમ સ્પષ્ટીકરણ કરીએ છીએ તેમ તેમ શિષ્યને આનંદ ઊપજે છે, એમ લખ્યું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! 'ચિદ્વિલાસ' માં. આહા..હા..! એનો સ્વભાવ જ એવો છે. ઓ..હો..હો...! એની દૃષ્ટિ થઈ હોય અને પછી સ્વતંત્રતાનું સ્પષ્ટીકરણ થાય ત્યારે તેને આનંદ ઉછળે છે. આહા..હા...! એમાં મજા પડે એવી મજા ક્યાંય પડતી નથી. એવી વાત છે. સમજાય છે કાંઈ ? ઓ..હો..હો...!

એક ગુણમાં અનંત ગુણનું રૂપ ! અને એ ગુણના આશ્રયે ગુણ નથી. કારણ કે દ્રવ્યાશ્રયા ગુણા આવ્યું ને ? 'તત્ત્વાર્થ સૂત્ર' માં. દ્રવ્યને આશ્રયે ગુણ છે, કંઈ ગુણને આશ્રયે ગુણ નથી. છતાં ગુણને આશ્રયે ગુણ નથી છતાં અનંત ગુણનું રૂપ એક ગુણમાં છે. આહા..! પર્યાય પણ પર્યાયને આશ્રયે નિશ્ચયથી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવી ***અનંતી પર્યાય એક એક સમયમાં ષટ્કારકની પરિણતિથી સ્વતંત્ર છે એમ જેને રુચ્યું હોય તેને દ્રવ્ય ઉપાદાન સ્વતંત્ર ધ્રુવ છે તેની દૃષ્ટિ થાય છે. ક્ષણિક પર્યાયના ઉપાદાનની સ્વતંત્રતા જેને ન રુચે તેને ધ્રુવ, જે પર્યાયમાં આવતો નથી, એવી ચીજની દૃષ્ટિ તેને સ્વતંત્ર થતી નથી.*** શું કહ્યું ? શેઠ ! સમજાયું ? આહા..હા...!

એક સમયની અનંત ગુણની અનંતી પર્યાય એક સમયમાં છે. એ એક એક પર્યાય પોતાના ષટ્ગુણ કારણથી પરિણમે છે, બીજાને કારણે નહિ. એમાં તો નિમિત્ત ઊડી જાય છે. આ વાંધો લોકોને આવે છે. પણ નિમિત્ત તો તેને કહીએ કે નિમિત્તથી તેમાં થતું નથી, તો નિમિત્ત કહીએ. આહા..હા..! અને નિમિત્ત જે ચીજ છે તેમાં પણ અનંત ગુણ અને અનંતી પર્યાય છે. એ પર્યાય પણ પોતાના સ્વતંત્ર ષટ્કારકથી પરિણમે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીંયા તો એ લેવું છે ને ? **'આત્માકા ચેતનભાવ...'** પણ કોને એ બેસે ? જેને પર્યાયમાં સ્વતંત્રતા રુચિ હોય, ક્ષણિક ઉપાદાનમાં પ્રત્યેક પર્યાય પોતાથી થઈ છે, પરથી નહિ, અરે...! પરથી તો નહિ પણ દ્રવ્ય-ગુણથી નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? એવી પર્યાયની સ્વતંત્રતા વસ્તુનું સ્વરૂપ છે. ઓ..હો..હો...! એ કહે છે કે ઈશ્વર કર્તા છે, અહીં કહે છે કે એક પર્યાયની બીજી પર્યાય કર્તા નથી. એક પર્યાયનો દ્રવ્ય કર્તા નથી.

**શ્રોતા :–** ગુણ પણ પર્યાયનો કર્તા નહીં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, ગુણ પણ કર્તા નથી. પર્યાય સ્વતંત્ર પોતાની કર્તા છે. આહા..હા..! આહા..હા..! એમ દરેક પર્યાય અને પ્રત્યેક ગુણ પોતપોતાના અનંત ગુણ રૂપ અને એક પર્યાય અનંત પર્યાય રૂપ છે. આહા..હા...! એમ હોવા છતાં પરની અપેક્ષા નથી અને પોતાની પર્યાય બીજી પર્યાયની અપેક્ષાથી એ પર્યાય નથી. એમ પોતાનો ગુણ બીજા ગુણથી  છે એમ નથી. છતાં એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. પ્રમેયત્વ નામનો ગુણ છે તો જ્ઞાનમાં પ્રમેયત્વ નામની શક્તિ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** અસ્તિત્વ ગુણમાં જ્ઞાનનું રૂપ કઈ રીતે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અસ્તિત્વ ગુણ નહિ. અસ્તિત્વમાં જાણવાની અપેક્ષાળાળું અસ્તિત્વ છે એટલું. આમાં જાણનાર છે એટલું અસ્તિત્વ આમાં છે. એમાં જ્ઞાન ક્યાં છે ? અસ્તિત્વમાં અનંત ગુણનું રૂપ છે, પણ અસ્તિત્વ તરીકે, જ્ઞાન તરીકે ન્યાં ક્યાં છે ? તો તો પર ગુણ અહીં આવી ગયા. જ્ઞાનનું અસ્તિત્વ છે તે બીજા અસ્તિત્વમાં એનું રૂપ છે. આહા..હા...! આ તો વાત આવી ગઈ, ભાઈ ! રાત્રે થોડી કાઢી હતી ને ? અમારે 'સુજાનમલજી' કહે, દિવસે થોડી કહેવી. આવો માર્ગ, પ્રભુ ! આહા..હા...! તારી ધારા.. તારી ધારા.. આહા..હા...!

***ક્રમબદ્ધ તો છે પણ એ પર્યાય ક્રમબદ્ધ થાય છે તે પણ પોતાથી થાય છે, પૂર્વની પર્યાય છે તો આ પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા...!*** આવો વસ્તુનો સ્વભાવ છે. એ 'બંધ અધિકાર' માં આવ્યું છે. દ્રવ્યમાં અહેતુક સત્ છે, ગુણમાં અહેતુક સત્ છે. એનો કોઈ હેતુ નથી. પર્યાય અહેતુક છે એમ આવ્યું છે. 'બંધ અધિકાર' માં. આહા..હા...! ***નિર્મળ પર્યાય અહેતુક સત્ છે. છે તેને પરની અપેક્ષા શું ? આહા..હા...!*** એ સિવાય તો લાંબી વાત બહુ કરી. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' માં 'દીપચંદજી' એ કરી છે. એના થાટ ને નટ ને થટ ને આવે છે ને ? ભાઈ ! એક ગુણમાં બીજાના નટ છે ને થટ છે ને કળા છે ને.. ઘણો વિસ્તાર આવ્યો છે. ભાઈએ 'દીપચંદજી' એ વિસ્તાર બહુ કર્યો છે. ઓહો..હો...! એક એક પર્યાયમાં બીજી પર્યાયનું અસ્તિત્વ. રૂપ, હોં ! એ ગુણ એમાં નથી. આહા..!

**શ્રોતા :–** એક પર્યાયમાં બીજી પર્યાય કેવી રીતે આવે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પર્યાય આવે નહિ પણ એ પર્યાયનું રૂપ એમાં આવે. અસ્તિત્વ ગુણની પર્યાયમાં જ્ઞાનગુણની પર્યાયનું રૂપ આવ્યું કે નહિ ? અસ્તિત્વની પર્યાય ત્યાં ન આવી. પણ જ્ઞાનગુણની પર્યાય છે તેવું રૂપ એમાં છે કે નહિ ? આહા..હા...! ઝીણી વાત છે, ભગવાન ! આ તો સર્વજ્ઞ પરમાત્માએ કહેલો પદાર્થ. દ્રવ્ય, ગુણ ને પર્યાય એવા અનંતા (પદાર્થ).

રાત્રે તો ત્યાં સુધી કહ્યું હતું ને ? કે એક પરમાણુ જે છે એમાં બે ગુણની ચીકાશ છે. કોઈ ચાર ગુણ ચીકાશવાળા પરમાણુ સાથે (સંયોગ) થાય તો ચાર ગુણ થાય છે. એ ચાર ગુણ એના કારણે નથી થયા. એ ચાર ગુણ ચીકાશની પર્યાય ષટ્કારક પરિણતિથી થાય છે. આહા..હા...! મોટો ગોટો આ નિમિત્ત અને ઉપાદાનનો. સમજાય છે કાંઈ ?

જુઓ ! આ વસ્તુ છે. એમાં પરમાણુ જે છે તે સૂક્ષ્મ છે. અહીંયા સૂક્ષ્મ ન રહ્યો, સ્થૂળ થઈ ગયો. એ સ્થૂળ ષટ્કારકની પરિણતિથી પોતાથી થયો છે. સ્થૂળનો કર્તા, સ્થૂળનું કર્મ પોતાથી થયું છે, સંયોગથી નહિ.

**શ્રોતા :–** સંયોગમાં આવ્યા વિના ન થાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આવ્યા વિના ન થાય (એમ) નહિ, એનો અર્થ જ એ (કે એ) થાય ત્યારે એની યોગ્યતા એમાં જ હોય, પણ એથી એને લઈને થયું છે (એમ નથી).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! ગજબ વાત છે, ભાઈ !

પ્રત્યેક પરમાણુમાં અનંત ગુણ છે. જેટલા ગુણ એક ચૈતન્ય આત્મામાં છે તેટલા જ ગુણો પરમાણુમાં - અચેતનમાં છે. આહા..હા...! જેટલા ગુણ એક સર્વવ્યાપક આકાશમાં છે તેટલી સંખ્યાએ એક પરમાણુમાં આટલામાં છે. આહા..હા...! એટલી સંખ્યા. જેટલી એક આત્મામાં છે, તેટલા આકાશમાં છે, તેટલા એક પરમાણુમાં છે. ક્યાં સર્વવ્યાપક ! એ તો ક્ષેત્રથી વ્યાપક થયું, ભાવ તો જે અનંત ગુણ છે તેટલા છે. એટલા ગુણ એક પરમાણુમાં છે. એક પ્રદેશ ભલે હો પણ અનંત ગુણ–શક્તિ એટલામાં છે. ઓ..હો..હો...! અને અનંત ગુણની એક પરમાણુમાં એક સમયમાં જે પર્યાય થાય છે તો તે પરમાણુમાં પણ ષટ્કારક ગુણ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. આહા..હા..! ગજબ વાત છે. 'ધર્મલાલજી' ! આવી વાત છે, ભગવાન ! લોકોને બિચારાને એવું લાગે છે. બહારની પેલી પ્રવૃત્તિમાં ગુંચાઈ ગયા ને ! આહા..!

રાત્રે એક આવ્યું હતું ખરું પણ ભુલાઈ ગયું. સપનામાં એક આવ્યું હતું, કો'ક સાથે મોક્ષમાર્ગની ચર્ચા થતી હતી, પણ કઈ રીતે એ ભુલાઈ ગયું. અંદર મોક્ષમાર્ગની ચર્ચા થઈ હતી. પેલો કહે, આમ નહિ, નિશ્ચયથી આમ હોય, પેલો કહે આમ હોય. આહા..હા...!

એક પરમાણુ અનંત ગુણ સંપન્ન છે. અસ્તિત્વ ગુણ, વર્ણ ગુણ, ગંધ ગુણ, રસ ગુણ, સ્પર્શ ગુણ. એક એક ગુણ બીજા ગુણથી નથી પણ બીજા ગુણનું રૂપ એમાં છે. વર્ણ ગુણનું અસ્તિત્વ છે તો અસ્તિત્વ ગુણને કારણે એનું અસ્તિત્વ છે એમ નહિ. આહા..હા...! શક્તિઓનો સંગ્રહાલય ભગવાન ! એક એક પરમાણુ અનંત શક્તિનો સંગ્રહાલય છે. એક એક પરમાણુ સ્વભાવનો સાગર છે. આહા..હા...! અરે..! લોકોને ક્યાં (ખબર છે) તત્ત્વ શું છે ?

મુમુક્ષુ :– મોટી વખાર છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– વખાર તે કેવડી વખાર ! આ..હા..! ગજબ છે, બાપુ ! સાધારણને તો એના વિશ્વાસમાં આ વાત આવવી, નિઃસંદેહપણે આવવી એ બહુ અલૌકિક વાતું છે. સમજાય છે કાંઈ ? આત્માની યથાર્થ પ્રતીતિ વિના તેની યથાર્થ પ્રતીતિ થતી નથી. આહા..હા...!

એમ આકાશમાં પણ અનંત ગુણ છે અને એક ગુણ બીજા ગુણ રૂપે નથી પણ એક ગુણમાં બીજા ગુણનું રૂપ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? રાત્રે ઘણી વાત કરી હતી, આ થોડી થોડી આવી. એ તો પછી એની એ વાત નીકળે છે કાંઈ ? આહા..હા..! એ તો સવારમાં કહ્યું હતું નહિ ? રાત્રે વિચાર આવ્યો હતો. કીધું, એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. 'ચિદ્‌વિલાસ' માં (આવે છે). ભાઈને કહ્યું હતું. હમણાં ભાઈ લઈ આવ્યા હતા. તમે નથી કાઢ્યું. મેં રાત્રે કહ્યું હતું, 'ચિદ્‌વિલાસ' કાઢજો. એક ગુણમાં અનંત ગુણનું રૂપ છે. આ ભાઈ 'ધનસુખ' છે એમને કહ્યું હતું. પછી 'ચીમનભાઈ' એ આપ્યું. મેં સવારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહ્યું હતું પણ અહીં ન જોયું. એમાં છે. ૭૫ માં છે.

એક ગુણમાં સબ ગુણકા રૂપ સંભવે. મોટા અક્ષરથી છે. 'ચિદ્વિલાસ' 'દીપચંદજી' ગૃહસ્થાશ્રમમાં (લખે છે). તો શું છે ? ગૃહસ્થાશ્રમમાં આત્મા તો છે કે નહિ ? એક ગુણમાં સબ ગુણ કા રૂપ સંભવે હૈ. આહા..હા...! વસ્તુ વિષે અનંત ગુણ હૈ સો એક એક ગુણ મેં સબ ગુણ કા રૂપ સંભવે હૈ. જો સત્તા ગુણ હૈ તો સબ ગુણ સત્તા છે, સબ ગુણ કા અસ્તિત્વ હૈ. એમ અનંત ગુણ લેવા. બહુ સ્પષ્ટ કર્યું છે. બારીકાઈથી કહ્યું છે. 'દીપચંદજી' સાધર્મી. 'ચિદ્વિલાસ', 'આત્માવલોકન', 'અનુભવ પ્રકાશ', 'અધ્યાત્મ પંચ સંગ્રહ'. એમાં બહુ સૂક્ષ્મ છે. એમાં તો ત્યાં સુધી કહ્યું, લોકો મારી વાત સાંભળતા નથી. હું શું કહું છું તે સાંભળતા નથી તેથી હું લખી જાઉં છું. એ.. શેઠ ! ગૃહસ્થાશ્રમમાં હતા. હું લખી જાઉં છું. સત્ય વાત મારી સાંભળતા નથી. નહિ, આમ નહિ, આમ નહિ, એમ કરીને કાઢી નાખે છે. કાઢી નાખો, હું લખી જાઉં છું, એમ લખ્યું છે. અરે...! તત્ત્વદૃષ્ટિવંત કોઈ દેખાતા નથી એમ એમાં લખ્યું છે. યથાર્થ તત્ત્વદૃષ્ટિવંત કોઈ દેખાતું નથી, હું કહું છું તો સાંભળતા નથી. એ 'પંચ સંગ્રહ' માં છે. 'અધ્યાત્મ પંચ સંગ્રહ' છે ને ? બધું જોયું છે ને ! અહીં તો કેટલી વાર બધું (વંચાઈ ગયું છે). આહા..હા..! એક ગુણમાં અનંત ગુણનું રૂપ, લાવો ! કોઈ ઠેકાણે કહ્યું છે ? આહા..હા...! એટલું કહ્યું, લ્યો ! 'સુજાનમલજી' ! અડધો કલાક ચાલ્યું.

અહીં આવ્યું ને ? **'આત્માકા ચેતનભાવ કા વર્ણન...'** અહીંયા શું લીધું ? જેને પર્યાયની સ્વતંત્રતા રુચતી હોય તે પર્યાયની દૃષ્ટિ છોડી ચેતનભાવની દૃષ્ટિ કરી શકે છે. સમજાય છે કાંઈ ? પુણ્ય નહિ, પાપ નહિ, પણ પુણ્ય-પાપની પર્યાય તેનામાં સ્વતંત્ર થાય છે, પર્યાયમાં છે. આહા..હા...! જુઓ !

**'પુણ્યરૂપ શુભકર્મ, પાપરૂપ અશુભકર્મ, અતીત–અનાગત-વર્તમાન કાલ...'** આત્મામાં નથી. આહા..હા..! ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વસ્તુમાં ક્યાં છે ? વસ્તુ તો ત્રિકાળ છે, ચેતનભાવ જે છે એ તો ત્રિકાળ છે. ધ્રુવ ઉપાદાન. પણ જેને ક્ષણિક ઉપાદાનની સ્વતંત્રતા ન બેસે તેને ધ્રુવ ઉપાદાનની શક્તિ નહિ બેસે. આહા..હા...! મોટી તકરાર અત્યારે આ. આહા..હા...! અરે..રે..! ભગવાન ! માંડ માર્ગ આવ્યો, પ્રભુ ! સમજાય છે કાંઈ ? અને એ પણ પછી ત્યાં સુધી લઈ જાય છે કે અરે..! પ્રભુ ! વ્યભિચારી પંથ છે. અરે..! નાથ ! શું કહેવું છે તારે ? ભાઈ ! આહા..હા...!

અહીં કહે છે કે પ્રભુ ! ચેતનભાવમાં ભૂત, વર્તમાન, ભવિષ્યનો કાળ પણ નથી. કાળ શું ? એ તો વસ્તુ છે ઇ છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! 'સમયસાર નાટક' માં આવે છે. 'દામોદરભાઈ' બોલતા હતા. એ..ઇ...! તારો બાપ. ખબર છે ? ખબર પણ નહિ હોય. 'દામોદરભાઈ લાખાણી' હતા ને ? 'દામોદરભાઈ' અને 'મૂળજીભાઈ' બે. 'મૂળજીભાઈ' તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આપણે... 'દામોદરભાઈ' ને વાંચન ઘણું. એ કહેતા હતા, ઘડી મારી, કાળ મારો, પહોર મારો, દિવસ મારો.. એ બોલતા. એ 'સમયસાર નાટક' માં આવે છે. 'સમયસાર નાટક' માં... આ ઘડી મારી, આ કાળ મારો, આ પહોર મારો એમ કરીને મમતામાં કાળમાં ચોંટી ગયો છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં કહે છે કે ત્રિકાળ ભગવાનમાં કાળ છે જ નહિ. ભૂતકાળ, વર્તમાન, ભવિષ્ય વસ્તુ છે. વસ્તુમાં ક્યાં કાળ છે ? આહા..હા...! ચેતનભાવ ત્રિકાળભાવ... આહા..હા...! 'કળશ ટીકા' માં તો એમ લીધું છે, ૨૫૨ કળશ. ૨૫૨ કળશ છે ને ? ***જે ત્રિકાળ વસ્તુ છે તે સ્વકાળ છે અને એક એની એક સમયની પર્યાય છે તે પરકાળ છે. આહા..હા..! એ..ઇ...! સમજાય છે કાંઈ ? એક સમયનું જે દ્રવ્ય છે તે સ્વદ્રવ્ય છે અને દ્રવ્યનો વિકલ્પથી ભેદ પાડવો કે આ દ્રવ્ય ને આ દ્રવ્ય, એમ ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. પેલા પરદ્રવ્યને તો ભિન્ન રહી ગયા. આહા..હા...! અસંખ્ય પ્રદેશી એકરૂપ છે તે સ્વક્ષેત્ર છે અને અસંખ્ય પ્રદેશમાં ભેદ પાડવા કે આ પ્રદેશ અને આ પ્રદેશ, એ પરક્ષેત્ર છે. ભેદ કલ્પના પરદ્રવ્ય અને ભેદ કલ્પના પરક્ષેત્ર. ભગવાનઆત્મા સ્વકાળ નામ.. આ કાળ નહિ, હોં ! ભૂત, ભવિષ્ય નહિ. ત્રિકાળી વસ્તુ છે તે સ્વકાળ છે. પર્યાય જે છે, દ્રવ્યની, હોં ! એ એક સમયની પર્યાયને પરકાળ કહી. ત્રિકાળીની અપેક્ષાએ પર્યાયને પરકાળ કહી. આહા..હા...! સમજાય છે કાંઈ ? અને ભાવ. ત્રિકાળી ભાવ, એકરૂપ ચૈતન્યભાવ આદિ અનંત ગુણના ભાવ, અનંત ગુણરૂપ ભાવ એ સ્વભાવ, એમાં આ જ્ઞાન છે ને દર્શન છે એવા ભેદ પાડવા તે પરભાવ.*** ગજબ વાત છે, ભાઈ ! પરદ્રવ્ય તો પરભાવ, રાગ તો પરભાવ પણ અનંત ગુણના એકરૂપમાં ગુણની ભેદ કલ્પના થવી તે પરભાવ છે. 'કળશ ટીકા' ૨૫૨ કળશમાં છે. સમજાય છે કાંઈ ? આ છે ને 'કળશ ટીકા' ?

**'સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ...'** એકરૂપ ત્રિકાળી દ્રવ્ય તે સ્વદ્રવ્ય. છે ? **'સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુનો પ્રદેશ,...'** વસ્તુનો પ્રદેશ, વસ્તુના પ્રદેશ નહિ. એકરૂપ બધું. અસંખ્ય પ્રદેશને 'પંચાસ્તિકાય' માં એક પ્રદેશ કહ્યું છે. એકરૂપની અપેક્ષાએ એક પ્રદેશ કહ્યું છે. આહા..હા..! એ સ્વક્ષેત્ર. છે ? **'સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા,...'** ત્રિકાળી. **'સ્વભાવ એટલે વસ્તુની મૂળની સહજ શક્તિ; પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદ કલ્પના...'** આહા..હા...! પરદ્રવ્ય તો પરદ્રવ્યમાં રહ્યા, રાગ પણ પરદ્રવ્યમાં રહ્યો પણ દ્રવ્યમાં ભેદ પાડવો, અભેદમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. આવો માર્ગ છે. કેટલાકે બિચારાએ સાંભળ્યો ન હોય એને આ વાત એવી લાગે... ભાઈ ! માર્ગ તો આ છે, હોં !

કર્મથી વિકાર થાય છે, આમ થાય છે ને આમ થાય છે ! મોટી ગડબડ. સમજાય છે કાંઈ ? 'બનારસ'માં ઈશ્વર કર્તા માનનારા પંડિતો પાસે ભણ્યા, એને જૈનદર્શનની શી ખબર ! ઇ ઈશ્વરકર્તા માને. સૃષ્ટિ ઉપાદાન પોતાથી છે, નિમિત્ત ઈશ્વર છે. એ જ્યાં હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્યાં નિમિત્ત ખોસી ઘાલ્યું. પંડિતો, જૈનના પંડિતો શીખ્યા એણે. સમજાય છે કાંઈ ? એ તો બિચારા કહે છે, 'દેવકીનંદન' કહે છે. 'દેવકીનંદન' પંડિત નહિ ? અહીં રહ્યા, ચર્ચા થઈ. ઓ..હો..! આગમચક્ખુ સહાવો, મહારાજમાં તો આવું મેં અહીંયા જોયું. અમારા બધા પંડિતોનું નિમિત્તાધીન ભણતર છે. બધા પંડિતોની નિમિત્તાધીન (દૃષ્ટિ છે). એમ ઇ કહેતા હતા. 'દેવકીનંદન'. તે દિ' શેઠ અહીંયા નહિ હોય. સમજાય છે કાંઈ ? માણસ બહુ નિસ્પૃહ હતા. 'પંચાધ્યાયી' ની ટીકા બનાવી છે ને ? 'પંચાધ્યાયી' ની ટીકામાં ભુલ હતી તો મેં કીધું, ભાઈ ! આ ભુલ છે. તો એ કહે, 'સુધારો મહારાજ. અમે તો અમારી દૃષ્ટિથી લખ્યું છે.' એમણે લખેલું છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વકનો રાગ છે અને સાતમે અબુદ્ધિપૂર્વકનો રાગ છે, એમ લખ્યું હતું. મેં કીધું, એમ નહિ. છઠ્ઠે ગુણસ્થાને બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક બન્ને છે. સાતમે અબુદ્ધિપૂર્વક છે, એમ છે. પછી સુધારી નાખ્યું. કીધું, જુઓ ! 'ગોમ્મટસાર' માં છે. વ્યક્ત-અવ્યક્ત. જે પ્રગટ ખ્યાલમાં આવે છે તે બુદ્ધિપૂર્વકનો રાગ છે અને તે જ સમયે ખ્યાલમાં નથી આવતો તે અબુદ્ધિપૂર્વક–અવ્યક્ત છે. વ્યાક્તાવ્યકત શબ્દ 'ગોમ્મટસાર' માં છે. આહા..હા...!

અહીંયા કહે છે કે સ્વદ્રવ્યમાં ભેદ પાડવો તે પરદ્રવ્ય છે. **'પરક્ષેત્ર એટલે જે વસ્તુનો આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ વસ્તુમાત્રરૂપે કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદ-કલ્પનાથી પરપ્રદેશ...'** છે. આહા..હા...! અસંખ્ય પ્રદેશી ભગવાન એકરૂપ તે સ્વક્ષેત્ર. એ પ્રદેશમાં ભેદ પાડવા કે આ પ્રદેશ ને આ પ્રદેશ એવા ભેદ તે પરક્ષેત્ર. આ ગૃહસ્થ કામ કરે છે, જુઓ ! આ 'રાજમલ'. 'કળશ ટીકા' છે ને ? એમાંથી 'સમયસાર નાટક' બનાવ્યું છે. એમાંથી (બનાવ્યું છે). 'બનારસીદાસ'. 'રાજમલ જૈનધર્મી' એવું લખ્યું છે. અહીં તો જૈનધર્મીનું કહેવું હતું. **'પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા...'** તે સ્વકાળ **'અવસ્થાંતર ભેદરૂપ કલ્પનાથી પરકાળ...'** આહા..હા...! કાળદ્રવ્ય પરદ્રવ્ય છે તેની વાત નથી. પોતાની ત્રિકાળી વસ્તુ તે સ્વકાળ અને તેની એક સમયની પર્યાયને પરકાળ કહી. ભેદ થયો ને ? તેથી પરકાળ કહ્યું. દૃષ્ટિનો વિષય બતાવવામાં (આમ કહે). પર્યાય, ભેદ એ કોઈ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો ત્રિકાળ પરમાનંદ મૂર્તિ પ્રભુ, નિર્વિકલ્પ સચ્ચિદાનંદ આત્મા સમ્યગ્દર્શનનો વિષય–ધ્યેય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? કહો, 'છોટાભાઈ' ! આવી વાતું છે આ. તમે નહોતા કહેતા પહેલા ? આ નિમિત્તનું લાકડું પંડિતોને (ગરી ગયું છે). પહેલા કહેતા હતા. બેન અહીંયા ક્ષયમાં હતા ત્યારે. આ લોકો એમ કહેતા ત્યારે અમને શંકા પડતી હતી. 'છોટાભાઈ' કહેતા હતા. આહા..હા..!

અરે..! વસ્તુ છે ને ! આહા..હા..! સત્‌ને પરના આશ્રય કેવા ? ચાહે તો પર્યાય સત્ હોય તો તેને પરનો આશ્રય કેવો ? આહા..હા...! જ્યાં ક્યાંય એવા કથન આવ્યા હોય તો તે ભેદથી વ્યવહારનયથી કથન કર્યા હોય. સમજાય છે કાંઈ ? પણ વસ્તુસ્થિતિ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે છે તે પોતાથી છે.

અહીંયા તો વસ્તુ એ કહેવી છે કે વસ્તુ જે ત્રિકાળ છે તે સ્વકાળ અને એક સમયની પર્યાય તે પરકાળ. એ પરકાળ લક્ષ દેવા લાયક નથી એમ કહેવું છે. ત્રિકાળનું લક્ષ કરવું. લક્ષ દેનારી પર્યાય પરકાળ છે પણ તેનો વિષય સ્વકાળ છે. આહા..હા...! આવી વાત છે, ભાઈ ! આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવના આવા માર્ગ છે. ભગવાને આવું તત્ત્વ કહ્યું છે. લોકોને દ્રવ્ય, ગુણ, પર્યાયની ખબર નથી અને ધર્મ થશે.. ધર્મ થશે. અરે..! ભાઈ ! પડિમા લઈ લ્યો, આ લઈ લ્યો.. ધૂળમાં પડિમા નથી. પડિમા ક્યાં આવી ? હજી સમ્યગ્દર્શનના ઠેકાણા નથી. આહા..! વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી. રાગથી રહિત ત્રિકાળ પરમાત્માની અનુભૂતિ થાય તે સમ્યગ્દર્શન છે, એવી શ્રદ્ધાના પણ ઠેકાણા નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

અરે..! જિંદગી ચાલી જાય છે, આંખ્યું મીંચીને ચાલ્યો જશે ક્યાંક. બિચારા બે જણા ૩૫-૩૫ વર્ષના જુવાન હતા, આમ જાતા હતા. શેમાં જાતા હતા ? રીક્ષામાં. એમાં સામે ખટારો આવ્યો, ઉપર ચડી ગયો, મરી ગયા. ૩૫-૩૫ વર્ષના જુવાન માણસ. આહા..હા...! ક્યારે દેહ છૂટશે ભગવાન ! એનો કંઈ નિયમ જોયો છે ? આહા..હા...! પહેલા કરવા લાયક ચીજ તો આ છે. સમજાય છે કાંઈ ?

ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ, દરેક ગુણ સ્વતંત્ર, દરેક પર્યાય સ્વતંત્ર એમ જેને રુચે તેને ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેવા જેવો છે તે તેને રુચિ જાય. આહા..હા...! અહીંયા કહ્યું છે નહિ ? પરભાવ. '**પરભાવ એટલે દ્રવ્યની સહજ શક્તિના પર્યાયરૂપ અનેક અંશ દ્વારા ભેદ-કલ્પના...**' આહા..હા...! અનંત ગુણરૂપ ભગવાન એકરૂપ છે એમાં આ અસ્તિત્વ ગુણ અને આ જ્ઞાનગુણ એવા ભેદ પાડવા તે પરભાવ છે. આ પરભાવની વ્યાખ્યા કેટલી કરી છે ! પરવસ્તુ તે પરભાવ, રાગાદિ ભાવ તે પરભાવ અને ભાવમાં ભેદ પાડવા તે પરભાવ. એ વાત અહીંયા આપણે ચાલે છે. જુઓ ! અહીંયા.

'**અતીત-અનાગત-વર્તમાન કાળ આકાશ, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય, શરીર, ઇનમેંસે એક ભી આત્મા નહીં હૈ,...**' એ વસ્તુ તરીકે છે. પુણ્ય તરીકે પુણ્ય છે, પાપ તરીકે પાપ છે. ભગવાનઆત્માના ચૈતન્યભાવમાં એ વસ્તુ નથી. આવી પર્યાયની સ્વતંત્રતા જેને બેસે તેને નહિ જોનારને જોવા જેવી દૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ ? આવો માર્ગ છે. '**ચેતનભાવકો છોડકર અર્થાત્ એક ચેતનભાવ હી અપના હૈ.**' આહા..હા...! અહીં દૃષ્ટિના વિષયની અપેક્ષા લીધી છે. પર્યાય પર્યાય તરીકે તો છે, એ તો પહેલા સિદ્ધ કર્યું. પણ પર્યાયનો આશ્રય કરવાથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ?

ત્રિકાળી ભગવાન ચેતનભાવ જ્ઞાનભાવ, જ્ઞાનરસ ભાવ, જ્ઞાનશક્તિ ભાવ.. આહા..હા...! ચેતનાભાવ એ દ્રવ્ય છે, એ જ ચેતનાભાવનું ક્ષેત્ર છે, એ કાળ ચેતનાભાવ એ કાળ છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રિકાળ ચેતનાભાવ તે તેનો ભાવ છે. આહા..હા..! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન ભિન્ન નથી. એ જ ચીજને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ કહેવામાં આવે છે. ત્રિકાળ ચેતનાભાવ એ દ્રવ્ય, એ જ ક્ષેત્ર, અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર, ત્રિકાળ તે જ સ્વકાળ અને ભાવ–ત્રિકાળ એકરૂપ ભાવ તે ભાવ. આહા..હા...! આવો ચેતનાભાવ પોતાનો છે.

**ભાવાર્થ :– 'વ્યવહારનયકર યદ્યપિ પુણ્ય, પાપાદિ આત્માસે અભિન્ન હૈં,...'** પર્યાયમાં છે ને ? પર્યાયમાં પુણ્ય, પાપ છે ને ? **'તો ભી શુદ્ધનિશ્ચયનયકર ભિન્ન હૈં,...'** ભગવાન ચેતના સ્વભાવ, જાગૃત સ્વભાવ, એવા સ્વભાવથી તે ભિન્ન છે. **'ઔર ત્યાગને યોગ્ય હૈં,...'** જુઓ ! પુણ્ય-પાપના ભાવ, શરીર આદિ ત્યાગવા યોગ્ય છે. આહા..હા...! પેલા કહે છે કે પુણ્યના ભાવ, વ્યવહારના ભાવ તે આદરવા લાયક છે, તેનાથી નિશ્ચય થશે. અરે..! ભગવાન ! બહુ ફેર છે, હોં ! ભાઈ ! તને અત્યારે મીઠાશ લાગશે અને દુનિયાને પણ એ જાતના ઝુકાવવાળાને મીઠાશ લાગશે. સરવાળા જૂઠા આવશે. આહા..હા..! તું રાજી થઈ જાય અને દુનિયાને રાજી કરે. સેવા કરો, દેશસેવા કરો, ફલાણું કરો, આમ કરો.. આહા..હા...! ભગવાને વળી જગતના સુખ ને હિતને માટે ઉપદેશ આપ્યો. સુખ કોણ ? આ બહારની સામગ્રી.

**શ્રોતા :–** શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું આવે છે ? એ ક્યુ સુખ ? એ તો આત્માનું સુખ.

**શ્રોતા :–** લોકનું હિત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લોકનું હિત એટલે આત્માનું હિત, એ લોકનું હિત છે. 'ૠષભદેવ' ભગવાને પહેલું કર્યું ને ? ગૃહસ્થાશ્રમમાં અસિ, મસિ, કૃષિ. એ કર્યું હતું ને ? પણ એ તો એ વખતે વિકલ્પ હતો એટલે આવ્યું. એ કોઈ માર્ગ છે ને એ ધર્મ છે એમ કરીને એ કહ્યું હતું ? તીર્થંકરોએ પણ અસિ, મસિ, કૃષિનો (ઉપદેશ કર્યો છે), એમ કહે. અને જગતના હિત માટે કર્યું હતું ને ? અરે..! પ્રભુ ! એ તો વિકલ્પ આવ્યો અને એ ક્ષેત્ર એ વખતે હતું તો કરૂણાનો વિકલ્પ આવ્યો. પછી છોડી દીધું. જ્યારે મુનિ થયા ત્યારે એ વિકલ્પ છોડી દીધો. હિત ને સુખનું કારણ હોત તો એ વિકલ્પ છોડત કેમ ? અરે...! એ અસિ, મસિ, કૃષિ આવે છે ને ? ષટ્ કારણ બતાવ્યા. તરવારની વાત, મસિ–લખવાની, કૃષિૃ–ખેડવાની. આહા..હા...! એ તો એ વખતે વિકલ્પ આવ્યો, એ વખતે એવી સ્થિતિ હતી, આવ્યો પણ જાણતા હતા કે વિકલ્પ છે તે હેય છે, દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** દૃષ્ટિ તરીકે નહીં ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દૃષ્ટિ તરીકે નહિ, એ કરવાલાયક તરીકે નહિ. કરવાલાયક હોય ? રાગ કરવાલાયક નથી ત્યાં વળી પરને શીખવવું ને કૃષિ કરવાલાયક છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાને પણ આમ કર્યું હતું એટલે આપણે પણ એમ કરો. અરે..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન ! એ તો ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી. ખબર હતી કે મને આ ભવમાં કેવળજ્ઞાન છે. પણ એ સમયનો પ્રસંગ એવો કે વિકલ્પ પોતાને કારણે ઉઠ્યો, એ પોતાની નબળાઈને કારણે ઉઠ્યો છે. વિકલ્પ, હોં ! વાણી તો વાણીને કારણે નીકળી. કૃષિમાં ખેડ કરે એમાં પાપ છે. લખાણ કરે–મસિ, અસિ–તલવાર આદિ પાપ બતાવે છે. એ ધર્મનું કારણ છે ? સમજાય છે કાંઈ ? આહા..!

**'ઉન પરભાવોંકો મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ...'** શું કહે છે ? પરકાળ, ધર્માસ્તિ અને પુણ્ય-પાપ, એ બધાને **'મિથ્યાત્વ રાગાદિરૂપ પરિણત હુઆ બહિરાત્મા (અપને) જાનતા હૈ,...'** આહા..હા..! મિથ્યાદૃષ્ટિ પુણ્યને પોતાનું માને છે, શુભભાવને પોતાના માને છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અહીં શુભકર્મ કીધું છે ને ? એટલે એ શુભકર્મ જડ લેવું, પણ એનું કારણ પુણ્ય છે એ પણ ભેગું લેવું. પુણ્ય-પાપ અધિકારમાં એ લીધું છે. લીધું છે કર્મ, પછી 'અમૃતચંદ્રાચાર્યે' સ્પષ્ટીકરણ કર્યું કે શુભકર્મ, શુભનું કારણ પુણ્ય ભાવ એ બધું હેય છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! અરે..! ભવગાન ! જ્યાં એકલી પર્યાયનો પણ આદર નથી ત્યાં વળી પુણ્યનો આદર ને પરના આદર (તો ક્યાંથી હોય) ? સમજાય છે કાંઈ ?

**'ઔર ઉન્હીંકો...'** પુણ્ય ને પાપને મિથ્યાદૃષ્ટિ પોતાના જાણે છે. ત્યાં પુણ્ય-પાપ અધિકારમાં કર્મ પાઠ લીધો છે. વ્રત, નિયમ, તપસ્યા આદિ શુભકર્મ છે. એને અજ્ઞાની પોતાના માને છે. સમજાય છે કાંઈ ? ***માર્ગ ભારે, ભાઈ ! સાંભળવા મળે નહિ એ બિચારા ક્યાં જાય ? અરે..રે..! સ્થિતિ પૂરી થશે, જિંદગી ચાલી જશે, ક્યાં ઉપજશે ? આહા..હા...! અને પાંચ-પચાસ લાખના આસામી શેઠિયા હોય, ધર્મ હોય નહિ, પુણ્ય હોય નહિ મરીને ઢોરમાં જાય. આહા..હા..! સમ્યગ્દર્શન આદિ ધર્મ ન હોય, પણ સાંભળવું, વાંચવું આદિ પુણ્ય પણ ન હોય. એનો વખત લીધો ન હોય. સમજાય છે કાંઈ ?*** પઠન, પાઠન, સ્તુતિ, ભક્તિ આદિ પુણ્ય છે. એનો વખત લીધો ન હોય. એકાદ વખત જઈને કરે, ભાગ્યા જાઓ ! ધર્મ તો ક્યાં ? એ મરીને ક્યાં જાશે ? પા કલાક આવે ને હાથમાં પુસ્તક લઈ એક લીટી વાંચી લે, થઈ રહ્યું. ષટ્ આવશ્યક કહ્યા છે ને ? ષટ્ આવશ્યક શ્રાવકના. થોડું વાંચન કરી લે, એક લીટી વાંચી લે. અહીં ઘણા આવે છે. પુસ્તક ત્યાં પડ્યા હોય તો લઈને પા કલાક વાંચી લે. પાંચ મિનિટ વાંચે એટલે થઈ ગયું, જાઓ ! અરે..! ભગવાન ! આહા..હા..! વીતરાગ માર્ગ જે સત્ય છે તે સાંભળવા મળ્યો નહિ, એ ક્યારે અંતરમાં પ્રયોગ કરી સ્વસન્મુખ થાય ?

**'પુણ્ય, પાપાદિ સમસ્ત સંકલ્પ વિકલ્પરહિત...'** કહે છે કે એ પુણ્ય, પાપને કોણ પોતાના માને છે ? બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ પોતાના માને છે. સમ્યગ્દૃષ્ટિ **'નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં...'** નિજ શુદ્ધાત્મદ્રવ્ય, હોં ! પર શુદ્ધાત્મા પણ નહિ. પર ભગવાન શુદ્ધ આત્મા છે, પણ એ નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ પર છે. પરમાં વંદન આદિ કરશે તો એ વિકલ્પ છે. આહા..હા..! એક એક શબ્દમાં કેટલી મહિમા છે ! **'નિજ શુદ્ધાત્મદ્રવ્યમેં સમ્યક્ શ્રદ્ધાન...'** તેના શ્રદ્ધા, પ્રતીતિ આનંદના અનુભવમાં. આહા..હા...! એનું નામ સમ્યગ્દર્શન છે. સ્વસંવેદનજ્ઞાન–પોતાનો આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપ છે તેનું જ્ઞાન. સ્વને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું તેનું નામ સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર–સ્વરૂપમાં રમણતા. આનંદનો નાથ પ્રભુમાં રમણતા, ચરવું, ચરવું. જેમ પશુ ઘાસ ચરે છે ને ? એમ આત્મા આનંદના ભોજન કરે છે, ચરે છે તેનું નામ ચારિત્ર છે. લોકોને બિચારાને આકરું લાગે. અરે..! ભાઈ ! પણ સત્યની વાત છે, બાપા ! આવો મનુષ્યદેહ મળ્યો, એના .. સંપ્રદાયમાં જન્મ થયો, એમાં જિનની વાણી મળે તો એનું કામ કરી લેવું જોઈએ. આવા અવસર ફરીને મળશે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'અભેદરત્નત્રયસ્વરૂપ પરમસમાધિમેં તિષ્ઠતા...'** આહા..હા...! પુણ્ય-પાપનો ત્યાગ પણ ક્યારે કહેવાય ? એમ કહે છે; કે અંતર અભેદ રત્નત્રયમાં ઠરતા **'સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધાત્માસે જુદે જાનતા હૈ.'** આહા..હા...! અંતર અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદમાં રહીને પુણ્ય-પાપને ભિન્ન જાણે છે. સમજાય છે કાંઈ ? તેનું યથાર્થ ભિન્ન જાણવું તે યથાર્થ છે અને બહિરાત્મા પુણ્ય-પાપને પોતાના માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. વિશેષ કહેશે..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**કરવાથી બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધનું પ્રયોજન છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું ? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી ? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પર છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૧૬૧)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, શ્લોક-૨૭૭, ગાથા–૧૬૨, પ્રવચન નં. ૧૮૧, તા. ૧૮-૦૯-૧૯૬૬ [૨૬]

'નિયમસાર' શુદ્ધોપયોગ અધિકાર ચાલે છે. 'નિયમસાર' એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે આત્મા રાગ અને કર્મ, શરીરથી તદ્દન નિરાળું તત્ત્વ છે, અત્યારે, હોં ! અત્યારે. ચૈતન્ય તત્ત્વ આત્મા અનાદિથી આત્મારૂપે છે. આત્મા ખરેખર પુણ્ય ને પાપના વિકારપણે થયો નથી અને કર્મપણે તો થયો નથી. શરીર, કર્મ પરદ્રવ્યપણે તો કોઈ દિ' થયો જ નથી. આત્મા પરદ્રવ્યપણે થાય ત્રણકાળમાં કોઈ દિ' ? એટલે શરીર, કર્મ પરવસ્તુપણે તો થયો નથી, એ તો જ્ઞાનની રાશિ છે, અનંત ગુણની રાશિ, અનંત ગુણનો ઢગલો. દ્રવ્યની વ્યાખ્યા નથી કરતા ? પેલા જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે કે નહિ ? દ્રવ્ય કોને કહે છે ? છોકરાઓને આવડતું હશે. લ્યો ! આ બોલ્યો. ગુણોના પુંજને. પુંજ એટલે ઢગલો, ગુણનો સમૂહ, ગુણનો ઢગલો, ગુણની રાશિ. સમજાણું કાંઈ ? 'ભગવાનદાસ' ! શું આ કહે છે ?

આ આત્મા એટલે શું ? આ છોકરો તો એમ બોલ્યો કે ગુણનો પુંજ છે એમ બોલ્યો. આત્મા એટલે કે અનંતા જ્ઞાન, દર્શન આદિ ગુણનો પુંજ. પુંજ નામ ઢગલો, પુંજ નામ રાશિ, પુંજ નામ અનંત ગુણનું દળ. આહા..હા..! અનંત ગુણની ગાંસડી. સમજાણું કાંઈ ? ભગવાનઆત્મા એક સમયમાં એ આત્મા અનંત ગુણનો પુંજ છે. એ વિકારપણે ખરેખર એ તત્ત્વ થયું નથી ને કર્મપણે પણ થયું નથી, તો પરદ્રવ્યપણે તો થાય શેનું ! એવો આત્મા રાગ ને વિકલ્પ વિનાનો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સ્વથી છે, પરથી નથી. એવી રીતે અંતરમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી શુદ્ધ ચૈતન્ય જ છું, રાગાદિ મારામાં નથી - એમ સ્વભાવની દૃષ્ટિ, અનુભવ કરવો એનું નામ મોક્ષનો માર્ગ. સમ્યગ્દર્શનમાં ત્રણે અંશો આવી જાય છે. દર્શન આવી જાય છે, જ્ઞાન આવી જાય છે ને ચારિત્ર પણ આવી જાય છે. કહો, સમજાણું કાંઈ ? એવા આત્માના અંતરમાં જ્ઞાનના માર્ગે પંથે પડેલો એની જ્યારે પૂર્ણતા થઈ જાય છે, ત્યારે તેને કેવળજ્ઞાન, કેવળદર્શન એક સમયમાં પૂર્ણ થાય તેને પરમાત્મા કહે છે. એને મોક્ષમાર્ગનું ફળ કહે છે. આ એની વ્યાખ્યા ચાલે છે. મોક્ષમાર્ગનું ફળ એવું પ્રગટે એને અહીંયા શુદ્ધ ઉપયોગ તરીકે કહેવામાં આવે છે. 'પ્રવચનસાર'નો આધાર આપ્યો છે.

કેવો છે ભગવાનઆત્મા ? - કે **'જેણે કર્મોનો છેદી નાખ્યા છે...'** ભગવાનઆત્મા અનંત ગુણનો પુંજ ! અનંત ગુણ... આ રૂનું ધોકડું જો હોય તો ખ્યાલમાં આવે એને. ધોકડું સમજો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છો ? રૂની ગાંઠ, ધોકડા હોય છે ને ? પચીસ-પચીસ મણના ધોકડા નથી હોતા ? આ રૂના. બોરી. એ એવડું મોટુ ધોકડું હોય તો એને ખ્યાલમાં આવે પણ આ અનંત ગુણનું ધોકડું છે. નકોર ધોકડું ! પેલામાં તો જરી આમ પાટા બાંધે તો પાછુ ટૂંકુ થઈ જાય, આમ થઈ જાય. 'સેઠી' ! નકોર એટલે શું એ નથી સમજતા આટલા વર્ષ થયા તોપણ ? નકોર નામ એમાં રાગાદિનો પણ એમાં પ્રવેશ નથી. ગંજ. રૂની મોટી ગાંસડી હોય છે, પછી એને દબાવે છે કે નહિ ? એટલું દબાવે છે કે ઉપર પાટા બાંધીને પાણીમાં રાખે તો અંદર પાણી ન ગરે. ઠોસ. એટલું ઠોસ કરે કે એમાં પાણી પણ ન પડે. સમજ્યા ? પાણી ઘુસી ન જાય. ભલે રૂ હોય પણ એટલું મજબુત કરે કે પાણી પણ ઘુસે નહિ. એવો ભગવાનઆત્મા જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંત ગુણનું ધોકડું પૂર્ણ છે, નકોર છે. નકોરનો અર્થ એમાં રાગનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ ?

એવો આત્મા અનાદિ કાળથી રાગ અને પર વસ્તુ મારી એમ માનીને પરિભ્રમણ કરતો એણે રાગ ને કર્મ હું નહિ, હું તો ચિદાનંદ અનંત આનંદનો કંદ છું - એમ અંતરમાં અનુભવ કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરી સ્વરૂપને આશ્રયે એના ફળ તરીકે જ્યારે કેવળજ્ઞાન પ્રગટ્યું એ અખંડ દશા એની કેવી હોય છે, એનું અહીં વર્ણન કરે છે.

**'જેણે કર્મોને છેદી નાખ્યા છે...'** એ વ્યવહારથી છે. ભાવકર્મને છેદ્યો છે એ અશુદ્ધ નિશ્ચયથી છે. **'એવો આ આત્મા...'** એવો આ આત્મા ભૂત નામ ગયો કાળ, વર્તમાન નામ વિદ્યમાન ચાલુ કાળ અને ભાવિ નામ ભવિષ્યનો અનંત કાળ, એવા **'સમસ્ત વિશ્વને (અર્થાત્ ત્રણે કાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને)...'** ભગવાનઆત્મા પોતાના સ્વભાવની સંભાળ કરીને, શુદ્ધતાના આદરની સંભાળ કરીને પૂર્ણ દશા જ્યારે પ્રગટ કરી, રાગનો છેદ, અજ્ઞાનનો છેદ, કર્મનો છેદ નિમિત્તથી (કર્યો), ત્યારે **'(ત્રણકાળના પર્યાયો સહિત સમસ્ત પદાર્થોને) યુગપદ જાણતો હોવા છતાં...'** એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે છે. આહા..હા..!

એ બધા વાંધા કરે છે ઘણા. એક કાળમાં ત્રણ, એક સમયમાં ત્રણકાળ એક સમયમાં. જ્યાં જે પર્યાય જે કાળે, જ્યાં થશે તે કાળમાં નિમિત્ત કોણ એ બધું એક સમયમાં વ્યવસ્થિત નિશ્ચય થઈ ગયો છે. સમજાણું કાંઈ ? એવા ત્રણકાળના પર્યાયો સહિત પદાર્થને એક સમયે જાણતો હોવા છતાં **'મોહના અભાવને લીધે...'** રાગ નથી. સ્વરૂપની પૂર્ણતા પ્રગટ થઈ છે. **'પરરૂપે પરિણમતો નથી.'** રાગરૂપે વિકારરૂપે થતો નથી. અહીં પણ જાણવા-દેખવાભાવે પરિણમે તો કાંઈ રાગરૂપે થતો નથી. એ જાણવા-દેખવામાં અતિશયનો અતિરેક કરે (કે) આ મારું. એમાં મારું છે નહિ એનું. કહો, 'પોપટભાઈ' ! પચ્ચીસ છોકરા ઊભા હોય, પચ્ચીસ છોકરા એક સાથે (ઊભા હોય), એમાં એના બે દીકરા એના શરીરનું .... ઊભા હોય. આમ જોવે છે તો પચ્ચીસ તરીકે લ્યો ! જાણે છે.

**શ્રોતા :–** એ પચ્ચીસ પોતાના છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઇ જ કહે છે કે પચ્ચીસ એ જાણવા યોગ્ય થયા. એમાં જાણવા ઉપરાંત આ લાકડુ ખોસ્યું, એ.. આ બે મારા. સમજાણું કાંઈ ? આ બે મારા. એ મૂઢ મિથ્યાદૃષ્ટિપણે (પોતાના માને છે). પચ્ચીસ જાણવા યોગ્ય પદાર્થ છે. એમાં આ બે મારા ને તેવીસ માર નહિ, એ આવ્યું ક્યાંથી ? 'અમરચંદભાઈ' ! ક્યાંથી આવ્યું પણ ? એ એણે માન્યું છે અંદરથી. અજ્ઞાનમાં કલ્પ્યું છે. છે નહિ એનું ત્રણકાળ, ત્રણલોકમાં. એમ પચાસ ઘર હોય આમ એક શેરીમાં. શેરી સમજ્યા ? ગલી. પચાસ ઘર હોય તો આમ દેખે છે, હવે એમાં આ મકાન મારું, આવ્યું ક્યાંથી એમાં ?

**શ્રોતા :–** પૈસા ખર્ચ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસા ક્યાં એના બાપના હતા ? એના હતા ? શેઠ ! ઇ કહે છે કે ભાઈ ! તું તારો ક્યાં ને તારું ક્યાં નથી એની તને (ખબર નથી). તારો સ્વભાવ તો જાણવા-દેખવાનો છે એક જ વાત. જાણવા-દેખવાનો સ્વભાવ અહીં પૂર્ણ થાય છે પણ પહેલા પણ જાણવા-દેખવાનો જ તારો સ્વભાવ છે. એમાં એ પચાસ ઘરની ગલી, લાઈનમાં આમ ચાલ્યો આવે ત્યાં આ મારું. એ ચીજ આવ્યું ક્યાંથી ? કહે છે. ન્યાં 'મારું' લખ્યું છે ? એ તો જેમ પચાસને જ્ઞેય તરીકે જ્ઞાન જાણે છે, (એમ) જાણે છે આ. એમ 'આ' એવું જ્ઞાન ઉપરાંત, જાણવા ઉપરાંત અતિરેક કર્યો એ એનો ભ્રમ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પાટીયું જોડ્યું હોય તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાટીયું જોડ્યું હોય તો શું ? એ જડનું છે. કહો, 'શોભાલાલભાઈ' ! પાટીયું જોડ્યું હોય તો ? પાટીયું જડ છે. એ તો બધું જાણે, ભેગું જાણે. ઇ જ અહીં કહે છે કે તારો સ્વભાવ પૂર્ણ પ્રગટે ત્યારે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવો જ અત્યારે સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

આ બધા શરીરો છે એમ આ શરીર પણ છે. આ બધા શરીર છે એમ જાણે છે. એનો તો સ્વભાવ જાણવાનો. એમાં આ શરીર મારું એવું આવ્યું ક્યાંથી ? કહે છે. એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાનના જ્ઞાનમાં ત્રણકાળ, ત્રણલોક એક સમયમાં જણાણા, એમાં કોઈ પર્યાય મારી એમ આવે છે અંદર ? પોતાની એક સમયની પર્યાય પૂર્ણ પ્રગટી એ પોતાની છે, પોતાની છે, અપની છે. એમાં આ ચીજ મારી એમ આવે છે ? એમ આ ભગવાન ચૈતન્ય-સૂર્ય છે એ ચીજોને જાણે એ તો જ્ઞેય છે, પ્રમેય છે અને પ્રમેયનો સ્વભાવ પ્રમાણમાં જણાય એવો એનો સ્વભાવ છે. પ્રમાણનો સ્વભાવ પ્રમેયને જાણે એવો એનો સ્વભાવ છે. બે ઉપરાંત અતિરેક ખોસ્યું. 'પ્રભુદાસભાઈ' ! એ ભ્રમ છે તારો, કહે છે. મુક પહેલી પડતી. એ વિના તને સુખ થશે નહિ. આહા..હા..! એ વિના કેવળજ્ઞાન નહિ થાય, પરમાત્મા પરમાત્મા તું કરીશ.. હે ભગવાન આવા ! પણ ભગવાન તારે થાવું છે કે નહિ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખરેખર તો એ ન્યાયથી તો... સમજાય છે ? રાગાદિ વ્યવહાર છે, 'સંયોગાલક્ષણમ્' એ સંયોગી લક્ષણ, સંયોગી ભાવ છે. સંયોગી આવે છે ને ? 'નિયમસાર' આમાં જ આવે છે, નહિ ? 'સવ્વે સંયોગલક્ષણા' એ આવે છે ને ક્યા ? એ વ્યવહાર ભાષામાં આવે છે ને ? એ ક્યા શબ્દમાં આવે છે ? આ જુઓને ૧૦૨ ગાથા નીકળી.

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।**

જુઓ ! ખુબી અહીં છે. ૧૦૨ ગાથા. '**एगो मे सासदो अप्पा**' હું એક શાશ્વત આત્મા–એ વસ્તુ થઈ. '**णाणदंसणलक्खणो**' મારું તો જાણવું-દેખવું એક લક્ષણ છે. ૧૦૨ ગાથા, 'નિયમસાર' ૧૯૭ પાનું. '**सेसा मे बाहिरा**' જુઓ ! આ એક શબ્દ મહા પડ્યો છે. હું એ જ્ઞાન દર્શન (સ્વરૂપ છું). સર્વજ્ઞ પરમાત્માને પણ જેવું જ્ઞાન-દર્શન અખંડપણે જાણવું-દેખવું છે, એમાં પર ચીજ જણાય એ તો પોતાનું જ્ઞાન છે, કાંઈ પર (ચીજ) એની છે નહિ. એમ આત્મા જાણનાર-દેખનાર '**सेसा मे बाहिरा भावा**' જુઓ ! એ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે પણ એ બાહિરભાવ, વ્યવહારભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ૧૦૨ છે ને ? '**જે શુભાશુભ કર્મના સંયોગથી ઉત્પન્ન થતા બાકીના બાહ્ય-અભ્યંતર પરિગ્રહો,...**' જુઓ ! બન્ને શબ્દ છે અંદર. '**બધા નિજ સ્વરૂપથી બાહ્ય છે.**' શું કહ્યું ? સમજાણું આમાં ?

આત્મા ચૈતન્ય-સૂર્ય જાગતી જ્યોત જાણનાર-દેખનાર એ એનું લક્ષણ ને સ્વરૂપ (છે). એ સિવાય સંયોગી ચીજો અને સંયોગના લક્ષે ઉત્પન્ન થયેલા દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિના ભાવ બધા બાહિર ભાવ છે, બાહિર ભાવ છે, બાહિર છે. એ બાહ્ય છે તેને મારા માનવા એનું નામ બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? એ માટે અહીં કેવળજ્ઞાનનું ફળ... મોક્ષમાર્ગ આવો જેને પ્રગટે કે રાગાદિ હું નહિ, બાહ્ય ભાવ બાહ્યમાં રહ્યા, એથી તો નિશ્ચય થઈ ગયો કે સમ્યગ્દૃષ્ટિ થઈ, આત્મા જ્ઞાન, દર્શન, લક્ષણવાળો છે એવું દર્શન, જ્ઞાન ને સ્થિરતા થઈ એ વખતે જ વ્યવહાર તે પર લક્ષણવાળા છે, બાહ્ય ભાવ છે, મારા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં એ નથી. એવી દૃષ્ટિનું થવું તેને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહે છે. સમજાણું કાંઈ ?

'**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा**' પેલામાં જ્ઞાન, દર્શન લક્ષણ કહ્યું હતું, આ સંયોગી લક્ષણ છે. પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, જાત્રા, રાગ એ સંયોગી લક્ષણવાળા બાહ્ય તત્ત્વો છે, મારી ચીજમાં એ નથી. સમજાણું ? જેમ બીજાને કાંઈ રાગ થાય અને જેમ આ જાણે છે, એમ ખરેખર તો અહીંયા રાગ થાય એને જાણે. એમાં આ રાગ મારો એવું ક્યાં આવ્યું ? એમ કહે છે. સમજાણું કાંઈ ? 'શશીભાઈ' ! ભારે વાત, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે કે પ્રભુ તું તો ચૈતન્ય છો ને ! જુઓને ! સર્વજ્ઞની પર્યાય પણ ત્રણકાળ, ત્રણલોકને એક અખંડ એક જ્ઞાન દર્શનથી જાણી રહી છે. તો ભગવાન ! તું પણ જ્ઞાન-દર્શન સંપન્ન લક્ષણવાળો છો. 'પોપટભાઈ' ! ભાષાથી બોલવું જુદું ને માનવું જુદું, હોં ! પાછું. અંદરમાંથી ભ્રમ ટળવો જોઈએ.

અહીં તો ઘણું જ ટૂંકામાં લક્ષણ બાંધી દીધું. ભગવાન શાશ્વત જ્ઞાન, દર્શન લક્ષણ સ્વરૂપે છે અને બાકીના શરીર, કર્મો તો સંયોગી ચીજ છે અને સંયોગી ચીજના કર્મના લક્ષે તારામાં, તારા કારણે ઉત્પન્ન થયેલા વિકારી પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર રત્નત્રયના રાગ, એ પણ ખરેખર તો સ્વરૂપના ભાવથી બાહ્યભાવ છે. એ બાહ્યભાવને પણ તારો જાણવાનો સ્વભાવ છે. એમાં જાણવા ઉપરાંત અતિરેક કરી નાખ કે 'આ રાગ મારો' એ ભ્રમ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? ઝીણું તો છે જરી. 'શેઠ' ! આ તમારા બંગલા-બંગલા તો ક્યાંય રહી ગયા. આરસ પહાણના બંગલા મોટા, શું કહેવાય ? સંગેમરમર. મરમર ભૂકા થઈ ગયા. આહા..હા..!

ભગવાન ! તું તો જાણનાર-દેખનારનો પિંડ છો ને પ્રભુ ! અનંત ગુણમાં મુખ્ય ગુણો જ્ઞાન, દર્શનના પિંડવાળો (છો ને). અહીં તો એ વર્ણન કરવું છે ને ! સ્વ-પરપ્રકાશક સિદ્ધ કરવું છે ને ? સમજાણું કાંઈ ? અજ્ઞાની કેટલાક એમ કહે, ભાઈ ! જ્ઞાન છે એ પરને જાણે, દર્શન સ્વને દેખે. એકાંત એમ માનનારને માટે આ વાત કરે છે કે એમ છે નહિ. ભગવાન...! એ પછીના શ્લોકમાં કહેશે. અહીં તો એ કહ્યું કે સંયોગભાવ, બાહિરભાવ, વ્યવહારભાવ, પરભાવ, નિમિત્તભાવ એ બધાને ચૈતન્યનો સ્વભાવ તો જાણવું-દેખવું છે. આહા..હા..! એ બધો પર છે, એને જાણવું-દેખવું તારો સ્વભાવ છે, પણ એને મારું માનવું એવું વસ્તુમાં નથી અને રાગમાં એવું નથી કે આનું થાય એવું રાગમાં નથી, એમ કહે છે. સમજાણું કાંઈ ? 'કેસરીચંદજી' !

ચૈતન્યના સ્વભાવમાં એ જાણવું-દેખવું એનો સ્વભાવ છે. રાગને, વિકલ્પને, વ્યવહારને, શરીરની થતી અવસ્થાને, વાણીની થતી દશાને, સંયોગમાં દેખાતા જ્ઞેયોને જાણવાનો સ્વભાવ છે. એ જાણવા ઉપરાંત અતિરેક કરી નાખે છે. આહા..હા..! આ રાગ મારો. રાગને જાણવાનો સ્વભાવ તારો છે, રાગ મારો એવો તારા સ્વભાવમાં નથી અને રાગના જ્ઞેયમાં સ્વભાવ નથી. એ તો પ્રમેય થવાની લાયકાતવાળી ચીજ છે. એને મારાપણું થવું એવું જ્ઞેયમાં પણ છે નહિ. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ !

કહે છે, આવો જે ભગવાન,.. હવે અહીં તો સર્વજ્ઞ ઉપરથી નીચે આવ્યું મગજમાં. એ ભગવાન પણ એક સમય આમ ત્રણકાળ, ત્રણલોકને જાણે. પદાર્થ, પર્યાયસહિત પદાર્થ એક સમયમાં જાણે છે, મોહ નથી. એમ અહીં પણ, અહીં પણ... આ મોહનો અભાવ કીધો ને ? **'મોહના અભાવને લીધે પરરૂપે પરિણમતો નથી.'** એમ જેને અંતર જ્ઞાન, દર્શન,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદમૂર્તિ આત્મા (છે), એમ જ્યાં સમ્યક્ ભાન થયું (તો) એ કાળે જે જે પદાર્થો પર્યાયસહિત, પર્યાયસહિત જ્ઞાનમાં આવે, જણાય છતાં એ મારા છે, એમ મિથ્યાદૃષ્ટિપણું નથી, માટે મિથ્યાત્વપણે પરિણમતો નથી. સમજાણું કાંઈ ? કહો, '...ભાઈ' ! આ રૂપિયા બધા કેટલા ! કરોડો રૂપિયા હોય, લાખો રૂપિયા હોય, હેરાન કેટલા થઈ ગયા. જુઓને ! હવે એના છોકરા કરોડ ત્યાં હેરાન.... આહા..હા..! અહીં એને કાંઈ સંબંધ ન મળે. આહા..હા...! મારી નાખ્યા ને ! કાંઈ સબંધ નથી. ધૂળ પણ. મા-બાપ કોના કહેવા ? છોકરો શું એણે જન્માવ્યો છે ? એણે આત્મા જન્માવ્યો છે ? આહા..હા..!

અહીં તો કહે છે, અહીં આ જરીક અહીંથી (વિચાર આવ્યો) કે ભગવાન એક સમયમાં કેવળજ્ઞાની પ્રભુ, જેને દેવ કહીએ અને જેની દિવ્ય શક્તિનો વિકાસ પૂર્ણ થઈ ગયો છે, એક સમયમાં જાણતા હોવા છતાં એટલી વાત. **'મોહના અભાવને લીધે...'** જ્યાં રાગ જ નથી એટલે પરના અભાવને લીધે, **'પરરૂપે પરિણમતો નથી.'** એમ ધર્મી જીવ–સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના જ્ઞાનમાં પરને, રાગાદિને જાણતો હોવા છતાં પણ તે રાગાદિ પૃથક છે અને હું પૃથક છું એમ ભાનથી રાગ મારો છે, એમ મિથ્યાત્વરૂપે સમ્યગ્દૃષ્ટિ પરિણમતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ?

**'તેથી હવે, જેના સમસ્ત જ્ઞેયાકારોને અત્યંત વિકસિત જ્ઞપ્તિના વિસ્તાર વડે પોતે પી ગયો છે...'** શું કહે છે ? ભગવાનનું જ્ઞાન સમસ્ત જ્ઞેયાકાર એટલે જેટલા જ્ઞેયો જાણવાયોગ્ય છે એની વિશેષતાના દ્રવ્ય, ગુણ ભાવો, એની વિકસીત જ્ઞપ્તિ–પોતાની જ્ઞાનની પર્યાયની વિકસીત જ્ઞપ્તિ દશા થઈ ગઈ છે. વિસ્તાર, જ્ઞાનનો એટલો વિસ્તાર અંદર પ્રગટ્યો છે, એ વડે બધી જાણવા યોગ્ય ચીજોને જ્ઞપ્તિ પી ગઈ છે. પી ગઈ છે એટલે તેથી અનંત ગુણ હોત તો પણ પી જાત, જાણે એવી એની તાકાત છે. સમજાણું કાંઈ ?

એમ અહીંયા અત્યારે પણ જ્ઞાનની જાણવા-દેખવાની પર્યાયની એટલી શક્તિ ને તાકાત છે કે રાગાદિ, શરીરાદિ બધું પૃથકપણે જાણવા છતાં એ બધાને એનું જ્ઞાન છે, એ જ્ઞાનમાં એ જ્ઞેય આવી ગયા છે. એટલે જ્ઞેયનું જ્ઞાન આવી ગયું છે, પી ગયું છે આત્મા. આહા..હા..! સમજાણું કાંઈ ? છે તો એમ. જ્ઞાન પરના જ્ઞાનપણે જ્ઞાન પી ગયું બેઠું છે. એમ ન માનતા,... સમજાણું કાંઈ ? અરે..! મેં પરની દયાઓ પાળી, પરની હિંસા કરી, મેં શરીર રાખ્યું, મેં સંભાળ કરી, વિકલ્પ ઉઠ્યો એ મારો. આમ મૂઢ (જીવ) જ્ઞાનપણે પોતાની સ્થિતિને ન રાખતા, અધિકપણે અંદર વિકલ્પ કરીને પરને પોતાનો માને તે મિથ્યાત્વપણે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

એવા ત્રણલોકના પદાર્થને પી ગયું છે જ્ઞાન, કહે છે. કઈ રીતે ? હવે જુઓ ! ભાઈ ! આ આવે છે. **'પૃથક અને અપૃથક પ્રકાશતો...'** એક સમયના જ્ઞાનમાં દરેક પદાર્થ પર્યાય, પર્યાય ભિન્ન, ગુણ ભિન્ન, દ્રવ્ય ભિન્ન એક સમયની પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ એક એક ભિન્ન એમ જ્ઞાન આત્મામાં જ્ઞાનની શક્તિનો વિકાસ થયો (તો) પૃથક પૃથક જાણે છે. કોઈ કહે છે કે સામાન્ય જાણે ને વિશેષ ન જાણે આ એનો ખુલાસો છે, ભાઈ ! અહીં. આહા..હા..! પૃથક પૃથક વિશેષ તરીકે એને જાણે છે. ત્રણકાળ, ત્રણલોકની જ્યાં જ્યાં જે પર્યાય થવાની, થઈ ને થશે, જ્ઞાનની દશાનો સ્વભાવ છે, પૃથક પૃથક આ સમય આનો પર્યાય, આ સમય આનો પર્યાય વિકારી-અવિકારી જે છે તે ભગવાનના જ્ઞાનમાં જણાય છે. એ જ્ઞાન કહ્યું.

અપૃથક પ્રકાશતો, એ દર્શન કહ્યું. સામાન્યપણે એક સમયમાં ભિન્ન પાડ્યા વિના પ્રકાશે છે તેને દર્શન કહીએ. સમજાણું કાંઈ ? અથવા સામાન્યપણે જાણે અને વિશેષપણે પણ જાણે એવો તે જ્ઞાનમૂર્તિ ભગવાન જ્ઞાન ચૈતન્ય-સૂર્ય **'મુક્ત જ રહે છે.'** મુક્ત જ રહે છે. ત્યાં પર્યાયથી પૂર્ણતા થઈ ગઈ (તેથી) મુક્ત રહે છે. અહીં પણ ભગવાનઆત્મા... ચક્રવર્તીને રાજપાટ હોય એ એમ કહે ખરા, હોં ! એમ ન કહે કે વાણી આવી. પણ વાણી એવી આવે. આ કામ કેમ આમ બરાબર કર્યું નહિ ? આ વળી કેમ થયું ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** બોલાણું ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બોલાણું કોણ બોલે ? એ તો ભાષા બોલે છે. સમજાણું કાંઈ ? ત્યારે કહે, એવો વિકલ્પ કેમ આવ્યો ? એ..ઇ..! સમકિતી છ ખંડના રાજમાં પડ્યો હોય. રાગથી પર છે, મારું સ્વરૂપ ભિન્ન છે. છતાં (એમ કહે), જાવ પ્રજાને બરાબર રાખજો. આ બરાબર વ્યવસ્થિત રાખજો, પ્રજા પેલી ન થઈ જાય. મહારાજ ! તમે કહો છો ને આત્માને જાણનાર-દેખનાર માન્યો છે ને ? વળી આ ક્યાં માંગ્યું ? ભાઈ ! સાંભળ તો ખરો. એ વિકલ્પને કાળે એવો વિકલ્પ આવે છે. એને એ જાણનાર-દેખનાર રહે છે, એને એકમેક કરતો નથી. આહા..હા..!

'ભરત ચક્રવર્તી'ની વાત નથી આવતી ? સાંભળી નહિ ? પેલા 'ભરત ચક્રવર્તી' જ્યારે રાજ સાધવા ગયા હતા. પેલા મ્લેચ્છના જ્યારે ત્રણ ખંડ સાધવા ગયા ત્યાં સામે ... ન્યાં એના દેવ હતા કે આ કોણ આવ્યો વળી ? માણસો કરોડો માણસોનું લશ્કર લઈને. એટલે એના દેવને સંભાર્યા... આ કોણ વળી અમારું રાજ લેવા આવે છે ? કોઈ લૂંટારા આવ્યા. દેવ આવ્યા છે, રોકો એને. દેવે મેઘ વરસાવ્યો. સાત દિ' ને સાત રાત મૂશળધારા.. આ શું ? છન્નું કરોડ પાયદળ એમાં બેસી જાય એટલું અને સવારે ઘઉં રાંધે ને નવ વાગે તૈયાર. સવારે ઘઉં એમાં રોપે. શું ? ચર્મ રત્નમાં. સવારે ઘઉં વાવે ને નવ વાગે તૈયાર ને દસ વાગે ખાય, ઊની ઊની રોટલી.

**શ્રોતા :–** કાંઈ હીરા-બીરાની ભૂકી નાખતા હશેને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાને માટે તો હીરાના ભૂક્કા અંદર નાખે. પોતાની જે રોટલી હોય એમાં હીરાના, કરોડો રૂપિયાના હીરાના ચુરણ કરીને રોટલીમાં ઘઉં સાથે વણે. એ...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'સેઠી' ! સરખું ન નાખ્યું હોય તો (એમ કહે), કેમ ન નાખ્યું આમાં ? શું નાખ્યું છે આમાં ? ભાઈ ! પણ આ જ્ઞાતા-દૃષ્ટા છો ને ! આ શું ? સાંભળને ! એ કાળે એ જાતનો વિકલ્પ આવ્યો છે એને જાણે છે અને શરીરની ક્રિયા થાય એને જાણે છે. જ્ઞાનથી પૃથકનું કાર્ય છે તે જાણવાનું કામ કરે, બીજું કામ કરતો નથી. સમજાણું કાંઈ ?

આ વરસાદ આમ કેમ ? સાત દિ' ને સાત રાત. પોતે સિંહાસનમાં બેઠા છે. મોટું રાજ. ન્યાં એને કંઈ પ્રતિકૂળતા નથી. આ શું ? મૂશળધારા વરસાદ કુદરતી નથી. સેનાપતિ 'જયકુમાર' શું છે ? આ શું છે આ બધું ? કૃત્રિમ વરસાદ છે, કુદરતનો નથી, કુદરત હોય તો મૂશળધારા ન હોય. કાંઈક કાંઈક પણ અંદર રહી જાય થોડો વખત. તપાસ કરો. થાય એને રોકવો શું કરવા તપાસ કરે ? એ..ઇ..! 'શેઠ' ! જાવ ! એમ કહે. પેલો 'જયકુમાર' ગયો. એક હજાર દેવ તેની સેવા કરે છે, હોં ! એનો સેનાપતિ. તપાસ કરી તો ખબર પડી કે આ તો દેવ કરે છે. વરસાદ દેવ કરે છે. દેવને કહે, ભાગ. ભગાડી દીધો. મેઘેશ્વરની ઉપમા આપી. મેઘેશ્વર.. મેઘેશ્વર. અરે..! પણ તમે જ્ઞાતા-દૃષ્ટા ને વળી આ ક્યાં લપમાં પડ્યા ? એ 'મલૂપચંદભાઈ' ! બાપુ ! એ રાગને કાળે રાગ હોય છે, શરીરની ક્રિયાને કાળે શરીર એમ થાય છે. તે જ્ઞાનનો કાળ એવો છે કે એને જાણે એવો એનો કાળ છે. આવી આકરી વાતું. સમજાણું કાંઈ ?

બાપુ ! એ ચારિત્રદોષ ભલે હો. પણ અહીં તો કહેવું છે જ્ઞાનનો સ્વ-પરપ્રકાશનો કાળ જ એવો છે, એમાં એ જ રાગ જણાય, એની જેવો ક્રોધ એ જ જણાય, એવું એનું સ્વરૂપ છે. એ જ્ઞાનનું એવું સ્વરૂપ છે. અહીં સ્વ-પરપ્રકાશક સિદ્ધ કરે છે ને ? ભગવાનઆત્મા સ્વને જાણતા એ જ આત્મા વિકલ્પ ઉઠવાનો ક્રોધનો એને જાણવાનું જ જ્ઞાન સ્વ-પરપ્રકાશક પ્રગટ થાય. સમજાય છે કાંઈ ? માર્ગ બાપા ! વીતરાગનો એવો સરળ ને સીધો ને કડક છે કે લોકોને ખ્યાલમાં આવવું મુશ્કેલ છે. સમજાણું કાંઈ ?

કહે છે, ભગવાનનું જ્ઞાન ત્રણલોકના પદાર્થને ભિન્ન ભિન્ન અને સામાન્ય પ્રકાશતો જ્ઞાનમૂર્તિ મુક્ત જ રહે છે. એમ સમ્યગ્દષ્ટિ પ્રત્યેક રાગને કે દેહની ક્રિયાને ભિન્ન ભિન્ન જાણતો, સામાન્યપણે અભિન્નપણે દેખતો એ જ્ઞાન સ્વરૂપ જ રહે છે. એ રાગરૂપે ને પરરૂપે થતો નથી. સમજાણું કાંઈ ?

**'વળી (આ ૧૬૧ મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :–)'** લ્યો !

**ज्ञानं तावत् सहजपरमात्मानमेकं विदित्वा**
**लोकालोकौ प्रकटयति वा तद्गतं ज्ञेयजालम्।**
**द-ष्टिः साक्षात् स्वपरविषया क्षायिकी नित्यशुद्धा**
**ताभ्यां देवः स्वपरविषयं बोधति ज्ञेयराशिम्।।२७७।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાહ ! જુઓ ! આમાં ત્રણ સમાડે છે. જ્ઞાન, દર્શન ને આત્મા–એ ત્રણને સ્વ-પરપ્રકાશને સમાડી દે છે આમાં. કઈ રીતે ? - કે ભગવાનઆત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ પ્રગટ્યું છે. **'જ્ઞાન એક સહજપરમાત્માને...'** જાણે છે. એ જ્ઞાન સહજાત્મ ભગવાન પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે છે, કેવળજ્ઞાનીનું જ્ઞાન, પૂર્ણ જ્ઞાન પ્રગટેલી પૂર્ણ જ્ઞપ્તિ શક્તિ, એ પોતાના આત્માને સહજ પરમાત્મ સ્વરૂપને જાણે છે. એક. **'લોકાલોકને અર્થાત્ લોકાલોકસંબંધી (સમસ્ત) જ્ઞેયસમૂહને પ્રગટ કરે છે (-જાણે છે).'** એ બે (વાત). એ જ્ઞાન સ્વ-પરપ્રકાશક થઈ ગયું. શું કીધું ? સમજાણું આમાં ?

જ્ઞાન આ સ્વને જાણે છે અને પરને જાણે છે. જ્ઞાન સ્વ-પરને જાણે છે, અત્યારે પણ સ્વ-પરને જ જાણે છે. પણ આ પૂર્ણ દશા (થઈ છે). અહીંયા હજી ચારિત્રદોષનો રાગ છે એને એ નથી. પૂર્ણ સ્વરૂપમાં, કેવળજ્ઞાનમાં સહજ પ્રભુને જાણે છે એટલે કોઈ એમ કહેતું હોય કે જ્ઞાન પરને જાણે છે એ ખોટું છે, એકાંત છે તારું, એમ કહે છે. એમ અહીં લીધું, સહજપરમાત્માને જાણે છે, એમ લીધું. એમ કહેતો હો કે જ્ઞાન પરને જાણે છે, સ્વને નથી જાણતું. એ ગુણભેદથી વાત કરી અને અભેદથી તું જાણતો નથી. જ્ઞાન સહજ પરમાત્માને જાણે છે. કહો, સમજાણું આમાં ? ક્યાં ગયા ? 'ચીમનભાઈ' ! સમજાણું આમાં ? કાંઈ વાંધો નહિ, અહીં તો સમજવા માટેની વાત છે. 'કાન્તિભાઈ' !

જાણવાનું જ્ઞાન ચૈતન્ય-સૂર્ય એ જ્ઞાન પરમાત્માને જાણે છે અને એ જ્ઞાન લોકાલોકને જાણે છે, એમ બે વાત લઈ લીધી. સમજાણું કાંઈ ? પહેલું સત્ પરમાત્મ છે એમ લીધું, ભાઈ ! ... પહેલો લીધો પણ પેલો કહે એકલા પરને જાણે... પરને જાણે... પરને જાણે... સ્વને ન જાણે. સાંભળને હવે. સમજાણું આમાં ? જ્ઞાન એક સહજપરમાત્મા ત્રિલોકનાથ પોતાનું સ્વરૂપ, હોં ! સહજ ચિદાનંદ ભગવાન, સહજ અનંત ગુણની જ્યોત, એને જ્ઞાન પોતે પોતાને જાણે છે, લોકાલોકને પણ જ્ઞેયસમૂહને જાણે છે. શું શબ્દ ત્યાં પડ્યો છે ? **'ज्ञेयजालम्'** જાળ છે ને ? એ જાળને સમૂહ કહ્યો. જ્ઞેયની જાળ એટલે અનંતા જ્ઞેયો છે એને જાળ કહીને સમૂહ કહ્યો. ભગવાનનું જ્ઞાન એક સમયમાં સ્વ-પરપ્રકાશકપણે પૂરું જાણે છે. સમજાણું કાંઈ ? 'શશીભાઈ' ! પછી હવે દૃષ્ટિની વાત કરે છે. આ જ્ઞાનની વાત કરી.

ભગવાનઆત્મા ચૈતન્ય-સૂર્યની પ્રગટ દશા જ્યાં થઈ, સ્વરૂપના ભાન દ્વારા પ્રગટ દશા કેવળજ્ઞાન થયું એ જ્ઞાન સહજપરમાત્માને પોતાને (જાણે છે). સહજપરમાત્મા એટલે પોતે, એને જાણે છે ને લોકાલોકની જાળને પણ જેટલા ત્રણકાળ, ત્રણલોકના પદાર્થ (છે તે) બધાને જાણે છે. એક સમયમાં બન્નેને જાણે છે. હવે દર્શન.

**'નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિક દર્શન...'** કહો, સમજાણું ? **'સાક્ષાત્ સ્વ-પરવિષયક છે...'** આહા..! અહીં તો એની જ વાત છે ને ? અહીં કેવળની વાત છે ને ! નિત્ય શુદ્ધ એવું ક્ષાયિક દર્શન. ત્રિકાળની વાત અહીં નથી. એ પર્યાયમાં દર્શન પ્રગટ્યું છે ભગવાન કેવળજ્ઞાનની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાથે કેવળદર્શન (પ્રગટ્યું છે એ) અંદરમાં શક્તિરૂપે તો ત્રિકાળ હતું, એનો અંતરમાં એકાકાર થઈ, અનુભવ કરીને જે દર્શન પ્રગટ્યું એ નિત્ય શુદ્ધ (છે). હવે એ પર્યાય કાયમ શુદ્ધ રહે છે. દર્શન પર્યાય જે છે–કેવળદર્શન એ નિત્ય શુદ્ધ છે. નિત્ય એટલે કે કાયમ રહે છે એમ. ત્રિકાળ ક્ષાયિકની અત્યારે વાત નથી.

**'નિત્ય-શુદ્ધ એવું ક્ષાયિક દર્શન (પણ)...'** પણ કેમ કીધું ? જ્ઞાન સ્વને જાણે ને પરને જાણે, દર્શન પણ સાક્ષાત્ સ્વ-પરવિષયક છે, સ્વ-પરવિષયક છે. એ દર્શન પણ સ્વને પરને જાણવાનું કામ કરી રહ્યું છે. આ દર્શન સ્વને દેખે અને પરને ન દેખે એની સામે દલીલ છે. કહો, સમજાણું કાંઈ ? અંદરમાં ખંડ ખંડ કરે છે એટલે આ અખંડની વાત કરી રહ્યા છે. ભાઈ ! તારો આત્મા પ્રભુ અભેદ દ્રવ્ય-ગુણનો એક કાળ અને પર્યાયનો પણ બેનો પ્રગટનો એક કાળ અને એમાં પણ બધું જાણવા-દેખવાનું સ્વ-પરનું એક સમયમાં બન્ને ગુણને છે. સમજાણું કાંઈ ? **'(અર્થાત્ તે પણ સ્વ-પરને સાક્ષાત્ પ્રકાશે છે).'** લ્યો ! ઠીક. દર્શન સ્વભાવ, પ્રગટ થયેલી દશા. સ્વભાવ તો ત્રિકાળ છે સ્વ-પરને જાણવાનો અંદર સ્વભાવ (છે), દશા પ્રગટ થઈ ગઈ. બે (વાત થઈ). હવે ત્રીજો આત્મા.

**'તે બન્ને (જ્ઞાન તેમ જ દર્શન) વડે...'** જુઓ ! આવ્યું. આહા..હા..! ભગવાનઆત્મા ચૈતન્યના તેજ દ્વારા, જ્ઞાનના તેજ દ્વારા સ્વને પૂર્ણ શું છે એને જાણે છે, પરને જાણે છે. દર્શન નિત્ય શુદ્ધ એ પણ સ્વને દેખે છે, પરને દેખે છે. એ બે ગુણની વાત કરી, હવે આત્મા. એકરૂપ બતાવવું છે ને ત્રણમાં ? અભેદમાં ભેદ નથી. હવે **'આત્મદેવ...'** એ દર્શન, જ્ઞાન વડે જે જ્ઞાન સ્વ-પરને જાણે, જે દર્શન સ્વ-પરને દેખે તે ગુણ વડે, **'સ્વ-પરસંબંધી જ્ઞેયરાશિને જાણે છે...'** કહો ! સમજાણું ? રાશિ ક્યાં આવ્યું ? એમાં ને એમાં ? આ છેલ્લું આવ્યું, પેલામાં જ્ઞેયજાળ હતું, આમાં જ્ઞેયરાશિ આવ્યું. જ્ઞાનમાં જ્ઞેયજાળ હતું. સમજાણું ? જ્ઞાનમાં જાળ હતું, સમૂહ. આમાં આવ્યું રાશિ. શું કહે છે ?

જ્ઞાન અને દર્શન વડે આત્મદેવ... આત્મદેવ એમ લીધું. સમજાણું કાંઈ ? **'સ્વ-પરસંબંધી જ્ઞેયરાશિને...'** પોતાનું પૂર્ણ સ્વરૂપ ને પર આખા જ્ઞેયની રાશિનો ઢગલો લોકાલોકનો, એને **'જાણે છે (અર્થાત્ આત્મદેવ સ્વ-પર સમસ્ત પ્રકાશ્ય પદાર્થોને પ્રકાશે છે).'** કહો, સમજાણું આમાં ? જ્ઞાન જેમ સ્વ-પરને જાણે છે, દર્શન પણ સ્વ-પરને દેખે છે એમ આત્મા પણ બન્ને વડે સ્વપરને જાણે ને દેખે છે. હવે ૧૬૨ (ગાથા).

**णाणं परप्पयासं तइया णाणेण दंसणं भिण्णं।**
**ण हवदि परदव्वगयं दंसणमिदि वण्णिदं तम्हा।।१६२।।**

એક ચર્ચા કેટલી કરી ! કેવળજ્ઞાન ને કેવળદર્શન ને સ્વ-પરપ્રકાશને સિદ્ધ કરવા ને ભગવાન પણ સ્વ-પરપ્રકાશમાં આટલી ગાથાઓ મુકી છે. મુનિઓ નવરા નહોતા ત્યાં. સમજાય છે કાંઈ ? વસ્તુની અભેદતા, અખંડતા એની દૃષ્ટિમાં આવે એ માટે આ અખંડનું વર્ણન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે.

**પરને જ જાણે જ્ઞાન તો દગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત-એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

**'આ, પર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.'** એનો અર્થ ટીકા.

**'જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો...'** જુઓ ! અહીં તો ગુણની રમતુની વાત છે. રાગ-ફાગ તો ક્યાંય રહી ગયો, દેહાદિ તો (ક્યાંય દૂર રહી ગયા). આહા..હા..! **'જો જ્ઞાન કેવળ પરપ્રકાશક હોય તો આ પરપ્રકાશનપ્રધાન (પરપ્રકાશક) જ્ઞાનથી દર્શન ભિન્ન જ ઠરે;...'** સમજાણું કાંઈ ? જો જ્ઞાન કેવળ પરને જ જાણે તો આ પરપ્રકાશક જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે. એટલે કે જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને જાણે તો ભિન્ન થઈ ગયું બધું. જ્ઞાનથી દર્શન જુદી ચીજ પડી ગઈ, બે જુદા થઈ ગયા. જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે, બે ચીજ જુદી થઈ ગઈ. 'કાન્તિભાઈ' !

**શ્રોતા :–** બે દલીલ છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બે દલીલ છે તો આ દલીલ અભેદની છે ને પેલી દલીલ ભેદની છે.

**શ્રોતા :–** બે માંથી એક માનવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બન્ને માનવું. અનેકાંત ને અભેદ તરીકે આ માનવું ને જાણવા તરીકે, વ્યવહાર તરીકે જ્ઞાન પરને જાણે, જાણવા તરીકે એમ માનવું. સમજાણું કાંઈ ? ગુણભેદ તરીકે એમ ને અભેદ તરીકે આ. મુખ્યતા આ છે.

**શ્રોતા :–** આશ્રય કરવા માટે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આશ્રય કરવા આ છે, અભેદ. સમજાણું કાંઈ ?

**'સહ્યાચલ અને વિંધ્યાચલની માફક...'** સહ્યાચલ અને વિંધ્યાચલ જેમ જુદા છે ને બે પર્વત ? એમ જ્ઞાન જે આત્માનું એ પરને જાણે ને દર્શન સ્વને દેખે તો બે પર્વત જેમ જુદા છે એમ ગુણ બે જુદા થઈ ગયા. 'હિંમતભાઈ' ! ઝીણી વાતું છે જરીક, હોં ! પણ હવે આ આવી છે તો સાંભળવી તો પડશે કે નહિ એને ? સહ્યાચલ અને વિંધ્યાચલ– એક ક્યાંક અને એક ક્યાંક. એમ **'ગંગા અને શ્રીપર્વતની માફક,...'** સમજ્યા ને ? ક્યાં ગંગા ને ક્યાં શ્રીપર્વત જુદા. એમ જ્ઞાન, હશે કો'ક આ કૈલાસ પર્વત... આ ગંગા જુદી ને શ્રીપર્વત જુદો એવા સ્થાનમાં ક્યાંક એની વાત છે, લ્યોને. જેમ ગંગા અને શ્રીપર્વત જુદા છે, એમ સહ્યાચલ પર્વત ને... અહીં પાણીના બે દાખલા આપ્યા, એક પાણીની સાથે પેલો પર્વતનો, પેલા બે પર્વતના આપ્યા.

**'પરપ્રકાશક જ્ઞાનને અને આત્મપ્રકાશક દર્શનને સંબંધ કઈ રીતે હોય ?'** જો જ્ઞાન પરને જાણે અને દર્શન સ્વને દેખે તો બેનો મેળ કેમ રહેશે ? બે પર્વત જેમ જુદા એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ બે જુદા જુદા ગુણ થઈ ગયા. આત્મા અખંડ ગુણમય છે એ ગુણ અખંડ રહ્યા નહિ. ઝીણું છે, 'શોભાલાલભાઈ' ! આ બપોરનો વિષય જરી... પણ આચાર્યે મુક્યો છે એ જગતમાં એ જાતના વિચારો વર્તે છે તેને કહેવું શી રીતે ? સમજાવે શી રીતે ?

શ્વેતાંબર આમન્યા એમ માને છે કે એક સમયે કેવળજ્ઞાનીને જ્ઞાન હોય ને બીજે સમયે દર્શન હોય, એમ માને છે. એની સામે પણ આ દલીલ છે. બીજી એકા આમન્યા એક અન્યમતિ તર્કમાં એમ આવે છે કે એક સમયમાં જ્ઞાન ને દર્શન ઉપયોગ બે નથી પણ બે થઈને એક જ ઉપયોગ છે એમ માને છે. એની સામે પણ આ દલિલ છે. અને એકાંત ભેદ માને–જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે, એની સામે આ દલીલ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પંડિતો માટે વાત છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અરે..! આત્માને માટે વાત છે, પંડિતોનું શું કામ છે અહીં ? એ આત્માની અંદર ગુણભેદ અભેદ જાણે અને એની પર્યાય પણ અભેદ જાણે અને એની પર્યાયનો એક સમયમાં પણ સ્વ-પરપ્રકાશક ને આત્માનો સ્વ-પરપ્રકાશક જાણે. એમ નક્કી કરે ત્યારે દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈને સમ્યગ્દર્શન થાય. સમજાણું કાંઈ ?

**'જે આત્મનિષ્ઠ (-આત્મામાં રહેલું) છે તે તો દર્શન જ છે.'** તું તો કહે છો કે દર્શન એટલે આત્માને દેખે, તો આત્મામાં દર્શન રહ્યું. **'પેલા જ્ઞાનને તો, નિરાધારપણે લીધે...'** જ્ઞાન પરને જાણે એટલે અહીં આધાર તો મળ્યો નહિ. સમજાણું કાંઈ ? સમજાણું કે નહિ ? એ..ઇ..! 'ચીમનભાઈ' ! 'સુરેન્દ્રભાઈ' ગયા. તમે બે જ રહ્યા ને હવે ? ઠીક. બહુ ચાલતી હતી આ, સામાન્યમાં પર્યાય ગરી ગઈ ને એક આ જ્ઞાન આમ હોય, જ્ઞાન પરને જ જાણે, જ્ઞાન પરને જ જાણે, દર્શન સ્વને જ દેખે. સામે દલીલ કરે છે કે જડ છો, મૂર્ખ છો, દર્શનશુદ્ધિના અભાવે ગુણના ભેદ (કરે છે ?)

**શ્રોતા :–** આચાર્યોએ પણ કીધું છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આચાર્યોએ કહ્યું તે વ્યવહારનયથી બરાબર છે, એની કોણ ના પાડે છે ? આ અભેદથી નિશ્ચય કરે, પછી ભેદનો વ્યવહાર હોય છે, એમ સિદ્ધ કરે છે. અભેદનો નિશ્ચય કર્યા વિના એકલા ગુણભેદને માને તે એકાંત મિથ્યાત્વદૃષ્ટિ છે એમ કહે છે. એ આપણે 'ધવલ'માં છે, 'ધવલ'માં છે જ્ઞાન પરને જાણે ને દર્શન સ્વને દેખે, 'ધવલ'માં છે, 'જયધવલ' 'ધવલ' માં છે. ગુણભેદની વાત છે ને ? ગુણભેદથી ત્યાં વાત કરી છે. પણ તું એકાંત એમ માની લે, (તો) એમ નથી. એ તો કાલ આવ્યું હતું ને આપણે ? સ્યાદ્વાદ વિદ્યા....

**શ્રોતા :–** થોડું સૂક્ષ્મ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સૂક્ષ્મ છે ખરું, એ સૂક્ષ્મ નથી. લખ્યું હોય તો શું છે ? સમજાણું કાંઈ ? અભેદનું સૂક્ષ્મ છે. એ તો 'દ્રવ્યસંગ્રહ'માં પણ આવે છે ને ? .... કહો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates


સમજાણું આમાં ? આહા..હા..!

કહે છે, અહીં તો ભગવાન,... અહીં જુઓ ! એની દૃષ્ટિ ત્યાં લઈ જાય છે. આત્મા છે ને આ વસ્તુ ? એમાં એક દર્શન–દેખવાના ગુણવાળો સ્વભાવ અને એક જાણવાના ગુણવાળો સ્વભાવ, બે ગુણ છે. હવે એ બે ગુણનું એક જ કાર્ય એક ગુણનું માન કે જ્ઞાન છે એ પરને જાણે, દર્શન સ્વને દેખે. (એમાં) તત્ત્વનો મોટો વિરોધ આવે છે, એમ કહે છે. કારણ કે જ્ઞાનને આધાર રહ્યો નહિ, કારણ કે પરને જાણે. જ્યાં જ્યાં જાશે ત્યાં બધા સચેત થઈ જશે. આ જ્ઞાન વિનાનો આત્મા પણ ખાલી રહી ગયો. સમજાણું કાંઈ ? થોડો સૂક્ષ્મ વિષય છે. આચાર્ય મહારાજે જાજી ગાથા મુકી છે, જુઓ ! ૫૮ થી ૮૭. ૨૯ ગાથા, ૨૯ ગાથામાં અધ્યાય લીધો છે આખો. આમાં જ વિશેષ છે, બીજે ક્યાંય ખુલાસો નથી.

કહે છે, દર્શન આત્મ નિશ્ચયન. આ દર્શન એટલે દેખવું, એ દેખવું આને દેખે તો અહીં રહ્યું અને **'પેલા જ્ઞાનને તો, નિરાધારપણાને લીધે (અર્થાત્ આત્મારૂપી આધાર નહિ રહેવાથી) શૂન્યતાની આપત્તિ જ આવે;...'** જ્ઞાન બહારમાં રખડ્યું, અહીં તો રહ્યું નહિ. સમજાણું કાંઈ ? **'અથવા તો જ્યાં જ્યાં જ્ઞાન પહોંચે (અર્થાત્ જે જે દ્રવ્યને જ્ઞાન પહોંચે) તે તે સર્વ દ્રવ્ય ચેતનપણાને પામે,...'** અહીં તો ચૈતન્ય રહ્યું નહિ, અહીં જાય. અહીં લાકડાને જાણ્યું, આને જાણ્યું ને આને જાણ્યું એટલે જ્ઞાન ન્યાં ગરી ગયું, જ્ઞાનનો આધાર આ હતો, જ્ઞાનનો આધાર આ આત્મા હતો એ તો ન રહ્યો. સમજાણું કાંઈ ? જરી ઝીણી છે, હોં ! જ્ઞાન જાણવાનો સ્વભાવ છે (એ) જો એકલો પરને કહે તો એ પરને જાણવાનો આધાર આને મળ્યો, એટલે એ પણ ચેતન થઈ ગયા. આ જ્ઞાનનો આધાર અહીં રહ્યો નહિ. 'શશીભાઈ' ! યુક્તિ, આગમ ને અનુભવથી વાત સિદ્ધ થવી જોઈએ. એમ ને એમ માની લે એમ ન પાલવે એમ કહે છે. શું થયું ?

**શ્રોતા :–** જ્યાં જ્યાં જ્ઞાન જાય ત્યાં....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ત્યાં ચેતન થઈ ગયું.

**'તેથી ત્રણ લોકમાં કોઈ અચેતન પદાર્થ ન ઠરે એ મોટો દોષ પ્રાપ્ત થાય.'** ભગવાનઆત્મા ચૈતન્ય જ્ઞાન-સૂર્ય એ જ્ઞાનને પોતાનો આધાર ન મળ્યો, જ્ઞાન તો પરને જાણે એમાં રહી ગયું તો પર બધા અચેતન, ચેતન થઈ ગયા તો અચેતન તો કોઈ રહ્યું નહિ. **'માટે જ (ઉપર કહેલા દોષના ભયથી), હે શિષ્ય ! જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી એમ જો તું કહે, તો દર્શન પણ કેવળ આત્મગત (સ્વપ્રકાશક) નથી એમ પણ (તેમાં સાથે જ) કહેવાઈ ગયું,...'** ભાઈ ! ભગવાનઆત્મા જ્ઞાન સ્વ-પ્રકાશક પણ છે તો એની સાથે દર્શન પણ પરપ્રકાશક છે એ વાત આવી જાય છે. એ ભલે ભેદ હો પણ વસ્તુએ અભેદ છે. નામ ભેદે ભેદ છે. જ્ઞાન, દર્શન, આત્મા એ તો નામ ભેદે ભેદ છે, વસ્તુએ ભેદ નથી. સાકર ને સાકરનું ગળપણ નામભેદ છે, વસ્તુભેદ નથી. પ્રદેશ ભેદ છે ? કે સાકરના પ્રદેશ જુદા ને ગળપણનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાગ જુદો ? એ તો નામભેદે ભેદ છે, વસ્તુભેદે નથી. એ અહીં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહા..હા..!

જો જ્ઞાન કેવળ પરપ્રકાશક નથી, કેવળ પરપ્રકાશક નથી તો દર્શન પણ કેવળ સ્વમાં રહેલું એમ પણ નથી, સ્વને દેખે એમ પણ નથી. **'કહેવાઈ ગયું, તેથી ખરેખર સિદ્ધાંતના હાર્દરૂપ...'** ભાષા જુઓ ! સિદ્ધાંતના હૃદયરૂપ, સિદ્ધાંતના હૃદયરૂપ **'એવું આ જ સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને કથંચિત્ સ્વ-પરપ્રકાશકપણું છે જ.'** જ્ઞાન સ્વ-પરને જાણે, દર્શન પણ સ્વ-પરને દેખે. એવો ભગવાનનો સિદ્ધાંતનો હૃદય છે. કહો, સમજાણું કાંઈ ? એમાં રાગ-ફાગની અહીં વાત નથી. એનો જાણવા-દેખવાનો ભગવાનઆત્માનો સ્વભાવ (છે). તો જ્ઞાનમાં પણ સ્વ-પરપ્રકાશકપણું આવ્યું અને દર્શનમાં પણ સ્વ-પરપ્રકાશકપણું આવ્યું. સમજાણું કાંઈ ?

જ્ઞાનને એકલું પરપ્રકાશક (માને) તો જ્ઞાન બહાર રજળતું રહી ગયું, અંદરમાં ઠરવાનું રહ્યું નહિ. થઈ રહ્યું અને દર્શનને સ્વમાં જ કહે તો બહારને તો દેખવાનું રહ્યું નહિ. એના સામર્થ્યમાં એકલું દેખવાનું આરોપ્યું (તો) બહાર અનંત અનંત પદાર્થ છે એને દેખવાનું રહ્યું નહિ. એ દર્શન જ રહ્યું નહિ, એ દર્શન રહ્યું નહિ, દર્શનમાં પૂર્ણ બધું સ્વ અને પર જોવું જોઈએ એ દર્શન રહ્યું નહિ, એમ કહે છે. આહા..હા..! દલીલ જરી સૂક્ષ્મ છે, ભાઈ ! અરે..! આત્મા બધાને પહોંચી વળે એવો છે પણ એને બેસતું નથી. અમે રાંકા છીએ ને ભિખારી છીએ. માણસને એમ લાગે. અરે..! પણ તું ત્રણલોકનો નાથ છો, સાંભળને ! રાંકો થઈને માને ભ્રમણામાં,.. સમજાણું ? પાગલ થઈ ગયો, પાગલ.

અહીં તો કહે છે, પ્રભુ ! આ વાત મુકી દે, છોડ, આ તારી ચીજ નથી. શરીર, વાણી, મન, રાગ આદિ. ભગવાનઆત્મા વસ્તુ અસ્તિત્વ છે, હોવાવાળો પદાર્થ અનાદિ અનંત (છે) એમાં જ્ઞાન દર્શનથી ભરેલો ભગવાનઆત્મા છે. સ્વભાવવાન છે તો સ્વભાવ કોઈ હોય કે નહિ ? મુખ્યપણે આ બે સ્વભાવ. અનંત સ્વભાવ ભલે સાથે હોય. એવા બે સ્વભાવનું એક જ કાર્ય તું માન, સાથે રહેલા, આત્મામાં રહેલા, એક સમયે રહેલા અને એક સમયે પ્રગટેલા એવા પર્યાયને એક જ કાર્ય માન કે જ્ઞાનનું આ ને આ દર્શન તો ખંડ થઈ જાય છે, એમ રહેતું નથી. સમજાણું કાંઈ ? અને દર્શનને સ્વસ્થ માન તો દર્શનનું સામર્થ્ય જે છે ત્રણકાળ પરને પોતાનું જાણે એ દર્શનનો પણ ખંડ થઈ જાય છે, દર્શનપણે અખંડતા રહેતી નથી, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** રામાયણ ટૂંકી થાય તો ઠીક.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ટૂંકી જ છે આ રામાયણ. લાંબાને રામાયણ કહે છે ને ? આહા..! જુઓ ! શું કહ્યું ? ફરીને આપણે.

આત્મા વસ્તુ છે ને ? વસ્તુ. અસ્તિ અસ્તિ, અસ્તિ, સત્... સત્... સત્... કે જે શાશ્વત સત્, આદિ અંત વિનાનું સત્. એનો દર્શન ને જ્ઞાન સ્વભાવ. અનંત ગુણ છે પણ આપણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અત્યારે જ્ઞાન ને દર્શન ખાસ વસ્તુ છે એને સિદ્ધ કરે છે. જ્ઞાન અને દર્શન એક સમયમાં (છે). એક સમયમાં તેથી પૂરો સ્વભાવ, પૂરો સ્વભાવ (છે). એ જ્યારે અંતર દૃષ્ટિ કરીને એનો અંતરમાં સ્વભાવ જ્ઞાન, દર્શનનો પણ સ્વ-પરપ્રકાશક છે એનો સ્વભાવ કાયમ. એકરૂપ આત્મા એના ગુણો પણ એકરૂપ, એક સમયમાં, એક ક્ષેત્રે અભેદ (છે). એથી એના ગુણોનો સ્વભાવ પણ એક એક ગુણોનો સ્વ-પરપ્રકાશક ગુણનો કાયમી, અસલી સ્વભાવ જ એનો છે. હવે જ્યારે આત્મા પોતે પોતાની અંતર દૃષ્ટિ કરીને એવા સ્વભાવવાનને પકડીને સ્વભાવની શક્તિની વ્યક્તતા પર્યાયમાં પ્રગટ કરી ત્યારે કેવળજ્ઞાન ને કેવળદર્શન જે શક્તિરૂપે હતું એમાંથી આ પર્યાય પ્રગટી. એ સમયની પર્યાય કેવળજ્ઞાન ને કેવળદર્શનને જો તું એમ કહે કે એ જ્ઞાન પરને જાણે, સ્વને ન જાણે તો દ્રવ્યથી જ્ઞાન ભિન્ન પડી જાય છે. જ્ઞાન બીજે રખડે છે, એમ કહે છે ભિન્ન પડી જાય છે એટલે. અને દર્શનને એમ કહે કે પોતાને દેખે ને પરને નહિ તો દર્શનની ખંડતા થઈ જાય છે, ખંડતા થઈ જાય. આત્મા સ્વપરને દેખે ને દર્શન સ્વને દેખે તો આત્માનો દર્શન ગુણ ખંડ થઈ જાય છે. દર્શન ગુણ દર્શનપણે રહેતો નથી. સમજાણું કાંઈ ? એમ કહેવા માગે છે, એમ વસ્તુ છે.

ભાઈ ! એક સમયનું તારું તત્ત્વ, ભલે ત્રિકાળ રહેનારું હોય પણ તત્ત્વ તો એક સમયનું આખું છે કે નહિ ? એમાં જ્ઞાન ને દર્શન એનો ખાસ મૂળ સ્વભાવ (છે). હવે મૂળ સ્વભાવ એક સમયમાં પણ જાણવા-દેખવાના, સ્વ-પરને જાણવા-દેખવાના સામર્થ્યવાળુ તત્ત્વ છે. એનું છે એને ન જાણે ? અને જેનું છે એના તાકાતમાં પરને ન દેખે ? આ ક્યાંથી લાવ્યો ? એમ કહે છે. જે જ્ઞાન આત્માનું છે, એ જ્ઞાન પરને જાણે ને આત્માને ન જાણે લાવ્યો ક્યાંથી આ ? અને જે આત્મા દર્શનમય છે એને એકલું આત્મસ્થ જ રાખ અને એ દર્શનની તાકાત અનંત જ્ઞેયોને દેખવાની છે એને ન માન તો દર્શન ખંડ થઈ જાય છે. દર્શન ગુણ પણ એવો નથી અને પ્રગટેલી પર્યાય પણ એવી હોય શકે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ ? ઝીણું તો છે પણ હવે એને નક્કી તો કરવું પડશે કે નહિ ? 'કાન્તિભાઈ' ! મોટા ઝઘડા ચાલ્યા ન્યાં તો. પેલા પક્ષવાળા કહે કે નહિ, પેલાનું સાચું છે, પેલાનો ઝીણો વિષય છે ને બહુ આમ છે. પેલો વળી બીજો કહે ના ભાઈ ! શાસ્ત્ર તો આમ કહે છે, ફલાણુ તો આમ કહે છે. એ..ઇ..! ચર્ચા મફતના શાસ્ત્રે વાદભયં ગુણે.... ઘરની ચીજ બીજી ને ચર્ચાએ ઉતરી ગયા, વાદે ઉતરી ગયા બીજે તો પછી પડી રહી મૂળ ચીજ.

ભગવાનઆત્મા ભાઈ ! તું સત્તા સ્વરૂપ છો ને ? અને સત્તાનું કોઈ સ્વભાવ છે કે નહિ ? એનો સ્વભાવ છે કે નહિ ? તો જાણવું-દેખવું એનું સ્વરૂપ છે. જાણવું-દેખવું સ્વરૂપ છે તો એ જ્ઞાન પોતામાં રહેલું છે કે નહિ ? અને પોતામાં રહેલું છે તો એ જ્ઞાન પરને જાણે ને પોતાને ન જાણે એમ બને કેમ ? અને દર્શન પોતામાં રહેલું (છે) પણ દર્શનનો સામાન્ય ત્રિકાળને દેખવાનો સ્વભાવ છે એમાં એક જ આને દેખવાનું કહે, એક જ આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહી જાય છે તો ખંડખંડ થઈ જાય છે. અનંતા અનંતા લોકાલોકના જ્ઞેયો દર્શન દેખે એવી તાકાતને ખંડ કરી નાખે છ તું. તો એ રીતે વસ્તુ છે નહિ. સમજાણું કાંઈ ?

માટે **'સિદ્ધાંતના હાર્દરૂપ...'** જુઓને ! **'એવું આ જ સમાધાન છે કે જ્ઞાન અને દર્શનને...'** કોઈ પ્રકારે જ્ઞાન સ્વપર જાણે ને દર્શન સ્વપરને દેખે એવું જ એનું સ્વરૂપ છે. આ રીતે નિર્ણય ન કરે તો એને અભેદની દૃષ્ટિ થશે નહિ. ગુણ અભેદ, દ્રવ્ય અભેદ ને પર્યાય અભેદ પૂર્ણ છે, એવી દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થશે નહિ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**દરેક દ્રવ્યના પરિણામ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જ થાય છે. બીજા દ્રવ્યનું બિલકુલ કાર્ય નથી. ધજા સ્થિર હતી ને એકદમ હલવા માંડી તે પવન આવ્યો માટે હલવા માંડી એમ નથી. પાણી ઠંડું હતું તેમાંથી એકદમ ગરમ થયું તે અગ્નિ આવી માટે ગરમ થયું છે એમ નથી, ચોખા કઠણ હતા અને તેમાંથી પોચા થયા તે પાણી આવ્યું માટે થયા છે એમ નથી. બાહ્યદૃષ્ટિથી જોનાર અજ્ઞાનીને નિમિત્ત દેખીને ભ્રમ પડે છે કે પાણી ઠંડું હતું ને ગરમ થયું તે નિમિત્ત આવ્યું માટે થયું છે, પણ એમ નથી. ઘેર બેઠો હતો ત્યારે અશુભ પરિણામ હતા ને મંદિરે ભગવાનના દર્શન કરવા આવ્યો ત્યાં શુભ પરિણામ થયા, આમ એકદમ અશુભમાંથી શુભ પરિણામ થયા તે નિમિત્તથી થયા એમ છે જ નહિ, પણ પોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવથી અર્થાત્ પોતાથી જ થયા છે. એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય બિલકુલ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી તો એક દ્રવ્યને બીજું દ્રવ્ય કરે શું ? આહાહા ! આવી વસ્તુની સ્વતંત્રતા બેસી જાય તો એની દૃષ્ટિ બહારથી ખસીને અંદરમાં વળે.**

**(- પૂજ્ય ગુરુદેવશ્રી, દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર બોલ - ૩૪૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# વાચકોની નોંધ માટે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# વાચકોની નોંધ માટે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# વાચકોની નોંધ માટે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

please inform us of any errors on rajesh@AtmaDharma.com